શ્રી કલ્પસૂત્ર

સુખબોધિકા.

સચિત્ર.

પ્રકાશક—

મેસર્સ. મેઘજી હીરજી, બુકસેલર,

પાયધુની મુંબઈ.

ઉપાધ્યાયજી શ્રી વિનયવિજયજી મહારાજ

વિરચિત

શ્રી

કલ્પસૂત્ર-સુખબોધિકા

(૨૨ ચિત્રો સાથે)

પ્રસ્તાવના:-પ્રો. હર્મન જેકોબી.

સંપાદક:-સુશીલ.

વિક્રમ. સં. ૧૯૮૧ ના શ્રાવણ શુદ ૧.

પ્રકાશક:-મેઘજી હીરજી જૈન બુકસેલર.
પાયધુની-મુંબઇ.

મૂલ્ય રૂ. ૪-૦-૦

ભાવનગર
શ્રી આનંદ પ્રિ. પ્રેસમાં
શાહ ગુલાબચંદ લલ્લુ-
ભાઈએ છાપ્યું.

ઉમેદ અનુભવ
(સચિત્ર)
રૂા. ૧-૪-૦

લ્હાણી કરનારનું નામ ________________

____

____

આ ગ્રંથમાંનાં ચિત્રો
૨૨ ના
૦-૬-૦

નવપદજીનાં સોનેરી
અને
રંગબેરંગી ચિત્ર
૦-૪-૦

નિવેદન

શ્રી કલ્પસૂત્ર અને સુબોધિકા ટીકાનાં અનેક ભાષાંતરો આજ સુધીમાં બ્હાર પડયાં છે, પણ તેમાંના સંસ્કૃત સમાસ તથા જુની ઢબની ભાષાશૈલીને લીધે જેવાં જોઇએ તેવાં પ્રચાર પામ્યાં નથી. આ ભાષાંતરને બને ત્યાં સુધી સરળ અને સહજ બનાવવાનો પ્રયત્ન કર્યો છે. તેમ કરવા જતાં કયાંઈ મૂળના ભાવનું ઉલ્લંઘન ન થવા પામે તેની પણ સંપૂર્ણ સાવચેતી રાખી છે. પ્રારંભના થોડાં વ્યાખ્યાનો એક—વિદ્વાન્ પંન્યાસજી મહારાજને વાંચી સંભળાવી તેમનો સંતોષ પણ પ્રાપ્ત કરવાનું સદ્ભાગ્ય મેળવ્યું છે એટલે આ ભાષાંતર નિર્દોષ અને શુદ્ધ હોવા વિષે મને શંકા નથી; છતાં જો ક્યાંઇ અશુદ્ધિ કે પ્રમાદદોષ જણાય તો બીજી આવૃત્તિમાં સુધારવા તૈયાર રહીશ.

પુસ્તકને અંગે ચિત્રો તૈયાર કરવાનું કામ પણ એક જૈન કળાવિદ્‌ને જ સોંપવામાં આવ્યું હતું. શ્રી તીર્થંકર મહારાજાઓનાં ચિત્ર આંકતાં તેમને વસ્ત્રસહિત કે વસ્ત્રરહિત આંકવા એવી એક મુંઝવણ ઉભી થઈ હતી; પરંતુ તીર્થંકર મહારાજના અતિશયને લક્ષમાં રાખી ચિત્રકાર ભાઇશ્રી ચંદુલાલ છગનલાલ શાહે તેમને વસ્ત્ર સાથેજ ચિતરવાનું યોગ્ય ધાર્યું છે. ભાઇ ચંદુલાલે પોતાના બીજા વ્યવસાયોમાંથી અવકાશ મેળવી બનતી તાકીદે ચિત્રો તૈયાર કરી આપ્યાં તે માટે અમે તેમના આભારી છીએ.

એક સરળ, સચિત્ર અને સરસ કલ્પસૂત્ર—ભાષાંતરની ખોટ આ ગ્રંથથી પુરી પડશે એવી મને પૂર્ણ ઉમેદ છે.

સંપાદક.

ચિત્રોની સૂચી.

(૧) મેઘકુમારનો પૂર્વભવ–હાથી અને સસલો ... ૫૯
(૨) ત્રિપૃષ્ટ વાસુદેવ–આજ્ઞા કરતાં યે ગાયન વધારે પ્રિય ? ... ૮૧
(૩) તિર્થંકરની માતાએ જોયેલાં ચૌદ સ્વપ્ન ... ૯૦
(૪) ચન્દ્ર દર્શન–ચંદ્ર તમારી ઉપર સદા પ્રસન્ન રહો ! ...૧૬૨
(૫) પ્રભુની આમલકી ક્રિડા–દેવે સાત તાડ જેટલું ઉંચુ શરીર બનાવ્યું. ...૧૬૭
(૬) દેવદૂષ્ય વસ્ત્રનું દાન ...૧૯૨
(૭) શૂલપાણિ યક્ષનો ઉપસર્ગ–હાથી, સર્પ અને પિશાચનાં રૂપ...૧૯૮
(૮) ચંડકૌશિક–કંઇક સમજ અને બુઝ ! ...૨૦૫
(૯) આરોહીઓથી ભરેલું નાવ ગંગાની મધ્યમાં આવી પહોંચ્યું ...૨૦૬
(૧૦) કામદેવની સેના સમી દેવાંગનાઓ ...૨૩૩
(૧૧) બેડી તુટીને સુવર્ણનાં ઝાંઝર થઇ ગયાં ! ...૨૪૦
(૧૨) પ્રભુના કાનમાં હથોડા વતી બન્ને ખીલા ઉંડા પેસાડી દીધા ...૨૪૨
(૧૩) ઋજુવાલુકા નદીને કાંઠે પ્રભુને કૈવલ્યપ્રાપ્તિ ...૨૫૦
(૧૪) ગર્વથી ઉન્મત્ત ઇન્દ્રભૂતિ. ...૨૫૬
(૧૫) સળગતો સાપ ઉદ્ધર્યો ! શ્રી પાર્શ્વનાથ પ્રભુનો જીવન પ્રસંગ. ...૩૧૧
(૧૬) મેઘમાલીનો મેઘાડંબર ” ” ...૩૧૪
(૧૭) કુમાર અરિષ્ટનેમિનું (નેમિનાથનું) અનન્ય બળ–પંચજન્ય શંખ જોરથી ફૂંકે છે ! ...૩૨૦
(૧૮) ભોજાઇઓનાં મીઠાં મ્હેણાં–(શ્રીનેમીનાથનો જીવન પ્રસંગ)...૩૨૩
(૧૯) રથનેમિ અને રાજીમતિ–કામદેવ પોતાનું વૈર શોધે છે ! ...૩૪૧
(૨૦) શ્રી શ્રેયાંસકુમાર આદિપ્રભુને ઇક્ષુરસ વ્હોવરાવે છે ...૩૬૭
(૨૧) ભરત–બાહુબલિનું ભયંકર દ્વંદ્વયુદ્ધ–શ્રી બાહુબાલને સુઝેલી સુબુદ્ધિ. ...૩૭૮
(૨૨) પ્રિયગ્રંથ મુનિની પ્રાભાવિકતા–અદ્ધર આકાશમાં રહી બકરો બોલે છે. ...૪૦૧

વ્યાખ્યાનોનો અનુક્રમ

પ્રસ્તાવના (ડૉ. હર્મન જૅકોબી લિખિત)	
પ્રથમ વ્યાખ્યાન	૧
દ્વિતીય વ્યાખ્યાન	૬૧
તૃતીય વ્યાખ્યાન	૯૭
ચતુર્થ વ્યાખ્યાન	૧૨૦
પંચમ વ્યાખ્યાન	૧૪૭
ષષ્ઠ વ્યાખ્યાન	૧૮૭
સપ્તમ વ્યાખ્યાન	૩૦૮
અષ્ટમ વ્યાખ્યાન	૩૮૩
નવમ વ્યાખ્યાન	૪૧૧
પ્રશસ્તિ	૪૫૦

અનંત વિજ્ઞાન, અતીત દોષ,

અબાધ્ય સિદ્ધાંત, અમર્ત્યપૂજ્ય

એવા શ્રી

મહાવીર પરમાત્મા

અને

તેમનાં ઉજ્જવળ ચરિત્ર તથા ઉપદેશનું અહોનિશ

પાન કરી, સંસારસાગર તરવાની તથા તારવાની

પુણ્યાભિલાષાવાળાં કોટી કોટી

બંધુઓ અને બ્હેનોની

સેવામાં સાદર

સમર્પિત.

ॐ

Krishna Art Works, Bombay 2. Meghji Hirji Bombay 3.

મેસર્સ મેઘજી હીરજી બુકસેલર પાયધુની મુંબઇ-વાળાને ત્યાં મળતાં પુસ્તકોનું છેલ્લામાં છેલ્લું સૂચીપત્ર.

(કબાટ નં૦ ૧.)

०-१०-० ઉત્તમકુમાર ચરિત્ર બીન ચિત્રોવાળું.
१-४-० જૈનધર્મ પ્રવેશ પોથી ભાગ ૧ થી ૪.
०-७-० જૈનધર્મ પ્રવેશપોથી ભાગ ૧ થી ૪ ના અર્થ.
०-४-० જૈન લગ્ન વિધિ.
१-८-० પ્રસિદ્ધ વક્તા ચારિત્રવિજયજી વ્યાખ્યાન સંગ્રહ.
०-२-० બાર વ્રતની ટીપ.
०-४-० શ્રીમદ્ યશોવિજયજી લાઇફ.

(કબાટ નં૦ ૨)

०-१२-० આત્મ પ્રદીપ.
०-८-० આત્મવલ્લભ સ્વતનાવલી.
२-०-० ઉપદેશ કલ્પવલ્લી ભાષાંતર
१-८-० ઉપદેશ સપ્તતિકા યાને દેવ ગુરૂ અને ધર્મતત્વનું સ્વરૂપ.
१-८-० કૃષ્ણ ચરિત્ર.
०-६-० ગહુંલી સંગ્રહ.
०-१०-० ગૃહિણી ભૂષણ.
१-०-० ગાંધી ગીરામૃત.
०-८-० ચંપકમાળા ચરિત્ર.
०-८-० જૈન સ્તોત્ર સંગ્રહ.
०-४-० જૈન બાળ ગરબાવળી.
१-८-० જૈન તિર્થાવલી પ્રવાસ.
०-६-० દેવસીરાઈ સુત્ર.
०-१०-० દેવસીરાઈ વિધિ સાથે.
१-०-० દિવ્ય જીવન.
०-१-६ પાંત્રીશ બોલનો થોકડો.
२-०-० પરિશિષ્ટ પર્વ ભાષાંતર.
०-८-० પ્રેમથી મુક્તિ.
०-६-० પ્રવૃત્તિ નિવૃત્તિ.
३-०-० પ્રમાણુનયતત્વલોકાલંકાર ભાષાંતર.
०-१२-० પ્રાચીન શ્વેતાંબર અર્વાચીન દિગમ્બર.
२-०-० પૃથ્વી સ્થિર પ્રકાશ.
०-४-६ પંડિત લાલનકૃત જૈન માર્ગ પ્રારંભ પોથી ભાગ ૧-૨.
०-९-० જૈન માર્ગ પ્રવેશકા ભાગ ૧-૨.
१-८-० ફતેહ કેમ મેળવશો
१-०-० મેઝિનીના લેખો યાને માનવી કર્તવ્યો.
०-१०-० મસ્તક શાસ્ત્ર.
०-२-० મસ્તક શાસ્ત્રના મૂળતત્વો.

મેસર્સ મેઘજી હીરજી બુકસેલર પાયધુની મુંબઇ-વાળાને ત્યાં મળતાં પુસ્તકોનું છેલ્લામાં છેલ્લું સૂચીપત્ર.

૦-૮-૦ યુગાદી દેશના ભાષાન્તર
૦-૩-૦ રાત્રી ભોજન રાસ.
૧-૦-૦ રેખાદર્શન.
૧-૦-૦ રાજપદ
૦-૬-૦ વિન્ધ્યચંદ કેવળી ચરિત્ર.
૦-૨-૦ સામાયિક સૂત્ર અર્થ સહિત.
૧-૦-૦ સમ્યકત્વ કૌમુદી.
૦-૧૨-૦ સતી સીતા.
૦-૬-૦ સમાધિશતક.
૦-૪-૦ શકુનાવલી.
૩-૮-૦ સંઘ પટ્ટક.
૦-૨-૦ સિદ્ધાચળના ૧૦૮ ખમાસણા.
૦-૧૨-૦ જ્ઞાનપંચમી.
૧-૦-૦ જ્ઞાન સાર ભાષાંતર

(કબાટ નં ૩)

૩-૦-૦ અભય કુમાર મંત્રીશ્વનું જીવન ચરિત્ર સચિત્ર
૧-૦-૦ આત્મ સિદ્ધિ શાસ્ત્ર.
૨-૪-૦ ઉપદેશ પ્રાસાદ ભાષાંતર ભાગ ૧
૨-૦-૦ ,, ભાગ ૨
૨-૦-૦ ,, ભાગ ૩
૨-૮-૦ ભાગ ૪-૫ દરેક ભાગના
૦-૬-૦ જિન દેવ દર્શન.
૧-૦-૦ જૈન સાહિત્યમાં વિકાર થવાથી થયેલી હાની.
૬-૦-૦ જૈન તત્વનિર્ણય પ્રાસાદ.
૨-૮-૦ તીર્થંકર ચરિત્ર-સચિત્ર.
૩-૪-૦ ત્રિષષ્ટિશલાકા પુરૂષ ચરિત્ર પર્વ ૧-૨
૩-૪-૦ પર્વ-૩-૪-૫-૬
૪-૦-૦ પર્વ ૭-૮-૯.
૨-૮-૦ પર્વ ૧૦ મું
૦-૪-૦ નવસ્મરણ અને પુણ્ય પ્રકાશનું સ્તવન ગુજરાતી પોકેટ સાઇઝ સચિત્ર.
૨-૦-૦ નવસ્મરણ અર્થ સહિત સચિત્ર.
૧-૪-૦ નવપદની પૂજા.
૧-૮-૦ પંચપ્રતિક્રમણ સૂત્ર અર્થ સહિત.
૨-૦-૦ પંચપ્રતિક્રમણ સૂત્ર વિધી સહિત.
૧-૮-૦ ભોજપ્રબંધ ભાષાંતર.
૨-૦-૦ યોગશાસ્ત્ર ભાષાંતર.
૧-૪-૦ રાજ પ્રશ્ન.

મેસર્સ મેઘજી હીરજી બુકસેલર પાયધુની મુંબઇ-વાળાને ત્યાં મળતાં પુસ્તકોનું છેલ્લામાં છેલ્લું સૂચીપત્ર.

૧—૮—૦ સતી આદર્શ જીવનમાલા સચિત્ર,
૦—૪—૦ શુદ્ધોપયોગ.
૧—૦—૦ હંસ વિનોદ શાસ્ત્રી.
૧—૦—૦ „ ગુજરાતી.
૨—૦—૦ હિતશિક્ષાના રાસનું રહસ્ય.

(કબાટ નં. ૪)

૨—૦—૦ અધ્યાત્મ સાર ભાષાંતર.
૨—૮—૦ આત્મપ્રબોધ „
૦-૧૨-૦ કુવલયમાલા.
૧—૮—૦ ગીરનાર મહાત્મ્ય.
૦—૨—૦ ગૌતમસ્વામીનો રાસ અને જૈન શારદા પૂજન વિધિ.
૦—૮—૦ જૈન સ્તુતિ—સચિત્ર.
૧—૪—૦ જૈન મહાસતી મંડળ—સચિત્ર.
૧—૪—૦ જૈન સતીરત્ન—સચિત્ર.
૬—૦—૦ જૈન મહાભારત—સચિત્ર.
૦—૮—૦ દેવસીરાઇ સુત્રાર્થ.
૩—૦—૦ દાન પ્રદીપ ભાષાંતર,
૧—૮—૦ ધનાશાલીભદ્રનો રાસ.
૩—૦—૦ ધન્યકુમાર ચરિત્ર.
૨—૦—૦ નેમનાથ ચરિત્ર.
૨—૦—૦ પારસમણી અને હૃદયતેજ.
૧—૮—૦ પાર્શ્વનાથ ચરિત્ર.
૧—૮—૦ ભાવના શતક.
૩—૦—૦ મણિકાન્ત કાવ્યમાલા સચિત્ર.
૧—૮—૦ મલ્લીનાથ ચરિત્ર.
૦—૨—૦ રત્નાકર પચ્ચીશી,
૨—૦—૦ વિજયકળા.
૨—૦—૦ સુપાર્શ્વનાથ. ચરિત્ર ભાગ ૧ લો.
૨—૮—૦ „ ભાગ ૨ જો.
૨—૮—૦ સીતાદેવી—સચિત્ર.
૩—૦—૦ સરસ સચિત્ર સ્તવનાવલી.
૨—૦—૦ શાન્તિનાથ ચરિત્ર.
૩—૦—૦ શત્રુંજય મહાત્મ્ય.
૦—૪—૦ સતી દમયંતિ સચિત્ર.
૦—૫—૦ સતી સુલસા અને ચંદન બાળા ચરિત્ર—સચિત્ર.

(કબાટ ૫)

૦—૬—૦ આગમ સારોદ્ધાર તથા અધ્યાત્મ ગીતા.
૦—૧—૦ અનાનુપૂર્વી
૦—૮—૦ આત્મતત્વ દર્શન.

મેસર્સ મેઘજી હીરજી બુકસેલર પાયધુની મુંબઇ-વાળાને ત્યાં મળતાં પુસ્તકોનું છેલ્લામાં છેલ્લુ સૂચીપત્ર.

૦–૪–૦ અમેરીકાના નિર્ધન વિદ્યાર્થી.
૦–૮–૦ અનુયોગદ્વાર સૂત્ર,
૪–૦–૦ અનારકલી અકબર.
૦–૮–૦ કાવ્યસંગ્રહ ભા. ૭
૦-૧૨-૦ ગુરૂગીત ગહૂલી સંગ્રહ.
૦–૪–૦ ગહૂલી સંગ્રહ.
૧–૪–૦ ગુણવિલાસ ૨૨ સમુદાય.
૦-૧૨-૦ ગ્રહવારતુ પૂજા.
૧–૦–૦ ચન્દ્રચુડ
૦-૧૨-૦ ચન્દ્રપ્રભ ચરિત્ર.
૪–૦–૦ જૈન રામાયણ સચિત્ર.
૬–૦–૦ જૈનદીગ્વિજય પતાકા.
૦–૮–૦ જૈનનિત્ય પાઠસંગ્રહ.
૦–૨–૦ જૈનધર્મ
૦–૨–૦ જૈનોપનિષદ
૦–૮–૦ દર્શનચોવીશી અને અનાનૂપૂર્વી.
૦–૪–૦ નિત્ય નિયમની પોથી.
૩–૮–૦ નાટકના ગાયન સંગ્રહ.
૦–૫–૦ નવપદનું મંડલ
૨–૦–૦ પાટણની પ્રભુતા.
૧–૦–૦ પરમાત્મા દર્શન.
૧–૦–૦ પુન્રૂત્થાન.
૧–૦–૦ પ્રતિભા.
૦–૮–૦ ભજન સંગ્રહ ભા. ૧
૨–૦–૦ મહીલા મહોદય સચિત્ર.
૧–૪–૦ મહાવીરના દશ શ્રાવકો.
૨–૮–૦ મહાજન વંશ મુક્તાવલી
૦–૮–૦ મીત્ર મૈત્રી.
૩–૦–૦ રાજકુમારી સુદર્શના યાને સમળી વિહાર.
૭–૮–૦ રત્નસમુચ્ચય રામવિલાસ.
૨–૪–૦ રસદાયક રત્નનિધિ
૧–૦–૦ રત્નમાલા
૦-૧૨-૦ લાલન આત્મવાટિકા
૭–૦–૦ વૈદ્ય દીપક
૨–૦–૦ શ્રીમદ્ દેવચંન્દ્ર ભા. ૨ વિ ૧
૨–૮–૦ ,, ભા. ૨ વિ. ૨
૦-૧૦-૦ શ્રાવક નિત્યનીયમની પોથી
૦-૧૦-૦ સુધારસ સ્તવન સંગ્રહ ભાગ ૧ થી ૮ સચિત્ર.
૧–૪–૦ સદ્દજ્ઞાન ચિંતામણી
૧–૮–૦ શ્રાવક વ્યવહાર અલંકાર
૦–૫–૦ શ્રેષ્ટ સલાહકાર
૦–૨–૦ શિષ્યોપનિષદ્
૨–૮–૦ સમરાદિત્ય સંક્ષિપ્ત.
૧–૦–૦ શુકનશાસ્ત્ર
૨–૦–૦ હિતેચ્છુ.
૧–૦–૦ હિતબોધ.

મેસર્સ મેઘજી હીરજી બુકસેલર પાયધુની મુંબઇ-વાળાને ત્યાં મળતાં પુસ્તકોનું છેલ્લામાં છેલ્લું સૂચીપત્ર.

(કબાટ ૬)

૬–૦–૦ ગુજરાતી હિન્દી શબ્દકોશ
૨–૮–૦ જૈનદર્શન
૧–૦–૦ જૈન ખ્રીસ્તીધર્મનો મુકાબલો
૧–૮–૦ દેવવંદનમાલા ગુજરાતી.
૦–૪–૦ દેવવંદન સ્તુતિ.
૧–૦–૦ ધાતુપ્રતિમા લેખ સંગ્રહ ભાગ ૧
૧–૦–૦ ,, ભાગ ૨
૧–૦–૦ પૂજા સંગ્રહ, ભાગ ૧
૨–૦–૦ પૂજા સંગ્રહ ભાગ ૧–૨
૦–૪–૦ ફોટા કેબીનેટ સાઇઝ.
૦-૧૨-૦ ફોટા ફુલ સાઇઝ,
૩–૮–૦ ભજનસંગ્રહ ભા. ૮
૧–૮–૦ ,, ભા ૯
૧–૦–૦ ,, ભા ૧૦
૦–૪–૦ લાલા લજપતરાય અને જૈનધર્મ
૦-૧૨-૦ સંઘકર્ત્તવ્યાદિ ગ્રંથ
૦–૨–૦ સ્નાત્ર પૂજા
૦–૪–૦ સુખસાગર ગુરૂગીતા
૦–૮–૦ શાંતિનો માર્ગ
૧–૦–૦ સુબોધ રત્નાકર
૦–૮–૦ સંસ્કૃત પ્રવેશીકા ભા. ૧
૧–૮–૦ હાથ વણાટ

(કબાટ નં. ૭)

૨–૦–૦ આત્મ વલ્લભ પૂજા સંગ્રહ.
૦–૯–૦ જૈન સ્તુતિ શાસ્ત્રી પોકેટ.
૧–૦–૦ નવપદજીના ધટ્ટા.
૦–૬–૦ સુતરની કે સુખડનામાલા.
૧–૪–૦ રેશમની માળ.
૦-૧૨-૦ રેશમની માળા સાધારણ

(કબાટ નં૦ ૮)

૧૦–૦–૦ આરંભ સિદ્ધિ ભાષાંતર.
૩–૮–૦ અઢીદ્વીપ નકશાની હકીકત
૩–૦–૦ અધ્યાત્મસાર ભાષાંતર.
૧–૮–૦ અર્હન્નિતિનું ભાષાંતર.
૦-૧૨-૦ આનંદઘન ચિદાનંદ બહોંતેરી.
૧–૦–૦ આનંદઘન ચોવીશી અર્થ સહિત.
૦–૮–૦ અભયકુમાર મંત્રીશ્વરનો રાસ.
૦–૪–૦ અંજનાસતીનો રાસ.
૧–૮–૦ ઉપદેશ તરંગિણી.
૪–૮–૦ કલ્પસૂત્ર સુબોધીકા ભાષાંતર.

મેસર્સ મેઘજી હીરજી બુકસેલર પાયધુની મુંબઇ-વાળાને ત્યાં મળતાં પુસ્તકોનું છેલ્લામાં છેલ્લું સૂચીપત્ર.

૨—૦—૦ કલ્પસૂત્ર બારસો મૂલ પાઠ.
૨—૦—૦ કર્મપરિક્ષા.
૦—૬—૦ કયવન્નાશાહનો રાસ.
૦—૩—૦ કર્મવિપાકનો રાસ.
૨—૦—૦ ખરતર ગચ્છ પંચપ્રતિક્રમણુ સુત્ર
૦-૧૨-૦ ગહુંલી સંગ્રહ.
૩—૦—૦ ચંદકેવલીનો રાસ.
૦—૮—૦ ચૈત્યવંદન ચોવીશી.
૦—૨—૬ ચૌદ સ્વપ્ન રહસ્ય.
૪—૦—૦ જૈન કથા રત્નકોશ ભાગ ૧—૨—૪—૬—૭—૮ દરેકની કીંમત.
૫—૦—૦ જૈન તત્વાર્થ દર્શ.
૩—૦—૦ જૈનધર્મ સિંધુ.
૨—૦—૦ જૈન કુમારસંભવ કાવ્ય.
૧—૦—૦ જંબુસ્વામી ચરિત્ર.
૦—૮—૦ જલ જાત્રા વીધી.
૦—૬—૦ જીવ વિચાર પ્રકરણુ.
૦-૧૨-૦ દંડક લઘુ સંગ્રહણી.
૦—૩—૦ દેવકીના ષટ પુત્રનો રાસ.
૦—૬—૦ દાદા સાહેબકી પૂજા.
૦-૧૨-૦ દેવસીરાઇ વિધીયુક્ત.
૧—૮—૦ દેવવંદન માળા.
૧—૮—૦ દેવચન્દ્રકૃત ચોવીશી.
૨—૮—૦ ધર્મપરિક્ષાનો રાસ.
૦-૧૨-૦ નવપદ ઓળીની વીધી.
૦—૬—૦ નેમજીના બાર માસ.
૧—૦—૦ નવતત્વ પ્રકરણુ મૂલ પાઠ.
૦—૮—૦ નકશા તિર્થોના.
૧—૦—૦ નર્મદા સુંદરીનો રાસ.
૭—૦—૦ પ્રકરણુ રત્નાકર ભા. ૧
૧૦-૦-૦ ,, ,, ભા. ૪
૬—૮—૦ પાંડવ ચરિત્ર.
૧-૧૨-૦ પંચપ્રતિક્રમણુ સુત્ર.
૨—૮—૦ પ્રશ્નોત્તર રત્ન ચિંતામણિ
૨—૮—૦ પર્યુષણાદિક બાર પર્વોની કથાઓ.
૨—૮—૦ પૂજા સંગ્રહ ભા. ૧
૧—૦—૦ પ્રતિષ્ટા કલ્પ ભાષાંતર.
૧—૦—૦ પ્રતિમા શતક ભાષાંતર.
૦—૬—૦ પૌષધ વિધિ.
૨—૦—૦ સમ્યકત્વ બાર વ્રતની ટીપ.
૧—૦—૦ ભક્તામર સ્તોત્ર.
૦—૬—૦ મણીભદ્ર તથા પદ્માવતી દેવીનો છંદ.
૦—૪—૦ મહાવીર સ્વામીના સતાવીશ ભવનું સ્તવન.
૦—૬—૦ મંગલ કલશનો રાસ.

મેસર્સ મેઘજી હીરજી બુકસેલર પાયધુની મુંબઇ-વાળાને ત્યાં મળતાં પુસ્તકોનું છેલ્લામાં છેલ્લું સૂચીપત્ર.

૧-૮-૦ મહાબલ મલયાસુંદરીનો રાસ.
૦-૧૨-૦ માનતુંગ રાજા માનવતી રાણીનો રાસ.
૦-૮-૦ લઘુ પૂજા સંગ્રહ.
૦-૩-૦ લીલાવતીમહીયારીનો રાસ
૦-૧૨-૦ લાવણી સંગ્રહ.
૦-૮-૦ વસ્તુપાળ તેજપાળનો રાસ
૪-૦-૦ વૈરાગ્ય કલ્પલતા.
૨-૦-૦ વિસસ્થાનકનો રાસ.
૨-૦-૦ વિમલ મંત્રીનો રાસ.
૦-૩-૦ વ્યાપારી રાસ.
૦-૧૨-૦ વિધિપક્ષ ગચ્છી પ્રતિક્રમણ સૂત્ર.
૦-૮-૦ સ્વરોદય જ્ઞાન.
૦-૮-૦ શલોકા સંગ્રહ.
૦-૬-૦ શનીશ્ચરની ચોપાઇ.
૦-૮-૦ શેત્રુંજા રાસ ઉદ્ધાર.
૦-૧૦-૦ સામાયક પ્રતિક્રમણ સૂત્ર.
૨-૦-૦ શ્રાવક કર્તવ્ય-શાસ્ત્રી.
૧-૮-૦ શ્રાવક કર્તવ્ય-ગુજરાતી.
૧-૮-૦ સામુદ્રીક શાસ્ત્ર.
૧-૮-૦ સતપદી ભાષાંતર.
૪-૦-૦ સજ્ઝાય માળા ભા. ૧
૫-૦-૦ સમરાદિત્ય કેવલીનો રાસ
૪-૦-૦ શ્રીપાલરાજાનો રાસ-શાસ્ત્રી
૩-૮-૦ શ્રીપાલ રાજાનો રાસ ગુજરાતી.
૦-૧૨-૦ શુકનશાસ્ત્ર.
૩-૮-૦ સુક્તામુક્તાવલી કથા સહિત.
૩-૦-૦ સમયસાર નાટક.
૦-૬-૦ હરીશ્ચન્દ્ર રાજાનો રાસ.
૦-૮-૦ હંસરાજ વચ્છરાજનો રાસ
૧-૮-૦ હિત શિક્ષાનો રાસ.
૨-૦-૦ હરીભદ્ર સૂરિકૃત બત્રીશ અષ્ટક.

(કબાટ નં ૯)

૫-૦-૦ ઉપમિતિ ભવપ્રપંચા કથા સંસ્કૃત.
૧-૦-૦ કાહનડ કઠીયારો યાને સાચી ટેકની ગેબી ફતેહ.
૧-૦-૦ કર્તવ્ય કંકણ ઉત્તમોત્તમ ગ્રંથ.
૨-૮-૦ ગોમટ સાર.
૦-૧૨-૦ જીવ વિચાર, નવતત્વ, દંડક, સંગ્રણી આદિ અર્થ સહિત એક ગ્રંથ.

મેસર્સ મેઘજી હીરજી બુકસેલર પાયધુની મુંબઇ-વાળાને ત્યાં મળતાં પુસ્તકોનું છેલ્લામાં છેલ્લું સૂચીપત્ર.

૧–૮–૦ તપાવલી તમામ તપની વિધિ.
૨–૦–૦ દ્રવ્યાનુયોગતર્કણા
૪–૦–૦ દશવૈકાલીક સૂત્ર.
૩–૦–૦ પ્રવચન સાર.
૨–૦–૦ પંચાસ્તિકાય.
૩–૦–૦ પરમાત્મ પ્રકાશ.
૪–૦–૦ પિન્ડ નિર્યુકિત.
૨–૦–૦ બ્રહદ્દ્રવ્ય સંગ્રહ.
૦–૪–૦ ભાવના બોધ.
૦-૧૨-૦ મોક્ષમાલા;
૧–૦–૦ યોગ દીપક.
૧–૮–૦ લબ્ધી સાર.
૨–૮–૦ શ્રાદ્ધ પ્રતિક્રમણ.
૨–૦–૦ શ્રાદ્ધ ગુણ વિવરણ.
૦–૪–૦ સિધ્ધચક્રના રંગીન સોનેરી ફોટા.
૨–૦–૦ સજ્ઝાય માલા ભાગ ૧–૨–૩–૪ દરેક ભાગના
૨-૧૨-૦ સૂરીશ્વર સમ્રાટ.
૧–૦–૦ સપ્તભંગીતરંગીણી.
૪–૮–૦ સમયસાર.
૨–૦–૦ જ્ઞાનસાગર.
૪–૦–૦ જ્ઞાનાર્ણવ.

(કબાટ નં ૧૦)

૫–૦–૦ આરંભસિદ્ધિ સંસ્કૃત.
૬–૦–૦ આચાર દિનકર ભાગ ૧.
૧૦-૦-૦ આચાર દિનકર ભાગ ૨.
૧–૮–૦ ઉત્તમ કુમાર ચરિત્ર સચિત્ર.
૨–૮–૦ ચંદરાજાનું ચરિત્ર સચિત્ર
૧–૮–૦ જૈન ગીતા ગચ્છમત્ત પ્રબંધ.
૧–૮–૦ જૈન કથા સંગ્રહ.
૧–૦–૦ જૈનઐતિહાસીકરાસમાલા.
૧–૮–૦ દાનવીર રત્નપાળ ચરિત્ર સચિત્ર.
૩–૦–૦ ધાર્મિક ગદ્ય સંગ્રહ ભા. ૧
૩–૮–૦ ,, ૨
૨–૮–૦ મલયાસુંદરી ચરિત્ર સચિત્ર.
૧–૪–૦ વચનામૃત.
૩–૦–૦ વિવેક વિલાસ સચિત્ર.
૫–૦–૦ સમરાદિત્ય કેવલી ચરિત્ર યાને પુણ્યપ્રભાવ–સચિત્ર.
૧–૦–૦ સુખીજીવન.
૦-૧૨-૦ સ્વદેશ ગીતો.
૦–૬–૦ સાબરમતી કાવ્ય.
૧–૮–૦ સિદ્ધસેન દિવાકર અને વિક્રમ રાજા.

મેસર્સ મેઘજી હીરજી બુકસેલર પાયધુની મુંબઇ-વાળાને ત્યાં મળતાં પુસ્તકોનું છેલ્લામાં છેલ્લું સૂચીપત્ર.

(કબાટ નં૦ ૧૧)

-૦૧૨-૦ કટાસણા—સામાયિક કરવાના બેઠકા.)
૩—૦—૦ નરચંદ્ર જૈન જ્યોતિષ અને જ્યોતિષહીર.
૩—૦—૦ ભદ્રબાહુ સંહિતા.
૧—૮—૦ મહાવીર ભકત મણિભદ્ર સચિત્ર.
૧—૮—૦ શ્રાવક ફરજ—સચિત્ર.

(કબાટ નં૦ ૧૨)

૨—૦—૦ ધર્મ બીન્દુ ભાષાંતર.
૨—૦—૦ મહાવીર જીવન વિસ્તાર સચિત્ર.

(કબાટ નં૦ ૧૩.)

૨—૮—૦ વિવિધ પુજા સંગ્રહ ભાગ ૧ થી ૭ સચિત્ર.

(કબાટ નં૦ ૧૪.)

૨—૮—૦ અધ્યાત્મ કલ્પદ્રુમ ભાષાંતર.
૩—૦—૦ ઉપમિતિ ભવ પ્રપંચ કથા ભાગ ૧.
૩—૦—૦ ઉપમિતિ ભવ પ્રપંચ કથા ભાગ ૨.

(કબાટ નં૦ ૧૫)

૦—૮—૦ઇસલામના ઓલીઆ. (અધ્યાત્મીક મહાનગ્રંથ)
૩—૦—૦ કબીરવાણી—સચિત્ર.
૦—૮—૦ કેશરીઆજીનો રંગીન ફોટો
૪—૦—૦ કલ્પસૂત્ર સુખબોધિકા—સચિત્ર.
૦—૮—૦ ગૌતમ સ્વામીનો રંગીન ફોટો.
૨—૮—૦ ઘડી પગ પાંચની
૩—૦—૦ દેશ દર્શન.
૨—૪—૦ નવ દંપતીને શિખામણ.
૩—૮—૦ પ્રેમઘેલી પન્ના.
૩—૮—૦ પતિવ્રતા સતિઓ—સચિત્ર
૩—૦—૦ પાકશાસ્ત્ર
૯—૦—૦ ભગવતી સૂત્ર ભાગ ૧
૯—૦—૦ ભગવતી સૂત્ર ભાગ ૨
૪—૮—૦ ભારતી સ્વરાજ્ય
૦—૮—૦ મેઘમાળા
૬—૦—૦ માનવ શાસ્ત્ર—સચિત્ર
૪—૦—૦ મહારાણી મયલણા

મેસર્સ મેઘજી હીરજી બુકસેલર પાયધુની મુંબઇ-વાળાને ત્યાં મળતાં પુસ્તકોનું છેલ્લામાં છેલ્લું સૂચીપત્ર.

૪—૦—૦ મુંબઇના તોલ માપના હીસાબની રીત
૦—૬—૦ મઢેલી છબીઓ તીર્થંકરોની
૧—૦—૦ લગ્ન સરાના સોનેરી કાર્ડ ૧૦૦
૧—૮—૦ લગ્નસરાના ડબલ નોટ પેપર્સ ૧૦૦
૧—૦—૦ સમોવસરણનો રંગીનફોટો
૨—૮—૦ સતીધર્મ પતિસેવા ભાગ૧
૩—૦—૦ સતીધર્મ પતિ સેવા ભાગ૨
૧—૦—૦ સંસ્કૃત માર્ગોપદેશીકા ભાગ ૧
૨—૮—૦ ,, ,, ભાગ ૨
૪—૮—૦ શ્રીમદ્ રાજચંદ્ર
૦—૮—૦ સાપડો—(રેલ)
૦—૪—૦ સત્યાગ્રહી મહાવીરનો ફોટો
૨—૦—૦ હાસ્ય કથા મંજરી
૨—૮—૦ હર્ષી કેશવચંદ્ર
૦—૪—૦ હીરસૂરીશ્વરનો ફોટો
૧—૮—૦ સંખેશ્વરપાર્શ્વનાથ
૬-૧૨-૦ પૂર્ણયોગ
૪—૦—૦ વ્યાજગણિત
૨—૦—૦ આદિનાથ ચરિત્ર
૮—૦—૦ હીપ્નોટીઝમ અને મેસ્મેરીઝમ ૫૦ ચિત્રો સહીત આ ગ્રંથમાં બીજાના મન પર કાબુ મેળવવાની વિદ્યા અતી સરળ રીતે ખુલ્લી કરવામાં આવી છે.

છપાય છે! **સચિત્ર ગ્રંથો** **છપાય છે!!**

વર્ધમાન દેશના ભાષાંતર.
વિવિધ સજ્ઝાયમાલા ભા. ૧ થી ૮
પ્રબંધ ચિંતામણી
વિવિધ પૂજા સંગ્રહ ભા. ૮ થી ૧૫
ભરતેશ્વર બાહુબલી વૃત્તિ.
શ્રાદ્ધવિધિ ભાષાંતર.
વિવિધ સ્તવન સાગર.

અગાઉથી કોઇએ ગ્રાહક થવા પત્ર લખવો નહિં.

પ્રસ્તાવના

(ડૉ. હર્મન જેકોબી)

ઘણા વર્ષો ઉપર ડૉ. હર્મન જેકોબીએ " કલ્પસૂત્ર " વિષે લખેલી આ પ્રસ્તાવના ઐતિહાસિક શોધકો અને વિચારકોને માર્ગદર્શક થઇ પડશે એવી આશાથી અહીં પ્રગટ કરવામાં આવે છે. ડૉ. હર્મન જેકોબીએ જો કે મ્હોટેભાગે ઐતિહાસિક દૃષ્ટિનેજ આમાં પ્રાધાન્ય આપ્યું છે, અને વખતના વહેવા સાથે જેમ જેમ નવાં પ્રમાણો મળતાં ગયાં તેમ તેમ તેમણે પોતાની માનીનતા અને નિર્ણયોમાં પણ આજ સુધીમાં ઘણા ફેરફાર કર્યા છે, છતાં તેમનો મૂળ ગ્રંથ આજે દુર્લભ થઈ પડેલો હોવાથી અને ઘણા વિદ્વાનો તથા વાચકોને તો તે વાંચવાની તક પણ નહીં મળેલી હોવાથી તેમાંની વિદ્વત્તાપૂર્ણ પ્રસ્તાવના અહીં ઉદ્ધૃત કરીએ છીએ.

પ્રો. જેકોબીના નિર્ણયો અક્ષરશઃ અમે માન્ય રાખીએ છીએ એમ માની લેવાની ભૂલ તો કોઇ નહીંજ કરે. તેમનો તુલનાત્મક અભ્યાસ અને ઐતિહાસિક સત્યોને બની શકે તેટલી ઝીણવટથી તારવી કાઢવાનો અધ્યવસાય ખરેખર ઉપાદેય અને અભિનંદનીય છે. જૈન વિદ્વાનો અને સાક્ષરોને એકી સાથે કલ્પસૂત્ર અને તેના પરની ડૉ. જેકોબીની પ્રસ્તાવના વાંચવાની આથી અનુકૂળતા થશે.

મહાવીર-નિર્વાણના સમયનું નિરૂપણ કરતાં પહેલાં આપણે શરૂઆતમાં એ તપાસ કરીએ કે જૈનધર્મ અને બૌદ્ધધર્મ બને સ્વતંત્ર ધર્મો છે કે એક બીજામાંથી નીકળેલા છે ? જે યુરોપીય વિદ્વાનોએ આ વિષય ઉપર આજ સુધીમાં લખ્યું છે, તે સઘળા સામાન્ય રીતે ઉપર દર્શાવેલા બીજા મતને સ્વીકારવાનું પોતાનું વલણ બતાવે છે. કોલબ્રૂક (Colebrooke) મહાવીરને ગૌતમ બુદ્ધના ગુરૂ તરીકે માને છે, અને તે પ્રમાણે માનવાનું કારણ તે એ બતાવે છે કે મહાવીરનો એક ઇન્દ્રભૂતિ નામનો શિષ્ય ઘણી-

વાર ગૌતમસ્વામી અથવા ગૌતમ નામે ઓળખાય છે. પ્રિન્સેપ (Prinsep) અને સ્ટીવન્સન (Stevenson) એ બે વિદ્વાનો તેનાજ અભિપ્રાયને સ્વીકારે છે, અને થોડાજ સમય અગાઉ, મિ. એડવર્ડ થોમસે (Mr. Ed. Thoma-) પણ તેજ મતનું પુનઃ પ્રતિપાદન કર્યું છે. પ્રો. વેબર (Prof. Weber) પોતાના શત્રુંજય માહાત્મ્ય (' Ueber das Catrunjayamahatmya ') ઉપરના નિબંધમાં કોલબ્રુકની કલ્પનાને ભ્રાંતિપૂર્ણ સિદ્ધ કરે છે અને લખે છે કે, ઇન્દ્રભૂતિ તે ગૌતમબુદ્ધની માફક ક્ષત્રિય નહીં પણ બ્રાહ્મણ જાતિનો હતો. તેનું ગોત્ર ગૌતમ હોવાથી તે એ નામે પણ ઓળખાય છે. પરંતુ એટલા ઉપરથી તેની ગૌતમબુદ્ધની સાથે એકતા કરવી તે પ્રગટ ભૂલ છે. જો ઇન્દ્રભૂતિએ વિરોધી મત સ્થાપવાને વર્ધમાનના ધર્મમાર્ગનો ત્યાગ કર્યો હોત, તો મહાવીરનિર્વાણ બાદ થોડા વખત પછી રચાએલા જૈન સૂત્રોમાં વારંવાર તેના સંબંધમાં જે આદરભરેલા ઉલ્લેખો કરવામાં આવ્યા છે તે કદાપિ ન કરવામાં આવત. બલ્કે તેથી ઉલટું, મહાવીરનો પ્રિય શિષ્ય હોવા છતાં બને તેટલી રીતે તેની નિંદાજ કરવામાં આવી હોત.* કારણ કે સૂત્રોમાં સ્પષ્ટ રીતે કથન છે કે મહાવીરના જમાલિ નામના ભાણેજે ધર્મભેદ કર્યો હતો; તેમજ ભગવતી સૂત્ર (સય ૧૭) માં મહાવીરના બીજા શિષ્ય મકખલિપુત્ત ગોસાલના ઉપર પણ સ્ફુટ રીતે આક્ષેપો કરેલા જોવામાં આવે છે. (સાથે સાથે કહી જઉં છું કે આ મકખલિપુત્ત ગોસાલ તે પાલિસૂત્રોમાં નિર્દિષ્ટ મંખલિગોસાલજ છે. તેને તે સ્થળે ૭ તૈર્થિકોમાંનો–પાખંડમતાવલંબિઓમાંનો એક તથા બુદ્ધમતના વિરોધી તરીકે ગણાવ્યો છે.)

---

* ઇન્દ્રભૂતિના સંબંધમાં જે એક દંતકથા પ્રચલિત છે તે ઉપરથી ઇન્દ્રભૂતિ તેમના ગુરૂ ઉપર કેટલા અનુરક્ત હતા તે સ્પષ્ટ થાય છે. મહાવીરના દેહત્યાગ વખતે તેઓ ગેરહાજર હતા. જ્યારે તેમણે સ્થાન તરફ પાછા ફરતાં પોતાના પૂજ્ય ગુરૂના અણધાર્યા અવસાનના સમાચાર સાંભળ્યા ત્યારે તેઓ અત્યંત શોકગ્રસ્ત બન્યા હતા. પછીથી તેમણે પ્રબુદ્ધ થઇ જોયું કે એક અંતિમ અવશિષ્ટ બંધન, કે જેનાથી તેઓ સંસારબદ્ધ હતા, તે બીજું કાંઇ નહીં પણ તેમના ગુરૂ પ્રત્યેનો તેમનો પ્રબળ પ્રેમભાવ હતો. પછી તેમણે તે બંધનને સર્વથા છેદી કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું હતું.

પ્રો. એચ. વિલ્સન (Prof. H. Wilson) ' હિંદુઓના ધાર્મિક સંપ્રદાયો ' નામના પોતાના નિબંધમાં કોલબ્રુકથી તદ્દન વિરૂદ્ધ મત ઉપસ્થિત કરે છે. તે કહે છે કે જૈનધર્મ એ બૌદ્ધ ધર્મની શાખા છે અને તે ઈ૦ સ૦ ની દસમી શતાબ્દિના અરસામાં બુદ્ધધર્મની પડતીમાંથી ઉત્પન્ન થયો છે. પ્રો. વેબર પોતાના ઉપરોક્ત પુસ્તકમાં જો કે જૈનધર્મની આના કરતાં વધારે પ્રાચીનતા સ્વીકારે છે પરંતુ સાથે તે બૌદ્ધધર્મની પૂર્વકાલિકતા પણ, એચ. વિલ્સનના કહેવા મુજબ કબુલ રાખે છે. પ્રો. લેસન (Prof. Lassen) એકંદર વેબરના અભિપ્રાયનેજ મળતો થાય છે. (Ind Alterth IV 755 Sqq). ઉપર ઉપરથી જોતાં કેટલાંક કારણો પ્રો. વિલ્સનના મતને પુષ્ટિ આપતાં માલુમ પડે છે. કારણ, જૈનસૂત્રોમાં જણાવ્યા પ્રમાણે મહાવીર વિહાર—કે જે બુદ્ધની પણ જન્મ અને ઉપદેશની ભૂમિ હતી, ત્યાંના નિવાસી માત્ર હતા, એટલુંજ નહિ પણ તે બંને સમકાલીન અને એકજ રાજાઓના રાજ્યોમાં વિચરતા હતા, એવું પણ વર્ણન મળી આવે છે. અલબત શ્રેણિક અને કુણિક (અથવા કોણિક) આવાં નામો બૌદ્ધસૂત્રોમાં જોવામાં આવતાં નથી, તથાપિ શ્રેણ્ય યા શ્રેણિક એવા શબ્દો બિમ્બિસારના બિરૂદ તરીકે જોવામાં આવે છે; અને તેનો પુત્ર કુણિક, કે જે ઔપપાતિકસૂત્રમાં બિમ્ભિસારપુત્ત તરીકે પણ ઓળખાય છે, તે સ્પષ્ટ રીતે બિમ્બિસારનો પુત્ર અજાતશત્રુજ હોવો જોઇએ. કારણકે જૈન અને બૌદ્ધસૂત્રોમાં અનુક્રમે તે બન્નેને પોતાના પિતાની હત્યા કરનાર તરીકે વર્ણવેલા જોવાય છે. કુણિકનો પુત્ર ઉદાયિન્, કે જેણે જૈનપરંપરાગત કથાનુસાર પાટલિપુત્ર વસાવ્યું હતું, તે અજાતશત્રુનો પુત્ર ઉદયિ ભદ્દકજ છે; એમ સહેલાઇથી સાબિત કરી શકાય એવું છે. કારણ કે, બૌદ્ધોનું પણ તેના સંબંધમાં તેવુંજ કથન છે. આ ઉપરથી એટલું તો નિઃસંદેહ જણાય છે કે બિમ્બિસાર અને અજાતશત્રુ, જેઓ બુદ્ધના સમકાલીન હતા, તેઓ પુનઃ જૈન આગમોમાં શ્રેણિક અને કુણિકના નામે મહાવીરના સમકાલીન દૃષ્ટિગોચર થાય છે. તેમનાથી કેટલેક અંશે અલ્પપ્રતિષ્ઠિત એવી બીજી વ્યક્તિઓના સંબંધમાં પણ આવી હકીકત મળી આવે છે. જેમકે મંખલિનો પુત્ર ગોસાલ (અથવા જૈનાનુસાર—મકખલી; મંખલિ—મક્ખાલિ; બિમ્બિસાર—બિમ્ભિસાર) અને લિચ્છવિ (જૈન—લેચ્છઈ)

રાજાઓ. અન્ય એક દલીલ પ્રો. વિલ્સન પોતાના પક્ષમાં એવી રજુ કરે છે શાકયસિંહ અને વર્ધમાનના વિશેષણો અથવા ગુણનામો એક સરખાં છે. ઉદાહરણ તરીકે બુદ્ધ, જિન, અને મહાવીર (?) વિગેરે. અને બીજું પણ એક પ્રમાણ એ છે કે બન્નેની પત્નીનું નામ યશોદા હતું. આ પ્રમાણોથી, એચ. વિલ્સન બુદ્ધ અને મહાવીર બન્ને એકજ વ્યક્તિ છે એમ જણાવે છે. પરંતુ આ સિવાય તે બન્નેની વચ્ચે બીજું કોઈ પ્રકારનું સામ્ય નથી. કારણ કે આ સિવાયની જેટલી હકીકતો બુદ્ધના સંબંધમાં લખવામાં આવી છે, તેમાંની એકે વર્ધમાનની હકિકત સાથે મળતી આવતી નથી. તેમજ બન્ને મહાત્માઓનાં સગાનાં નામ, જન્મભૂમિ, શિષ્યપરિવાર, આયુર્મર્યાદા તથા તેમના જીવનના અદ્‌ભુત બનાવો અને આચાર-વિચારો કે જે તેમના ઉપદેશો ઉપરથી તારવી શકાય છે તે સઘળાં તદ્દન ભિન્નભિન્ન છે. હું આ સ્થળે માત્ર એક છેલ્લીજ બાબત ઉપર થોડીક ચર્ચા કરીશ. પહેલી બાબતોને ટીકાની જરૂર નથી. હું જ્યાં સુધી નિર્ણય કરી શકયો છું ત્યાંસુધી મહાવીરનું માનસિક વલણ વીતરાગ (વિરક્ત) જીવન તરફ હતું. તેમનો ઉપદેશ પણ મુખ્યત્વે કરીને આધ્યાત્મિક જ્ઞાન અને ધાર્મિક આચરણોને લગતો જ છે. તેમનું તત્ત્વજ્ઞાન અથવા પરમાર્થ (અધ્યાત્મક) સ્વરૂપ વિષયક જ્ઞાન ન્યાયશાસ્ત્રની પૂર્વાપર સંગતિની દૃષ્ટિએ ઉત્કૃષ્ટ જણાતું નથી. કારણ કે તે ગંભીર અને સર્વાંગપૂર્ણ શોધ (ગવેષણા) કરવાને બદલે માત્ર સૂક્ષ્મ અને શ્રમસાધિત ભેદો (વિકલ્પો) ઉભા કરે છે. આ સિદ્ધાંતનું નામ સ્યાદ્વાદ છે. અને તે શૂન્યવાદ કે જે બૌદ્ધતત્ત્વજ્ઞાનને પોતાની જાળમાં ગુંચવી નાંખે છે, તેના ભયથી પોતાને દૂર રાખે છે. એ સિદ્ધાન્ત હૅરેક્લિટસના પર્યાયવાદ (Flux) સાથે થોડેક અંશે મળતો આવે છે— જો કે એ તેના જેટલો ગહન નથી. મહાવીર સર્વસામાન્ય માન્યતા પ્રમાણે આત્માનું નિત્ય અસ્તિત્વ અને ધાર્મિક તપશ્ચરણના પ્રભાવ (સામર્થ્ય) ને વિશેષ માને છે; ત્યારે બૌદ્ધો આ બન્ને સિદ્ધાન્તોની વિરૂદ્ધ કથન કરે છે. મહાવીરનું નીતિતત્ત્વશાસ્ત્ર પણ માત્ર જેમ, હિંદુધર્મના બીજા ઘણા સંપ્રદાયોમાં જોવામાં આવે છે તેમ, સાધુજીવનના નિયમોનું જ વર્ણન કરી વિરામ પામે છે. ટુંકામાં મહાવીર હિંદુસ્થાનના ધાર્મિક પુરૂષોમાં સાધારણ પ્રકારના લાગે છે. ધાર્મિક વિષયોના સંબંધમાં તેમની બુદ્ધિશક્તિ હતી

ખરી; પરંતુ બુદ્ધમાં જેવી પ્રતિભાશક્તિ નિઃસંશય રીતે માની શકાય છે, તેવી તો તેમનામાં ન હતી. બુદ્ધ પોતાના તાત્ત્વિક વિચારો ઠેઠ શૂન્યવાદના કિનારા–અંતિમ મર્યાદા સુધી લઇ જાય છે. અને તેમ કરવા છતાં પણ, તેઓ પોતાના તર્કને તદ્દન સ્પષ્ટ રાખવા પૂર્ણ કાળજી રાખે છે. તેઓ પાંડિત્યદર્શક ભેદોપભેદો દેખાડવાનું ચાતુર્ય બતાવવા કોશીષ કરતા નથી; અને તેથી તેમનું તત્ત્વજ્ઞાન થોડા તત્ત્વભૂત વિચારો ઉપર રચાએલી એક સંસ્થિતિ (System) રૂપ બને છે. મહાવીરનું તત્ત્વજ્ઞાન તેમ બનતું નથી. તે માત્ર ભિન્ન ભિન્ન વિષયો ઉપર પજ્ઞતિના રૂપમાંજ રહે છે. તેની અંદર આધ્યાત્મિક વિષયના વિચાર સમુચ્ચયને ધારણ કરવા યોગ્ય થોડા મૂળભૂત તત્ત્વો નથી. તત્ત્વજ્ઞાન વિષયક વિચારોમાં તર્કની પૂર્વાપર સંગતિ જાળવવા ઉપરાંત બુદ્ધે ઉદાર અને મહાન્ સૂત્રોમાં, તથા નીતિની કલ્પિત વાર્તાઓમાં, મનુષ્યજાતિના ત્રિવિધ તાપના નિવારણ અર્થે જે દયાની તીવ્ર લાગણી પ્રકટ કરી છે, તે ઉપરથી તેમની પ્રતિભાનું શ્રેષ્ઠત્વ સ્પષ્ટ જણાઈ આવે છે. જૈનગ્રંથો કરતાં બૌદ્ધગ્રંથોની મહત્તા તેમના નૈતિક તત્ત્વને લઇને જ છે. મેં ઉપર કહ્યું છે તેમ મહાવીરે નીતિશાસ્ત્રને અધ્યાત્મવિદ્યા કરતાં હલકા દરજ્જાનું તથા તેના એક આનુષંગી સિદ્ધાંત તરીકે માન્યું છે. કારણ કે તેમનું ખાસ લક્ષ પરમાર્થવિદ્યા ઉપર હતું. મહાવીર અને બુદ્ધના ઉપદેશની આ રૂપરેખા આપણને તેઓ બન્ને ભિન્ન વ્યક્તિઓ હતી એમ માનવા દોરે છે. તે બન્નેના મતભેદો પણ ઘણા વિચારણીય છે. તેમના તાત્ત્વિક વિચારોના પારિભાષિક યા સાંકેતિક શબ્દો પણ પરસ્પર મળતા આવતા નથી. આવી રીતે મહાવીર અને બુદ્ધને એક માનવામાં વિરૂદ્ધતા વધતી જતી હોવાથી, તે બન્ને પ્રતિષ્ઠિત પુરૂષો ભિન્ન પણ સમકાલીન વ્યક્તિઓ હતી, એમ બતાવતી જૈનો અને બૌદ્ધોની પરંપરાગત કથાઓને સાચી માનવા તરફ આપણું વલણ થાય છે. વસ્તુસ્થિતિ આવી હોવાને લીધે, બંને મતોની વચ્ચેનું સામાન્ય સાદૃશ્ય સ્વાભાવિકજ છે એમ સહજ જણાઇ આવશે. બન્ને સંપ્રદાયોના સંસ્થાપકો સમકાલીન અને સમાન દેશનિવાસી હોવાથી, પ્રાકૃતિક નિયમ પ્રમાણે, તે બન્ને એકજ પ્રકારના દેશકાલાનુરૂપ સર્વસામાન્ય તત્ત્વજ્ઞાન અને નીતિ વિષયક વિચારસમૂહનો આશ્રય લે તેમાં નવાઇ નથી. તેમના જમાનાનું વલણ સ્પષ્ટ રીતે બ્રાહ્મણ

ધર્મ સામે થવાનું હતું. જો આપણે બુદ્ધના સમયના ૭ તૈર્થિક મતાચાર્યોના સિદ્ધાન્તોનું વર્ણન વાંચીશું (જે વર્ણન બૌદ્ધોના સામંજફલસુત્તમાં આપેલ છે,) તો આપણને જણાશે કે તે સર્વે અલ્પ યા બહુ અંશે, તે વખતના સુધારકો હતા. તે બધાથી બુદ્ધની જે વિશેષતા હતી તે તેમની પ્રતિભાને લઈનેજ હતી. બુદ્ધની માફક મહાવીર પણ એક બીજા સુધારક હતા અને તેઓ પોતાનો સ્વતંત્ર મત સ્થાપવાને સફળ થયા હતા; એમ જો આપણે માનીએ તો તેમાં યુક્તિરહિતતા કે અસંભવિતતા જેવું જણાતું નથી. આ વિચારને હું ઐતિહાસિક સત્ય તરીકે સ્થાપિત કરવા દલીલો રજુ કરૂં તેની પહેલાં મારે બૌદ્ધધર્મની પૂર્વકાલિકતાના હિમાયતિઓએ રજુ કરેલી બે વિરૂદ્ધ યુક્તિઓનું નિરાકરણ કરવું જોઈએ. પ્રથમ જો હું ભુલતો ન હોઉં તો હેમિલ્ટન બુકેનન (Hamilton Buchanan) ના કથનના આધારે એમ મનાય છે કે જૈનો જ્ઞાતિ વ્યવસ્થા સ્વીકારે છે અને આ માન્યતાના પાયા ઉપર જૈનધર્મની ઉત્પત્તિના સંબંધમાં એવી કલ્પના ઉભી કરવામાં આવી છે, કે જ્યારે બ્રાહ્મણોએ બૌદ્ધોને ત્રાસ આપવા માંડયો ત્યારે તેઓએ પોતાના ધર્માંધ પ્રતિસ્પર્ધીઓની સાથે સમાધાન કરવા અર્થે જ્ઞાતિ વ્યવસ્થાનો સ્વીકાર કર્યો. કારણ કે જો તેમણે એટલું નમતું મુકયું ન હોત, તો બ્રાહ્મણોએ તે પાખંડમતને સર્વથા દાબી દીધો હોત. આ વિચારમાંથી એવી કલ્પના જન્મી કે આ રીતે ક્ષીણ થતો બૌદ્ધધર્મજ જૈનધર્મના રૂપમાં પરિવર્તિત થયો. આ કલ્પનાનો આ સ્થળે હું ઉહાપોહ કરવા માગતો નથી. માત્ર એટલુંજ જણાવીશ કે તે કલ્પનાનો હું અસ્વીકાર કરૂં છું.

જૈનધર્મમાં યતિ અને શ્રાવક નામના બેજ વિભાગ છે. અને જો કદાચિત્ હિંદુસ્થાનના કોઇ કોઈ ભાગમાં જૈનો લોકવ્યવહારમાં જ્ઞાતિભેદો સ્વીકારતા હોય તો તે પ્રમાણે તો દક્ષિણ હિંદુસ્થાનના ખ્રીસ્તિ અને મુસલમાનો તથા સિલોનના બૌદ્ધો પણ સ્વીકારે છે. આ બાબતને ધર્મની સાથે કંઇ સંબંધ નથી. આ જ્ઞાતિભેદો તો માત્ર સામાજિક ભેદો છે અને તે ભારતવાસીઓનાં મગજમાં એટલા તો ઉંડા જડ ઘાલીને બેઠેલા છે કે તેમને ધાર્મિક સુધારકના શબ્દો બીલકુલ ખસેડી શકે તેમ નથી. બૌદ્ધધર્મના લેખોમાં અનેક ઠેકાણે બ્રાહ્મણોનો

ઉલ્લેખ થએલો છે, પણ તેટલા ઉપરથી કોઇ બૌદ્ધધર્મ ઉપર ભ્રાન્તિરૂપી ધાર્મિક યોજનાને સ્વીકારવાનો આરોપ ન મૂકી શકે. બીજી દલીલ એવી કરવામાં આવે છે, કે જૈનોની પ્રાકૃત ભાષા કરતાં બૌદ્ધોની પાલિભાષા વધારે પુરાતન છે; અને તેટલા માટે તે બૌદ્ધધર્મની પૂર્વકાલિકતા સ્થાપન કરવાને એક પ્રમાણુ છે. જો કે આ દલીલ તદ્દન સાચી છે, તો પણ તે કોઇ બાબત સિદ્ધ કરી શકતી નથી. કારણુ કે, હું આગળ ઉપર બતાવીશ તે પ્રમાણે, જૈનસૂત્રો જે રૂપમાં હાલ વિદ્યમાન છે તે રૂપ મહાવીરનિર્વાણુ પછી એક હજાર જેટલાં વર્ષો બાદ નક્કી કરવામાં આવ્યું હતું. આ ઉપરથી એટલું તો તર્કસિદ્ધ જ છે કે તે પહેલાંનાં એક હજાર વર્ષોમાં એ સૂત્રોની ભાષામાં ઘણા ફેરફારો થયા હોવા જોઇએ. કારણુ કે જે આચાર્યો મુખથી અથવા લેખથી પોતાની શિષ્યપરંપરાને એ સૂત્રો સોંપતા ગયા હોય, તેમનું સ્વાભાવિક વલણુ, તે સૂત્રોની ભાષાના જે જૂનાં રૂપો પ્રચલિત ભાષામાંથી અદશ્ય થયા હોય તેમના બદલે વર્તમાન વાક્પદ્ધત્તિ પ્રમાણેના રૂપોનો વ્યવહાર કરવાનું થાય, એ નિઃસંશય છે. દાખલા તરીકે, મધ્યયુગના જર્મન લેખકોના ગ્રંથોના ઉતારાઓ પણુ, ઉતારા કરનારાઓની દેશ તથા કાલની ભાષામાં જ થયા હતા, એમ સ્પષ્ટ જોવાય છે. આવી વસ્તુસ્થિતિ હોવા છતાં પણુ એક ઉદાહરણુમાં મૂળભાષાની નિશાની રહી ગઇ છે તે સ્પષ્ટ બતાવી આપે છે કે મૂળ ભાષા, સૂત્રોની હાલની ભાષાથી, અન્ય ઘણા આકારોની માફક એક વિશેષ આકારમાં જુદી પડે છે. દાખલા તરીકે સૂત્રોમાં વપરાએલા 'અગની' 'આચારિય' 'સુહુમ' વિગેરે શબ્દો લઇએ. જે છંદોમાં આ શબ્દો વપરાયા છે તેઓના માપ ઉપરથી જણાય છે કે મૂલમાં—સૂત્રની રચના કરનારાઓના સમયમાં—એ શબ્દોનું ઉચ્ચારણુ 'અગ્ની' 'આચાર્ય' 'સુહ્મ' વિગેરેના રૂપમાં હોવું જોઇએ. જો તે વખતે આ પ્રમાણે ઉચ્ચારણુ ન થતું હોત—અને સૂત્રકારોની ભાષા પણુ સર્વથા હાલના લિખિત સૂત્રોના જેવી જ હોત તો તેઓ પણુ—સઘળી પ્રાકૃત ભાષાઓને સરખી રીતે લાગુ પડતા સ્વરશાસ્ત્રના નિયમો તેમની ભાષાને પણુ લાગુ પડેલા હોવાથી—એ શબ્દોનો ઉચ્ચાર તેમ ન કરી શક્યા હોત. આ વિષયના વિસ્તૃત વિવેચન માટે હું વાચકને "Zeitschrift fur vergleichende Sprachforschung" V.

XXIII; p. 595, sqq જોવાની ભલામણ કરું છું. આ થોડીક હકીકતો ઉપરથી સમજી શકાય છે, કે ભાષાનું અમુક રૂપ જૈન સાહિત્યની પ્રાચીનતાની વિરૂદ્ધમાં દલીલ તરીકે રજુ કરી શકાય તેમ નથી, અને જ્યારે આમ છે તો પછી તેવી દલીલને જૈનધર્મને બૌદ્ધધર્મથી અર્વાચીન સ્થાપિત કરવામાં પ્રમાણ તરીકે તો લેવાય જ કેમ? આપણે વળી જાણીએ છીએ કે જૈન સાહિત્યનો ચૌદપૂર્વના નામે ઓળખાતો એક ભાગ તો નષ્ટ થઈ ગયો છે; અને તે કઇ ભાષામાં રચાએલો હતો તે આપણે બીલકુલ જાણતા નથી.*

આપણે ઉપર જોયું તે પ્રમાણે જૈનોનાં પવિત્ર સૂત્રો બિમ્બિસાર અને અજાતશત્રુના સમયને મહાવીરના જીવનસમય તરીકે બતાવે છે. હવે જૈનધર્મ તે પુરાતન કાલમાં હતો કે નહીં તેની ઐતિહાસિક દષ્ટિએ શોધ કરવાની જરૂર છે. સૂત્રોમાં જૈન યતિઓ માટે બહુ પ્રચલિત શબ્દ 'નિગ્ગંથ' અને સાધ્વીઓ માટે 'નિગ્ગંથી' મળી આવે છે. વરાહમિહિર અને હેમચંદ્ર તેમને 'નિર્ગ્રંથ' કહે છે. શંકર, આનંદગિરિ ઇત્યાદિ લેખકો તેને બદલે 'વિવસન' 'મુક્તાંબર' એવા પર્યાયાર્થક શબ્દો વાપરે છે. વળી એ પણ ધ્યાનમાં રાખવું જોઇએ કે પ્રાચીન શબ્દ 'આર્હત' અને ત્યાર પછીનો અર્વાચીન શબ્દ 'જૈન' એ બન્ને, સરખી રીતે જૈનસાધુ તથા શ્રાવક ઉભયને લાગુ પડે છે. બૌદ્ધ શ્રમણોથી ભિન્ન એવા ધાર્મિક પુરૂષો માટે વપરાતો 'નિર્ગ્રંથ' શબ્દ 'નિગણ્ઠ' રૂપમાં અશોકની આજ્ઞાઓમાં નજરે પડે છે, અને ડૉ૦ બુહ્લરે (Dr. Buhler) 'અશોકની નવી ત્રણ આજ્ઞાઓ' (Three new edicts of Asoka p. 6) વાળા લેખના છઠ્ઠા પૃષ્ઠમાં તે શબ્દને જૈનશબ્દ 'નિર્ગ્રંથ' તરીકે અત્યાર આગમચ જ સાબીત કરી દીધો છે. બૌદ્ધોના પિટકોમાં નિગણ્ઠોને બુદ્ધ અને તેના અનુયાયીઓના પ્રતિપક્ષી તરીકે જણાવ્યાનો ઉલ્લેખ મળી આવે છે. (See Childers Pali Dictionary, S. V. Nigantha.)

---

* કેટલાક અલ્પ પ્રાચીન જૈન ગ્રંથમાં ઉલ્લેખ કરેલો જોવામાં આવે છે કે ચૌદપૂર્વોની રચના સંસ્કૃત ભાષામાં થએલી હતી. ડૉ. જેકોબીની જાણમાં તે વખતે એ ઉલ્લેખો નહીં આવ્યા હોય.

આ સઘળી બાબતો ઉપરથી એટલું સાબીત કરી શકાય છે કે જૈનો અને બૌદ્ધો પરસ્પર પ્રતિસ્પર્ધીઓ હતા. આ પ્રાચીન પ્રતિયોગિતાના અસ્તિત્વનું અનુમાન તેમની પ્રાચીન ઐતિહાસિક કથાઓ ઉપરથી પણ થઇ શકે એમ છે. બૌદ્ધો ખુલ્લા શબ્દોમાં કહે છે કે અજાતશત્રુએ તેના પિતાનું ખૂન કર્યું હતું. તેમજ તેના માટે બીજું એમ પણ તેઓ જણાવે છે કે, તેણે પોતાના જુના ધર્મનો ત્યાગ કરી સદ્ધર્મ—બૌદ્ધધર્મનો આશ્રય લીધો તેની પહેલાં તે ધાતકી અને દુષ્ટ મનનો હતો. આનાથી વિરૂદ્ધ જૈનો, કુણિક કે જેને આપણે પહેલાં અજાતશત્રુથી અભિન્નરૂપે નક્કી કરી ગયા છીએ, તેને બુદ્ધિપૂર્વક પિતૃહત્યાના દોષથી દૂર રાખવાનો પ્રયત્ન કરે છે. નિરયાવલિસૂત્રમાં આ સંબંધી એક લાંબી કથા લખાએલી છે, તેમાં કહેવામાં આવ્યું છે કે, કુણિકે પોતાના પિતાને પોતા તરફ અન્યાયપણે વર્તતો માની લઇ તેને કારાગૃહમાં નાંખ્યો હતો. પરંતુ જ્યારે તેની માતાએ તેને સમજાવ્યો કે ‘ તારો પિતા તારા તરફ હમેશાં માયાળુ સ્વભાવ રાખતો આવ્યો છે અને તેના હાથે એક પણ એવું કાર્ય નથી થયું કે જેને લીધે તેને આવી જાતની શિક્ષા તારા તરફથી ભોગવવી પડે.’ માતાના આ કથનથી કુણિકને પોતાના પિતાના સૌજન્યની ખાત્રી થઇ અને તેથી તે પશ્ચાત્તાપ કરતો, જાતે કોદાળી લઈ પિતાની બેડી તોડવા નીકળ્યો. શ્રેણિકે કુણિકને હાથમાં કોદાળી લઇને આવતો જોઇ ધાર્યું કે આજે કુણિકને હાથે પોતાનું મૃત્યુ થશે; તેથી તેણે પોતાના સંતાનને આવા પાપના દોષથી દૂર રાખવા સારૂ જાતે જ આત્મઘાત કર્યો. પોતાના પિતાને આ રીતે મૃત્યુ પામેલો જોઇ કુણિકને સ્વાભાવિક રીતે જ ઘણું દુઃખ થયું. વિગેરે. વિગેરે. આવી રીતે ભોળા ભાવથી—નિષ્કપટપણે કહેલી કથા એમ સૂચવે છે કે બૌદ્ધોના કરતાં જૈનોને પોતાના આશ્રયદાતાના પાપોના સંબંધમાં ઓછા નિષ્પક્ષપાતપણે બોલવાનું એક કારણ હતું; અને તે એ કે કુણિકે બૌદ્ધોની ઉપર પોતાની પ્રસન્નતા બતાવતાં પહેલાં ઘણા સમય સુધી તેણે જૈનો ઉપર પોતાની મહેરબાની બતાવી હતી.

તેવીજ રીતે, એક સંપ્રદાયના સંસ્થાપક તરીકે અથવા પ્રાચીન કાળથી ચાલતા આવતા એક ધર્મના સુધારક તરીકે ગણાવા લાયક—અને હું એ બીજા મતનો જ સ્વીકાર કરૂં છું—મહાવીર નામની બુદ્ધથી તદ્દન ભિન્ન એવી

એક વ્યક્તિનો સમય, પ્રાચીન કાળમાં સ્થાપન કરી શકાય તેમ છે. પ્રથમ તો, જનરલ કનિન્ગહામે (General Cunningham) મથુરાના કંકાલી ટિલામાંથી શોધી કાઢેલા એક શિલાલેખની શરૂઆતમાં ' અર્હત્ મહાવીર દેવનાસ ' ને નમસ્કાર કરેલો છે. (Arch͡eol Survey of India, Vol. III, P. 35. Ed. Thomas, Jainism or the early creed of Asoka p. 82.) અને આ શિલાલેખ એક ' ઉભી નગ્ન મૂર્તિ ' ની નીચે કોતરેલો છે. આ ઉપરથી, એ સ્પષ્ટ પ્રતીત થાય છે કે ઉક્ત મહાવીર શબ્દ તે વર્ધમાન નામને માટે વપરાયો છે, પણ બુદ્ધને માટે નહીં. એ શિલાલેખ ઉપર સંવત્સર ૯૮ લખેલો છે. મથુરામાં મળેલા શિલાલેખોની તારીખો કયા સંવત્‌ને ઉદ્દેશીને લખાયેલી છે તે હજી નક્કી થયું નથી; છતાં પણ કનિષ્ક અને હુવિષ્કના નામનિર્દેશથી એટલું તો સિદ્ધ થાય છે કે તે શિલાલેખો ઈ૦ સ૦ ની શરૂઆતના છે. બીજો પુરાવો એ છે કે બૌદ્ધગ્રંથોમાં પણ જૈનધર્મના સંસ્થાપકના સંબંધમાં કેટલાક ઉલ્લેખો મળી આવે છે; તે ઉલ્લેખો-તેના-જૈનધર્મના પ્રવર્તકના-કોઈ સામાન્ય નામના રૂપમાં નહીં પણ ' નિગણ્ઠનાથ ' અથવા ' નિગણ્ઠનાતપુત્ત ' ના વિશેષનામના રૂપમાં છે. આપણે પહેલાં જોઇ ગયા છીએ કે ' નિગણ્ઠ ' એ જૈનયતિ વાચક શબ્દ છે; અને ' નાતપુત્ત ' ને હું કલ્પસૂત્ર અને ઉત્તરાધ્યયનમાં આવેલા મહાવીરના ' નાયપુત્ત ' બિરૂદ તરીકે માનું છું. નેપાલના બૌધગ્રંથો નિગણ્ઠનાથને જ્ઞાતિનો પુત્ર કહે છે. (Burnouf. Lotus de la bonni loi p. 450) અને જૈનો પણ તેને ' જ્ઞાતપુત્ર ' કહે છે. See Petersburgh Dictionary S. V. Jnataputra.) વળી હેમચંદ્રના પરિશિષ્ટ પર્વ ૧-૩ વાળો નીચેનો શ્લોક સરખાવવા જેવો છેઃ—

कल्याणपादपारामं श्रुतगङ्गाहिमाचलम् ।
विश्वाम्भोजरविं देवं वन्दे श्रीज्ञातनन्दनम् ॥

મહાવીરને આ નામ આપવાનું કારણ એ છે કે તેના પિતા જ્ઞાતક્ષત્રિય—જ્ઞાત જાતિના ક્ષત્રિય—હતા. નિગણ્ઠ નાતપુત્તને સામઞ્ઞફલસુત્તમાં અગ્નિવેશ્યાયન ગોત્રના લખ્યા છે. આ બૌદ્ધ લોકોની ભૂલ છે. કારણ કે, મહાવીર તો ગૌતમ ગોત્રના હતા. બૌદ્ધલેખકોએ ધર્મસંસ્થાપક અને તેમના

મુખ્ય શિષ્ય સુધર્માને ઉલટપાલટ લખી દીધા છે, અર્થાત્ શિષ્યનું ગોત્ર ગુરૂને લગાડયું છે. જૈન સૂત્રોમાં સુધર્માને મહાવીરના સિદ્ધાન્તોના પ્રવર્તક તરીકે લખ્યા છે, કે જેમણે જંબૂસ્વામીને પ્રથમ સૂત્રોપદેશ આપ્યો હતો. આ સુધર્મા ' અગ્નિવૈશ્યાયન ' ગોત્રના હતા. દુર્ભાગ્યે, નિગણ્ઠનાતપુત્તના સિદ્ધાંતદર્શક સામઞ્જફલસુત્તના તે ભાગનો અર્થ સ્પષ્ટ સમજાતો નથી. છતાં પણ તેના આનુમાનિક ભાષાન્તર ઉપરથી, હું કહી શકું છું કે ' નિગણ્ઠનાતપુત્ત ' ને મહાવીર તરીકેજ ગણવામાં કોઇ પણ પ્રકારનો બાધ આવે તેમ નથી. ડૉ૦ બુલ્હરે પણ એક કથાના આધારે મહાવીરને નિગણ્ઠનાતપુત્તરૂપે જે સ્વીકાર્યા છે તે હકિકત પણ આ કથનને પુષ્ટિ આપે છે. બૌદ્ધધર્મના આત્માવતાર (Hardy Manual of Buddhism p. 271), વૈશ્યન્તર અને અન્યગ્રંથોમાં એવો ઉલ્લેખ છે કે નિગણ્ઠનાતપુત્તે પોતાના ઉપાલિ નામના એક શિષ્ય, કે જેણે બૌદ્ધધર્મનો અંગીકાર કર્યો હતો, તેની સાથે કલહ કર્યા પછી પાવામાં કાળ કર્યો હતો. કલ્પસૂત્ર પ્રમાણે પણ મહાવીરનું દેહાવસાન પાવામાં જ થયેલું હોવાથી, તેમજ જૈન યતિઓ નિગણ્ઠો કહેવાતા હોવાથી, એ સ્પષ્ટરીતે સિદ્ધ થાય છે કે ' નિગણ્ઠનાથ ' એ શબ્દ મહાવીર માટેજ વપરાયો છે. આ પ્રમાણે બુદ્ધ અને મહાવીર એ બન્ને ભિન્ન પરંતુ સમકાલીન વ્યક્તિઓ હતી. આ ઉપરથી એ પણ સ્પષ્ટ છે કે આ બંને ધર્મોપદેશકોના નિર્વાણસમયમાં થોડાકજ વર્ષોનું અંતર હોવું જોઇએ. હવે જનરલ કનિંગ્હામે કરેલી અશોકની ત્રણ નવી આજ્ઞાઓની શોધ ઉપરથી અને ડૉ૦ બુલ્હરે ઐતિહાસિક અને ભાષાશાસ્ત્રની દ્રષ્ટિએ કરેલા તેમના અર્થાલોચન ઉપરથી, બુદ્ધનો નિર્વાણસમય ઇ. સ. પૂર્વે ૪૭૭ના અરસામાં નિર્ણીત થયો છે. તેથી મહાવીરનિર્વાણનો સમય પણ ઇ સ. પૂર્વે ૪૯૦ અને ૪૬૦ની વચ્ચે આવવો જોઇએ.

શ્વેતામ્બરોની પરંપરાનુસાર મહાવીરનિર્વાણનો સમય વિક્રમ સંવત્ પહેલાં ૪૭૦ વર્ષે આવે છે, અને દિગમ્બરોના મતે વિક્રમસંવત્ પૂર્વે ૬૦૫ વર્ષે આવે છે. આ બન્ને સંપ્રદાયોની નોંધાએલી નિર્વાણની તારીખોમાં જે ૧૩૫ વર્ષનો તફાવત જોવામાં આવે છે તે સંવત્ અને શક વચ્ચેના કાલની બરાબર છે અને આ ઉપરથી એવી સંભાવના ઉભી થાય છે કે દિગમ્બરોનો વિક્રમ સંવત્ તે શાલિવાહનનો શક છે. કારણ કે

શાલિવાહનનો હમેશાં જુના વિક્રમ સાથે સેળભેળ થઇ જાય છે. શ્વેતામ્બરો વિક્રમ સંવત્ ઇ. સ. પૂર્વે ૫૭ વર્ષે શરૂ થયો, એમ માને છે. મહાવીર નિર્વાણ અને વિક્રમ સંવત્ વચ્ચેના ૪૭૦ વર્ષના અંતર સંબંધી હકિકત શ્વેતામ્બરોના ઘણા ગ્રંથોમાં મળી આવે છે. એનું પ્રાચીનતમ પ્રમાણ—મેરુતુઙ્ગની ' વિચારશ્રેણિ ' ના પાયાભૂત, નીચે આપેલી સ્મારક ગાથાઓ છે. એ ગાથાઓમાં મહાવીર નિર્વાણ અને વિક્રમાદિત્ય રાજાની વચ્ચેના અંતરમાં જે જે રાજવંશોએ જેટલાં જેટલાં વર્ષો સુધી રાજ્ય કર્યું તેમની નોંધ આપેલી છે. તે ગાથાઓ હું અહીં ટાંકુ છું, અને તેમની સાથે તેમના પ્રથમ પ્રકાશક ડા. બુલ્હરે કરેલી ટિપ્પણી(Indian Antiquary 11. 362.) ઉમેરૂં છું.

जं रयणिं कालगओ अरिहा तित्थंकरो महावीर ।
तं रयणिं अवंतिवई अहिसित्तो पालगो राया । १ ।
सट्ठी पालगरण्णो पणवण्णसयं तु होइ नंदाण ।
अट्ठसयं मुरियाणं तीसं चिअ पूसमित्तस्स । २ ।
बलमित्त भानुमित्ता सट्ठी वरिसाणि चत्त नहवहणे ।
तह गद्दभिल्लरज्जं तेरसवरिसा सगस्स चउ । ३ ।

' ૧ જે રાત્રે અર્હંત તીર્થંકર મહાવીર નિર્વાણ પામ્યા, તેજ રાત્રે અવન્તીપતિ પાલકનો રાજ્યાભિષેક થયો.

' ૨ પાલક રાજાનું રાજ્ય ૬૦ વર્ષ સુધી રહ્યું. પછી ૧૫૫ વર્ષસુધી નન્દોએ રાજ્ય કર્યું. તે બાદ ૧૦૮ વર્ષ મૌર્ય રાજ્ય ચાલ્યું. પછી ત્રીશ વર્ષ પુષ્યમિત્રનું રાજ્ય રહ્યું.

' ૩ બાદમાં ૬૦ વર્ષ બલમિત્ર અને ભાનુમિત્રે રાજ્ય કર્યું. અને તેમની પછી ૪૦ વર્ષ નભોવાહન રાજાએ રાજ્ય કર્યું. તેની પછી તેર વર્ષ ગર્દભિલ્લનું રાજ્ય રહ્યું, અને પછી ચાર વર્ષ શકરાજનું રાજ્ય ચાલ્યું.'

આ ગાથાઓનો ઉલ્લેખ ઘણીક ટીકાઓમાં તથા કાલગણના વિષયક ઘણા ગ્રંથોમાં થએલો છે. પણ તેમનું મૂળ ચોક્કસ જણાતું નથી. આ ગાથાઓ વીર અને વિક્રમ સંવત્ વચ્ચેના નિકાલ, અને પ્રાચીન કાલગણનાના

આધારરૂપ બને છે. ઉપરોક્ત ગાથાઓના અનુસારે મૌર્યવંશના રાજ્યના પ્રારંભથી તે વિક્રમ સંવતના પ્રારંભ સુધી વ્યતીત થયેલી વર્ષસંખ્યા ૨૫૫ થાય છે. અર્થાત્ ૪+૧૩+૪૦+૬૦+૩૦+૧૦૮. આમાં વિક્રમ સંવત્ અને ખ્રીસ્તિ સનની શરૂઆતની વચ્ચેના ૫૭ વર્ષ ઉમેરવાથી ચન્દ્રગુપ્તના અભિષેકનો કાળ ઇ. સ. પૂર્વે ૩૧૨ વર્ષે આવે છે. આ રીતે ગ્રીક પ્રમાણો દ્વારા મળી આવતી તારીખ સાથે આ તારીખની એકતા થઇ જાય છે અને તેથી એ પણ સિદ્ધ થઇ જાય છે કે ત્રીજી ગાથાઓમાં જણાવેલો વિક્રમ (?) તે ઈ. સ. પૂર્વે ૫૭ વર્ષમાં શરૂ થએલા સંવતયુગના સંસ્થાપકનો વાચક છે, નહીં કે ઇ. સ. ૭૮માં શરૂ થતા શકયુગના પ્રવર્તકનો નામદર્શક. જો આમ ન માનીએ તો ચંદ્રગુપ્તના અભિષેકનો કાળ ઇ. સ. પૂર્વે ૧૭૭ વર્ષે આવે.[1]

૬૦ વર્ષનું પાલકનું રાજ્ય અને ૧૫૫ વર્ષોનું નવનન્દોનું શાસન બન્ને મળીને કુલ ૨૧૫ વર્ષપ્રમાણ ચન્દ્રગુપ્ત અને નિર્વાણ વચ્ચેનો કાળ છે. હવે ઇ૦ સ૦ પૂર્વેના ૩૧૨ વર્ષોમાં, આ ૨૧૫ ઉમેરવાથી, આપણે ઇ૦ સ૦ પૂર્વે ૫૨૭ મા વર્ષને મહાવીર નિર્વાણના નામાંકિત કાળ તરીકે પ્રાપ્ત કરી શકીએ છીએ. આ કાળ, અને સીલોનની કાળગણના અનુસારે બુદ્ધનું નિર્વાણ, જે ઈ૦ સ૦ પૂર્વે ૫૪૩ મા વર્ષમાં થયું હતું, તેની વચ્ચે માત્ર ૧૬ વર્ષનોજ તફાવત રહે છે.

મહાવીરનિર્વાણ અને ચન્દ્રગુપ્તના અભિષેક વચ્ચેના કાળના સંબન્ધમાં બીજી પણ એક ગણના છે, જે હેમચન્દ્રના પરિશિષ્ટ પર્વમાં મળી આવે છે. એ ગ્રન્થના, ૮ મા સર્ગના, ૩૪૧ માં શ્લોકમાં લખેલું છે કે—

---

૧ હું નીચેની બાબત ઉપર ધ્યાન ખેંચું છું કે ચંદ્રગુપ્તના અભિષેકનો આ કાળ તે સેલ્યુસીડનના સનની આરંભ સાથે બંધબેસતો આવે છે. મિ. એડવર્ડ ટોમસ માને છે કે (Records of the Gupta Dynasty in India p. 17, 18.) સેલ્યુસિડનસને લાંબા વખત સુધી ઉત્તર હિંદુસ્થાનમાં પોતાનું સ્થાન ટકાવી રાખ્યું હતું; અને પછીની રાજવંશાવળીની કાળગણનાત્મક નોંધો ઉપર ઘણી અસર કરી હતી. મિ. ટોમસના સિદ્ધાંતની સત્યતા જો પ્રત્યક્ષ પ્રમાણથી સાબીત થાય તો ચન્દ્રગુપ્તના અભિષેકની જૈન તારીખ, જે લગભગ સાચી છે, તેમાં સહજ ગુંચવાડો ઉભી કરતી આ હકિકતનો સહેલાઇથી ખુલાસો આપી શકાય.

एवं च श्री महावीरे मुक्ते वर्षशते गते ।
पंच पंचाशदधिके चन्द्रगुप्तोऽभवन्नृपः ॥

' અને આ પ્રમાણે મહાવીર નિર્વાણ પછી ૧૫૫ વર્ષે ચન્દ્રગુપ્ત રાજા થયો. '

ઈ૦ સ૦ પૂર્વેના ૩૧૨ વર્ષોમાં ૧૫૫ ઉમેરવાથી, આપણે જોઈશું કે મહાવીર નિર્વાણ ઈ૦ સ૦ પૂર્વે ૪૬૭ માં આવે છે.

હેમચન્દ્ર, ચન્દ્રગુપ્ત અને નિર્વાણની વચ્ચે જેટલાં વર્ષોનું અન્તર બતાવે છે તેટલાં વર્ષો તો ગાથાઓ માત્ર નન્દોના રાજ્યનાજ જણાવે છે. આ ઉપર થી એમ જણાય છે કે હેમચંદ્રે પાલકના રાજ્યનાં ૬૦ વર્ષો ગણનામાં લીધાં નથી. હેમચંદ્ર આવી રીતે ૬૦ વર્ષો છોડી દેવા જેવી ભૂલ કરે એ માનવું કઠણ લાગે છે. તેથી હું એમ અનુમાન કરૂં છું કે કાળગણનાત્મક ગાથાઓ-માં જે પરંપરાગત હકિકત લખવામાં આવી છે તેથી ભિન્નજ કોઈ સંપ્રદા-યને હેમચન્દ્ર અનુસર્યા હોવા જોઇએ. કારણ કે મારા વિચાર પ્રમાણે ગાથો-ક્ત હકિકત પૂર્ણરીતે સાચી નથી. નન્દોનો રાજ્યકાળ, જે ગાથાઓમાં ૧૫૫ વર્ષ જેટલો આપવામાં આવ્યો છે તે અસાધારણરીતે અધિક છે, એટલુંજ નહીં, પરંતુ મગધના રાજવંશોની ગણનામાં અવન્તીપતિ પાલકનું નામ આવવું તે મને તો ઘણુંજ સંશયજનક લાગે છે. બૌદ્ધો અથવા બ્રાહ્મણો આ નામના રાજાનો બિલકુલ નિર્દેશ કરતા નથી. મગધની રાજાવલીમાં પાલક નામના એક રાજાનો ઉલ્લેખ મળે છે ખરો. પણ તે પ્રદ્યોતવંશનો છે, કે જે (પ્રદ્યોતવંશ) શૈશુનાગ વંશની પહેલાં થઇ ગયો હતો, મહાવીર-ના સમકાલીન જે મગધના રાજાઓ હતા તે શૈશુનાગવંશના હતા. ઉજ્જ-યિની અથવા અવન્તીના રાજા તરીકે એક બીજા પાલકનું નામ મૃચ્છકટિક-માં જોવામાં આવે છે, અને તેના માટે ત્યાં એવું વર્ણન છે કે આર્યકે તેને રાજ્યભ્રષ્ટ કર્યો હતો. આ પાલક તે કદાચિત્ કથાસરિત્સાગરમાં વત્સ દેશના કલ્પિત રાજા ઉદયનના સાળા તરીકે જે પાલકનું નામ આપેલું છે, તે સં-ભવી શકે. પરંતુ આ ઉદયન જેમ કુણિકના પુત્ર ઉદાયીના બદલે ભ્રાંતિથી પ્રસિદ્ધિમાં આવ્યો સંભવે છે તેમ, એ પાલક પણ તેજ નામના પ્રદ્યોત-

વંશના રાજા માટે ભૂલથી પ્રસિદ્ધ થયો લાગે છે. અને તેમ થવાથી તેને મહાવીરનો સમકાલીન સમજી લેવામાં આવ્યો હોય એમ જણાય છે. આ ગમે તેમ થયું હોય, પણ સત્ય વાત તો એ છે કે જૈનોની અસલ કાળગણનામાં પાલકને સ્થાન નજ મળવું જોઇએ. હું તો એમ ધારૂં છું કે સીલોનની બૌદ્ધ કાળ-ગણના સાથે પોતાના ઇતિહાસને મળતો રાખવાની ખાતર જૈનોએ તેને પોતાની કાળ-ગણનામાં દાખલ કરી દીધો છે અને તેથી તે માત્ર કલ્પનાપ્રસૂત છે. પરંપરાગત મહાવીરનિર્વાણની તારીખ અને હેમચન્દ્રના ઉલ્લેખ ઉપરથી સૂચવાતી તારીખ વચ્ચે જે સાઠ વર્ષનો વિરોધ આવે છે, તે જોઈ, બૌદ્ધ કાળ-ગણનામાં મેળવી દીધેલી ૬૬ વર્ષની અસંગતિનું સ્મરણ થાય છે; અને તેથી આપણને માનવું પડે છે કે એ બન્ને ભૂલોની ઉત્પત્તિ સ્વતંત્ર નથી પણ એક-બીજાની અસરથી-અનુકરણમાંથી-થયેલી હોવી જોઇએ. તામિલદેશમાં જૈનો કેટલી મોટી સંખ્યાવાળા અને શક્તિસંપન્ન હતા તે આપણે જાણીએ છીએ; અને તામિલ ભાષાના પ્રાચીન સાહિત્ય ઉપર જૈન ધર્મની કેટલી બધી છાપ પડી હતી, તે ગ્રૌલ(Graul) અને કેલ્ડવેલ (Caldwell) ના જણાવ્યા પ્રમાણે જાણી શકાય તેમ છે. સીલોનની સામેના દ્વિપકલ્પમાં રહેતા તત્કાલીન જૈનો ઉપર કદાચિત્ બાદ્ધોની અસર થઇ હોય અને તે વખતે તેમણે પોતાના પ્રતિસ્પર્ધી પન્થ પ્રમાણે પોતાની કાળગણનામાં ફેરફાર કર્યો હોય; પરંતુ આ માત્ર આનુમાનિક વિચાર છે અને તેથી વધારે લંબાણ કરી હું આની કિંમત ઘટાડવા ઇચ્છતો નથી.

હવે આપણે મહાવીર નિર્વાણ-સમયના વિવેચન ઉપર પાછા ફરી જોઇશું કે હેમચંદ્રની નોંધ અનુસાર ઇ૦ સ૦ પૂર્વે ૪૬૭ વર્ષે મહાવીર નિર્વાણ થયું હોય તે અસંભવિત નથી. કારણ કે, તે (સમય) ઇ૦ સ૦ પૂર્વે ૪૭૭ વર્ષવાળા બુદ્ધના નિર્વાણ-સમયની સાથે ઘણીજ સુંદર રીતે બંધ બેસે છે. અને આ સમકાલીનતા હોવી આવશ્યક છે, એમ અમે ઉપરની શોધમાં જણાવી ગયા છીએ.

આ નિર્ણીત કરેલા નિર્વાણ-સમયની મહત્તા પરંપરાગત નિર્વાણ સમય કરતાં કેટલી બધી વધારે છે તે જૈન ઇતિહાસમાંથી મળી આવતા બીજા પ્રમાણો ઉપરથી નકકી થાય છે. આવશ્યક સૂત્ર નામના એક પવિત્ર જૈન

આગમના ' ઉવવ્વાય નિજ્જુત્તી ' નામના પ્રકરણમાં ૭ નિન્હવોનું વર્ણન આવે છે, અને તેજ વર્ણન સંવત્ ૧૧૭૯ (નવકરહર) માં રચાએલી દેવેન્દ્રગણિની ઉતરાધ્યયનસૂત્રની ટીકામાં[1] બહુ વિસ્તારપૂર્વક પુનઃ આપવામાં આવ્યું છે. આ બન્ને ગ્રંથોમાં જણાવ્યા પ્રમાણે અવ્યક્ત નામનો ત્રીજો નિન્હવમત વીરનિર્વાણ પછી ૨૧૪ મે વર્ષે આષાઢ નામના આચાર્યના શિષ્યોએ ચલાવ્યો હતો. રાજગૃહના મૌર્ય રાજા બલભદ્ર—જેને આવશ્યકસૂત્રમાં ' મુરિયબલભદ્દ ' અને ઉત્તરાધ્યયનમાં ' મોરિયવંસપસુઓ ' તરીકે લખેલો છે—તેણે આ નિન્હવ મત પ્રવર્તકોને પાછા સન્માર્ગે (જૈનમતમાં) વાળ્યા હતા. ગાથાઓ પ્રમાણે જો મૌર્યવંશની ઉત્પત્તિ વીર સંવત્ ૨૧૫ માં થઇ હોય તો તે વંશની એક શાખા વી૦ સં૦ ૨૧૪ માં રાજગૃહમાં રાજ્ય કરતી હોય તે કેમ સંભવી શકે ? પણ જો આપણે હેમચંદ્રના કથન અનુસાર મૌર્યવંશ, નિર્વાણ પછી ૧૫૫ વર્ષે શરૂ થયો તેમ સ્વીકારીયે તો તેમાં કંઈ અસંભવિતતા આવતી નથી. અને આમ માનવાથી નિર્વાણની નિશ્ચિત કરેલી તારીખ પણ સાચી ઠરે છે. નીચેની ચર્ચા ઉપરથી પણ આપણે એજ નિર્ણય ઉપર આવીએ છીએ. દરેક સ્થવિરાવલીમાં વર્ણવ્યા પ્રમાણે સ્થૂલભદ્રના મહાગિરિ અને સુહસ્તી નામના બે શિષ્યો હતા. હવે સ્થૂલભદ્ર તો સઘળા લેખકોના મતે વીરનિર્વાણ પછી ૨૧૫ વર્ષે સ્વર્ગસ્થ થયા હતા. મેરૂતુંગના લખ્યા પ્રમાણે મહાગિરિ નિ. ની પછી ૨૪૫ માં મૃત્યુ પામ્યા હતા અને તેમની પછી સુહસ્તી યુગપ્રધાન બન્યા હતા. તેમણે અશોકના પૌત્ર અને ઉત્તરાધિકારી સંપ્રતિને જૈનધર્મનો ઉપાસક બનાવ્યો હતો. અશોક ચન્દ્રગુપ્તના અભિષેક પછી ૯૪ વર્ષે ગુજરી ગયો હતો (બુદ્ધ નિર્વાણ પછી ૧૬૨ વર્ષે ચંદ્રગુપ્તનો અભિષેક. ૧૬૨+૯૪=૨૫૬ અશોક મૃત્યુ.) ગાથા પ્રમાણે સંપ્રતિનું રાજ્ય મહાવીર નિર્વાણ પછી ૩૦૯ વર્ષે (૨૧૫+૯૪) શરૂ થયું અને હેમચંદ્રના કથનાનુસાર ૨૪૯ વર્ષે (૧૫૫+૯૪). હવે આપણે ગણત્રી કરીને જોઇએ છીએ તો આમાં હેમચંદ્રની હકિકતજ ખરી હોય તેમ જણાય છે. કારણ કે સંપ્રતિ અને સુહસ્તી (જે ૨૪૫ માં યુગપ્રધાન બન્યા)

---

[1] આ ટીકા શાન્ત્યાચાર્યની ટીકામાંથી ઉદ્ધૃત કરવામાં આવી છે. મૂળ સૂત્રનું અર્થબોધન તે કર્તાનું પોતાનું કરેલું છે, અને તેમાં જોવામાં આવતી ઘણી કથાઓ શબ્દેશબ્દ શાન્ત્યાચાર્યની ટીકામાંથી ઉતારેલી છે.

બન્ને સમકાલિન હતા, એમ ઉપરની નોંધથી સ્પષ્ટ જણાય છે. આ નોંધ મહાવીર નિર્વાણની જે તારીખ આપણે શોધી કાઢી છે તેની સત્યતા સ્થાપિત કરવામાં પૂર્ણ સહાયક થાય છે.*

હવે હું કલ્પસૂત્રના લોકવિશ્રુત લેખક ભદ્રબાહુના સંબંધમાં જૈનો શું કહે છે તે વિષય ઉપર આવું છું. આ સ્થવિરના સંબંધમાં જે થોડી ઘણી સત્ય હકિકતો છે તે પણ અનૈતિહાસિક દંતકથાઓ સાથે એટલી બધી સેળભેળ થઇ ગઇ છે કે જેથી તેમને તારવી કાઢવાનું કામ અશક્ય થઈ પડ્યું છે. તેમ છતાં પણ ભદ્રબાહુ સંબંધી દંતકથાઓનું ઐતિહાસિક મૂળ શોધી કાઢવા માટે પ્રયત્ન કરવાની આવશ્યકત્તા છે. આ કાર્ય માટે મેં જે પુરાવાઓની મદદ લીધી છે તેમને કાલક્રમાનુસાર ગોઠવવા જોઇએ. અને તેથી તે સર્વેના હું નીચે પ્રમાણે ત્રણ વર્ગો પાડું છું. પહેલા વર્ગમાં કલ્પસૂત્રમાં આપેલી બે સ્થવિરાવલીઓ તથા આવશ્યકસૂત્ર અને નન્દીસૂત્રની શરૂઆતમાં આપેલી સ્થવિરાવલી મૂકું છું. બીજા વર્ગમાં, ધર્મઘોષના ઋષિમણ્ડલસૂત્રને મૂકું છું. આ બધા ગ્રંથો વી. નિ. ૯૮૦ પછીના છે. આનાથી ઘણાં

* ઉપરની કાળગણના સંબંધી તપાસને હવે સમાપ્ત કરી, જઇનોના પ્રાદુર્ભાવનો સમય નક્કી કરવા માટે મારી પહેલાંના લેખકોએ જે પ્રયત્નો કર્યા છે તેમના સંબંધમાં થોડા શબ્દો લખવા યોગ્ય ધારૂં છું. આ લેખકોને જૈન ધર્મની ઉત્પત્તિ નિશ્ચિત કરવામાં ઘણી જ અપૂર્ણ માહીતી મળી હતી, અને તેથી તેમના પ્રયત્નો નિષ્ફળ નિવડ્યા છે; એટલુંજ નહીં પણ કાલગણના સંબંધી શોધમાં તે મોટા વિઘ્નરૂપ થઇ પડયા છે. પ્રો. વેબરે, વી. નિ. ૯૮૦ માં ધ્રુવસેન રાજાની આગળ કલ્પસૂત્ર વાંચવામાં આવ્યું હતું તે હકિકત, અને શિલાદિત્ય જે વી. નિ. પછી ૯૪૭ માં રાજ્ય કરતો હતો તેવી દંતકથાવાળી હકિકત, એ બન્ને સેળભેળ કરી, તેના ઉપરથી મહાવીર નિર્વાણની તારીખ ઇ. સ. પૂર્વે ૩૪૯ નક્કી કરી છે. પ્રો. વેબરની ગણનાની પાયાભૂત આ બન્ને તારીખો જો ખરી હોય—જો કે તે વિષયમાં મને તો ગંભીર શંકાઓ છે—તો પણ ઉક્ત નોંધોમાં ત્રણ ધ્રુવસેનોમાંનો કયો ધ્રુવસેન અને છ શિલાદિત્યોમાંનો કયો શિલાદિત્ય લેવાનો છે, તે નક્કી કરવું અશક્ય છે. આ અનિશ્ચય ઉપરાંત, વલ્લભીવંશની કાલગણના ઉપર પ્રો. વેબરે પોતાની ગણત્રી ઉભી કરી છે તેનોજ હજી તો નિર્ણય થયો નથી. પ્રો. વેબરના સિદ્ધાન્તની (*Ind. Alt. IV. p. 762 sqq.*) ટીકા કરતી પ્રો. લેસનની દલીલો પણ તેના જેવાજ

સૈકાઓ પછી રચાએલું શ્રીહેમચંદ્રનું પરિશિષ્ટ પર્વ પણ બીજા વિભાગમાં અંતર્ભૂત થાય છે. ત્રીજા વર્ગમાં કલ્પસૂત્રની વધારે અર્વાચીન ટીકાઓમાં આવતી કથાઓ, પદ્મમંદિરગણિ રચિત ઋષિમણ્ડલસૂત્ર વૃત્તિ (આ વૃત્તિ સંવત્ ૧૫૧૩ માં જેસલમેરમાં સમાપ્ત થએલી છે.) આદિ બીજા ગ્રંથો મૂકવામાં આવ્યા છે.

સ્થવિરાવલી અનુસાર મહાવીર પછી ભદ્રબાહુ છઠ્ઠા સ્થવિર છે. તેમના ગોત્રનું નામ ' પ્રાચીન ' છે. પ્રાચીન એ શબ્દ ઘણું કરીને ' જૂનું ' એવા અર્થમાં વપરાએલો છે. કારણ કે આ નામનું ગોત્ર ભારતવર્ષના બીજા કોઇ ગ્રંથમાં જોવામાં આવતું નથી. ભદ્રબાહુ યશોભદ્રના શિષ્ય હતા. અને કલ્પસૂત્રની વિસ્તૃત સ્થવિરાવલીમાં બતાવ્યા પ્રમાણે તેમને (ભદ્રબાહુને) ગોદાસ, અગ્નિદત્ત, જનદત્ત, અને સોમદત્ત નામના ચાર શિષ્યો હતા. એમાંના પહેલાએ ગોદાસ નામે ગણ સ્થાપ્યો હતો.

ઋષિમણ્ડલસૂત્રમાં ભદ્રબાહુની એકજ ગાથા વડે સ્તુતિ કરેલી છે, પણ તેમના ઉત્તરાધિકારી સ્થૂલભદ્રની સ્તુતિ વીસ ગાથાઓમાં કરવામાં આવી છે. ભદ્રબાહુની સ્તુતિગાથા નીચે પ્રમાણે છેઃ—

અનિષ્કંટક પાયા ઉપર ઉભી થએલી હોવાથી, તેના સંબંધમાં પણ વધારે વિવેચન કરવાની જરૂર નથી. શત્રુંજયમાહાત્મ્ય જેને ડૉ. બુહલર ' બારમા અગર ચૌદમા સૈકાના કોઈ એક યતિનો કંગાલ કૂટ લેખ ' કહે છે (*Three new Edicts of Acoka, p. 21. note*) તેમાં પણ વિક્રમ પહેલાં ૪૭૦ મા વર્ષમાં મહાવીર નિર્વાણ પામ્યા એવી ચાલતી આવતી હકિકત આપેલી છે. પણ વેબરે અગર લેસને આ અગત્યના કથન ઉપર કાંઇ પણ લક્ષ્ય આપ્યું નથી. તેનું કારણ કદાચિત્ તેમના વખતમાં બીજા ધર્મોના મુકાબલામાં જૈન ધર્મ એ એક અર્વાચીનજ ધર્મ છે, એમ જાણે કે સિધ્ધાન્ત મનાઇ ગયો હોય તેમ લાગે છે. પરંતુ આ દુરાગ્રહ છેલ્લાં વીસ વર્ષોમાં, જે વિશાલ પ્રમાણમાં જૈન સાહિત્ય આપણને મળ્યું છે તેની આગળ, હવે ટકી શકે તેમ નથી. ડૉ. બુહલરનો આપણે ઉપકાર માનવો જોઇએ કે જેમણે સમગ્ર જૈન સાહિત્ય યુરોપીય વિદ્વાનોની આગળ લાવી મૂક્યું છે; અને તેમ કરી અપૂર્ણ અને શંકાશીલ મૂળોમાંથી જૈનધર્મ સંબંધી હકિકતો મેળવવાના સંકટમાંથી આપણને મુક્ત કર્યા છે.

दसकप्पव्ववहारा
निज्जूढा जेण नवम-पुव्वाओ ।
वंदामि भद्दबाहुं
तमपच्छिम—सयलसुयनाणिं ॥

'જેમણે નવમા પૂર્વમાંથી દશકલ્પો અને વ્યવહાર (સૂત્ર) ઉધ્ધૃત કર્યાં, એવા અંતિમ શ્રુતકેવલી ભદ્રબાહુને હું વંદન કરૂં છું.' 'અપચ્છિમ-'નો અનુવાદ 'છેલ્લું નહીં' એમ પણ કરવો હોય તો થાય, પરંતુ તેનો સામાન્ય અર્થ 'તદ્દન છેલ્લું' એમ થતો હોવાથી મેં મારા ભાષાન્તરમાં તેમ કર્યું છે. છતાં પણ સામાન્ય પરંપરાનુસાર સ્થૂલભદ્ર ચૌદપૂર્વધારી મનાતા હોવાથી, ભદ્રબાહુ ઉપાન્ત્ય (છેલ્લાની પહેલા) શ્રુતકેવલી ગણાય છે. સ્થૂલભદ્રથી તે વજ્રસ્વામી સુધીના સ્થવિરો દસ પૂર્વોના ધારક હતા. અને તેટલા માટે તેઓ દશપૂર્વી કહેવાય છે. વજ્રસ્વામી પછી પૂર્વોનું જ્ઞાન તદ્દન લુપ્ત થયું હતું,—જુઓ, હેમચંદ્ર વિરચિત અભિધાન ચિન્તામણિ, શ્લોક ૩૩–૩૪. શ્રી હેમચંદ્ર પરિશિષ્ટ પર્વના નવમા સર્ગમાં, સ્થૂલભદ્ર સાથે છેલ્લાં ચાર પૂર્વો કેવી રીતે વિચ્છિન્ન થયાં તે સંબંધમાં નીચે પ્રમાણે વર્ણન આપે છે:—પાટલીપુત્રના સંઘે ૧૧ અંગો એકત્ર કરી, દૃષ્ટિવાદ નામના બારમા અંગને પ્રાપ્ત કરવા માટે ૪૯૯ સાધુઓ સાથે સ્થૂલભદ્રને ભદ્રબાહુની પાસે, જેઓ તે વખતે નેપાલમાં રહેતા હતા, ત્યાં મોકલ્યા. ભદ્રબાહુએ તે સમયે 'મહાપ્રાણવ્રત' અંગીકાર કરેલું હોવાથી પોતાના શિષ્યોને ઘણોજ થોડો થોડો પાઠ આપી શકતા હતા, તેથી કરીને કેટલાક વખત પછી, સ્થૂલભદ્ર સિવાય બીજા બધા શિષ્યો કંટાળી જઇ તેમની પાસેથી જતા રહ્યા હતા. સ્થૂલભદ્ર ભદ્રબાહુ પાસેથી દશ વર્ષમાં દશ પૂર્વો શીખ્યા હતા, ત્યારબાદ ભદ્રબાહુને તેમની વર્તણુકમાં દોષ જણાયાથી, બાકીનાં પૂર્વો શિખવવાની તેમણે ના પાડી. પરંતુ જ્યારે સ્થૂલભદ્રે બહુ પ્રાર્થના કરી, અને પોતાના દોષની ક્ષમા માગી ત્યારે તેમણે આગળ શિખવવા માંડયું; અને તે એવી શરતે કે છેલ્લાં ચાર પૂર્વો તેમણે બીજા કોઇને શિખવવાં નહીં. હવે આ કથાની સાથે ધર્મઘોષના શબ્દોનો વિરોધ આપણે એવી રીતે મટાડી શકીએ કે,

સ્થૂલભદ્રે છેલ્લાં ચાર પૂર્વોનું જ્ઞાન બીજા કોઇને આપ્યું નહોતું, તે ઉપરથી ધર્મઘોષે તેમનું જ્ઞાન અપૂર્ણ માની લીધું હશે અને આ અપેક્ષાએ ભદ્રબાહુનું જ્ઞાન સ્થૂલભદ્ર કરતાં સંપૂર્ણ હોવાથી, તેઓ 'અપચ્છિમસયલસુયનાણી' કહી શકાય; પરંતુ આ રીતનો અર્થ કેટલેક અંશે શ્રમસાધિત હોવાથી મને એમ માનવું ઠીક લાગે છે કે પ્રાચીનતર હકિકત અનુસાર ભદ્રબાહુજ છેલ્લા શ્રુતકેવલી હતા; પણ પાછળથી, સ્થૂલભદ્ર—કે જેમના વિષયમાં ઘણી દંતકથાઓ લોકમાં પ્રસિદ્ધ છે—તે પણ તેવા પ્રકારના પદવીધર સ્થવિરોની ગણનામાં ગણાવા લાગ્યા હતા.

ધર્મઘોષની ગાથાના પૂર્વાર્ધ ઉપરથી માલુમ પડે છે કે ભદ્રબાહુએ નવમા પૂર્વમાંથી દશકલ્પો અને વ્યવહારસૂત્ર ઉધ્ધૃત કર્યાં હતાં. કલ્પસૂત્રની ઘણી ટીકાઓના ઉપોદ્‌ઘાતમાં આ દશકલ્પો સંબંધી નિર્દેશ થએલો જોવામાં આવે છે. (Stevenson, Kalpasutra. P. 3 sqq.) તે ઉપરથી દશકલ્પની મતલબ મુખ્યત્વે કરીને કલ્પસૂત્રજ હશે. વ્યવહાર સૂત્ર તે જૈનઆગમોમાં ગણાતા છેદોમાંનુ એક છેદ છે. ઋષિમણ્ડલસૂત્રની વૃત્તિમાં ભદ્રબાહુસ્વામીની કૃતિઓની નીચે પ્રમાણે એક મોટી યાદી આપી છેઃ—

दशवैकालिकस्याचाराङ्गसूत्रकृताङ्गयोः ।
उत्तराध्ययनसूर्यप्रज्ञप्त्योः कलकस्य च ॥
व्यवहारर्षिभाषितावश्यकानामिवाः [?] क्रमात् ।
दशाश्रुताख्यस्कन्धस्य निर्युक्तीर्दश सोऽतनोत् ॥
तथान्यां भगवांश्चक्रे संहिताम्भाद्रबाहवीम् ।

' તેમણે દશવૈકાલિક, આચારાંગ, સૂત્રકૃતાંગ, ઉત્તરાધ્યયન, સૂર્યપ્રજ્ઞપ્તિ, કલક[1] (?) વ્યવહાર, ઋષિભાષિત, આવશ્યક, અને છેવટે દશાશ્રુતસ્કંધની, એમ અનુક્રમે દશ નિર્યુક્તિઓ રચી. ભગવાન્ ભદ્રબાહુએ આ ઉપરાંત ભાદ્રબાહવી સંહિતા પણ બનાવી હતી. ડૉ. બુહલરે અત્યાર આગમય

૧ આ પાઠ અશુધ્ધ છે. આ ઠેકાણે 'કલ્પ' એવો પાઠ જોઈએ 'કલ્પ' એટલે કલ્પસૂત્ર જેને હાલમાં 'બૃહત્કલ્પ' કહેવામાં આવે છે તે અહિં નિર્દિષ્ટ છે—સંપાદક.

લખ્યું છે કે આગમોની નિર્યુક્તિઓ બધી ભદ્રબાહુની છે. (I. c. p. 6) અને પોતે પણ આચારાંગ નિર્યુકિત અને ઓઘનિર્યુક્તિ પ્રાપ્ત કરી છે, એમ જણાવે છે. આગળ ઉપર જણાવીશ કે ભદ્રબાહુએ દશાશ્રુતસ્કંધની નિર્યુક્તિ નહીં પણ દશાશ્રુતસ્કંધ મૂળજ રચ્યું છે. આ દશાશ્રુતસ્કંધ કેટલીક વખત ભૂલથી કલ્પસૂત્ર મનાય છે. સંહિતાના સંબંધમાં આપણે આગળ ઉપર વિચાર કરીશું.

આ બધી કૃતિઓ ઉપરાંત કલ્પસૂત્રની કથાઓમાંની એક ગાથા અનુસાર ભદ્રબાહુને ઉવસગ્ગહર—સ્તોત્રના પણ પ્રણેતા માનવામાં આવે છે:—

उवसग्गहरं थुत्तं काऊण जेण संघकल्लाणं ।
करुणापरेण विहिअं स भद्दबाहू गुरू जयउ ॥

' જે ભદ્રબાહુ સ્વામીએ કરૂણા લાવીને ઉવસગ્ગહર નામનું સ્તોત્ર રચી સંઘનું કલ્યાણ કર્યું છે તેમનો જય થાઓ. '

આ પૃષ્ટની નીચે[1] નોટમાં તે સ્તોત્રનું મૂળ તેમજ ભાષાન્તર આપું છું; અને જો તે ખરેખર ભદ્રબાહુનું જ બનાવેલું હોય તો તે અર્વાચીન વિશાળ જૈન સ્તોત્ર સાહિત્યનો પ્રાચીનતમ નમુનો છે.

ભદ્રબાહુના દેહાવસાનનો સમય, હેમચંદ્રથી માંડીને ઠેઠ અર્વાચીનમાં અર્વાચીન ટીકાકાર સુધીના બધા લેખકો નિર્વિશેષપણે વીર નીર્વાણ સંવત્ ૧૭૦ માં મૂકે છે. હેમ૦ પરિ૦ પર્વ ૯, ૧૧૨:

वीरमोक्षाद्वर्षशते सप्तत्यग्रे गते सति ।
भद्रबाहुरपि स्वामी ययौ स्वर्गं समाधिना ॥

' મહાવીર નિર્વાણ પછી ૧૭૦ વર્ષ જ્યારે વીતી ગયાં ત્યારે ભદ્રબાહુ સમાધિપૂર્વક સ્વર્ગે પહોંચ્યા. '

મારે અહિં કહેવું જોઇએ કે બધા શ્રુતકેવલિઓની મિતિઓ આપવામાં

---

૧ ઉવસગ્ગહર-સ્તોત્ર જૈનસમાજમાં ઘણું જ પ્રસિદ્ધ અને સર્વત્ર સુલભ હોવાથી તે અત્ર આપ્યું નથી. સંપાદક.

આવી છે ખરી, પણ તે આધાર રાખવા લાયક છે કે નહીં તેનો નિર્ણય હું કરી શકતો નથી.

ભદ્રબાહુ અને વરાહમિહિર વચ્ચે થએલી સ્પર્ધાના સંબંધમાં, હેમચંદ્ર સિવાય ઘણા અર્વાચીન જૈન ગ્રંથકારોએ એક દંતકથા આપેલી છે. આ દંતકથા ઉત્પન્ન થવાનું કારણ મને નીચે મુજબ લાગે છે. એક તો ભદ્રબાહુએ સૂર્યપ્રજ્ઞપ્તિ-ટીકા અને ભાદ્રબાહવી નામની સંહિતા એમ બે ખગોળવિદ્યા વિષયક ગ્રંથો તથા ઉવસગ્ગહર નામનું સ્તોત્ર રચ્યું છે, એમ જૈ મનાય છે તેથી અને બીજું, જૈનજ્યોતિષશાસ્ત્રને અન્ય જ્યોતિર્વિદો જે ધિક્કારતા હતા (સિદ્ધાન્તશિરોમણિ ૩-૧) તેથી, ભદ્રબાહુ અને જૈન જ્યોતિષશાસ્ત્રની મહત્તા દેખાડવાની લાલસાના પરિણામે એ દંતકથા જન્મ પામી છે. આ દંતકથાનો સાર નીચે પ્રમાણે છેઃ—પ્રતિષ્ઠાનપૂર નિવાસી ભદ્રબાહુ અને વરાહમિહિર એ બન્ને ભાઇઓ જૈન સાધુ થયા હતા. તેમના ગુરૂ યશોભદ્રે પોતાના અવસાન પહેલાં સંભૂતિવિજય અને ભદ્રબાહુને પોતાના પછી આચાર્યપદના અધિકારી નિમ્યા. એ પદને માટે વરાહમિહિરે આશા રાખી હતી, પરંતુ તેમાં નિરાશા મળવાથી ક્રોધાયમાન થઇ તેણે જૈનધર્મનો ત્યાગ કર્યો. પછીથી પોતાના જ્યોતિષશાસ્ત્રના જ્ઞાનથી તેણે લોકોમાં ઘણી પ્રતિષ્ઠા મેળવી અને તે પ્રતિષ્ઠાને એક કલ્પિત કથા ફેલાવી ખૂબ–પ્રબળ બનાવી. ' મારી ભક્તિથી સૂર્યદેવ મારા ઉપર પ્રસન્ન થઈ, મને પોતાના વિમાનમાં બેસાડી જ્યોતિર્મણ્ડલમાં લઈ ગયા હતા અને ત્યાં સર્વ નક્ષત્રાદિકની ગતિ વગેરે તેમણે મને પ્રત્યક્ષ બતાવી છે. ' આવી રીતે ભોળા લોકોની આગળ તે પોતાની બડાઇ મારવા લાગ્યો, અને તેને લીધે ખુદ રાજાનો પણ તે સારો કૃપાપાત્ર બની ગયો. પોતાની આવી લાગવગના જોરે, તેણે જૈનોને રાજાના સન્માનથી વંચિત બનાવ્યા. અંતે ભદ્રબાહુ સધર્મી બંધુઓની સહાયે આવ્યા અને જ્યોતિર્વિદ્યાના પોતાના ઉત્કૃષ્ટ જ્ઞાનથી પોતાના ભાઇને પરાજિત કર્યો. વરાહમિહિરે ક્રોધ અને માનભંગ ન સહી શકવાના કારણે પ્રાણત્યાગ કર્યો, અને મરીને તે એક દુષ્ટ વ્યંતર બન્યો. પછીથી પોતાનું જુનું વેર વાળવા તેણે જૈનોના ઘરોમાં રોગનો ઉપદ્રવ શરૂ કર્યો. ભદ્રબાહુએ ઉવસગ્ગહર સ્તોત્રની રચના કરી, તે વ્યંતરને નસાડી મુકી ઉપદ્રવનો નાશ કર્યો. ત્યાર પછી તેમણે પોતાના નામની સંહિતા રચી.

મહાવીર ભક્ત મણિભદ્ર અને શ્રાવિકા રત્નમાળા
સચિત્ર કીંમત રૂ. ૧-૮-૦.

ચૌદ પૂર્વધર શ્રુતકેવલી શ્રી ભદ્રબાહુ સ્વામિ વિરચિત

" સાવધાન ! જો ત્યાંથી એકપણ પગલું આગળ વધ્યા છો, તો તમારૂં માન સાચવી શકશો નહીં. (પૃ. ૨૩.)

ભદ્રબાહુ સંહિતા—(સંપાદકે સરલ ગુજરાતી ભાષામાં.) કિંમત રૂ. ૩-૦-૦.

Krishna Art Works, Bombay 2. Meghji Hirji Bombay 3.

આ ઉપર આપેલી કથા દેખીતી રીતેજ કાંઈ પણ ઐતિહાસિક ઉપયોગિતાવાળી જણાતી નથી. તેમજ હેમચંદ્રે તેનો ઉલ્લેખ પણ કરેલો નહીં હોવાથી તે અર્વાચીન હોય તેમ ભાસે છે. તેથી આ સંબંધમાં આપણને કોઇપણ જાતનો વિચાર કરવાની જરૂર નથી. પરંતુ ભદ્રબાહુસંહિતાના સંબંધમાં કાંઇક વિવેચન કરવાની જરૂર છે. ડૉ૦ બુહ્લર, પોતે તે નામનું એક પુસ્તક મેળવ્યાનું જણાવે છે. તેઓ કહે છે કે એ સંહિતા અન્ય સંહિતાઓના જેવીજ છે, અને મુકાબલામાં તે અર્વાચીન સમયમાં બનેલી હોય તેમ જણાય છે. વરાહમિહિર બીજા અનેક ગ્રંથકારોના ઉલ્લેખો સાથે સિદ્ધસેન[1] નામના એક જૈન જ્યોતિર્વિદનો પણ ઉલ્લેખ કરે છે, (Kern, Brihat Samhita, Preface P. 29.) પરંતુ પ્રસ્તુત પુસ્તકના સંબંધમાં તે કાંઇ સૂચન કરતો નથી. આ ઉપરથી એટલો નિર્ણય કરી શકાય છે કે ભાદ્રબાહવી સંહિતા વરાહમિહિરની પછીથી રચાએલી છે. અને તેથી કોઇપણ રીતે તેના કર્તા ભદ્રબાહુ, તે કલ્પસૂત્રના કર્તા ભદ્રબાહુ તો નજ હોઇ શકે. કારણ કે કલ્પસૂત્રની અંતિમ આવૃત્તિજ—તેમાં જણાવ્યા પ્રમાણે—વીર સંવત્ ૯૮૦ એટલે ઇ. સ. ૪૫૪ અથવા ૫૧૪ માં થએલી છે. આ સમય વરાહમિહિરની પહેલાંનો છે— નિદાન તેનો સમકાલીન તો ખરોજ.

કાલક્રમપૂર્વક ગોઠવતાં ભદ્રબાહુના સંબંધમાં ઉપર પ્રમાણેની હકિકત જૈનગ્રથોમાંથી મળી આવે છે. ઐતિહાસિક દૃષ્ટિએ તેની ઉપયોગિતા ગમે તે હોય છતાં એટલું તો નિર્વિવાદ છે કે સઘળા જૈન લેખકો એકમતે તેમને પોતાના એક પ્રાચીનતમ અને સૌથી વધારે સમર્થ લેખક માને છે. તેમની કૃતિઓ સમગ્ર જૈનસાહિત્યનો એક વિશિષ્ટ ભાગ હોવાથી એ સમગ્ર સાહિત્યની સમાનજ તેમનું પણ ભવિતવ્ય સર્જાએલું છે. અને આ કારણથી હવે આપણે સમગ્ર જૈન સાહિત્યનું સામાન્ય રીતે વિવેચન કરવું જરૂરનું છે. એ સાહિત્યનો સર્વોત્કૃષ્ટ અને પવિત્ર ભાગ તે ૪૫ આગમો ગણાય છે. [2]

---

૧ સિદ્ધસેન એક પ્રખ્યાત જૈન લેખક છે અને એવું કહેવાય છે કે તેમણે વિક્રમાદિત્યને નવીન સંવત્ પ્રવર્ત્તાવવા માટે કેટલીક સહાયતા આપી હતી. કલ્યાણમંદિરસ્તોત્ર નામની તેમની એક કૃતિ મનાય છે.

૨ નીચે આપેલી આગમોની ટીપ ડૉ૦ બુહ્લરે કૃપા કરી મને મેળવી

આમાંના કેટલાકના કર્તાઓનાં નામો પણ બતાવવામાં આવ્યાં છે. ઉદાહરણ તરીકે દશવૈકાલિકસૂત્રના કર્તા શય્યંભવ, દશાશ્રુતસ્કંધ અને વ્યવહાર સૂત્રના કર્તા ભદ્રબાહુ, અને પ્રજ્ઞાપનાના કર્તા શ્યામાર્યને બતાવવામાં આવે છે. પરંતુ ઘણા આગમો તો મહાવીરે પોતેજ પ્રરૂપ્યા છે, એમ કહેવાય છે. આ કહેવાનો અર્થ એવો નથી કે સાક્ષાત્ મહાવીરેજ અંગો અને ઉપાંગોની રચના કરી છે. પણ તેનો ભાવાર્થ એમ છે કે તે આગમોમાં વર્ણવેલી બધી હકીકતો મહાવીરે પોતેજ ઉપદેશી છે, અને તેથી તે તેમનાજ કરેલા કહેવાય છે. હિંદુસ્થાનમાં ગ્રંથકર્તૃત્વ માત્ર મૂળ વસ્તુ–મુળભૂત તત્ત્વના અર્થના ઉપદેશને આશ્રીને મનાય છે, નહીં કે શબ્દરચનાને આશ્રીને. શબ્દરચના ગમે તેમ થાય, તેને પ્રાધાન્ય આપવામાં આવતું નથી, ફક્ત અર્થમાત્રનેજ મહત્ત્વ અપાય છે. ગ્રંથકર્તૃત્વનો જે અર્થ આપણે સમજીએ છીએ તે અર્થમાં મહાવીર સૂત્રોના કર્તા નથીજ, એમ આપણે સહેલાઇથી સિદ્ધ કરી શકીએ છીએ. કારણ કે ઘણાં ખરાં સૂત્રોની શરૂઆતમાં આપેલી નોંધ ઉપરથી જણાય છે કે તે સુધર્માએ જમ્બૂસ્વામીને કહેલા છે. ઘણું કરીને તો મહાવીરના સિદ્ધાન્તો અને શબ્દો મૂળમાં–પ્રારંભમાં જુદા જુદા ગ્રંથો રૂપે રચાયાજ ન હતા, પરંતુ ભદ્રબાહુના સમયમાં અગિઆરે અંગો મોજુદ હતાં, એમ હકીકતો ઉપરથી જણાય છે. કારણ કે તેમણે એ અંગોની વ્યાખ્યા રૂપે કેટલિક કૃતિઓ કરી હતી. ઉપર ટાંકેલી ભદ્રબાહુ અને સ્થૂલભદ્રની કથાનો ભાવાર્થ જોતાં

આપી છે. ૧ અંગો:—આચારાંગ, સૂત્રકૃતાંગ, સ્થાનાંગ, સમવાયાંગ, ભગવતી, જ્ઞાતાધર્મકથા, ઉપાસકદશા, અંતકૃદ્દશા, અનુત્તરૌપપાતિક, પ્રશ્નવ્યાકરણ, અને વિપાક સૂત્ર; ૨ ઉપાંગો:—ઔપપાતિક, રાજપ્રશ્ન, જીવાભિગમ, પ્રજ્ઞાપના, જમ્બુદ્વીપપ્રજ્ઞપ્તિ, ચન્દ્રપ્રજ્ઞપ્તિ, સૂર્યપ્રજ્ઞપ્તિ, નિરયાવલી, જેમાં—કલ્પાવતંસ, પુષ્પિક, પુષ્પચૂલિક અને વહ્નિદશા, એ અંતર્ગત થએલાં છે; ૩ પ્રકીર્ણકો:—ચતુ:શરણ, આતુર પ્રત્યાખ્યાન, ભક્ત, સંસ્તાર, તણ્ડુલવઇયાલી, ચન્દાવીજ, દેવેન્દ્રસ્તવ, ગણિવીજ, મહાપ્રત્યાખ્યાન, વીરસ્તવ; ૪ છેદો—નિશીથ, મહાનીશીથ, વ્યવહાર, દશ શ્રુતસ્કન્ધ, બૃહત્કલ્પ, પંચકલ્પ, ૫ નન્દીસૂત્રે, અનુયોગદ્વાર; ૬ મૂલસૂત્રો:—ઉત્તરાધ્યયન, આવશ્યક, દશવૈકાલિક અને પિણ્ડનિર્યુક્તિ.

માલુમ પડે છે કે પાટલીપુત્રના સંઘે અગિઆર અંગોનો સંગ્રહ કર્યો હતો. ત્યાર બાદ સૂત્રોમાં ઘણા ફેરફારો થયા હોવા જોઈએ. અને આ વાત સ્થાનાંગ સૂત્રથી સાબીત પણ થઇ શકે છે. એ સૂત્રનાં ૭ મા સ્થાનમાં, સાત નિન્હવોનું વર્ણન કરેલું છે. આ સાતે નિન્હવોના સંબંધમાં આવશ્યકસૂત્રમાં વિશેષ વિવેચન આપવામાં આવેલું છે. આમાંનો સાતમો નિન્હવ વીર નિર્વાણ પછી ૫૮૪ વર્ષે પ્રાદુર્ભૂત થયો હતો એમ લખેલું છે. આ ઉપરથી એવું ફલિત થાય છે કે મહાવીર પછી છઠ્ઠી–સાતમી સદી સુદ્ધામાં પણ સૂત્રો મહત્વના પરિવર્તનોના પાત્ર થઇ શકતાં હતાં.[1]

છેલ્લામાં છેલ્લું જૈનસૂત્રોનું પુસ્તકાધિરોહણ સામાન્ય અને પ્રાચીન-માન્યતાના આધારે વી. સં. ૯૮૦ માં દેવર્ધિગણિ ક્ષમાશ્રમણે કર્યું.* વીરનિર્વાણની તારીખ, જો તે વખતે વિક્રમ સંવત્ ૪૭૦ વર્ષ પહેલાં થએલી મનાતી હશે તો તે વી. નિ. ૯૮૦ ની સાલ ઇ. સ. ૪૫૪ ની બરાબર થાય છે, પરંતુ તે વખતે જો વી. નિ. ની તારીખ આપણે ઉપર જે નવીન નિર્ણીત કરી છે તે પ્રમાણે મનાતી હશે તો તે સાલ ઇ. સ. ૫૧૪ ની બરાબર થાય છે. જિનપ્રભમુનિ અને પદ્મમન્દિરગણી લખે છે કે દેવર્ધિગણીએ જ્યારે ૪૫ આગમો–સિદ્ધાન્તોને નષ્ટ થવાની તૈયારીમાં જોયા ત્યારે તેમણે વલ્લભીપુરના સંઘની મદદથી તે પુસ્તકારૂઢ કરાવ્યા. એમ કહેવાય છે કે પ્રાચીનકાલમાં

---

૧ ઉત્તરાધ્યયનની ટીકા જેવા વધારે અર્વાચીન ગ્રંથોમાં અલ્પતર વિસંવાદી નિન્હવોની સંખ્યામાં બીજા એક નવીન બહુતર વિસંવાદી નિન્હવનો ઉમેરો પણ થએલો છે અને એ નિન્હવ તે વી. નિ. સંવત્ ૬૦૫ માં ઉત્પન્ન થએલો દિગમ્બર મત છે. દિગમ્બરો શ્વેતામ્બરોની ઉત્પત્તિ ગુપ્તિગુપ્ત નામના સ્થવિરના વખતમાં, જે સંવત્ ૩૯–૪૯ માં થઇ ગયા હતા તે વખતે થએલી બતાવે છે.

*આ નોંધ સાથે, કલ્પસૂત્ર અને ઋષિમંડલસૂત્રની સ્થવિરાવલીઓ છેલ્લા સ્થવિર તરીકે દેવર્દ્ધિગણીનું જે નામ આપે છે તે, અને આવશ્યક અને નન્દીસૂત્રની સ્થવિરાવલીઓ દેવર્ધિગણી સુધીનાં સ્થવિરોનાં નામ આપતાં છતાં પણ તેમનો (દેવર્ધિગણીનો) જે નામનિર્દેશ કરતી નથી તે,—આ બન્ને હકિકતો, બહુ સંગત થાય છે. એ ઉપરથી એવું અનુમાન થાય છે કે તેમણે નન્દી અને આવશ્યક સૂત્રના પ્રારંભમાં આ સ્થવિરાવલી મૂકી હશે.

આચાર્યો પોતાના શિષ્યોને પુસ્તકની અપેક્ષા સિવાય (' પુસ્તકાનપેક્ષયા ') જ સૂત્ર શિખવતા હતા. પણ પાછળથી પુસ્તકોની સહાયતાથી શિખવવાની શરૂઆત થઈ. અને જૈન ઉપાશ્રયોમાં એ પ્રથા હજી પણ ચાલી આવે છે. આ વૃદ્ધ સંપ્રદાયનો અર્થ એમ નથી કે દેવર્ધિગણીએ પહેલીજ વખતે જૈનોના પવિત્ર જ્ઞાનને પુસ્તકારૂઢ કરાવ્યું; પણ તેની એટલીજ મતલબ છે કે, પ્રાચીનકાળમાં આચાર્યો લિખિત પુસ્તકો કરતાં પોતાની સ્મૃતિ ઉપરજ વધારે આધાર રાખતા હતા.‡

જૈનધર્મના બુદ્ધઘોષ દેવર્ધિગણીએ ખાસ કરીને સમગ્ર સામ્પ્રદાયિક જૈન સાહિત્ય કે જે તેમને તે વખતના પુસ્તકોમાંથી અને વિદ્યમાન આચાર્યોના મુખેથી મળ્યું હતું તે બધું આગમોના રૂપમાં ગોઠવ્યું. આ કાર્ય ઘણું મોડું થયું હતું, કારણકે તે વખતે ઘણાક આગમો તો ત્રુટિત થઇ ગયા હતા અને તેના અમુક અમુક ત્રુટક ત્રુટક ભાગોજ બાકી રહ્યા હતા. આ ત્રુટિત ભાગોને દેવર્ધિગણિએ પોતાને જેમ યોગ્ય લાગ્યું તે પ્રમાણે અનુસંધિત કરી એકત્ર કર્યા. ઘણાક અગમોમાં જે અસંબદ્ધ અને અપૂર્ણ વર્ણનો મળી આવે છે તેનું કારણ માત્ર આજ કલ્પના દ્વારા આપણે સમજી શકીએ છીએ.[1] વિદ્યમાન જૈન આગમોની વ્યવસ્થા (રચના) મુખ્યત્વે કરીને એના સંપાદક દેવર્દ્ધિગણીનેજ આભારી છે. તેમણેજ તેને અધ્યાયો—અધ્ય-

---

‡ આ સમયથી માત્ર ૩૦ વર્ષ પહેલાંજ એટલે સન્ ૪૧૦ અને ૪૩૨ ની વચ્ચે બુદ્ધઘોષે બૌદ્ધ પિટકો અને અર્થકથાઓને, ધર્મની ચિરન્તન સ્થિરતાને માટે પુસ્તકોમાં લખાવી. સીલોનમાં બૌદ્ધગ્રંથો, અને ગુજરાતમાં જૈનગ્રંથો લગભગ સમાન કાલમાંજ પુસ્તકારૂઢ થયા તે ઉપરથી એવું અનુમાન થઈ શકે કે જૈનોએ બૌદ્ધોની આ પ્રવૃત્તિનું અનુકરણ કર્યું હશે. અગર તો હિંદુસ્થાનમાં પાંચમી સદીથીજ સાહિત્યના હેત્વર્થે લેખન (કળા) નો વધારે ઉપયોગ થવા લાગ્યો હશે.

૧ ઠેઠ દેવર્ધિગણીના સમય પર્યંત જૈનો ખરેખર બેદરકારીથીજ પોતાના પવિત્ર ધર્મશાસ્ત્રનું જ્ઞાન આપતા રહ્યા હશે. કારણકે, પૂર્વોનો અમુક ભાગ તો મહાવીર પછીની આઠમી પેઢિએજ લુપ્ત થઇ ગયો હતો. તેમજ દશમી પેઢિના પૂર્વેજ સર્વ પૂર્વો નષ્ટ થયાં હતાં. નિદાન જૈન ઇતિહાસ તો આપણને એમજ કહે છે.

ચનોમાં વિભક્ત કર્યા અને ગ્રંથગણના (એટલે ૩૨ અક્ષરનો એક શ્લોક એમ શ્લોક પ્રમાણ) ની પદ્ધતિ દાખલ કરી. આ ગ્રંથગણનાના હિસાબે, સો સો અગર હજાર હજાર શ્લોકની સંખ્યાસૂચક અંકો, હસ્તલિખિત પ્રતિઓમાં સર્વત્ર એકજ રૂપમાં લખવામાં આવેલા છે. રસ્તાઓના માપને માટે ઉભા કરેલા માઇલના પથરાઓ જેવા આ સંખ્યાસૂચક અંકો મૂકવાનો ઉદ્દેશ એજ છે કે મૂળ સૂત્રોમાં પુનઃ વધારા–ઉમેરા ન થવા પામે. પરંતુ વાસ્તવિકમાં આ ઉદ્દેશ સફળ થયો હોય એમ લાગતું નથી.

દેવર્દ્ધિગણીના પછીના સમયમાં પણ જૈન આગમોમાં ઘણા ફેરફાર થયા હોવા જોઇએ. હાલની હસ્તલિખિત પ્રતોમાં વિવિધ પાઠાન્તરો મળે છે ખરાં, પરંતુ જુદી જુદી લેખનપદ્ધતિને લઇને તેની ઉત્પત્તિ થએલી છે. તે સિવાય તે વધારે ઉપયોગી કે વધારે પ્રમાણવાળાં નથી. પણ પુરાતન સમયમાં કાંઇક જુદીજ સ્થિતિ હોવી જોઇએ. કારણ કે ટીકાકારોએ પોતાની ટીકાઓમાં અનેક પાઠાંતરોનો નિર્દેશ કરેલો છે, કે જે હાલના હસ્તલેખોમાં જોવામાં આવતાં નથી. આથી મારૂં એમ માનવું છે, કે વર્તમાનમાં જે સૂત્રપાઠ મુળની પ્રતિઓમાં જોવામાં આવે છે, તથા અર્વાચીન ટીકાકારોએ જેને પોતાની ટીકાઓમાં લીધેલો છે તે મૂલ ટીકાકારોએ નિર્ણીત કરેલો પાઠ છે. કલ્પસૂત્રના સંબંધમાં તો આ વાત નિશ્ચિત છે, એમ હું ખાત્રીપૂર્વક કહી શકું છું. સૂત્રોની જે જે ટીકાઓ અત્યારે વિદ્યમાન છે તે સઘળી સીધી અથવા આડકતરી રીતે પ્રાકૃતમાં રચાએલી પ્રાચીન ચૂર્ણિઓ અગર વૃત્તિઓના આધારે લખાએલી છે. એ ચૂર્ણિઓ તથા વૃત્તિઓ હાલમાં યા તો નષ્ટ થઈ ગઇ છે, અથવા તો કવચિત્ જ અસ્તિત્વ ધરાવે છે. પ્રાચીન ટીકાકારોએ મૂળસૂત્રોને ઘણાજ અવ્યવસ્થિત રૂપમાં જોયાં હશે. કારણ કે તેમને તેના ઘણા પાઠાન્તરો નોંધવાની આવશ્યકતા લાગી હતી. આમાંના ઘણાંક પાઠાન્તરો પછીના ટીકાકારોએ પણ પોતાની ટીકાઓમાં ટાંક્યાં છે. કેટલાક ટીકાકારો ફક્ત એકજ પાઠ સ્વીકારી તે ઉપરજ ટીકા કરવાનું જણાવે છે. ઉદાહરણ તરીકે ઉત્તરાધ્યયનસૂત્રના ટીકાકાર દેવેન્દ્રગણી લઇ શકાય. બીજા કેટલાક ટીકાકારો પાઠાન્તરો જોવાની ઇચ્છાવાળાને તે ચૂર્ણી જોવાની ભલામણ કરે છે. પ્રમાણ તરીકે કલ્પસૂત્રના સૌથી પ્રાચીન ટીકાકાર, કે જેમની ટીકા મેળવવા હું શક્તિમાન થયો છું, તે જિનપ્રભમુનિ લઇ શકાય. આ

કારણથી વર્ત્તમાન વિવેચકોનો ઉદ્દેશ તો માત્ર પ્રાચીન ટીકાકારોએ જે સૂત્ર-પાઠ સ્વીકાર્યો હતો તેનોજ પુનરુદ્ધાર કરવાનો હોવો જોઇએ. સાક્ષાત્ દેવર્ધિગણીએ પુસ્તકારૂઢ કરેલો સૂત્રપાઠ તો આજે મળવો અશક્ય જ છે.

દેવર્ધિગણીના સમય પર્યંતની જૈન સાહિત્યની અવ્યવસ્થિત સ્થિતિ ઉપરથી એ અનુમાન પણ કરી શકાય એવું છે કે જે ભાષામાં તે પવિત્ર જ્ઞાન એક પેઢીથી બીજી પેઢીને આપવામાં આવતું હતું તેમાં ક્રમથી ફેરફારો થતા ગયા હતા. જે ભાષા મહાવીર અને તેમની પછીના શિષ્યો—અર્થાત્ ગણધરો—બોલતા હતા તે તો ખરેખર મગધદેશનીજ ભાષા હતી. તેઓ સંસ્કૃતભાષા બોલે એ તો અસંભવિતજ છે. પરંતુ જૈન પ્રાકૃત અશોકના શિલાલેખોની અથવા પ્રાકૃત વૈયાકરણોની માગધી ભાષા સાથે ઘણુંજ થોડું મળતાપણું ધરાવે છે. તેમ છતાં જૈનો પોતે તેને ' માગધી ' કહે છે. હેમચંદ્રે પોતાના પ્રાકૃતવ્યાકરણના ચોથા પાદના ૨૭૭ મા સૂત્રની વ્યાખ્યામાં જે અર્ધી ગાથા ઉધ્ધૃત કરેલી છે તેમાં લખ્યું છે કે પ્રાચીન સૂત્રો એકલી અર્ધમાગધી ભાષામાંજ લખાએલાં હતાં:—

पोराणं अद्धमागहभासानिअयं हवइ सुत्तं ॥

હેમચંદ્ર આ સ્થળે પોતાનું ટિપ્પણ કરે છે કે, જો કે આવો પરંપરાગત વૃદ્ધ સંપ્રદાય છે, પરંતુ માગધી ભાષાનું જે લક્ષણ આગળ ઉપર આપવામાં આવશે તે જૈન પ્રાકૃતને લાગુ પડતું નથી; અર્થાત્ જૈન પ્રાકૃત માગધીથી ભિન્ન છે.

જૈનોની પવિત્ર ભાષાના સ્વરૂપનું નિરૂપણ કરવા આગળ વધીએ તેની પહેલાં આપણે એટલું ધ્યાનમાં રાખવું જોઇએ કે તેમની પ્રાકૃત ભાષામાં બે ભેદો દેખાઇ આવે છે. ૧—પ્રાચીન ગદ્ય ગ્રંથોની ભાષા, અને, ૨—ટીકા-કારો અને કવિઓની ભાષા. જે ભાષામાં પ્રાચીન ગદ્ય ગ્રંથો લખાયા છે તે ભાષા ઘણે અંશે ટીકાકારો અને કવિઓની ભાષાથી ભિન્ન છે. ટીકાકારો અને કવિઓની ભાષા મહારાષ્ટ્રી છે, અને તે પ્રાકૃત વ્યાકરણના પહેલા પાદમાં જે નિયમો આપેલા છે તેને સર્વથા અનુસરનારી છે. પરંતુ સાથે એ પણ જાણવું જરૂરનું છે કે હેમચંદ્રની મહારાષ્ટ્રી તે ' હાલ, ' ' સેતુબન્ધ, ' અને નાટકોની

મહારાષ્ટ્રી ભાષા સાથે એકભાવ ધારણ કરતી નથી. આ બન્ને વચ્ચે બે મોટા સ્પષ્ટ ભેદો છે. એક તો આદ્યરૂપે અથવા દ્વિત્વરૂપે દન્ત્ય ' ન ' નો ઉપયોગ થાય છે તે, અને બીજો 'યશ્રુતિ' નો વ્યવહાર છે. આ ભાષા કે જેને ઉચિત રીતે જૈન મહારાષ્ટ્રી કહી શકાય તેનું હેમચંદ્રે સંપૂર્ણ લક્ષણ આપ્યું છે. આ લક્ષણ કાલિકાચાર્ય કથા જેવા એક અર્વાચીન નિબંધમાં પણ પૂર્ણરીતે પ્રયુક્ત થએલું કોઇ પણ વાચક સ્પષ્ટ જોઈ શકે છે.[૧] પ્રાચીન સૂત્રોની ભાષા, જેને હું જૈન પ્રાકૃત કહું છું તે જૈન મહારાષ્ટ્રીથી કેટલીક બાબતોમાં જૂદી પડે છે. જેમ કે, જ્યારે જૈન મહારાષ્ટ્રી ભાષાના પુંલ્લિંગના પ્રથમા તથા સપ્તમીના એકવચનના રૂપોને અંતે ' ઓ ' અને ' ‑ મિ ' અનુક્રમે આવે છે, ત્યારે જૈન પ્રાકૃતમાં તેના સ્થાને અનુક્રમે ' એ ' અને ' ‑ સિ ' આવે છે. ઉદાહરણ તરીકે, જૈ० મ०—' સક્કો,' જૈ० પ્રા०—' સક્કે ' સં०—શક્રઃ, જૈ० મ०—' વરંમિ, ' ' મોલિંમિ, ' ' સાહુંમિ ' જૈ० પ્રા०—' વરંસિ, ' 'કુચ્છિંસિ,' 'સાહુંસિ.' અવ્યય ભૂતકૃદન્તને અંતે જૈન મહારાષ્ટ્રીમાં સાધારણ રીતે ' ઊણું, ' ' ઊણ ' અથવા ' ઉં ' આવે છે. પરંતુ તેનાથી પ્રાચીન એટલે જૈન પ્રાકૃત ભાષામાં તેને અંતે ' ઇત્તા ' અગર ' ઇત્તા ણું ' આવે છે. દાખલા તરીકે જૈ० મ०—' કાઊણું, ' ' નાઊણું, ' ' ગંતૂણું, ' ' કાઊણ ' ' કાઉં ' ઇત્યાદિ; જૈ० પ્રા०—' કરિત્તા, '—' જાનિત્તા, '—' ગચ્છિત્તા, ' અથવા, ' કરિત્તા ણું ' ઈત્યાદિ. જૈન–પ્રાકૃતમાં અદ્યતનભૂત રહ્યો છે, પરંતું જૈન મહારાષ્ટ્રીમાં તેને બદલે સામાન્યરીતે ભૂત કૃદંત આવે છે. આવા સાધારણ ભેદો ઉપરાંત, જૈન પ્રાકૃતમાં ઘણા આર્ષ શબ્દો, રૂપો તથા વાક્યાંશો પણ મળી આવે છે, જે જૈન મહારાષ્ટ્રીમાંથી બહિષ્કૃત થયાં છે.

જૈન મહારાષ્ટ્રીના સ્વરૂપના સંબંધમાં તો કોઇ પણ શંકાને સ્થાન જ નથી. કારણ કે હેમચંદ્રે તેના સંબંધમાં સ્પષ્ટરીતે વર્ણન આપ્યું છે. એ ભાષા એકંદર રીતે 'હાલ' નીજ મહારાષ્ટ્રી ભાષા છે. એમ છતાં બન્ને વચ્ચે જે ભેદો દૃષ્ટિગોચર થાય છે તે તેની ઉત્પત્તિસ્થાનના ભેદને લઇને છે. મારા

---

૧ આ આશ્ચર્યકારક કથા મૂળરૂપે હું થોડાજ સમયમાં પ્રકટ કરવા ઇચ્છું છું. કારણ કે, તેની અંદર કેટલીક સાચી અને ઐતિહાસિક પરંપરાના મુદ્દાઓ રહેલા છે.

માનવા પ્રમાણે જૈન મહારાષ્ટ્રી સુરાષ્ટ્રની ભાષા સાથે ઘણોજ નિકટ સંબંધ ધરાવનારી છે. કેમકે પરંપરાગત હકિકતને આધારે જૈન શાસ્ત્રોનું સંસ્કરણ, ઉપર જણાવ્યા પ્રમાણે વલભીપુરમાં થયું હતું. આ કારણને લઇને તેને જૈન સૌરાષ્ટ્રી એવું નામ આપવું વધારે યુક્ત ગણી શકાય ખરું; પરંતુ સાધારણ રીતે મહારાષ્ટ્રીને નામે ઓળખાતી પ્રાકૃતભાષાના સામાન્ય સ્વરૂપની સાથે તે ઘણે અંશે મળતી હોવાથી અને હેમચંદ્રે તેને તેવુંજ નામ આપી દીધેલું હોવાથી; *નવું નામ આપવાની હું હિંમત કરી શકતો નથી.

વળી જૈન પ્રાકૃતનું સ્વરૂપ પણ શોધી કાઢવું કઠણ નથી, તે એકંદર રીતે જૈન મહારાષ્ટ્રીની સરખીજ ભાષા હોવાથી અને ભેદ માત્ર આર્ષરૂપોની દૃષ્ટિએ જ ઉત્પન્ન થએલો હોવાથી, આપણે તેને યોગ્ય રીતે પ્રાચીન મહારાષ્ટ્રી અથવા આર્ષ મહારાષ્ટ્રી કહી શકીએ છીએ. હેમચંદ્ર તેનેં 'આર્ષમ્' ઋષિઓની ભાષા કહે છે. અને જૈન મહારાષ્ટ્રીની અંદરજ તેનું વર્ણન કરે છે. તેના વિશિષ્ટ રૂપોને તેઓ સામાન્ય નિયમોના અપવાદ રૂપે માને છે, અને જણાવે છે કે, પ્રાયઃ સામાન્ય પ્રાકૃતના નિયમો ઋષિઓની ભાષાને વિકલ્પે લાગૂ પડે છે. આ રીતે, તેઓ પોતાનું મન્તવ્ય પ્રકટ કરી સૂચવે છે કે જૈન પ્રાકૃતનું સાદૃશ્ય બીજી કોઇ પણ પ્રાકૃત ભાષા કરતાં મહારાષ્ટ્રી સાથે વધારે છે. તેમનું આ કથન ઘણું પ્રમાણભૂત છે. કારણ કે એક તો તેઓ પ્રાકૃત ભાષાના પૂર્ણ જ્ઞાતા છે, અને બીજું, સંપૂર્ણ લોકમાન્યતાથી પ્રતિકૂલ એવો પોતાનો અભિપ્રાય તેમણે આપેલો છે. જૈન પ્રાકૃતમાં હેમચંદ્રે જે માગધીત્વ જોયું તે માત્ર અકારાન્ત પુંલિંગ શબ્દના પ્રથમાના એકવચની રૂપના અંતે આવતા 'એ' પ્રત્યય રૂપજ છે. અને હું પણ તે સિવાય બીજો કોઈ તફાવત જોઈ શકયો નથી. [1]જે જે બાબતોમાં શૌરસેની અને માગધી

---

* હેમચંદ્રના વ્યાકરણમાં ફક્ત પ્રાકૃત એવું સામાન્ય નામજ મળે છે, મહારાષ્ટ્રી એવું વિશેષ નામ મળતું નથી. ડૉ. જેકોબીનું આ કથન કે, હેમચંદ્રે જૈનગ્રંથોની પ્રાકૃતને મહારાષ્ટ્રી એવું નામ આપ્યું છે, તે અમારા સમજવામાં બરાબર આવતું નથી.—**સંપાદક.**

૧ પ્રો૦ વેબરનું નિશ્ચયપૂર્વક એમ કહેવું છે કે, ર્ય, ર્જ, અને દૃચ ને બદલે ય્ય, અને ક્ષ ને બદલે ખ્ક નો ફેરફાર સિદ્ધ કરે છે કે જૈન-પ્રાકૃત તે માગધી છે. વેબર '⌒' અને '⌣' રૂપી સ્વરૂપ દર્શક ચિન્હોને (વર્ણોને)

સામાન્ય પ્રાકૃતથી જુદી પડે છે તે બધી બાબતોમાં જૈન પ્રાકૃત, ઉપર બતાવેલા બે અપવાદો અને અન્ય બે અપવાદો બાદ કરતાં સાધારણ પ્રાકૃતને સર્વાંશે મળતી આવે છે. હેમચંદ્ર (૪, ૨૬૪, ૨૬૫; અને ૪, ૨૭૮) શૌરસેની (–અને માગધી) માં 'ભગવાન્' અને 'ભગવન્' તેમજ 'મઘવાન્' અને 'મઘવન્' રૂપી પ્રથમા અને સંબોધનના એકવચનના રૂપોને બદલે અનુક્રમે 'ભયવં' અને 'મઘવં' તથા 'તસ્માત્' ને બદલે 'તા' નું વિધાન કરે છે. આ રૂપો જૈન પ્રાકૃતમાં પણ આવે છે. મહારાષ્ટ્રી સિવાયની અન્ય પ્રાકૃત ભાષાની સાથે જૈન પ્રાકૃતની સમાનતાના આ દાખલાઓ, સામાન્ય ભાષા સાથેની તેની સમાનતાના દાખલાઓના મુકાબલે ઘણા થોડા અને અનુપયોગી લાગે છે. તેટલા માટે હું જૈન પ્રાકૃતને મહારાષ્ટ્રી ભાષા તરીકે જાહેર કરતાં બિલકુલ સંકોચ પામતો નથી. પ્રો. લેસને પણ પોતાના Lastitutiones Ianguae Pracriticae

---

ચ્ચ અને ક્ક સૂચક બતાવે છે. પરંતુ તે (ચિન્હો) વાસ્તવમાં જ્જ અને ક્ખ બોધક છે. આ ચિન્હો જૈન મહારાષ્ટ્રી તેમજ જૈન પ્રાકૃત એ બન્ને ભાષામાં વપરાય છે. અને જૈન મહારાષ્ટ્રીમાં તો તેને નિર્ણીતરૂપેજ જ્જ અને ક્ખ સૂચક ગણવામાં આવે છે. તેથી જૈન પ્રાકૃતમાં પણ તે તેજ અક્ષર સૂચક હોવા જોઈએ. જો એમ ન ગણાતા હોત અને હેમચંદ્રે તેને જૈન પ્રાકૃતમાં ભિન્ન અક્ષર સૂચક વાંચ્યા હોત તો જરૂર તેમણે તેને ૨, ૮૯ અને ૯૦ સૂત્રોના અપવાદરૂપે જણાવ્યા હોત. આ ઉપરાંત જ્યારે હેમચંદ્ર શૌરસેનીમાં (૪, ૨૬૬ સૂત્રમાં) ર્ય ને બદલે ય્ય, અને માગધીમાં જ્, દ્ય્ અને ય ને માટે ય્ય નો (૪, ૨૯૨), તેમજ સ્વરની મધ્યમાં આવેલા ક્ષ ને માટે '×ક' નો (૪, ૨૯૬) આદેશ કરે છે, ત્યારે જો તેમણે વેબરની માફક ઉક્ત અક્ષરો વાંચ્યા હોત તો તે સૂત્રોમાં જરૂર એમ જણાવ્યું હોત કે આર્ષ ભાષામાં પણ એમજ થાય છે. લિપિશાસ્ત્રની દૃષ્ટિએ ક્ક (કે જેના પ્રાચીન રૂપો '–' અને '–' છે) અને '–' એ સંજ્ઞાઓની સમજુતી માટે ડૉ. બુલ્હર ના કહેવા પ્રમાણે યાદ રાખવું જોઇએ કે અક્ષરો જોડવામાં જૈનો સાધારણ રીતે બીજા અક્ષરને પહેલા અક્ષરની પછી નહીં પણ તેની નીચે મૂકે છે. પહેલી ત્રણ સંજ્ઞાઓ તે ૐ ના ઉત્તરોત્તર થએલાં સાદાં રૂપો છે. અને બીજી સંજ્ઞા '–' માં 'જ' નું પુરાતન રૂપ અર્થાત્ ε દૃષ્ટિ ખેંચે છે. આ નિયમાનુસાર કલ્પસૂત્રના મૂળમાં આવેલા પૂર્વોક્ત જોડાક્ષરોને મેં kkh અને jj થી દર્શાવ્યા છે.

નામના પુસ્તકના પૃ. ૪૨ માં પણ તેમજ જાહેર કર્યું છે. જે જે બાબતોમાં જૈન પ્રાકૃત મહારાષ્ટ્રીથી જુદી પડે છે, તે તે બાબતોમાં તેણે સાધારણતઃ પ્રાચીનરૂપો કાયમ રાખ્યાં છે. એ ભાષાના આનાથી પણ વધારે પ્રાચીન રૂપની નિશાની પૃ. ૫ ઉપર સૂચવેલા શબ્દોમાં જોવામાં આવે છે. આ નિશાની તે, પરસ્પર ન જોડાય તેવા બે વ્યંજનોની વચ્ચે લિખિત ભાષામાં, જેમ નિત્યરૂપે સ્વરનો અંતર્ભાવ થાય છે તેમ ન થતાં વિકલ્પરૂપે થાય છે, તે છે. આવી જાતની—વિકલ્પે સ્વર ઉમેરવાની—છુટ જે પ્રાચીન સૂત્રોમાં આવતા પ્રાકૃત પદ્યોની માત્રાગણનામાં લેવી જરૂરની છે, અને જે વૈદિક કવિઓની પદ્ધતિ સાથે પણ કેટલીક સામ્યતા ધરાવતી જોવાય છે, તેનો પાછળના પ્રાકૃત કવિઓ બિલકુલ સ્વીકાર કરતા નથી. તેમની કૃતિઓમાં તો પ્રત્યેક સ્વરનો ઉચ્ચાર એક સ્વતંત્ર વર્ણની માફક નિત્યરૂપે થવોજ જોઇએ. 'સેતુબન્ધ' 'સપ્તશતી' અને ત્યાર પછીના પ્રાકૃત સ્તોત્રો આદિ ગ્રંથોની પદ્ધતિમાં, અને તેનાથી પ્રાચીન એવા પદ્યબંધ સૂત્રોની પદ્ધતિમાં જે ભેદ જોવામાં આવે છે, તેનું કારણ માત્ર ભાષામાં થએલું પરિવર્તનજ છે અને આવું પરિવર્તન વૈદિક અને સાહિત્યિક સંસ્કૃત ભાષામાં પણ પ્રત્યક્ષ થએલું જોવાય છે.[1] અહિં સુધી આપણે જૈનોના પવિત્ર ગ્રંથોની ભાષાનો ક્રમિક વિકાસ આળેખ્યો છે. પણ તેની કેટલીક અનિયમિતતાઓ વળી જુદાજ પ્રકારની છે; અને તે સ્પષ્ટરીતે એમ દર્શાવતી હોય તેમ લાગે છે કે લિખિત સૂત્રોની ભાષા કરતાં અસલ ભાષા જુદીજ હતી.

ઉપર જેમ મેં જણાવ્યું છે તેમ મહાવીર અને તેમના ગણધરોની મૂળ ભાષા માગધીજ હતી, અને તેની પુંલ્લિંગની પ્રથમાનો 'એ' પ્રત્યય જે કાયમ રહ્યો છે તે આ કથનના પ્રમાણ સ્વરૂપ છે. સંક્ષેપમાં એટલું જ કહેવાનું છે કે જૈન ગ્રંથોની છેલ્લી પુનર્રચના થઈ તે પહેલાં તેની ભાષાનું

---

૧ વેદોમાં ખાસ કરીને 'ય' અને 'વ' ની પહેલાં વિકલ્પે સ્વર ઉમેરવાની જે પદ્ધતિ હતી તે પાછળના સંસ્કૃત સાહિત્યમાં સર્વથા બહિષ્કૃત કરવામાં આવી છે. પરંતુ જૈન પ્રાકૃતમાં આનાથી ઉલટું એટલે, પૂર્વે વિકલ્પે સ્વરનો અંતર્ભાવ કરવાની જે પદ્ધતિ હતી, તે અર્વાચીન પ્રાકૃતમાં, જ્યાં આગળ વ્યંજન સમુદાય સંયુક્ત ભાવ ન પામતો હોય ત્યાં તે એક નિયમરૂપે થઇ ગઇ છે.

સ્વરૂપ નક્કી થયું ન હતું. મૂળમાં, જનસમુદાયની આ વ્યવહાર ભાષામાં ગુંથાએલા ધર્મશાસ્ત્રોનું જ્ઞાન જે પુરૂષો મુખપાઠથી બીજાઓને આપતા જતા હતા, તેઓ તે ભાષાને પોતાના દેશ અને કાળની પ્રચલિત ભાષા સાથે બંધબેસતી કરતા રહેતા હતા. આપણા ખ્રીસ્તી સનની આરંભની સદિઓમાં હિંદુસ્થાનની દેશી ભાષાઓમાં મહારાષ્ટ્રની વાક્પદ્ધતિએ જે અગ્રસ્થાન સંપ્રાપ્ત કરેલું જણાય છે તેથી, અને વૈયાકરણોએ સર્વ પ્રાકૃત ભાષાઓની આધારભૂત તરીકે તેની જે ગણના કરેલી દેખાય છે તેથી, તથા તેનું સાહિત્ય—કે જેના કેટલાક પ્રતિષ્ઠિત નમુના આજે પણ વિદ્યમાન છે—વિશાળ હોવાથી, જૈનો તેના પ્રભાવને વશ થયા હોય અને પોતાના ગ્રંથોને પુસ્તકારૂઢ કરતી વખતે તે ભાષા અનુસાર પોતાના પુસ્તકોની ભાષાની વ્યવસ્થા કરી હોય તો તેમાં આશ્ચર્ય પામવા જેવું નથી. લિખિત પુસ્તકોની ભાષામાં આવું ભાષા—પરિવર્તન સાહિત્યના ઇતિહાસમાં બીજે કોઇ સ્થળે જોવામાં નથી આવતું એમ નથી. મેં પાછળના એક પાના ઉપર, ઉતારા કરનારાઓના હાથે મધ્યકાલીન જર્મન ગ્રંથોની ભાષામાં આવું ભાષા—પરિવર્તન થયું હતું, એમ સૂચવ્યું છે. જૈન ગ્રંથોના સંપાદકને સર્વલક્ષણોપેત મહારાષ્ટ્રી ભાષાનો સર્વથા સ્વીકાર કરવો ગમ્યો નહીં હશે અને તેથી તેમણે ચિરકાલીન પૂર્વપરંપરાથી ચાલતાં આવેલાં અને તેથીજ પવિત્ર મનાએલાં એવાં ઘણાં આર્ષ રૂપોને કાયમ રાખ્યાં હશે. કારણ કે આર્ષ ભાષા હમેશાં ગંભીર પ્રકારની લેખનશૈલી માટે ખાસ રીતે યોગ્ય મનાતી આવી છે.

જૈન મહારાષ્ટ્રી જ્યારથી પવિત્ર ભાષા તરીકે નકકી થઇ, ત્યારથી તે ઘણા વખત સુધી જૈનોની સાહિત્યિક ભાષા તરીકે ચાલૂ રહી હતી. પરંતુ પાછળથી તેનું સ્થાન સંસ્કૃતે લીધું હતું. પૂર્વની સઘળી પ્રાચીન ટીકાઓ એટલે ચૂર્ણિઓ અને વૃત્તિઓ તથા બીજા પણ ઘણા સ્વતંત્ર ગ્રંથો પ્રાકૃત ભાષામાં લખાયા હતા. ઇ૦ સ૦ ૧૦૦૦ અને ૧૧૦૦ ની મધ્યમાં જૈનોએ સંસ્કૃતને પોતાની સાહિત્યિક ભાષા તરીકે અંગીકાર કરી હતી. પરંતુ આ ફેરફાર કાંઇ આકસ્મિક કે સંપૂર્ણરૂપે નહોતો થયો. કારણ કે, આ સમય પહેલાંના પણ ભક્તામરસ્તોત્ર, કલ્યાણમંદિરસ્તોત્ર, શોભનસ્તુતયઃ જેવા જૈનગ્રંથકારોનાં સંસ્કૃત કાવ્યો મોજુદ છે તેમજ જિનપ્રભમુનિનું

(—સંવત ૧૩૬૪) પર્યુષણાકલ્પ નિર્યુક્તિવ્યાખ્યાન, અને બીજાં ઘણાં પ્રાકૃતસ્તોત્રો આદિ જેવા, બારમી સદીની પછી પણ રચાએલા પ્રાકૃત ગ્રંથો વિદ્યમાન છે.

આ ચાલુ વિષય છોડતાં પહેલાં હું જૈનગ્રંથોની શુદ્ધ લેખનવિદ્યા તરફ વાચકોનું ધ્યાન ખેંચું છું. જો કે, પ્રાયઃ સર્વ હસ્તલિખિત પ્રતિઓ એકજ ઢંગની જોવામાં આવે છે, તથાપિ નિચેની બાબતોમાં તે પરસ્પર વિરૂદ્ધ પડતી દેખાય છેઃ—

(૧) કેટલીક પ્રતિઓમાં 'ય'-શ્રુતિ 'અ' અને 'આ'ની પછીજ વપરાઇ છે; ત્યારે કેટલીક પ્રતિઓમાં 'ઇ' અને 'ઈ' 'ઉ' અને 'ઊ' તથા 'એ' અને 'ઓ'ની પછી પણ જોવામાં આવે છે. શ્રીહેમચંદ્ર પોતાના વ્યાકરણના ૧, ૧૮૦ મા સૂત્રમાં વિધાન કરે છે કે 'ય' શ્રુતિ 'અ' અને 'આ'ની પછી આવે છે, પણ ટીકામાં કહે છે કે કેટલેક પ્રસંગે તે અન્ય સ્થળે પણ જોવામાં આવે છે. તેમનો એ નિયમ અંશતઃ અમારી હસ્તલિખિત પ્રતિઓથી સિદ્ધ થાય છે. કારણ કે 'ય' અને 'યા' દરેક સ્થળે 'અ'ને 'આ'ની પછીજ આવે છે. પરંતુ ઘણીક પ્રતિઓમાં 'ય' અને 'યા' સઘળા સ્વરો પાછળ પણ લખેલા દેખાય છે. આ બંને જાતની જોડણી (વર્ણરચના) ઘણી જુની તેમજ ઘણી સારી પ્રતિઓમાં નજરે પડે છે. તેથી આ બેમાંથી કઇ વધારે શુદ્ધ છે તેનો નિર્ણય કરવો અશક્ય છે. વ્યુત્પત્તિશાસ્ત્રની દૃષ્ટિએ 'ય' શ્રુતિ બધા સ્વરો પાછળ આવે તે વધારે સ્વરૂપ–સંગત છે. કારણ કે 'ય' શ્રુતિ તે માત્ર લુપ્ત વ્યંજનનો અવશેષ છે.[૧]

(૨) કેટલીક પ્રતિઓમાં સંયુક્ત–વ્યંજનો પહેલાંના 'એ' અને 'ઓ' અનુક્રમે 'ઇ' અને 'ઉ'ના રૂપમાં પરિવર્તિત થએલા જોવાય છે. આનું કારણ એ છે કે દેવનાગરી લિપિમાં 'એ' અને 'ઓ'ના હ્રસ્વસ્વરૂપની સૂચક સંજ્ઞાઓનો અભાવ છે. અને તેને લઇને નીચે પ્રમાણેનો ગુંચવાડો ઉભો થયો છે. જો 'એ' તથા 'ઓ' લખવામાં આવે તો વર્ણ–પરિમાણની ઉપેક્ષા થાય છે; કારણ કે સંયુકત–વ્યંજનની પૂર્વેનો સ્વર હ્રસ્વ થવો જોઇએ

૧ પશ્ચિમ હિંદુસ્થાનની ગુફાઓમાંના પ્રાકૃત શિલાલેખોમાં ઇ ના પૂર્વેના જ નો આદેશ ય થએલો છે ઉ. ત. પવયિતિકા અને પવઈતિકા=પ્રવ્રજિતિકા.

અને 'એ' અને 'ઓ' તો દીર્ઘસંજ્ઞક સ્વરો છે. જો આથી ઉલટી રીતે લખવામાં આવે અર્થાત્ 'ઇ' તથા 'ઉ' મુકવામાં આવે તો 'એ' અને 'ઓ' વર્ણના સ્વરૂપનું વાસ્તવિક દર્શન ન થઇ શકે. આ કારણથી જ્યાં એવા વર્ણોના સંસ્કૃત પ્રતિરૂપો સંધિસ્વરાત્મક હોય ત્યાં મેં 'એ' અને 'ઓ' જ લખ્યા છે.

(૩) કેટલીક પ્રતિઓમાં ન અને કેટલીક પ્રતિઓમાં ણ આવે છે. (જુઓ, હેમ૦ ૧,૨૨૮). મેં આવા દરેક પ્રસંગે ઉત્તમ પ્રતિઓના આધિક્ય તરફ લક્ષ્ય રાખી સામાન્ય રીતે તે પ્રમાણે વર્ણપ્રયોગ સ્વીકાર્યો છે.

(૪) કેટલીક વખતે, કેટલીક પ્રતિઓના પ્રારંભમાં ણ લખેલો જોવામાં આવે છે. સરખાવો, હેમચંદ્ર ૧,૨૨૯.

(૫) બે સ્વરોની વચ્ચે આવતા વ્યંજનને કાયમ રાખવો અથવા તેને બદલે બીજાનો આદેશ કરવો, અગર તો, તેનો લોપ કરવો, તે બાબત ગ્રંથોની નકલ કરનારાઓની–લહિયાઓની પસંદગી ઉપર આધાર રાખતી હોય તેમ લાગે છે.

(૬) કલ્પસૂત્રની એક પ્રતિમાં (ઇંડિઆ ઓફિસ લાઇબ્રેરી ૧૫૯૯) વ્વ ને બદલે બ્બ અને કેવલ અથવા સંયુક્ત શબ્દોની આદિના વ ને માટે બ લખેલો છે. ઉદાહરણ તરીકે–વિવદ્ધન ને બદલે બિબદ્ધન, મહાબીર, ઇત્યાદિ. આ વિશેષતાનું કારણ એમ લાગે છે કે તે પ્રતિ પૂર્વ હિન્દુસ્થાનમાં લખાઇ હશે.

(૭) ઉ અને ઉ (ઓ) ની ઘણી વાર પરસ્પર વિનિમય (અદલાબદલી) થાય છે. પરંતુ તેનો ધ્વનિ સાથે કોઇ સંબંધ નથી. કારણ કે જ્યારે ઉ અથવા ઊ ની પહેલાં વ્યંજન આવેલો હોય છે ત્યારે નં૦૨ માં કહેલી બાબત બાદ કરતા ક્યારે પણ પરસ્પર આ વિનિમય થતો નથી. A અને B નામની કલ્પસૂત્રની પ્રતિઓમાં આ સંજ્ઞાઓના સંબંધમાં ભાગ્યેજ ભૂલ થએલી જોવામાં આવે છે.

ઉપર વર્ણવેલા વર્ણ વિન્યાસ–વિષયક ભેદો વ્યાકરણશાસ્ત્રની ભિન્ન ભિન્ન શાખાઓને અંગે ઉભા થએલા છે. મારી આવૃત્તિના મૂળની નીચે, મેં તમામ વિવિધ પાઠાન્તરો સંભાળપૂર્વક નોંધ્યાં છે. માત્ર છઠ્ઠા અને

સાતમા નંબરમાં જણાવેલી હકિકતને અંગે ઉપસ્થિત થએલાં પાઠાન્તરો લખ્યાં નથી. છતાં પણ સૌથી પ્રાચીન અને પ્રામાણિક જોડણી કઇ હશે તે નિર્ણીત કરી શક્યો નથી. કાગળની ઘણીક હસ્તલિખિત પ્રતિઓ તપાસતાં મને એવી પ્રતીતિ થઇ છે કે તેના ઉપરથી જૈન પ્રાકૃત ભાષાના વિશુદ્ધ વર્ણ–વિન્યાસનો પત્તો મેળવી શકાય તેમ નથી. પરંતુ તાડપત્રની પ્રાચીનતમ પ્રતિઓને બારીકાઇથી તપાસતાં વધારે સંતોષકારક પરિણામ મેળવી શકાય તેમ છે. હું એમ ધારું છું કે પ્રાયઃ કોઇ પણ વખતે સઘળા જૈનલેખકોએ એક ચોક્કસ વર્ણ–વિન્યાસ–પદ્ધતિનું અવલંબન કર્યું હોય તેમ લાગતું નથી. કારણ કે ગુફાઓના શિલાલેખોની પ્રાકૃતની સાથે બીજી પ્રાકૃત ભાષાઓમાં તેમજ આધુનિક ભારતવર્ષની પ્રચલિત દેશ ભાષાઓમાં પણ એકજ શબ્દની વારંવાર ભિન્ન ભિન્ન રીતિએ જોડણી કરાએલી જોવામાં આવે છે.

આ વિષય પૂર્ણ કરતાં પહેલાં મારે જણાવવું જોઇએ કે, મેં જૈન–પ્રાકૃતના વર્ણવિન્યાસના સંબંધમાં એક-સંગતિ સ્થાપવાનો ઉદ્દેશ રાખ્યો નથી. પણ એક જૈનગ્રંથના આ પ્રથમ પ્રકાશન સમયે વસ્તુસ્થિતિનો કેટલોક ખ્યાલ આપવો મને યોગ્ય લાગ્યો છે. જો કે મને આખા ગ્રંથમાં એકજ પ્રકારની જોડણી સ્વીકારવી સરળ પડત ખરી—જેમકે નિત્ય ણ યા ન જ લખવો. પરંતુ ભારતવાસીઓના હૃદયમાં જાણે મજબુત રીતે જામી ગઈ હોય તેવી અનિયમિતતાની અંતઃપ્રેરણાને આઘાત ન પહોંચાડવા માટે મેં અન્ય પ્રતિઓથી સમર્થિત એવી A નામની સૌથી પ્રાચીન પ્રતિની જોડણી સાધારણ રીતે કબુલ રાખી છે. અને તેથી એક શબ્દની સદા એકજ રીતે જોડણી કરવામાં આવી નથી.

જૈન ધર્મ અને સાહિત્યને લગતા સામાન્ય પ્રશ્નોના સંબંધમાં હું જેટલી હકિકત એકઠી કરી શક્યો છું, તે આપી દઇને, હવે ખાસ કલ્પસૂત્રના સંબંધમાં કેટલુંક વિવેચન કરીશ. આ ગ્રંથની, જૈનોના પવિત્ર પુસ્તકો તરીકે ગણાતા આગમોમાં તો ખાસ ગણના થતી નથી. અને દિગમ્બરો તો એને બનાવટી ગ્રંથ સુદ્ધાં કહેતાં અચકાતા નથી. તેમને આમ કહેવાનું કારણ એ છે કે, એની અંદર દિગમ્બર માન્યતા વિરૂદ્ધ, મહાવીર ત્રિશલાની કુક્ષિમાં આવ્યા તેની પહેલાં દેવાનંદાની કુક્ષિમાં આવ્યા હતા, આવું વર્ણન આવેલું છે; પરંતુ આ વર્ણન આચારાંગસૂત્ર તથા આવશ્યકસૂત્રમાં પણ

આવતું હોવાથી, એ પુરાતન હોય એમ લાગે છે. અને તેથી દિગમ્બરોનો ઉપરોક્ત આક્ષેપ નિરર્થક નિવડે છે. શ્વેતાંબર સંપ્રદાયમાં કલ્પસૂત્ર એક પ્રતિષ્ઠિત ગ્રંથ મનાય છે. અને પ્રતિવર્ષ વર્ષાવાસ એટલે પજુસણમાં તે જાહેર રીતે (સભામાં) વંચાય છે.

આ કલ્પસૂત્ર તે ભદ્રબાહુ સ્વામીની કૃતિ મનાય છે. આ ગ્રંથની વસ્તુ તેમણે પ્રત્યાખ્યાનપ્રવાદ નામના નવમા પૂર્વમાંથી લીધી છે, એવું કિરણાવલી નામની ટીકાના નિમ્નલિખિત અવતરણ ઉપરથી માલુમ પડે છે:—

' प्रणेता तावत् सर्वाक्षरसन्निपात विचक्षणश्चतुर्दशपूर्वविद् युगप्रधान श्री भद्रबाहुस्वामी दशाश्रुतस्कन्धस्याष्टमाध्ययनरुपतया प्रत्याख्यानप्रवादाभिधाननवमपूर्वात कल्पसूत्रमिदं सूत्रितवान् '

અર્થાત્—આના કર્તા તે, સર્વશાસ્ત્રપારગામી, ચતુર્દશપૂર્વના વેત્તા અને યુગપ્રધાન એવા ભદ્રબાહુ સ્વામી છે. તેમણે પ્રત્યાખ્યાનપ્રવાદ નામના નવમા પૂર્વમાંથી દશાશ્રુતસ્કંધના આઠમા અધ્યયન રૂપે આ કલ્પસૂત્ર રચ્યું છે.

કિરણાવલી ટીકાકારનું ઉપરોક્ત કથન,—જેનું પુનરાવર્તન બીજા ટીકાકારોએ પણ પોતાની ટીકાઓમાં કર્યું છે,—કે કલ્પસૂત્ર તે પર્યુષણા કલ્પ છે, અને તે દશાશ્રુતસ્કન્ધનું આઠમું અધ્યયન છે; તે ભૂલભરેલું છે. આ ભૂલ કલ્પસૂત્રના અંતિમ શબ્દોના આશયને બરાબર ન સમજવાથી થઇ છે. એ શબ્દોનો જો બરાબર અર્થ કરીએ તો તેનાથી એટલુંજ સિદ્ધ થાય છે કે કલ્પસૂત્ર એ નામ, એ ગ્રંથના છેવટના પ્રકરણને અર્થાત્ સામાચારી, કે જેની અંદર યતિઓના આચારોના નિયમો આપવામાં આવ્યા છે, તેનેજ લાગુ પડે છે. કારણ કે તેની અંતમાં એવું કથન છે કે ' મહાવીરે આ પ્રમાણે પર્યુષણાકલ્પ નામના આઠમા અધ્યયનનું આખ્યાન કર્યું, ભાષણ કર્યું, પ્રજ્ઞાપન કર્યું, અને વારંવાર ઉપદેશ આપ્યો. ' આ શબ્દો માત્ર સામાચારીને જ લાગુ પડી શકે; કારણ કે જિનચરિત્ર અને સ્થવિરાવલી મહાવીરે પોતે કહી હોય એમ માની શકાય નહીં. જિનચરિત્રમાં મહાવીરના નિર્વાણ પછીની અનેક બીનાઓ લખેલી છે. અને સ્થવિરાવલીમાં તેમની પછીનો જૈનધર્મનો ઇતિહાસ આપેલો છે. આ ભાગોનો પર્યુષણા યા વર્ષાવાસ સાથે કોઇ જાતનો સંબંધ નથી. તેથી તે પર્યુષણાકલ્પનું નામ ધરાવવાને બિલકુલ અધિકારી નથી.

એ પ્રમાણે વાસ્તવિકરીતે દશાશ્રુતસ્કંધના આઠમા અધ્યયનના ભાગ તરીકે પણ તેને માની શકાય નહીં. આ અનુમાન ઉપરથી સ્વાભાવિકરીતે-જ એવો અર્થ ફલિત થાય છે કે પર્યુષણાકલ્પ એ નામ વાસ્તવિકરીતે સમાચારીનું જ છે, અને તેમ હોવાથી દશાશ્રુતસ્કન્ધનું આઠમું અધ્યયન પણ તેટલાજ ભાગને કહી શકાય. તેટલા માટે તેટલા ભાગનેજ ભદ્રબાહુસ્વામીની કૃતિ તરીકે માનવો જોઈએ. એટલું તો સ્વયંસિદ્ધ છે કે ભદ્રબાહુસ્વામીની પછીની પણ ત્રણી પેઢીઓની નામાવલી આપતી સ્થવિરાવલી ભદ્રબાહુની રચેલી ન હોઇ શકે. તેમજ તે એક કર્ત્તાની પણ કૃતિ નથી. સ્થવિરાવલીની સંક્ષિપ્ત વાચના અને વિસ્તાર વાચના અર્થાત્ સ્થવિરોની ટુંકી અને વિસ્તૃત નામાવલી, અસલમાં, બન્ને એકમેકથી સ્વતંત્ર હોવી જોઇએ. કારણ કે, તે બન્નેની ભાષાશૈલી અને વર્ણ્યવસ્તુમાં પરસ્પર ભિન્નતાઓ રહેલી છે. આ સ્થવિરાવલિઓ, જેની અંદર અસલમાં છેલ્લા દશકેવલી (દશપૂર્વી ?) વજ્ર અને તેમના અન્તેવાસીઓનાં જ નામ હશે, તેની અંતે કેટલીક ગાથાઓ ઉમેરવામાં આવી છે; અને તેની અંદર ફલ્ગુમિત્રથી માંડીને દેવર્ધિગણી સુધીના સ્થવિરોનાં નામો આવેલાં છે. કલ્પસૂત્રની કેટલીક પ્રતિઓમાં આ ગાથાઓનું ગદ્ય રૂપાન્તર, તેની પહેલાં દાખલ કરવામાં આવેલું છે. એ તો દેખીતી રીતેજ અર્વાચીન ઉમેરો છે. કારણ કે ઘણી પ્રતિઓમાં એ ગદ્યરૂપાન્તરને પડતું મુકવામાં આવ્યું છે; તેમજ સૌથી પ્રાચીન ટીકાકારે આ ફેરફારનો ઉલ્લેખ પણ કરેલો છે. આ ઉપરાંત, આ ગ્રંથની અગિયારમી ગ્રંથશતી (ગ્રંથ ૧૦૦૦—૧૧૦૦); પ્રમાણ કરતાં પ્રત્યક્ષરીતે વધારે ગ્રંથસંખ્યાવાળી થએલી છે. તેથી જો એ પ્રસ્તુત પ્રકરણને બાતલ કરવામાં આવે તો તેની સંખ્યા પણ બરાબર પ્રમાણસર થઇ રહે છે. વળી સ્થવિરાવલીના પ્રથમના બે સૂત્રો બીજાં બધાં સૂત્રોથી રચનામાં જુદા પડે છે; અને તેથી મારા ધારવા પ્રમાણે, કદાચ એક વખતે તેનો અંતર્ભાવ જિનચરિત્રમાં થતો હશે. આ રીતે આપણે સ્થવિરાવલીમાં ભિન્ન ભિન્ન પ્રકારના ચાર પાંચ પ્રકરણો જોઇ શકીએ છીએ. ડૉ. સ્ટીવન્સન જે એવું અનુમાન કરે છે કે અસલનું જિનચરિત્ર તે મહાવીર ચરિત્ર જેટલું જ હશે (કલ્પસૂત્ર પૃ૦ ૯૯), તેને હું ખોટું માનતો નથી. પરંતુ સાથે મારું એ પણ વિશેષ

માનવું છે કે ડૉ. સ્ટીવન્સને જે ઉમેરા દર્શાવ્યા છે તે ઉપરાંત બીજા પણ કેટલાક ઉમેરા તેમાં થયા છે; અને તેને લઇને આ ભાગ આટલો વિસ્તૃત થએલો છે. આ કથનના પ્રમાણ તરીકે માત્ર હું ચૌદ સ્વપ્નોના વર્ણનનો નિર્દેશ કરું છું. આ વર્ણન સમગ્ર પુસ્તકની આર્ષ--ભાષાશૈલીથી તદ્દન ભિન્ન પડે છે. કારણ કે, એમાં જે ઘણા લાંબા લાંબા અને ગુંચવાડા ભરેલા સમાસો દૃષ્ટિગોચર થાય છે, તે ખાસ મુકાબલામાં અર્વાચીન એવા ભારત-વર્ષીય કાવ્યસાહિત્યમાં આવતા સમાસોના આકારના છે. કહેવાની ભાગ્યેજ જરૂર છે કે, એમાં વીરનિર્વાણના ૯૮૦ અને ૯૯૩ વર્ષ સંબંધી જે અવતરણો આપેલા છે, તે કર્તાના નિર્દેશક નથી; પરંતુ કલ્પસૂત્રના સંપાદક દેવર્ધિગણીને ઉદ્દેશીને લખાએલા છે. જે આર્ષ–ભાષાશૈલીમાં આ જિન-ચરિત્રની રચના થએલી છે તેજ ભાષા--શૈલી ગદ્યરચનાવાળા પ્રાચીન સૂત્રોમાં પણ જોવાય છે. તેથી આના કર્તા ભદ્રબાહુ ન હોઇ શકે એમ કહી શકાય તેમ નથી. પરંતુ, આ પ્રશ્નને પ્રત્યક્ષ પ્રમાણના અભાવે અનિર્ણયાત્મક સ્થિતિમાંજ રહેવા દેવો ઠીક લાગે છે.

જૈન વિદ્વાનો કલ્પસૂત્રમાં ચર્ચાએલા વિષયોના વૈષમ્ય (ન્યૂનાધિક્ય) થી સર્વથા વિજ્ઞાત છે, એમ તો સ્પષ્ટ દેખાઇ આવે છે. પરંતુ તેઓ આનું કારણ એ બતાવે છે કે પર્યુષણા સામાચારોની પહેલાં જે આ બે ભાગો મૂકવામાં આવેલા છે તે ' मंगलार्थम् ' એટલે મંગલ માટેજ મૂકવામાં આવેલા છે. આ બાબત પર્યુષણાકલ્પનિર્યુક્તિમાં નીચે પ્રમાણે જણાવી છે:–

पुरिम-चरिमाण कप्पो
उ मंगलं वद्धमाण-तित्थंमि ।
तो परिकहिया जिनपरि-
कहा य थेरावली चेत्थ [म्] ॥

ભાવાર્થ—પહેલા અને છેલ્લા જિનોનો કલ્પ વર્ધમાનના તીર્થમાં મંગળભૂત છે. અને તેટલા માટે જિનચરિત્રો, અને સ્થવિરાવલી અહિં કહેવામાં આવી છે.

પછીના ટીકાકારોએ આ ગાથાના ઉત્તરાર્ધને બદલી તેને ' અધિકારત્રયમ્ ' ની પદ્યબદ્ધ વિષયસૂચિના આકારમાં ફેરવી નાંખી છે:—

पुरिम-चरिमाण कप्पो
मंगलं वद्धमाण-तित्थंमि ।
तो परिकहिया जिनगण-
हराइ-थेरावलि-चरित्तं

ભાવાર્થ—વર્ધમાનના તીર્થમાં પહેલા અને છેલ્લા જિનોનો કલ્પ મંગલ–સ્વરૂપ છે. તેટલા માટે જિન (ચરિત્ર) ગણધરાદિક સ્થવિરાવલી અને ચરિત્ર અર્થાત્ પર્યુષણા–સામાચારી કહેવામાં આવી છે.

પરંપરાગત કથાનુસાર જૈનાગમોના નવીન સંસ્કરણ વખતે દેવર્ધિગણીએ જિનચરિત્ર, સ્થવિરાવલી અને સામાચારી એ ત્રણે ભાગોને કલ્પસૂત્ર એવા નામ નીચે એકજ પુસ્તકમાં પુસ્તકારૂઢ કર્યા હોય તેમ જણાય છે,—જો કે તેનો આગમોમાં અંતર્ભાવ થતો નથી. આ પરંપરાગત કથાની સત્યતાના પક્ષમાં બે દલીલો છે. પહેલી એ કે, આ બીનાની તારીખ કલ્પસૂત્રમાં આપેલી છે અને બીજી એ કે, આખું કલ્પસૂત્ર સો સો ગ્રંથોની (૩૨ અક્ષરનો એક ગ્રંથ) પ્રમાણવાળી ગ્રંથ–શતિઓમાં વહેંચી નાખ્યું છે. ઘણું કરીને મૂળ ગ્રંથને પછીના ઉમેરાઓથી બચાવવા માટેજ સંપાદકને આ વ્યવસ્થા સ્વીકારવાની આવશ્યકતા લાગી હશે. આ ગ્રંથશતિઓની નિશાની મૂળગ્રંથમાં, ગ્રં૦ ૧૦૦, ગ્રં૦ ૨૦૦ ઇત્યાદિ રૂપમાં મૂકેલી છે. આ નિશાનીઓ સઘળી હસ્તલિખિત પ્રતિઓમાં સમાન જગ્યાએજ મૂકેલી જોવામાં આવે છે. કલ્પસૂત્રમાં આવા ૧૨૧૬ ગ્રંથો હોવાનું કહેવાય છે. ઉદાહરણ તરીકે A પ્રતિના પુષ્પિકાલેખમાં આપેલો નીચેનો શ્લોક લઈ શકાય:—

एकः सहश्रो (?) द्विशतीसमेतः
श्लिष्टस्ततः षोडशभिर्विदन्तु ।
कल्पस्य संख्या कथिता विशिष्टा
विशारदैः पर्युषणाभिधस्य ॥

આ સંખ્યાને લીધે વર્તમાનમાં સામાન્ય રીતે આ પુસ્તક 'બારસે સૂત્ર' તરીકે ઓળખાય છે.

આ આવૃત્તિમાં મારી ગણત્રી મુજબ વ્યવસ્થિત સંખ્યા ઉપરાંત એકસોથી વધારે ગ્રંથો (શ્લોકો) અધિક છે, અને કેટલીક ગ્રંથશતીનું પ્રમાણ ૧૦૦ થી ૧૩૫ જેટલા ગ્રંથોનું જોવામાં આવે છે. આ રીતે ન્યૂનાધિક ગ્રંથપ્રમાણવાળી અવ્યવસ્થા જોઇને, કેટલાક સંદેહજનક પ્રકરણો કાઢી નાંખી, આ સૂત્રને મૂળ સ્વરૂપમાં—અસલની ગ્રંથસંખ્યામાં—લાવી મૂકવાનું મારૂં મન થઈ આવે છે. પરંતુ, આ સૂત્રની શિથિલ રચના અને એમાં વારંવાર આવતી પુનરૂક્તિઓ, કે જે સૂત્રશૈલીનું એક ખાસ લક્ષણ જ છે, તેને લઇને આમાંના કયા ભાગો અમૂલક છે, તે શોધી કાઢવાનું કામ કઠણ હોવાથી, હું તેમ કરતાં મારા મનને રોકી રાખું છું.

એવું કહેવાય છે કે, પહેલાના વખતમાં આખું કલ્પસૂત્ર પજુસણની પ્રથમ રાત્રિએ* વાંચવામાં આવતું હતું: પરંતુ જ્યારથી આનન્દપુરના રાજા ધ્રુવસેનને, પોતાના સેનાંગજ નામના પ્રિયપુત્રના મરણજનિત શોકથી મુક્ત કરવા અર્થે, તેને સભામાં વાંચવામાં આવ્યું÷ ત્યારથી તે સૂત્ર નવ વાચનાઓ અથવા વ્યાખ્યાનો દ્વારા સાર્થ સમજાવવામાં આવે છે. આ નવ વાચનાઓ કેટલીક પ્રતિઓમાં, તેમજ કેટલીક ટીકાઓમાં ચિન્હ અથવા ઉલ્લેખ કરી જુદી જુદી બતાવવામાં આવી છે; પરંતુ આ વિષયમાં બધાનો એકમત નહીં હોવાથી મારી આવૃત્તિનાં મેં આ વાચનાત્મક વિભાગો દાખલ કર્યા નથી. સાધારણ રીતે મહાવીરચરિત ૭ વાચનામાં વિભક્ત કરવામાં આવે છે. બાકીના જિનચરિતો સાતમી વાચનામાં ગણાય છે. અથવા તો મહાવીર-ચરિતની પાંચ અને બાકીના જિનચરિતોની બે, આવી રીતે પણ સાત વાચ-નાઓ ગણાય છે. થેરાવલી અને સામાચારી એ દરેકની એકેક વાચના કહેવાય છે.+ જિનચરિત અને સામાચારી નામના ભાગમાં, સૂત્રો અથવા પ્રકરણોના

---

* કલ્પસૂત્રની ટીકાઓમાં લખ્યા પ્રમાણે તો 'પ્રથમ રાત્રિએ' નહીં પણ અન્તિમ રાત્રિએ કલ્પસૂત્રનું અધ્યયન-શ્રવણ કરવામાં આવતું હતું.

—સંપાદક.

÷ આ બીનાની મિતિના સંબંધમાં એકમત નથી. કેટલાક તેને વી. નિ. ૯૮૦ મા વર્ષમાં મૂકે છે, કેટલાક ૯૯૩ માં અને કેટલાક વળી વી. સં० ૧૦૮૦માં મૂકે છે.

+ E નામની હસ્તલિખિત પ્રતિમાં નીચે પ્રમાણે વ્યાખ્યાનકોની વહેંચણી

રૂપમાં મૂળ ગ્રંથનો એક બીજો પણ પેટાવિભાગ ઘણીક પ્રતિઓમાં આપેલો જોવામાં આવે છે. આ વિભાગ તે ઘણું કરીને ટીકાકારોને આભારી છે. કારણ કે તેમણેજ આનો ઉપયોગ કરેલો છે. સ્થવિરાવલી ઉપર ટીકા રચાએલી નહીં હોવાથી તેની સૂત્રોમાં વહેંચણી થવા પામી નથી. યદ્યપિ આ સૂત્રાત્મક વિભાગ સઘળી પ્રતિઓ અને ટીકાઓમાં એકજ સરખો જોવામાં આવતો નથી; તથાપિ, તે બહુ ભિન્ન પણ પડતો નથી. અને તેથી કરીને આ આવૃત્તિમાંનું કોઇ પણ સૂત્ર, હસ્તલિખિત પ્રતિઓમાં સરળતાપૂર્વક ખોળી શકાય તેમ છે. થેરાવલીની તેર સૂત્રોમાં કરેલી વહેંચણી મારી પોતાની છે. કારણ કે, કોઇ પણ પ્રતિમાં આવી વહેંચણી કરેલી જોવામાં આવતી નથી.

કલ્પસૂત્ર ઉપર સૌથી પ્રાચીન ટીકા જો કે મેં જોઈ નથી, પણ તે ચૂર્ણિ હોય તેમ લાગે છે. તે બીજી બધી ચૂર્ણિઓની માફક પ્રાકૃતમાંજ લખાએલી હશે. કારણ કે ટીકાઓમાં કોઇ કોઇ પ્રસંગે તેનાં અવતરણો લીધેલાં જોવામાં આવે છે. તેના કર્તાનું નામ મળતું નથી, પણ તે હમેશાં ચૂર્ણિકારના નામે ઓળખાય છે. બાકીની બધી અર્વાચીન ટીકાઓ સીધી અગર આડકતરી રીતે તેના ઉપરજ રચાએલી છે. અને પ્રાયઃ તે તેના સંસ્કૃત ભાષાંતર રૂપે જ છે. આમ માનવાનું કારણ એ છે કે એ ટીકાઓમાં મૂળના જે અર્થો આપેલા છે તે સઘળી ટીકાઓમાં લગભગ એકજ સરખા, શબ્દે શબ્દ, મળતા આવે છે. આ બાબત સર્વ ટીકાઓનું મૂળ એકજ માની લઇએ તો જ સમજાવી શકાય તેમ છે. બીજું એ છે

કરેલી છેઃ—' પુરિમચરિમગાથા-શક્રસ્તવં યાવત્, શક્રસ્તવગર્ભાવતારસંચારઃ, સ્વપ્નવિચારગર્ભસ્થાભિગ્રહઃ, જન્મોત્સવક્રીડા-શ્રીવીરકુટુમ્બવિચારાઃ, દીક્ષા-જ્ઞાન-પરિવાર-મોક્ષાઃ, શ્રીપાર્શ્વનાથ-શ્રીનેમિચરિતાન્તરાણિ, શ્રીઆદિનાથચરિત્ર-સ્થવિરાવલ્યઃ, સામાચારીમિચ્છા (?) શ્રી કાલિકાચાર્ય કથા.—' કાલિકાચાર્યની કથા સ્વતંત્ર હોવાથી તે કલ્પસૂત્રની પાછળ તદ્દન અર્વાચીન સમયમાં દાખલ થએલી છે. ઉપર આપેલી વાચનાની ગણનામાં આદિનાથ અથવા ઋષભચરિત્ર અને સ્થવિરાવલી એ બન્નેને એકજ વાચનામાં મૂકી દીધા છે. આ બન્ને ભાગોને જો આપણે બે જુદી જુદી વાચનામાં વિભક્ત કરીએ, અને કાલિકાચાર્યની કથાને કાઢી નાંખીએ તો તે વાચનાની પ્રસિદ્ધ વ્યવસ્થાની બરાબર થઇ રહે છે.

કે સર્વ ટીકાઓ ચૂર્ણિને મુખ્ય પ્રમાણ માને છે. તેથી આપણે પણ તે કૃતિને સ્વાભાવિકરીતે તે સર્વની પાયાભૂત–(મૂળભૂત) માનવી જોઇએ. ઘણાક આધુનિક ટીકાકારોએ પોતાની ટીકાઓમાં ઉત્તરાધ્યયન અને આવશ્યક સૂત્રની ટીકામાંથી કેટલીક કથાઓ લઇને વચમાં દાખલ કરી દીધી છે, અને કોઈ કોઈ સ્થળે વિસ્તારયુક્ત એવી અપ્રસ્તુત હકિકતો ઉમેરી દીધી છે.

સૌથી જૂની ટીકા તરીકે મેં સંદેહવિષૌષધિ નામની પંજિકાને ઉપયોગમાં લીધી છે. એના કર્તા જિનપ્રભમુનિ છે. તેમણે એ ટીકા અયોધ્યામાં સંવત્ ૧૩૬૪ ના આશ્વિન સુદી ૮ અર્થાત્ સને ૧૩૦૭ માં પૂરી કરી હતી. એની ગ્રંથ સંખ્યા ૩૦૪૦ છે. એ ટીકાની અંદર તેમણે પર્યુષણાકલ્પનિર્યુક્તિની પણ ટીકા લખી છે. આ પર્યુષણાકલ્પનિર્યુક્તિની છાસઠ પ્રાકૃત ગાથાઓ છે, અને તે પર્યુષણા ઉપર એક નિબંધ રૂપે છે. આ નિર્યુક્તિની ટીકા તેના કર્તાના કહેવા મુજબ નિશીથચૂર્ણિમાંથી સંગૃહિત કરવામાં આવી છે, અને થોડાં ટુંકા સંસ્કૃત વાક્યો સિવાય તે પ્રાકૃતમાં જ લખાએલી છે. આ આશ્ચર્યકારક બાબત આપણને ઉદાહરણ આપી સમજાવે છે કે જૈન–ગ્રંથકારો પોતાના પૂર્વજોની કૃતિઓમાં કેટલો બધો સ્વરચિત ઉમેરો કરતા હતા. જો પર્યુષણાનિર્યુક્તિ ઉપર તેના પહેલાની સંસ્કૃત ટીકા હોત તો જિનપ્રભમુનિએ જરૂર તેની નકલ કરી હોત. પરંતુ પોતાને અન્ય સાધનોના અભાવે આત્મનિર્ભર થવાનું હોવાથી, તેમણે નિશીથચૂર્ણિમાંથી અવતરણો લીધાં છતાં તે અવતરણોનું સંસ્કૃત ભાષાન્તર સુદ્ધાં કરવાની તેમણે તસ્દી લીધી નથી. આપણને માનવાને કારણ મળે છે કે જિનપ્રભમુનિના સમયમાં કલ્પસૂત્ર ઉપર કોઇ એક સંસ્કૃત ટીકા વિદ્યમાન હશે. કારણ કે તેઓ પોતાની ટીકા સંસ્કૃતમાં લખે છે; પરંતુ ચૂર્ણિનો સારાંશ આપતા નથી. આ ટીકાની મારી પ્રતિ કે જેને માટે હું ડૉ. બુલ્હરની ઉદારતાનો ઋણી છું, તે સંવત્ ૧૬૭૪ માં લખવામાં આવી હતી. એમાંના ઉતારા તથા એમાં નિર્દિષ્ટ કરેલાં વિવિધ પાઠાન્તરો મેં ટિપ્પણમાં દર્શાવ્યાં છે.

મૂળગ્રંથના અર્થાવબોધનના વિષયમાં ઉપરની ટીકા સિવાય નીચે સૂચવેલી બીજી ત્રણ ટીકાઓ પણ થોડેજ અંશે ભિન્ન પડે છે. પરંતુ આ ટીકાઓમાં એક ઉપોદ્ઘાત ઉપરાંત અન્ય ગ્રંથોમાંથી ઘણાં અવતરણો અને

કથાઓ આપેલી છે. તેમાં પર્યુષણાકલ્પનિર્યુક્તિની ટીકા નથી. તે ત્રણે ટીકાઓ નીચે પ્રમાણે છે:—

૧–વિનયવિજયજીકૃત સુબોધિકા સં. ૧૬૯૬. આ ટીકાનું ગ્રંથપરિણામ ૫૪૦૦ છે. આની જે પ્રતિ મેં વાપરી છે, તે મુંબઇના સંગ્રહની છે.

૨–ધર્મસાગરકૃત કિરણાવલી ઉર્ફે વ્યાખ્યાનપદ્ધતિ. સંવત્ ૧૬૨૮. ગ્રંથસંખ્યા, ૭૦૦૦. મુંબઇ.

૩–સમયસુંદરકૃત કલ્પલતા. આમાં સાલ આપેલી નથી. પણ લેખક કહે છે કે તેના ગુરૂ, સકલચંદ્રના ગુરૂ, જિનચંદ્ર અકબરના વખતમાં વિદ્યમાન હતા. આ ઉપરથી તેમના સમયનું અનુમાન કરી શકાય તેમ છે. આ કલ્પલતા તે, જેના ઉપોદ્‌ઘાતનું ડૉ. સ્ટીવન્સન ભાષાન્તર કર્યાનો ઢોંગ કરે છે, તે કલ્પલતા નથી. આ કલ્પલતાની એક પ્રતિ ડો. બુલ્હરે કૃપા કરીને મને વાપરવા આપી હતી. તેની ગ્રંથસંખ્યા મૂળ અને ટીકા બન્નેની મળીને ૭૭૦૦ છે. તેના ઉપર મિતિ સંવત્ ૧૬૯૯ ની છે.

આ ટીકાઓથી વધારે અર્વાચીન અને એનાથી અલ્પ મહત્ત્વના ગ્રંથો નીચે પ્રમાણે છે.

૪–લક્ષ્મીવલ્લભકૃત કલ્પદ્રુમ. આમાં દરેક સૂત્રની પાછળ તેનું સંસ્કૃત ભાષાંતર આપેલું છે. આ ગ્રંથનો મોટો ભાગ અન્ય ટીકાઓમાં ઉપલબ્ધ થતી કથાઓનો બનેલો છે. આ ટીકાને અંતે કાલિકાચાર્યની કથા પણ ઉમેરેલી છે. મારી પાસે કલ્પદ્રુમની એક હસ્તલિખિત પ્રતિ છે પણ તે ખરાબ અને અર્વાચીન છે. સં૦ ૧૯૦૩.

૫–મૂળની બબ્બે પંક્તિઓ વચ્ચે આપેલા ભાષાન્તર રૂપ એક નનામા લેખકનો ટબો. કથાસમૂહ અને સ્વપ્નોનું ગુજરાતી સ્પષ્ટીકરણ તેનાં યોગ્ય-સ્થળે દાખલ કરેલાં છે. આ આવૃત્તિમાં મેં તેને C નિશાનીથી દાખવ્યો છે. આના લેખક અભયસુંદર મુનિ હતા–(કદાચ તે કર્તા પણ હોઈ શકે ?). સંવત્ ૧૭૬૧.

૬–કથાદિ રહિત એક ટબો. આ પ્રતિ ઇન્ડિઆ ઓફિસ લાઇબ્રેરીની નં. ૧૫૯૯ ની છે. કોલબ્રૂકે પોતાના સારાંશો (Abstracts) તૈયાર કરવામાં આ પ્રતિનો ઉપયોગ કર્યો હતો.

મેં તપાસેલા અને કેટલેક પ્રસંગે ઉપયોગમાં લીધેલા એવા ઉપરોક્ત ગ્રંથો ઉપરાંત ન ચેના ગ્રંથો પણ અહિં નોંધવા યોગ્ય ધારૂં છું.

૭–વિજયતિલકની કલ્પદીપિકા. સં. ૧૬૮૧. ગ્રંથસંખ્યા–૪૫૦૦ ડૉ. બુલ્હરની આ ટીકાની પ્રતિ મેં જોઇ છે.

૮–યશોવિજયનો શાખાબધ (?). ડૉ૦ સ્ટીવન્સને પોતાના કલ્પસૂત્રની પ્રસ્તાવનાના નવમા પૃષ્ઠ ઉપર આનો નિર્દેશ કરેલો છે.

૯–કલ્પસૂત્રટીકા. જુઓ, ડૉ૦ બુલ્હરનો સંસ્કૃત હસ્તલિખિત પુસ્તકોની શોધનો રીપોર્ટ. ૧૮૭૨–૭૩.

૧૦–બર્લિનના સંગ્રહની એક નનામી ટીકાની પ્રતિ. (પ્રતિ અથવા પત્ર. ૬૩૮.) આ પ્રતિ તદ્દન બેપરવાઇથી લખેલી છે અને તે મને કોઇ રીતે ઉપયોગી નિવડી નથી. સંવત્ ૧૭૫૯.

ટિપ્પણમાં મેં માત્ર સંદેહવિષૌષધિમાંથી ઉતારા આપ્યા છે. પહેલાં મેં સુબોધિકા અને કિરણાવલીમાંથી ઉતારા કર્યા હતા, પરંતુ મને સંદેહવિષાષધિ મળવાથી, સૌથી પ્રાચીન ટીકાકારના શબ્દોમાંજ સમજુતી આપવાનું મેં વધારે યોગ્ય ધાર્યું છે.

કલ્પસૂત્રનું એક અંગ્રેજી ભાષાન્તર રે૦ ડૉ૦ સ્ટીવન્સને પ્રકટ કર્યું છે.[૧] જૈનગ્રંથોમાં આજ સુધીમાં પ્રમાણ ગણાતું માત્ર આ એકજ પુસ્તક પ્રકટ થએલું છે. પરંતુ મારે દિલગીરીસાથે લખવું પડે છે કે તે માત્ર યથાર્થ નથી; એટલુંજ નહીં પણ તે અવિશ્વસનીય પણ છે. જોકે એ એક ભાષાન્તર ગણાય છે; પરંતુ વાસ્તવિકમાં તે ભાષાન્તર નથી, એટલુંજ નહીં પણ ઘણે ભાગે તો બેકાળજીથી ઘસડી કાઢેલો એક સારાંશ માત્ર છે. આનો પ્રથમનો ભાગ ભાષાન્તરમાં, સમાચારીના વિશેષ કઠિન ભાગ કરતાં સધારણતયા વધારે વિશ્વસનીય રીતે ઉતારવામાં આવ્યો છે. કારણ કે એ પ્રકરણમાં ડૉ. સ્ટી-

---

૧ 'કલ્પસૂત્ર અને નવતત્ત્વ.' આ બન્ને ગ્રંથો જૈન ધર્મ અને તત્ત્વજ્ઞાન વિષયના છે, અને માગધી ભાષામાંથી ભાષાન્તરિત કરેલા છે. આમાં એક પરિશિષ્ટ આપવામાં આવ્યું છે, અને તેની અંદર મૂળગ્રંથની ભાષા ઉપર વિવેચન કરેલું છે. ભાષાન્તરકર્તા રે. જે. સ્ટીવન્સન, ડી. ડી. પી. આર. એ. એસ. સન ૧૮૪૮.

વન્સન કોઈ પણ મહત્ત્વનો ભાગ મુકી દેતા નથી. મૂળમાં જ્યાં જ્યાં ક્લિષ્ટ ભાગો આવે છે ત્યાં ત્યાં તેઓ ભાષાન્તર કરવાને બદલે માત્ર વિવરણ કરે છે. પરંતુ સામાચારીમાં તો નિરાળીજ બાબત દૃષ્ટિગોચર થાય છે. ત્યાં તો તેમણે કાં તો મોટા ભાગોને ઉડાવીજ દીધા છે, અથવા તો સંક્ષિપ્ત રૂપમાં મુકી દીધા છે. એમાં અર્થની સ્પષ્ટતા તરફ ભાગ્યેજ ધ્યાન આપવામાં આવ્યું છે.[1]

વાસ્તવિકમાં ડૉ. સ્ટીવન્સનના પુસ્તકને, આજકાલ પ્રગટ થતા પ્રાકૃત—સંસ્કૃત ભાષાના ગ્રંથો તથા તેના ભાષાન્તરોની પદ્ધતિએ તપાસવું તે તેમને ખરેખર અન્યાય કરવા જેવું છે. કારણ કે ત્રીસ વર્ષ પહેલાંનો તે સમય પર્વાત્ય સાહિત્યના અધ્યયનની બાલ્યાવસ્થાનો પ્રારંભિક કાળ હતો.[2]

---

૧ આ ઠેકાણે ટિપ્પણમાં ડૉ. જેકોબીએ સામાચારીમાંના એક સૂત્રનું, ડૉ. સ્ટીવન્સને કરેલા તેજ સૂત્રના ભાષાન્તર સાથે, પોતાનું ભાષાન્તર તુલનાર્થે મૂકેલું છે. પરંતુ આ સ્થળે તે અનુપયોગી હોવાથી, અહીં આપ્યું નથી.

અનુવાદક.

૨ ડૉ. સ્ટીવન્સનનું પ્રાકૃતભાષા સંબંધી જ્ઞાન કેટલું બધું મર્યાદિત હતું તે આપણે તેમણે કરેલી માગધીભાષા ઉપરની ટીકા ઉપરથી સહેલાઈથી સમજી શકીએ છીએ. પૃ. ૧૪૧ ઉપર તેઓ લખે છે કે ' तिसलाए ' અને ' माहणीए ' આ બન્ને પ્રથમાના રૂપો છે; પૃ. ૧૪૨ ઉપર તેઓ ' कुच्छिंसि ' અને ' समणंसि ' ની અનુક્રમે 'કુક્ષિસ્મિ' અને ' शमणस्मि 'ના રૂપમાં જોડણી કરે છે અને ' पासित्ता णं ' ને ' पाशितायां ' કહે છે. આટલું કથન તેમના પ્રાકૃતના જ્ઞાનના સંબંધમાં બસ છે. સંસ્કૃતભાષા સંબંધી પણ તેમનું જ્ઞાન કેટલા ઉંચા દરજ્જાનું હતું તે કલ્પલતામાંના (પૃ. ૧૨) એક સંસ્કૃત ફકરાના તેમણે કરેલા અંગ્રેજી ભાષાન્તરને, આગળ પૃ. ૨૨ ઉપર આપેલા તેજ ફકરાના મારા ભાષાંતર સાથે સરખાવવાથી જણાઇ આવશે. ડૉ. સ્ટીવન્સનનું ભાષાન્તર નીચે મુજબ છે.—' હવે હું કલ્પસૂત્રના કર્તાનો ઉલ્લેખ કરું છું. તેમનું નામ શ્રીભદ્રબાહુસ્વામી હતું. તે એક વિચક્ષણ ગુરૂ હતા. તેઓ પોતાના વિષયની (ટિપ્પણ, મૂળ શબ્દ—પૂર્વ) ચૌદ શાખાના જાણનાર હતા, અને વિચક્ષણ આચાર્ય હતા. અહીં નામ સુચવાતા ગ્રંથો—દશાશ્રુતસ્કન્ધ, અષ્ટમાધ્યયન, પ્રત્યાખ્યાનપ્રવાદ કે જેમાં તેમણે નવ શાખાઓ જોઇ—તેને, માર્ગદર્શક તરીકે રાખીને તેમણે આ કલ્પસૂત્ર બનાવ્યું હતું.'

અને ભાષાવિજ્ઞાનની યથાર્થતાના સંબંધમાં જેટલો વિચાર અત્યારે કરવામાં આવે છે તેટલો તે વખતે કરવામાં આવતા ન હતો. ડૉ. સ્ટીવન્સન પોતાના સંશોધન–ક્ષેત્રમાં પહેલ કરનાર હતા અને તેમણે મહાન્ ઉત્સાહ અને અવિશ્રાન્ત ઉમંગથી પોતાના કાર્યક્ષેત્રમાં ઉદ્યમ કર્યો હતો; પરંતુ દિલગીરી પામવા જેવું એટલુંજ છે કે ડૉ૰ સ્ટીવન્સન પોતાના ભાષાવિજ્ઞાનના અભ્યાસના અભાવથી તેમજ તેમનું માનસિક વલણ ઇશ્વરવિષયક જ્ઞાન તરફ ઝુકેલું હોવાથી તેઓ પોતાની મહેનતના પ્રમાણમાં યોગ્ય પરિણામો ઉપજાવી શક્યાં નથી. હું માત્ર યથાર્થ સ્થિતિને લક્ષ્યમાં લઇનેજ પ્રાચ્યવિદ્યાના અભ્યાસિઓને તેમનું કલ્પસૂત્ર ન વાપરવાની સૂચના કરું છું. × × × ×

આ સંપૂર્ણ ઉપોદ્ઘાતમાં સર્વત્ર મેં શ્વેતાંબર સંપ્રદાયનોજ આધાર લીધો છે. દિગંબરોની પણ પોતાની સાંપ્રદાયિક માન્યતા છે, અને તે શ્વેતાંબર સંપ્રદાયથી કેટલીક પરંતુ અગત્યની બાબતોમાં ભિન્નતા રાખે છે. આ સંપ્રદાયની માન્યતાની માહીતી મેં ડૉ. બુલ્હરે વાંચવા આપેલી એક આધુનિક ગુર્વાવલી ઉપરથી મેળવી છે. તે જયપુરમાં–તેજ શહેરની ભાષામાં લખાએલી છે. એ ગુર્વાવલીમાં ઘણી પ્રાકૃત ગાથાઓ સમજાવવામાં આવી છે. અને તે ગાથાઓની પ્રાકૃતભાષા શૌરસેની સાથે આશ્ચર્યજનક મળતાપણું ધરાવે છે. આ ગુર્વાવલીમાં બે ભદ્રબાહુના ઉલ્લેખ છે. પહેલા ભદ્રબાહુ, જે અંતિમ શ્રુતકેવલી હતા, તે વીર નિર્વાણના ૧૬૨ મા વર્ષમાં ગુજરી ગયા હતા. અને બીજા ભદ્રબાહુ જે સ્થવિર કહેવાતા હતા, તેમની મિતિ વી. સં. ૪૯૨–૫૧૫ આપેલી છે. તેઓ યશોભદ્રના અંતેવાસી હતા. આ યશોભદ્રના ગુરુનું નામ સુભદ્ર હતું અને તેઓ (વી. સં. ૪૬૮—૪૭૪ માં) વિદ્યમાન હતા સુભદ્રના અસ્તિત્વના બીજા વર્ષમાં અર્થાત્ વી. સં. ૪૭૦ માં વિક્રમનો જન્મ થયો હતે. આ હકિકતને એ ગુર્વાવલીમાં ઉદ્ધૃત કરેલી અર્ધી ગાથા દ્વારા પુષ્ટિ મળે છેઃ—

> સત્તરિ ચદુસદજુત્તો
> તિણ કાલા વિક્કમો હવઇ જમ્મો

આ ઠેકાણે એ ધ્યાનમાં રાખવું જોઇએ કે વિક્રમના સંવત્ની શરૂઆત તેના જન્મથી થતી નથી; પરંતુ તેના રાજ્યારોહણના સમયથી અ-

ર્થાત્ તેના આયુષ્યના ૧૮ મા વર્ષથી થાય છે.[1] આ હિસાબ પ્રમાણે એ ગુર્વાવલીમાં, વીર નિર્વાણનું ૪૯૨ મું વર્ષ કે જેમાં ભદ્રબાહુની કારકીર્દીની શરૂઆત થાય છે, તેને વિક્રમ સંવત્ ૪ ની સાથે સરખાવવામાં આવેલું છે. વળી તેની અંદર બીજા ભદ્રબાહુથી માંડીને સંવત્ ૧૮૪૦ સુધીના સ્થવિરોની અનવરત નોંધ આપવામાં આવી છે. અને તે ખરી પરંપરાના આધારે ગોઠવેલી હોય તેમ દેખાય છે.

આ ગુર્વાવલી અનુસાર પુષ્પદંત (સમય–વી. સં. ૬૩૩ થી ૬૮૩) પછી સઘળા અંગો નષ્ટ થઇ ગયાં હતાં. તેમણે સમગ્ર પવિત્ર પ્રવચન પુસ્તકે માં લખાવ્યું હતું. તેમના અવસાનનું વર્ષ જે વી. સં. ૬૮૩ છે, તેને પણ વિક્રમના જન્મ વર્ષ તરીકે બતાવવામાં આવ્યું છે.

ભદ્રબાહુના સંબંધમાં દિગંબર પરંપરા માટે જુઓ Lewis Rice. ભદ્રબાહુ અને શ્રવણ બેલ્ગોલ; ઇન્ડિ. એન્ટિ. ૩. પૃ. ૧૫૩. કર્ણાટકની દિગમ્બર પરંપરામાં ભદ્રબાહુને ઉત્તર હિંદુસ્થાનમાંથી સ્વદેશ છોડી પરદેશ જતા સંઘના નેતા તરીકે જણાવ્યા છે અને પાટલીપુત્રના રાજા ચન્દ્રગુપ્તને તમના એક દીક્ષિત શિષ્ય તરીકે જણાવેલ છે.

---

૧ ઉપરોક્ત કથનાનુસાર શ્રી મહાવીર અને વિક્રમના સંવત્‌ની વચ્ચે ૪૮૮ વર્ષનું અંતર પડે છે. અને તેથી મહાવીરનિર્વાણનો સમય ઈ. સ. પૂર્વે ૫૪૫ માં આવે છે આ હિસાબે આ સાલ અને સીલોનની કાલગણનાનુસાર નિર્ણીત કરેલી બુદ્ધનિર્વાણની સાલની વચ્ચે માત્ર બે જ વર્ષનો ફરક રહે છે.

શ્રી કલ્પસૂત્ર.

(સુખબોધિકા.)

પ્રથમ વ્યાખ્યાન.

ઉપાધ્યાયજી શ્રી વિનયવિજયજી મહારાજ કલ્પસૂત્ર ઉપર ટીકા લખતાં પહેલાં મંગળાચરણરૂપે પરમ કલ્યાણકારી શ્રી અર્હત પ્રભુને નમસ્કાર કરે છે અને કહે છે કે, બાળ અભ્યાસીઓને ઉપયોગી થાય એટલા માટેજ આ ટીકા લખવાને હું પ્રેરાયો છું. પંડિત પુરૂષોના મનને આનંદ આપે એવી બીજી ઘણી ટીકાઓ કલ્પસૂત્ર વિષે રચાઇ છે, એ વાત શ્રી વિનયવિજયજી મહારાજના ધ્યાન બહાર નથી. તથાપિ તેઓશ્રી કહે છે કે થોડી બુદ્ધિવાળા મનુષ્યોને બોધ થાય એવા હેતુથીજ આ જૂદી ટીકા હું રચું છું અને મને આશા છે કે મારો એ પ્રયત્ન સફળ થશે.

આ સ્થળે શ્રી વિનયવિજયજી મહારાજને વિષે કોઇ એવો પ્રશ્ન કરે કે બીજી અનેક સરસ ટીકાઓ હોવા છતાં તમે આ પ્રવૃત્તિ શા સારૂ આદરી? તેનાં જવાબમાં ઉપાધ્યાયજી મહારાજ કહે છે કે સૂર્યના ઝળહળતા તેજથી આખું જગત્

પ્રકાશમાન થાય છે જ, પણ એ સૂર્યનો પ્રકાશ ભોંયરામાં કે ગુફામાં બહુ ઉપયોગી નીવડતો નથી. એવાં સ્થાનોમાં તો દીવો અથવા દીપિકાજ આપણને કામ આવે છે. વિશેષમાં તેઓશ્રી કહે છે કે આ ટીકામાં હું કંઈ ખાસ અર્થ કરવા માગતો નથી, તેમ નવી યુક્તિઓ પણ બતાવવા ઈચ્છતો નથી અને આવી ટીકાઓ રચવાથી મારૂં પાંડિત્ય બહાર આવશે એવી આશા પણ રાખતો નથી. માત્ર બાળબુદ્ધિવાળા અભ્યાસીઓને માટે અર્થની વ્યાખ્યા રજુ કરવી એ શિવાય મારો બીજો કંઇ ઉદ્દેશ નથી. હું પોતે કંઈ મ્હોટો પંડિત નથી. કેટલાકો મારૂં આ સાહસ નીરખી મારૂં ઉપહાસ્ય પણ કરશે. પરંતુ મને ખાત્રી છે કે સત્પુરૂષો મને હસી નહીં કહાડે. કારણ કે સત્પુરૂષો પોતે જ કહી ગયા છે કે "બધાં શુભ કાર્યોમાં દરેકે પોતાની શક્તિ પ્રમાણે ફાળો આપવો જ જોઇએ."

પૂર્વકાળે મુનિવરો નવકલ્પ વિહાર કરતા અને એ રીતે ક્રમે કરીને જે સ્થાનમાં ચાતુર્માસ રહેવાનું થાય ત્યાં ભાદરવા શુદિ પંચમીને દિવસે રાત્રિએ સાંવત્સરિક પડિક્કમણ કર્યા પછી એક યોગ્ય સાધુ સૂત્રપાઠ ઉભે ઉભે બોલતા અને બીજા સર્વ સાધુ "કપ્પસમ્મ પાવતિય કાઉસગ્ગં કરેમિ" કહી, કાઉસગ્ગ કરી એ મુખપાઠ સાંભળતા. સાંપ્રતકાળે પરંપરાથી ગુરૂના આદેશ પ્રમાણે સાધુઓ ચાતુર્માસનું સ્થાન નક્કી કરે છે અને આનંદપુરમાં સૌ પ્રથમ સભા સમક્ષ કલ્પસૂત્ર વંચાયા બાદ વર્તમાનકાળે મુનિવરો કલ્યાણ નિમિત્તે પાંચ દિવસના નવ વ્યાખ્યાનોમાં (કલ્પધરથી માંડી ચાર દિવસ પર્યંત અનુક્રમે સવાર–બપોરના બબ્બે વ્યાખ્યાન મળી આઠ વ્યાખ્યાન અને છેવટે સંવત્સરીના દિવસે મૂળ બારસેં સૂત્ર) કલ્પસૂત્ર વાંચી સંભળાવે છે.

કલ્પ એટલે શું ?

કલ્પસૂત્રમાં જે કલ્પ શબ્દ આવેલો છે તેનો " આચાર " એવો અર્થ થાય છે. કલ્પસૂત્રમાં મુખ્યત્વે સાધુઓના આચાર વિષે વિવેચન છે. તે આચારના દશ ભેદ કરવામાં આવ્યા છેઃ– (૧) આચેલક્ય (૨) ઔદ્દેશિક (૩) શય્યાતર (૪) રાજપિંડ (૫) કૃતિકર્મ (૬) વ્રત (૭) જ્યેષ્ઠ (૮) પ્રતિક્રમણ (૯) માસકલ્પ અને (૧૦) પર્યુષણા.

આચેલક્ય.

ચેલ એટલે વસ્ત્ર, અને અચેલક એટલે વસ્ત્રરહિત. અચેલકનો ભાવ આચેલક્ય. અચેલકપણું તીર્થંકરોને આશ્રીને રહેલું છે. તેમાં પહેલા આદિનાથ ભગવાન્ અને છેલ્લા મહાવીર સ્વામીને શક્રેંદ્રે અર્પણ કરેલા ' દેવદૂષ્ય ' વસ્ત્રના અપગમથી હંમેશા અચેલકપણું જ છે.* અને બીજા તીર્થંકરોને વિષે સર્વદા સચેલકપણું–વસ્ત્રસહિતપણું છે. કિરણાવલીના ટીકાકાર આ બાબતમાં જરા જૂદા પડે છે. તેઓ કહે છે કે ચોવીશે તીર્થંકરોને શક્રેંદ્રે અર્પેલા દેવદૂષ્ય વસ્ત્રના અપગમથી સર્વદા અચેલકપણું જ ઘટે છે. પણ એ વિષય વિવાદાસ્પદ છે.

શ્રી અજીતનાથ વિગેરે બાવીશ તીર્થંકરોના તીર્થના સાધુઓ ' સરલ ' અને ' પ્રાજ્ઞ ' લેખાય છે. તેઓ ઘણા કીંમતી અને ભાતભાતનાં રંગવાળાં વસ્ત્રો વાપરી શકતા. તેથી તેમને સચેલક કહેવામાં કાંઇ હરકત નહીં. તેમજ કેટલાક સાધુઓ શ્વેત અને અમુક માપવાળાં વસ્ત્રો ધારણ કરતા હોવાથી તેમને અચેલક પણ કહી શકાય. આ રીતેઃબાવીશ તીર્થંકરોના તીર્થના

* તીર્થંકરો જ્યારે દીક્ષા લે છે ત્યારે ઇંદ્ર એક દેવદૂષ્ય વસ્ત્ર ભગવંતને ખભે મૂકે છે.

સાધુઓને વિષે અચેલક કલ્પ અનિયતપણે રહેલો છે. શ્રી ઋષભદેવ અને શ્રી વીરપ્રભુના તીર્થના યતિઓ શ્વેત અને પરિમાણવાળાં જીર્ણ વસ્ત્રો (ડુંટીથી ચાર આંગળ નીચો અને ઢીંચણથી ચાર આંગળ ઉંચો એવો સાડા ચાર હાથનો ચોળપટો અને સાડા ચાર હાથનો કલ્પડો-કપડો તથા એક વેંત અને ચાર આંગળની મુહપત્તી) ધારણ કરનારા હોવાથી તેમને હંમેશા અચેલકપણું જ ઘટે છે. કોઈ પૂછશે કે જીર્ણ અને શ્વેત વસ્ત્રોનો ઉપભોગ કરવા છતાં, પહેલા અને છેલ્લા તીર્થંકરના સાધુઓને વિષે અચેલક કલ્પ શી રીતે ઘટાવી શકાય ? તેના જવાબમાં કહેવું જોઇએ કે જે વસ્ત્ર જીર્ણ અને તુચ્છ હોય તે કશા હિશાબમાં ગણાતું નથી, એટલે વસ્ત્ર હોવા છતાં પણ વસ્ત્રરહિત જ ગણાય. દાખલા તરીકે એક નાનું પોતીયુ પહેરી નદી ઉતરી આવનારને આપણે પૂછીએ કે-" તમે નદીમાં થઇને શી રીતે આ પાર આવ્યા ? " તો તે જવાબમાં એટલું જ કહે કે-" અમારે બધાં લુગડાં ઉતારીને નદી ઉતરવી પડી. " તેવી જ રીતે દરજી અથવા ધોબીને ત્યાં જ્યારે આપણે વસ્ત્રની ઉતાવળ કરવા જઈએ છીએ ત્યારે પણ એમજ કહીએ છીએ કે- "ભાઇ ! હવે પહેરવાને માટે મારી પાસે બીલ્કુલ વસ્ત્ર નથી, માટે મારાં વસ્ત્રો જલદી ધોઈ અથવા શીવી આપો તો ઠીક." બરાબર, એ જ રીતે પહેલા અને છેલ્લા તીર્થંકરના તીર્થના સાધુઓને વસ્ત્રો છતાં ખરી રીતે તો અચેલકપણું જ છે.

ઔદ્દેશિક કલ્પ.

ઔદ્દેશિક કલ્પ આધાકર્મી કલ્પથી ઓળખાય છે. જો કોઈ એક સાધુને ઉદ્દેશીને, અથવા તો સાધુના સમુદાયને નિમિત્તે, અશન, પાન, ખાદિમ, સ્વાદિમ, વસ્ત્ર, પાત્ર અને ઉપાશ્રય વિગેરે

તૈયાર કરેલાં હોય તો તે પહેલા અને છેલ્લા તીર્થંકરના તીર્થમાં કોઈપણ સાધુને ન કલ્પે. કોઇ એક સાધુને ઉદ્દેશીને, કે કોઈ એક સાધુના સમુદાયને ઉદ્દેશીને કે કોઈ એક ઉપાશ્રયને ઉદ્દેશીને કોઈપણ વસ્તુ તૈયાર થઈ હોય તો તે સાધુ, સમુદાય કે ઉપાશ્રયના સાધુને તો કામ ન જ આવે, પણ કોઈપણ સાધુને માટે તે યોગ્ય ન ગણાય. બાકી બાવીસ તીર્થંકરોના તીર્થમાં તો જે સાધુ વિગેરેને ઉદ્દેશીને કરેલું હોય તે તેને જ કામ ન આવે, પણ બીજાને તો કલ્પે.

શય્યાતર કલ્પ.

શય્યાતર એટલે જે જગ્યાએ સાધુ ઉતર્યા હોય તે જગ્યાનો સ્વામી. તેના નીચે બતાવેલા બાર પ્રકારના પિંડ સર્વ તીર્થંકરોના તીર્થમાં કોઇ પણ સાધુને કલ્પે નહીં. બાર પિંડનાં નામઃ— (૧) આહાર (૨) પાણી (૩) ખાદિમ (૪) સ્વાદિમ (૫) વસ્ત્ર (૬) પાત્ર (૭) કાંબળ (૮) રજોહરણ (૯) સોય (૧૦) અસ્તરો (૧૧) નખ તથા દાંત સુધારવાનું અસ્ત્ર (૧૨) અને કાન સુધારવાનું સાધન. જો એ બાર પિંડમાંથી, ઉપાશ્રયના સ્વામી પાસેથી કંઇ પણ સ્વીકારે તો તેથી કોઇ વાર અનેષણીય (સદોષ આહાર) પ્રસંગ ઉપસ્થિત થાય, તેમજ સાધુઓને ઉપાશ્રય મળવો દૂર્લભ થઈ પડે. તે સિવાય બીજા પણ દોષ લાગવાનો સંભવ રહે.

ઉપાશ્રયનો સ્વામી શય્યાતર ક્યારે ન થાય? સાધુ આખી રાત્રિ જાગતા રહે અને પ્રાતઃકાળે બીજે કોઈ સ્થાને પ્રતિક્રમણ (પડિલેહણ) કરી આવે તો મૂળ ઉપાશ્રયનો સ્વામી શય્યાતર થતો નથી અને તેથી તેના ઘરનાં આહાર પાણી કલ્પે. પરન્તુ જો સાધુઓ મૂળ ઉપાશ્રયમાં નિદ્રા લે અને પ્રાતઃકાળમાં

બીજે સ્થાને જઈ પ્રતિક્રમણ કરી આવે તો એ બન્ને ઉપાશ્રયના સ્વામી શય્યાતર થાય.

શય્યાતરની કઈ વસ્તુ ખપે ? ચારિત્રની ઇચ્છાવાળો ઉપધિ સહિત શિષ્ય, તૃણ, ડગલ (માટીનું ઢેફું) માત્રુ કરવાની કુંડી, ભસ્મ, પાટલો, બાજોઠ, શય્યા, સંસ્તારો અને લેપ વિગેરે વસ્તુઓ શય્યાતરની ખપે.

રાજપિંડ કલ્પ.

રાજપિંડમાં સેનાપતિ, પુરોહિત, નગરશેઠ, મંત્રી, સાર્થવાહ વિગેરે જેને હોય અને જેનો રાજ્યાભિષેક કરાવેલો હોય એવા રાજાનું પિંડ આવી જાય છે. એ રાજપિંડ ન ખપે. રાજપિંડ આઠ પ્રકારનો છેઃ—(૧) અશન, (૨) પાન (૩) ખાદિમ (૪) સ્વાદિમ (૫) વસ્ત્ર, (૬) પાત્ર, (૭) કંબળ અને (૮) રજોહરણ. પહેલા અને છેલ્લા તીર્થંકરના તીર્થના સાધુઓને રાજ્યના સેનાપતિ, પુરોહિત, નગરશેઠ, મંત્રી, સાર્થવાહ કે રાજાના પોતાના, ઉપર કહેલાં આઠ પિંડમાંથી કોઈ કલ્પે નહીં. કારણ કે રાજા પાસે આવવા-જવામાં સામંતો વિગેરે તરફથી સાધુને પોતાના સ્વાધ્યાયમાં ખલેલ પહોંચે. વળી કેટલાકો સાધુઓના શુકનને અપશુકન ગણતા હોવાથી સાધુના શરીરને વ્યાઘાત થવાનો પણ સંભવ રહે છે. તે સિવાય સાધુઓ જો રાજાઓ અને તેમના મુસદ્દીઓ પાસે વારંવાર આવ-જા કરે તો સાધુઓને ખાવાની લાલચ કદાચિત્ લાગુ પડે અને તેથી સાધુવર્ગની લઘુતા અને નિંદા વિગેરે થવાનો સંભવ રહે. એટલા માટે રાજપિંડનો નિષેધ કરવામાં આવ્યો છે. બાકી બાવીશ તીર્થંકરોના સાધુઓ હંમેશા સરળ અને પ્રાજ્ઞ હોવાથી તેમને ઉપર કહેલા દોષો સંભવતા નથી, માટે તેમને રાજપિંડ કલ્પે છે.

કૃતિકર્મ કલ્પ.

કૃતિકર્મ એટલે વંદના. તે બે પ્રકારની છે. (૧) અભ્યુત્થાન અને (૨) દ્વાદશાવર્ત્ત. સર્વ તીર્થંકરોના તીર્થમાં સાધુઓ વંદનાનું ધોરણ દીક્ષાપર્યાય પ્રમાણે રાખે. અર્થાત્ નવો દીક્ષિત ગમે તેટલો વિદ્વાન્ કે વયોવૃદ્ધ હોય તો પણ પ્રથમ દીક્ષિત થએલ સાધુને વંદના કરે. સાધ્વી કદિ લાંબા વખતથી દીક્ષિત થયેલાં હોય તો પણ તે નવા દીક્ષિત સાધુને વંદના કરે. કારણ કે ધર્મ પુરૂષપ્રધાન છે.

વ્રત કલ્પ.

વ્રત એટલે અહીં મહાવ્રત સમજવાના છે. બાવીસ તીર્થંકરના સાધુઓને ચાર મહાવ્રત હોય છે. કારણ કે તેઓ સ્ત્રીને પરિગ્રહ માને છે અને પરિગ્રહના પચ્ચખાણની સાથેજ સ્ત્રીનું પચ્ચખાણ થઇ ગયું એમ સમજે છે. તેથી તેમને અપરિગૃહિત સ્ત્રી સાથે ભોગનો અસંભવ છે. પહેલા અને છેલ્લા તીર્થંકરોના સાધુઓને તેવા જ્ઞાનનો અભાવ હોવાથી તેઓ ચારને બદલે પાંચ મહાવ્રતનો સ્વીકાર કરે છે. પહેલા અને છેલ્લા તીર્થંકરના સાધુને છઠ્ઠું રાત્રિભોજનવ્રત મૂળગુણમાં છે. અને બાકી બાવીસ જિનના સાધુને રાત્રિભોજનવ્રત ઉત્તરગુણમાં છે.

જ્યેષ્ઠ કલ્પ.

જ્યેષ્ઠ એટલે વડેરાંનો કલ્પ, કિંવા વૃદ્ધ અને લઘુનો વ્યવહાર. પહેલા અને છેલ્લા તીર્થંકરના વારામાં વડીદીક્ષાના દિવસથી (છેદોપસ્થાનીય ચારિત્ર–ઉપસ્થાપનાથી) ન્હાના–મ્હોટાપણું ગણાય છે અને બાવીસ તીર્થંકરના વારામાં અતિચાર વગરનું ચારિત્ર હોવાથી દીક્ષાના દિવસથીજ ન્હાના–મ્હોટાપણું મનાય છે.

હવે જો પિતા અને પુત્ર, માતા અને દીકરી, રાજા અને પ્રધાન તથા શેઠ અને નોકર સાથે જ દીક્ષા લે, સાથેજ યોગ વહે અને સાથેજ વડીદીક્ષા લે તો તેમને લઘુ વૃદ્ધ શી રીતે સ્થાપવા ? તેના જવાબમાં કહેવાનું કે, જો પિતા વિગેરે વૃદ્ધ પુરૂષો અને પુત્ર વિગેરે ન્હાનાઓ ષટ્જીવનિકાય, અધ્યયન અને યોગોદ્વહન-યોગ વહેવા વિગેરેની ક્રિયા કરીને એકી સાથે યોગ્યતાને પ્રાપ્ત થયા હોય તો તેઓને અનુક્રમે સ્થાપિત કરવા. અને ધારો કે તેમાં થોડું અંતર રહી જતું હોય તો જરા વિલંબ કરવો અને બનતાં સુધી પિતા વિગેરે વૃદ્ધ પુરૂષોને અગ્રપદે સ્થાપિત કરવા. કારણ કે એટલી છૂટછાટ મૂકવામાં ન આવે તો પિતા વિગેરે વૃદ્ધોને પુત્રાદિક ઉપર કદાચિત્ અપ્રીતિ થાય. પુત્ર વિગેરે જો બહુ કુશાગ્રબુદ્ધિવાળા હોય અને પિતા વિગેરે બુદ્ધિમાં પછાત હોય તો સ્વાભાવિક રીતેજ તેમની વચ્ચે મ્હોટું અંતર પડી જાય. એવે પ્રસંગે વૃદ્ધ પિતાદિકને આ પ્રમાણે શાંતિથી સંબોધવા:—"હે મહાભાગ ! તમારો પુત્ર બુદ્ધિમાન છે; પણ તમારી ખાતર બીજા ઘણા સાધુઓથી પાછળ પડી જશે, અને બીજા સાધુઓથી ન્હાનો ગણાશે. હવે જો તમે અનુજ્ઞા આપતા હો તો તેને જ્યેષ્ઠ તરીકે સ્થાપીએ. તમારો પુત્ર જ્યેષ્ઠ ગણાય તેમાં એકલા તમારા પુત્રનુંજ નહીં પણ તમારૂંયે ગૌરવ છે." એ રીતે સમજાવવાથી જો વડીલ પુરૂષો રજા આપે તો પુત્ર, પુત્રી, નોકર વિગેરેને પ્રથમ સ્થાપવા અને રજા ન આપે તો ન સ્થાપવા.

પ્રતિક્રમણ કલ્પ.

બાવીસ તીર્થંકરના સાધુઓ તો પોતાને અતિચાર લાગે ત્યારે જ પ્રતિક્રમણ કરે, પણ પહેલા અને છેલ્લા તીર્થંકરના

મુનિઓએ તો અતિચાર લાગે યા ન લાગે તો પણ નિરંતર પ્રતિક્રમણ કરવું જ જોઇએ. મધ્યમ બાવીસ તીર્થંકરોના યતિઓને તો દેવસી અને રાઈ એવાં બેજ પ્રતિક્રમણ હતાં, પણ પહેલા અને છેલ્લા તીર્થંકરના સાધુઓ તો દેવસી આદિ પાંચ પડિક્કમમણાં કરે.

માસ કલ્પ.

બાવીસ તીર્થંકરોના મુનિઓ સરળ અને પ્રાજ્ઞ હોવાથી તેમને માસ કલ્પનો નિયમ નથી. જો તેમને એકજ સ્થળે રહેવાથી લાભ જણાય તો પૂર્વ કોટી સુધી–ઘણા કાળ પર્યન્ત, ત્યાં ને ત્યાંજ રહે. પરંતુ પહેલા અને છેલ્લા તિર્થંકરના મુનિઓ તો એક સ્થાને એક માસથી વધુ વખત રહી શકે નહીં, માત્ર ચોમાસાના ચાર મહિના એક સ્થળે રહે. જો માસકલ્પનો નિયમ તેઓ ન જાળવે તો લોકોમાં મુનિની લઘુતા થાય, લોકોપકાર ન કરી શકે, દેશ–વિદેશનું જ્ઞાન ન થાય અને પોતે સ્વાધ્યાયમાં પુરૂં લક્ષ ન આપી શકે. કદાચ દુર્ભિક્ષ કે અશક્તિ વિગેરે કારણોને લીધે વધારે સમય રહેવું પડે તો છેવટે વસતિ પાલટણ કરે, પાડો કે શેરી પલટાવે, અથવા ઘર પલટાવે, કિંવા સંથારાની ભૂમિ પણ પલટાવી નિયમની રક્ષા કરે.

પર્યુષણા કલ્પ.

પરિ એટલે સમસ્તપણે અને ઉષણા એટલે રહેવું. પર્યુષણા એટલે સમસ્તપણે રહેવું તે, અને તે શિવાય પર્યુષણા નામનું વાર્ષિક પર્વ એવા બન્ને અર્થ થાય છે. પર્યુષણા નામનું વાર્ષિક પર્વ ભાદ્રપદ માસની શુકલ પાંચમે અને કાલિકાચાર્ય થયા પછી ભાદ્રપદની શુકલ ચતુર્થીએ જ થાય છે.*

* પ્રથમ સાંવત્સરિક પર્વ ભાદરવા શુદિ પંચમીનુંજ હતું. પણ કાર-

સમસ્તપણે રહેવારૂપ જે પર્યુષણા કલ્પ છે તેના બે પ્રકાર છેઃ—(૧) સાલંબન અને (૨) નિરાલંબન. નિરાલંબન એટલે કારણના અભાવવાળો. તે નિરાલંબન પર્યુષણા કલ્પના પણ (૧) જઘન્ય અને (૨) ઉત્કૃષ્ટ એવા બે ભેદ છે.

જઘન્યઃ—સાંવત્સરિક પ્રતિક્રમણથી માંડી કાર્ત્તિક ચાતુર્માસના પ્રતિક્રમણ સુધી સીત્તેર દિવસના પરિણામવાળો.

ઉત્કૃષ્ટઃ—અષાડ ચોમાસી પ્રતિક્રમણથી માંડી કાર્ત્તિક ચોમાસી પ્રતિક્રમણ સુધી ચાર માસનો. આ બન્ને પ્રકારનો નિરાલંબ પર્યુષણાકલ્પ સ્થવિરકલ્પીઓ માટે છે, બાકી જીનકલ્પીઓને તો એક નિરાલંબન ચાતુર્માસિક જ કલ્પ છે—અર્થાત્ કોઈ કારણને લીધે સાલંબન પણ થાય.

જે ક્ષેત્રમાં માસકલ્પ કર્યો હોય તે જ ક્ષેત્રમાં ચાતુર્માસ કરવાથી અથવા ચાતુર્માસ કર્યા પછી માસકલ્પ કરવાથી છ માસનો કલ્પ થાય, તે પણ સ્થવિરકલ્પીઓને જ ઉચિત છે અને પાંચ પાંચ દિવસનો ઉમેરો કરી ગૃહસ્થોને જણાવવાનો કે ન જણાવવાનો અધિકાર અહીં લંબાણથી લખ્યો નથી. કારણ કે સંઘની આજ્ઞાથી તે વિધિ હાલમાં ઉચ્છેદ થઈ ગયો છે. કલ્પકિરણાવળી વિગેરે ટીકાઓમાં તે જોઈ લેવો.

પર્યુષણા કલ્પ, પ્રથમ અને છેલ્લા તીર્થંકરના તીર્થમાં નિયત છે અને બાકીના બાવીસ તીર્થંકરોના તીર્થમાં અનિયત છે. કારણકે મધ્યમ તીર્થંકરોના સાધુઓ તો દોષનો અભાવ હોય તો એક ક્ષેત્રમાં દેશ ઉણી પુર્વ કોટી સુધી રહે છે અને દોષ જેવું

ણવિશેષથી શ્રી કાલિકાચાર્ય મહારાજે **अंतरा वियसे कप्पइ** એ સૂત્રવચનને અવલંબી શુદિ ૪ નું પ્રવર્તાવ્યું અને તે સર્વ સાધુઓએ માન્ય રાખ્યું. જુઓ નિશીથ ચુર્ણિ–દશમોદ્દેશક.

જણાય તો એક માસકલ્પ પણ કરતા નથી. એવી રીતે મહાવિદેહ ક્ષેત્રમાં પણ બાવીસ તીર્થંકરોની જેમ જ સર્વ તીર્થંકરોના કલ્પની વ્યવસ્થા જાણી લેવી.

ઉપર કહેલા દશ કલ્પો શ્રી ઋષભ પ્રભુ તથા શ્રી વર્ધમાન સ્વામીના તીર્થમાં નિયત છે અને બાવીસ તીર્થંકરોના તીર્થમાં પહેલો અચેલક કલ્પ, બીજો ઔદ્દેશિક કલ્પ, ત્રીજો પ્રતિક્રમણ કલ્પ ચોથો રાજપિંડ કલ્પ, પાંચમો માસ કલ્પ અને છઠ્ઠો પર્યુષણા કલ્પ એ પ્રમાણે છ કલ્પનો કાંઈ નિશ્ચય નહીં, બાકી શય્યાતર કલ્પ, ચતુર્વ્રત, પુરૂષજ્યેષ્ઠ, અને કૃતિકર્મ એ ચાર કલ્પ નિશ્ચયે હોય છે. એ રીતે દશ કલ્પોનો નિયત અને અનિયત વિભાગ જાણવો.

મોક્ષમાર્ગ એકજ હોવા છતાં આચારભેદ કેમ ?

આ સ્થળે એવો પ્રશ્ન ઉઠશે કે સર્વ કોઇને માટે સાધવા-યોગ્ય એક માત્ર મોક્ષમાર્ગ જ છે, તો પછી તેમાં પહેલા તથા છેલ્લા તીર્થંકરના સાધુઓ અને બાકીના બાવીસ તીર્થંકરના સાધુઓ વચ્ચે આવો આચારભેદ શા માટે હોવો જોઇએ ? તેનું સમાધાન નીચે આપીએ છીએ:—

આચારભેદનું મુખ્ય કારણ જીવવિશેષ છે. શ્રી ઋષભ પ્રભુના તીર્થના જીવો સરળ સ્વભાવી અને જડ હોવાથી તેમને ધર્મનો બોધ સ્હેલાઈથી થઇ શકતો નથી, કારણ કે જડતાનું નિવારણ કરવું બહુ આકરૂં હોય છે. શ્રી વીરપ્રભુના વારાના જીવો વક્ર અને વળી જડ હોવાથી તેમને ધર્મનો બોધ તથા ધર્મનું પાલન એ બન્ને દુષ્કર થઈ પડે છે. બાકી બાવીસ તીર્થંકરના સાધુઓને તો ધર્મનો બોધ પણ સરળતાથી થાય છે, અને તેનું પાલન પણ તેઓ બહુ સારી રીતે કરી શકે છે. કારણ કે તેઓ સરળ અને

પ્રાજ્ઞ હોય છે. ઉપર કહી તેવી સરળતા, જડતા અને વક્રતાને લીધેજ મોક્ષમાર્ગ એકજ હોવા છતાં આચારભેદ પડે છે.

સરળ સ્વભાવ અને જડતાનું દૃષ્ટાન્ત:—પ્રથમ તીર્થંકરના વારાના કેટલાક સાધુઓ એકવાર બ્હારથી બહુ મોડા આવ્યા, એટલે ગુરૂએ તેમને પૂછયું કે—"મુનિઓ! આજે તમને રોજ કરતાં કેમ વધારે વખત લાગ્યો?" મુનિઓએ કંઇ પણ વાત છુપાવવાને બદલે જેવી હતી તેવીજ વાત સરળ સ્વભાવે કહી સંભળાવી કે:—"ભગવન ! આજે માર્ગમાં કેટલાક નટ લોકો જાતજાતના ખેલ કરતા હતા તે જોવા અમે ઉભા રહ્યા અને તેથી અહીં આવવામાં વધારે વિલંબ થઇ ગયો."

ગુરૂજીએ ઉપદેશ આપ્યો:—"નટનાં ખેલ કે નૃત્ય જોવાનો આપણો સાધુનો આચાર નથી."

શિષ્યોને પોતાની ભુલ સમજાણી. તેથી તેમણે "બહુ સારૂં" કહી એ આજ્ઞા માથે ચડાવી.

એ વાતને થોડા દિવસ થઇ ગયા. એક વખતે પ્રથમની જેમ પેલા મુનિઓ બ્હારથી બહુ મ્હોડા આવ્યા, ગુરૂએ પૂછયું કે:—"મુનિઓ ! આજે કેમ બહુ વાર લાગી ?" આ વખતે પણ મુનિઓએ પ્રથમની માફક જે બન્યું હતું તે ખરેખરૂં કહી દીધું કે—"આજે એક નટડીનો ખેલ જોવા ઉભા રહ્યા, તેથી વધારે વખત નીકળી ગયો." ગુરૂજીએ આગલા એવા જ એક પ્રસંગની યાદ આપી કહ્યું કે:—"તમને મેં થોડા દિવસ ઉપરજ નટનાં નૃત્ય કે ખેલ જોવાની મનાઇ ન્હોતી કરી? તો પછી આ વખતે પણ તે જોવાને કેમ ઉભા રહ્યા?" શિષ્યોએ બહુજ નિખાલસ દીલે જવાબ દીધો કે: "તે વખતે તો આપે નટ જોવાનો નિષેધ કર્યો હતો, પણ નટીનો ખેલ જોવાનો કંઇ નિષેધ ન્હોતો કર્યો!"

આખરે ગુરૂજીએ કહ્યું કે–"બુદ્ધિની જડતાને લીધે જ તમે મારા કહેવાનો અર્થ ન સમજી શક્યા. નટનો નિષેધ થયો તેની સાથે નટીનો નિષેધ પણ થઈ જ ગયો એમ તમારે પોતે સમજી લેવું જોઈતું હતું."

મુનિઓએ જવાબ દીધો કે:–"ગુરૂજી, અમે એવું સમજીએ નહીં. હવેથી અમે નટ કે નટીનો ખેલ જોવા ઉભા નહીં રહીએ."

જડતાને લીધે ખોટી દયા ચીંતવી:—

કોકણ દેશના એક વૃદ્ધ પુરૂષે સંસારમાં વૈરાગ્ય ઉપજવાથી પોતાનું ઘરબાર તથા પુત્રપરિવારનો ત્યાગ કરી વૃદ્ધાવસ્થામાં દીક્ષા લીધી. એક દિવસે સ્થંડિલ જઈ આવ્યા પછી ઈર્યાપથિકી પડિક્કમતાં કાઉસગ્ગમાં ઘણો વખત નીકળી ગયો, તે જોઈ ગુરૂએ પૂછયું:–"મુનિજી, આજે કાઉસગ્ગમાં કેમ વધારે સમય થઈ ગયો?"

સાધુજીએ સરળ સ્વભાવે ઉત્તર આપ્યો કે:—"ગુરૂદેવ! આજે કાઉસગ્ગમાં જીવદયા ચિંતવતો હતો તેથી સ્હેજ વધારે વિલંબ થઈ ગયો."

ગુરૂજીએ પુનઃપૂછયું:–"કયા પ્રકારની જીવદયા ચિંતવતા હતા તે જરા કહો તો ખરા?"

મુનિજીએ પ્રથમની જેમ બહુ જ સરળભાવે કહી નાખ્યું કે:—"જ્યારે હું ગૃહસ્થાશ્રમમાં હતો ત્યારે વર્ષાકાળ આવતાં મારાં તમામ ખેતરો ખેડી નાખતો, સૂડ કરતો, નકામાં રોપાં ઉખેડી ફેંકી દેતો અને એ રીતે એટલી કાળજી રાખતો કે મારા ઘરમાં ખૂબ ધાન્ય એકઠું થતું અને અમે સર્વે સુખ–આનંદમાં દીવસો કાઢતા. પણ મારાં પુત્રો મારાં જેટલાં કાળજીવાળાં નથી; અરેરે! તેમને ખેતીવાડીનું જરાયે ભાન નથી. તેઓ જો મારા

જેવી ખેડ કે સૂડ નહીં કરે તો તેમની કેવી બુરી દશા થશે! એ રીતે તેમની બુરી દશાનું ધ્યાન કરતો તેમની દયા ચીંતવતો હતો, તેથી કાઉસગ્ગમાં વધારે વખત નીકળી ગયો."

ગુરૂએ મુનિજીની જડતાનું નિવારણ કરતાં કહ્યું કે:—"હે મહાભાગ! સંસાર છોડ્યા પછી એવી રીતે ખેતરોનું કે પુત્ર પરિવારનું ધ્યાન કરવું ઉચિત નથી. તમે જેને દયા ચિંતવી એમ કહો છો એ કંઈ ખરી દયા નથી, પણ વસ્તુતઃ તમે મિથ્યાત્વરૂપ પાતકજ ધ્યાયું છે. કેમકે પાપ વિના ખેતીનો ધંધો થઇ શકે નહીં."

મુનિજીને પોતાની ભૂલ સૂઝી. તેમણે મિચ્છામી દુક્કડં દઈ પોતાના પાપની શુદ્ધિ કરી વાળી.

જડ અને વક્ર સ્વભાવનું દ્રષ્ટાન્ત—

વીરપ્રભુના વારાના થોડા મુનિઓ સ્થંડિલ ગયા હતા. તેઓ માર્ગમાં એક નટને નૃત્ય કરતો જોઈ ઉભા રહ્યા અને ગુરૂજીએ જ્યારે વિલંબથી આવવાનું કારણ જાણવા માગ્યું ત્યારે તેમણે કહ્યું કે "વચમાં એક નટ નૃત્ય કરતો હતો તે જોવાને ઉભા રહ્યા તેથી જરા વધારે વખત નીકળી ગયો." ગુરૂજીએ શિષ્યોની જડતા દૂર કરવા કહ્યું કે "કોઈપણ નટનાં નૃત્ય કે ખેલ જોવાનો મુનિને અધિકાર નથી. તમે એવું નૃત્ય જોવા ઉભા રહ્યા એ ઠીક ન કહેવાય." શિષ્યોએ એ વાત તરત સ્વીકારી અને દુષ્કૃત્યને માટે મિચ્છામી દુક્કડં દીધું. પછી થોડા દિવસ વીતતાં એજ મુનિઓ, કોઇ નટીનું નૃત્ય જોવા ઉભા રહ્યા અને ગુરૂજીએ વિલંબનું કારણ પૂછયું તે વારે તેઓ સીધી રીતે જવાબ આપવાને બદલે વક્રપણે આડાઅવળા ઉત્તર આપી મૂળ વાતને ઉડાડી દેવાનો પ્રયત્ન કરવા લાગ્યા. આખરે સાચી વાત

બ્હાર આવી. ગુરૂજીએ શિષ્યોની જડતા અને વક્રતા બદલ ભારે ઠપકો આપ્યો એટલે શિષ્યો બોલી ઉઠ્યા કેઃ—"પ્રથમ તો તમે જ ભૂલ કરી છે અને વળી પાછા અમને ઠપકો આપો છો એ કેવો અન્યાય ? ! તમે તો અમને નટનું નૃત્ય જોવાની મનાઇ કરી હતી, નટીનું નૃત્ય ન જોવાનું તમે ક્યારે કહ્યું હતું ? અમને શું ખબર પડે કે નટનું કે નટીનું બેમાંથી કોઇનું નૃત્ય ન જોવાય ? એવું હોય ત્યારે તમારે અમને ચોખ્ખે ચોખ્ખી વાત કહી દેવી."

વણિક પુત્ર વિનય જાળવે છે !

એક શેઠને ભારે અવિનયી પુત્ર હતો. તેને બોલવાનું કે ચાલવાનું કશુંય ભાન ન હતું. વિવેક–વિનયનો તો તેનામાં છાંટોય ન્હોતો. તે ગમે તેવા મ્હોટા માણસનું મ્હોં તોડી લેતો અને ન બોલવા જેવાં વેણ બોલી નાખતો. એકદા તેના પિતાયે તેને શિખામણ આપતાં કહ્યું કેઃ—"જો બેટા, આમ ઉદ્ધત થઈએ તે ઠીક નહીં. બનતાં સુધી કોઇ વડીલ કે પૂજ્ય પુરૂષને તારે સામો જવાબ ન આપવો. અને કોઇ કંઇ કહે તો છાનામાના સાંભળી બેસી રહેવું." પુત્રે પિતાની શિખામણ ગાંઠે બાંધી લીધી. તેણે કોઇને સામે જવાબ ન આપવાનો નિશ્ચય કર્યો.

એક દિવસે માબાપ કઈં કારણવશાત્ ઘરની બ્હાર ગયા. ઘરમાં પુત્ર એકલો હતો તેથી કમાડ બરાબર બંધ કરી, અંદરથી સાંકળ ચઢાવી બેસી રહ્યો. પછી જ્યારે થોડા વખત પછી માબાપ ઘરે પાછા વળ્યાં ત્યારે તેમણે પુત્રને ઘણા સાદ કર્યા પણ પુત્રે તેનો બીલકુલ જવાબ ન આપ્યો. માબાપ સાદ પાડીને કંટાળી ગયા એટલે પિતાએ ભીંત ઓળંગી મહાકષ્ટે ઘરમાં પ્રવેશ કર્યો ! તેણે જોયું તો પુત્ર એ બધો વખત બેઠો બેઠો

હસી-નાચી રહ્યો હતો. પિતાએ પૂછ્યું કેઃ—"તેં અમારા આટલા બધા સાદનો કંઇ જવાબ કેમ ન આપ્યો ?" પુત્રે તુરતજ કહ્યું કે "તમે પોતે જ મને નથી કહ્યું કે કોઈ વડીલ પુરૂષને સામો જવાબ ન વાળવો ?" પિતાને પોતાના પુત્રની વક્રતા અને જડતા માટે બહુ ખેદ થયો.

સરળ અને પંડિત મુનિનું દ્રષ્ટાન્ત—

શ્રી અજીતનાથ વિગેરે બાવીસ તીર્થંકરોના વારાના મુનિઓ કેવા સરળ અને પંડિત હોય છે તે નીચેના દૃષ્ટાન્તથી જણાશેઃ—

શ્રી અજીતનાથ ભગવાનના કેટલાક મુનિઓ નટનું નૃત્ય જોઇ લાંબે વખતે ઉપાશ્રયમાં આવ્યા. તે વારે ગુરૂજીએ પ્રશ્ન કર્યો કેઃ-" મુનિઓ, આજે વધારે વખત કેમ લાગ્યો ? " જવાબમાં મુનિઓએ નટના નૃત્યની વાત સંપૂર્ણ સરળભાવે કહી સંભળાવી. તે પછી ગુરૂજીએ નટનું નૃત્ય નહીં નીરખવાનો ઉપદેશ આપ્યો. તે સર્વ મુનિવરોએ અંતઃકરણપૂર્વક કબુલ રાખ્યો. તે પછી થોડા દિવસ નીકળી ગયા. એકદા તેજ મુનિઓ સ્થંડિલથી પાછા ફરતા હતા તે સમે એક નટી નૃત્ય કરતી હતી. તે નૃત્ય જોવાની અને સ્હેજ ઉભા રહેવાની ઇચ્છા થતાંજ તેમને ગુરૂજીનો ઉપદેશ યાદ આવ્યો. તેમણે પોતાના મનથી જ નિશ્ચય કરી વાળ્યો કે જો કે ગુરૂજીએ નટનાં ખેલ જોવાની મનાઈ કરી છે, પણ નટના ખેલમાં નટીનું નૃત્ય પણ જરૂર આવી જાય. એટલા માટે એવા પ્રકારનું કોઇપણ નૃત્ય કે ખેલ જોવાનો આપણો આચાર નથી. નટી તો ખાસ કરીને ન જોવાય. કારણ કે તે સ્ત્રી હોવાથી રાગ થવાના અત્યંત કારણરૂપ છે. એ પ્રમાણે વિચાર કરી પોતે પોતાની મેળેજ તે સ્થાને ઉભા ન રહેતાં એકદમ ઉપાશ્રય તરફ ચાલી નીકળ્યા.

વક્રતા અને જડતા હોય ત્યાં ધર્મ સંભવે ખરો ?

આ સ્થળે એવી શંકા ઉઠશે કે સરળતા અને પાંડિત્ય હોય ત્યાં તો ધર્મ સંભવે પણ જ્યાં જડતા અને વક્રતા હોય ત્યાં ધર્મ શી રીતે સંભવે ? અર્થાત્ શ્રી અજીતનાથ આદિ બાવીસ તીર્થંકરોના વારાના મુનિઓ તો સરળ અને પંડિત હોવાથી ધર્મનું રહસ્ય સમજે અને પાળી પણ શકે, પરંતુ પ્રથમ અને છેલ્લા તીર્થંકરોના વારાના મુનિઓ શી રીતે ધર્મમાં સ્થિર રહી શકે ? તેમાંય પણ વક્રતા અને જડપણાને લીધે શ્રી મહાવીર સ્વામીના વારાના મુનિઓને તો ધર્મ સંભવેજ શી રીતે ?

એવી શંકા કરવી એ ઠીક નહીં. પ્રથમ તીર્થંકરના મુનિઓ જડતાને લીધે ઘણીવાર ભૂલથાપ ખાઈ જાય, સ્ખલના પામે એ બધું ખરૂં; પણ તેમના મનોભાવ શુદ્ધ હોવાથી તેમને ધર્મપ્રાપ્તિ થાય એ નિઃસંશય છે. શ્રી વીરપ્રભુના મુનિઓમાં વક્રતા અને જડતા હોવાથી તેમના મનોભાવ સરળ પ્રાજ્ઞની અપેક્ષાએ વિશેષ શુદ્ધ ન પણ હોય, પરંતુ એમને વિષે ધર્મ સર્વથા સંભવેજ નહી એમ ન કહી શકાય. ક્યાંઇ પણ ધર્મ નથી એમ કહેવું એ મહાન દોષારૂપદ છે. કહ્યું પણ છે કે " ધર્મ નથી, સામાયિક નથી અને વ્રત પણ નથી એમ કહેનારને શ્રી શ્રમણસંઘે સંઘ બહાર કરી દેવો."

ચાતુર્માસમાં પણ વિહાર થઇ શકે ?

ઉપર જે પર્યુષણાકલ્પ નિયતપણે સીત્તેર દિવસના પ્રમાણનો કહ્યો છે તેમાં નીચેનાં કારણોને લીધે ચાતુર્માસમાં પણ મુનિજનોને વિહાર કરવાની છુટ છે. કોઇ પણ પ્રકારનું અશિવ-અમંગળ થાય, આહાર મળતો ન હોય, અને રાજાથી કે રોગથી પરાભવ થતો હોય તો ચાતુર્માસમાં પણ બીજે વિહાર કરવો

કલ્પે. તેજ પ્રમાણે સ્થંડિલ જવાનું સ્થાન સારૂં ન હોય, ઉપાશ્રયમાં જીવજંતુ આદિનો ઉપદ્રવ હોય, બહુ કુંથવા હોય યા તો અગ્નિ કે સર્પનો ભય હોય તો પણ ચાતુર્માસમાં મુનિ બીજે વિહાર કરી શકે.

ચાતુર્માસ વીત્યા પછી પણ રહી શકાય ?

ચાતુર્માસ વીત્યા છતાં વરસાદ રહેતો ન હોય અને માર્ગો કાદવથી પરિપૂર્ણ હોય તો મુનિઓ કાર્તિકી પૂર્ણિમા વીતી ગયા પછી પણ વિહાર ન કરે તો ચાલે.

સ્થિરતા કરવાના ક્ષેત્રોની પસંદગી.

ઉપર જે અમંગળ આદિ દોષો વર્ણવ્યા તેમાંનું કંઇ કારણ ન હોય તો પણ સંયમનો નિર્વાહ સુખશાંતિથી થઇ શકે તે માટે ક્ષેત્રની પસંદગી કરવામાં મુનિઓએ નીચેનાં કારણોનો જરૂર વિચાર કરવો જોઇએ. ખાસ કરીને એવાં ક્ષેત્રોના ત્રણ વિભાગ પાડવામાં આવ્યા છે:-(૧) જઘન્ય, (૨) ઉત્કૃષ્ટ અને (૩) મધ્યમ.

જઘન્ય ક્ષેત્રનાં લક્ષણો:—જ્યાં જીનપ્રાસાદ અથવા વિહારભૂમિ હોય, સ્થંડિલ જવાનું સ્થાન શુદ્ધ, નિર્જીવ તથા કોઇની દ્રષ્ટિ ન પડે તેવું હોય, જ્યાં સ્વાધ્યાય-સજઝાય કરવાને માટે અનુકૂળ ભૂમિ હોય, અને જ્યાં સાધુને આહારપાણી સુલભપણે મળી શકતાં હોય તે સ્થાન સાધારણ રીતે ઠીક કહેવાય.

ઉત્કૃષ્ટ ક્ષેત્રનાં લક્ષણો:--જ્યાં ઘણો કાદવ ન હોય, ઘણા સંમૂર્છિમ જીવો ઉદ્ભવતા ન હોય, ઠલ્લે જવાનું સ્થાન નિર્દોષ હોય, ઉપાશ્રયમાં સ્ત્રીયોનો સંસર્ગ ન હોય, ઘી-દૂધ વિગેરે ગોરસની સુલભતા હોય, જ્યાંના લોકો ખાનદાન અને ભદ્રિક હોય,

જ્યાં ભદ્રિક વૈદ્યનો લાભ મળી શકે તેવું હોય, ઔષધો પણ સહેલાઈથી મળી શકતાં હોય, ગૃહસ્થોનાં ઘરમાં ધન ધાન્ય પુષ્કળ હોય, રાજા પોતે પણ ઉત્તમ વિચારો ધરાવનારો હોય, બ્રાહ્મણો વિગેરેથી મુનિજનોનું અપમાન થવાનો સંભવ ન હોય, જે ક્ષેત્રમાં ભીક્ષા સહેલાઈથી મળી શકતી હોય અને જ્યાં સ્વાધ્યાયમાં જરાય ખલેલ ન પહોંચતી હોય એવું તેર લક્ષણોવાળું સ્થાન મુનિજનોને સ્થિરતા કરવા માટે ઉત્કૃષ્ટ ગણાય છે.

મધ્યમ ક્ષેત્રનાં લક્ષણો:—ઉપર કહેલા ચાર ગુણોથી વધારે અને પાંચમા ગુણથી બારમા ગુણ સુધી મળતાં આવે તેવાં લક્ષણોવાળું સ્થાન ઉત્કૃષ્ટ નહીં તેમજ જઘન્ય પણ નહીં, અર્થાત મધ્યમ ગણાય.

સંયમમાં રૂચી ધરાવનારા મુનિવરો બનતાં સુધી ઉત્કૃષ્ટ ક્ષેત્રનીજ પસંદગી કરે, ઉત્કૃષ્ટ ન મળે તો મધ્યમ ક્ષેત્રમાં અને મધ્યમ ક્ષેત્ર ન મળે તો અંતે જઘન્ય ક્ષેત્રમાં અને વર્તમાન નિયમ પ્રમાણે તો ગુરૂએ જ્યાં આજ્ઞા કરી હોય તેજ ક્ષેત્રમાં પર્યુષણા કલ્પ કરે.

નિર્દોષ દશકલ્પની ઉપકારકતા.

ઉપર વર્ણવેલો દશ પ્રકારનો કલ્પ જો સંપૂર્ણ નિર્દોષપણે પાળ્યો હોય તો નીચે આપેલા દ્રષ્ટાન્તમાં ત્રીજા વૈદ્યના ઔષધની જેમ ભારે ઉપકારક થાય છે:—

એક રાજાને પોતાના પુત્ર પ્રત્યે ઘણીજ મમતા હતી. તેણે પોતાના પુત્રના ભવિષ્યનાં સુખ આરોગ્ય માટે દેશવિદેશમાંથી ત્રણ વૈદ્ય બોલાવ્યા, અને દરેકની પાસે કેવા પ્રકારનાં ઔષધો છે તે જાણવા માગ્યું.

પ્રથમ વૈદ્યે જવાબ આપ્યો કે—" રાજાજી, મારૂં ઔષધ એવું તો ભારે પ્રભાવભર્યું છે કે તેના સેવનથી શરીરના બધા રોગ મટી જાય, પણ જો કોઇ પ્રકારનો રોગ જ ન હોય તો મારૂં ઔષધ નવા રોગો પેદા કરે."

રાજાએ કહ્યું કે " તમારૂં પ્રભાવવાળું ઔષધ ભલે તમારી પાસે જ રહ્યું. જે ઔષધ સૂતેલા સર્પને નકામા છંછેડે તેની મને કશી જરૂર નથી."

બીજા વૈદ્યે જવાબ આપ્યો કે—" મારા ઔષધમાં એવી ખુબી છે કે રોગ હોય તો તેનો જડમૂળથી નાશ કરે અને જો કંઇ રોગ ન હોય તો મારૂં ઔષધ કાંઇ લાભ કે હાનિ ન કરે."

રાજાએ કહ્યું કે—" અગ્નિમાં વ્યર્થ ફેંકી દેવા સમાન તમારાં ઔષધો પણ મારે મન નકામાં જ છે."

ત્રીજા વૈદ્યે જવાબ આપ્યો કે—" મારા ઔષધની ખુબી તો એ સૌથી ન્યારી જ છે. મારા ઔષધમાં એવો અપૂર્વ ગુણ છે કે તેના સેવનથી શરીરના તમામ રોગ નખમાંથી નીકળી જાય એટલું જ નહીં પણ જો સેવન કરનાર વ્યક્તિ શરીરે નીરોગી હોય તો તેના શરીરની કાંતિ, પુષ્ટિ અને બળ એટલાં બધાં વધી જાય કે તેને ભવિષ્યમાં કોઇપણ પ્રકારનો રોગ ન થાય."

રાજાએ કહ્યું કે " મને એવાજ ઔષધની જરૂર છે."

કલ્પસૂત્ર એ કલ્પવૃક્ષ જ છે—કલ્પસૂત્ર એ ખરેખર ત્રીજા વૈદ્યની જેમ ઉપકારક છે. કારણ કે તે જુનાં કર્મોરૂપી વ્યાધિઓને સમૂળાં દૂર કરે છે, નવાં કર્મરૂપ વ્યાધિથી હંમેશાં બચાવે છે અને ચારિત્રગુણની એવી તો સરસ પુષ્ટિ કરે છે કે ભવિષ્યમાં કોઇપણ પ્રકારની આપદા મુંઝવી શકતી નથી.

દેવતાઓમાં ઇંદ્ર જેમ સર્વશ્રેષ્ઠ ગણાય છે, અને તારાઓમાં ચંદ્ર, ન્યાયપ્રવીણ પુરૂષોમાં રામ, રૂપવંત પુરૂષોમાં કામદેવ, સુંદરીઓમાં રંભા, વાજીંત્રોમાં ભંભા, હસ્તિઓમાં ઐરાવત, સાહસિકોમાં રાવણ, બુદ્ધિમાનોમાં અભયકુમાર, તીર્થોમાં શત્રુંજય, ગુણોમાં વિનય, ધનુર્ધારીઓમાં અર્જુન, મંત્રોમાં નવકાર અને વૃક્ષોમાં જેમ આમ્રવૃક્ષ સર્વશિરોમણી ગણાય છે, તેમ આ કલ્પસૂત્ર સર્વ શાસ્ત્રોમાં ઉચ્ચ અને અગ્રસ્થાને શોભે છે.

મંત્રોમાં પરમેષ્ઠી મંત્ર, તીર્થોમાં શત્રુંજય, દાનમાં અભયદાન, ગુણોમાં વિનય, વ્રતોમાં બ્રહ્મચર્ય, નિયમમાં સંતોષ, તપમાં શમતા અને તત્વમાં સમ્યગ્દર્શન જેમ સર્વથી શ્રેષ્ઠ છે, તેમ શ્રી સર્વજ્ઞપ્રભુએ કહેલા સર્વ પર્વોમાં પર્યુષણપર્વ સર્વશ્રેષ્ઠ છે. એ પર્યુષણ પર્વની સાથે કલ્પસૂત્રને અનન્ય સંબંધ છે. જેમ અર્હત કરતા મહાન્ અન્ય કોઇ દેવ નથી, મુક્તિ કરતા અન્ય કોઇ મહાન્ પદ નથી, શ્રી શત્રુંજય કરતા અન્ય કોઇ પવિત્ર સ્થાન નથી, તેમ કલ્પસૂત્ર કરતા અન્ય કોઇ મહાન શાસ્ત્ર નથી. આ કલ્પસૂત્ર એક રીતે કલ્પવૃક્ષજ છે એમ કહીએ તો પણ ચાલે. તે આનુપૂર્વિના ક્રમ વગર કહેવામાં આવ્યું છે. તેથી તેમાં આવેલું શ્રી વીરચરિત્ર બીજ સમાન છે, પાર્શ્વચરિત્ર અંકુરરૂપ છે, નેમીચરિત્ર થડ સમાન છે, શ્રી ઋષભચરિત્ર શાખારૂપે સોહે છે, સ્થવિરાવલી રૂપ તેનાં પુષ્પો છે, સમાચારી રૂપ સુગંધ છે અને મોક્ષપ્રાપ્તિ એ તેનું ફળ છે. એ રીતે કલ્પસૂત્ર વસ્તુતઃ કલ્પવૃક્ષજ છે.

કલ્પસૂત્રનું વિશેષ માહાત્મ્ય—વિધિપૂર્વક વાંચેલું, આરાધેલું તેમજ ધ્યાનપૂર્વક અક્ષરશઃ શ્રવણ કરેલું આ કલ્પસૂત્ર આઠ ભવની અંદર મોક્ષદાયક થાય છે. જેઓ જીનશાસનની પ્રભાવના અને પૂજામાં ખુબ રસ લે છે અને એકાગ્રચિત્તે એકવીસ વાર કલ્પસૂત્ર સાંભળે છે તેઓ હે ગૌતમ ! આ સંસાર

સાગર તરી જાય છે. કલ્પસૂત્રનાં વાંચન, શ્રવણ અને આરાધન સાથે તપસ્યા, પૂજા અને પ્રભાવના વિગેરે ધર્મકાર્યોમાં પણ જરાએ આળસ ન કરવું જોઇએ. તપસ્યાદિક સર્વ સામગ્રી હોય તો જ કલ્પસૂત્ર વાંછિતફળને આપે. દાખલા તરીકે માત્ર બીજ વાવવાથી જ કંઈ ફળ–ફુલ પ્રાપ્ત થતાં નથી, પણ તે બીજને યોગ્ય વૃષ્ટિ, વાયુ વિગેરે અનુકુળ સામગ્રી હોય તો જ તે ફળ આપી શકે છે. તેવીજ રીતે દેહકષ્ટ અને ધનવ્યય વિગેરે સામગ્રી સાથે કલ્પસૂત્ર સાંભળ્યું હોય તો જ તે ફળસિદ્ધિ કરવામાં સમર્થ થાય છે. એટલે કે દેવ–ગુરૂની પૂજા, પ્રભાવના અને સાધર્મિક ભાઈઓની ભક્તિ વિગેરે સામગ્રી સાથે કલ્પસૂત્ર સાંભળવાથી યથાર્થ ફળના હેતુરૂપ થવાય છે. " સર્વ જીનવરોમાં શ્રેષ્ઠ એવા શ્રી વર્ધમાન સ્વામીને કરેલો એકજ નમસ્કાર કોઈપણ પુરૂષ અથવા સ્ત્રીને સંસાર સાગરથી તારવાને સમર્થ છે. "

इक्कोवि नमुक्कारो, जिणवरवसहस्स वद्धमाणस्स।
संसार सागराओ तारेइ नरं व नारिं वा ॥

એ વાત જો કે સંપૂર્ણ સત્ય છે, પણ એવાં વચનો સાંભળી પૂજા–પ્રભાવના કે તપસ્યાદિ ઉપકારક સામગ્રીમાં કોઇ પ્રમાદ કરે તો તે કેવળ અજ્ઞાનતા જ ગણાય. તેજ પ્રમાણે એવાં વચનો સાંભળી પ્રયાસથી જ સાધ્ય એવા આ કલ્પસૂત્રના વિધિપૂર્વક શ્રવણમાં પણ કોઈ પ્રકારનું આળસ ન ઘટે. એમ કહેવામાં આવે છે કે " સર્વ નદીઓની રેતી એકઠી કરીએ અને સર્વ સમુદ્રોનું પાણી એકઠું કરીએ તો પણ તેથી અનંતગણો એક સૂત્રનો અર્થ થાય છે. " વળી મુખમાં હજાર જીભ હોય અને હૃદયમાં કેવળજ્ઞાન હોય તો પણ મનુષ્યોથી આ કલ્પસૂત્રનું માહાત્મ્ય પૂરેપૂરૂં કહી શકાતું નથી.

કલ્પસૂત્ર કોણે રચ્યું ?

પુરૂષ ઉપર વિશ્વાસ હોય તો જ તેનાં વચનો ઉપર વિશ્વાસ ઉપજે એવો એક સર્વમાન્ય નિયમ છે. તેથી આ કલ્પસૂત્ર રચનાર પુરૂષ કેટલા સમર્થ અને જ્ઞાની હતા તે ટુંકમાં અહીં કહેવાનું પ્રાપ્ત થાય છે. ચૌદ પૂર્વને જાણનારા યુગપ્રધાન શ્રી ભદ્રબાહુ સ્વામીએ નવમા પૂર્વમાંથી દશાશ્રુતસ્કંધના આઠમા અધ્યયન તરીકે ઉદ્ધાર કરી આ કલ્પસૂત્રની યોજના કરી છે. 'ચૌદપૂર્વના જાણકાર' એમ કહેવા માત્રથી શ્રી ભદ્રબાહુ સ્વામીના અપૂર્વજ્ઞાનનું માપ સર્વ કોઈ ન કાઢી શકે એટલા માટે ચૌદ પૂર્વનો વિસ્તાર સમજવા અર્થે નીચેની હકીકત ઉપયોગી થઈ પડશે:—

ચૌદ પૂર્વની મહત્તા અને વિસ્તાર—એક હસ્તીના પ્રમાણવાળા મષી (શાહી) ના પુંજથી પ્રથમ પૂર્વ લખી શકાય, બીજું પૂર્વ બે હસ્તીના પ્રમાણવાળા મષીના ઢગલાથી લખી શકાય, ત્રીજું પૂર્વ ચાર હસ્તિપ્રમાણ મષીના પુંજથી લખાય, ચોથું પૂર્વ આઠ હસ્તિપ્રમાણ મષીના પુંજથી લખી શકાય, પાંચમું પૂર્વ સોળ હસ્તિપ્રમાણ મષીપુંજથી લખી શકાય, છઠ્ઠું પૂર્વ બત્રીસ હસ્તિપ્રમાણ, સાતમું પૂર્વ ચોસઠ હસ્તિપ્રમાણ, આઠમું પૂર્વ એકસો ને અઠ્ઠાવીશ હસ્તિપ્રમાણ, નવમું પૂર્વ બસોને છપ્પન હસ્તિપ્રમાણ, દશમું પૂર્વ પાંચશોને બાર હસ્તિપ્રમાણ, અગીયારમું પૂર્વ એક હજાર ને ચોવીસ હસ્તિપ્રમાણ બારમું પૂર્વ બે હજાર ને અડતાલીસ હસ્તિપ્રમાણ, તેરમું પૂર્વ ચાર હજાર ને છન્નું હસ્તિપ્રમાણ અને ચૌદમું પૂર્વ આઠ હજાર એકસો ને બાણું હસ્તિપ્રમાણ શાહીથી લખી શકાય તેવું મહાન અને એકંદરે સોળ હજાર ત્રણસો ચ્યાશી હસ્તિપ્રમાણ

શાહીથી લખાય તેવાં ચૌદ પૂર્વ હોય છે. આવાં ચૌદ પૂર્વના રહસ્યને જાણનાર શ્રી ભદ્રબાહુ સ્વામી જેવા સમર્થ યુગપ્રધાન પુરૂષની વાણીમાં ગંભીર અર્થ કેટલો બધો હોય તેની સૌએ પોતાની મેળે જ કલ્પના કરી લેવી.

કલ્પસૂત્રના વાંચન-શ્રવણનો અધિકાર—કલ્પસૂત્ર વાંચવાનો અને સાંભળવાનો મુખ્યત્વે સાધુ અને સાધ્વીઓનો અધિકાર છે. તેમાં પણ કાળથી રાત્રીને વિષે કાલગ્રહણાદિ વિધિ કરનારા અને યોગ વહેનાર સાધુઓ વાંચન અને શ્રવણ એ બન્નેના અધિકારી છે. સાધ્વીઓ નિશીથ ચૂર્ણી વિગેરેમાં કહેલા વિધિવડે દિવસે પણ સાંભળવાને યોગ્ય છે.

સંઘ સમક્ષ સૌ પ્રથમ ક્યારે વંચાયું ?—શ્રી મહાવીર ભગવાનના નિર્વાણ બાદ ૯૮૦ વર્ષે અને કોઇ કોઇના મત પ્રમાણે ૯૯૩ વર્ષે આનંદપુર નગરમાં આ કલ્પસૂત્ર સૌ પહેલું વંચાયું. એ વિષે એવી હકીકત પ્રચલિત છે કે "આનંદપુર (વડનગર) માં ધ્રુવસેન રાજા રાજ્ય કરતો હતો. તેને સેનાંગજ નામે એક અત્યંત પ્રિય પુત્ર હતો. પુત્રનું એકાએક મૃત્યુ નીપજવાથી ધ્રુવસેન રાજાને બેહદ સંતાપ થયો. તે સંતાપને લીધે તેણે બ્હાર જવા-આવવાનું માંડી વાળ્યું, તે એટલે સુધી કે ધર્મશાળામાં કોઇ ગુરૂ કે મુનિરાજ સમિપે જવાનો પણ તેને ઉત્સાહ ન થાય. રાજાની ઉદાસીનતા જોઈ ગામના બીજા પ્રતિષ્ઠિત અમલદારો અને ગૃહસ્થો પણ ધર્મશાળામાં જતા બંધ પડયા. એટલામાં પર્યુષણ પર્વ આવ્યું. રાજાને અત્યંત શોક-સંતપ્ત થયેલો સાંભળી ગુરૂ મહારાજ રાજા પાસે ગયા અને ત્યાં સંસારની અસારતા તથા શોકની વ્યર્થતા અસરકારક રીતે સમજાવી. તે પછી વિશેષમાં ગુરૂજીએ કહ્યું કે:—"તમે ખેદને પરિહરી આ પર્યુષણ પર્વમાં ધર્મશાળામાં આવો તો શ્રી

ભદ્રબાહુ સ્વામીજીએ ઉદ્ધરેલું કલ્પસૂત્ર તમને વાંચી સંભળાવું. તે કલ્પસૂત્રના પ્રતાપે તમારા આત્મા અને મનની દશામાં જરૂર ઘણો સુધારો થશે." "રાજા ગુરૂજીની આજ્ઞાને માન આપી સભાસહિત ધર્મશાળામાં આવ્યો અને ગુરૂજીએ પણ વિધિપૂર્વક સર્વ લોક સમક્ષ કલ્પસૂત્ર સંભળાવ્યું. તે દિવસથી સભા સમક્ષ કલ્પસૂત્ર વાંચવાની પ્રવૃત્તિ થઈ.

કલ્પસૂત્રના વાંચનનો વિધિ—પર્યુષણાપર્વમાં કલ્પસૂત્રના શ્રવણની સાથે નીચેના પાંચ વિધિ પણ જરૂર પાળવા ઘટે. (૧) ચૈત્યપરિપાટી, અર્થાત્ પ્રત્યેક જીનમંદિરમાં જઈ ચૈત્યવંદન કરવું (૨) સર્વ સાધુઓને વાંદવા (૩) સાંવત્સરિક પ્રતિક્રમણ કરવું (૪) સ્વધર્મીભાઈઓને પરસ્પરમાં ખમાવવા (૫) અઠ્ઠમ તપ વિગેરે તપશ્ચર્યા કરવી.*

અઠ્ઠમ તપનો પ્રભાવ—કલ્પસૂત્ર વાંચવાનો જે વિધિ ઉપર બતાવ્યો છે તેમાં અઠ્ઠમ (ત્રણ ઉપવાસ) નો વિધિ ખાસ કરીને ધ્યાનમાં રાખવા યોગ્ય છે. તે તપ મહા ફળનું કારણ, જ્ઞાન—દર્શન ચારિત્ર રૂપ ત્રણ રત્ન આપનાર, ત્રણ શલ્યને મૂળથી

વિશેષ વિધિ—શ્રાવકોએ (૧) યથાશક્તિ તપ—જપ કરવાં, (૨) શ્રુતજ્ઞાનની ભક્તિ કરવી (૩) અટ્ઠમાદિ વ્રત કરવું (૪) અભયદાન દેવું (૫) ફળાદિની પ્રભાવના કરવી (૬) શ્રી વીતરાગદેવની પ્રતિમા પૂજવી (૭) શ્રી સંઘની યથાશક્તિ સેવાભક્તિ કરવી. (૮) સચિત્ત વસ્તુનો ત્યાગ કરવો (૯) કર્મક્ષય નિમિત્ત કાઉસગ્ગ કરવો (૧૦) બ્રહ્મચર્ય પાળવું (૧૧) આરંભ—સમારંભ વર્જવો (૧૨) યથાશક્તિ દ્રવ્ય ખર્ચવું (૧૩) મહોત્સવ કરવો.

સાધુઓએ પર્યુષણાપર્વ આવ્યે (૧) લોચ કરવો (૨) ધર્મકાર્ય કરવાં (૩) અઠ્ઠમ તપ કરવો (૪) સર્વ દેરાસરોમાં અરિહંત પ્રભુની ભાવભક્તિ કરવી અને (૫) શ્રી સંઘમાં ખમતખામણાં કરવાં.

ઉખેડી ફેંકી દેનાર, ત્રણ જન્મને પવિત્ર કરનાર, મન, વચન તથા કાયાના દોષને ચૂસી લેનાર અને ત્રણ જગતમાં સર્વથી શ્રેષ્ઠ પદને અપાવનાર છે. માટે મોક્ષના અભિલાષી ભવ્યજનોએ તેવા અઠ્ઠમના તપમાં જરાય આલસ્ય કે ઉદાસીનતા દર્શાવવી નહીં.

નાગકેતુનું દૃષ્ટાન્ત—ચંદ્રકાન્તા નામની નગરીમાં વ-જયસેન રાજા રાજ્ય કરતો હતો. એ નગરીમાં શ્રીકાંત નામે એક મ્હોટો શાહુકાર વસતો હતો. શ્રીકાંત શેઠને શ્રીસખી નામની એક ગુણવતી ભાર્યા હતી. દેવોના અનુગ્રહથી શ્રીસખીને એક પુત્ર થયો. શેઠનું આખું કુટુંબ ભારે ધાર્મિક અને શ્રદ્ધા-વાળું હતું. ધર્મધ્યાન અને જપ–તપ વિગેરેના વાર્ત્તાલાપ તથા વિધિવિધાનથી ઘરના વાતાવરણમાં પણ શુદ્ધ સંસ્કાર પડતા. પર્યુષણા પર્વનો પ્રસંગ પ્રાપ્ત થયો અને શેઠના ઘરમાં અઠ્ઠમ તપ-ની વાતચીત થવા લાગી. પેલા બાળકના કાને આ વાતના ભણ-કાર પડ્યા. અઠ્ઠમ અને પર્યુષણનું નામ સાંભળતાની સાથે જ ન્હાના–નિર્દોષ બાળકને એકદમ જાતિસ્મરણ જ્ઞાન થયું અને અઠ્ઠમ કરવાના ઉંચા અભિલાષથી તેણે માતાને ધાવવાનું છેક માંડી વાળ્યું.

પોષણના અભાવે શિશુ સંતાન, માલતીનુ પુષ્પ કરમાય તેમ રોજ સૂકાવા લાગ્યું. માતપિતાએ ઘણા ઘણા ઉપાયો કર્યા પણ બાળકે તે તરફ મુદ્દલ લક્ષ ન આપ્યું. એક તો બાળ વય અને તેમાંયે વળી આવી આકરી તપસ્યા! સુકુમાર દેહનું ચૈતન્ય ક્રમે ક્રમે ઉડી ગયું અને તે મૂર્ચ્છાવશ થયો. સ્નેહાળ માતપિતાને પોતાના એકલવાયા પુત્રના આવા હાલહવાલથી કેવો ભારે આઘાત થયો હશે તેની કલ્પના માબાપો પોતે જ કરી શકે. શ્રીકાંત શેઠ અને શ્રીસખી આ કઠણ આઘાત સહન કરી ન શકયા. તેમણે પોતાના પુત્રને મૃતવત્ લેખી તેજ ક્ષણે પ્રાણ છોડી દીધા!

આ તરફ રાજાને એ વાતના સમાચાર મળ્યા. તેણે પોતાના અનુચરોને આજ્ઞા કરી કે–"જાઓ, નિ:સંતાન શેઠના ઘરની તમામ ઋદ્ધિ–સમૃદ્ધિ આપણા રાજભંડારમાં ઠલવી દો." રાજાની આજ્ઞા પામી સુભટો, શ્રીકાંતના વૈભવથી ભરેલા ઘર તરફ ધસ્યા.

બાળકની તપસ્યાનો પ્રભાવ તો જુઓ ! તેના તપોબળથી ધરણેંદ્રનું આસન ખળભળ્યું ! તેણે ક્ષણમાત્રમાં સઘળો વૃતાન્ત જાણી લીધો અને તત્કાળ બ્રાહ્મણનો વેષ લઈ પૃથ્વી ઉપર આવી ઉભો રહ્યો. તેણે આવતાંની સાથે પહેલું કામ શું કર્યું ? પેલા મૃતવત્ બાળકને અમૃતના છાંટા નાખી સાવધ કર્યો અને તે પછી પેલા રાજાના નોકરોને શેઠની સમૃદ્ધિ લઈ જતાં અટકાવ્યા. નોકરોએ જઇ રાજાને ફર્યાદ કરી કે એક અજાણ્યો બ્રાહ્મણ અમને અમારી ફરજ બજાવતાં અટકાવે છે અને અનેક રીતે સમજાવવા છતાં તે સમજતો નથી. આખરે રાજાને પોતાને તે સ્થાને જવાની જરૂર પડી.

"હે અપરિચિત બ્રાહ્મણ ! શ્રીકાંત શેઠની ધનમિલ્કત લેતાં રાજ્યના અનુચરોને તું શા માટે અટકાવે છે? તને ખબર નથી કે જે કોઈ પ્રજાજન નિ:સંતાન ગુજરી જાય છે અને જેનો કોઈ વારસ નથી હોતો તેની બધી મીલ્કત રાજ્યના ખજાનામાં જ જવી જોઇએ ? આ રાજ્યની એ સનાતન પ્રથા છે." રાજાએ બ્રાહ્મણરૂપે આવેલા ધરણેંદ્ર દેવને સંબોધીને કહ્યું.

બ્રાહ્મણે શાંતિથી ઉત્તર આપ્યો:–" હે રાજન્ ! શ્રીકાંત શેઠ સંતાન રહિત ગુજરી ગયા છે એમ માનવામાં તમારી મ્હોટી ભૂલ થાય છે."

રાજા આશ્ચર્યથી આભો બની ગયો. જે વાત આખા ગામમાં નિ:સંદેહપણે સાબીત થઇ ચુકી હતી તેને આવી નિર્ભયતાથી

ખોટી પાડનાર બ્રાહ્મણ તરફ રાજા ઘડીભર જોઈ રહ્યો. તેણે પ્રશ્ન કર્યો કે:—"શ્રીકાંત શેઠ અપુત્ર ગુજરી ગયો છે કે નહીં તેનો નિર્ણય તો એક રીતે થઇજ ચુકયો છે. પણ હે બ્રહ્મદેવ ! આપ કોણ છો અને કયાંથી અને શા સારૂ આ પ્રપંચમાં પડ્યા છો તે જરી કહી સંભળાવશો ? "

બ્રાહ્મણે પોતાનું શુદ્ધ સ્વરૂપ દર્શાવવામાં વિલંબ ન કર્યો. તેણે સૌની સમક્ષ ખુલ્લી રીતે કહી દીધું કે:—"હું કોઇ સામાન્ય રખડતો બ્રાહ્મણ નથી. લોકો જેની ધરણેંદ્ર દેવ કહીને ઉપાસના કરે છે તે ધરણેંદ્ર-નાગરાજ હું પોતેજ છું. શ્રીકાંત શેઠના પુત્રે પોતાની સંપૂર્ણ બાલ્યાવસ્થામાં અઠ્ઠમ તપ કર્યો હતો તેથી તેની સહાય અર્થે મારે અહીં ખેંચાઇને આવવું પડયું છે. એ બાળક હજી જીવતો-જાગતો મોજુદ છે. " એમ કહેતાંની સાથેજ ધરણેંદ્રે, ભૂમિમાંથી સાક્ષાત ધનભંડાર કાઢી બતાવે તેમ તે મૃત ગણાતા પુત્રને બહાર કાઢ્યો અને તે હજી જીવતો જ છે એમ સિદ્ધ કરી બતાવ્યું.

રાજાનો અને તેના અનુચરોનો વિસ્મય હદ ઉપરાંત વધી પડયો. તેમણે જીજ્ઞાસા કરી કે:—" આ બાળક જન્મતાંવેંત અઠ્ઠમ તપ કરવાને શી રીતે પ્રેરાયો ? "

ધરણેંદ્રે એ બાળકનો પૂર્વભવ નીચે પ્રમાણે કહી સંભળાવ્યો:—" હે રાજન્ ! આ બાળક પૂર્વભવે એક વણિકપુત્ર હતો. ન્હાનપણમાં જ તેની માતા મૃત્યુ પામવાથી તેની સાવકી માતા અનેક પ્રકારે તેને નડ્યા કરતી. એક દિવસે તેણે પોતાના એક સન્મિત્રને પોતાની સાવકી માતાનો અસહ્ય જુલમ કહી સંભળાવ્યો. તેની આંખમાં આંસુ ભરાઇ આવ્યા. તે જોઇ પેલા મિત્રને બહુ દયા આવી. મિત્રે કહ્યું કે:—" આ સંસારનાં

બધાં દુ:ખ અને કષ્ટથી બચવાનો માત્ર એકજ માર્ગ છે અને તે એજ કે બની શકે તેટલાં વ્રતતપ કરવાં. તેં પૂર્વભવમાં કંઈ તપશ્ચર્યા કરી હોય એમ લાગતું નથી. કારણ કે તપસ્વી પુરૂષને તારા જેવા દુ:ખદાયક સંજોગો કદીપણ પ્રાપ્ત થતા નથી, માટે તું પણ જો આ પર્યુષણપર્વમાં અઠ્ઠમ–છઠ્ઠ જેવા તપ કરે તો જરૂર કોઈ કાળે તારો ઉદ્ધાર થાય." મિત્રની સલાહ માની આ વણિકપુત્રે પર્યુષણમાં અઠ્ઠમ કરવાનો નિશ્ચય કર્યો, અને પોતાને કોઇ ઉપદ્રવ ન કરે એટલામાટે પોતાના ઘરની પાસે આવેલી એક ઘાસની ઝુંપડીમાં જઇ રહ્યો.

એ વાતની પેલી સાવકી માતાને જાણ થઇ. તે એકદમ ઉઠી, અને એક ધગધગતો અંગારો લઈ પેલી ઝુંપડી ઉપર નાખી આવી. જોતજોતામાં ઝુંપડીમાં આગ લાગી અને આ તપસ્વી બાળક બળી ગયો. એ બાળક જ આ ભવે અઠ્ઠમ તપના પ્રભાવથી શ્રીકાંત શેઠના ઘેર પુત્રપણે અવતર્યો છે. પૂર્વના સંસ્કાર કંઇ એકદમ ભૂંસાતા નથી. તેણે પર્યુષણ પર્વમાં અઠ્ઠમ કરવાનો નિશ્ચય તો કર્યો હતો. તે નિશ્ચય આ ભવમાં પાર પાડવાનો સંકલ્પ કર્યો અને કોઇ ન જાણે તેમ અઠ્ઠમ આદર્યો. આ બાળક ખરૂં જોતાં એક લઘુકર્મી મહાપુરૂષ છે, તે આ ભવમાં જ મોક્ષગામી થવાનો છે. તમે તેને બરાબર પાળશો તો તમને બહુ ઉપકાર કરનાર થઇ પડશે." એટલું કહી ધરણેંદ્ર દેવે પોતાના કંઠનો હાર પેલા બાળકને પહેરાવ્યો અને એક ક્ષણમાં અંતર્ધ્યાન થઇ ગયો.

તે પછી શેઠના સગાં–સંબંધીઓએ આવી શેઠની ઉત્તરક્રિયા કરી અને પુત્રનું "નાગકેતુ" એવું નામ પાડયું. વખત જતાં તે ભારે જિતેંદ્રિય અને શ્રદ્ધાવાન્ શ્રાવક તરીકે પ્રસિદ્ધ થયો. એક વાર રાજાએ કોઇ એક નિર્દોષ માણસને ચોરી કરવા

બદલ ગુન્હેગાર ઠરાવી તેનો વધ કર્યો. પેલો નિર્દોષ માણસ મરીને વ્યંતર થયો અને આખા નગરમાં ઉત્પાત મચાવવા લાગ્યો. તેણે એક મ્હોટી શીલા તૈયાર કરી, તે શીલાવડે આખા ગામને છુંદી મારવાનો દ્રઢ સંકલ્પ કર્યો. એક વખત તેણે રાજા પ્રત્યેનું વેર લેવા રાજાને લાત મારી સિંહાસન પરથી ઉથલાવી નાખ્યો, રાજાના નાક અને મ્હોમાંથી લોહીની ધારા વહી નીકળી. આ વાતની નાગકેતુને ખબર મળી. તેણે વિચાર્યું કે મારા જીવતાં એક વ્યંતર આવો ઉત્પાત કરે અને ગામની સાથે સંઘ તથા જીનપ્રાસાદને પણ જમીનદોસ્ત કરે તે ઠીક નહીં. તેણે તે વ્યંતરને સીધો કરવાની વ્યવસ્થા કરી. એક દિવસે બરાબર સમય જોઈ નાગકેતુ પ્રાસાદના શિખર ઉપર ચડ્યો અને પેલા વ્યંતરની જબરજસ્ત પાષાણુ શીલા પોતાના હાથમાં ઝીલી રાખી. વ્યંતર આ સંયમી પુરૂષ–નાગકેતુનો પ્રભાવ સહન કરી શકયો નહીં. નાગકેતુના તપ:તેજ પાસે તે અંજાઈ ગયો. આખરે તે નાગકેતુને નમ્રતાપૂર્વક નમી પડયો અને પોતાના સર્વ દોષ બદલ ક્ષમા માગી પોતાના માર્ગે પડ્યો. એ રીતે રાજાને, રાજ્યને, સંઘને અને જીનપ્રાસાદને તેણે ભયમુકત કર્યા.

નાગકેતુની છેલ્લી અવસ્થા પણ બહુ મનોરંજક છે. તે એક વખત જીનપૂજામાં તલ્લીન હતો, તેવામાં પુષ્પની અંદરથી એક ઝેરી સર્પે બ્હાર આવી તેને દંશ કર્યો. નાગકેતુ દરેક પ્રકારના દુ:ખ માટે હંમેશા તૈયારજ હતો, તેથી તેણે એ વેદના બહુજ શાંતિ અને ધીરજથી સહન કરી. ક્રમે ક્રમે તે એવી ઉચ્ચ ભાવના પર આરૂઢ થયો કે તેજ ક્ષણે તેને સહસા કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. શાસન દેવતાએ તેને મુનિનો વેષ અર્પણ કર્યો. પછી ચિરકાળ વિહાર કરતાં, ઘણા ભવી પ્રાણીઓ ઉપર અનહદ ઉપકાર કર્યા.

સારાંશ એ છે કે નાગકેતુના જીવનનું દૃષ્ટાંત લઈ આપણે સૌએ અઠ્ઠમ તપ કરવામાં હંમેશા પ્રયત્નશીલ રહેવું જોઇએ.

કલ્પસૂત્રમાં મુખ્ય વિષય કયા કયા છે ?

આ કલ્પસૂત્રમાં કયા કયા અધિકારો આવેલા છે અને તે બધાજ વાંચવા, વિચારવાની શા માટે અગત્ય છે તે બતાવનારી જે એક ગાથા પર્યુષણ કલ્પ સંબંધી પ્રત્યેક વ્યાખ્યાનમાં શરૂઆતમાં કહેવામાં આવે છે તે નીચે આપીએ છીએ:—

पुरिमचरिमाण कप्पो मंगलं वद्धमाणतित्थंमि ।
इह परिकहिया जिणगण हराइ थेरावली चरित्तं ॥

ભાવાર્થ—શ્રી ઋષભદેવ અને વીરપ્રભુના શાસનનો આ કલ્પ—આચાર જ છે કે વૃષ્ટિ થાય અથવા ન થાય પણ અવશ્ય પર્યુષણા—ચાતુર્માસ સ્થિરતા કરવી અને ઉપલક્ષણથી કલ્પસૂત્ર વાંચવું એમ પણ સમજી લેવું. કારણ કે એક તો તે આચાર છે અને વળી શ્રી વર્ધમાન પ્રભુના શાસનમાં મંગળનું કારણ થાય છે. આ કલ્પસૂત્રમાં પ્રથમ તો તીર્થંકરોનાં ચરિત્ર, બીજું ગણધરાદિ સ્થવિરાવલીનાં ચરિત્રો અને ત્રીજું સાધુ સામાચારી એ ત્રણ વિષયો ઘણી સારી રીતે વર્ણવવામાં આવ્યાં છે. તેમાં પ્રથમ અધિકાર તરીકે શ્રી તીર્થંકરોના ચરિત્રોમાંથી, શ્રી વીરપ્રભુનું ચરિત્ર પ્રથમ કહેવામાં આવે છે. કારણ કે તેઓ આસન્ન નજીકના.) ઉપકારી છે અને તેથીજ વર્તમાન તીર્થનું નામ વર્ધમાનતીર્થ પડયું છે.

નમો અરિહંતાણં
નમો સિદ્ધાણં
નમો આયરિયાણં

નમો ઉવજઝાયાણં
નમો લોએ સવ્વસાહૂણં.

પાંચ કલ્યાણકો તથા ભગવન્ શબ્દનો અર્થ.

*ભદ્રબાહુ સ્વામી પ્રથમ મંગળને માટે પંચપરમેષ્ટિને નમસ્કાર કરી, વીરપ્રભુના ચરિત્ર વિષે જઘન્ય તથા મધ્યમ વાચનારૂપ પ્રથમ સૂત્ર રચતા કહે છે કેઃ—

તેણં કાલેણં—તે કાળે, એટલે કે આ અવસર્પિણી કાળના ચોથા આરાના છેડે (મૂળમાં જ્યાં " ણં " અક્ષર આવે છે તે કેવળ વાક્યાલંકાર અર્થે છે.)

તેણં સમએણં—વિશિષ્ટ એવો કાળનો વિભાગ સમય કહેવાય છે, એટલે કે શ્રી વર્ધમાન સ્વામી ચ્યવવું વિગેરે છ વસ્તુના કારણ થયા હતા તે સમયમાં

સમણે—શ્રમણ, એટલે કે તપસ્યા કરવામાં તત્પર.

ભગવં—ભગવન્, ભગ શબ્દના ચૌદ અર્થ થાય છે, (૧) સૂર્ય (૨) જ્ઞાન (૩) માહાત્મ્ય (૪) યશ (૫) વૈરાગ્ય (૬) મુક્તિ (૭) રૂપ (૮) વીર્ય (૯) પ્રયત્ન (૧૦) ઇચ્છા (૧૧) લક્ષ્મી (૧૨) ધર્મ (૧૩) ઐશ્વર્ય અને (૧૪) યોનિ: તેમાં યોનિ અને સૂર્ય એ બે અર્થ વર્જવા. ભગનો યોનિ અર્થ તો ભગવાનને કોઇ રીતે ન છાજે, પણ સૂર્યની સાથે વાળો પ્રત્યય બરાબર બંધબેસતો ન થાય તેથી સૂર્ય અર્થ પણ છાંડવો.

મહાવીરે—કર્મ રૂપી વૈરીનો પરાભવ કરવામાં સમર્થ. અર્થાત્ વર્ધમાન સ્વામી

પંચહત્થુત્તરે—હસ્ત નક્ષત્ર જેની ઉત્તરે આવે તેવું નક્ષત્ર, અર્થાત્ ઉત્તરાફાલ્ગુની. અને પંચહત્થુત્તરે એટલે

પાંચ કલ્યાણકમાં જેને તેવા પંચ હસ્તોત્તર આવેલા છે એવા શ્રી વીરપ્રભુ.

હોત્થા—હોતા હવા.

આ સ્થળે કેટલાકો એવો વિવાદ કરે છે કે "પંચહત્થુત્તરે, સાઈણા પરિનિવ્વુડે" એ કથનને અંગે શ્રી મહાવીર પ્રભુને છ કલ્યાણક પ્રાપ્ત થાય. પણ એવી શંકા કરવી યોગ્ય નથી. કારણ કે જો છ કલ્યાણક માનવામાં આવે તો "ઉસભેણં અરહાકોસલિએ પંચ ઉત્તરાસાઢે અભીઈ છટ્ઠે હોત્થત્તિ" ઇત્યાદિ જંબુદ્વિપ પ્રજ્ઞપ્તિમાં જે વચનો આવે છે તે પરથી શ્રી ઋષભપ્રભુને પણ છ કલ્યાણક પ્રાપ્ત થાય. પરંતુ એ વાત તો કોઈ સ્વીકારતું નથી. તેથી જેમ "પંચ ઉત્તરાષાઢે" એ વાકયમાં નક્ષત્રના સામ્યથી રાજ્યાભિષેક પણ તેમાં જ ગણેલો છે, પણ કલ્યાણક તો "અભીઈછટ્ઠે" એવી રીતે તેની સાથે પાંચજ છે. અહીંઆં પણ 'પંચહત્થુત્તરે' એ પ્રમાણે નક્ષત્રની તુલ્યતાથી તેમાં ગર્ભનો અપહાર આવી જાય છે, પરન્તુ કલ્યાણક તો "સાઈણા પરિનિવ્વુડે" એની સાથે પાંચ જ લીધા છે.

આચારાંગ-ટીકાનું પ્રમાણ—પંચહત્થુત્તરે એ વાકયના સંબંધમાં શ્રી આચારાંગ ટીકા વિગેરેમાં પણ ખાસ કરીને પાંચ વસ્તુઓની જ વ્યાખ્યા આપી છે. કલ્યાણકની વ્યાખ્યા નથી આપી.

યાત્રા પંચાશકનું પ્રમાણ—શ્રી હરિભદ્રસૂરિ કૃત યાત્રા પંચાશક ઉપરથી અભયદેવ સૂરિજીએ જે વૃત્તિ રચી છે તેમાં પણ શ્રી વીરપ્રભુનાં પાંચ કલ્યાણકો જ વર્ણવ્યાં છે. અને તે આ રીતે છે:—(૧) આષાઢમાસની શુકલ છઠ્ઠે ગર્ભસંક્રમ, (૨) ચૈત્રમાસની શુકલ તેરશે જન્મ (૩) માગશર માસની શુકલ

દશમીએ દીક્ષા (૪) **વૈશાખ માસની શુકલ દશમીએ કેવળજ્ઞાન અને** (૫) કાર્તિક **માસની અમાસે મોક્ષ. જો** છઠું કલ્યાણક ગણાતું હોત તો તેનો પણ અહીં જરૂર ઉલ્લેખ કરત. તમે કહેશો કે ગર્ભાપહારને છઠું કલ્યાણક માનવામાં શું ખોટું છે? તેના સમાધાનમાં કહેવાનું કે નીચ ગોત્રકર્મના વિપાકરૂપ હોઇ અતિ નિંદવા યોગ્ય અને વળી એક આશ્ચર્યરૂપ ગણાતું હોય તેને કલ્યાણક કહેવું શી રીતે ઘટે ? શ્રી વીરપ્રભુનો જીવ દેવાનંદા બ્રાહ્મણીની કુક્ષિમાં અવતર્યો અને માતા ત્રિશલાએ જન્મ આપ્યો એ અસંગતપણાને નિવારવાને માટે જ પંચહુત્થુત્તરે એ વચનથી ગર્ભનો અપહાર સૂચવ્યો છે, બાકી એ સિવાય એમાં બીજો કોઈ અર્થ ઘટતો નથી.

સારાંશ કે કલ્યાણક પાંચ જ છે. હવે ભગવાનને પંચ હસ્તોત્તરપણું મધ્યમ વાચનાથી દર્શાવે છે:—

હત્થુત્તરાહિં ચુએ—એટલે ઉત્તરાફાલ્ગુની નક્ષત્રમાં (પ્રાણુત નામના દશમા દેવલોકમાંથી) ભગવંત ચવ્યા (અને)

ચઇત્તા ગબ્ભં વક્કંતે—ચવીને ગર્ભમાં ઉત્પન્ન થયા.

હત્થુતરાહિં ગબ્ભાઉ ગબ્ભં સાહરિએ—એટલે ઉત્તરાફાલ્ગુની નક્ષત્રમાં જ દેવાનંદાના ગર્ભમાંથી ત્રિશલાના ગર્ભમાં મૂકાયા.

હત્થુત્તરાહિં નીએ—(અને) ઉત્તરા ફાલ્ગુનીમાં જન્મ્યા.

હત્થુત્તરાહિં મુંડે ભવિત્તા—ઉત્તરા ફાલ્ગુની નક્ષત્રમાં (દ્રવ્ય અને ભાવથી) મુંડ થઇને (દ્રવ્યથી મુંડ થવું તેમાં કેશના લોચ વિગેરેનો સમાવેશ થાય છે અને રાગ-દ્વેષનો અભાવ એ ભાવમુંડમાં આવી જાય છે.)

અગારાઓ—ઘરમાંથી નીકળીને

અણગારિઅં—સાધુપણાને
પવ્વઇએ—પ્રાપ્ત થયેલા છે. (અર્થાત્ દીક્ષા લીધી) તથા
હત્થુત્તરાહિં—ઉત્તરાફાલ્ગુણી નક્ષત્રમાં
અણંતે—અનંત વસ્તુના વિષયરૂપ
અણુત્તરે—અનુપમ
નિવ્વાઘાએ—વ્યાઘાત રહિત, ભીંત-છાદડી વિગેરેની સ્ખલના-
થી રહિત,
નિરાવરણે—સમસ્ત આવરણથી રહિત
કસિણે—કૃત્સ્ન, સર્વ પર્યાયથી યુક્ત-સર્વ વસ્તુઓને
જણાવનારૂં
પડિપુણ્ણે—સર્વ અવયવોથી સંપૂર્ણ (એવા પ્રકારનું પ્રધાન)
કેવલવરનાણ દંસણે—કેવલજ્ઞાન, કેવલદર્શન
સમુપ્પન્ને—ઉત્પન્ન થયું (અને તે ઉત્તરાફાલ્ગુણી નક્ષત્રમાંજ)
સાઇણા પરિનિવ્વુએ ભયવં—અને સ્વાતિ નક્ષત્રમાં ભગ-
વાન્ શ્રી વીર મોક્ષે ગયા.

હવે વિસ્તારવાળી વાચનાથી શ્રી વીર પ્રભુનું ચરિત્ર કહે છે:—

તેણં સમએણં—વિગેરેનો અર્થ પૂર્વની જેમ જાણી લેવો.
જે સે ગિમ્હાણં—ગ્રીષ્મઋતુના સમયનો
ચઉત્થે માસે—ચોથો માસ
અટ્ઠમે પક્ખે—આઠમો પક્ષ
આસાઢ સુદ્ધે—આષાઢ માસનો શુકલ પક્ષ
તસ્સણં આસાઢસુદ્ધસ્સ—તે આષાઢ માસના શુકલપક્ષની
છટ્ઠિપક્ખેણં—છટ્ઠિ રાત્રિયે (દિવસ અને રાત્રી વડે અહો-
રાત્રીના બે પક્ષ ગણાય છે તેથી અહીં રાત્રીનો
ઉલ્લેખ કર્યો છે. અહીં પક્ષ એટલે રાત્રી.

મહાવિજય—મ્હોટા વિજયવાળું
પુપ્ફુત્તર—પુષ્પોત્તર
પવર પુંડરિયાઓ—બીજાં શ્રેષ્ઠ વિમાનોમાં શ્વેત કમળના જેવું—અતિ શ્રેષ્ઠ
મહાવિમાણાઓ—મહા વિમાન, એ મહા વિમાન કેવું છે ?
વીસં સાગરોવમઠ્ઠિ ઇયાઓ—વીશ સાગરોપમ સ્થિતિવાળું—(તેમાં દેવતાઓની ઉત્કૃષ્ટ સ્થિતિ વીસ સાગરોપમની રહે છે અને શ્રી વીર પ્રભુની પણ તેટલી જ સ્થિતિ હતી. હવે તે વિમાનથી....)
આઉખએણં—આયુષ્યના ક્ષયવડે
ભવખએણં—દેવગતિ નામકર્મના ક્ષય વડે
ઠિઇખયેણં—વૈક્રિય શરીરસ્થિતિના ક્ષય વડે (એટલે કે પૂર્ણ કરીને)
અણન્તરં—અન્તર રહિત
ચયં ચઇત્તા—ચવીને
જંબૂદ્દીવે દીવે—આ જંબૂદ્વીપ નામના દ્વીપને વિષે
ભારહે વાસે—ભરતક્ષેત્રમાં
દાહિણ દ્ભરહે—દક્ષિણાર્ધ ભરતને વિષે
ઇમીસે ઓસપ્પિણીએ—આ અવસર્પિણી કાળમાં, (જેમાં સમયે સમયે રૂપ–રસ વિગેરેની હાનિ થાય તે અવસર્પિણી કાળ) તેમાં
સુસમસુસમાએ સમાએ વિઇક્કંતાએ—સુષમ સુષમા નામનો (ચાર કોટાકોટી સાગરના પ્રમાણવાળો પહેલો આરો) વીતી ગયા પછી, અને
સુસમાએ સમાએ વિઇક્કંતાએ—સુષમા નામનો (ત્રણ-

કોટાકોટી સાગરના પ્રમાણુવાળો બીજો આરો)
વીતી ગયા પછી, અને

સુસમ દુસમાએ સમાએ વિઇક્કંતાએ—સુસમ દુષમા નામનો (બે કોટાકોટી સાગરના પ્રમાણુવાળો ત્રીજો આરો) વીતી ગયા પછી અને

દુસમ સુસમાએ બહુ **વિઇક્કંતાએ**—દુષમ સુષમા નામનો ચોથો આરો (એક કોટાકોટી સાગરના પ્રમાણુ-વાળો) ઘણો વીત્યા પછી

સાગરોવમ કોડાકોડીએ બાયાલી સવાસસસહસ્સેહિં ઉણિઆએ—બેંતાલીસ હજાર વર્ષોથી ઉણી એક સાગર કોટાકોટી (ચોથા આરાનું પ્રમાણુ છે તેમાં)

પંચહત્તરિએ વાસેહિ અદ્ધનવમેહિં ય માસેહિં સેસેહ—(ચોથા આરાના) પંચોત્તર વર્ષ અને સાડા આઠ માસ બાકી રહેતાં (શ્રી વીર પ્રભુનો અવતાર થયો.)

પ્રભુનાં કૂળ અને ગોત્ર વિષે પ્રકાશ.

પ્રભુનું આયુષ્ય બોંતેર વર્ષનું છે. અને પ્રભુના નિર્વાણુથી ત્રણુ વર્ષ અને સાડા આઠ માસ જતાં ચોથા આરાની સમાપ્તિ થાય છે તેથી પ્રથમ જે બેંતાલીશ હજાર વર્ષ કહ્યાં તે એકવીસ એકવીસ હજારના પ્રમાણુવાળા પાંચમા અને છઠ્ઠા આરાના જાણુવા. પ્રભુના જન્મ સમયની કાળ સંબંધી પરિસ્થિત જણાવી હવે તેમનાં કૂળ અને ગોત્ર વિષે પ્રકાશ પાડવામાં આવે છે.

ચોવીસ તીર્થંકરોમાં એકવીસ તીર્થંકરો તો ઇક્ષ્વાકુકુલમાં ઉત્પન્ન થયા છે અને તેઓ કાશ્યપગોત્રી કહેવાય છે. બાવીશમા તીર્થંકર શ્રી મુનિસુવ્રત અને તેવીસમા શ્રી નેમિ ભગવંત હરિવંશકુલમાં ઉત્પન્ન થયા છે અને તેઓ ગૌતમગોત્રી કહેવાય,

છે. એવી રીતે તેવીસ તીર્થંકરો થઈ ગયા પછી શ્રમણ ભગવંત શ્રી મહાવીર થયા. મહાવીર પ્રભુ વર્તમાન ચોવીસીમાં છેલ્લા તીર્થંકર છે, વળી પૂર્વે થઈ ગએલા તીર્થંકરો પણ શ્રી મહાવીરપ્રભુ થવાના છે એમ સૂચવી ગયા છે. શ્રી મહાવીર ભગવાન બ્રાહ્મણ કુંડગ્રામ નામના નગરમાં, કોડાલગોત્રી ઋષભદત્ત બ્રાહ્મણની સ્ત્રી દેવાનંદા બ્રાહ્મણી જે જાલંધરસગોત્રી છે, તેની કુખમાં ગર્ભરૂપે ઉત્પન્ન થયા. બરાબર મધ્યરાત્રીના સમયે અને ઉત્તરાફાલ્ગુની નક્ષત્રને ચંદ્રયોગ પ્રાપ્ત થતો હતો, તે વખતે પ્રભુ દિવ્ય આહાર, દિવ્ય ભવ અને દિવ્ય શરીરનો ત્યાગ કરી ગર્ભમાં આવ્યા. તે વખતે તેઓ ત્રણ જ્ઞાનથી યુક્ત હતા અને " હું ચ્યવીશ " એવી રીતે ભવિષ્યકાળ જાણવા છતાં જે વખતે ચ્યવે છે તે વખતે જાણી શકતા નથી, કારણકે તે એક સમયે થાય છે અને " હું ચ્યવ્યો છું " એમ પણ જાણે છે.

તે રાત્રીએ દેવાનંદા બ્રાહ્મણી ભર ઉંઘમાં ન હતી તેમ પૂરી જાગૃત પણ ન હતી. એટલે કે અલ્પ નિદ્રા લઈ રહી હતી. પ્રભુ ગર્ભમાં આવ્યા એટલે તેણીએ અતિ ઉદાર, કલ્યાણમય, ઉપદ્રવ હરનારા, મંગળમય અને સુંદર ચૌદ મહાસ્વપ્ન જોયાં. એ સ્વપ્ન જોઈ દેવાનંદા જાગી ગયાં. એ સ્વપ્નનું વર્ણન મૂળ ગાથામાં આ પ્રમાણે છે:—

" ગય (ગજ), વસહ (વૃષભ), સીહ (સિંહ) અભિસેઅ (અભિષેક), દામ (પુષ્પમાળા) સસિ (શશી) દિણયરં (દિવાકર) ઝયં (ધ્વજ) કુંભં (ઘટ), પઉમસર (પદ્મસરોવર) સાગર, વિમાણ, ભવણ (વિમાન, ભવન) રયણુચ્ચય (રત્નસમુહ) સિહીં ચ (શીખા) "

અર્થ સહેલાઈથી સમજાય તેવો છે. તેમાં જ્યાં અભિષેક છે ત્યાં લક્ષ્મી સંબંધી અભિષેક જાણવો, અને પદ્મસરોવર એટલે

જ્યાં ઘણા કમળ ઉગેલા છે એવું સરોવર સમજવું. અહીં એટલું ધ્યાનમાં રાખવાનું છે કે જે પ્રભુનો જીવ સ્વર્ગથી અવતરે છે તેમની માતા વિમાન જુએ છે અને જે પ્રભુનો જીવ નરકમાંથી આવે છે તેમની માતા ભવન—ઘર જુએ છે. ઘર કે વિમાન એ બેમાંથી એકનું દર્શન તો થાયજ, તેથી સ્વપ્નની ચૌદની સંખ્યા બરાબર જળવાય છે. બાકી જ્યાં શીખા લખી છે ત્યાં ધૂમાડા વગરનો અગ્નિ સમજવો.

દેવાનંદાની વિસ્મયાપન્ન અવસ્થા.

દેવાનંદાના હર્ષ, સંતોષ અને વિસ્મયનો પાર ન રહ્યો. ચિત્તમાં આનંદ, હૃદયમાં પ્રીતિ અને મનમાં પરમ તુષ્ટિનો અનુભવ થયો. તેમને આ સ્વપ્ન જોઈને એટલો બધો હર્ષ થયો કે વર્ષાના જળથી પોષાએલું કદંબનું ફુલ જેવી રીતે પ્રફુલ્લ થાય તેવી રીતે તેમના રોમેરોમમાં પ્રફુલ્લતા વ્યાપી ગઈ! તે પછી તેઓ સ્વપ્નોનું એક પછી એક સ્મરણ કરવા લાગ્યાં અને પોતાની પથારીમાં ઉઠીને બેઠા થયાં. ત્યારબાદ ઘણીજ ધીરજ, શાંતિ, સ્થિરતા અને ગંભીરતા પૂર્વક, રાજહંસના જેવી ગતિવડે પોતાના પતિ—ઋષભદત્ત બ્રાહ્મણ જ્યાં સુતા હતા ત્યાં આવ્યાં. અને તેમને જય તથા વિજયથી વધાવ્યા. અર્થાત્ સ્વદેશમાં જય થાઓ અને પરદેશમાં વિજય થાઓ એવી રીતે આશિષ આપી—વધાવી ભદ્રાસન પાસે ગયાં. અને શ્રમને પરિહરી, ક્ષોભને દૂર કરી સુખપૂર્વક આસન ઉપર બિરાજ્યાં. પછી બે હાથ વડે જે અંજલી કરેલી હતી અને જે અંજલીમાં દશ નખ પ્રકાશતા હતા તેમજ જેનું પ્રદક્ષિણ રૂપે મસ્તક ઉપર ભ્રમણ કરેલું હતું તે અંજલી દેવાનંદાએ પોતાના મસ્તક ઉપર કરી કહ્યું કેઃ—

" હે દેવાનુપ્રિય, આજ રાત્રે જ્યારે હું અલ્પ નિદ્રા લઈ રહી

હતી ત્યારે મેં ગજ, વૃષભ વિગેરે ચાદ ઉત્તમ સ્વપ્નાં જોયાં અને જોતાંવેંત હું જાગી ઉઠી. તે સ્વપ્નોનું કેવું કલ્યાણકારી અથવા ફળ વૃત્તિવાળું પરિણામ આવશે તેનો મને વિચાર થયા કરે છે." (અહીં ફળ એટલે પુત્રાદિ અને વૃત્તિ એટલે જીવનનો ઉપાય વિગેરે.)

ઋષભદત્ત બ્રાહ્મણે સ્વપ્ન સંબંધી સઘળો વૃતાન્ત સાંભળી, પોતાની સ્વાભાવિક મતિ, બુદ્ધિ તથા વિજ્ઞાન પ્રમાણે ઉંડો વિચાર કર્યો.

મતિ, બુદ્ધિ અને વિજ્ઞાનનો અર્થ.

મતિ કોને કહેવી? જે અનાગત કાલનો વિષય થાય તે મતિ. બુદ્ધિ કોને કહેવી? જે વર્તમાન કાલનો વિષય થાય તે બુદ્ધિ. વિજ્ઞાન કોને કહેવું? જે અતીત અને અનાગત વસ્તુનો વિષય થાય તે વિજ્ઞાન.

ઋષભદત્તનો ઉત્તર.

સ્વપ્નના અર્થનો નિશ્ચય કરી ઋષભદત્તે પોતાની પત્નીને નીચે પ્રમાણે ઉત્તર આપ્યો:—

હે દેવાનુપ્રિયે! તમે જે સ્વપ્નાં જોયાં છે તે ખરેખરજ ઉદાર, કલ્યાણકારી, ધનદાયક, મંગળકારી અને સુંદર છે. તે સ્વપ્નાં આરોગ્ય, સંતોષ, દીર્ઘાયુષ, નિરૂપદ્રવતા અને વાંચ્છિત ફળની સિદ્ધિનેજ સૂચવે છે. તેના પ્રતાપે, હે દેવાનુપ્રિયે! તમને અર્થનો લાભ, વૈભવનો લાભ, પુત્ર અને સુખનો પણ લાભ થશે. તમે નવ માસ અને સાડા સાત દિવસ ગયા પછી એક પુત્રનો જન્મ આપશો. તે પુત્ર કેવો થશે તે હું વિસ્તારથી કહું છું તે સાંભળો.

બત્રીશ લક્ષણા પુરૂષનું વર્ણન.

તમને કોમળ હાથ-પગવાળો, લક્ષણોવાળી અને સ્વરૂપથી પરિપૂર્ણ એવી પાંચ ઇંદ્રિયોવાળો તેમજ લક્ષણ અને વ્યંજનના ગુણે યુક્ત એવો પુત્ર થશે. (અહીં લક્ષણ એટલે છત્ર, ચામરાદિ જાણવાં. ચક્રવર્ત્તી અને તીર્થંકરોને એકહજાર ને આઠ હોય છે, બળદેવ અને વાસુદેવને એકસો આઠ હોય છે. વ્યંજન એટલે તલ તથા મસા) અને ભાગ્યવાનને બત્રીસ લક્ષણો હોય છે, તે લક્ષણો આ પ્રમાણે:—

(૧) છત્ર, (૨) કમલ, (૩) ધનુષ્ય, (૪) રથ, (૫) વજ્ર, (૬) કાચબો, (૭) અંકુશ, (૮) વાપિકા, (૯) સાથીઓ, (૧૦) તોરણ, (૧૧) સરોવર, (૧૨) કેસરી (૧૩) વૃક્ષ, (૧૪) ચક્ર, (૧૫) શંખ, (૧૬) હાથી, (૧૭) સમુદ્ર, (૧૮) કળશ, (૧૯) મહેલ, (૨૦) મત્સ્ય, (૨૧) જવ, (૨૨) યજ્ઞસ્તંભ, (૨૩) સ્તૂપ, (૨૪) કમંડલ, (૨૫) પર્વત (૨૬) ચામર, (૨૭) દર્પણ, (૨૮) બળદ, (૨૯) પતાકા, (૩૦) લક્ષ્મીનો અભિષેક. (૩૧) ઉત્તમમાળા અને (૩૨) મયુર. આ પ્રકારનાં બત્રીસ લક્ષણ પુણ્યવંત જીવોને જ હોય છે.

વળી એવા બત્રીસ લક્ષણા પુરૂષનાં સાત લક્ષણ રાતાં, છ ઉંચાં, પાંચ સૂક્ષ્મ, પાંચ દીર્ઘ, ત્રણ વિશાલ, ત્રણ લઘુ અને ત્રણ ગંભીર એવા પ્રકારના હોય છે.

શરીરના અંગોપાંગ ઉપરથી પુરૂષ પરીક્ષા.

સાત રાતાં લક્ષણો—જેના નખ, પગ, હાથ, જીભ, હોઠ, તાળવું અને નેત્રનાં ખૂણાં રાતાં હોય તે શ્રેષ્ઠ કહેવાય.

છ ઉન્નત લક્ષણો—કાખ, હૃદય, ડોક, નાસિકા, નખ અને મુખ એ છ વાનાં ઉન્નત હોય તે શ્રેષ્ઠ ગણાય.

પાંચ સૂક્ષ્મ લક્ષણો—દાંત, ચામડી, કેશ, આંગલીના પર્વ, અને નખ એ પાંચ જેનાં સૂક્ષ્મ હોય તે શ્રેષ્ઠ.

પાંચ દીર્ઘ લક્ષણો—આંખો, હૃદય, નાસિકા, હડપચી અને ભૂજા એ પાંચ જેનાં દીર્ઘ હોય તે શ્રેષ્ઠ.

ત્રણ વિશાળ લક્ષણો—કપાળ, છાતી અને મુખ એ ત્રણ જેના વિશાળ હોય તે શ્રેષ્ઠ.

ત્રણ લઘુ લક્ષણો—કંઠ, સાથળ અને પુરૂષચિન્હ જેના લઘુ હોય તે શ્રેષ્ઠ.

ત્રણ ગંભીર લક્ષણો—પરાક્રમ, સ્વર અને નાભિ એ ત્રણ જેના ગંભીર હોય તે શ્રેષ્ઠ.

તેમજ મુખ એ શરીરનો અર્ધો ભાગ છે, અર્ધો નહીં પણ આખો ભાગ છે એમ કહીએ તોપણ ખોટું નથી. આખા શરીરમાં મુખ મુખ્ય છે. તેમાંય પણ નાસિકા શ્રેષ્ઠ છે. અને નાસિકાથી પણ નેત્રો શ્રેષ્ઠ છે. જેનાં જેવાં નેત્ર હોય તેનું તેવું શીલ જાણવું, જેવી નાસિકા તેવી સરળતા જાણવી, જેવું રૂપ તેવું ધન અને જેવું શીલ તેવા ગુણો જાણવા. વળી જે બહુ ઠીંગણો હોય, બહુ લાંબો હોય, બહુ જાડો અથવા બહુ પાતળો હોય, અને બહુ કાળો તથા ગોરો હોય તો તે છએમાં સત્વ હોય છે.

સ્વર્ગ–નરક વિગેરે યોનીમાંથી આવનાર કેવા હોય ?

સ્વર્ગમાંથી આવનાર—જે સારી રીતે ધર્મકરણી કરતો હોય, સારો ભાગ્યશાળી હોય, શરીરે નીરોગી હોય, જેને સારાં સ્વપ્નાં આવતાં હોય, સારી નીતિવાળો હોય, અને કવિ હોય તે પુરૂષનો આત્મા સ્વર્ગમાંથી આવેલો હોય અને પાછો સ્વર્ગમાં જાય એમ સુચવે છે.

માનવલોકમાંથી આવનાર—જે નિષ્કપટ હોય, દયાળુ હોય, દાનવીર હોય, ઇંદ્રિયોને કાબુમાં રાખનાર હોય, ડાહ્યો હોય, અને હંમેશાં સરળસ્વભાવી હોય તે મનુષ્ય માનવલોકમાંથી આવ્યો હોય અને ફરી પણ મનુષ્ય થવાનું સૂચવે છે.

પશુયોનિમાંથી આવનાર—જેને કપટ, લોભ, ક્ષુધા, આળસ અને આહાર ઘણાં હોય, તે પોતાની વલણથી જ પુરવાર કરે છે કે તે તિર્યંચ યોનિમાંથી આવેલો હોવો ઘટે અને પાછો તે યોનિમાં ઉત્પન્ન થાય એમ દર્શાવે છે.

નરક ગતિમાંથી આવનાર—જે રાગ (મોહ) વાળો હોય, સ્વજનો પ્રત્યે દ્વેષભાવ રાખતો હોય, ખરાબ ભાષા વાપરતો હોય તથા મૂર્ખાની સોબતમાં રહે તો તે માણસ પોતાનું નરક ગતિમાંથી આગમન અને ગમન સુચવે છે.

સામુદ્રિક લક્ષણો.

આવર્ત—પુરૂષોને જમણી બાજુએ જમણું આવર્ત્ત શુભ ફળ આપે છે, ડાબી બાજુએ ડાબું આવર્ત હોય તે અશુભ કરનારૂં–અતિ નિંદનીય જાણવું. બાકી બીજી દિશાઓમાં હોય તો મધ્યમ જાણવું.

હાથનાં તળીયાં—જેમના હાથનું તળીયું રેખા વિનાનું હોય અથવા તો ઘણી રેખાઓ હોય તેઓ અલ્પ આયુષ્યવાળા, નિર્ધન અને દુઃખી હોય છે. જેના હાથનું તળીયું લાલ હોય તે ધનવાન્ હોય, લીલું હોય તો દારૂડીયો હોય, પીળું હોય તો પરસ્રીલંપટ હોય અને કાળું અથવા મલિન હોય તો નિર્ધન હોય. પુરૂષનો હાથ સ્વાભાવિક રીતે જ કઠણ અને સ્રીનો સુકોમળ હોય તે સારૂં. સામુદ્રિક લક્ષણો જોવાં હોય તો પુરૂષનો જમણો હાથ અને સ્રીનો ડાબો હાથ જોવો જોઇએ. જેના હાથનું

તળિયું ઉંચું હોય તે દાતાર હોય, ઉંડું હોય તો નિર્ધન હોય, વાટકા જેવું ગોળ તથા ઉંડું હોય તો ધનવંત હોય.

હાથની આંગળીઓ—પાતળી અને સીધી હોય તે સારી. પુરૂષની અનામિકા (ટચલી આંગળી પાસેની) આંગળીના વેઢાની છેલ્લી રેખાથી ટચલી આંગળી મોટી હોય તો તેને ધનની વૃદ્ધિ થાય, તેમજ મોસાળપક્ષ પણ મ્હોટો હોય.

ગોત્ર, ધન અને આયુષ્યની રેખા—મણિબંધ (કાંડું અને હથેળીના વચ્ચેનો સાંધો) થી જે રેખા નીકળે છે તે ગોત્રની રેખા છે અને કરભ (મણિબંધથી ટચલી આંગળા સુધીનો હથેળીનો બાહ્ય ભાગ) થી જે બે રેખા ચાલે છે તે ધન તથા આયુષ્યની રેખાઓ છે; એ ત્રણે રેખા તર્જની (અંગુઠા પાસેની) અને અંગુઠા વચ્ચે જાય છે: જેમની એ ત્રણે રેખા સંપૂર્ણ તથા નિર્દોષ હોય તેમના ગોત્ર, ધન તથા આયુષ્ય સંપૂર્ણ જાણવાં. આયુષ્યની રેખાથી જેટલી આંગળીઓ ઓળંગાય તેટલા પચ્ચીશ પચ્ચીશ વરસનું આયુષ્ય જાણવું.

માન પ્રતિષ્ઠા–સુખ અને ભાઇ બ્હેનની રેખા—આયુષ્ય રેખાના પલ્લવ મણિબંધની સન્મુખ નીકળે તો તે સંપત્તિના જાણવા, અને આંગળીઓની સન્મુખ નીકળે તો વિપત્તિના જાણવા. જેને મણિબંધથી ઉર્ધ્વ રેખા નીકળી અંગુઠાની સન્મુખ આવે તેને સુખ થાય, ધનનો લાભ થાય, અને રાજ્યનો પણ લાભ થાય. તે ઉર્ધ્વરેખા તર્જની સન્મુખ આવે તો રાજા અથવા રાજા સરખો થાય; વચલી આંગળી સન્મુખ આવે તો આચાર્ય અથવા સેનાપતિ થાય, અનામિકા સન્મુખ આવે તો ઘણા ધનવાળો સાર્થવાહ થાય. અને છેલ્લી આંગળીની સન્મુખ આવે તો લોકોમાં પ્રતિષ્ઠા પામે.

અંગુઠા અને ગોત્ર રેખાની વચ્ચે ભાઇ–બ્હેનની રેખા હોય

છે, કરભ અને આયુષ્ય રેખાની વચ્ચે સંતાનની રેખા હોય છે, આયુષ્ય રેખા અને ટચલી આંગળી વચ્ચે સ્ત્રીની રેખા હોય છે.

અંગુઠાના મધ્ય ભાગમાં જો જવ હોય તો વિદ્યા, પ્રખ્યાતિ અને સમૃદ્ધિ મળે, તેમજ જો જમણા અંગુઠામાં જવ હોય તો શુકલપક્ષમાં જન્મ જાણવો.

નેત્ર, દાંત, મસ્તક વિગેરે:—જેનાં નેત્ર લાલ રહેતાં હોય તેને સ્ત્રી કદી ત્યજતી નથી, સુવર્ણ સમાન પીળી-માંજરી આંખવાળાને ધન ત્યજતું નથી, લાંબી ભુજાવાળાને ઐશ્વર્ય કદિ ત્યજતું નથી અને શરીરે હૃષ્ટપુષ્ટ હોય તેને સુખ ત્યજતું નથી. વળી આંખોમાં ચીકાશ હોય તો સૌભાગ્ય મળે, દાંતમાં ચીકાશ હોય તો ઉત્તમ ભોજન મળે, શરીરમાં ચીકાશ હોય તો સુખ મળે અને પગમાં ચીકાશ હોય તો વાહન મળે.

જેની છાતી વિશાળ હોય તે ધન અને ધાન્યનો ભોગી થાય, જેનું મસ્તક વિશાળ હોય તે ઉત્તમ રાજા થાય, જેની કમ્મર વિશાળ હોય તેને ઘણાં પુત્ર તથા સ્ત્રી હોય અને જેના પગ વિશાળ હોય તે હંમેશાં સુખી થાય.

ઋષભદત્ત બ્રાહ્મણ દેવાનંદાને કહે છે કે "માન, ઉન્માન અને પ્રમાણવડે આખું અંગ સંપૂર્ણ અને સુંદર છે તેવા પુત્રનો તમે જન્મ આપશો."

માન, ઉન્માન અને પ્રમાણનું સ્પષ્ટીકરણ.

માન:—પાણીથી સંપૂર્ણ ભરેલી કુંડીમાં માણસને બેસાડ્યા બાદ જે પાણી બહાર નીકળી જાય તે પાણી એક દ્રોણ-બત્રીસ શેર જેટલું વજનનું થાય તો તે માણસ માનને પ્રાપ્ત થયેલો જાણવો.

ઉન્માન:—પુરૂષને કાંટે ચડાવી જોખવાથી જો તેનું વજન

અર્ધભાર થાય તો તેને ઉન્માનને પ્રાપ્ત થયેલો જાણવો. ભારના માપનું પ્રમાણ આ પ્રમાણે છે:—

છ સરસવનો એક જવ, ત્રણ જવની એક રતી, ત્રણ રતીનો એક વાલ, સોળ વાલનો ગદીયાણો, દસ ગદિયાણાનો એક પલ, દોઢસો ગદિયાણાનો એક મણ, દસ મણની એક ધડી અને દસ ધડીનો એક ભાર. દોઢસો પળનો એક મણ થાય એમ જે કહ્યું છે ત્યાં પળને બદલે ગદીયાણા લેવા. જો દોઢસો પળનો મણ લઈએ તો ભારના અઠ્યોતેર મણ થઈ જાય અને તેના અર્ધ ભાગે ઓગણ-ચાલીશ મણ થાય. એટલું શરીરનું માન ન સંભવે. જો દોઢસો ગદીયાણાનો મણ લઈએ તો ચાલીશ શેરના માન વડે કંઈક અધિક એવા પોણા આઠ મણ થાય, અને તેનું અર્ધું માન એટલે પોણા ચાર મણ અને પાંચશેરથી વધારે શરીરનું પ્રમાણ સંભવે. તેથી દોઢસો ગદિયાણાનો મણ સંભવે.

પ્રમાણ:—એટલે ઉંચાઈ. ઉત્તમ પુરૂષો પોતાંના અંગુલ વડે એકસો ને આઠ અંગુલ ઉંચા હોય છે. મધ્યમ પુરૂષ છન્નું આંગલ ઉંચા હોય છે અને જઘન્ય પુરૂષ ચોરાશી આંગલ ઉંચા હોય છે. અહીં એકસોઆઠ અંગુલનું જે ઉંચાઇનું પ્રમાણ કહ્યું તે તીર્થંકર સિવાયના પુરૂષોને માટે સમજવાનું છે. તીર્થંકરને તો બાર અંગુલ ઉંચાઈ પ્રમાણનું ઉષ્ણીય (શીખા) ગણતાં એકસો ને વીસ અંગુલ થાય.

યૌવન પહેલાં એ બાળક શું શું ભણશે?

ઋષભદત્ત બ્રાહ્મણ દેવાનંદાને ઉદ્દેશીને કહે છે કે:—"વળી ચંદ્રમાની પેઠે સૌમ્ય આકૃતિવાળા, મનોહર, પ્રિયદર્શન, સ્વ-રૂપવાન અને દેવકુમાર જેવા પુત્રને તમે જન્મ આપશો. તે પુત્ર જ્યારે બાલ્યભાવ છોડીને આઠ વર્ષનો થશે ત્યારે તેને સઘળું

વિજ્ઞાન પરિણમશે અને પછી જ્યારે અનુક્રમે યૌવન અવસ્થાને પ્રાપ્ત થશે ત્યારે ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અથર્વણવેદ એ ચાર વેદ, પાંચમું પુરાણશાસ્ત્ર, છઠું નિઘંટુ શાસ્ત્ર–નામમાળા શાસ્ત્ર વિગેરે શાસ્ત્રો અંગ–ઉપાંગ તથા રહસ્ય સહિત શીખશે." શિક્ષા, કલ્પ, વ્યાકરણ, છંદ, જ્યોતિષ અને નિરૂકિત એ છ અંગ કહેવાય છે અને તે અંગના વિસ્તારપૂર્વક અર્થ જણાવનાર ઉપાંગ કહેવાય છે. "વળી ચારે વેદને બરાબર સંભારી રાખશે, ચારે વેદમાં પારગામી થશે અને કોઇ અશુદ્ધ પાઠ ભણશે તો તેને વારશે, વેદોના પાઠને શુદ્ધ રીતે ધારી રાખશે. વળી હે દેવાનુપ્રિયે, તે પુત્ર પૂર્વોક્ત છ અંગનો વિચાર કરનારો થશે, ષષ્ઠિતંત્રમાં–કપિલ સંબંધી સાંખ્ય શાસ્ત્રમાં વિશારદ થશે, લીલાવતી જેવા ગણિત શાસ્ત્રમાં પ્રવીણ થશે." જેમકે એક સ્તંભનો અર્ધો ભાગ પાણીમાં છે, બારમો ભાગ કાદવમાં છે, છઠ્ઠો ભાગ વેળુમાં છે અને દોઢ હાથ બહાર દેખાય છે તો પછી તે આખો સ્તંભ કેટલા હાથનો હશે ? આ પ્રશ્ન ગણિતશાસ્ત્રનો છે અને તેનો જાણકારજ જવાબ આપી શકે કે એ સ્તંભ છ હાથનો છે. એવા સંખ્યાશાસ્ત્રમાં પણ તે પ્રવીણ થશે. "વળી તે આચાર સંબંધી ગ્રંથનો જાણકાર થશે, અક્ષરોના આમ્નાય ગ્રંથોમાં તથા યજ્ઞ વિગેરેના વિધિ શાસ્ત્રોમાં નિપુણ થશે. વ્યાકરણ–શબ્દશાસ્ત્રમાં પંડિત થશે. છંદશાસ્ત્રમાં, નિરૂકત એટલે પદોની વ્યુત્પત્તિરૂપ ટીકા વિગેરેમાં, જ્યોતિષશાસ્ત્ર અને બ્રાહ્મણોને હિતકારી થાય એવા બીજા ઘણાં શાસ્ત્રોમાં તે પુત્ર કુશળ થશે, તેમજ સંન્યાસ સંબંધી આચારશાસ્ત્રોમાં પણ તે અતિશય નિપુણ થશે."

વ્યાકરણો કેટલાં અને કયા કયા ?

ઉપર વ્યાકરણ વિષે ઉલ્લેખ કરવામાં આવ્યો છે, વ્યાકરણ કેટલાં અને તેનાં શા શા નામ છે તે અહીં ટુંકામાં કહીએ છીએ.

(૧) ઐંદ્ર વ્યાકરણ (૨) જૈનેંદ્ર વ્યાકરણ (૩) સિદ્ધહેમચંદ્ર વ્યાકરણ (૪) ચાંદ્ર વ્યાકરણ (૫) પાણિનીય વ્યાકરણ (૬) સારસ્વત (૭) શાકટાયન (૮) વામન (૯) વિશ્રાંત (૧૦) બુદ્ધિસાગર (૧૧) સરસ્વતીકંઠાભરણ (૧૨) વિદ્યાધર (૧૩) કલાપક (૧૪) ભીમસેન (૧૫) શૈવ (૧૬) ગૌડ (૧૭) નંદિ (૧૮) જયોત્પલ (૧૯) મુષ્ટિ (૨૦) જયદેવ વિગેરે.

"હે દેવાનુપ્રિયે! તમે ખરેખર આરોગ્ય, સંતોષ, દીર્ઘાયુષ્ય, મંગલ, અને કલ્યાણકારી સ્વપ્ન જ જોયાં છે." એમ કહી તે વારંવાર તેની અનુમોદના કરવા લાગ્યો.

દેવાનંદાનો ઉત્તર.

દેવાનંદા બ્રાહ્મણીએ પોતાના સ્વામી પાસેથી બધી હકીકત સાંભળી અને હૃદયમાં અવધારી. પછી તે વિકસિત હૃદયવાળી, સંતુષ્ટ મનવાળી નારી બે હાથ જોડી, દસ નખ ભેગા કરી, આવર્ત્ત કરી, મસ્તકે અંજલી જોડી કહેવા લાગી કે:—"હે દેવાનુપ્રિય, એ એમજ છે, તમે સ્વપ્નાનું જે ફળ કહ્યું તે બરાબર જ છે. તે સંદેહ રહિત છે. ઇચ્છાને અનુરૂપ જ છે. આપના મુખમાંથી પડતાં જ મેં તે ગ્રહણ કર્યું છે. તમે જે અર્થ કહો છો તે યથાસ્થિત જ છે." એ પ્રમાણે કહી તેણે સ્વપ્નાનો સારી રીતે અંગીકાર કર્યો, અને ઋષભદત્તની સાથે મનુષ્ય સંબંધી ઉદાર અને ભોગવવા યોગ્ય ભોગ ભોગવતી રહેવા લાગી.

સૌધર્મેન્દ્ર.

તે કાળે અને તે સમયે સૌધર્મેન્દ્ર સુધર્મા સભામાં બેઠો છે એ પ્રમાણે સંબંધ છે. તે સૌધર્મેન્દ્ર કેવો છે? શક્ર નામના સિંહાસન ઉપર બેસનારો, દેવોનો સ્વામી, કાંતિ વિગેરેથી દેવોમાં અધિક શોભતો, હાથમાં વજ્રને ધારણ કરનારો, દૈત્યોના

નગરોને તોડનારો, શ્રાવકની પાંચમી પડિમા સો વખત વહન કરનારો અને જેણે પોતાના કાર્ત્તિક શેઠના ભવમાં સો વખત શ્રાવકની પડિમા વહી શતક્રતુ નામ પ્રાપ્ત કર્યું હતું.

કાર્ત્તિક શેઠની કથા.

પૃથ્વીભૂષણ નગરમાં પ્રજાપાળ નામે રાજા રાજ્ય કરતો હતો. તે નગરમાં રાજમાન્ય, સમૃદ્ધિશાળી, સમ્યક્ત્વધારી કાર્ત્તિક શેઠ નામે એક પરમ શ્રાવક રહેતો હતો. એક વખત તે નગરમાં એક માસનો ઉપવાસી ગૈરિક નામે તાપસ આવ્યો. કાર્ત્તિક શેઠ વિના બીજા બધા લોકો તેના ભક્ત બન્યા. ગૈરિક તાપસને એ વાતની ખબર પડી. તેને કાર્ત્તિક શેઠ પ્રત્યે ખૂબ દાઝ ચડી. એક દિવસે નગરના રાજાએ તાપસને ભોજન માટે નિમંત્રણ કર્યું, ત્યારે તેણે રાજા સાથે એવી સરત કરી કે "જો કાર્ત્તિક શેઠ પોતે આવી મને પીરસે તો હું તમારે ત્યાં ભોજન લઉં." રાજાએ એ સરત કબુલ કરી. કાર્ત્તિક શેઠને બોલાવવામાં આવ્યા. રાજાએ આજ્ઞા કરી કે "તમારે મારે ઘેર આવી ગૈરિકને જમાડવા." કાર્ત્તિક શેઠે કહ્યું કે—"હે રાજન્, આપની આજ્ઞાથી તમારે ઘેર આવી તેને જમાડીશ."

તાપસ જમવા બેઠો અને કાર્ત્તિક શેઠ પોતે પીરસવા લાગ્યા. તાપસ જમતાં જમતાં પોતાના નાક ઉપર હાથ ફેરવવા લાગ્યો અને એ રીતે કાર્ત્તિક શેઠને સૂચવતો જ રહ્યો કે—"મેં કેવું તારૂં નાક કાપ્યું ?" શેઠે કંઈ જવાબ ન વાળ્યો.

ઘેર આવી વિચાર કરવા લાગ્યો કે—"જો મેં પહેલેથીજ દીક્ષા લીધી હોત તો મારે આવાં મ્હેણાં સાંભળવાનો વખત આવત ખરો ? મેં દીક્ષા લેવામાં વિલંબ કર્યો તેથીજ મારે

તાપસના હાથથી પરાભવ ખમવો પડ્યો. એમાં મારો જ દોષ છે." એવું વિચારી તેણે એક હજાર ને આઠ વણિકપુત્રો સાથે મુનિસુવ્રત સ્વામી પાસે દીક્ષા લીધી.

અનુક્રમે દ્વાદશાંગી ભણી, બાર વરસ સુધી ચારિત્ર પાળી, છેવટે અણસણ કરી, કાળધર્મ પામી કાર્ત્તિક શેઠનો જીવ સૌધર્મ દેવલોકમાં ઇન્દ્ર થયો. પેલો ગૈરિક તાપસ પણ અજ્ઞાનદશામાં તપ કરતો મરણ પામી સૌધર્મેન્દ્રના વાહન–ઐરાવણ નામના હાથી રૂપે તેજ દેવલોકમાં ઉત્પન્ન થયો.

હાથીએ અવધિજ્ઞાનથી જાણી લીધું કે—"હું પૂર્વે ગૈરિક તાપસ હતો અને આજનો આ ઈન્દ્ર એ કાર્ત્તિક શેઠ પોતેજ છે." આવો વિચાર આવતાં તે ત્યાંથી નાસવાનો પ્રયત્ન કરવા લાગ્યો. પરન્તુ ઇન્દ્ર તેને પકડી મસ્તક ઉપર ચડી બેઠો. હાથીએ ડરાવવા પોતાનાં બે રૂપ કર્યાં એટલે ઈન્દ્રે પણ પોતાના બે રૂપ કર્યાં. હાથીએ ચાર રૂપ કર્યાં એટલે ઇન્દ્રે પણ પોતાનાં ચાર રૂપ કર્યાં. એવી રીતે હાથી જેમ જેમ પોતાનાં રૂપ વધારતો ગયો તેમતેમ ઇન્દ્ર પણ પોતાના રૂપ વધારવા લાગ્યો. પછી ઈન્દ્રે અવધિજ્ઞાનથી હાથીને ઓળખ્યો, અને તેનો તિરસ્કાર કર્યો એટલે હાથી પોતાનું મૂળ રૂપ ધરી ઉભો થઇ રહ્યો.

ઇન્દ્રનું ઐશ્વર્ય.

ઇન્દ્ર સહસ્રાક્ષ–હજાર લોચનવાળો કહેવાય છે. કારણ કે તેના પાંચસો દેવમંત્રીઓની હજાર આંખો માત્ર ઈન્દ્રનું જ કાર્ય કરતી હોય છે. મહામેઘો તેને વશ હોય છે, અથવા મઘ નામના દેવવિશેષ નિરંતર તેના તાબામાં રહે છે. જેણે પાક નામના અસુરને શીક્ષા કરી છે, જે મેરૂની દક્ષિણે રહેલા લોકાર્ધનો સ્વામી છે, ઐરાવણ હાથી જેનું વાહન છે, જે દેવોને આનંદ

આપનાર છે, જે બત્રીસ લાખ વિમાનોનો અધિપતિ છે, જે રજરહિત આકાશ જેવાં સ્વચ્છ વસ્ત્રોને ધારણ કરે છે, જેણે માળા અને મુગટ યથાસ્થાને પહેરેલાં છે, નવીન સુવર્ણનાં મનોહર આશ્ચર્ય કરનારા આજુબાજુ કંપાયમાન થતાં એવાં બે કુંડલો જેણે ધારણ કર્યાં છે, છત્રાદિ રાજચિન્હો જેની મહાઋદ્ધિને સૂચવી રહ્યાં છે, શરીર અને આભૂષણોથી અત્યંત દીપતો, મહા બળવાળો, મ્હોટા યશવાળો, મ્હોટા માહાત્મ્યવાળો, મહા સુખવાળો, દેદીપ્યમાન શરીરવાળો, પંચવર્ણી પુષ્પોની બનાવેલી અને છેક પગ સુધી લાંબી માલાને ધારણ કરનારો સૌધર્મ નામે દેવલોકને વિષે, સૌધર્માવતંસક નામના વિમાનમાં, સુધર્મા નામની સભામાં શક્ર નામના સિંહાસન ઉપર બિરાજેલો છે.

ઇન્દ્રનો વૈભવ.

તે ઇન્દ્ર ત્યાં શું કરે છે? તે સૌધર્મ દેવલોકમાં બત્રીસ લાખ વિમાનો, શક્તિ, આયુષ્ય અને જ્ઞાનાદિક ઋદ્ધિવડે ઇન્દ્રના જેવાજ ચોરાશી હજાર સામાનિક દેવો, ગુરૂસ્થાનીય અને પ્રધાન જેવા તેત્રીશ ત્રાયસ્ત્રિંશક દેવો, સોમ યમ વરૂણ અને કુબેર એ ચાર લોક-પાળ, પ્રત્યેક સોળ સોળહજાર દેવીઓના પરિવાર સહિત એવી (૧) પદ્મા (૨) શિવા (૩) શચી (૪) અંજૂ (૫) અમલા (૬) અપ્સરા (૭) નવમિકા અને (૮) રોહિણી નામની આઠ પટરાણી, બાહ્ય મધ્યમ અને અભ્યંતર એ ત્રણ પર્ષદા, હાથી ઘોડા રથ સુભટ વૃષભ નાટકીયા અને ગંધર્વ એ સાત સેનાઓ, સાત સેનાઓના સાત સેનાધિપતિઓ, ચારે દિશામાં રહેલા ચોરાશી ચોરાશી હજાર આત્મરક્ષક દેવો, ચારે દિશાઓના મળી ઇન્દ્રના ત્રણ લાખ ને છત્રીસ હજાર આત્મરક્ષક દેવો, વળી સૌધર્મ દેવલોકમાં રહેનાર બીજા પણ ઘણા વૈમાનિક દેવો અને દેવીઓ, એ સર્વ પરિવારનું ઇન્દ્ર રક્ષણ કરે છે અને સઘળા પરિવારમાં ઇન્દ્રનું અગ્રેસરપણું છે,

નાયકપણું છે, પોષકપણું છે, મ્હોટાપણું છે. પોતાના નિયુકત દેવો દ્વારા સૈન્ય પ્રતિ અદ્‌ભૂત આજ્ઞા કરાવતો, પોતે પણ આજ્ઞા કરતો અને વચમાં કાંઈ પણ અંતરાય વિનાનું નાટકમાં ચાલતું ગાયન તથા વાગી રહેલ વીણા, હાથતાળીઓ, અન્ય વાજીંત્રો, મેઘની ગર્જના પેઠે ગંભીર શબ્દથી વાગતો મૃદંગ, મનોહર શબ્દ કરતો ઢોલ, તેઓના મ્હોટા નાદવડે દેવ સંબંધી અતિશય-વાળા ભોગો ભોગવતો બેઠો છે.

ઇન્દ્રે શું જોયું ? તેનો ઉછળતો ભક્તિભાવ

તે સૌધર્મેન્દ્ર આ સંપૂર્ણ જંબૂદ્વીપ નામના દ્વીપને, પોતાના વિસ્તૃત અવધિજ્ઞાનવડે હંમેશાં જોયા જ કરે છે. તેણે શ્રમણ ભગવાન્ મહાવીરને, જંબૂદ્વીપ નામના દ્વીપમાં, ભરત-ક્ષેત્રમાં, દક્ષિણાર્ધ ભરતમાં, બ્રાહ્મણકુંડગ્રામ નામના નગરમાં, કોડાલ ગોત્રવાળા ઋષભદત્ત બ્રાહ્મણની ભાર્યા, જાલંધર ગોત્રની દેવાનંદા નામની બ્રાહ્મણીની કુખમાં ગર્ભપણે ઉત્પન્ન થયેલા જોયા. જોતાં જ તે હર્ષિત થયો, સંતુષ્ટ થયો, ચિત્તમાં આનંદ પામ્યો, હૃદયમાં હર્ષ પામ્યો, મનમાં પ્રીતિવાળો થયો. હર્ષના અતિરેકથી, વર્ષાદની ધારાથી પુષ્પ વિકાસ પામે તેમ તેના રોમાંચ પ્રફુલ્લિત થયાં; તેનાં મુખ અને નેત્ર ઉપર પ્રસન્નતા છવાઇ અને પ્રભુદર્શનના અતિશય પ્રમોદને લીધે સંભ્રમ થવાથી તેનાં ઉત્તમ કંકણ, બહેરખાં, બાજુબંધ, મુગટ અને કુંડલ પણ ચલાયમાન થયાં. હારથી શોભતા હૃદયવાળો, લંબાયમાન મોતીનું ઝુંબનક અને ચલાયમાન આભૂષણ ધારણ કરનારો ઇંદ્ર તુરતજ આદર સહિત, ઉત્સુકતા પૂર્વક, ચપળતાથી પોતાના સિંહાસન ઉપરથી ઉઠ્યો. ઉઠીને પાદપીઠથી નીચે ઉતર્યો. ઉતરીને વૈડુર્યરત્ન, ઉત્તમ જાતનું રિષ્ટ રત્ન અને અંજનરત્નવડે જાણે કોઇ ચતુર કારીગરે બનાવી હોય તેવી, દેદીપ્યમાન ચંદ્રકાંતાદિ

મણિ અને કર્કેતનાદિ રત્નોથી જડેલી બન્ને પાદુકાઓને પગમાંથી ઉતારી નાખી. પછી એક વસ્ત્રવાળું ઉત્તરાસંગ ધારણ કરી અંજલિવડે બે હાથ જોડી તીર્થંકરની સન્મુખ સાત-આઠ પગલાં ગયો. પછી પોતાનો ડાબો ઢીંચણ ઉભો રાખી, જમણા ઢીંચણને પૃથ્વીના તલ ઉપર લગાડીને પોતાનું મસ્તક ત્રણ વાર પૃથ્વીતળને લગાડયું અને તે સાથે પોતાના શરીરને પણ નમાવ્યું. કંકણ અને બેરખાંથી સ્તંભિત થયેલી પોતાની ભુજાઓને જરા વાળીને ઉંચી કરી, બે હાથ જોડી, દસે નખ ભેગા કરી, આવર્ત્ત કરી મસ્તકે અંજલી જોડીને આ પ્રમાણે બોલ્યોઃ—

નમુત્થુ ણં અરિહંતાણં—અરિહંતોને નમસ્કાર હો. કર્મરૂપ વૈરીઓને હણે તે અરિહંત. કોઈ ઠેકાણે 'અરહંતાણં' એવો પણ પાઠ છે. ઈન્દ્રાદિએ કરેલી પૂજાને યોગ્ય હોય તે અરહંત કહેવાય, તેમને નમસ્કાર હો. કોઇ ઠેકાણે 'અરૂહંતાણં' એવો પણ પાઠ છે. પ્રભુએ કર્મરૂપી બીજનો નાશ કરેલો છે તેથી તેમને સંસાર રૂપી ક્ષેત્રમાં ફરીથી ઉગવાનું હોતું નથી. એ અપેક્ષાએ અરૂહંત-ફરીથી જન્મ લેવાનો નથી, તે ભગવાનને નમસ્કાર હો.

ભગવંતાણં—(અરિહંત કેવા છે ?) જ્ઞાનાદિ બાર અર્થવાળા ભગથી યુક્ત. ભગ શબ્દના ચૌદ અર્થ થાય છે. (જે અગાઉ આપી ગયા છીએ.) તેમાં પહેલો સૂર્ય અને છેલ્લો યોનિ એ બે અર્થ છોડીને બાકીના બીજા બધા ભગવાનને ઘટી શકે છે. જેમકે જ્ઞાનવાળા, માહાત્મ્યવાળા, સાપ-મોર-બિલાડા-કૂતરા વિગેરે જન્મવૈરી પ્રાણીઓ પણ પ્રભુ આગળ પોતાના વૈરને ભૂલી જતાં હોવાથી યશસ્વી, વૈરાગ્યવાળા, મુકિતવાળા, સુંદર રૂપવાળા, અપરિમિત બળવાળા હોવાથી વીર્યવાળા, તપસ્યા કરવામાં પ્રયત્નશીલ, જગતના જીવોનો ઉધ્ધાર કરવાની ઈચ્છા-

વાળા, ચોત્રીસ અતિશયરૂપ લક્ષ્મીવાળા, ધર્મવાળા, અને ઈન્દ્રાદિ કરોડો દેવો અને રાજા-મહારાજાઓવડે પૂજાતા હોવાથી ઐશ્વર્યવાળા. એમ ભગ શબ્દના બારે અર્થ અરિહંતને લગાડી શકાય.

આઇગરાણં—પોતપોતાના તીર્થની અપેક્ષાએ આદિ કરનાર.

તિત્થયરાણં—તીર્થ એટલે સંઘ અથવા પ્રથમ ગણધર તેમના સ્થાપનાર.

સયંસંબુદ્ધાણં—પરના કોઈના ઉપદેશ વિના પોતાની મેળેજ બોધ પામેલા,

પુરિસુત્તમાણં—અનંત ગુણના ભંડાર હોવાથી પુરૂષોને વિષે ઉત્તમ,

પુરિસસીહાણં—કર્મરૂપી શત્રુઓનો નાશ કરવામાં શૂરવીર હોવાથી, પરિષહો સહન કરવામાં ધીર હોવાથી અને ઉપસર્ગોથી નિર્ભય હોવાથી પુરૂષોમાં સિંહ જેવા,

પુરિસવરપુંડરિયાણં—પુરૂષોને વિષે ઉત્તમ સફેદ કમળ જેવા. કમળ કાદવમાં ઉત્પન્ન થાય છે, પાણીથી વધે છે છતાં પાણી તથા કાદવથી નિરાળું જ રહે છે. તેમ ભગવાન્ પણ કર્મો રૂપી કાદવમાં ઉત્પન્ન થાય છે, ભોગરૂપી પાણીથી વધે છે છતાં અનુક્રમે કર્મ તથા ભોગથી નિરાળા થઈ જાય છે.

પુરિસવરગંધહત્થીણં—પુરૂષોને વિષે ઉત્તમ ગન્ધહસ્તી જેવા. ગંધહસ્તીની ગંધ માત્રથી બીજા હાથીઓ નાસી જાય છે, તેમ ભગવાન્ જ્યાં જ્યાં વિચરે છે, ત્યાં ત્યાંના આસપાસના પ્રદેશના રોગ-ઉપદ્રવ વિગેરે નાસી જાય છે.

લોગુત્તમાણં—ભવ્ય લોકને વિષે ઉત્તમ. કારણ કે ભગવાનને ચોત્રીસ તો અતિશય હોય છે.

લોગનાહાણં—ભવ્ય લોકોના નાથ. એટલે કે યોગ અને ક્ષેમ કરનારા. યોગ એટલે નહીં પ્રાપ્ત થયેલા જ્ઞાનાદિની પ્રાપ્તિ અને ક્ષેમ એટલે પ્રાપ્ત થયેલા જ્ઞાનાદિનું રક્ષણ, એ બન્ને કરનાર તેથી ભવ્ય લોકના નાથ.

લોગહિયાણં—સર્વ જીવોનું હિત કરનાર. કારણ કે ભગવાન દયાના પ્રરૂપક છે.

લોગપઈવાણં—લોકોને વિષે પ્રદીપ સમાન; કારણ કે મિથ્યાત્વરૂપી અંધકારનો નાશ કરનાર છે.

લોગપજ્જોઅગરાણં—લોકોમાં પ્રદ્યોત કરનાર, કારણ કે ભગવાન સૂર્યની પેઠે સર્વ પદાર્થોને પ્રકાશ આપે છે.

અભયદયાણં—અભયને દેવાવાળા—સાતે ભયને હરનારા. સાત ભય કયા કયા? (૧) મનુષ્યને મનુષ્યનો ભય રહે તે ઈહલોકભય, (૨) મનુષ્યને દેવ વિગેરેનો ભય રહે તે પરલોક ભય, (૩) ચોરી વિગેરેનો ભય તે આદાનભય (૪) બહારના નિમિત્ત વિના આકસ્મિક ભય તે અકસ્માત્ ભય (૫) આજીવિકા ચલાવવાનો ભય તે આજીવિકા ભય (૬) મરણ ભય (૭) અપયશ ભય. (એ સાતે ભય ભગવાન્ હરે છે.)

ચક્ખુદયાણં—શ્રુતજ્ઞાનરૂપ આંખ દેનાર.

મગ્ગદયાણં—સમ્યગ્જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ મોક્ષમાર્ગ આપનાર. જેમ કોઈ લોકો મુસાફરીએ જતા હતા, તેમનું દ્રવ્ય ચોરોએ લૂંટી લીધું અને પછી તેમને આંખે પાટા બાંધીને અવળે માર્ગે ચડાવી દીધા. તેવામાં કોઈએ આવી આંખપરના પાટા છોડી નાખી, ધન આપી, સાચો માર્ગ બતાવી, ઘણો ઉપકાર કર્યો. તેવી રીતે ભગવાન પણ કામ, ક્રોધાદિ કષાયોએ જેમનું ધર્મધન લૂંટી લીધું છે અને મિથ્યાત્વરૂપ પાટાથી

જેઓનાં વિવેકરૂપી નેત્ર બંધ થયાં છે એવા પ્રાણીઓને શ્રુતજ્ઞાન, સદ્ધર્મ તથા મુક્તિમાર્ગ બતાવી ઉપકારી થયા છે.

સરણદયાણં—શરણ આપનાર, ભગવાન જ સંસારથી ભય પામેલાઓનું એક માત્ર શરણ છે.

જીવદયાણં—મરણના અભાવવાળું-મૃત્યુવિનાનું જીવન-મોક્ષ આપનાર અથવા પ્રાણીઓ ઉપર દયાવાળા.

બોહિદયાણં—સમ્યક્ત્વ આપનાર.

ધમ્મદયાણં—દેશવિરતિ અને સર્વવિરતિરૂપ ચારિત્રધર્મ આપનાર.

ધમ્મદેસયાણં—ધર્મનો ઉપદેશ આપનાર.

ધમ્મનાયગાણં—ધર્મના નાયક-સ્વામી.

ધમ્મસારહીણં—ધર્મરૂપી રથના સારથી. સારથી જેમ ખોટા માર્ગથી બચાવી રથને સીધા રાજમાર્ગ ઉપર લઈ જાય છે, તેમ ભગવાન પણ માર્ગથી ભ્રષ્ટ થયેલાઓને રાજમાર્ગમાં સ્થાપે છે.

મેઘકુમાર.

રાજગૃહ નગરમાં શ્રેણિક નામે રાજા રાજ્ય કરતો હતો. તેને ધારિણી નામે રાણી તથા મેઘકુમાર નામે એક પુત્ર હતો. એક વખત શ્રી મહાવીર સ્વામી પૃથ્વી ઉપર વિહાર કરતા, રાજગૃહની બહાર ઉદ્યાનમાં સમોસર્યા. પ્રભુની દેશના સાંભળવા શ્રેણિક તથા મેઘકુમાર વિગેરે ત્યાં ગયા. દેશના સાંભળી મેઘકુમારને તિવ્ર વૈરાગ્ય થયો, તેથી તેણે પોતાની આઠ સ્ત્રીઓનો ત્યાગ કરી, મહા મહેનતે માતપિતાની આજ્ઞા મેળવી પ્રભુ પાસે દીક્ષા લીધી. ભગવાને મેઘકુમારને ગ્રહણ અને આસેવના વિગેરે સાધુઓના આચાર શિખવવા માટે સ્થવિરોને સોંપ્યો. રાત્રીએ

અનુક્રમે સંથારાઓ કરતાં મેઘકુમારનો સંથારો સર્વ સાધુઓના છેડે–ઉપાશ્રયના બારણા પાસે આવ્યો. ત્યાં માત્રું વિગેરેને માટે જતા આવતા સાધુઓના પગની ધૂળથી તેનો સંથારો ભરાઇ ગયો. ફુલ જેવી સુકોમળ શય્યામાં સૂનાર મેઘકુમારને આવા ધૂળથી ભરાએલા સંથારામાં એક ક્ષણ પણ નિદ્રા ન આવી. તે વિચારવા લાગ્યો કે—" ક્યાં મારી સુખશય્યા અને ક્યાં આ પૃથ્વી પર પડયા રહેવાનું ? આવું દુઃખ મારે ક્યાં સુધી વેઠવું ? બસ, હવે તો સવાર પડે એટલી જ વાર. પ્રભુની રજા લઇ હું તો ઘેર ચાલ્યો જઇશ. "

સવાર થતાં મેઘકુમાર પ્રભુ પાસે આવ્યો. પ્રભુએ પોતે જ મેઘકુમારને મિષ્ટ વચનોથી સંબોધી કહ્યું કે:—" હે વત્સ, તેં રાત્રીએ કેવું દુર્ધ્યાન ચિંતવ્યું ? તેં જરા ઉંડો વિચાર કર્યો હોત તો જરૂર શાંતિ મેળવી શકત. તું વિચાર કર કે આ જીવે જ નારકીનાં તીવ્ર દુઃખો કેટકેટલા સાગરોપમ સુધી કેટકેટલીવાર સહન કર્યાં છે ? એ દુઃખ આગળ અત્યારનું કષ્ટ શા હીસાબમાં છે ? એવો કોણ મૂર્ખ હોય કે જે ચક્રવર્ત્તીની ઋદ્ધિ સિદ્ધિ મૂકી ગુલામી દશા સ્વીકારે ? એવો કોણ અક્કલવિહોણો હોય કે જે ચિંતામણી રત્ન મૂકી પત્થરને જ છાતીએ બાંધી રાખે ? ચારિત્ર એક એવા પ્રકારનું રત્ન છે. ચારિત્ર એ ચક્રવર્ત્તીઓને પણ મહા દુષ્કર વસ્તુ છે. ચારિત્રનું રક્ષણ કરતાં મૃત્યુ આવે તો પણ તે આવકારદાયક છે. ચારિત્રનું કષ્ટ જ્ઞાનપૂર્વકનું કષ્ટ છે અને તેથી તે મહાન્ ફળને આપનારૂં છે. અને તું પોતે જ વિચારી જો, કે જો નારકીનાં દુઃખનો પણ એક વાર આરો આવે છે તો પછી મનુષ્યનાં દુઃખ તે એની પાસે શા હીસાબમાં છે ? વળી તેં પોતે જ પૂર્વભવમાં કેટલું કષ્ટ વેઠયું હતું અને તેનું ફળ તું આજે કેવું ભોગવી રહ્યો છે ? વળી કહ્યું છે કે અગ્નિમાં પ્રવેશ

કરવો સારો, અને શુદ્ધ કર્મથી મૃત્યુ આવે તો તે પણ સારૂં, પરંતુ ગ્રહણ કરેલા વ્રતનો ભંગ અને શીલની સ્ખલના કરવી તે ઠીક નહીં.

મેઘકુમારનો પૂર્વભવ.

તું અહિંથી ત્રીજે ભવે વૈતાઢ્ય પર્વતની ભૂમિમાં, છ દંતશૂલવાળો, શ્વેતવર્ણવાળો અને એક હજાર હાથણીઓનો સ્વામી એવો સુમેરૂપ્રભ નામનો હસ્તિરાજ હતો. એક દહાડો ત્યાં વનમાં દાવાનળ લાગ્યો. તેથી ભય પામી ત્યાંથી નાસતો નાસતો બહુજ કાદવવાળા એક તળાવ પાસે પહોંચ્યો. નાસવાના શ્રમને લીધે તરસ પણ ખૂબ લાગી હતી. તળાવમાં જવાના ધોરી માર્ગથી તું અજાણ હતો તેથી તળાવના પાણી પાસે પહોંચતાં પહેલાં જ કાદવમાં ખૂંચી ગયો. એવી રીતે પાણી અને તીર બન્નેથી ભ્રષ્ટ થયો. એટલામાં તારો પહેલાનો વૈરી એક હાથી ત્યાં આવ્યો અને તને દંતશૂળથી મારી ઘાયલ કર્યો. એ આઘાતથી સાત દિવસ મહા વેદના ભોગવી એકસોવીસ વર્ષનું આયુષ્ય સંપૂર્ણ કરી મરણ પામ્યો. ત્યાંથી મરીને વિંધ્યાચળ પર્વતની ભૂમિમાં લાલ રંગવાળો ચાર દંતશૂળવાળો અને સાતસો હાથણીઓનો સ્વામી થયો. એક વખતે દૂર સળગતા મોટા દાવાનળને જોવાથી તને તારો પૂર્વભવ યાદ આવ્યો. પછી એવા દાવાનળના ભયથી હંમેશને માટે બચવા તેં ચાર ગાઉનું એક માંડલું બનાવ્યું. તે માંડલામાં ચોમાસા દરમિયાન જો કંઈ ઘાસ-વેલા થાય તો તે સર્વેને મૂળમાંથી ઉખેડી સાફ રાખવા લાગ્યો. હવે એક વખતે તેજ વનમાં મ્હોટો દાવાનળ સળગ્યો. સઘળા વનવાસી જીવો ભાગતાં-નાસતાં પેલા માંડલામાં આશ્રય લેવા દોડી આવ્યાં. તું પણ તેજ માંડલામાં જઈ પહોંચ્યો. ધીમે ધીમે આખો માંડલો જીવોથી ચીકાર ભરાઈ ગયો, એક તલપૂર

કલ્પસૂત્ર.



મેઘકુમારનો પૂર્વભવ. (પૃ. ૫૯.)

Krishna Art Works, Bombay 2. Meghji Hirji Bombay 3.

જગ્યા પણ ખાલી ન રહી. આ વખતે તેં તારા પોતાના શરીરને ખજવાળવા એક પગ ઉંચો કર્યો. તેટલામાં તો એક સસલો બીજી જગ્યાએ ઘણી સંકડાશ પડવાથી, તારા પગવાળી ખાલી જગ્યામાં આવી બેસી ગયો. તું ખજવાળીને જેવો પગ નીચે મુકવા જાય છે કે તુરત ત્યાં સસલો તારી નજરે ચઢ્યો. તને દયા આવવાથી બરાબર અઢી દિવસ સુધી તેં તારો પગ અદ્ધર જ ધરી રાખ્યો. પછી દાવાનળ શાંત થવાથી સઘળા જીવો પોતપોતાના સ્થાને ચાલ્યા ગયાં. પેલો સસલો પણ ચાલ્યો ગયો; પરંતુ તારો પગ ઝલાઇ જવાથી-પગની રગો બંધાઈ જવાથી તું જેવો પગ નીચે મુકવા ગયો કે તેજ ક્ષણે પૃથ્વી ઉપર પડી ગયો. ત્યાં ત્રણ દિવસ સુધી ભૂખ અને તરસથી પીડા પામ્યો; છતાં દયામય દીલ રાખી, સો વર્ષનું આયુષ્ય સંપૂર્ણ કરી આ શ્રેણિક રાજાની ધારિણી નામે રાણીની કુખે તું પુત્રપણે ઉત્પન્ન થયો છે.

હે મેઘકુમાર ! તું વિચાર કર, તિર્યંચના ભવમાં પણ ધર્મને માટે તેં કેટકેટલાં અને કેવાં કષ્ટ વેઠ્યાં છે ? અને તેના પરિણામે તું કેવા ઉચ્ચ રાજકૂલમાં જન્મ પામ્યો છે ? હવે જો ચારિત્રની ખાતર તું સહન કરતા શીખીશ તો તને કેવું અપૂર્વ ફળ મળશે તે પણ વિચારી જો. તિર્યંચના ભવમાં તો તું અજ્ઞાની હતો, છતાં દયાળુપણે તેં વ્યથાને જરા પણ ન ગણકારી. અને આ ભવમાં તો તું કંઇકે સમજી શકે છે, તો પછી આવા જગત્‌વંદ્ય સાધુઓના ચરણથી અકળાવામાં શા સારૂ દુઃખ પામે છે ? આ સાધુઓ તો મહા પવિત્ર છે, એમના ચરણની રજ તો કોઇ પુણ્યવાન પુરૂષના ભાગ્યમાં જ હોય. માટે તું તારૂં બધું દુઃખ તથા દુર્ધ્યાન ભૂલી જા. ”

પ્રભુની વાણી સાંભળી મેઘકુમારને જાતિસ્મરણ થયું. પૂર્વના બન્ને ભવ સાંભરવાથી ઉત્કટ વૈરાગ્ય ઉદ્દભવ્યો અને પ્રભુને

નમીને બોલ્યો કે:—" હે નાથ ! હે સ્વામી ! આપનો ચિરકાળ જય હો ! જેમ ખોટે માર્ગે જતાં રથને સારથી સીધા માર્ગે ચડાવે તેમ આપે પણ મને સન્માર્ગે ચડાવ્યો. પ્રભુ, આપે મારો ઉદ્ધાર કર્યો. "

એવી રીતે પ્રતિબોધ પામેલો મેઘકુમાર ચારિત્રને વિષે સ્થિર થયો અને એવો અભિગ્રહ લીધો કે—" આજથી મારે બે નેત્રો સિવાય શરીરના બીજા અવયવોની શુશ્રૂષા, ગમે તેવું સંકટ પડે તો પણ ન કરવી. એવો યાવજ્જીવનપર્યંત અભિગ્રહ કરી, નિરતિચારપણે ચારિત્ર પાળી, તીવ્ર તપ તપી, અંતે એક માસની સંલેખના કરી, વિજય નામના અનુત્તર વિમાનમાં દેવપણે ઉત્પન્ન થયો. ત્યાંથી ચ્યવીને મહાવિદેહ ક્ષેત્રમાં મોક્ષે જશે. એ રીતે ભગવાન્ ધર્મરૂપી રથના સારથી છે એમ જાણવું.

વ્યાખ્યાન બીજું.

શક્રસ્તવ (ચાલુ)

ધમ્મવર ચાઉરંત ચક્કવટ્ટીણું—ધર્મને વિષે શ્રેષ્ઠ-ચક્રવર્ત્તી સમાન. ચક્રવર્તી જેવી રીતે પૃથ્વી ઉપર પોતાનો વિજય વર્તાવે, તેવી રીતે અરિહંત ભગવાન્ બીજા ધર્મપ્રવર્ત્તકોને વિષે અતિશયવાળા હોવાથી ચક્રવર્ત્તી સમાન છે. અથવા ધર્મરૂપી ઉત્તમ ચક્રવડે નરક વિગેરે ચાર ગતિનો અંત કરનાર.

દીવો—બેટની પેઠે, સંસાર સમુદ્રમાં બૂડતા પ્રાણીઓને આધારભૂત.

તાણં—અનર્થોનો નાશ કરી રક્ષણ કરનાર.

સરણં—કર્મોના ઉપદ્રવથી ભય પામેલાઓને શરણરૂપ.

ગઈ—ગતિરૂપ. દુઃખમાંથી બચવા જેનો આશરો લેવાય તે ગતિ કહેવાય.

પઇટ્ઠા—સંસારરૂપ કૂવામાં પડતા પ્રાણીઓના આધાર.

અપ્પડિહય વરનાણ-દંસણ ધરાણં—અસ્ખલિત કેવલજ્ઞાન અને કેવલદર્શનના ધારક.

વિયટ્ટ છઉમાણં—ઘાતિકર્મો અથવા સંસાર જેમનાથી નિવૃત્ત થયો છે એવા.

જિણાણં—રાગ દ્વેષને જીતનાર.

જાવયાણં—ઉપદેશ દ્વારા ભવ્ય પ્રાણીઓને રાગદ્વેષ જીતાવનારા,

તિન્નાણં—ભવસમુદ્ર તરનાર.

તારયાણં—ભવ્ય પ્રાણીઓને તારનાર.

બુદ્ધાણં—જીવાદિ તત્ત્વોના જાણકાર.

બોહયાણં—બીજા જીવોને તત્ત્વનો બોધ આપનાર.

મુત્તાણં—બાહ્ય અને આભ્યંતર પરિગ્રહ રૂપ બંધનથી અથવા કર્મબંધનથી મુક્ત થયેલ.

મોઅગાણં—બીજાઓને તે બંધનથી મુક્ત કરનાર,

સવ્વણ્ણૂણં—કેવળજ્ઞાનવડે સઘળું જાણનાર.

સવ્વદરિસીણં—કેવળદર્શનવડે સઘળું જોનાર,

સિવ મયલ મરૂઅ મણંત મક્ખય મવ્વાબાહ મપુણરાવિત્તિ સિદ્ધિ ગઈ નામધેયં ઠાણં સંપત્તાણં—ઉપદ્રવ રહિત, અચલ, રોગરહિત, અનંત પદાર્થોના જ્ઞાનસ્વરૂપ, ક્ષયરહિત, પીડારહિત અને જ્યાં ગયા પછી ફરીથી જન્મ લેવો પડતો નથી એવા સિદ્ધગતિ નામના સ્થાનને પ્રાપ્ત થયેલા.

નમો જિણાણં જિયભયાણં—જીતેલ છે કર્મરૂપી વૈરીઓનો ભય જેમણે એવા સર્વ જીનેશ્વરોને મારા નમસ્કાર હો.

એ રીતે સર્વ જીનેશ્વરોને નમસ્કાર કરી સૌધર્મેન્દ્ર વીરપ્રભુને આ પ્રમાણે વંદે છે:—શ્રમણ ભગવાન્ શ્રી મહાવીરને નમસ્કાર હો! શ્રી મહાવીર કે જે પૂર્વના તીર્થંકરોએ કહેલા અને સિદ્ધગતિ નામના સ્થાન પ્રત્યે જવાની ઈચ્છાવાળા છે તેમને મારા વંદન હો! હું અહીં રહ્યો છતો તે દેવાનંદા બ્રાહ્મણીની કુખમાં રહેલા તે વીર પ્રભુને વંદના કરૂં છું. ત્યાં રહેલા ભગવાન, અહીં રહેલા મને પોતાના જ્ઞાનવડે જુઓ. એ પ્રમાણે કહીને શ્રમણ ભગવાન મહાવીરને વંદન અને નમસ્કાર કરી, ઇંદ્ર પોતાના ઉત્તમ સિંહાસન ઉપર પૂર્વ દિશા તરફ મુખ રાખી બેઠો. ત્યાર પછી દેવોના ઈંદ્ર અને દેવોના રાજા શક્રેંદ્રને આવો આત્મ-

વિષયક સંકલ્પ થયો. તે ચિંતવન સ્વરૂપ, અભિલાષારૂપ અને મનોગત—અર્થાત્ વચનવડે પ્રકાશિત નહીં કરેલો સંકલ્પ શું હશે?

ઈંદ્રની ચિંતા.

ઇંદ્રને વિચાર થયો કે તીર્થંકરો, ચક્રવર્ત્તિઓ, બલદેવો અને વાસુદેવો કોઈ દિવસ શુદ્ર કૂળમાં, અધમ કૂળમાં, અલ્પ કુટુંબવાળા કૂળમાં, નિર્ધન કૂળમાં કૃપણ કૂળમાં કે ભિક્ષાવૃત્તિ વાળા બ્રાહ્મણકૂળમાં, જન્મ્યા નથી, જન્મતા નથી અને જન્મશે પણ નહીં. એવા પ્રકારની ઘટના તો કોઈ દિવસ બની નથી, બનતી નથી અને ભવિષ્યમાં બને પણ નહીં. વસ્તુતઃ તીર્થંકરોથી માંડી વાસુદેવ વિગેરે ઉત્તમ જીવો, તો શ્રી ઋષભદેવે રક્ષક તરીકે સ્થાપન કરેલા ઉગ્રકૂળોમાં, ગુરૂપણે સ્થાપેલા ભોગકૂળોમાં, મિત્રસ્થાને સ્થાપેલા રાજન્યકૂળોમાં, શ્રી ઋષભદેવના પોતાના ઇક્ષ્વાકુ વંશના કુળમાં, પ્રજાલોકો તરીકે સ્થાપેલા ક્ષત્રિય કુળોમાં, હરિવંશ કુળોમાં, તેમજ ઋષભદેવના વંશમાં થયેલા જ્ઞાત કુળ વિગેરે બીજા પણ તેવાજ પ્રકારના શુદ્ધ જાતિ અને શુદ્ધ કુળવાળા વંશોમાં (મોસાળનો શુદ્ધપક્ષ તે શુદ્ધ જાતિ કહેવાય અને પિતાનો શુદ્ધપક્ષ તે શુદ્ધકુળ કહેવાય) આવ્યા હતા, આવે છે અને આવશે. તો પછી મહાવીર ભગવાન્ આ બ્રાહ્મણ કુળમાં કેમ આવે ? ખરેખર, તે એક આશ્ચર્ય છે. અને એવા આશ્ચર્યકારક બનાવો પણ કોઈ ભવિતવ્યતાના યોગે અનંતી ઉત્સર્પિણી અને અવસર્પિણી વીતી ગયા પછી આ લોકમાં બને છે.

દશ આશ્ચર્યો અથવા અચ્છેરા.

આ અવસર્પિણી કાળમાં એવાં દશ આશ્ચર્યો થયેલાં છે. (૧) શ્રી મહાવીર સ્વામીને કેવલી અવસ્થામાં પણ થયેલો ઉપસર્ગ (૨) ગર્ભ હરણ (૩) સ્ત્રી તીર્થંકર (૪) અભાવિત

પર્ષદા એટલે કે મહાવીર પ્રભુની પહેલી દેશનાનું નિષ્ફળ જવું, (૫) કૃષ્ણનું અપરકંકામાં ગમન (૬) ચંદ્ર અને સૂર્યનું મૂળ વિમાને ઉતરવું, (૭) હરિવંશકુળની ઉત્પત્તિ (૮) ચમરેન્દ્રનો ઉત્પાત (૯) એક સમયે એકસો આઠનું સિદ્ધ થવું અને (૧૦) અસંયતિઓની પૂજા.

ગોશાળાનો અત્યાચાર.

અચ્છેરૂં પહેલું—શ્રી વીર પ્રભુને છદ્મસ્થ અવસ્થામાં તો ઘણા ઉપસર્ગ થયા છે, પણ જે કેવલી અવસ્થામાં તેના પ્રભાવમાત્રથીજ સર્વ ઉપદ્રવો શમી જવા જોઇએ તે અવસ્થામાં પણ પોતાના શિષ્યાભાસ ગોશાળે ઉપદ્રવ કર્યો. એ આખું વૃતાન્ત આવી રીતે છે:—

એક વખત શ્રી વીર પ્રભુ વિહાર કરતા શ્રાવસ્તી નગરીમાં સમોસર્યા. તેજ સમયે ગોશાળો પણ "હું જિન છું" એમ લોકોને કહેતો, પોતાની પ્રસિદ્ધિ ફેલાવતો તે નગરીમાં આવ્યો. લોકોમાં ચર્ચા થવા લાગી કે શ્રાવસ્તી નગરીમાં એકીવખતે બે જીન વર્તી રહ્યા છે. આ વાત સાંભળી શ્રી ગૌતમસ્વામીએ પ્રભુને પૂછયું કે —"સ્વામીન્ પોતાને જીન ઓળખાવનાર આ બીજો કોણ છે?" પ્રભુએ ઉત્તર આપ્યો કે:—"ગૌતમ! એ માણુસ જીન નથી, પણ શરવણગામનો રહેવાસી મંખલિ નામના માણસની સુભદ્રા નામની સ્રીની કુખે જન્મેલો ગોશાળો છે. ઘણી ગાયોવાળી બ્રાહ્મણની ગોશાળામાં તે જનમ્યો હોવાથી તેનું નામ ગોશાળો પડયું છે. મારી છદ્મસ્થ અવસ્થામાં છ વરસ પર્યંત તે મારી સાથે વિચર્યો છે, મ્હારાજ શિષ્ય તરીકે રહ્યો છે અને મારી પાસેથી કંઇક બહુશ્રુત થઇને આજે પોતે પોતાને જીન તરીકે ફોગટ ઓળખાવે છે." ભગવંતનું આ વચન સાંભળી ગામના લોકોમાં પણ એ વાત ફેલાઇ ગઇ કે ગોશાળો જીન નથી. આ ખરો ખુલાસો

બ્હાર આવવાથી ગોશાળાને ખુબ ક્રોધ વ્યાપ્યો. એક દિવસે ભગવંતનો આણંદ નામે શિષ્ય ગામમાં ગોચરી અર્થે ગયો હતો, તેને ગોશાળે કહ્યું કેઃ—"હે આણંદ! તું એક દૃષ્ટાંત સાંભળ. એક વાર કેટલાક વેપારીઓ પૈસો મેળવવા માટે ગાડાઓમાં વિવિધ પ્રકારનાં કરિયાણાં ભરી પરદેશ જતા હતા. રસ્તામાં એક મ્હોટું મેદાન આવ્યું. વેપારીઓ તરસ્યા થયા પણ આસપાસ તપાસ કરવા છતાં કયાંઇ પાણીનો પત્તો ન મળ્યો. એટલામાં ચાર રાફડા અને તેની આસપાસ લીલું ઘાસ ઉગેલું તેમની નજરે ચડ્યું. તેમણે વિચાર કર્યો કે જરૂર, આ ઘાસ ઉપરથી જણાય છે કે આટલામાંજ કયાંઇક પાણી હોવું જોઇએ. પછી તેમણે તે ટેકરો ખોદ્યો. તેમની આશા સફળ થઈ, પુષ્કળ પાણી નીકળ્યું. તેમની તરસ છીપી; તેમજ પોતાની પાસે જે વાસણો હતાં તે પણ પાણીથી ભરી લીધાં.

"આપણને જે જોઇતું હતું તે મળી ગયું છે. હવે બીજો ટેકરો કોઈ ન ખોદશો." એમ એક વૃદ્ધ પુરૂષે કહ્યું. છતાં પણ બીજો ટેકરો ખોદી કાઢયો. તેમાંથી પુષ્કળ સોનું નીકળ્યું. આ વખતે પણ પેલા વૃદ્ધ પુરૂષે સૌને વાર્યા અને કહ્યું કે હવે વધુ લોભ કરવો એ ઠીક નથી. છતાંય ત્રીજો ટેકરો ખોદ્યો તો તેમાંથી ઘણાં રત્નો નીકળી પડ્યાં. આખરે પેલા વૃદ્ધ પુરૂષે સલાહ આપી કે—"આપણને જોઇએ તે કરતાં પણ અધિક લાભ થયો છે, પાણી મળ્યું તેની સાથે સુવર્ણ અને રત્ન પણ મળ્યાં છે. માટે એટલેથી જ સંતોષ માનો તો બહુ સારૂં. હવે આપણે આપણ માર્ગે પડીએ એજ ઠીક છે." આ પ્રમાણે વારવા છતાં વેપારીઓએ લોભને વશ થઈ ચોથો ટેકરો પણ ખોદ્યો. તેમાંથી એક દૃષ્ટિવિષ સર્પ બ્હાર નાકળ્યો. તેણે અત્યંત ક્રોધપૂર્વક

રાફડા ઉપર ચડી ચારે તરફ દૃષ્ટિ ફેંકી વેપારીઓને મારી નાંખ્યા. પેલો વૃદ્ધ પુરૂષ જેણે હિતોપદેશ આપી સૌને વારવાનો પ્રયત્ન કર્યો હતો તે ન્યાયી હોવાથી વનદેવતાએ તેની પર દયા લાવી જીવતો જવા દીધો અને તેને સહિસલામત પોતાના સ્થાને પહોંચાડયો.

"હે આણંદ ! તારો ધર્માચાર્ય પણ આટલી બધી સંપદા હોવા છતાં, પેલા વેપારીઓની જેમ, હજી પણ અસંતુષ્ઠ રહીને જ્યાં ત્યાં મારી નિંદા કરતો ફરે છે તે ઠીક નહીં. મને તેની પર એટલો બધો ક્રોધ ચડયો છે કે હું તેને મારા પોતાના તપના તેજથી આજે ને આજે જ બાળી ભસ્મ કરી દઇશ. હું અત્યારે તે માટેજ નીકળ્યો છું. તું જલદી અહીંથી જા અને મેં કહેલો બધો વૃતાન્ત તેને કહી સંભળાવ. તું ત્યાં જઇને તારા ધર્માચાર્યને હિતકર ઉપદેશ આપીશ તો હું તને ન્યાયી માની પેલા વૃદ્ધ વેપારીની જેમ જીવતો રહેવા દઇશ."

ગોશાળાએ કહેલું દૃષ્ટાન્ત અને તેણે આપેલી ધમકીથી આણંદ ભયભીત થઇ ગયા. તેમણે ભગવંતની પાસે એકદમ આવી સર્વ વૃતાન્ત નિવેદન કર્યું. એટલામાં તો ગોશાળો પણ ત્યાં આવી પહોંચ્યો.

"જુઓ, આ ગોશાળો આવે છે, તમે બધા સાધુઓ આડાઅવળા ચાલ્યા જાઓ, ગૌતમ વિગેરેને પણ કહી દો કે કોઇ પણ સાધુ તેની સાથે વાદવિવાદ ન કરે." એ પ્રમાણે પ્રભુએ આજ્ઞા કરી. સાધુઓ પોતપોતાના સ્થાને ચાલ્યા ગયા.

ગોશાળો ક્રોધથી તો ધમધમતો જ હતો. તેણે આવતાવેંત પ્રભુને ઉદ્દેશી આક્ષેપક વાણીમાં કહ્યું કે:—"અરે કાસ્યપ ! તું એમ કેમ બોલ્યા કરે છે કે આ ગોશાળો તો મંખલીનો પુત્ર

છે ? તે તારો શિષ્ય તો ક્યારનોય મરી ગયો, હું તો છેક જૂદો જ માણસ છું તેની તને ખબર નહીં હોય. અલબત્ત, આ શરીર ગોશાળાનું છે પણ તે તો મેં પરિસહ સહન કરવાને ખાતર પસંદ કર્યું છે, ગોશાળાનું શરીર પરિસહો વેઠવામાં ઠીક કામ આવશે એમ ધારીને જ મેં તે શરીરને મારૂં પોતાનું બનાવ્યું છે, બાકી હું પોતે કંઈ મંખલિપુત્ર ગોશાળો નથી !"

ગોશાળાની તોછડાઈ અને અમર્યાદા જોઈ સુનક્ષત્ર અને સર્વાનુભૂતિ નામના બે સાધુઓને બહુ લાગી આવ્યું. તેઓ ભગવાનનું આ રીતે અપમાન થતું જોઇ ન શકયા. તેઓ વચમાં ઉત્તર આપવા જતા, ગોશાળે તેજ વખતે તેજોલેશ્યા છોડી બન્ને સાધુને બાળી નાખ્યા. સાધુઓ તો કાળ કરી સ્વર્ગે ગયા.

પ્રભુએ પોતાની અતિ શાંત, મૃદુ અને હિતકારક વાણીમાં ગોશાળાને સંબોધી કહ્યું કે:—"કોઇ માણસ ચોરી કરતાં પકડાઇ જાય અને તે વખતે કીલ્લો, પર્વત કે ગુફા જેવું છૂપાવાનું સ્થાન ન મળતાં પોતાની આંગળી કે કોઈ તરખલા નીચે મ્હોં સંતાડવાનો પ્રયત્ન કરે તો શું તે તેને છુપાવી શકે ? તારો બચાવ પણ બરાબર તેવોજ છે. તું તે જ ગોશાળો છે, તું બીજો કોઈ જ નથી. ખોટી રીતે શા માટે તારા આત્માને છૂપાવે છે ?" આવી રીતે સમભાવપૂર્વક યથાસ્વરૂપ કહેવા છતાં તે દુરાત્માએ ક્રોધ કરી ભગવંત ઉપર પણ તેજોલેશ્યા મૂકી. પરંતુ એવા દુરાત્માની તેજોલેશ્યા પ્રભુ જેવા મહા પ્રતાપી, તપસ્વી અને સંયમી પુરૂષને શી અસર કરે ? તેજોલેશ્યા પ્રભુની આસપાસ ત્રણ વાર પ્રદક્ષિણા દઇ, પાછી ગોશાળાના શરીરમાં જ દાખલ થઇ ગઇ. તેનું આખું શરીર દાઝી ગયું, અને તેથી સાત દિવસ સુધી ભારે વેદના વેઠી સાતમી રાત્રીએ મરણને શરણ થયો.

જેના નામ સ્મરણ માત્રથી સર્વ દુઃખ શમી જાય એવા ભગવાનને પણ તેજોલેશ્યાની થોડી અસર તો જરૂર થઈ. તેઓ તે લેશ્યાના તાપથી છ મહિના સુધી પીડાયા, છ મહિના સુધી લોહીખંડ ઝાડા રહ્યો.

પ્રભુને કેવળજ્ઞાન થયા પછી ઉપર પ્રમાણેનો ઉપસર્ગ થયો તે પહેલું આશ્ચર્ય !

બીજું અચ્છેરૂં—ગર્ભહરણ. પહેલાના કોઇ જીનેશ્વરને વિષે એવું થયું નથી, પણ શ્રી મહાવીર પ્રભુના ગર્ભનું સંક્રમણ દેવાનંદાની કુક્ષિમાંથી ત્રિશલા રાણીની કુક્ષિમાં થયું તે બીજું આશ્ચર્ય.

ત્રીજું અચ્છેરૂં—સ્ત્રી તીર્થંકર. તીર્થંકર હંમેશા પુરૂષોજ હોય એવો નિયમ છે. પરન્તુ આ અવસર્પિણીમાં મિથિલા નગરીના રાજા—કુંભરાજાની કન્યા—મલ્લિ નામે કુંવરીએ તિર્થંકર રૂપે તીર્થ પ્રવર્ત્તાવ્યું એ ત્રીજું આશ્ચર્ય.

ચોથું અચ્છેરૂં—અભાવિત પર્ષદા. તીર્થંકરની દેશના કોઇ પણ વખતે સાવ નિષ્ફળ જતી નથી. પણ આ અવસર્પિણીમાં શ્રી વીરપ્રભુએ કેવળજ્ઞાન પામ્યા બાદ, દેવોએ રચેલા પહેલા સમવસરણની અંદર દેશના દીધી, છતાં કોઇને વિરતિપરિણામ થયાં નહીં, એ ચોથું આશ્ચર્ય.

પાંચમું અચ્છેરૂં—દ્રૌપદી માટે નવમા વાસુદેવ શ્રી કૃષ્ણનું અપરકંકા નામે નગરીમાં જવું. એ આખો બનાવ નીચે પ્રમાણેઃ—એક દિવસ નારદ ઋષિ પાંડવોની ભાવી પત્ની દ્રૌપદી પાસે આવી ચડ્યા. નારદને પ્રાયઃ સૌ કોઇ આદર સન્માન આપતું. પણ સતિ દ્રૌપદીએ તેમને અસંયતિ જાણી કંઇ સત્કાર ન કર્યો. નારદજીને એથી બહુ માઠું લાગ્યું અને તેમણે તે જ વખતે

આવું અપમાન કરનારી દ્રૌપદીને હરકોઇ પ્રકારે હેરાન કરવાનો નિશ્ચય કર્યો. પછી નારદજી ફરતાં ફરતાં ધાતકીખંડના ભરતક્ષેત્રમાં ગયા. ત્યાં એક અપરકંકા નામની રાજધાનીનો સ્વામી પદ્મોત્તર, સ્ત્રીઓમાં અત્યંત લુબ્ધ જણાયો. નારદને થયું કે દ્રૌપદીને સજા આપવાનો આ લાગ ઠીક છે. તેણે પેલા રાજા પાસે જઇ દ્રૌપદીનાં રૂપ ગુણના ભારે વખાણ કર્યાં. પદ્મોત્તર રાજાનું મન ચંચળ બન્યું અને પોતાના એક મિત્ર—દેવ મારફત દ્રૌપદીનું હરણ કરાવી પોતાના અંતઃપુરમાં આણી. મહાસતી દ્રૌપદી એ અંતઃપુરમાં પણ મેરૂની જેમ અચળ—અડગ રહી. પાંડવોની માતા કુંતીજીએ દ્રૌપદી ગુમ થવાની વાત કૃષ્ણને કહી કૃષ્ણે ઘણે ઘણે સ્થળે શોધ કરાવી પણ પત્તો ન લાગ્યો. એટલામાં નારદે પોતેજ દ્રૌપદી કયાં છે એના સમાચાર કહ્યા. પછી કૃષ્ણે લવણસમુદ્રના અધિષ્ઠાયક દેવ—સુસ્થિતનું આરાધન કર્યું અને તથી પ્રસન્ન થયેલા દેવે કૃષ્ણને જવાનો માર્ગ આપ્યો. પાંડવોનો રથ બે લાખ યોજન જેટલા વિસ્તારવાળો લવણસમુદ્ર તરી ગયો. અપરકંકામાં પહોંચી કૃષ્ણે નરસિંહનું રૂપ લઇ પદ્મોત્તરને હરાવ્યો. દ્રૌપદીના કહેવાથી તેને જીવતો જવા દીધો. પછી જ્યારે દ્રૌપદીને લઇ કૃષ્ણ પાછા ફરતા હતા ત્યારે તેમણે પોતાનો શંખ ફુંકયો, તે શંખનો શબ્દ સાંભળી ત્યાં રહેલા કપિલ વાસુદેવને ભારે આશ્ચર્ય થયું. તેમણે ત્યાં વિચરતા શ્રી મુનિસુવ્રત જીનેશ્વરને પૂછયું કે—“ અહીં આવો શંખ ફૂંકનાર કોણ ? ” ત્યારે જિનેશ્વરે ઉત્તર આપ્યો કે “ એ કૃષ્ણ વાસુદેવ પોતેજ. ” તુરત જ કપિલ વાસુદેવ, કૃષ્ણ વાસુદેવને મળવા સમુદ્રકાંઠે આવ્યા, અને પોતાનો શંખ ફૂંકયો. કૃષ્ણે જતા જતાં એ શંખનો જવાબ શંખથીજ વાળ્યો. એ રીતે બન્ને વાસુદેવના શંખનાદ સાથે મળ્યા. આવો બનાવ પૂર્વે કોઇવાર બન્યો નથી, તેથી તે પાંચમું આશ્ચર્ય.

છઠ્ઠું અચ્છેરૂં—કોશામ્બી નગરીમાં ભગવાન શ્રી મહાવીરને વાંદવા માટે સૂર્ય અને ચંદ્ર પોતાના મૂળ વિમાનો સાથે ઉતરી આવ્યા હતા, તે છઠ્ઠું આશ્ચર્ય.

સાતમું અચ્છેરૂં—હરિવંશ કુળની ઉત્પત્તિનો આશ્ચર્યકારક ઇતિહાસ નીચે પ્રમાણે:—

કૌશાંબી નગરીના રાજા સુમુખ, વીરક નામના એક શાળવીની વનમાળા નામની સ્ત્રીને અત્યંત રૂપાળી દેખી પોતાના અંતઃપુરમાં ઉપાડી આવ્યો. શાળવી પોતાની પ્રાણપ્રિયાના વિરહથી એટલોબધો ગાંડાતૂર થઈ ગયો કે રસ્તામાં જે કોઈ મળે તેને "વનમાળા, વનમાળા" કહી બોલાવવા લાગ્યો. ગામના કૌતુકપ્રિય લોકો અને બાળકોનાં ટોળાં તેની પાછળ પાછળ ફરવા લાગ્યાં. એક દિવસે તે એવી રીતે રાજાના મહેલ નીચે આવી ચડયો અને વનમાળા, વનમાળા, પોકારવા લાગ્યો. એ વખતે રાજા અને પેલી વનમાળા ઝરૂખામાં બેસી વિવિધ પ્રકારની ક્રિડાઓ કરી રહ્યાં હતાં. વીરકની આવી ઉન્મત્ત દશા જોઈ તેમને બહુ લાગી આવ્યું. તેઓ વિચારવા લાગ્યા કે,—"આપણે એક માત્ર વિષયલાલસાની ખાતર આ નિર્દોષ માણસને કેટલું દુઃખ આપી રહ્યાં છીએ ? આપણે આ કામ ખરેખર અનુચિત જ કર્યું છે. અરેરે ! વિષયાંધ માણસો શું શું અનર્થ નથી કરતા ?" આવો પશ્ચાત્તાપ અને ખેદ કરે છે એટલામાં તો કોઈ ભવિતવ્યતાના યોગે આકાશમાંથી એકદમ વીજળી પડી અને તે બન્ને સ્ત્રી-પુરૂષ મરી ગયાં. રાજા અને વનમાળાનાં મૃત્યુથી પેલો વીરક શુદ્ધિમાં આવ્યો. કારણ કે તેની ઉન્મત્તાનાં કારણો દૂર થઈ ગયાં. તેણે પોતાના મનમાં ને મનમાં જ કહ્યું કે:—"ઠીક થયું. પાપીઓને પાપની એવીજ સખ્ત સજા થવી જોઈએ." ધીરે ધીરે વીરક ડાહ્યો થયો, અને જ્ઞાન વૈરાગ્યમાં ધ્યાન આપવા લાગ્યો.

હવે, પેલો રાજા તથા વનમાળા મરીને હરિવર્ષ ક્ષેત્રમાં યુગલીયા રૂપે ઉપજ્યા અને વીરક પણ પોતાના જ્ઞાન–વૈરાગ્યના બળે મૃત્યુ પામી વ્યંતર દેવ થયો. તે વ્યંતરે પોતાના વિભંગ-જ્ઞાનવડે પેલા બન્ને યુગલિયાને જોયા અને તેને વિચાર થયો કે–" અહો, આ બંને મારા પૂર્વભવના વૈરી યુગલીયાનું સુખ ભોગવી રહ્યાં છે અને વળી પાછા દેવ થઇ અનુપમ સુખ ભોગવશે, મારાથી એ કેમ સહન થાય ? એ બંનેને દુર્ગતિમાં પાડું તો જ મને સંતોષ થાય. " એવો વિચાર કરી વ્યંતરે પોતાની શક્તિ વડે તે બન્નેનાં શરીર અને આયુષ્ય સંક્ષિપ્ત કરી દીધાં; અને આ ભરતક્ષેત્રમાં લાવી રાજ્ય સોંપી સાત વ્યસન શીખવ્યાં. તે બન્નેનાં નામ અનુક્રમે હરિ અને હરિણી સ્થાપી, પ્રસિદ્ધ કરી, તેમને માંસ, મદિરા આદિ વ્યસનોમાં આસક્ત કરી તે વ્યંતર પોતાના સ્થાને ચાલ્યો ગયો. હરિ અને હરિણી વ્યસનોના પરિણામે મૃત્યુ પામી નર્કે ગયા. આ હરિવંશમાં જે માણસો થયા તે હરિવંશથી ઓળખાવા લાગ્યા. યુગલિયાનું આ ક્ષેત્રમાં આવવું, તેમના આયુષ્ય અને શરીરનું સંક્ષિપ્ત થવું તથા તેમનું નર્કે જવું એ બધું આશ્ચર્ય જ ગણાય.

આઠમું અચ્છેરું—અસુરકુમારોના ઇન્દ્ર–ચમરેન્દ્રનું ઉંચે જવું. પૂરણ નામનો એક ઋષી તપ તપીને અસુરકુમારોનો ઇન્દ્ર–ચમરેંદ્ર થયો. તેણે પોતાના નવા ઉત્પન્ન થયેલા અવધિ-જ્ઞાન વડે પોતાના મસ્તક ઉપર સૌધર્મેન્દ્રને જોયો. તેણે ઇર્ષ્યાથી પ્રેરાઇ, ગુસ્સે થઇ, ભગવાન્ શ્રી મહાવીરનું શરણું લઇ ભયંકર રૂપ ધારણ કર્યું, અને લાખ યોજનના વિસ્તારવાળું શરીર કરી, હાથમાં પરિઘ નામનું શસ્ત્ર લઇ, ગર્જના કરતો સૌધર્મેન્દ્રના આત્મરક્ષક દેવોને ત્રાસ આપતો ઉંચે ઉડયો. ત્યાં જઇને ઇંદ્રના સૌધર્માવતંસક નામના વિમાનની વેદિકામાં પગ મૂકી ઇંદ્રને

પણ ધમકાવવા લાગ્યો. ઇંદ્રે ગુસ્સે થઇ તેના તરફ પોતાનું જાજ્વલ્યમાન વજ્ર ફેંક્યું. ચમરેંદ્ર ગભરાતો અને નાસતો નાસતો પ્રભુ મહાવીરના ચરણકમળમાં આવી નમી પડયો. ઇંદ્રે અવધિજ્ઞાનથી આ વૃતાન્ત જાણ્યો અને રખેને તીર્થંકર ભગવાનની આશાતના થઇ જાય એવા ભયથી ત્યાં આવી પેલું વજ્ર હજુ ચાર આંગળ છેટું હતું તેટલામાં તે પાછું ખેંચી લીધું. અને ચમરેંદ્રને કહ્યું કે—"આજ તો ફક્ત પ્રભુની કૃપાથી જ તને જવા દઉં છું." પછી તેને છોડી દીધો. આ ચમરેંદ્રનું ઉર્ધ્વગમન પણ એક આશ્ચર્ય.

નવમું અચ્છેરૂં—ઉત્કૃષ્ટ અવગાહનાવાળા એકસો ને આઠ એક સમયે સિદ્ધ ન થાય. શ્રી ઋષભદેવ, ભરત સિવાય તેમના નવ્વાણું પુત્રો, ભરતના આઠ પુત્રો એમ ઉત્કૃષ્ટ અવગાહનાવાળા આ અવસર્પિણીમાં સિદ્ધ થયા તે નવમું આશ્ચર્ય.

દશમું અચ્છેરૂં—અસંયતિયોની પૂજા. આરંભ અને પરિગ્રહમાં આસક્ત અસંયતી બ્રાહ્મણો વિગેરેની પૂજા નવમા અને દશમા જીનેશ્વરની વચ્ચેના કાળમાં થઇ તે દશમું આશ્ચર્ય.

ઉપર કહ્યાં તે દશે અચ્છેરાં અનંતકાળ ગયા પછી આ અવસર્પિણીમાં થયાં છે. એવીજ રીતે કાળ તો બધે સરખો હોવાથી બાકીના પણ ચાર ભરતોમાં તથા પાંચ ઐરાવતોમાં પ્રકારાન્તરે દશ દશ અચ્છેરાં જાણી લેવાં.

કોના કોના તીર્થમાં કયા કયા અચ્છેરાં થયાં?

હવે એ દશ અચ્છેરાં કોણ કોણ તીર્થંકરના વારામાં થયાં એ જાણવાની જરૂર છે. ઉત્કૃષ્ટ અવગાહનવાળા એકસો ને આઠ એક સમયે સિદ્ધ થયા તે શ્રી ઋષભદેવના તીર્થમાં. હરિવંશની ઉત્પત્તિ શ્રી શીતળનાથના તીર્થમાં. કૃષ્ણ વાસુદેવનું અપર-

કંકામાં જવું તે શ્રી નેમિનાથના તીર્થમાં. સ્ત્રીનું તીર્થંકર થવું તે શ્રી મલ્લિનાથના તીર્થમાં. અસંયતિઓની પૂજા તે શ્રી સુવિધિનાથના તીર્થમાં અને બાકીના ઉપસર્ગ, ગર્ભાપહાર, અભાવિત પર્ષદા, ચમરેન્દ્રનું ઉંચે જવું, તથા સૂર્યચંદ્રનું મૂળ વિમાને ઉતરવું એ પાંચ અચ્છેરાં શ્રી મહાવીરસ્વામીના તીર્થમાં થયાં.

ભગવાન્ બ્રાહ્મણીની કુક્ષિમાં શા સારૂં ?

શક્રેન્દ્રે વિચાર્યું કે નીચગોત્ર નામના કર્મ સિવાય આમ ન બને. જે નીચ ગોત્ર નામકર્મની સ્થિતિનો સંપૂર્ણ ક્ષય થયો નથી, જેનો રસ અનુભવ્યો નથી–વેદ્યો નથી અને જે કર્મના પ્રદેશો જીવપ્રદેશથી નિર્જરી ગયા નથી, તે કર્મના ઉદયથી જ શ્રી મહાવીર તીર્થંકર આજે બ્રાહ્મણીની કુક્ષિમાં–નીચ ગોત્રમાં ગર્ભપણે ઉત્પન્ન થયા છે.

તે નીચ ગોત્રનું કર્મ ભગવાને સ્થૂળ સત્તાવીશ ભવની અપેક્ષાએ ત્રીજા ભવમાં બાંધ્યું હતું. એ સત્તાવીશ ભવ વિષેનો સંક્ષિપ્ત વૃત્તાન્ત નીચે આપીએ છીએ:—

ભગવાનના સત્તાવીશ પૂર્વભવ.

નયસાર–ગ્રામપતિ.

પહેલા ભવમાં વીરપ્રભુનો જીવ પશ્ચિમ મહાવિદેહમાં નયસાર નામે ગ્રામપતિ હતો. તે એકવાર લાકડા એકઠાં કરવા વનમાં ગયો. બપોરે ભોજન વખતે પોતાના સંગાથીઓથી જૂદા પડી ગયેલા સાધુઓ તેના જોવામાં આવ્યા. તેમને જોઇ તે વિચાર કરવા લાગ્યો કે “ અહો ! હું કેવો ભાગ્યશાળી કે બરાબર ભોજન વખતે આવા સત્પાત્ર સાધુઓનો મને સમાગમ થયો ! ” પછી તેણે ખુબ હર્ષમાં આવી સાધુઓને ખાન–પાન

ની પુષ્કળ વસ્તુઓ વ્હોરાવી. તે બાદ પોતે ભોજન કરી સાધુઓ પાસે જઈ વંદનવિધિ કરી કહ્યું કે—"હે મહાભાગ ! ચાલો હું આપને માર્ગ બતાવું." નયસાર અને સાધુઓ વનમાં ચાલ્યા જતા હતા. સાધુઓએ નયસારને યોગ્ય પાત્ર સમજી એક વૃક્ષ નીચે બેસારી ધર્મનો ઉપદેશ આપ્યો. એ ઉપદેશની નયસાર ઉપર બહુ સુંદર અસર થઈ. તેને સમકિતની પ્રાપ્તિ થઇ. તે પછી તે સાધુઓનો ઉપકાર માની, તેમને પગે લાગી પોતાને ગામ આવ્યો. અંતે પોતાનું આયુષ્ય પુરૂં થતાં પંચપરમેષ્ટિનું સ્મરણ કરતાં તે મૃત્યુ પામ્યો. ત્યાંથી બીજે ભવે તે સૌધર્મ દેવલોકમાં પલ્યોપમના આયુષ્યવાળો દેવ થયો. (૨)

ત્રીજે ભવે તે ભરતચક્રવર્તીનો મરીચિ નામે પુત્ર થયો. મરીચિને વૈરાગ્ય થવાથી શ્રી ઋષભદેવ પ્રભુ પાસે દીક્ષા લીધી અને સ્થવિરો પાસે અગીયારે અંગ ભણ્યો. એક દિવસે ઉનાળામાં બહુ તાપથી પીડિત થઈ વિચારવા લાગ્યો કે "આ સંયમનો ભાર વહેવો અતિ દુષ્કર છે. મારાથી તો કેમે કરતાં સહન થાય તેમ નથી. પણ અહીંથી પાછું ગૃહસ્થાવાસમાં જવું તે પણ ઠીક નહીં." આખરે તેણે એક નવીન જાતનો વેષ ધારણ કર્યો. એ વેષ અને તેનાં કારણો તેણે નીચે પ્રમાણે ગોઠવી લીધાં. સાધુઓ તો મનદંડ, વચનદંડ, અને કાયદંડ એ ત્રણ દંડથી વિરત થયેલા છે, પણ હું એ ત્રણ દંડથી વિરત થયો નથી તેથી ત્રિદંડનું ચિન્હ રાખવું. સાધુઓ દ્રવ્યથી મુંડિત થયેલા છે અને રાગ દ્વેષ વર્જેલા હોવાથી ભાવમુંડિત પણ ગણાય. હું કંઇ તેવો નથી. એટલા માટે હું માથામાં ચોટલી રાખીશ અને હજામત કરાવીશ. સાધુઓ તો સર્વ પ્રકારની પ્રાણીહિંસાથી નિવૃત્ત થયા છે, હું કંઇ તેવો નથી, તેથી કેવળ સ્થૂળહિંસાથી વિરતિ પાળીશ. સાધુઓ શીયળરૂપી સુગંધીથી હંમેશા સુવાસિત રહે છે. હું

કંઈ તેવો નથી તેથી હું શરીરે ચંદન વિગેરે સુગંધી દ્રવ્યોનું વિલેપન કરીશ. સાધુઓ તો મોહરહિત છે, હું તો મોહથી આચ્છાદિત છું, તેથી હું છત્ર રાખીશ. સાધુઓ પગરખાં વિના ઉઘાડે પગે ચાલનારા છે, હું તો પગમાં પાવડીઓ પહેરીશ. સાધુઓ કષાયરહિત છે, પણ હું તો કષાય સહિત છું, તેથી હું રંગેલાં ભગવાં વસ્ત્ર પહેરીશ. સાધુઓ સ્નાનથી :વિરતિવાળા છે, પણ હું તો પરિમિત જળથી સ્નાન અને પાન કરીશ. એવી રીતે તેણે પોતાની બુદ્ધિથી જ એક પરિવ્રાજકનો વેશ ઉપજાવી કાઢયો. તેનો આવો વિચિત્ર વેષ જોઇ લોકો તેને ધર્મ વિષે પ્રશ્ન પૂછવા લાગ્યા. મરીચિ, તેમની પાસે સાધુધર્મની પ્રરૂપણા કરતો. તેની દેશના આપવાની શકિતએ ઘણા રાજપુત્રોને પ્રબોધ્યા અને તેમને સર્વને ભગવંતના શિષ્ય બનાવ્યા અને પોતે પણ ભગવંતની સાથેજ વિચરતો.

એકદા ભગવાન વિચરતાં વિચરતાં અયોધ્યામાં સમવસર્યા. તેમને વંદન કરવા માટે આવેલા ભરતે પૂછયું કે "સ્વામિન્ ! આ સભામાં કોઇ એવો જીવ છે કે જે ભરતક્ષેત્રમાં આ ચોવીશીમાં તીર્થંકર થવાનો હોય ?"

પ્રભુએ ઉત્તર આપ્યો કે:—"ભરત ! તારો આ મરીચિ નામનો પુત્ર આ અવસર્પિણીમાં વીર નામનો ચોવીસમો તીર્થંકર થશે. તથા મહાવિદેહ ક્ષેત્રમાં મૂકા નામની રાજધાનીમાં પ્રિયમિત્ર નામનો ચક્રવર્ત્તી થશે. વળી આજ ભરતક્ષેત્રમાં પોતનપૂર નામના નગરનો સ્વામી ત્રિપૃષ્ઠ નામનો પહેલો વાસુદેવ થશે."

એ પ્રમાણે પ્રભુનું વચન સાંભળી રોમાંચિત થયેલા ભરતે મરીચિ પાસે જઇ ત્રણ પ્રદક્ષિણા દઇ વંદન કર્યું, અને કહ્યું કે "હે મરીચિ ! આ દુનિયામાં જેટલા લાભો છે તેટલા તમે જ મેળવ્યા છે ! કારણ કે ચોવીશમા તિર્થંકર મહાવીર પણ તમેજ

થવાના, પ્રિયમિત્ર નામના ચક્રવર્ત્તી પણ તમેજ અને ત્રિપૃષ્ઠ નામના વાસુદેવ પણ તમેજ થવાના. અત્યારે જો કે હું તમને વંદન કરૂં છું, પણ હું કંઇ તમારા આ પરિવ્રાજકપણાને કે તમારા આ જન્મને ઉદ્દેશીને વંદન નથી કરતો. પરંતુ તમે છેલ્લા તીર્થંકર થવાના છો તેથીજ હું તમને વંદું છું; કારણ કે વર્ત્તમાન તીર્થંકરોની જેમ ભાવી તીર્થંકરો પણ વંદનીય છે." એ પ્રમાણે મધુરવાણીથી વારંવાર સ્તુતિ કરી ભરત મહારાજા સ્વસ્થાને ગયા.

એ વૃતાન્ત સાંભળી મરીચિ હર્ષાવેશમાં આવી ત્રણ વાર પગ પછાડી ખુબ નાચવા મંડી ગયો અને બોલવા લાગ્યો કે "હું કેવો ભાગ્યશાળી! મારૂં કૂળ કેટલું ઉત્તમ? હું પહેલો વાસુદેવ થવાનો, હુંજ મૂકા નગરીમાં ચક્રવર્તી થવાનો અને છેલ્લો તીર્થંકર પણ હું જ થવાનો! અહોહો, મારૂં કૂળ કેટલું બધું ઉત્તમ છે? હું વાસુદેવમાં પહેલો થઇશ, એટલું જ નહીં પણ મારા પિતા પણ ચક્રવર્તીઓમાં પહેલા છે, તેમ મારા પિતાના પિતા પણ જિનેશ્વરોમાં પહેલા છે. ખરેખર મારા કૂળની કેટલી બધી ઉત્તમત્તા?" આ પ્રમાણે કૂળનો મદ કરવાથી મરીચિએ નીચગોત્ર કર્મ ઉપાર્જ્યું; કારણ કે એવો નિયમ છે કે જે માણુસ પોતાની જાતિ કૂળ, ઐશ્વર્ય, બળ, રૂપ, તપ તથા જ્ઞાનનો મદ કરે છે તે માણુસને તે તે વસ્તુ વિષે હીનતા પ્રાપ્ત થાય છે. પ્રભુ મોક્ષે ગયા પછી પણ મરીચિ સાધુઓ સાથે વિહાર કરતો આગળની જેમ માણુસોને પ્રતિબોધ આપી, શિષ્ય કરવા સાધુઓને સોંપતો.

એક દિવસે તેને શરીરે કંઇક માંદગી થઇ આવી, પણ તે અવિરતિ હોવાથી તેમજ તેનો વેષ જૂદો હોવાથી કોઇ સાધુએ તેની સેવા સુશ્રુષા ન કરી. આથી તે વિચારવા લાગ્યો કે:-અરેરે!

આ મારા ઘણા વખતના પરિચયવાળા સાધુઓ પણ પારકા જેવા જ રહ્યા ! પણ હવે જો હું સાજો થઉં તો મારી વૈયાવચ્ચ કરે એવો એકાદો શિષ્ય કરૂં.

મરીચિ અનુક્રમે નીરોગી થયો. એક વાર કપિલ નામનો રાજપુત્ર તેનો ઉપદેશ સાંભળી પ્રતિબોધ પામ્યો, એટલે મરીચિએ પ્રથમની જેમ તેને સાધુ પાસે જઈ ચારિત્ર ગ્રહણ કરવાની ભલામણ કરી. પરંતુ કપિલે જવાબ આપ્યો કે:-"હું તો તમારા દર્શનની જ દીક્ષા લઈશ. અને જો મુનિમાર્ગ જ મોક્ષનો હેતુ હોય તો પછી તમે પોતે આ પરિવ્રાજકનો વેષ કેમ સ્વીકાર્યો ?"

મરીચિએ કહ્યું કે-"કપિલ ! હું મુનિમાર્ગ પાળવાને અસમર્થ છું, મુનિઓ તો મન, વચન અને કાયાના દંડથી વિરત થયેલા હોય છે, હું કંઈ તેવો નથી." એવી રીતે પોતાના ભારે કર્મ તથા ચારિત્રવિમુખતા વિષે મરીચિએ કેટલોક ખુલાસો કર્યો.

કપિલે પ્રશ્ન કર્યો કે,-"ત્યારે શું તમારા દર્શનમાં ધર્મ જેવું કંઈ જ નથી ?"

મરીચિએ વિચાર્યું કે આ કપિલ મારો પોતાનો જ શિષ્ય થવાને લાયક છે, તેથી તેણે જવાબ આપ્યો કે-"कपिला ! इत्थंपि इहयं पि"-અર્થાત્ હે કપિલ ! જેમ જીનેશ્વરે પ્રરૂપેલા માર્ગમાં ધર્મ છે તેમ મારા આ માર્ગમાં પણ છે. તે પછી કપિલે મરીચિ પાસે દીક્ષા લીધી.

મરીચિનો છેલ્લો જવાબ સૂત્રવિરૂદ્ધ હતો. તેની પ્રરૂપણા ઉત્સૂત્ર હતી. તેથી તેણે પોતાનો કોડાકોડી સાગરોપમ જેટલો સંસાર વધારી મૂક્યો. પોતાના કર્મનું તેણે પ્રાયશ્ચિત્ત-આલોચણા પણ ન કરી. તેથી પોતાનું ચોરાશી લાખ પૂર્વનું આયુષ્ય

પાળી, ત્યાંથી કાળ કરીને **ચોથે ભવે** બ્રહ્મલોકમાં દસ સાગરોપમની સ્થિતિવાળો દેવ થયો. (૪)

ત્યાંથી ચ્યવીને **પાંચમા ભવમાં** કોલ્લાક નામના ગામમાં એંશી લાખ પૂર્વના આયુષ્યવાળો કૌશિક નામે બ્રાહ્મણ થયો. તે વિષયમાં આસક્ત, દ્રવ્યનો લાલચુ અને હિંસાદિમાં ક્રૂર હૃદયવાળો હોવાથી, આખરે ત્રિદંડી થઇ મૃત્યુ પામીને ઘણા કાળ સુધી સંસારમાં ભમ્યો. એ ભવોને સ્થૂલ ભવોમાં ગણ્યા નથી. ત્યાંથી **છઠ્ઠે ભવે** સ્થૂણા નગરીમાં બોંતેર લાખ પૂર્વના આયુષ્યવાળો પુષ્પ નામનો બ્રાહ્મણ થયો. તે અંતે ત્રિદંડી થઈ મૃત્યુ પામીને **સાતમે ભવે** સૌધર્મ દેવલોકમાં મધ્યમ સ્થિતિવાળો દેવ થયો. ત્યાંથી ચ્યવીને **આઠમે ભવે** ચૈત્ય નામના ગામમાં સાઠ લાખ પૂર્વના આયુષ્યવાળો અગ્નિદ્યોત નામે બ્રાહ્મણ થયો. તે અંતે ત્રિદંડી થઈ મૃત્યુ પામીને **નવમે ભવે** ઇશાન દેવલોકમાં મધ્યમ સ્થિતિવાળો દેવ થયો. ત્યાંથી ચ્યવીને **દશમે ભવે** મંદર નામના ગામમાં છપ્પન લાખ પૂર્વના આયુષ્યવાળો અગ્નિભૂતિ નામે બ્રાહ્મણ થયો. તે અંતે ત્રિદંડી થઈ મૃત્યુ પામીને **અગીયારમે ભવે** સનત્કુમાર દેવલોકમાં મધ્યમ આયુષ્યવાળો દેવ થયો. ત્યાંથી ચ્યવીને **બારમે ભવે** શ્વેતાંબી નગરીમાં ચુમ્માલીશ લાખ પૂર્વના આયુષ્યવાળો ભારદ્વાજ નામે બ્રાહ્મણ થયો. તે અંતે ત્રિદંડી થઇ, મૃત્યુ પામીને **તેરમે ભવે** માહેન્દ્ર દેવલોકમાં મધ્યમ સ્થિતિવાળો દેવ થયો. ત્યાંથી ચ્યવીને કેટલોક કાળ ભવભ્રમણ કરી, **ચૌદમે ભવે** રાજગૃહ નગરમાં ચોત્રીસલાખ પૂર્વના આયુષ્યવાળો સ્થાવર નામે બ્રાહ્મણ થયો, તે પણ અંતે ત્રિદંડી થઇને મૃત્યુ પામી, **પંદરમે ભવે** બ્રહ્મ દેવલોકમાં મધ્યમ સ્થિતીવાળો દેવ થયો. **સોળમે ભવે** રાજગૃહ નગરમાં વિશાખભૂતિ નામે યુવરાજની ધારિણી નામે ભાર્યાની કુખે, કરોડ

વર્ષના આયુષ્યવાળો વિશ્વભૂતિ નામે ક્ષત્રિય થયો. વિશ્વભૂતિ એક વખત પોતાના અંતઃપુર સાથે પુષ્પકરંડક નામના રમણીય ઉદ્યાનમાં ક્રીડા કરતો હતો. તે જોઇ તેના કાકાના દીકરા વિશાખનંદીને ઇર્ષ્યા આવી કે–" જ્યાં સુધી વિશ્વભૂતિ ઉદ્યાનમાં છે, ત્યાં સુધી મારાથી ત્યાં જઇ શકાય નહીં, માટે તેને કપટ કરી બ્હાર કાઢું તો ઠીક થાય. " એમ વિચારી વિશાખનંદીએ કપટ કરી સરળ સ્વભાવી વિશ્વભૂતિને બ્હાર કાઢયો, અને પોતે ઉદ્યાનમાં રહી પોતાની સ્ત્રીઓ સાથે રમત કરવા લાગ્યો. વિશ્વભૂતિને કપટની ખબર પડતાં ખુબ ક્રોધ ચડયો. તેણે કોઠાના વૃક્ષને માત્ર એક મૂઠી મારી બધાં ફળો નીચે પાડી દીધાં. અને વિશાખનંદીને ઉદ્દેશીને બોલ્યો કે–" આ કોઠાનાં ફળની જેમ તમારાં બધાનાં મસ્તકો હું જોતજોતામાં ધરતી ઉપર રગદોળી શકું છું, પણ શું કરૂં ? વડિલો તરફની મારી ભક્તિ મને તેમ કરતાં અટકાવે છે. મારે હવે આવા કપટયુક્ત ભોગોપભોગો નહીં જોઇએ. " પછી વિષયોથી વિરકત થયેલા વિશ્વભૂતિએ સંભૂતિ નામે મુનિરાજ પાસે દીક્ષા લીધી. તેઓ એક હજાર વર્ષનો ઉગ્ર તપ તપતા, વિચરતા વિચરતા એક વખત માસખમણના પારણે ગોચરી માટે મથુરામાં પધાર્યા. તે વખતે તેમના કાકાનો દીકરો વિશાખનંદી પણ ત્યાં પરણવા માટે આવ્યો હતો. તેણે તપથી અત્યંત કૃશ થઈ ગયેલા વિશ્વભૂતિને જોયા. હવે વિશ્વભૂતિ ગોચરી માટે ચાલ્યા જાય છે, તેવામાં એક ગાય સાથે અથડાવાથી પડી ગયા. તે જોઈને વિશાખનંદી હસી પડ્યો અને તેનાથી બોલાઈ જવાયું કે–"એક માત્ર મૂઠીના પ્રહારથી આખી કોઠીને ખંખેરી નાખવાનું તારૂં બળ ક્યાં ચાલ્યુ ગયું ?" વિશાખનંદીના એવા ઉદ્ગાર સાંભળી વિશ્વભૂતિને ક્રોધ વ્યાપ્યો અને તેણે ગાયને શીંગડાથી પકડીને આકાશમાં ભમાડી અને એવું નિયાણું કર્યું કે–" હું

આ ઉગ્ર તપસ્યાના પ્રભાવથી **ભવાંતરે** ઘણો પરાક્રમી થઉં." પછી પોતાનું કરોડ વરસનું આયુષ્ય પૂર્ણ કરી, પૂર્વના પાપોની આલોચણા કર્યા વિના મૃત્યુ પામવાથી **સત્તરમે ભવે** મહા શુક્ર દેવલોકમાં ઉત્કૃષ્ટ આયુષ્યવાળો દેવ થયો. ત્યાંથી ચ્યવીને **અઢારમે ભવે** પોતનપુર નગરમાં પોતાની પુત્રીને પરણનાર પ્રજાપતિ નામના રાજાનો દીકરો ત્રિપૃષ્ઠ નામનો વાસુદેવ થયો. પ્રજાપતિ રાજાનું નામ પ્રથમ રિપુપ્રતિશત્રુ હતું. તેને ભદ્રા નામની રાણીની કુખે અચળ નામે પુત્ર અને મૃગાવતી નામે પુત્રી હતી. મૃગાવતી ઘણી રૂપાળી હતી. એક વખતે યૌવનમાં પ્રવેશેલી અને અતુલ સૌંદર્યવતી મૃગાવતી પોતાના પિતા પાસે પ્રણામ કરવા ગઈ. રાજા તેનું સૌંદર્ય જોઈ કામાતુર થયો. પછી રાજાએ નગરના મોટા મોટા માણસોને બોલાવીને કહ્યું કે "હે સભ્યો ? રાજ્યમાં જે જે રત્ન-વસ્તુઓ ઉત્પન્ન થાય તે કોની સમજવી ?" ત્યારે સભ્યજનોએ ઉત્તર આપ્યો કે-"હે સ્વામી ! જે ઉત્તમ રત્ન-વસ્તુઓ હોય તે રાજાનીજ ગણાય. કારણકે એવી ઉમદા વસ્તુઓનો રાજા સિવાય બીજો કોણ માલેક હોઈ શકે ?" આ પ્રમાણે પ્રપંચી રીતે લોકોની સમ્મતિ મેળવી રાજાએ મૃગાવતીને રાજસભામાં બોલાવી, સભ્યોને ઉદ્દેશી કહ્યું કે-"તમારા અભિપ્રાય મુજબ આ કન્યારત્ન મારે જ ગ્રહણ કરવું જોઇએ." લોકો રાજાના આવા વર્તનથી ચકિત થઇ ગયા. રાજાએ આખરે પોતાનું ધાર્યું કર્યું. મૃગાવતી સાથે ગંધર્વ વિધિથી લગ્ન કર્યું. એ રીતે રાજા પોતાના પ્રજા એટલે સંતતિનો પતિ થયો તેથી તેનું નામ પ્રજાપતિ તરીકે પ્રસિદ્ધ થયું. તે મૃગાવતીની કુખે સાત સ્વપ્નોએ સૂચિત, ચોરાશી લાખ વરસના આયુષ્યવાળો ત્રિપૃષ્ઠ નામે પુત્ર થયો. તેણે બાલ્યાવસ્થામાં પણ પ્રતિવાસુદેવના ડાંગરના ખેતરને વિઘ્ન કરનારા સિંહને શસ્ત્રવગર પોતાના

કલ્પસૂત્ર.

આજ્ઞા કરતાંય ગાયન વધારે પ્રિય? (પૃ. ૮૧.)

હાથથી જ ચીરી નાખ્યો હતો. અનુક્રમે ત્રિપૃષ્ઠ વાસુદેવ થયો. એક વખતે વાસુદેવના શયન સમયે મધુર સ્વરવાળા કેટલાક ગવૈયા ગાતા હતા. વાસુદેવે પોતાના શય્યાપાલકને આજ્ઞા કરી કે—" મારા ઉંઘી ગયા પછી ગાયન બંધ કરાવજે અને ગવૈયાઓને રજા આપજે." એમ કહી વાસુદેવ તો નિદ્રાવશ થઇ ગયા. શય્યાપાલક સંગીતના સ્વરમાં ભાન ભૂલી ગયો તેથી તેને વાસુદેવની આજ્ઞાનું સ્મરણ રહ્યું નહીં. થોડી વાર પછી વાસુદેવ જાગૃત થયા અને જોયું તો હજી સંગીત તો ચાલતું જ હતું. તેથી તેમણે ક્રોધાવેશમાં આવી શય્યાપાલકને કહ્યું કે—" દુષ્ટ ! મારી આજ્ઞા કરતાં પણ શું ગાયન તને વધારે પ્રિય છે ? ઠીક છે, હું તને તેનું ફળ ચખાડું છું ! " એમ કહી તેમણે શય્યાપાળના કાનમાં ધગધગતો સીસાનો રસ રેડાવ્યો. આ કૃત્યથી વીરપ્રભુના જીવ ત્રિપૃષ્ઠ વાસુદેવે કાનમાં ખીલા ઠોકાવાનું કર્મ ઉપાર્જન કર્યું. એવી રીતે તે ભવમાં અનેક દુષ્કર્મો કરી ત્યાંથી મૃત્યુ પામી **ઓગણીસમે ભવે** સાતમી નરકમાં તેત્રીસ સાગરોપમના આયુષ્યવાળો નારકી થયો. ત્યાંથી નીકળીને **વીશમે ભવે** સિંહ થયો; ત્યાંથી મરીને **એકવીશમે ભવે** ચોથી નરકમાં નારકીપણે ઉપન્યો. ત્યાંથી નીકળી ઘણા ભવો ભમીને **બાવીશમે ભવે** મનુષ્યપણું પામ્યો. ત્યાં શુભ કર્મ ઉપાર્જન કરી મૃત્યુ પામીને **તેવીશમે ભવે** વિદેહક્ષેત્રમાં મૂકા નામની રાજધાનીમાં ધનંજય રાજાની ધારિણી નામે રાણીની કુખે ચોરાશી લાખ પૂર્વના આયુષ્યવાળો પ્રિયમિત્ર નામે ચક્રવર્ત્તિ થયો. તેણે પોટ્ટીલ નામે આચાર્ય પાસે દીક્ષા લઈ એક કરોડ વર્ષ પર્યંત સંયમ પાળી અંતે કાળ કરીને **ચોવીશમે ભવે** મહાશુક્ર દેવલોકમાં સર્વાર્થ નામના વિમાનમાં સત્તર સાગરોપમની સ્થિ-

તિવાળો દેવ થયો. ત્યાંથી ચ્યવીને પચ્ચીશમે ભવે આ ભરત-ક્ષેત્રમાં છત્રિકા નામની નગરીમાં જિતશત્રુ નામે રાજાની રાણી-ભદ્રાની કુખે પચ્ચીસ લાખ વર્ષના આયુષ્યવાળો નંદન નામે પુત્ર થયો. તેણે ઘણા વરસ રાજસુખ ભોગવી, ચોવીશ લાખ વર્ષ વીતતાં રાજ્યનો ત્યાગ કરી પોટ્ટિલાચાર્ય પાસે દીક્ષા લીધી. દીક્ષિત થયા પછી નન્દન મુનિએ જીંદગી પર્યંત માસખમણો કરી, વીશ સ્થાનકનું આરાધન કરી તીર્થંકર નામકર્મ ઉપાર્જન કર્યું. તેમણે એક લાખ વર્ષ સુધી ચારિત્ર્ય પાળ્યું. અંતે એક માસની સંલેખનાપૂર્વક કાળ કરીને છવ્વીશમે ભવે પ્રાણત નામના દેવલોકમાં પુષ્પોત્તરાવતંસક વિમાનમાં વીશ સાગરોપમની સ્થિતિવાળો દેવ થયો. ત્યાંથી આયુષ્ય પૂર્ણ થતાં ચ્યવીને, મરીચિના ભવમાં બાંધેલા અને ભોગવવાના બાકી રહેલા નીચ ગોત્ર-કર્મના ઉદયથી સત્તાવીશમે ભવે વીર પ્રભુનો જીવ બ્રાહ્મણકુંડ-ગ્રામ નગરમાં ઋષભદત્ત બ્રાહ્મણની ભાર્યા દેવાનંદાની કુખે ગર્ભપણે ઉત્પન્ન થયો.

ઈંદ્રનો સંકલ્પ અને કર્તવ્ય

સૌધર્મેન્દ્રે વિચાર્યું કે નીચ ગોત્રકર્મ ક્ષીણ ન થયું હોય તો અનંતી ઉત્સર્પિણી અને અવસર્પિણી વીત્યા પછી, એક આશ્ચર્ય–અચ્છેરારૂપે, તીર્થંકરો, ચક્રવર્તીઓ, બળદેવો અને વાસુદેવો શુદ્રકુળોમાં, અધમ કુળોમાં, તુચ્છ કુળોમાં, દરિદ્ર કુળોમાં, ભિક્ષુક કુળોમાં, કૃપણ કુળોમાં તથા બ્રાહ્મણકુળોમાં આવે એ સંભવિત છે. અર્થાત્ નીચ ગોત્રમાં કુક્ષિને વિષે ગર્ભપણે ઉત્પન્ન થાય, પણ નીચ કુળમાં જન્મ તો ન જ થાય અને ન જ થવો જોઇએ. હવે આ શ્રમણ ભગવાન્ મહાવીર જંબૂદ્વીપમાં, ભરતક્ષેત્રમાં, બ્રાહ્મણકુંડગ્રામ નગરમાં, કોડાલ ગોત્રના

ઋષભદત્ત બ્રાહ્મણની ભાર્યા-જાલંધર ગોત્રની દેવાનંદા નામે બ્રાહ્મણીની કુખે ગર્ભપણે ઉત્પન્ન થયા છે. દેવોના રાજા અને દેવોના ઇન્દ્ર તરીકે મારે શું કરવું ? દરેક ઇન્દ્રની એ ફરજ છે કે ભગવાન અરિહંતોને સઘળા શુદ્ધ કુળોમાંથી, ઉગ્ર કુળોમાં, ભોગકુળોમાં, રાજન્ય કુળોમાં, ઇક્ષ્વાકુ કુળોમાં, જ્ઞાતકુળોમાં, ક્ષત્રિકુળોમાં અને હરિવંશકુળોમાં અને તેવા બીજા શુદ્ધ જાતિવાળા અને શુદ્ધ કુળવાળા વંશોમાં, જ્યાં જ્યાં રાજ્ય અને રાજ્ય લક્ષ્મીનો ઉપભોગ થતો હોય ત્યાં મૂકવા. કર્તવ્ય નક્કી થયા પછી ઇંદ્રે, બ્રાહ્મણકુંડગ્રામ નગરમાંથી, કોડાલગોત્રના ઋષભદત્ત બ્રાહ્મણની ભાર્યા, જાલંધર ગોત્રની દેવાનંદા નામે બ્રાહ્મણીની કુખમાંથી, શ્રમણ ભગવાન્ મહાવીરના ગર્ભને, ક્ષત્રિયકુંડગ્રામ નગરમાં, શ્રી ઋષભદેવના વંશમાં થયેલા જ્ઞાત નામે ક્ષત્રિયવિશેષોની મધ્યમાં થયેલા કાશ્યપ ગોત્રના સિદ્ધાર્થ નામના ક્ષત્રિયની ભાર્યા, વસિષ્ઠ ગોત્રની ત્રિશલા નામે ક્ષત્રિયાણીની કુખને વિષે મૂકવાનો નિશ્ચય કર્યો. તેમજ ત્રિશલા ક્ષત્રિયાણીનો પુત્રીરૂપે જે ગર્ભ હતો તેને જાલંધર ગોત્રની દેવાનંદા બ્રાહ્મણીની કુખમાં મૂકવાનો પણ નિર્ણય કરી નાખ્યો.

તે પછી શક્રેન્દ્રે પગે ચાલનારા સૈન્યના અધિપતિ હરિણેગમેષી નામના દેવને બોલાવી, પોતાની આખી યોજના અને તેનાં કારણોની સમજુતી આપતાં કહ્યું:—

"હે દેવાનુપ્રિય ! અરિહંતો, ચક્રવર્તિઓ, બળદેવો તથા વાસુદેવો કદાપિ શુદ્ર કુળોમાં, અધમકુળોમાં, કૃપણકુળોમાં, દરિદ્ર કુળોમાં, તુચ્છ કુળોમાં, ભિક્ષુકકુળોમાં, તથા બ્રાહ્મણકુળોમાં ન આવે. એવા પુરૂષો હંમેશા ઉગ્રકુળ, ભોગકુળ, રાજન્યકુળ, જ્ઞાતકુળ, ક્ષત્રિયકુળ, ઇક્ષ્વાકુકુળ, હરિવંશકુળ અથવા તેવા પ્રકારના બીજા વિશુદ્ધ

જાતિવાળા અને વિશુદ્ધ કુળવાળા વંશોમાંજ જન્મવા જોઈએ. પરન્તુ અનંતી ઉત્સર્પિણી અને અવસર્પિણી ગયા પછી લોકોને વિષે આશ્ચર્ય રૂપે જે કંઈ બને છે તેમાં શ્રીવીરપ્રભુનું બ્રાહ્મણકુળમાં ગર્ભ-રૂપે આવવું એ પણ એક આશ્ચર્ય છે. જે નીચ ગોત્રકર્મની સ્થિતિ ક્ષીણ થઈ ન હોય, જેના રસનો પરિભોગ થયો ન હોય તથા જે કર્મ આત્મપ્રદેશથી દૂર થયાં ન હોય તેના ઉદયવડે તીર્થંકરો, ચક્રવર્તિઓ, બળદેવો તથા વાસુદેવો અંતકુળને વિષે, પ્રાંતકુળને વિષે, દરિદ્ર કુળને વિષે, ભિક્ષુકકુળને વિષે, કૃપણકુળને વિષે તથા બ્રાહ્મણકુળને વિષે આવે એ સંભવિત છે. એટલું છતાં એવા પુરૂષો કોઈપણ વખત તે તે યોનિદ્વારા જન્મરૂપે નીકળ્યા નથી નીકળતા નથી અને ન જ નીકળવા જોઈએ.

"શ્રમણ ભગવાન્ મહાવીર જંબુદ્વીપ નામના દ્વીપમાં ભરતક્ષેત્રને વિષે બ્રાહ્મણકુંડગ્રામ નગરમાં, કોડાલ ગોત્રના ઋષભ-દત્ત નામના બ્રાહ્મણની ભાર્યા જાલંધર ગોત્રની દેવાનંદા નામની બ્રાહ્મણીની કુખને વિષે ગર્ભપણે આવ્યા છે. દેવોના ઈન્દ્ર અને દેવોના રાજા તરીકે મારો એવો આચાર છે કે ભગવાન અરિહં-તોને શુદ્ર કુળોમાંથી વિશુદ્ધ કુળોમાં સંક્રમાવવા. માટે હે દેવા-નુપ્રિય ! તું જા અને શ્રમણ ભગવન મહાવીરને દેવાનંદા બ્રાહ્મ-ણીની કુખમાંથી સંહરી, ત્રિશલા નામની ક્ષત્રિયાણીની કુખને વિષે ગર્ભપણે સંક્રમાવ અને ત્રિશલા ક્ષત્રિયાણીનો જે ગર્ભ છે તેને દેવાનંદા બ્રાહ્મણીની કુખમાં ગર્ભપણે સંક્રમાવ. આટલું કામ પતાવીને જલદી પાછો આવ અને મને નિવેદન કર."

એ પ્રમાણે આજ્ઞા પામી પ્રફુલ્લિત થયેલા હરિણેગમેષી દેવે મસ્તકે અંજલી કરી વિનયપૂર્વક ઉત્તરમાં કહ્યું કે:—"જેવી આપ દેવની આજ્ઞા."

તે પછી તે હરિણેગમેષી દેવ ઈશાનકોણમાં ગયો. અને

વૈક્રિય સમુદ્ઘાતવડે વૈક્રય શરીર ઉપજાવવાનો પ્રયત્ન કર્યો. સંખ્યાતા યોજન પ્રમાણવાળો, ઉંચે અને નીચે દંડના આકારે લાંબો, શરીરના જેવો જાડો જે જીવપ્રદેશો અને કર્મપુદ્‌ગલોનો સમુહ, તેને શરીરથી બ્હાર કાઢ્યો. તે પછી નીચે જણાવેલાં સોળ પ્રકારના રત્નો, કર્કેતનાદિ રત્નો જેવાં, હીરા જેવાં, વૈડુર્ય રત્ન જેવાં, લોહિતાક્ષ રત્ન જેવાં, મસારગલ્લ રત્ન જેવાં, હંસગર્ભ રત્ન જેવાં, પુલક રત્ન જેવાં, સાગંધિક રત્ન જેવાં, જ્યોતીરસ રત્ન જેવાં, અંજનરત્ન જેવાં, અંજનપુલક રત્ન જેવાં, નીતરૂપ રત્ન જેવાં, સુભગ રત્ન જેવાં, અંક રત્ન જેવાં, સ્ફટિક રત્ન જેવાં અને રિષ્ટ જાતિના રત્ન જેવાં, વૈક્રિય વર્ગણાનાં માત્ર સારભૂત પુદ્‌ગલો ગ્રહણ કરી, અસાર પુદ્‌ગલોનો ત્યાગ કર્યો. (રત્ન પુદ્‌ગલ ઔદારિક છે, તેથી તે વૈક્રિય શરીર કરવામાં અસમર્થ છે.) તે સારભૂત પુદ્‌ગલોને ગ્રહણ કરીને બીજી વાર પણ વૈક્રિય સમુદ્ઘાત્‌વડે પહેલાની જેમ પ્રયત્ન વિશેષ કરી ઉત્તર વૈક્રિય રૂપ--અર્થાત્ ભવધારણીય જે મૂળ રૂપ તેની અપેક્ષાએ બીજું રૂપ ધારણ કર્યું.

ગર્ભહરણ

એટલું થઇ રહ્યા પછી ઉત્કૃષ્ટ એટલે દેવોને વિષે પ્રતીત એવી, બીજી ગતિઓ કરતાં મનોહર, ચિત્તની ઉત્સુકતાવાળી, કાયાની ચપળતાવાળી, તીવ્ર, બાકીની ગતિઓને જીતનારી, (વિઘ્નનો પરિહાર કરવામાં સમર્થ)પ્રચંડ પવનથી ઉછળતા ધુમાડાની ગતિ જેવી શરીરના સમગ્ર અવયવોને કંપાવનારી, ઉતાવળી અને દેવોને યોગ્ય એવી દેવગતિ વડે ઉતાવળથી દોડતો દોડતો તે હરિણૈગમેષી દેવ, તીરછા અસંખ્યાતા દ્વીપસમુદ્રોની મધ્ય મધ્યભાગમાં થઇને, જંબૂદ્વીપના ભરતક્ષેત્રને વિષે બ્રાહ્મણકુંડગ્રામ નગરમાં ઋષભદત્ત બ્રાહ્મણને ઘેર, જ્યાં દેવાનંદા બ્રાહ્મણી છે ત્યાં પહોંચ્યો. ભગવંતનું

દર્શન થતાંજ શ્રમણ ભગવાન મહાવીરને પ્રણામ કર્યા. દેવાનંદાના આખા પરિવારને અવસ્વાપિની નિદ્રા આપી. દેવાનંદાના શરીરમાંથી અશુચી પુદ્ગલો દૂર કર્યાં અને શુભ પદ્ગલો સ્થાપ્યાં. પછી "હે ભગવન્! આપ મને અનુજ્ઞા આપો" એમ ઉચ્ચારી ભગવાન્ મહાવીરને બીલકુલ હરકત ન આવે તેમ સુખપૂર્વક પોતાના દિવ્ય પ્રભાવ વડે હાથની અંજલીમાં લીધા. પછી ક્ષત્રિયકુંડગ્રામ નગરમાં, સિદ્ધાર્થ ક્ષત્રિયને ઘેર જ્યાં ત્રિશલા ક્ષત્રિયાણી છે ત્યાં આવી, તેના આખા પરિવારને અવસ્વાપિની નિદ્રા આપી, ત્રિશલા માતાના શરીરમાંથી અપવિત્ર પુદ્ગલો દૂર કરી–પવિત્ર પુદ્ગલો સ્થાપી, પ્રભુને બીલકુલ હરકત ન આવે તેવી રીતે સુખપૂર્વક, પોતાના દિવ્ય પ્રભાવ વડે ત્રિશલા ક્ષત્રિયાણીની કુખમાં સંક્રમાવ્યા.

ગર્ભહરણના ચાર પ્રકાર છે. (૧) ગર્ભાશયમાંથી લઈ ગર્ભાશયમાં, (૨) ગર્ભાશયમાંથી લઇ યોનિમાં, (૩) યોનિથી લઈ ગર્ભાશયમાં અને (૪) યોનિથી લઈ યોનિમાં. અહીંઆ ગર્ભહરણનો ત્રીજો પ્રકાર સમજવો. અર્થાત્ દેવાનંદાની કુખમાંથી યોનિમાર્ગે ગ્રહણ કરી ત્રિશલા માતાની કુખમાં ગર્ભાશયદ્વારા સંક્રમાવ્યો. એ સિવાયના બાકીના ત્રણ પ્રકારનો આ સ્થળે નિષેધ છે એમ શ્રી ભગવતી સૂત્રમાં પણ કહ્યું છે.

વળી ત્રિશલા ક્ષત્રિયાણીનો પુત્રીરૂપે જે ગર્ભ હતો તેને દેવાનંદા બ્રાહ્મણીની કુક્ષિમાં મૂકયો અને પછી તે દેવ જે દિશામાંથી, જે રીતે આવ્યો હતો તેજ દિશામાં, તેજ રીતે સૌધર્મ દેવલોકમાં દેવોના રાજા શક્રેંદ્ર પાસે પહોંચી ગયો અને "આપની આજ્ઞાનુસાર મેં કામ કર્યું છે" એમ નિવેદન કર્યું.

ગર્ભહરણનો સમય

જાલંધર ગોત્રની દેવાનંદા બ્રાહ્મણીની કુખમાંથી પ્રભુના ગર્ભનું, વસિષ્ઠ ગોત્રની ત્રિશલા ક્ષત્રિયાણીની કુખમાં સંક્રમણ થયું, તે વખતે વર્ષાકાળનો ત્રીજો માસ, વર્ષાકાળનું પાંચમું પખવાડીયું, એટલે કે આસો (ગુજરાતી ભાદરવા) માસનું કૃષ્ણ પખવાડીયું હતું, અને તેરશની રાત્રી હતી. બરાબર અર્ધરાત્રીએ, એટલે કે બ્યાશી રાત્રીદિવસ ગયા બાદ ત્યાશીમા રાત્રિદિવસની વચ્ચેના કાળમાં, ઉત્તરાફાલ્ગુની નક્ષત્રને વિષે ચંદ્રનો યોગ પ્રાપ્ત થતાં, ભગવાન ત્રિશલા માતાની કુખમાં આવ્યા. અહિં કવિ ઉત્પ્રેક્ષા કરે છે કે " શ્રી ભગવંત સિદ્ધાર્થ રાજાના આપ્તકુળમાં પ્રવેશ કરવાને ક્ષણવાર મુહુર્ત્ત આવવાની રાહ જોતા હોય તેમ જે બ્રાહ્મણના ઘરમાં બ્યાસી અહોરાત્ર સુધી રહ્યા તે શ્રી ચરમ તીર્થંકર પ્રભુ કલ્યાણ કરો ! "

ભગવંતે પોતાનું ગર્ભસંક્રમણ જાણ્યું કે નહીં?

તે કાળે અને તે સમયે શ્રમણ ભગવાન્ મહાવીર મતિ, શ્રુત અને અવધિ એ ત્રણે જ્ઞાન સહિત હતા. જ્યારે દેવાનંદાની કુખમાંથી ત્રિશલા માતાની કુખમાં પોતાનું સંહરણ થવાનું હતું ત્યારે " હું સંહરાઇશ " એ પ્રમાણે પ્રભુ પોતે જાણે છે, પણ જ્યારે હરિણેગમેષી દેવ દેવાનંદાની કુખમાંથી લઇને ત્રિશલા માતાની કુખમાં સંહરણ કરે છે ત્યારે તે સંહરણ વખતે " હું સંહરાઉં છું " એ પ્રમાણે જાણતા નથી.

અહીં કોઇ શંકા કરે કે સંહરણ થતી વખતે પ્રભુએ પોતાનું સંહરણ કેમ નહીં જાણ્યું હોય ? સંહરણનો કાળ તો અસંખ્ય સમયનો હોય છે. આથી અસંખ્ય સમયવાળી ક્રિયાને ભગવાન ન

જાણે એ કેમ બને ? વળી સંહરણ કરનાર-હરિણેગમેષી દેવ કરતાં પ્રભુનું જ્ઞાન તો વિશિષ્ટ છે, તેથી સંહરણકાળે " હું સંહરાઉં છું " એવું પ્રભુને જરૂર જ્ઞાન હોવું જોઇએ.

સમાધાનમાં જણાવવાનું કે, સંહરણ ક્રિયાનો કાળ અસંખ્ય સમયનો હોવાથી " હું સંહરાઉં છું " એમ ભગવંત જાણે છે ખરા, પણ હરિણેગમેષી દેવે ગર્ભનું એવી કુશળતાથી સંહરણ કર્યું કે તેથી પ્રભુને જરાપણ પીડા થઇ નહીં અને તેથી પ્રભુએ જાણવા છતાં જાણે સંહરણ જાણ્યું જ નહીં, એવો કહેવાનો આશય છે. જેમ કોઇ માણસના પગમાં કાંટો વાગ્યો હોય અને બીજો માણસ તે કાંટાને એવી કૂશળતાથી ખેંચી કાઢે કે જેથી પેલાને જરા પણ પીડા થાય નહીં તો તે વખતે પેલો માણસ એમ કહી શકે કે " તેં એવી રીતે કાંટો કાઢ્યો કે મને મુદ્દલ ખબર જ ન પડી. " જો કે કાંટો કાઢતાં સામા માણસને જ્ઞાન તો થાય છે જ પણ પીડા ન થવાથી કાંટો કાઢનારની કૂશળતા જણાવવા અર્થે જાણે કંઇ જાણ્યું જ ન હોય એવો વ્યવહાર થાય છે. ઘણીવાર સુખમગ્ન માણસો બોલે છે કે " આજનો આખો દિવસ ક્યાં ગયો તેની ખબર પણ ન પડી. " અહીં પણ જો કે તે વ્યતીત થયેલા દિવસને જાણે છે, પરંતુ અતિશય સુખ જણાવવાને માટે એવો વ્યવહાર થાય છે. અને એટલાજ માટે હરિણેગમેષી દેવે જે કૂશળતાથી ગર્ભનું સંહરણ કર્યું તે કૂશળતાને સ્પષ્ટ કરવા માટે પ્રભુ પોતાના સંહરણને જાણવા છતાં જાણે જાણતા જ નથી એમ કહેવામાં આવ્યું છે.

ગર્ભહરણ સમયે દેવાનંદાની સ્થિતિ

દેવાનંદાની કુખમાંથી પ્રભુના ગર્ભનું સંહરણ થયું તે વખતે તે પોતાની શય્યામાં અર્ધજાગૃત અને અર્ધનિદ્રિત અવસ્થામાં

હતી. એટલામાં પોતાના ચાદ સ્વપ્ન જાણે ત્રિશલા ક્ષત્રિયાણી હરી જતી હોય એવો ભાસ થયો, તેથી તે એકદમ ઝબકી ઉઠી.

ત્રિશલા ક્ષત્રિયાણીની સ્થિતિ

ત્રિશલા ક્ષત્રિયાણીની કુખમાં પ્રભુના ગર્ભનું સંક્રમણ થયું તે વખતે-મધ્યરાત્રીએ તે પોતાની અવર્ણનીય શય્યામાં અલ્પનિદ્રા કરતી હતી. એટલામાં તે મહાપુરૂષના અવતરણને સુચવનારાં ચોદ મહાસ્વપ્નો જોઈ જાગી ઉઠી.

ત્રિશલા દેવીનું શયનમંદિર

ત્રિશલાદેવી, તે રાત્રીએ, પોતાના અવર્ણનીય, અને પુણ્યશાળી તથા ભાગ્યશાળીને શોભે તેવા એક શયનમંદિરમાં સુતાં હતાં. તે શયનમંદિરની સવ ભીંતોનો અંદરનો ભાગ વિવિધ પ્રકારનાં ચિત્રોથી રમણીય લાગતો હતો. બ્હારના ભાગમાં ચુનો લગાવેલો હોવાથી જાણે ચાંદની પથરાઈ હોય એવો ભાસ થતો હતો. દીવાલો, કોમળ અને ચીકણા પાષાણાદિથી ઘુંટેલી હોવાથી, સઘળું સુંવાળું અને ચકચકિત લાગતું હતું. તળીયું પણ તેવું જ દેદીપ્યમાન હતું. ફળીયું સપાટ અને ચોતરફ જડેલાં મણી-રત્નોથી ઝગહળી રહ્યું હતું. પાંચ વર્ણવાળા મણિઓની સુંદર ગોઠવણીથી સ્વસ્તિકની રચના કરવામાં આવી હતી અને તે પણ આંખને મનોહર લાગતી હતી. સરસ અને સુગંધમય પંચવર્ણી પુષ્પોના સમુહ થોડે થોડે આંતરે સંસ્કારી રીતે ગોઠવવામાં આવ્યા હતા. કાળો અગરૂ, ઉંચી જાતનો કિંદુ, સેલારસ, દશાંગાદિ ધૂપ વિગેરે પદાર્થોની સુગંધીથી આખું શયનમંદિર મ્હેક મ્હેક થઇ રહ્યું હતું. સુગંધી દ્રવ્યોથી બનાવેલી ગુટિકા જેવી સુવાસિત લાગે તેવી રીતે આખું શયનમંદિર સુવાસથી ભર્યું ભર્યું લાગતું હતું.

ત્રિશલા દેવીની શય્યા

ત્રિશલાદેવીના શયનમંદિરની જેમ શય્યા પણ ખરેખર અવર્ણનીય અને આંખે જોઇ હોય તોજ તેનું મનોહારિત્વ સમજી શકાય તેવી હતી. એવી શય્યા કોઇ ભાગ્યશાળી તથા પુણ્યશાળીને જ હોય. તેમાં શરીરના પ્રમાણ જેટલું લાંબુ ગાદલું બીછાવવામાં આવ્યું હતું. મસ્તક અને પગ રાખવાના સ્થાને બે ઓશીકા મૂકવામાં આવ્યાં હતાં. તેથી તે શય્યા બન્ને બાજુએ સ્હેજ ઉંચી અને વચ્ચેના ભાગમાં નમેલી–ગંભીર લાગતી હતી. ગંગાને કાંઠે રેતીમાં પગ મૂકતાંની સાથે પગ ઉંડો ઉતરી જાય તેમ આ શય્યા પણ એવી સુકોમળ હતી કે તેમાં પગ મૂકતાંજ તે ઉંડો ચાલ્યો જાય. જ્યારે તે સૂવા–બેસવાના ઉપયોગમાં નથી આવતી ત્યારે તે ધુળ વિગેરેથી મેલી ન થાય એટલા માટે હંમેશા ઉત્તમ વસ્ત્રથી ઢાંકી રાખવામાં આવે છે. શય્યા ઉપર લાલ રંગની મચ્છરદાની લગાવેલી છે, સંસ્કાર પામેલું ચામડું, રૂઉ, બુર નામની વનસ્પતિ, માખણ અને આકડાનું રૂ જેવું સુકોમળ લાગે તેવી આ શય્યા પણ સુકોમળ હતી. સુગંધી પુષ્પો અને સુવાસભર્યાં ચુર્ણોની સુગંધ શય્યામાંથી છુટતી હતી.

સ્વપ્નદર્શન

ઉપર વર્ણવ્યા તેવા શયનમંદિરમાં અને શય્યામાં અલ્પનિંદ્રા લેતાં ત્રિશલાદેવીએ પ્રશસ્ત ચૌદ સ્વપ્ન જોયાં અને જોતાંની સાથેજ જાગીને બેઠાં થયાં. એ ચૌદ સ્વપ્ન નીચે પ્રમાણે:—(૧) હાથી (૨) વૃષભ (૩) સિંહ (૪) લક્ષ્મી (૫) પુષ્પમાળા (૬) ચન્દ્ર (૭) સૂર્ય (૮) ધ્વજા (૯) કુંભ (૧૦) પદ્મ સરોવર (૧૧) સમુદ્ર (૧૨) દેવવિમાન (૧૩) રત્નરાશિ અને (૧૪) નિર્ધૂમ અગ્નિ.

શ્રી તિર્થંકરની માતાએ જોયલાં ચૌદ સ્વપ્ના.

Fourteen Dreams of The Mother of Tirthankers.

(પૃ. ૯૦)

K. Art Works, Bombay 2. Meghji Hirji Bombay 3.

પ્રથમ સ્વપ્ન–હાથી

પહેલે સ્વપ્ને ત્રિશલાક્ષત્રિયાણીએ હાથી જોયો. શ્રી ઋષભદેવજીની માતાએ પહેલે સ્વપ્ને વૃષભ જોયો હતો અને શ્રી મહાવીર પ્રભુની માતાએ પહેલે સ્વપ્ને સિંહ જોયો હતો. પરંતુ ઘણા જિનેશ્વરોની માતા પહેલે સ્વપ્ને હાથી જુએ એવી રીતના પાઠના અનુક્રમની અપેક્ષાએ–બહુ પાઠના રક્ષણ માટે, અહીં પણ શ્રી મહાવીર પ્રભુની માતાએ પહેલે સ્વપ્ને હાથી જોયો એમ કહેવામાં આવે છે. એ હાથી કેવો હતો ? ચાર મહા બળવાન દંતશૂળવાળો, ઉંચો, વરસી રહેલા વિશાળ મેઘ જેવો, મોતીના હાર જેવો, ચન્દ્રનાં કિરણો જેવો, પાણીના કણ જેવો, ક્ષીર સમુદ્ર જેવો અને વૈતાઢ્ય પર્વતના જેવો સફેદ, તેના કુંભસ્થળમાંથી ઝરતા મદજળની સુગંધે ભમરાઓને લુબ્ધ બનાવી મૂક્યા હતા. તેના શરીરનું પ્રમાણ શક્રેન્દ્રના ઐરાવણ હાથીના જેવડું હતું. જલથી ભરેલો અને ચોતરફ પથરાયેલો મેઘ જેવો ઘટાટોપ લાગે અને તેની ગર્જના જેવી ગંભીર અને મનોહર લાગે તેવોજ આ હાથીનો દેખાવ પણ મનમોહક હતો. સર્વ પ્રકારનાં શુભ લક્ષણોવાળો, હાથીઓમાં સર્વોત્તમ અને વિશાળ એવા પ્રકારનો હાથી ત્રિશલાદેવીએ પ્રથમ સ્વપ્નમાં જોયો.

બીજું સ્વપ્ન–વૃષભ

શ્વેત કમળનાં પાંદડાંઓની રૂપકાંતિને પણ પરાજીત કરતો, પોતાની પ્રભાના વિસ્તારથી દશે દિશાઓને પ્રકાશિત કરતો, ઉત્કૃષ્ટ શોભાસમૂહની પ્રેરણાવડે જ જાણે કે ઉંચી થઈ હોય એવી દીપ્તિવાન, મનોહર અને રમણીય ખુંધવાળો, સૂક્ષ્મ, નિર્મળ અને કોમળ રૂંવાડીની સ્નિગ્ધ કાંતિવાળો, મજબુત, ભરાવદાર માંસપેશીવાળો, પુષ્ટ, યથાસ્થિત અવયવવાળો અને સુંદર શરીર-

વાળો વૃષભ બીજા સ્વપ્નમાં જોયો. તેના મજબુત, ગોળાકાર અતિશય ઉત્તમ અને તીક્ષ્ણ શીંગડાઓના આગલા ભાગમાં તેલ લગાવેલું હતું; તેના દાંત ક્રૂરતારહિત, કલ્યાણકર, સમાન, સુશોભિત અને શ્વેત હતા. એ વૃષભ જાણે કે ગણ્યા ગણાય નહીં એટલા મંગળને આવવાના દ્વારરૂપ હોય એવો લાગતો હતો.

ત્રીજું સ્વપ્ન–સિંહ

ત્રીજા સ્વપ્નમાં ત્રિશલા માતાએ સિંહ જોયો. તે મોતીના હાર, ક્ષીરસમુદ્ર, ચન્દ્રકીરણ, પાણીનાં કણ તથા રૂપાના પર્વત જેવો શ્વેત, રમણીય અને મનોહર હતો. તેના પંજા મજબુત અને સુંદર હતા. ગોળ આકારવાળી, પુષ્ટ, સુસંબદ્ધ–પોલાણ રહિત, પ્રધાન અને તીક્ષ્ણ દાઢોવડે તેનું મુખ શોભી રહ્યું હતું. સંસ્કાર પામેલા ઉત્તમ પ્રકારના કમળ જેવા સુકુમાર અને યથા-સ્થિત પ્રમાણવડે શોભતા હોઠ એ સુંદરતામાં વૃદ્ધિ કરી રહ્યા હતા. તેનું તાળવું લાલ કમળના પાંદડા જેવું મૃદુ અને સુકોમળ હતું. તેની મનોહર જીભ લપલપાયમાન થતી હતી. તેનાં નેત્ર, માટીની કુલડીમાં ગાળેલા અને કુદડી ફરતા સુવર્ણ જેવા ગોળ તથા સ્વચ્છ વિજળી જેવા ચકચકિત અને ચપળ હતાં. સાથળો વિશાળ અને પુષ્ટ, સ્કંધ પરિપૂર્ણ અને નિર્મળ હતા. સુકોમળ, શ્વેત, બારીક અને ઉત્તમ લક્ષણવાળી કેશવાળી વડે તે અનહદ શોભા ફેલાવતો હતો. તેનું પૂચ્છ ઉંચું, કુંડલાકાર અને શોભાયમાન હતું. તે વારંવાર જમીન સાથે અફળાતું અને પાછું કુંડાલાકાર બની જતું. તેની આકૃતિમાં સૌમ્યભાવ દેખાઈ આવતો હતો. તેની મંદમંદ ગતિમાં વિલાસ-ભાવ પ્રગટ થતો. તેનાં નખ અગ્રભાગમાં અત્યંત તીક્ષ્ણ હતાં, તેની જીભ પલ્લવપત્ર સમી રમણીય હતી. આવો લક્ષણવંતો

સિંહ આકાશમાંથી ઉતરતો અને પછી પોતાના મુખમાં પ્રવેશ કરતો ત્રિશલા ક્ષત્રિયાણીએ ત્રીજા સ્વપ્નમાં નિહાળ્યો.

ચોથું સ્વપ્ન—લક્ષ્મીદેવી

ચોથા સ્વપ્નમાં, અખંડ ચંદ્રમા જેવી કાંતિવાળી લક્ષ્મીદેવીનાં દર્શન થયાં. તે લક્ષ્મીદેવી, ઉંચા હિમવાન પર્વતને વિષે ઉત્પન્ન થયેલ કમળ રૂપી મનોહર સ્થાને બેઠેલાં હતાં.

કમળરૂપી સ્થાનનું વર્ણન—સો યોજન ઉંચો, એક હજાર બાવન યોજન અને બાર કળા પહોળો એક સુવર્ણમય હિમવાન પર્વત છે. તે પર્વત ઉપર દશ યોજન ઉંડું, પાંચસો યોજન પહોળું અને હજાર યોજન લાંબું, વજ્રના તળીયાવાળું પદ્મહ્રદ નામનું એક હ્રદ છે. તેના મધ્યભાગમાં પાણીથી બે કોસ ઉંચું, એક યોજન પહોળું અને એક યોજન લાંબું એક કમળ છે. નીલરત્નમય નાળવું દશ યોજનનું છે. તેનું મૂળ વજ્રમય છે, તેનું કંદ રિષ્ટ રત્નમય છે, તેના બ્હારનાં અને અંદરનાં પાંદડાં લાલ તથા સુવર્ણમય છે. તે કમળની અંદર બે કોસ પહોળી, બે કોસ લાંબી, એક કોસ ઉંચી, લાલ સુવર્ણમય કેસરાઓથી શોભિત સુવર્ણમય કર્ણિકા છે. (કર્ણિકા એટલે બીજ કોષ—ડોડો.) તેની મધ્ય ભાગમાં અર્ધો કોસ પહોળું, એક કોસ લાંબું અને એક કોસમાં કંઇક ન્યુન ઉંચું લક્ષ્મીદેવીનું મંદિર છે. તે મંદિરને પાંચસો ધનુષ્ય ઉંચા, અઢીસો ધનુષ્ય પહોળા, પૂર્વ દક્ષિણ અને ઉત્તર દિશામાં ત્રણ દરવાજા છે. મંદિરની વચ્ચો વચ્ચ અઢીસો ધનુષ્ય પ્રમાણ મણિમય વેદિકા છે. તે વેદિકા ઉપર લક્ષ્મીદેવીને છાજે તેવી એક શય્યા છે. હવે તે મુખ્ય કમળની ચો તરફ ફરતાં ગોળ આકારવાળા (વલયાકાર) લક્ષ્મીદેવીના આભૂષણોથી ભરેલા તથા મુખ્ય કમળના પ્રમાણથી અરધા ઉંચા,

અને પહોળા એકસો આઠ કમળો છે. એવી રીતે સઘળા ગોળાકારોમાં અનુક્રમે અરધું અરધું પ્રમાણુ સમજવું. બીજા વલયમાં વાયવ્ય, ઇશાન અને ઉત્તર દિશામાં ચાર હજાર સામાનિક દેવોને વસવાનાં ચાર હજાર કમળ છે. પૂર્વ દિશામાં ચાર મહર્દ્ધિક દેવીઓના ચાર કમળ છે, અગ્નેયી દિશામાં અભ્યંતર પર્ષદાના ગુરૂસ્થાનીય દેવોના આઠ હજાર કમળ છે. દક્ષિણ દિશામાં મધ્ય પર્ષદાના મિત્ર સ્થાનીય દેવોનાં દશ હજાર કમળ છે, નૈઋત દિશામાં બાહ્ય પર્ષદાના નોકર તરીકે રહેલા દેવોના બાર હજાર કમળ છે અને પશ્ચિમ દિશામાં હાથી, ઘોડા, રથ, પાળા, પાડા, ગંધર્વ અને નાટકરૂપ સાત સેનાઓના નાયકોના સાત કમળ છે. ત્યાર પછી ત્રીજા વલયમાં સોળ હજાર અંગરક્ષક દેવોને વસવાનાં સોળ હજાર કમળ છે, ચોથા વલયમાં બત્રીસ લાખ અભ્યંતર આભિયોગિક દેવોને વસવાનાં બત્રીસ લાખ કમળ છે. પાંચમા વલયમાં ચાલીસ લાખ મધ્યમ આભિયોગિક દેવોને વસવાનાં ચાલીસ લાખ કમળ છે. છઠ્ઠા વલયમાં અડતાલીશ લાખ બાહ્ય આભિયોગિક દેવોને વસવાના અડતાલીસ લાખ કમળ છે. એવી રીતે મુખ્ય કમળની સાથે ગણુતાં સઘળાં મળીને એક કરોડ વીશ લાખ પચાસ હજાર એકસો વીસ કમળ થયાં. આવા પ્રકારના કમળો વડે પરિવરેલા મૂળ કમળરૂપી મનોહર સ્થાન ઉપર લક્ષ્મીદેવી વિરાજે છે.

લક્ષ્મીદેવીનું સ્વરૂપ ઘણુંજ રમણીય હતું. તેમના બે પગ જાણે સુંદર રીતે સ્થાપન કરેલા બે સુવર્ણમય કાચબા ન હોય અને અતિ ઉચ્ચ તથા પુષ્ટ અંગુઠા વિગેરે લાક્ષાદિ રસ વડે જાણે રંગેલા હોય એવા લાગતા હતા. તેમના નખ પુષ્ટ, મધ્ય ભાગમાં સ્હેજ ઉંચા, બારીક, લાલ રંગના અને ચીકાશવાળા હતા. હાથ પગ કમળના પાંદડાં જેવાં સુકોમળ હતા, આંગળીઓ પણ એટ-

લ જ સુકુમાર તથા શ્રેષ્ઠ હતી. પગની પીંડીઓ કુરૂવિંદ જાતના આવર્તથી અથવા આભરણ વિશેષથી સુશોભિત અને અનુક્રમે પાતળી અને પછી જાડી હતી. ઢીંચણ ગુપ્ત હતા. સાથળ ઉત્તમ હાથીની સૂંઢ જેવા પુષ્ટ હતા. રમણીય અને વિસ્તીર્ણ કમરનો ભાગ સુવર્ણમય કંદોરાથી વીંટળાયેલો હતો. તેમની રોમરાજી ઉંચી જાતના કાજળ, ભમરા અને મેઘના સમુહ જેવા વર્ણવાળી સરળ, સરખી, ગાઢી, બારીક, સુંદર વિલાસે કરી મનોરમ, શિરીષપુષ્પ વિગેરે સુકોમળ પુષ્પ કરતાં પણ વધારે સુકોમળ અને રમણીય હતી. કમ્મરની નીચેનો અગાડીનો ભાગ જઘનસ્થળ, નાભિ મંડળવડે સુંદર, વિશાળ અને શ્રેષ્ઠ લક્ષણવાળો હતો. શરીરનો મધ્યભાગ–ઉદર મુંઠીમાં સમાઇ જાય એવો રમણીય અને ત્રિવલિયુક્ત હતો.

ચંદ્રકાંત વિગેરે વિવિધ પ્રકારના મણિઓ, સુવર્ણ, વૈડૂર્યાદિભિન્ન જાતિનાં રત્નો તથા નિર્મલ અને ઉંચી જાતના લાલ સુવર્ણમાંથી બનેલાં આભરણો અને * આભુષણો વડે એ લક્ષ્મીદેવીનાં અંગોપાંગો ઝળહળી રહ્યાં હતાં. મોતી વિગેરેના હાર વડે મનોહર, ડોલર વિગેરે પુષ્પોની માળાઓ વડે વ્યાપ્ત, દેદિપ્યમાન, તથા સુવર્ણના કળશ જેવા તેમના સ્તન પુષ્ટ અને ગોળાકાર હતા. યથાસ્થાને સ્થાપેલા મરકતનાં પાનાં અને દૃષ્ટિને આકર્ષણ કરે એવા મોતીઓના ગુચ્છાથી ઉજ્વળ દીસતા હારો પરમ મનોહર લાગતા હતા. હૃદય ઉપર પડેલી સોનૈયાની માળા વડે શોભતો કંઠ અને એ કંઠમાં રહેલો રત્નમય દોરો શોભનતામાં અનેરો ઉમેરો કરતો હતો.

---

* મસ્તક કંઠ, હાથ વિગેરે ઉપર પહેરવાનાં ઘરેણાં આભરણ કહેવાય અને આંગળી વિગેરે ઉપાંગો ઉપર પહેરવાનાં ઘરેણાં આભૂષણ કહેવાય.

વળી, એ દેવી કેવી છે ? બન્ને ખભાઓ ઉપર લટકતા બે કુંડલોની ઉલ્લસાયમાન શોભાયુક્ત અને સમીચીન છે કાંતિ જેમાં એવા પ્રકારના દિપ્તિસ્વરૂપ ગુણસમુહ વડે તે શોભતી હતી. રાજા જેમ પોતાના સેવકો વડે શોભે, તેમ મુખરૂપ રાજાનો જાણે સેવકસમુહ હોય; તેવા પ્રકારના દીપ્તિ લક્ષણ અને ગુણ સમુહ વડે તેમનું વદન શોભતું હતું. તેમનાં લોચન કમળ જેવાં નિર્મળ, વિશાળ અને રમણીય હતાં. તેમના દેદિપ્યમાન બન્ને હાથમાં રહેલા કમળમાંથી મકરંદના બિંદુઓ ટપકતા હતા. જો કે દેવતાઓને પરસેવો નથી હોતો, છતાં માત્ર ક્રીડાની ખાતર પવન લેવા કંપાવેલો–ફરકાવેલો વીંઝણો અતિ મનોહર લાગતો હતો. તેમજ તેમનો કેશકલાપ સમ્યક્ પ્રકારે છૂટા છૂટા વાળવાળો, શ્યામ વર્ણવાળો, સઘન અને બારીક હતો. એવી રીતે પદ્મસરોવરમાં ઉગેલા ઉક્ત સ્વરૂપવાળા કમળ ઉપર નિવાસ કરનારી, ઐશ્વર્યાદિ ગુણયુક્ત અને હિમવાન પર્વતના શીખર ઉપર દિગ્ગજેન્દ્રોની લાંબી અને પુષ્ટ સુંઢ વડે જેનો અભિષેક થઇ રહ્યો છે એવી લક્ષ્મીદેવીને ત્રિશલા ક્ષત્રિયાણી ચોથા સ્વપ્નમાં જુએ છે.

તૃતીય વ્યાખ્યાન

સ્વપ્નદર્શન (ચાલુ)

પાંચમું સ્વપ્ન–પુષ્પમાળ

પાંચમા સ્વપ્નમાં ત્રિશલા ક્ષત્રિયાણીએ, કલ્પવૃક્ષનાં તાજાં અને સરસ ફુલોવાળી ચોમેર સુગંધ પ્રસરાવતી રમણીય માળા આકાશમાંથી નીચે ઉતરતી જોઇ. તેમાંથી ચંપાના, અશોકના, પુન્નાગના, નાગકેસરના, પ્રિયંગુના, શિરીષના, મોગરાના, મલ્લિકાના, જાઇના, જુઈના, અંકોલના, કોજના, કોરિંટના, ડમરાના, નવમાલિકાના, બકુલના, તિલકના, વાસંતિકાના, સૂર્યવિકાસી કમળના, ચંદ્રવિકાસી કમળના, ગુલાબના, મચકુંદના અને માધવી લતાના પુષ્પોની તેમજ આંબાની મંજરીની સુગંધ છુટતી હતી. એ અનુપમ અને મનોહર સુવાસથી દશે દિશાઓ છવાઇ જતી હતી. સર્વ ઋતુઓના સુગંધી પુષ્પો તેમાં ગુંથાએલા હોવાથી જાણે કોઈ ચિતારાએ વિવિધ રંગથી પટપર માળા ચિતરેલી હોય એવો ભાસ થતો હતો. વચમાં વચમાં સફેદ ફુલની સાથે દેદીપ્યમાન અને રમણીય લાલ–પીળા રંગના વિવિધ રંગી પુષ્પો પણ પરોવવામાં આવ્યાં હતાં. માળામાંથી છૂટતી મનમોહક સુવાસને લીધે, ચારે તરફથી આકર્ષાઇ આવેલાં ભ્રમરાઓ અને ભ્રમરીનો સમુહ, માળાની આસપાસ ફરતો, કર્ણને પ્રિય લાગે તેવો ગુંજારવ કરતો હતો.

છઠ્ઠું સ્વપ્ન–ચન્દ્રદર્શન

છઠ્ઠા સ્વપ્નને વિષે ત્રિશલા માતાએ ચન્દ્રનાં દર્શન કર્યાં.

તે ચંદ્ર ગાયના દૂધ, ફીણ, પાણીનાં કણ અને રૂપાના કળશ જેવો સફેદ હતો. વળી તે લોકોનાં હૃદયને શાંતિ અને પ્રીતિ પમાડનાર, સોળે કળાએ સંપૂર્ણ, ગંભીર વનની સઘન ઝાડીના અંધકારને પળમાત્રમાં દૂર કરનાર, માસ-વર્ષ વિગેરે પ્રમાણને કરનાર-શુકલ પક્ષના પખવાડીયામાં રહેલી પૂર્ણિમાને પોતાની કળાઓવડે શોભાવનાર, કુમુદવનને વિકસ્વર કરનાર, રાત્રિને શોભાવનાર, રાખ વિગેરેથી સારી રીતે માંજી સ્વચ્છ-ઉજ્જવલ બનાવેલા અરીસા જેવો, હંસ સમા ઉજ્વલ વર્ણવાળો, ગ્રહ-નક્ષત્ર-તારા વિગેરેનો આગેવાન, અંધકારનો શત્રુ અને કામદેવના ભાથા જેવો હતો. જેમ ધનુર્ધારી પુરૂષ બાણનું ભાથું મેળવી, તેમાંથી બાણો છોડી મૃગાદિ પ્રાણીઓને હણે તેમ કામદેવ પણ ચન્દ્રનો ઉદય પામી, કામબાણવડે લોકોને વ્યાકૂળ બનાવે છે; એટલે કે ચંદ્રનો ઉદય થતાં કામદેવ કામી સ્રીપુરૂષોને સતાવે છે. વળી જે ચન્દ્ર સમુદ્રમાં હંમેશા ભરતી લાવે છે, પોતાના પ્રાણવલ્લભ ભર્ત્તારના વિયોગથી વ્યગ્ર બનેલી વિરહિણીઓને પોતાના કિરણોથી ગમગીન બનાવે છે, જેનું સૌમ્ય અને રમણીય સ્વરૂપ સર્વવિદિત છે, અને જે ચંદ્ર આકાશમંડળનું જાણે વિસ્તીર્ણ, સૌમ્ય અને ચલન સ્વભાવ તિલક ન હોય એવો લાગે છે, તેમજ જે પોતાની પત્ની-રોહિણીના ચિત્તને હરનાર અર્થાત ભર્ત્તાર સમો* ચાંદનીવડે શોભી રહ્યો હતો તેવા સંપૂર્ણ ચંદ્રના ત્રિશલા દેવીએ છઠ્ઠા સ્વપ્નમાં દર્શન કર્યાં.

સાતમું સ્વપ્ન-સૂર્યદર્શન

સાતમા સ્વપ્નમાં ત્રિશલા ક્ષત્રિયાણીએ અંધકારના સમુ-

---

* રોહિણી એક નક્ષત્ર છે. સિદ્ધાંતમાં ચન્દ્ર અને નક્ષત્રનો સંબંધ સ્વામી-સેવક જેવો કહ્યો છે. અહીં રોહિણીને પત્ની કલ્પવામાં કવિનો કલ્પનાવિલાસ જ સમજવો.

હનો નાશ કરનાર અને પ્રકાશથી ઝળહળતા સૂર્યનાં દર્શન કર્યાં. જો કે સૂર્યમંડળમાં રહેલા બાદર પૃથ્વીકાયના જીવો તો સ્વભાવથી શીતળ હોય છે, પણ આતપ નામકર્મના ઉદયથી તેજને લીધે જાજ્વલ્યમાન લાગે છે. એ સૂર્યનો રંગ લાલ અશોકવૃક્ષ, પ્રફુલ્લિત થયેલ કેસુડો, પોપટની ચાંચ અને ચણોઠીના અર્ધ ભાગ જેવો લાલચોળ લાગતો હતો. વળી તે કમળવનને વિકાસલક્ષ્મીવડે વિભૂષિત કરનારો, મેષ વિગેરે રાશિમાં સંક્રમણાદિ વડે જ્યોતિષચક્રનું લક્ષણ જણાવનારો, આકાશને અજવાળનાર દીપક સમો, હિમસમુહને ગળેથી પકડી કાઢી મૂકનાર, ગ્રહોના સમુદાયનો સ્વામી, રાત્રિનો અંત આણનાર, ઉદય અને અસ્ત સમે મુહુર્ત્તપર્યંત સૌમ્યભાવ ધારણ કરનાર, અને બાકીના વખતે ઉગ્ર સ્વરૂપવાળો, રાત્રીને વિષે ચોરી–જારી વિગેરે કુકર્મો કરવા ફરનાર સ્વેચ્છાચારી અને દુરાચારીઓને અટકાવનાર, ઠંડીના વેગને પોતાના તાપથી દૂર કરનાર, મેરૂ પર્વતની આસપાસ સતત્ પ્રદક્ષિણા આપનાર, વિસ્તીર્ણ મંડળવાળો, પ્રકાશિત ચંદ્ર તથા તારા વિગેરેની શોભાનો ક્ષણમાત્રમાં પોતાનાં સહસ્ર કીરણોવડે નાશ કરનાર હતો.

અહિં સૂર્યના જે એક હજાર કિરણો કહેવામાં આવ્યા છે તે ફક્ત લોકરૂઢીથી કહ્યા છે. બાકી કાલવિશેષની (ઋતુઓની) અપેક્ષાએ સૂર્યનાં કિરણો અધિક પણ હોય છે. દાખલા તરીકે–ચૈત્ર માસમાં સૂર્યનાં બારસો કિરણો હોય છે, વૈશાકમાં તેરસો, જેઠમાં ચૌદશો અને શ્રાવણ ભાદરવામાં પણ તેટલાંજ હોય છે. અષાડ માસમાં પંદરસો, અને આસો માસમાં સોળસો હોય છે. કાર્ત્તિકમાં અગીયારસો, માગશરમાં એક હજારને પચાસ, પોષમાં એક હજાર, મહા માસમાં અગીયારસો અને ફાગણમાં એક હજાર ને પચાસ કીરણો હોય છે.

આઠમું સ્વપ્ન—સુવર્ણમય ધ્વજદંડ

આઠમા સ્વપ્નમાં ત્રિશલા ક્ષત્રિયાણીએ ઉત્તમ જાતિના સુવર્ણમય દંડ ઉપર ફરકતી ધજા જોઇ. તે ધજામાં લીલા, કાળા, લાલ, પીળા અને સફેદ વર્ણવાળા, રમણીય, સુકોમળ જથ્થાબંધ મોરપીંછ, વાયુના હિલ્લોલથી ફરફરતાં હતાં. એ મોરપીંછ જાણે કે ધ્વજના કેશ હોય એવાજ લાગતાં હતાં. મનુષ્યના મસ્તક ઉપર કેશનો ચોટલો શોભે તેવી રીતે આ ધ્વજ ઉપર કેશને બદલે મોરપીંછનો ગુચ્છો શોભતો હતો. ધ્વજ ખરેખર ઘણો સુંદર હતો. તેના ઉપલા ભાગમાં સ્ફટિકરત્ન, શંખ, અંકરત્ન, મચકુંદ પુષ્પ, પાણીનાં કણ અને રૂપાના કલશ જેવો શ્વેત એક સિંહ ચીતરેલો હતો. અને તે પણ પોતાના સ્વાભાવિક સૌંદર્ય વડે ઘણો રમણીય લાગતો હતો. વાયરાના તરંગને લીધે ધ્વજાની સાથે તેમાં રહેલો સિંહ પણ જાણે કે ઉછળી ઉછળીને આકાશતળને ફોડી નાખવા મથતો હોય તેવો ભાસ થતો હતો. આવી રીતે સુખકારક મંદ મંદ પવનને લીધે ચલાયમાન થતા, અતિશય મ્હોટા અને મનોહર રૂપવાળા ધ્વજને ત્રિશલા ક્ષત્રિયાણીએ આઠમા સ્વપ્નમાં પ્રત્યક્ષ કર્યો.

નવમું સ્વપ્ન—જળપૂર્ણ કુંભ

નવમા સ્વપ્નને વિષે ત્રિશલા ક્ષત્રિયાણી પાણીથી સંપૂર્ણ ભરેલો કુંભ નીરખે છે. તે કલશ અતિ ઉત્તમ પ્રકારના સુવર્ણ સમ અતિ નિર્મળ અને દીપ્તિમાન હતો. તેમાં સંપૂર્ણ જળ ભરેલું હોવાથી કલ્યાણને સૂચવતો હતો. તેની કાંતિ પ્રકાશતી હતી, તેની ચારે તરફ કમળનાં પુષ્પો વીંટળાયેલાં હતાં, અને તેથી જાણે કે સઘળા પ્રકારના મંગળનું એક સંકેતસ્થાન હોય તેવો તે દીસતો હતો. ઉત્તમોત્તમ રત્નો વડે અતિશય શોભતા કમળ ઉપર તે સ્થ-

પાયેલો હતો, નેત્રને જોતાં જ ગમી જાય તેવો હતો. તેના પ્રકાશથી દિશાઓ પણ દીપી નીકળી હતી. જાણે કે ઉત્તમ સંપત્તિનું નિવાસસ્થાન હોય અને સર્વ પ્રકારના અમંગળથી રહિત હોય, તેવો તે કલ્યાણકારી, તેજસ્વી અને ધર્મ, અર્થ તથા કામરૂપ ત્રિવર્ગ સંપત્તિના આગમનને સૂચવતો હતો. વળી સર્વ ઋતુઓમાં થતાં સુગંધી પુષ્પોની માળા કંઠમાં ઝૂલતી હતી. આ પ્રકારના સંપૂર્ણ ભરેલા રૂપાના કળશને ત્રિશલા ક્ષત્રિયાણીએ નવમા સ્વપ્નમાં નિહાળ્યો.

દસમું સ્વપ્ન-પદ્મ સરોવર

દસમા સ્વપ્નને વિષે ત્રિશલા ક્ષત્રિયાણીએ પદ્મ સરોવર જોયું. આ સરોવરમાં, ઉગતા સૂર્યના કિરણોથી ઉઘડેલા સહસ્ર પાંખડીવાળાં કમળોની સુવાસ સર્વત્ર પથરાઇ રહી હતી અને એ સુવાસને લીધે સરોવરનું પાણી પણ સુગંધમય બની ગયું હતું. પાણીનો રંગ સ્હેજ પીળો તથા સ્હેજ રતાશ પડતો હતો. સરોવરની આસપાસ અનેક જળચર પ્રાણીઓ અને માછલાંઓ કલ્લોલ કરતાં હતાં. એ મહાન્ સરોવરમાં સૂર્યવિકાસી તથા ચંદ્રવિકાસી કમળો ઉપરાંત રાતા અને શ્વેત મોટાં કમળ પણ એટલાં બધાં હતાં અને તેની કાંતિ એટલી બધી પથરાઈ જતી હતી કે આખું સરોવર તેજથી ઝળહળતું હતું. હર્ષિત અંતઃકરણવાળા ભમરા અને મદોન્મત્ત બનેલી ભમરીઓ, એ રમણીય સરોવરમાં ખીલેલા કમળોનું આસ્વાદન લઈ રહ્યાં હતાં. આવા સુંદર અને ભવ્ય સ્થાનની પ્રાપ્તિથી ગર્વિત બનેલા કલહંસ, બગલાં, ચકવા, રાજહંસ અને સારસ ઇત્યાદિ પક્ષીઓ અને તેમનાં જોડલાંઓ સરોવરના નિર્મળ જળનો સુખેથી ઉપભોગ કરી રહ્યાં હતાં. કમલિનીનાં પાંદડાં પર પડેલાં જળબિંદુઓ સરોવરના

આભુષણો જેવા લાગતાં હતાં અને કમલિનીનાં પાંદડાં નીલરત્ન જેવા ઓપતાં હતાં; બન્નેનો સંયોગ જાણે નીલરત્નમાં ઘણાં મોતી જડ્યાં હોય એવો લાગતો હતો. આવું આભૂષણયુક્ત પદ્મ સરોવર કોને આશ્ચર્યકારક ન લાગે ? એવી રીતે હૃદય અને નેત્રને વ્હાલું લાગે તેવું અને સરોવરોને વિષે પૂજનીય તેમજ રમણીય પદ્મ સરોવર ત્રિશલા ક્ષત્રિયાણીએ દસમા સ્વપ્નમાં જોયું.

અગીયારમું સ્વપ્ન–ક્ષીરસમુદ્ર

અગીયારમા સ્વપ્નને વિષે ત્રિશલા ક્ષત્રિયાણીએ, ક્ષીરસમુદ્ર જોયો. એ સમુદ્રના મધ્ય ભાગની ઉજ્જ્વળતા ચન્દ્રનાં કીરણ સાથે સરખાવી શકાય. ચારે દિશામાં તેનો અગાધ જળપ્રવાહ વિસ્તરી રહ્યો હતો. તેમાં અતિશય ચંચળ અને ઘણા ઉંચા મોજાઓ ઉછળતાં હતાં. સખ્ત પવનના આઘાતથી ચલિત થતા તરંગો ચપળતાપૂર્વક ધસી રહ્યા હતા. અને તેની તરંગભંગ લીલા સરસ નૃત્યકળા જેવી લાગતી હતી. તેની સ્વચ્છ અને ઉછાળા મારતી ઊર્મીઓ, જાણે અતિશય ક્ષોભ પામી હોય તેમ ચારે બાજુ અથડાતી હતી અને તેથી એ દેખાવ ઘણો સુંદર લાગતો હતો. આવા રીતના તરંગો, ભંગો અને ઉર્મિઓ વડે કાંઠા તરફ ધસતા અને પાછા ફરતા જળપ્રવાહને જોવાથી કોને પ્રેમ ન ઉપજે ? મોટા મગરમચ્છ, માછલાં, તિમિ નામના સામાન્ય મચ્છ, તિમિંગલ નામના મોટા મચ્છ, નિરૂદ્ધ અને તિલિતિલક વિગેરે જૂદી જૂદી જાતના જળચર જીવોના પુચ્છના આઘાતથી કપૂર જેવું સફેદ ફીણ સપાટી પર વિસ્તરી રહ્યું હતું. મોટી મોટી નદીઓના જોસભેર વહી આવતા પ્રવાહને લીધે જે ભમરીઓ અને ગંગાવર્ત્ત ઉદ્‌ભવતા હતા તેને લીધે પાણી આકૂળ–વ્યાકૂળ થતું હોય અને અન્ય સ્થળે નાસી જવાનો

માર્ગ ન જડવાથી ઉંચે ઉછાળા મારતું અને પાછું ત્યાં જ પછાડા મારતું હોય એમ લાગતું. એને લીધે ચપળ પાણી ચક્રના જેવું સ્વરૂપ ધારણ કરતું. આવા પ્રકારના ક્ષીરસમુદ્રને, શરદ ઋતુના ચન્દ્ર સમા સૌમ્ય મુખવાળી ત્રિશલા ક્ષત્રિયાણીએ અગીયારમે સ્વપ્ને નિહાળ્યો.

બારમું સ્વપ્ન–વિમાન

ત્યારપછી બારમે સ્વપ્ને ત્રિશલા ક્ષત્રિયાણીએ વિમાનનું દર્શન કર્યું. નવા ઉગતા સૂર્યના બિંબ જેવી તે વિમાનની કાંતિ અને તેજસ્વિતા હતી. ઉંચી જાતના સુવર્ણ અને મહામણિઓ વડે રચાયેલા તેના એક હજારને આઠ સ્તંભ મનોહર લાગતા હતા. એ વિમાનને લીધે આખું આકાશ દીપી નીકળતું હતું. સોનાના પતરામાં લટકતા મોતીઓ, તેની સ્વાભાવિક શોભામાં ઉમેરો કરતાં હતાં. વિમાનમાં દિવ્ય પુષ્પમાળાઓ લટકતી હતી. તેની ઉપર વરૂ, વૃષભ, ઘોડા, મનુષ્ય, મગરમચ્છ, પંખી, સર્પ, કિન્નર-દેવ, રૂરૂ જાતિના મૃગ, અષ્ટાપદ નામના જંગલના પશુ, ચમરી ગાય, સંસક્ત નામના શિકારી પશુ, હાથી, અશોકલતાઓ જેવી વનલતાઓ અને પદ્મલતા–કમલિનીઓ વિગેરેનાં મનોહર ચિત્રો આલેખાયેલાં હોવાથી આશ્ચર્યકારક લાગતું હતું. તેની અંદરથી મધુર સ્વરે ગવાતા ગાયનો અને વાજીંત્રોના નાદથી વાતાવરણમાં સર્વત્ર સંપૂર્ણતા પથરાઇ જતી હતી. જલથી ભરેલા ઘટાટોપ મેઘ જેવી ગર્જના દેવદુંદુભિમાંથી નીકળતી હતી અને તેથી સકળ જીવલોક શબ્દથી ભરચક થઇ જતો હતો. વળી તે વિમાનમાંથી કાળો અગરૂ, ઉંચી જાતનો કિંદુ, સેલારસ, દશાંગાદિ ધૂપ વિગેરે સુગંધી દ્રવ્યોની ઉત્તમ બહેક નીકળતી હતી. નિત્ય આલોકમય, અને શ્વેત રંગનું આ ઉજવળ વિમાન દેવતાઓથી

અધિક શોભતું હતું. તેમાં હંમેશા શાતાવેદનીય કર્મનોજ ઉપભોગ હોય. બીજા કમળ કરતાં સફેદ કમળ અતિ ઉત્તમ ગણાય છે તેમ બીજાં ઉત્તમ વિમાનો કરતાં પણ આ વિમાન અતિ ઉત્તમ હતું.

તેરમું સ્વપ્ન—રત્નરાશિ

તેરમે સ્વપ્ને ત્રિશલા ક્ષત્રિયાણીએ રત્નોનો ઢગલો જોયો. તેમાં પુલકરત્ન, વજ્રરત્ન, ઈન્દ્રનીલ રત્ન, (નીલમ–પન્ના) સસ્યક રત્ન, કર્કેતન રત્ન, લોહિતાક્ષ રત્ન, મરકત રત્ન, મસાર ગલ્લ રત્ન, પરવાળા, સ્ફટિક રત્ન, સોગન્ધિક રત્ન, હંસગર્ભ રત્ન, શ્યામ કાંતિવાળા અંજન નામના રત્ન, અને ચંદ્રકાંત મણિ વિગેરે ભિન્ન ભિન્ન જાતનાં રત્નો હતાં. જો કે તે રત્નરાશી પૃથ્વી તલ ઉપર હતો છતાં આકાશના શિખરને પણ પોતાની કાંતિ વડે દીપાવી રહ્યો હતો. આ રીતનો મેરૂ પર્વત જેવો ઉંચો રત્નરાશિ ત્રિશલા ક્ષત્રિયાણીએ તેરમા સ્વપ્નમાં નિહાળ્યો.

ચૌદમું સ્વપ્ન–નિર્ધૂમ અગ્નિ

ચૌદમે સ્વપ્ને ત્રિશલા ક્ષત્રિયાણીએ અગ્નિ જોયો. એ વિસ્તારવાળા અગ્નિમાં સ્વચ્છ ઘી અને પીળું મધ સીંચાતું હોવાથી તે ધૂમાડા વગરનો અને ધગધગતો હતો. તેમાંથી ઉજ્જવળ અને મનોહર જવાળાઓ નીકળતી હતી. કોઇ જવાળા ન્હાની તો કોઈ મોટી એમ જવાળાઓનો સમુહ પરસ્પરને સંકળાઈ રહ્યો હતો. એક જવાળા ઉંચી તો બીજી તેનાથીય ઉંચી અને ત્રીજી સો કરતાં ઉંચે જવા સ્પર્ધા કરતી હોય એમ લાગતું. ન્હાની–મ્હોટી સર્વ જવાળાઓ પરસ્પરમાં હરિફાઇ કરતી, અગ્નિમાં પ્રવેશ કરવા મથતી હતી. એ જવાળાઓ પૃથ્વી ઉપર રહી રહી જાણે કે

આકાશના કોઈ એક પ્રદેશને પકડવા પ્રયત્ન કરી રહી હોયની! આ પ્રમાણે અતિશય વેગ વડે ચંચળ લાગતો અગ્નિ ત્રિશલા ક્ષત્રિયાણીએ ચૌદમા સ્વપ્નમાં જોયો.

આવા પ્રકારના કલ્યાણના હેતુરૂપ, કીર્તિયુકત અને દર્શન માત્રથી પણ પ્રીતિને ઉપજાવે તેવાં સુંદર સ્વપ્ન જોઈને, કમળ જેવાં નેત્રવાળી અને હર્ષવડે રોમાંચિત શરીરવાળી તે ત્રિશલા ક્ષત્રિયાણી જાગી.

જ્યારે જીનેશ્વરો માતાના ગર્ભમાં આવે છે ત્યારે આ ચૌદ મહાસ્વપ્નોને જિનેશ્વરોની માતાઓ અવશ્ય દેખે છે.

સિદ્ધાર્થ ક્ષત્રિયને નિવેદન

સ્વપ્નદર્શનથી વિસ્મય. પામેલી, સંતુષ્ઠ થયેલી, હર્ષોલ્લાસવાળી ત્રિશલા ક્ષત્રિયાણી સ્વપ્નોનું સ્મરણ કરવા લાગી. તેની રોમરાજી, મેઘની ધારાથી સીંચાયેલા કદંબ પુષ્પની જેમ વિકસિત થઇ રહી. ત્યારપછી તે ઉઠી અને પાદપીઠથી નીચે ઉતરી. કોઇપણ જાતની માનસિક વ્યગ્રતા વિના, શારીરિક ચપળતા વિના, સ્ખલના રહિત, અને વિલંબ વગર, રાજહંસની ગતિથી તે સિદ્ધાર્થ ક્ષત્રિયની શય્યા પાસે આવી. આવીને પોતાની વિશિષ્ટ ગુણવાળી વાણી વડે સિદ્ધાર્થને જગાડ્યા. વિશિષ્ટ ગુણવાળી વાણી એટલે જે વાણી ઈષ્ટ હોય, જેને સાંભળવાની હંમેશાં ઈચ્છા રહ્યા કરે, કોઈને દ્વેષ ન આવે, મનને વિનોદ આપે, સુંદરતાને લીધે દીલમાં વસી જાય, જેમાં સુંદર ધ્વનિ, મનોહર વર્ણ અને સ્પષ્ટ ઉચ્ચાર રહેલાં હોય, સમૃદ્ધિને વધારનાર, ઉપદ્રવોનો નાશ કરનાર, ધનને પ્રાપ્ત કરાવનાર, માંગલિક, અલંકારમય, સાંભળતાની સાથેજ અર્થ સમજાય તેવી, હૃદયને આલ્હાદ આપનારી, જેમાં

વર્ણો, પદો તથા વાક્યો થોડાં હોય પણ ઘણો અર્થ નીકળે એવી, કર્ણમધુર, અને લાલિત્યભરી હોય તે વિશિષ્ટ ગુણવાળી ગણાય.

ત્યારપછી સિદ્ધાર્થ રાજાની આજ્ઞાથી ત્રિશલા ક્ષત્રિયાણી રત્નમણીથી શોભતા સિંહાસન ઉપર બેઠાં. પોતાના શ્રમ અને ક્ષોભને દૂર કરી સુખ સમાધિ પૂર્વક પોતાની સ્વાભાવિક મધુર, કોમળ, લલિત અને ભાવભરી વાણીમાં કહ્યું કે:–"હે સ્વામી! હું આજે (જેનું વર્ણન પૂર્વે આવી ગયું છે તેવી) મહા પુણ્યશાળી અને ભાગ્યશાળીને યોગ્ય શય્યામાં કંઈક જાગતી અને કંઈક ઉંઘતી હતી, તેવી સ્થિતિમાં ચૌદ મહાસ્વપ્ન દેખી જાગી ઉઠી." હાથી, વૃષભ વિગેરે મહાસ્વપ્નોનું વૃતાન્ત કહી સંભળાવ્યા. પછી સ્વામીને જીજ્ઞાસા કરી કે:–"હે સ્વામી! એ પ્રશસ્ત ચૌદ મહાસ્વપ્નોનાં કલ્યાણકારી ફળ વિશેષ તથા વૃત્તિ વિશેષ સંબંધે આપ શું ધારો છો?"

સિદ્ધાર્થ રાજાની ધારણા

ત્યારપછી તે સિદ્ધાર્થ રાજા, ત્રિશલા ક્ષત્રિયાણીની પાસેથી બધી વાત સાંભળી, અવધારી વિસ્મિત થયો, સંતોષ પામ્યો અને તેની રોમરાજી વિકસિત થઈ. તેણે સ્વપ્નોની ધારણા કરી, તેના અર્થનો વિચાર કર્યો, અને પોતાની સ્વાભાવિક મતિ અને વિજ્ઞાનવડે સ્વપ્નના અર્થનો નિર્ણય કર્યો. પછી પોતાની વિશિષ્ટ ગુણવાળી, કર્ણમધુર, સુંદર અને લલિત વાણીમાં જવાબ આપ્યો કે:–"હે દેવાનુપ્રિયા! તમે જે સ્વપ્ન જોયાં છે તે પ્રશસ્ત, કલ્યાણરૂપ, ઉપદ્રવ હરનારા, ધનના હેતુરૂપ, મંગલરૂપ, શોભાભર્યા, અને આરોગ્ય, સંતોષ, દીર્ઘાયુષ, કલ્યાણ તથા વાંછિત ફળને આપનારાં છે. તેનાથી રત્નસુવર્ણાદિ અર્થનો લાભ થશે, ભોગ પ્રાપ્ત થશે, સુખ મળશે, પુત્રપ્રાપ્તિ થશે, અને રાજ્ય મળશે. હે

દેવાનુપ્રિયા ! એ સ્વપ્નના પ્રભાવે, ખરેખર ! તમને પૂરેપૂરા નવ માસ અને સાડાસાત દિવસ ગયા પછી એક એવો પુત્ર થશે કે જેનાથી આપણું કુળ દીપી નીકળશે, જેનો કોઈ પણ દુશ્મન પરાભવ નહીં કરી શકે, અને જે કુળના મુગટ સમાન તેમજ તિલક સમાન લેખાશે. એટલુંજ નહીં પણ તે કુળનો નિર્વાહ કરનારો, કુળને વિષે સૂર્ય સમાન પ્રકાશ આપનાર, પૃથ્વી પેઠે કુલનો આધાર, કુળની વૃદ્ધિ કરનાર, સર્વ દિશાઓમાં કુલની કીર્ત્તિ પ્રસારનાર, આશ્રયરૂપ હોવાથી વૃક્ષ સમાન પોતાની છત્ર છાયામાં લોકોનું રક્ષણ કરનાર થશે. તેમજ તેના હાથ, પગ સુકોમળ હશે, તેના શરીરની પાંચે ઇન્દ્રિયો સારા લક્ષણયુક્ત અને પરિપૂર્ણ હશે. છત્ર, ચામર વિગેરે ગુણોવડે સહિત તથા મસ તલ વિગેરે વ્યંજનોના ગુણસહિત હશે. તે પોતાના માન, ઉન્માન અને પ્રમાણ વડે સર્વાંગસુંદર, ચંદ્રમાની પેઠે સૌમ્ય આકૃતિયુક્ત, મનોહર તથા પ્રિયદર્શન હશે. એ પ્રકારના સુંદર સ્વરૂપવાળા પુત્રને તમે જન્મ આપશો.

"તે પુત્ર પોતાનું બાળપણું છોડીને જ્યારે આઠ વર્ષનો થશે ત્યારે તેને સઘળું વિજ્ઞાન પરિણમશે. પછી અનુક્રમે યૌવન અવસ્થાને પામશે ત્યારે તે દાન દેવામાં તથા અંગીકાર કરેલા કાર્યનો નિર્વાહ કરવામાં સમર્થ થશે. રણસંગ્રામમાં બહાદુર થશે, પરરાજ્યને આક્રમણ કરવામાં વીરત્વ દાખવશે, મ્હોટી સેના અને વાહનવાળો થશે તેમજ રાજ્યનો સ્વામી–અધિરાજ થશે.

" હે દેવાનુપ્રિયા, તમે જે પ્રશસ્ત સ્વપ્ન જોયાં છે, તે મંગળ અને કલ્યાણ કરનારાં છે." એ રીતે સિદ્ધાર્થ રાજા બે–ત્રણ વાર તેની પ્રશંસા અને અનુમોદના કરવા લાગ્યા.

ત્રિશલા ક્ષત્રિયાણીની પતિશ્રદ્ધા

ત્રિશલા ક્ષત્રિયાણીએ એ અર્થ સાંભળી અવધારીને સંપૂર્ણ હર્ષ, આનંદ અને સંતોષપૂર્વક, બે હાથ જોડી, દસ નખ ભેગા કરી, મસ્તકે આવર્ત્ત કરી, અંજલી જોડી કહ્યું કે:—"હે સ્વામી ! આપનું કહેવું યથાર્થ છે. આપે સ્વપ્નોનું જે ફળ કહ્યું તે તેમજ છે. મને એમાં કોઇ જાતની શંકા નથી. તમારૂં કહેવું અક્ષરશઃ હું સત્ય માનું છું અને હું પણ એમજ ઇચ્છું છું. તમારો કહેલો અર્થ સંપૂર્ણ સત્ય છે."

એમ કહી તે સ્વપ્નાઓનો સારી રીતે અંગીકાર કર્યો અને પોતાના સ્થાને જવાની સિદ્ધાર્થ રાજા પાસે અનુમતિ માગી. પછી પેલા સુવર્ણ-મણિખચિત સિંહાસન ઉપરથી નીચે ઉતરી, પરમ શાંતિ, ગાંભીર્ય અને સ્થિરતાપૂર્વક, રાજહંસની ગતિથી પોતાની શય્યા પાસે આવ્યાં. તેમણે વિચાર્યું કે:— મેં જે સ્વરૂપથી જ સુંદર, શુભફળદાયી અને મંગળકારી સ્વપ્ન જોયાં છે તે બીજાં ખરાબ સ્વપ્નથી નિષ્ફળ ન થાય માટે મારે હવે સૂવું ન જોઈએ. એટલે તેઓ દેવ-ગુરૂ સંબંધી પ્રશસ્ત, મંગળકારી, મનોહર ધર્મકથાઓનું ધ્યાન ધરતા, જાગતા બેસી રહ્યાં. એ રીતે શુભ સ્વપ્નને સંભારી તેનું બરાબર રક્ષણ કર્યું.

ઉત્સવની તૈયારીઓ

સિધ્ધાર્થ ક્ષત્રિયે પ્રભાતકાળ થતાં જ પોતાના કૌટુમ્બિક પુરૂષો એટલે કે સેવકોને બોલાવીને કહ્યું કે:—"હે દેવાનુપ્રિયો ! આજે ઉત્સવનો દિવસ છે, તેથી જલદી બહારના સભામંડપને વિશેષ પ્રકારે વાળી ચોળી સાફ કરાવો, સુગંધી પાણીનો છંટકાવ કરાવો અને છાણ વિગેરેથી લીંપાવીને પવિત્ર બનાવો.

સરસ અને સુગંધી પંચવર્ણી પુષ્પો મંગાવી યોગ્ય સ્થળે ગોઠવાવી સંસ્કારયુક્ત બનાવો. કાળો અગરૂ, ઉંચી જાતનો કિંદરૂ, સેલારસ અને દશાંગધુપ વિગેરે પ્રકટાવી ચોતરફ પવિત્રતા અને સુવાસ ફેલાવરાવો, સરસ સુગંધવાળા ચુર્ણોની એક ગોળી બનાવી હોય અને તેમાંથી જે સુવાસ છૂટે, તેવીજ રીતે સભાસ્થાનને પણ સુગંધીમય બનાવી–બનાવરાવી, ત્યાં આગળ સિંહાસન સ્થાપન કરાવો, અને એ બધી તૈયારીઓ થઈ જાય એટલે આવીને મને સમાચાર આપો.”

સિદ્ધાર્થ રાજાની આજ્ઞા પામવાથી કૌટુમ્બિક પુરૂષોને પણ ભારે આનંદ તથા સંતોષ થયો. તેમણે બે હાથ જોડી, મસ્તકે અંજલી જોડી આજ્ઞાનાં વચનોનો વિનયપૂર્વક સ્વીકાર કર્યો અને ત્યાંથી વિદાય થયા. પછી તેમણે સભામંડપવાળા સ્થળે જઈને એકદમ સુગંધી પાણી વિગેરે છંટાવીને પવિત્ર કર્યું અને સિંહાસન સ્થાપી, સિધ્ધાર્થ ક્ષત્રીય પાસે આવી સવિનય નિવેદન કર્યું કે—“આપની આજ્ઞાનુસાર બધું થઇ ગયું છે.”

એટલામાં પ્રભાતકાળ થયો. પદ્મપત્ર અને કમળને વિકસાવનાર પ્રભાતનો સૂર્ય આકાશમાં પ્રકટ્યો. લાલ અશોકવૃક્ષની પ્રભા જેવી કાંતિ પૃથ્વી ઉપર ઉતરવા લાગી. ગગનપટમાં કેસુડાનાં પુષ્પ, પોપટની ચાંચ, ચણોઠીની લાલાશ, બપોરીયાનાં ફુલ, પારેવાના પગ અને નેત્ર, કોપિત થયેલી કોયલના અતિશય લાલ નેત્ર, જાસૂના પુષ્પસમુહ અને હિંગળોકના ઢગલા જેવી રકતપ્રભા વિસ્તરી. તેની કાંતિથી પૃથ્વી પરના તમામ પદાર્થો રમણીય બની ગયાં, પદ્મહૃદ અને કમળવન વિકસ્યા. એ સહસ્ર કિરણવાળા દિનકરે જોતજોતામાં જ રાત્રીના અંધકારને હાંકી કાઢયો, દેદિપ્યમાન દિવસની સ્થાપના કરી અને ઉદય પામતા સૂર્યના કુંકુમ જેવા નવા તાપે મનુષ્યલોકને પિંજરાવર્ણનો બનાવ્યો હોય તેવો ભાસ

થવા લાગ્યો; અર્થાત્ સૂર્યોદય થતાં સિદ્ધાર્થ રાજા શય્યામાંથી ઉઠ્યા. પછી શય્યામાંથી ઉતરવામાટે મૂકેલા પાદપીઠ ઉપર પગ મૂકી નીચે ઉતર્યા, અને કસરતશાળામા પ્રવેશ કર્યો.

સિધ્ધાર્થ ક્ષત્રિયની કસરતશાળા

આ કસરતશાળામાં વ્યાયામનાં અનેક સાધનો હતાં. બાણ ફેંકવા વિગેરે શસ્ત્રોની કવાયત, મુદ્‌ગલાદિ ફેરવવાનો અભ્યાસ, લાકડાની ઘોડી વિગેરેને ટપી જવું, ઉઠ-બેસ કરવી, પરસ્પરના હાથ વિગેરે અંગોને ખોડવા, મલ્લયુધ્ધ, શરીરનાં અંગોપાંગો વાળવાં, દંડ પીલવા વિગેરે વિવિધ જાતની કસરત કરવાથી જ્યારે ખૂબ શ્રમ થયો ત્યારે સિધ્ધાર્થ રાજાએ કુશળ પુરૂષો પાસે પુષ્ટિકારક તેલનું મર્દન કરાવવાનો આરંભ કર્યો.

તેલ, તેલનું મર્દન

એ તેલના બે પ્રકાર છે. (૧) શતપાક તેલ અને (૨) સહસ્રપાક તેલ. ભિન્ન ભિન્ન ઔષધિઓના રસ વડે સો વાર પકાવેલું હોય અને જેને પકવતાં સો સોનામ્હોરનો ખર્ચ થાય તે શતપાક તેલ કહેવાય અને હજાર વાર પકાવેલું હોય તથા જેની પાછળ હજાર સોનામ્હોરનો ખર્ચ થાય તે સહસ્રપાક તેલ કહેવાય. આવા પ્રકારના સુંગધી અને ઉત્તમ પ્રકારના તેલ ચોળાવી સિધ્ધાર્થ ક્ષત્રિયે ખુબ મર્દન કરાવ્યું.

તેલમર્દનના ગુણ

તેલના મર્દનથી રસ, રૂધિર વિગેરે ધાતુઓની સમતા થાય છે, જઠરાગ્નિને પ્રદિપ્ત કરે છે, કામની વૃદ્ધિ કરે છે, માંસને પુષ્ટ બનાવે છે, બળ આપે છે, અને સર્વ ઇન્દ્રિયો તથા ગાત્રોને મજબૂત બનાવે છે.

તેલમર્દન અને ચંપી કરનારા ઉસ્તાદો

ઉપર કહ્યા તેવા તેલથી મર્દન કરાવ્યા પછી, તેલચર્મ ઉપર બેસી, ઉસ્તાદો પાસે ચંપી કરાવી, જેથી તેમનો કસરતનો બધો થાક ઉતરી ગયો. ચંપી કરનાર અને તેલમર્દન કરનાર ઉસ્તાદો પોતાના વિષયમાં ઘણા વિચક્ષણ હતા, તેમનાં હાથ પગ ખોડ-ખાંપણ વગરના તથા હાથ-પગનાં તળીયાં અતિશય સુકોમળ હતાં. તેલનું મર્દન કરવામાં જ એકલા કૂશળ નહીં, પણ શરીરમાં પ્રવેશેલા તેજ તેલને શરીરમાંથી બ્હાર કાઢવામાં પણ તેટલાજ કૂશળ હતા; અર્થાત્ અંગ ઉપરની તેલની ચીકાશને સાફ કરી નાખવામાં મ્હાવરાવાળા હતા. વળી તેઓ અવસરના જાણકાર, પોતાના કાર્યમાં વિલંબ નહીં કરનાર, બોલવામાં ચતુર, વિનયવાળા, મર્દન કરનારા ઉસ્તાદોમાં અગ્રગણ્ય, નવી નવી કળાઓ ગ્રહણ કરવામાં અપુર્વ શકિતવાળા અને પરિશ્રમને જીતનારા—મર્દન કે ચંપી કરતાં થાકી ન જાય તેવા હતા.

ચંપીના ગુણ

ચંપીથી શરીરના હાડકાંઓને સુખ ઉપજે છે, માંસને સુખ મળે છે, શરીરની ચામડીને પણ આરામ મળે છે અને રોમે રોમમાં સુખ પ્રસરે છે. એ પ્રકારની ચંપી તથા તેલમર્દન પામેલા સિધ્ધાર્થ રાજા કસરતશાળામાંથી બ્હાર નીકળી સ્નાનાગાર તરફ ગયા અને સ્નાનાગારમાં પ્રવેશ કરી, સ્નાન કરવાના બાજોઠ ઉપર શાંતિથી બેઠા.

સ્નાનમંડપ

સ્નાનમંડપની બારીઓ ઉપર ગુંથેલા મોતીઓ લટકતા હતા. તેનું તળીયું, જૂદી જૂદી જાતના મણિઓ અને રત્નોથી

જડેલું હતું. સ્નાન કરવાનો બાજોઠ પણ એવાજ મણિ અને રત્ન વડે મનોહર રીતે શણગારવામાં આવ્યો હતો. સિધ્ધાર્થ રાજા બાજોઠ ઉપર બેઠા એટલે પેલા કુશળ પુરૂષોએ સ્નાન કરાવ્યું.

સ્નાનનું પાણી

સ્નાનના પાણીમાં પુષ્પોનો રસ સીંચેલો હોવાથી સુગંધમય બન્યું હતું. બીજા ચંદનાદિ સુવાસમય પદાર્થો પણ અંદર મેળવવામાં આવ્યા હતા. તે અગ્નિથી ગરમ કરવામાં આવ્યું હતું. અને તેમાં પવિત્ર તીર્થજળનો તેમજ સ્વાભાવિક નિર્મળ જળનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો. સ્નાન સમયે રક્ષાદિ બહુ પ્રકારનાં સેંકડો કૌતુકો કર્યા બાદ, કલ્યાણકારી પ્રધાન સ્નાનને અંતે, તેમનું શરીર રૂંવાટીવાળા, અતિ કોમળ સ્પર્શવાળા અને સુગંધી લાલ રંગના વસ્ત્ર વડે લૂછી નાખવામાં આવ્યું.

વસ્ત્ર--આભૂષણ

તે પછી તેમણે જરા પણ ફાટ્યા તૂટ્યા વગરનું સ્વચ્છ અને મહા મૂલ્યવાળું દુષ્યરત્નનામનું ઉત્તમોત્તમ વસ્ત્ર ધારણ કર્યું. સરસ-સુગંધી ગોશીર્ષચંદન વડે શરીરે લેપ કર્યો, પુષ્પમાલા નાખી, શરીરને શણગારનારૂં પવિત્ર કુંકુમાદિનું વિલેપન કર્યું અને મણિમય આભૂષણો પહેર્યાં. અઢારસો હાર, નવસરો અને ત્રિસરો હાર યથાસ્થાને અંગ ઉપર ગોઠવ્યા. લંબાયમાન મોતીનું ઝુંબનક ધારણ કર્યું. કમ્મરમાં કંદોરો નાખ્યો. કંઠમાં કંઠો કંઠી વગેરે કંઠના દાગિનાથી તેમનું શરીર દીપી નીકળ્યું. વેઢ-વીંટી આંગળીને શોભાવવા લાગ્યાં. કેશની શોભા વધારનારા પુષ્પના આભરણ યથાસ્થિતપણે ખીલી નીકળ્યાં. હાથમાંના કડાં

અને બાજુબંધથી ભુજાઓ શોભવા લાગી. એક તો પોતાના સ્વાભાવિક સૌંદર્યનો જ કંઈ પાર ન હતો, તેમાં આભૂષણોએ ઉમેરો કર્યો. કાનમાં પહેરેલાં કુંડળોથી તેમનું મુખમંડળ પ્રકાશી નીકળ્યું. મુકુટવડે મસ્તક ભવ્ય ભાસવા લાગ્યું અને હારવડે હૃદય સૌ કોઈના નેત્રને આનંદ આપવા લાગ્યું. રત્નજડિત વીંટીઓથી આંગળી સુવર્ણમય દેખાવા લાગી. એક લાંબો અને લટકતો દુપટ્ટો–ઉત્તરાસંગરૂપે ધારણ કર્યો. આ સુવર્ણ–મણિ–રત્નનાં કાંતિમય અને કિંમતી આભૂષણો ઉત્તમ કારીગરોએ બનાવેલા હોવાથી, તેના સાંધાઓ એવી ચીવટાઈથી અને કુશળતાથી જોડી દેવામાં આવ્યા હતા કે કોઈપણ માણસ તે સાંધા ન પકડી શકે; તેમજ સાંધા પોતે પોતાની મેળે ન ઉઘડી જાય. વીરત્વના ગર્વને સૂચવનારા વીરવલયો જે કેવળ પરાક્રમી પુરૂષો જ પહેરી શકે તે સિદ્ધાર્થ ક્ષત્રિયે પહેર્યાં હતાં. આ બધું રૂપ–સૌંદર્ય જોતાં કોઈને એમજ લાગે કે જેમ કલ્પવૃક્ષ પાંદડાં વિગેરેથી અલંકૃત અને ફૂલ–ફુલાદિથી વિભૂષિત હોય છે, તેમ સિદ્ધાર્થ રાજા પોતે પણ એક કલ્પવૃક્ષ જ છે! કોરિંટ વૃક્ષની પુષ્પમાળાવાળું છત્ર તેના મસ્તક ઉપર વિરાજતું હતું, અને તેની બન્ને બાજુએ સફેદ ચામર વીંઝાતા હતા. તેના દર્શનમાત્રથી લોકો "જય! જય!" ના માંગલિક શબ્દો ઉચ્ચારતા હતા.

સિદ્ધાર્થ રાજાનો સમુદાય

સ્નાનગૃહમાંથી નીકળી પોતાની સાથે ગણનાયકો, (પોતપોતાના સમુદાયના મ્હોટા પુરૂષો) દંડનાયકો, મંડીયા–માંડલિક રાજાઓ, યુવરાજો, મંડળના સ્વામીઓ, કુટુંબના સ્વામીઓ, મંત્રીઓ, મહામંત્રીઓ, જ્યોતિષીઓ, ખજાનાના અધિકારીઓ,

દ્વારપાળો, અમાત્યો, સેવકો, રાજાની લગોલગ બેસનારા પીઠ-મર્દો, (અંગરક્ષક જેવા મિત્રો) નગરમાં નિવાસ કરનારા શહેરીઓ, વ્યાપારીઓ, ચતુરંગી સેનાના સ્વામીઓ, સાર્થવાહો, દૂતો, સંધિપાલકો (એલચીઓ) વિગેરે પુરૂષોથી પરિવરેલો પ્રિયદર્શન સિદ્ધાર્થ રાજા, સફેદ મહામેઘમાંથી નીકળેલા ગ્રહોના સમુદાયવડે શોભી રહેલા ચન્દ્રની પેઠે જનતાને પ્રેમ ઉપજાવતો આગળ ચાલ્યો.

આ વખતે સિદ્ધાર્થ રાજા મનુષ્યોમાં ઇન્દ્ર સમાન હોય તેવો લાગતો. રાજ્યની ધોંસરી ધારણ કરવામાં સમર્થ હોવાથી તેને નરવૃષભની ઉપમા પણ આપી શકાય. તેમજ દુસ્સહ પરાક્રમવાળો હોવાથી નરસિંહ પણ કહી શકાય, તેની મુખમુદ્રા અને અંતિમાં અતિશય રાજતેજની દીપ્તિ ઓપતી હતી.

રાજસભા પ્રવેશ

સ્નાનગૃહમાંથી નીકળી, બ્હાર જ્યાં સભાનું સ્થાન હતું ત્યાં તે પહોંચ્યા. અને સિંહાસન ઉપર પૂર્વદિશા તરફ મુખ કરી વિરાજ્યા. પછી પોતાના ઇશાન ખુણામાં સફેદ વસ્ત્રોવાળા અને મંગળ નિમિત્તે સફેદ સરસવવડે પૂજાએલા આઠ સિંહાસન મંડાવ્યાં. ત્યારબાદ પોતાનાથી બહુ દૂર નહીં તેમ બહુ નજીક નહીં એવી રીતે સભાના અંદરના ભાગમાં કનાત—પડદો બંધાવ્યો.

કનાતની મનોહરતા

કનાતને વિવિધ પ્રકારના મણિ અને રત્નો જડેલાં હોવાથી અતિશય દર્શનીય લાગતી હતી. જ્યાં ઉંચી જાતનાં વસ્ત્રો વણાતાં હતાં ત્યાં જ તે બનાવવામાં આવેલી હોવાથી ભારે કીમતી હતી. બારીક રેશમનો બનાવેલો અને સેંકડો ગુંથણીઓવડે મનને આશ્ચર્ય પમાડનારો તાણો તેમાં ખીલી નીકળતો હતો. વળી

એ કનાત ઉપર અનેક પ્રકારનાં મનોહર અને આશ્ચર્યકારક ચિત્રો આળેખાયેલાં હતાં. વરૂ, વૃષભ, ઘોડા, મનુષ્યો, મગરમચ્છો, પંખીઓ, સર્પો, કિન્નરદેવો, રૂરૂ જાતિના મૃગલાં, અષ્ટાપદ નામના જંગલના પશુઓ, ચમરી ગાયો, હાથીઓ, તેમજ અશોકલતા વિગેરે વનલતાઓ અને પદ્મલતાઓના કળાભરેલાં ચિત્રો તેમાં મુખ્ય હતાં. આ જવનિકા બંધાવવાનો ઉદ્દેશ એજ હતો કે અંદરના ભાગમાં રાણી વિગેરે અંતઃપુરવાસિનીઓ નિરાંતે બેસી શકે.

રાણીનું સિંહાસન

કનાતની અંદર રાણીને બેસવાને માટે એક સિંહાસન ગોઠવવામાં આવ્યું. તેની ઉપર પણ મણિ–રત્નની સુંદર રચના કરવામાં આવી હતી. બેસવાની જગ્યાએ સ્વચ્છ અને કોમળ રેશમી ગાદી બીછાવી તેની ઉપર સફેદ ચાદર પાથરવામાં આવી. એ રીતે તે અતિશય કોમળ અને શરીરને સુખકારી લાગે એવું સિંહાસન ગોઠવાયું.

સ્વપ્ન પાઠકોને આમંત્રણ

પછી પોતાના કૌટુંબિક પુરૂષોને બોલાવી સિદ્ધાર્થ રાજાએ કહ્યું કેઃ—"હે દેવાનુપ્રિય ! તમે જલદી, અષ્ટાંગ નિમિત્ત શાસ્ત્રના પારંગતો, તેના સૂત્ર અને અર્થના સારા જાણકાર તથા વિવિધ પ્રકારના શાસ્ત્રોને વિષે કૂશળ એવા સ્વપ્નપાઠકોને બોલાવો."

નિમિત્તશાસ્ત્રના આઠ અંગ

(૧) અંગવિદ્યા—અંગના ફરકવા વિષે જેમાં વિચાર કરવામાં આવ્યો હોય, અર્થાત્ પુરૂષનું જમણું અને સ્ત્રીનું ડાબું અંગ ફરકે તો સારૂં વિગેરે બાબતો જેમાં હોય તે.

(૨) સ્વપ્ન વિદ્યા—ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ સ્વપ્ન વિષે જેમાં માહીતી હોય તે.

(૩) સ્વર વિદ્યા—ગરૂડ, ઘુવડ, કાગડો, કાકીડો, ગરોળી, દુર્ગા, ભૈરવ, શિયાળ વિગેરેના સ્વરથી થતા શુભાશુભ ફળનો જેમાં વિચાર હોય તે.

(૪) ભૌમવિદ્યા—જેમાં ધરતીકંપ વિગેરે ભૂમિના વિષયોનો વિચાર હોય તે.

(૫) વ્યંજન વિદ્યા—શરીરપરનાં મસ તથા તલ વિગેરે વિષે જેમાં વિચાર હોય તે.

(૬) લક્ષણ વિદ્યા—હાથ પગ વિગેરેની રેખા જોવાનો જેમાં વિચાર હોય તે.

(૭) ઉત્પાત વિદ્યા—ઉલ્કાપાત વિગેરે ઉત્પાતનાં ફળ જેમાં દર્શાવ્યા હોય તે. દાખલા તરીકે ઉલ્કાપાત થાય તો પ્રજાને પીડા થાય, અતિશય તોફાની વાયુ ફુંકાય તો રાજા મૃત્યુ પામે, ધુળનો વરસાદ થાય તો દુકાળ પડે, વિગેરે વિષયોનો જેમાં સમાવેશ હોય તે.

(૮) અંતરિક્ષ વિદ્યા—ગ્રહોના ઉદય-અસ્ત વિગેરેનો જેમાં વિચાર હોય તે.

સ્વપ્નપાઠકોને ત્યાં

સિદ્ધાર્થ રાજાનો આદેશ પામી, કૌટુમ્બિક પુરૂષો ખૂબ આનંદ, સંતોષ અને હર્ષ પામ્યા. તેમણે બે હાથ જોડી, મસ્તકે અંજલી જોડી, "જેવી આપશ્રીની આજ્ઞા" એમ કહી સભામાંથી વિદાય લીધી અને ક્ષત્રિયકુંડ ગ્રામ નગરની મધ્યમાં થઈને સ્વપ્નપાઠકોને ત્યાં આવી તેમને રાજાની આજ્ઞા સંભળાવી. સ્વપ્નપાઠકોને પણ રાજાની આજ્ઞા સાંભળી ઘણો ઉલ્લાસ થયો.

ત્યારપછી તેમણે સ્નાન કર્યું, ઇષ્ટદેવની પૂજા કરી, દુષ્ટ સ્વપ્નાદિની શાંતિ અર્થે તિલક વિગેરે કૌતુકો તથા દહીં, ધ્રો, અક્ષત વિગેરે મંગળરૂપ પ્રાયશ્ચિત કર્યાં. રાજસભાને યોગ્ય, ઉત્સવાદિ મંગળને સૂચવનારાં ઉજ્જવલ અને ઉત્તમ વસ્ત્ર પહેર્યાં. સંખ્યામાં થોડાં પણ કીમતમાં ભારે આભૂષણો અંગ વિષે નાખ્યાં, મંગલ નિમિત્તે મસ્તકમાં સફેદ સરસવ અને ધ્રો ધારણ કરી. પછી પોતપોતાના ઘરમાંથી નીકળી, ક્ષત્રિયકુંડગ્રામ નગરની મધ્યમાં થઇને સિદ્ધાર્થ રાજાના ઉત્તમોત્તમ મહેલના મૂળ દરવાજા પાસે પહોંચ્યા. અહીં તેઓએ પરસ્પરમાં વાતચીત કરી, એકસંપીથી એકમત થઇ, એક જણને પોતાના અગ્રેસર નીમી આગળ ચાલ્યા.

મિથ્યાભિમાની સુભટોની કથા

“ જે સમુદાયમાં સઘળા માણસો ઉપરી–આગેવાન થવા મથતા હોય, જે સમુદાયમાં બધા પોતાને મહાપંડિત માનતા હોય અને જે સમુદાયમાં સઘળા મ્હોટાઇ મેળવવાની ઇચ્છા રાખતા હોય તે આખો સમુદાય દુ:ખી થાય છે અને અંતે છિન્નભિન્ન થઇ જાય છે. ”

એક વખતે આસપાસથી આવી ચડેલા પાંચસો સુભટો એક સ્થાને એકત્ર થયા. તેઓ સર્વે કોઇ એક રાજાની નોકરીમાં રહી પોતાની ઉન્નતિ કરવા ઇચ્છતા હતા. તેઓ બહાદુર અને લડવૈયા હતા પણ તેમનામાં સંપ ન હતો. દરેકને પોતાને માટે એવું અભિમાન કે પોતાના સિવાય તમામ તુચ્છ જ લાગે. આ સુભટોમાં કેવા પ્રકારની યોગ્યતા છે તેની કસોટી કરવા રાજાએ પોતાના મંત્રીની સલાહથી તેમની બધાની વચ્ચે માત્ર એકજ પલંગ સુવા માટે મોકલ્યો. પાંચસો સુભટમાંથી પલંગ ઉપર કોણે સુવું એ એક મહાન પ્રશ્ન થઇ પડયો. કમનસીબે તેમનામાં

કોઇ આગેવાન પણ ન હતો. દરેક જણ પોતાને મહાન્ અને અગ્રેસર મનાવવાનો ડોળ કરતો હતો. એક પલંગની ખાતર તેમનામાં વાદવિવાદ થયો:—

એક કહે—“હું સૌથી મ્હોટો છું, માટે પલંગ ઉપર સુવાનો અધિકાર તો મ્હારા સિવાય અન્ય કોઇને હોઇ જ ન શકે.”

બીજો કહે—“હું કુલીન-ખાનદાન કુટુંબનું સંતાન છું. મારા બાપદાદા મહાન્ પરાક્રમી અને પ્રતિષ્ઠિત પુરૂષો થઇ ગયા છે. તેમના એક વંશજ તરીકે મારો એ પલંગ ઉપર પ્રથમ હક્ક છે.”

ત્રીજો કહે—“અહીંઆ હાજર રહેલા સર્વ સુભટોમાં મારા કરતાં બળ-બુદ્ધિમાં કોણ ચડિયાતો છે? કોની તાકાત છે કે મારી હાજરીમાં આ પલંગ ઉપર મારા સિવાય બીજો કોઇ સુઇ શકે?”

કોઇ એક ડાહ્યા માણસે તોડ કાઢયો કે-“ભાઇઓ, આપણે બધા જ મ્હોટા, કુલીન અને પરાક્રમી છીએ. કોઇ કોઇથી ગાંજ્યું જાય તેમ નથી. મારૂં કહેવું તો એમ છે કે આપણો દરેકનો આ પલંગ ઉપર સમાન હક્ક છે અને તેથી મારૂં માનો તો મિથ્યા વિવાદ છોડી દઇ પલંગને વચમાં મુકી તેની સન્મુખ પગ રાખી સુઇએ તો કોઇ ન્હાનું-મ્હોટું કહેવાય નહીં અને કજીયાનું મૂળ પણ બળી જાય.”

સર્વ સુભટોને આ સલાહ પસંદ પડી. તેઓ બધા પલંગની સામે પગ રાખી, અભિમાનપૂર્વક સુઇ રહ્યા. પલંગ તો ખાલી જ પડી રહ્યો. રાજાએ સવારે જ્યારે આ વાત જાણી ત્યારે તેને વિચાર થયો કે “આવા ઢંગધડા વગરના મિથ્યાભિમાની અને કુસંપી સુભટો મારૂં શું દાળદર ફેડવાના હતા? આવા સુભટો

કદાચ સારૂં લડી શકે પણ તેમના અહંકારને લીધે કોઈવાર ધમ્યું સોનું ધૂળમાં મળતાં વાર ન લાગે."

રાજાએ તેમને તરછોડી પોતાના રાજ્યમાંથી હાંકી કહાડયા. જ્યાં કોઈ એક આગેવાન નથી હોતો અને સૌ પોતાનું ડહાપણ ડોળવા માંડે ત્યાં એવી દુર્દશાને કોઈ ન અટકાવી શકે.

આશિર્વાદ

નીતિનિપુણ સ્વપ્નપાઠકો એકમત થઈ, એક અગ્રેસર નીમી, સિદ્ધાર્થ ક્ષત્રિયની રાજસભામાં આવ્યા અને બે હાથ જોડી, આવર્ત્ત કરી, મસ્તકે અંજલિ જોડી, રાજાને જય-વિજયશબ્દ વડે વધાવ્યા. આશિર્વાદ આપતાં કહ્યું કે:—

"હે મહારાજા! તમે દીર્ઘાયુષી થાઓ, યમ-નિયમાદિ વ્રતને ધારણ કરનારા થાઓ, લક્ષ્મીવાન્ થાઓ, યશસ્વી થાઓ, અનેકાનેક પ્રાણીઓને કરૂણાદાન આપવામાં અદ્વિતીય પરાક્રમી થાઓ, ભોગની સંપત્તિવાળા થાઓ, ભાગ્યશાળી થાઓ, ઉત્તમ પ્રકારના સૌભાગ્યવડે મનોહર થાઓ, પ્રૌઢ લક્ષ્મીવાળા થાઓ, કીર્ત્તિશાળી થાઓ, અને સમસ્ત જગતનું હંમેશા પાલન-પોષણ કરનારા થાઓ!

"હે નરનાથ! તમારૂં કલ્યાણ થાઓ, તમોને સુખ થાઓ, તમારે ત્યાં પુષ્કળ ધન થાઓ, તમે દીર્ઘાયુષી થાઓ, પુત્ર જન્મ-રૂપી સમૃદ્ધિ થાઓ, તમારા શત્રુઓનો વિનાશ થાઓ, તમારો જય થાઓ, અને હે રાજન્! તમારા કુળમાં નિરંતર જિનેશ્વર પ્રભુ ઉપર અચળ શ્રદ્ધા હો!"

ચતુર્થ વ્યાખ્યાન

સ્વપ્નપાઠકોનો સત્કાર

સિદ્ધાર્થ રાજાએ સ્વપ્નલક્ષણ પાઠકોને વંદી સારા શબ્દોમાં ગુણસ્તુતિ કરી, પુષ્પવડે પૂજી, ફળ અને વસ્ત્રાદિના દાનવડે સત્કાર કરી, વિવેકપૂર્વક ઉભા થઈ તેમનું આદર-સન્માન કર્યું અને પ્રત્યેક સ્વપ્નપાઠકે, પહેલેથીજ સ્થાપેલા સિંહાસન ઉપર પોતાની બેઠક લીધી. ત્રિશલા ક્ષત્રિયાણી પણ કનાતની અંદર સ્થાપેલા સિંહાસન ઉપર બેઠાં. તે પછી સિદ્ધાર્થ ક્ષત્રિયે હાથમાં ફળ-ફુલ લઈ અતિ વિનયપૂર્વક સ્વપ્નપાઠકોને સ્વપ્નનું ફળ પૂછવાની તત્પરતા બતાવી.

હાથમાં ફળ-ફુલ લઈ, જીજ્ઞાસા કરવાનું કારણ એટલુંજ કે-

रिक्तपाणिर्न पश्येच्च, राजानं दैवतं गुरुम् ।
निमित्तज्ञं विशेषेण, फलेन फलमादिशेत् ॥

રાજા, દેવ અને ગુરૂનું દર્શન ખાલી હાથે ન કરવું; તેમજ નિમિત્તના જાણકાર-જ્યોતિષીને વિશેષ પ્રકારે ફળ વિગેરે વડે સન્માનવા અને જ્યોતિષ સંબંધી વાત પૂછવી. કારણ કે ફળથી ફળ મળે છે.

સિદ્ધાર્થ ક્ષત્રિયની જીજ્ઞાસા

સિદ્ધાર્થ ક્ષત્રિયે સ્વપ્નપાઠકોને સંબોધી કહ્યું કે-" હે દેવાનુપ્રિયે ! આજે ત્રિશલા ક્ષત્રિયાણી પોતાની મનોહર શય્યામાં કંઈક ઉંઘતી અને કંઈક જાગતી-અલ્પનિદ્રા કરતી હતી, તે વખતે તેણીએ પ્રશસ્ત ચૌદ સ્વપ્ન જોયાં અને એ સ્વપ્ન જોયાં પછી તરતજ જાગી ઉઠયાં. એ ચૌદ મહાસ્વપ્નોનાં કેવાં કલ્યાણકારી ફળ

મળશે તે હું આપની પાસેથી જાણવા માગું છું." સિદ્ધાર્થે હાથી, વૃષભ વિગેરે ચૌદ મહાસ્વપ્નો વર્ણવી બતાવ્યાં.

સ્વપ્નપાઠકોની મસલત

સ્વપ્નપાઠકોને એ વાત સાંભળી ઘણોજ સંતોષ અને આનંદ થયો. તેમણે તે સ્વપ્નના અર્થ વિચાર્યા અને પોતપોતાની અંદર મસલત ચલાવી. પોતાની બુદ્ધિવડે બરાબર અર્થ અવધારી, પરસ્પરના અભિપ્રાય મેળવી, સંશયના ખુલાસા કરી, એકમત થઈ, સિદ્ધાર્થ ક્ષત્રિય આગળ પોતાનું સ્વપ્નશાસ્ત્ર આ પ્રમાણે કહેવા લાગ્યા:—

સ્વપ્નનાં નવ પ્રકાર

મનુષ્યને નવ પ્રકારે સ્વપ્ન આવે છે:—(૧) અનુભવેલી વસ્તુ સ્વપ્નમાં દેખે, (૨) સાંભળેલી વસ્તુ સ્વપ્નમાં દેખે, (૩) જોયેલી વસ્તુ સ્વપ્નમાં દેખે, (૪) વાત, પિત્ત, કફના વિકારથી ઉત્પન્ન થયેલ સ્વપ્ન દેખે, (૫) સહજ સ્વભાવથી ઉત્પન્ન થયેલ સ્વપ્ન દેખે, (૬) ચિંતાની પરંપરાથી ઉત્પન્ન થયેલ સ્વપ્ન દેખે, (૭) દેવતા વિગેરેના સાન્નિધ્યથી સ્વપ્ન દેખે, (૮) ધર્મકાર્યના પ્રભાવથી સ્વપ્ન દેખે અને (૯) અતિશય પાપના ઉદયથી ઉત્પન્ન થયેલ સ્વપ્ન દેખે. આ નવ સ્વપ્નાઓમાં પહેલા છ પ્રકારે વર્ણવેલાં સ્વપ્નાં શુભ અને અશુભ હોય તો પણ તે નિષ્ફળ સમજવાં, કારણ કે તેનું ફળ કંઇ મળતું નથી. બાકીના ત્રણ પ્રકારનાં સ્વપ્નાં સાચાં સમજવાં; કારણ કે તેનું શુભાશુભ ફળ અવશ્ય મળે છે.

સ્વપ્નનાં ફળ વિષે

રાત્રીના પહેલે પહોરે દેખેલ સ્વપ્ન બાર મહિને, બીજે પહોરે દેખેલ છ મહિને, ત્રીજે પહોરે દેખેલ ત્રણ મહિને અને

ચોથે પહોરે દેખેલ સ્વપ્ન એક મહિને ફળ આપનારૂં થાય છે. રાત્રની છેલ્લી બે ઘડીમાં દેખેલું સ્વપ્ન નિશ્ચયથી દશ દિવસમાં ફળે છે અને સૂર્યોદય થતાં દેખેલું સ્વપ્ન તુરતજ ફળે છે. ઉપરા-ઉપરી આવેલાં સ્વપ્નાં, દિવસે દેખેલાં સ્વપ્નાં, માનસિક ચિંતા અને શારીરિક વ્યાધિથી ઉત્પન્ન થયેલાં સ્વપ્નાં અને મળ-મૂત્રના રોકાણથી થયેલાં સ્વપ્નાં સાવ નિરર્થક હોય છે.

જે મનુષ્ય ધર્મમાં આસક્ત હોય, જેની રસ-રૂધિરાદિ ધાતુઓ સમ એટલે સરખી હોય, જે સ્થિર ચિત્તવાળો હોય, ઇંદ્રિયો ઉપર સંયમ રાખનાર હોય, દયાવાળો હોય, તેનું સ્વપ્ન પ્રાય: ઇચ્છિતફળને આપનારૂં થાય છે. ખરાબ સ્વપ્ન આવ્યું હોય તો કોઇને સંભળાવવું નહીં, સારૂં સ્વપ્ન આવ્યું હોય તો ગુરૂ મહારાજ વિગેરે યોગ્ય પુરૂષને સંભળાવવું. તેવા કોઇ યોગ્ય માણસનો સમાગમ ન થાય તો છેવટે ગાયના કાનમાં પણ કહી શકાય.

ઉત્તમ સ્વપ્ન જોઇને બુદ્ધિમાન માણસે સૂવું નહીં, કેમકે સૂઇ જવાથી તે ઉત્તમ સ્વપ્નનું ફળ જતું રહે છે. માટે સ્વપ્ન પછીની રાત્રિ જીનેશ્વર પ્રભુના ગુણગાનમાં જ ગુજારવી. ખરાબ સ્વપ્ન આવ્યું હોય તો બાકીની રાત્રિ ઉંઘીને પૂરી કરવી, તેમજ તે ખરાબ સ્વપ્ન કોઇને કહેવાની પણ જરૂર નહીં; એમ કરવાથી તે ખરાબ સ્વપ્ન પોતાની મેળે નિષ્ફળ થઇ જાય. જે મનુષ્ય પહેલાં ખરાબ સ્વપ્ન જુએ અને પાછળથી શુભ સ્વપ્ન જુએ તેને શુભ ફળ દેનારૂં થાય છે; તેવીજ રીતે જે મનુષ્ય પહેલાં શુભ સ્વપ્ન જુએ અને પછી ખરાબ સ્વપ્ન જૂએ તેને તે અશુભ ફળ દેનારૂં થાય છે.

જે મનુષ્ય સ્વપ્નમાં માણસ-સિંહ-ઘોડો-હાથી-બળદ અથવા ગાયવડે જોડેલા રથ ઉપર પોતાને ચડેલો જુએ તે રાજા

થાય. સ્વપ્નમાં જો ઘોડા, હાથી, વાહન, આસન, ઘર કે વસ્ત્ર વિગેરેનું હરણ થતું દેખે તો તેના ઉપર રાજાની શંકા જાય, શોક કરાવે, બંધુઓમાં વિરોધ કરાવે અને ધનની પણ નુકશાની કરાવે.

જે મનુષ્ય સ્વપ્નમાં સૂર્ય અને ચંદ્રના સંપૂર્ણ બિંબને ગળી જાય તે પોતે ગરીબ હોય તો પણ આખી પૃથ્વીનો રાજા થાય. જો સ્વપ્નમાં શસ્ત્ર, ઘરેણાં, મણિ, મોતી, સોનું, રૂપું તેમજ બીજી ધાતુઓનું હરણ થતું નીરખે તો તેવું સ્વપ્ન કેટલીકવાર ધનનો નાશ કરાવનારૂં, અપમાન કરાવનારૂં, તેમજ ભયંકર મરણ નીપજાવનારૂં થાય છે. જે મનુષ્ય સ્વપ્નમાં હાથીના હોદ્દે બેસે અને નદી કાંઠે ભાતનું ભોજન કરે તે કદાચ નીચ જાતિનો હોય તો પણ ધર્મરૂપ ધનવાળો થાય અને સારી પૃથ્વીનો ભોક્તા થાય. જેઓ સ્વપ્નમાં પોતાની સ્ત્રીનું હરણ થતું દેખે તેમની ધનસંપત્તિ નાશ પામે. પોતાની સ્ત્રીનો પરાભવ થતો દેખે તો પોતે ક્લેશ–દુ:ખ પામે અને પોતાના ગોત્રની સ્ત્રીઓનું હરણ તથા પરાભવ દેખે તો બંધુઓનો વધ અને બંધુઓને બંધન થાય. જે મનુષ્ય સ્વપ્નની અંદર સફેદ સર્પવડે પોતાની જમણી ભૂજાએ ડંખાય તેને પાંચ રાત્રીની અંદર હજાર સોનામ્હોર મળે.

સ્વપ્નમાં જે મનુષ્ય પોતાની શય્યા અથવા પગરખા ગુમાવે તેની સ્ત્રી મરણ પામે, અને પોતાના શરીરે પણ સખ્ત પીડા ભોગવે. જે માણસ સ્વપ્નમાં માણસના મસ્તકનું ભક્ષણ કરે તે રાજ્ય મેળવે, માણસના પગનું ભક્ષણ કરે તે હજાર સોનામ્હોર મેળવે અને ભુજાનું ભક્ષણ કરે તે પાંચસો સોનામ્હોર મેળવે. જે મનુષ્ય સ્વપ્નમાં બારણાની ભોગળનો, પલંગનો, હિંડોળાનો, પગરખાંનો તથા ઘરનો ભંગ થતો જુવે તેની સ્ત્રી મૃત્યુ પામે. જે મનુષ્ય

સ્વપ્નમાં સરોવર, સમુદ્ર, પાણીથી ભરેલી નદી તથા મિત્રનું મરણ દેખે તે નિમિત્ત વિના પણ અચાનક ઘણું ધન મેળવે. જે માણુસ સ્વપ્નમાં ઘણું તપેલું, છાણવાળું, ડોળાઈ ગયેલું અને ઓસડવાળું પાણી પીવે તે ખરેખર ઝાડાના રોગથી મૃત્યુ પામે.

જે મનુષ્ય સ્વપ્નમાં દેવની પ્રતિમાની યાત્રા કિંવા દર્શન કરે, પખાળ કરે, પ્રતિમા આગળ નૈવેદ્ય ફળ–ફુલાદિ મૂકે અને પૂજા કરે તે માણુસની સર્વ પ્રકારે વૃદ્ધિ થાય છે. જે મનુષ્યને સ્વપ્નની અંદર પોતાના હૃદયરૂપી સરોવરની અંદર કમળો ઉગેલાં દેખાય તે કોઢ રોગથી મૃત્યુ પામી જલદી યમને ઘેર પહોંચે. જે માણુસ સ્વપ્નમાં ઘણું ઘી મેળવે તેનો યશ વૃદ્ધિ પામે છે. વળી દૂધપાક અથવા ખીર સાથે ઘીનું ભોજન પણ સારૂં ગણાય છે. જેઓ સ્વપ્નમાં હસે છે તેઓ થોડાજ વખતમાં શોકથી રડવાના એમ સમજવું અને જેઓ સ્વપ્નમાં નાચે છે તેઓ વધ અથવા બંધનને પ્રાપ્ત થવાના. જેઓ સ્વપ્નમાં ભણે છે તેઓ કલેશ પામવાના, એમ ડાહ્યા માણુસોએ સમજી રાખવું. ગાય, બળદ, ઘોડો, રાજા, હાથી અને દેવ એ સિવાયની બાકીની સઘળી કાળી વસ્તુઓ જો સ્વપ્નમાં દેખાય તો તે સ્વપ્ન અશુભ સમજવું. તેમજ કપાસ અને લવણાદિ સિવાયની બાકીની સફેદ વસ્તુઓ દેખાય તો તે સ્વપ્ન શુભ ફળ આપનારૂં જાણવું.

જે મનુષ્ય સ્વપ્નમાં હાથી, ગાય, બળદ, મહેલ કે પર્વત ઉપર પોતાને ચડેલો દેખે તે મોટાઈ પામે. શરીરે વિષ્ટાનું વિલેપન દેખે તો નીરોગી થાય. સ્વપ્નમાં રૂદન કરે તો હર્ષની પ્રાપ્તિ થાય. રાજા, હાથી, ઘોડો, સુવર્ણ, બળદ, ગાય કે કુટુંબ દેખે તો કુળની વૃદ્ધિ થાય. સ્વપ્નમાં મહેલ ઉપર ચડીને પોતાને ભોજન કરતો દેખે અથવા સમુદ્ર તરતો દેખે તો તે નીચ કુળમાં જન્મ્યો હોય તોપણ રાજા થાય. સ્વપ્નમાં જે કોઈ માંસ, દીવો,

ફળ, કન્યા, કમળ, છત્ર અથવા ધજા દેખે તો જય પામે. પોતાના ઈષ્ટદેવની પ્રતિમા ભાળે તો આયુષ્ય વધે, તેમજ કીર્ત્તિ, યશ અને ધનની પણ વૃદ્ધિ થાય. જો સ્વપ્નમાં કોઈ ફળ–ફુલવાળા પ્રફુલ્લિત વૃક્ષ ઉપર અથવા રાયણના વૃક્ષ ઉપર પોતાને ચડેલો દેખે તો ઘણું ધન મેળવે. જો ગધેડી, ઉંટ, ભેંસ, કે પાડા ઉપર પોતાને ચડેલો દેખે તો તે તત્કાળ મૃત્યુ પામે. જે પુરૂષ સ્વપ્નમાં સફેદ કપડાવાળી અને સફેદ ચંદનનું વિલેપન કરેલી સ્ત્રીને ભોગવે તેને સર્વ પ્રકારની લક્ષ્મી મળે. રાતાં વસ્ત્રવાળી અને રાતું ચંદન, કૃષ્ણ-ગંધ વિલેપન કરેલી સ્ત્રીને ભોગવે તોતે પુરૂષનું રૂધિર સૂકાઈ જાય. જે મનુષ્ય સ્વપ્નમાં રત્નના, સોનાના અને સીસાના ઢગલા ઉપર પોતાને ચડેલો દેખે તે અવશ્ય સમકિત પામીને મોક્ષે જાય.

મનુષ્યો જે શુભ અથવા અશુભ સ્વપ્ન પોતાના સંબંધી જુએ છે, તેનું શુભ અથવા અશુભ ફળ પોતાને જ ભોગવવાનું હોય છે. પણ જે શુભ અથવા અશુભ સ્વપ્ન પારકાં સંબંધી પોતે જોયાં હોય તેનાં ફલ ઉપર પોતાનો નહિં પણ પારકાનોજ અધિકાર હોય છે. દુષ્ટ સ્વપ્ન આવે ત્યારે દેવ–ગુરૂની પૂજા કરવી, શક્તિ પ્રમાણે તપસ્યા કરવી. કારણ કે નિરંતર ધર્મકાર્યમાં આસક્ત રહેનાર સ્ત્રી–પુરૂષને દુષ્ટ સ્વપ્ન પણ સુખકારક જ નીવડે છે.

તીર્થંકર--ચક્રવર્ત્તી-વાસુદેવ--બળદેવની માતાનાં સ્વપ્ન

હે દેવાનુપ્રિય ! એ રીતે અમારા સ્વપ્નશાસ્ત્રમાં સામાન્ય ફલ આપનારાં બેંતાલીસ સામાન્ય સ્વપ્ન અને મહાફલ આપનારાં ત્રીસ મહાસ્વપ્ન એમ બધાં મળી બોંતેર સ્વપ્ન કહ્યાં છે. તેમાંય તીર્થંકરની માતા અથવા ચક્રવર્ત્તીની માતા જયારે તીર્થંકર અથવા ચક્રવર્ત્તી ગર્ભમાં આવે છે, ત્યારે ઉક્ત ત્રીસ મહાસ્વપ્નમાં હાથી–વૃષભ વિગેરે ચૌદ મહાસ્વપ્ન દેખીને જાગી ઉઠે છે. વાસુદેવની માતા, વાસુદેવ ગર્ભમાં આવે ત્યારે ઉક્ત

ચૌદ મહાસ્વપ્ન પૈકીનાં કોઈ પણ સાત મહાસ્વપ્ન જોઈને જાગી જાય છે. બળદેવની માતા ઉકત મહાસ્વપ્ન પૈકીનાં કોઇપણ ચાર મહાસ્વપ્ન જોઈને જાગે છે. અને માંડલિકની માતા ઉકત મહા સ્વપ્નમાંનું કોઈ એક મહાસ્વપ્ન જોઇને જાગે છે.

હે દેવાનુપ્રિય ! ત્રિશલા ક્ષત્રિયાણીએ જે સ્વપ્ન જોયાં છે તે અતિપ્રશસ્ત છે અને તેના પ્રતાપે તમને રત્ન, સુવર્ણાદિ અર્થનો લાભ થવાનો, ભોગોપભોગની સામગ્રી આવી મળવાની, તે ઉપરાંત તમને પુત્રનો, સુખનો અને રાજ્યનો પણ જરૂર લાભ થવાનો.

સ્વપ્નપાઠકોએ એ રીતે સ્વપ્નનું સામાન્ય ફળ કહ્યા પછી વિશેષ પ્રકારે મુખ્ય ફળનું વર્ણન કરતાં કહ્યું કે:—

હે દેવાનુપ્રિય ! નવ મહિના બરાબર સંપૂર્ણ થયા પછી, સાડા સાત દિવસના અંતે ત્રિશલા ક્ષત્રિયાણી, તમારા કૂળને વિષે ધ્વજ સમાન, કૂળને વિષે દીપક સમાન, કૂળને વિષે પર્વત સમાન–એટલે કે જેનો કોઈપણ પરાભવ ન કરી શકે એવી સ્થિરતાવાળો, કૂળને વિષે મુકુટ સમાન, કૂળને વિષે તિલક સમાન, કૂળની કીર્ત્તિને વધારનારો, કૂળનો નિર્વાહ કરનારો, કૂળને વિષે સૂર્યની જેમ પ્રકાશ કરનારો, સર્વ દિશાઓમાં કૂળની ખ્યાતિ પ્રસરાવનારો, પૃથ્વીની પેઠે કૂળના આધારરૂપ, કૂળને વિષે વૃક્ષની જેમ સૌને પોતાની છત્રછાયામાં આશ્રય આપનારો, કૂળના આધારરૂપ જે પુત્ર પૌત્ર પ્રપૌત્રાદિની સંતતિ તેની વિવિધ પ્રકારે વૃદ્ધિ કરનારો અને સુકોમળ હાથ–પગવાળો, શરીરની પાંચે ઇન્દ્રિયોથી પરિપૂર્ણ, સુલક્ષણયુકત અંગવાળો તેમજ છત્ર ચામર વિગેરે લક્ષણોના ગુણ સહિત, મસ તલ વિગેરે વ્યંજનોના ગુણવડે સહિત; માન, ઉન્માન અને પ્રમાણવડે સુંદર સર્વ અંગવાળો, ચંદ્રમાની પેઠે સૌમ્ય આકૃતિવાળો, મનોહર, પ્રિયદર્શન અને સુરૂપ પુત્રનો જન્મ આપશે.

તે પુત્ર જ્યારે બાળપણું છોડીને આઠ વર્ષનો થશે, ત્યારે તેને સઘળું વિજ્ઞાન પરિણમશે. પછી અનુક્રમે યૌવન અવસ્થાને પામશે, ત્યારે દાન દેવામાં અને અંગીકાર કરેલું કાર્ય પાર પાડવામાં સમર્થ થશે. રણસંગ્રામમાં બહાદૂર થશે અને પર રાજ્યને આક્રમણ કરવામાં પણ પરાક્રમ દાખવશે. તે અનેક વાહન અને પુષ્કળ સેનાનો અધિપતિ થશે, ત્રણ સમુદ્ર અને ચોથો હિમવંત એ ચારે પૃથ્વીના અંતને સાધનારો ચક્રવર્તી રાજા થશે, અથવા ત્રણે લોકનો નાયક-ધર્મોને વિષે શ્રેષ્ઠ એવો ચાતુરંત ચક્રવર્ત્તી સમાન થશે. ચક્રવર્ત્તી જેવી રીતે પૃથ્વીના ચારે અંતને સાધે છે, તેવી રીતે તે પણ ધર્મપ્રવર્ત્તકોને વિષે અતિશયવાળો જિન થશે એટલુંજ નહીં પણ ધર્મરૂપી ચક્રવડે નરકાદિ ચારે ગતિનો અંત કરનાર થશે.

ચૌદ મહાસ્વપ્નનાં પૃથક્ પૃથક્ ફળ

(૧) ચાર દંતશૂળવાળો હાથી સ્વપ્નમાં જોયો તેનો અર્થ એવો નીકળે છે કે તે પુત્ર ચાર પ્રકારનો ધર્મ પ્રબોધશે (૨) વૃષભ દેખવાથી તે ભરતક્ષેત્રમાં બોધિબીજ વાવશે (૩) સિંહ જોવાથી રાગદ્વેષાદિરૂપ દુષ્ટ હાથીઓવડે ત્રાસ પામતા ભવ્યપ્રાણીઓરૂપી વનનું રક્ષણ કરનારો થશે (૪) લક્ષ્મી જોવાથી વાર્ષિક દાન આપી તીર્થંકરની લક્ષ્મી ભોગવશે (૫) માળા દેખવાથી ત્રણ ભુવનને મસ્તકમાં ધારવાને યોગ્ય થશે (૬) ચન્દ્ર દેખવાથી પૃથ્વીમંડળને આનંદ આપનારો થશે (૭) સૂર્ય દેખવાથી ભામંડળવડે વિભૂષિત થશે (૮) ધ્વજ દેખવાથી ધર્મરૂપી ધ્વજથી વિભૂષિત થશે (૯) કળશ દેખવાથી ધર્મરૂપી મહેલના શિખરપર રહેશે (૧૦) પદ્મ સરોવર દેખવાથી દેવોએ સંચારેલા કમળ ઉપર ચરણ સ્થાપન કરનાર થશે (૧૧) સમુદ્ર દેખવાથી કેવળજ્ઞાન રૂપી રત્નના સ્થાનકરૂપ થશે (૧૨) વિમાન દેખવાથી

વૈમાનિક દેવોને પણ પૂજનીય થશે (૧૩) રત્નરાશિ દેખવાથી રત્નના ગઢવડે વિભૂષિત થશે (૧૪) નિર્ધૂમ અગ્નિ દેખવાથી ભવ્ય પ્રાણીઓરૂપી સુવર્ણની શુદ્ધિ કરનારો થશે. અને એ ચોદે સ્વપ્નનું એક સામટું ફળ ચોદરજ્જુ સ્વરૂપ લોકના અગ્રભાગ ઉપર રહેનારો થશે.

એટલા માટે જ હે દેવાનુપ્રિય, અમે કહીએ છીએ કે ત્રિશલા ક્ષત્રિયાણીએ જે સ્વપ્ન જોયાં છે તે ખરેખર પ્રશસ્ત અને આરોગ્ય, સંતોષ, દીર્ઘાયુષ, કલ્યાણ તથા મંગળને સૂચવનારાં છે.

સિદ્ધાર્થ રાજાનો ઉત્તર

એ પ્રમાણે સ્વપ્નપાઠકોના મુખેથી ચોદ મહા સ્વપ્નોના અર્થ સાંભળી, અવધારી, સિદ્ધાર્થ રાજા ઘણાજ પ્રસન્ન, સંતુષ્ટ અને પ્રફુલ્લ થયા. તેમણે બે હાથ જોડી મસ્તકે અંજલી જોડી સ્વપ્નપાઠકોને કહ્યું કે:—

"હે દેવાનુપ્રિયો, આપનું કહેવું બરાબર છે. તમે સ્વપ્નનું જે ફળ કહ્યું તે યથાર્થ છે, સંપૂર્ણ યથાસ્થિત છે, અમે પણ તેજ ફળ ઇચ્છીએ છીએ, તમારો શબ્દેશબ્દ અમે ગ્રહણ કર્યો છે, તમારા અર્થ વિષે મને જરાય શંકા નથી."

એ પ્રમાણે કહી સ્વપ્નોનો સારી રીતે અંગીકાર કરી સ્વપ્નપાઠકોને પુષ્કળ શાલી વિગેરે ભોજનની વસ્તુઓ ભેટ આપી, ઉત્તમ પ્રકારનાં પુષ્પો, વસ્ત્રો, સુગંધી ચુર્ણો, ફુલની માળાઓ અને મુગટ વિગેરે અલંકારોવડે તેમનો સારો સત્કાર કર્યો. વિનયભર્યાં નમ્ર વચનો કહી તેમનું સન્માન કર્યું અને જીંદગીપર્યંત ચાલે એવું ઘણું પ્રીતિદાન આપી તેમને વિદાય કર્યા.

ત્રિશલા ક્ષત્રિયાણીને નિવેદન

ત્યારબાદ પોતાના સિંહાસનથી ઉતરી, પડદા પાછળ

ત્રિશલા ક્ષત્રિયાણી પાસે તેઓ આવ્યા અને સ્વપ્નપાઠકો પાસેથી સાંભળેલો અર્થ નિવેદન કરતાં કહ્યું કે:—હે દેવાનુપ્રિયા ! સ્વપ્ન-શાસ્ત્રમાં સામાન્ય ફળ આપનારાં બેંતાલીસ સામાન્ય સ્વપ્ન કહ્યાં છે અને મહાફળ આપનારાં ત્રીસ સ્વપ્ન કહ્યાં છે. એ રીતના બોંતેર સ્વપ્નમાં તીર્થંકરની માતા અથવા ચક્રવર્તીની માતા તીર્થંકર અથવા ચક્રવર્તી ગર્ભમાં આવે ત્યારે મહાફળ આપ-નારા ત્રીસ સ્વપ્ન પૈકીનાં ગજ, વૃષભ વિગેરે ચૌદ મહાસ્વપ્ન જોઈ જાગી જાય છે અને માંડલિકની માતા માંડલિક ગર્ભમાં આવે ત્યારે ચૌદ મહા સ્વપ્નમાંનું કોઈ એક સ્વપ્ન જોઇ જાગી ઉઠે છે. મતલબ કે તમે જે ચૌદ મહા સ્વપ્ન જોયાં છે તે ઘણાંજ પ્રશસ્ત છે અને તેથી તમારો પુત્ર ત્રણે લોકનો નાયક, ધર્મપ્રવર્ત્તકોને વિષે ચક્રવર્ત્તી સમાન અને અતિશયવાળો જિન થશે.

ત્રિશલા ક્ષત્રિયાણી એ અર્થ સાંભળી, અવધારી બહુજ હર્ષ, સંતોષ અને ઉલ્લાસ પામ્યાં. તેણીએ બે હાથ જોડી, આવર્ત્ત કરી મસ્તકે અંજલી જોડી સ્વપ્નાઓનો સારી રીતે અંગીકાર કર્યો અને પોતાના મણિ–રત્નખચિત સિંહાસન પરથી ઉતરી બહુજ શાંતિ અને ધૈર્યપૂર્વક રાજહંસ જેવી ગતિવડે પોતાના ભુવનમાં આવ્યાં.

જૃંભકજાતિના દેવોએ શું કર્યું ?

હવે શ્રમણ ભગવાન્ મહાવીર રાજકૂળને વિષે, હરિણેગમેષી દેવવડે સંહરાયા ત્યારથી આરંભીને તીર્છા લોકમાં નિવાસ કર-નાર જૃંભક જાતિના દેવોએ, પૂર્વ દાટેલા અને ઘણા કાળના પુરાણાં મહાનિધાનો લાવી લાવીને સિદ્ધાર્થરાજાના ભુવનમાં મૂકવા માંડ્યા. જૃંભક દેવો કુબેરની આજ્ઞાને આધીન હોય છે

અને કુબેર શક્રેન્દ્રની આજ્ઞામાં હોય છે, એટલે અહીં શક્રેન્દ્રની આજ્ઞાથી કુબેરે જૃંભકજાતિના દેવોને હુકમ કર્યો એમ જાણવું.

મહાનિધાનોનું સ્વરૂપ

જે નિધાનના માલીક નાશ પામ્યા હોય, જે નિધાનની તપાસ રાખનારા તથા નવું દ્રવ્ય ઉમેરનારા ગુજરી ગયા હોય, જે નિધાન દાટનારના ગોત્રીય કે ઘર નાશ પામ્યા હોય અને જે નિધાનના સ્વામી સર્વથા સંતાનરહિત મરણ પામ્યા હોય, તેવાં મહાનિધાનો, દાટેલા સ્થાનોમાંથી લાવી જૃંભક દેવોએ સિદ્ધાર્થ રાજાના ભુવનમાં મૂકવા માંડ્યાં.

ગ્રામ–આકર–નગર–ખેડ–ઇત્યાદિની વ્યાખ્યા

હવે કયા સ્થાનોમાંથી દાટેલાં નિધાનો આવ્યાં તે સમજવા માટે ગ્રામ–આકર–નગર વિગેરેની વ્યાખ્યા જાણવી જોઇએ. જ્યાં કર લેવાતો હોય અને ચારે તરફ કાંટાની વાડ હોય તે ગ્રામ કહેવાય. જ્યાં લોખંડ, તાંબુ વિગેરે ધાતુઓ નીકળતી હોય તે આકર–ખાણ કહેવાય. જ્યાં કર ન લેવાતો હોય અને સડક, કિલ્લા વિગેરે આવેલાં હોય તે નગર કહેવાય. જેની ચારે તરફ માટીનો ગઢ હોય તે ખેડ કહેવાય, જે ખરાબ નગર હોય તે કર્બટ, જેની ચારે દિશામાં બબ્બે ગાઉ ઉપર ગામ હોય તે મંડલ, જળમાર્ગ અને સ્થળમાર્ગ એમ બંને માર્ગોવડે યુક્ત હોય તે દ્રોણમુખ, જળમાર્ગ કે સ્થળમાર્ગમાંથી કોઇપણ એક માર્ગવડે યુક્ત હોય તે પત્તન, જે તીર્થસ્થાન હોય અથવા જ્યાં તાપસ લોકો રહેતા હોય તે આશ્રમ, ખેડુતો ખેતીમાંથી પેદા કરેલું ધાન્ય જે દુર્ગભૂમિમાં રક્ષાને માટે સ્થાપે તે સંવાહ, સાર્થ-વાહનો કાફલો, સંઘ તથા લશ્કર જ્યાં ઉતરતું હોય તે સન્નિવેશ, એ પ્રમાણે ઉપર ગણાવેલા ગામ–નગર વિગેરેમાં દાટેલાં મહાનિધા-

નો તિર્યગ જાંભક દેવોએ ઉપાડી સિધ્ધાર્થ રાજાના ભુવનમાં મૂકયા.

શૃંગાટક-ત્રિક-ચતુષ્ક વિગેરેની વ્યાખ્યા

ઉક્ત ગ્રામ વિગેરેમાં કયે કયે ઠેકાણેથી દાટેલાં મહાનિધાનો સિધ્ધાર્થ રાજાના ભુવનમાં મૂકાયાં તે જાણવું જરૂરનું છે. શિંગોડા નામના ફળના આકારે જે ત્રણ ખુણીયું સ્થાન હોય તે શૃંગાટક કહેવાય, જ્યાં ત્રણ રસ્તા મળતા હોય તે ત્રિક કહેવાય, ચાર રસ્તા મળતા હોય તે ચતુષ્ક, જયાં ઘણા રસ્તા મળતા હોય તે ચત્વર, ચાર દરવાજાવાળા દેવમંદિર, રાજ-માર્ગો, જયાં પહેલા ગ્રામ વસેલા હોય પણ પાછળથી ઉજ્જડ થઈ ગયા હોય એવા ગ્રામસ્થાનો, જયાં પહેલા નગર વસેલા હોય, પણ પાછળથી ઉજ્જડ થઈ ગયા હોય એવા નગર-સ્થાનો, ગ્રામમાંથી પાણી નીકળવાના માર્ગો ગ્રામનિર્ધમન (ગા-મની ખાળો) કહેવાય, નગરની ખાળો, દુકાનો, યક્ષ વિગેરે દે-વોના મંદિરો, મુસાફરોને ઉતરવાના સ્થાનો, પાણીની પરબો, બગીચાઓ, નગરની નજીકના ઉદ્યાનો, વનો, વનખંડો, સ્મશાનો, શૂન્ય ઘરો, પર્વતની ગુફાઓ, શાંતિગૃહો, શૈલગૃહો, કુટુંબીઓને નિવાસ કરવાના સ્થાનો વિગેરે ભિન્નભિન્ન ઠેકાણે કંજુસ માણ-સોએ પહેલાં જે મહાનિધાન દાટેલાં હતાં શક્રેન્દ્રની આજ્ઞાથી તિર્યગ્ જૃંભક દેવોએ સિધ્ધાર્થ રાજાના ભુવનમાં મૂકયા.

વર્ધમાન નામની સાર્થકતા

હવે જે રાત્રીએ શ્રમણ ભગવાન મહાવીર જ્ઞાતકુળમાં સંહ-રાયા, તે રાત્રિથી માંડીને જ્ઞાતકુળ હિરણ્યથી-સોના રૂપાથી વૃદ્ધિ પામવા લાગ્યું. ધનના ચાર પ્રકાર હોય છે. (૧) ગણિમ એટલે ગણી શકાય એવું, જેમકે ફલ-પુષ્પ વિગેરે. (૨) ધરિમ એટલે

તોળી શકાય એવું, જેમકે ગોળ, કંકુ વિગેરે. (૩) મેય એટલે માપી શકાય એવું, જેમકે ઘી, તેલ, લવણ વિગેરે અને (૪) પરિચ્છેદ્ય એટલે ભરી શકાય એવું, જેમકે વસ્ત્ર, રત્ન વિગેરે. એવી રીતે ચાર પ્રકારના ધન અને ધાન્યથી વૃદ્ધિ પામ્યું. સપ્તાંગ રાજ્ય, રાષ્ટ્ર, હાથી ઘોડા રથ અને પાળારૂપી ચતુરંગી સેના, ખચ્ચર વિગેરે વાહનો, દ્રવ્યના ખજાના, કોઠારો, નગર, અંતઃપુર, દેશવાસી લોકો, અને કીર્ત્તિમાં પણ ઉત્તરોત્તર વૃદ્ધિ થવા લાગી. ગાયો વિગેરે પશુઓથી, ઘડેલા અને નહીં ઘડેલા સુવર્ણથી, કર્કેતનાદિ રત્નોથી, ચંદ્રકાંતાદિ મણિઓથી, મોતીઓથી, દક્ષિણાવર્ત શંખોથી, રાજાઓ તરફથી મળતા ખીતાબોથી, પરવાળાંથી, માણેક વિગેરે લાલ મોતીઓથી જ્ઞાતકુળ ઉભરાવા માંડયું. વળી વિદ્યમાન એવા પ્રધાન દ્રવ્યથી તથા પ્રીતિ–માનસિક સંતોષ અને સ્વજનોએ વસ્ત્રાદિ વડે કરેલા સત્કારથી જ્ઞાતકુળ અતિશય વૃદ્ધિ પામ્યું.

આથી શ્રમણ ભગવન મહાવીરના માતપિતાનો [1] આત્મવિષયક [2] ચિંતિત, [3] પ્રાર્થિત અને મનોગત[4] સંકલ્પ થયો કે:– જયારથી આપણો આ બાળક કુળને વિષે ગર્ભપણે ઉત્પન્ન થયો છે ત્યારથી આપણાં ધન–ધાન્યમાં વૃદ્ધિ જ થતી રહી છે. તેમજ

---

૧ આત્મવિષયક એટલે આત્માને વિષે થયેલો.

૨ સંકલ્પના બે પ્રકાર (૧)ધ્યાન સ્વરૂપ અને (૨) ચિંતવન સ્વરૂપ. તે બે જાતના સંકલ્પમાં આ સંકલ્પ ચિંતવન સ્વરૂપ થયો એમ જણાવવા ચિંતવન શબ્દ મૂકયો છે,

૩ ચિંતવન સ્વરૂપ સંકલ્પ પણ કોઇ અભિલાષારૂપ હોય છે, અને કોઇ અભિલાષારૂપ નથી હોતો. અભિલાષારૂપ બનાવવાને અહીં પ્રાર્થિત શબ્દ મૂકયો છે.

૪ મનોગત–મનમાં જ રહેલો–વાણીથી સ્પષ્ટ નહીં થયેલો.

માનસિક સંતોષ અને સ્વજનો તરફનો સત્કાર પણ વધતો જ રહ્યો છે. માટે જ્યારે આ બાળકનો જન્મ થાયંત્યારે ગુણને અનુ-રૂપ અને સાર્થક એવું વર્ધમાન નામજ પાડશું.

મહાવીરની માતૃભક્તિ

શ્રમણ ભગવાન મહાવીરે માતા પ્રત્યેની અનુકંપા અથવા ભક્તિને લીધે વિચાર્યું કે મારા હલન-ચલનથી માતાને જરૂર કષ્ટ થતું હશે. તેથી તેઓ ગર્ભમાં નિશ્ચલ થયા, જરાપણ ચલાયમાન નહિં થતાં નિષ્પંદ અને નિષ્કંપ થયા. પોતાના અંગઉપાંગને એવી રીતે ગોપવ્યાં કે માતાને જરા પણ કષ્ટ ન થવા પામે. ભગવાનની તે વખતની સ્થિતિ અને મુદ્રાની કલ્પના કરી કવિ ઉત્પ્રેક્ષા કરે છે કેઃ-

एकान्ते किमु मोहराजविजये मन्त्रं प्रकुर्वन्निव
ध्यानं किञ्चिदगोचरं विरचयत्येकः परब्रह्मणि
किं कल्याणरसं प्रसाधयति वा देवो विलुप्यात्मकं
रुपं कामविनिग्रहाय जननी कुक्षावसौ वः श्रिये ॥

શું એકાંતમાં બેસી પ્રભુ મોહરાજા ઉપર વિજય મેળવવાનો મંત્ર જપી રહ્યા હશે ? અથવા શું પરબ્રહ્મની પ્રાપ્તિ માટે, એકલા પ્રભુ, કંઇક અગોચર ધ્યાન ધરી રહ્યા હશે ? અથવા તો શું કલ્યાણ રસને સાધતા હશે ? અથવા શું કામદેવ ઉપર કાબુ મેળવવા માટે માતાની કુખમાં પોતાનાં અંગોપાંગ સંકોચી રાખ્યા ? એવા પ્રકારના શ્રી મહાવીર તમારા કલ્યાણને માટે હો !

માતાનું હૃદય-અનહદ ચિંતા-શોક-સંતાપ

પ્રભુ નિશ્ચલ થયા એટલે માતાને એકદમ ફાળ પડી. માતાને લાગ્યું કે ખરેખર મારો ગર્ભ કોઈ દુષ્ટ દેવે હરી લીધો, અથવા

તો અકસ્માત્ મૃત્યુ પામ્યો. કાં તો તે ચવી ગયો અને કાં તો તે ગળી ગયો. એવી એવી અનેક શંકાઓ માતાના હૃદયમાં ઉદ્ભવી. મારો ગર્ભ પહેલાં જે કંપતો તે હવે કેમ બિલકુલ નિષ્કંપ થઇ ગયો ? એવા પ્રકારના વિચારોથી તેઓ ચિંતા અને શોકરૂપી સમુદ્રમાં તણાવા લાગ્યાં. હથેળી ઉપર મુખને ટેકવી, આર્ત્તધ્યાનમાં ઉતરી પડ્યા. પગ પાસેની ભૂમિ તરફ નજર સ્થિર કરી તેઓ વિચારવા લાગ્યાં કે—

જો મારા ગર્ભનું કોઈપણ પ્રકારે અકુશળજ થયું હોય તો મારા જેવી કમનસીબ નારી આ જગતમાં બીજી કોણ ? ભાગ્ય-હીન માણસને ઘેર ચિંતામણી રત્ન રહેતું નથી અને રત્નોનાં નિધાન પણ દરિદ્રની સોબત કરતા નથી. મરૂપ્રાંતની દુર્ભાગી ભૂમિમાં તે વળી કલ્પવૃક્ષ ક્યાંથી હોય ? તૃષાતૂર માણસે એવાં તે શાં પુણ્ય કર્યાં હોય કે તેને તરતજ અમૃત સાંપડે ?

અરેરે ! દૈવ ! તને આ શું સૂઝયું ? મારૂં મનોરથ રૂપી વૃક્ષ તેં સમૂળું કાં ઉખેડી નાખ્યું ? કુટીલ દૈવે બે સરસ ઉજ્જ્વલ નેત્રો આપીને બીજી જ ક્ષણે કાં ઝુંટવી લીધાં ? ધિક્કાર હો– એક વાર નહીં પણ અનેકવાર ધિક્કાર હો તે દૈવને, જેણે રત્નનો ભંડાર આપીને પાછો તુરતજ લુંટી લીધો ! ખરેખર, જાણે પાપિષ્ટ દૈવે મને મેરૂપર્વત ઉપર ચડાવી, ટોચ ઉપરથી નીચે ફેંકી દીધી હોય એમ લાગે છે. મારી આગળ પીરસેલો ભોજનનો થાળ નિર્લજ્જ દૈવે પડાવી લીધો !

અરે વિધાતા ! મેં આ ભવમાં કે પરભવમાં એવો તે શો અપરાધ કર્યો કે જેથી તને આવું દુષ્ટ કામ કરતાં જરાય વિચાર ન થયો ? હવે શું કરૂં ? ક્યાં જઉં ? કોની આગળ જઈ મારૂં રૂદન સંભળાવું ? મારા જેવી ભોળી નારીને દૈવ શા સારૂ બાળીને ભસ્મ કરતો હશે ?

ચૌદ સ્વપ્નાઓથી સૂચિત થયેલા, યોગ્ય, પવિત્ર, ત્રણે જગતને પૂજવા લાયક, ત્રણે ભુવનના પ્રાણીઓમાં અદ્વિતીય અને મનુષ્યોને આનંદ ઉપજાવનારા પુત્રરત્ન વિના હવે મને આ રાજ્યની પણ શી જરૂર છે? તુચ્છ વિષયજન્ય આ કૃત્રિમ સુખોની પણ મારે હવે શા સારૂ પરવા રાખવી જોઈએ? આ રેશમી શય્યા અને આ મહેલના વૈભવની મને શી જરૂર છે?

અરે દૈવ! દુઃખરૂપી અગ્નિથી તું શા સારૂ મને બાળી રહ્યો છે? મારા કોઈ પણ પ્રકારના અપરાધ વિના આવી શત્રુતા શા માટે બતાવે છે? ખરેખર, આ સંસારજ ધિક્કારવા યોગ્ય છે. સંસારના વિષયો જ એવા ચંચળ, અને મધથી લીંપેલી તલવારના જેવા દગાવાળા છે.

અથવા પૂર્વભવમાં મેં શું કંઈ એવું દુષ્ટ કૃત્ય કર્યું હશે કે જેથી મને આવું સંકટ પ્રાપ્ત થયું? ધર્મશાસ્ત્રમાં ઋષિઓએ કહ્યું છે કે:—"જે પાપી પ્રાણી, પશુ, પક્ષી અથવા મનુષ્યોના બાળકોનો તેમના માતા પિતાથી વિયોગ કરાવે છે તે પ્રાણીને સંતતિ જ થતી નથી, અને કદાચ થાય તો તે તત્કાલ મરી જાય છે." ત્યારે મેં પોતે શું પૂર્વજન્મમાં દુષ્ટ બુદ્ધિથી, ભેંસો થકી તેના ધાવણા વત્સોનો વિછોહ કરાવ્યો હશે? અથવા દૂધના લોભથી મેં તે વાછરડાંઓને દૂધનો અંતરાય કર્યો હશે? અથવા શું બીજા લોકો પાસે અંતરાય કરાવ્યો હશે? અથવા શું મેં બચ્ચાંઓ સહિત ઉંદરોનાં દર પાણીથી પૂરી દીધાં હશે? અથવા શું પૂર્વજન્મમાં અજ્ઞાનને વશ થઇ, ધર્મબુદ્ધિથી કીડી વિગેરેનાં દરને ઉના પાણીથી ભરી દીધાં હશે? અથવા શું ધર્મબુદ્ધિથી કાગડાનાં ઇંડાં ફોડી નાખ્યાં હશે? અથવા શું મેં ઇંડાં અને બચ્ચાંઓ સહિત પંખીઓના માળા નીચે જમીન ઉપર ફેંકી દીધા હશે? અથવા શું મેં કોયલ પોપટ અને

કુકડા વિગેરેને તેમના પ્રાણપ્રિય બચ્ચાંઓથી વિયોગ પડાવ્યો હશે ? અથવા મેં પૂર્વજન્મમાં શું બાળહત્યા કરી હશે ? શું શૉકયના પુત્રાદિ વિષે દુષ્ટ વિચાર કર્યા હશે ? શું કામણ વિગેરે કર્યાં હશે ? ગર્ભનું સ્તંભન, નાશ અને પાત જેવાં કુકર્મ કર્યાં હશે ? અથવા તો શું તે સંબંધી મંત્રો અને ઔષધોનો પ્રયોગ કર્યો હશે ? અથવા પૂર્વજન્મમાં શું ઘણીવાર શીલનું ખંડન કર્યું હશે ? કારણ કે આવું દુઃખ નીચ કર્મ વિના ન સંભવે. શાસ્ત્રમાં પણ કહ્યું છે કે—“ જન્માંતરમાં કરેલા શીલના ખંડનથી કુરાંડપણું, બાળવૈધવ્ય, દુર્ભાગ્યાદિ, વંધ્યત્વ, મૂવેલા બાળકો અવતરે એવું નિંદ્ય અને વિષકન્યાદિ અવતાર મળે છે, માટે હંમેશાં પોતાના શીલને દૃઢતાથી સાચવવું. ”

એવી રીતે ચિંતાગ્રસ્ત થયેલી અને કરમાઇ ગયેલા કમળ જેવા મ્લાન મુખવાળી ત્રિશલા રાણીને વિચારમાં ગરકાવ જોઇને તેમની સખીઓએ શોકનું કારણ પૂછયું. ત્રિશલા માતાની આંખમાંથી આંસુ પડવા લાગ્યાં. તેમણે એક દીર્ઘ નિશ્વાસ નાખ્યો અને ટુંકામાં જ જવાબ આપ્યો કે—“ હે સખીઓ ! હું એક અભાગિણી નારી તમને મારૂં દુઃખ શી રીતે કહું ? મારૂં સર્વસ્વ આજે નાશ પામ્યું છે. ”

“ બીજું બધું તો ઠીક. પણ હે વિદુષિ ! તારા ગર્ભને તો કુશળ છે ને ? એ એક જો કુશળ હોય તો બીજું અમંગળ પોતાની મેળે શાંત થઇ જશે. ” સખીઓએ આશ્વાસન આપતાં કહ્યું.

“ સખીઓ ! જો મારા ગર્ભને કુશળ હોય તો બીજું અકુશળ જેવું મારા માટે આ દુનિયામાં છે જ શું ? ” એટલું કહેતામાં ત્રિશલા માતા મૂર્છા ખાઇ ધરણી ઉપર ઢળી પડ્યાં. સખીઓએ શીતળ ઉપચાર કરી શુદ્ધિ પ્રાપ્ત કરાવી. શુદ્ધિમાં

આવ્યાં પછી પણ એજ વિલાપ કરવા લાગ્યાં કે:—"સમુદ્રમાં પાણી તો અગાધ ભર્યું હોય, રત્નોનો પણ કંઈ ટુટો ન હોય છતાં અકર્મીનો કાણો ઘડો ન ભરાય એમાં સમુદ્રને શી રીતે દોષ દઈ શકાય ? વસંતઋતુમાં સઘળી વનસ્પતિ ખીલી નીકળે છે, ચોતરફ વનરાજી ફળ-ફુલ અને નવપલ્લવથી લચી પડે છે, માત્ર કેરડાનું વૃક્ષ જ એક એવું હોય છે કે જેને વસંતનો સુંદર વાયુ કોઇ રીતે પત્ર લાવી શકતો નથી. પણ તેમાં વસંતઋતુનો દોષ કોણ કાઢે ? કોઇ સરળ અને સરસ વૃક્ષ ફળના ભારથી લચી પડયું હોય છતાં ઠીંગણો માણસ તેનું ફળ તોડવા શક્તિમાન ન થાય એમાં વૃક્ષને કેમ દોષ આપી શકાય ? એવી જ રીતે હે પ્રભુ ! હું જે મારી ઇચ્છિત વસ્તુ નથી મેળવી શકી તેમાં તમારો કોઇનો દોષ નથી, વસ્તુતઃ મારા કર્મનો જ દોષ છે ! ઘુવડ દિવસે ન જોઇ શકે તેમાં સૂર્યનો નહીં પણ ઘુવડનો પોતાનો જ દોષ ગણાવો જોઇએ. હવે તો મને મ્હોત આવે તો શાંતિ થાય. આ રીતે નિષ્ફળ જીવવાથી શું અર્થ સરવાનો હતો ?" એ પ્રમાણે હૃદય પીગળાવી નાખે એવી રીતે ત્રિશલા માતાને વિલાપ કરતાં જોઇ તેમની સખીઓ અને આખો પરિવાર પણ આક્રંદ કરવા લાગ્યો:—'અરેરે, વિધિએ પણ અકારણે શત્રુતા બતાવી આ આફત નાખી. હાય, કુલદેવીઓ પણ કોણ જાણે કયાં ચાલી ગઇ ? હંમેશા સહાય કરનાર કુલદેવીઓ આજે કેમ ઉદાસીન બની ગઇ હશે ?'

વિઘ્નનો નાશ કરવા માટે, વિચક્ષણ ગણાતી કુળની વૃદ્ધ સ્ત્રીઓ શાન્તિ-કર્મ, પુષ્ટિકર્મ, માનતા આખડી વિગેરે વિવિધ પ્રકારનાં વિધાનો કરવા લાગી. કેટલીક જ્યોતિષીઓને બોલાવી તેમની સાથે ચર્ચા કરવા લાગી. કેટલીક ચાલતા નાટકો એકદમ બંધ કરવા આગ્રહ કરવા લાગી અને કેટલીક તો કોઇને ઉંચે

શબ્દે બોલવા ચટકાવવા લાગી. આ દુ:ખદ સમાચારથી ઉત્તમ-બુદ્ધિવાળો સિદ્ધાર્થ રાજા પણ લોકોની સાથે ચિંતાતુર થઇ ગયો, અને તેમના મંત્રીઓ પણ કંઇ ઇલાજ હાથ ન લાગવાથી અત્યંત મૂઢની જેમ ચિંતાગ્રસ્ત બની ગયા.

નરપતિશ્રેષ્ઠ સિદ્ધાર્થ રાજાનું જે ભુવન, થોડી વાર પહેલાં મૃદંગ, વીણા, કરતાલી, અને નાટકના પાત્રોથી મનોહર રીતે ગુંજી રહ્યું હતું તે ભુવનમાં સર્વત્ર ગ્લાની અને ચિંતા ફેલાઈ ગઇ ! તમામ પ્રકારના સંગીત, નૃત્ય અને હાસ્યધ્વનિ વિરામ પામ્યા ! નાટારંભ શાંત થઇ ગયા ! કર્ણપ્રિય સુંદર ધ્વની આકાશમાં મળી ગયા. આખું રાજભુવન સૂનસાન અને શોકમય બની ગયું ! આનંદના સ્થાને દીનતા અને વ્યગ્રતાએ અધિકાર જમાવ્યો.

ભગવન્ મહાવીરના ગર્ભનું ફરકવું

શ્રમણ ભગવાન મહાવીરે ગર્ભમાં રહ્યા છતાં અવધિજ્ઞાનના બળથી, માતાનો આત્મવિષયક–પ્રાર્થિત અને મનોગત સંકલ્પ જાણી લીધો. તેમણે વિચાર્યું કે–મોહની ગતિ જ કંઈક ન્યારી છે. વ્યાકરણના નિયમ પ્રમાણે જેમ દુષ ધાતુનો ગુણ કરવાથી દોષ થઇ જાય છે તેમ આ સંસારમાં પણ ગુણ કરવા જતાં ઉલટો દોષ દેખાય છે. આ મોહની વાત કોને કરવી ? મેં માતાના સુખને માટે જે કર્યું તે ઉલટું તેમને ખેદકારક નીવડયું. આ લક્ષણ ખરૂં જોતાં ભાવી કળિકાળના પ્રાબલ્યને જ સુચવે છે. જેવી રીતે નાળીયેરના પાણીમાં શીતળતારૂપ ગુણને માટે નાખેલું કપુર ઝેર બની જાય છે અને મૃત્યુદાયક બને છે તેમ પાંચમા આરામાં મનુષ્યોને કરેલો ગુણ ઉલટો દોષ કરનારો થશે. એ પ્રમાણે વિચાર કરીને ભગવાન મહાવીરે પોતાના શરીરનો એક ભાગ સ્હેજ કંપાવ્યો.

માતાનો આનંદ

ગર્ભ સહિસલામત છે એમ જણાતાં ત્રિશલા માતાના આનંદનો પાર ન રહ્યો. તેમના બન્ને નેત્રોમાંથી ઉલ્લાસભાવ ઝરવા લાગ્યો. કપોલ હર્ષથી વિકાસ પામ્યા, મુખરૂપી કમળ સહસા પ્રફુલ્લિત થયું અને રોમરોમમાં આનંદનો પ્રવાહ વહેવા લાગ્યો. તેમણે પોતાની સખીઓ વિગેરેને કહ્યું કેઃ—ખરેખર, મારો ગર્ભ કોઇ પણ દુષ્ટ દેવે હરણ કર્યો નથી, તેમજ ગળી ગયાની કે ચ્યવી ગયાની કલ્પના પણ ખોટી ઠરી છે. આ મારો ગર્ભ પહેલાં કંપતો નહોતો તેથીજ ઘણા ઘણા તર્કવિતર્ક કરી નાખ્યા, પણ હવે તેના કંપન પરથી જણાય છે કે તે તદ્દન કુશળ છે. હજી મારાં સદ્ભાગ્ય વિદ્યમાન છે, હું ત્રણે ભુવનમાં માનનીય અને ભાગ્યશાળી છું. મારૂં જીવન પ્રશંસાપાત્ર છે. મારો જન્મ સાર્થક થયો છે મારા ઉપર શ્રી જીનેશ્વર પ્રભુ પ્રસન્ન થયા છે, ગોત્ર દેવીઓની પણ મારી ઉપર કૃપા ઉતરી છે, અને જન્મથી આરાધેલો જિનધર્મરૂપી કલ્પવૃક્ષ મને ફળ્યો છે.

એવી રીતે હર્ષયુક્ત ચિત્તવાળી ત્રિશલાદેવીને જોઇને વૃદ્ધ સ્ત્રીઓના મુખમાંથી " જય જય નંદા " ના આશીર્વાદ નીકળવા લાગ્યા. કુલાંગનાઓએ આનંદના આવેશમાં આવી ધવળમંગળ પવર્તાવ્યાં, ચારે તરફ ધ્વજા—પતાકા ફરકવા લાગી અને સ્થળે સ્થળે મોતીઓના સાથીઆ પુરાવા લાગ્યા. બંધ પડેલાં ગીત—વાદ્યો પણ ફરીથી શરૂ થયાં અને ગાયનો તથા નાચવડે આખું રાજકુળ દેવલોક જેવું શોભનીય અને આનંદમય બની ગયું. ગર્ભકુશળની વધામણીમાં કરોડોનું ધન સિદ્ધાર્થ રાજાએ ગ્રહણ કર્યું અને કલ્પવૃક્ષની જેમ કરોડોનું દાન આનંદપૂર્વક કર્યું.

ભગવાનનો અભિગ્રહ

શ્રમણ ભગવાન મહાવીરે ગર્ભમાંજ રહ્યા રહ્યા, સાડા છ માસ વીત્યા બાદ એવા પ્રકારનો અભિગ્રહ ધારણ કર્યો કે-" જ્યાં સુધી મારા માતાપિતા જીવતા રહે ત્યાં સુધી મારે મુંડ થઇને ઘરમાંથી નીકળી દીક્ષા લેવી ન કલ્પે." કારણ કે પ્રભુએ વિચાર્યું કે- "હજુ તો હું ઉદરમાં છુ, છતાં માતાનો મારી ઉપર આવો ગાઢ સ્નેહ છે તો પછી મારો જન્મ થયા બાદ તો કેવો સ્નેહ થશે ?" એટલે કે માતપિતાને સંતોષ આપવા તેમજ બીજાઓને પણ માતા તરફ બહુમાન રાખવા સૂચવવા અર્થે પ્રભુએ ઉક્ત અભિગ્રહ ધારણ કર્યો. કેમકે કહ્યું છે કે પશુઓ જ્યાં સુધી માતા ધવરાવે છે ત્યાં સુધી સ્નેહ રાખે છે. અધમ માણસો જ્યાં સુધી સ્ત્રી ન મળે ત્યાં સુધી માતા પર સ્નેહ રાખે છે, મધ્યમ માણસો જ્યાં સુધી માતા ઘરનું કામકાજ કરે ત્યાં સુધી સ્નેહ રાખે છે, તથા ઉત્તમ માણસો છેક જીવિત પર્યંત માતાને તીર્થ સમાન ગણી તેનાપર સ્નેહ રાખે છે.

ગર્ભપોષણનો વિધિ

ત્યારપછી ત્રિશલા ક્ષત્રિયાણીએ સ્નાન કર્યું. ઇષ્ટદેવનું પૂજન કર્યું, સકળ વિઘ્નોની શાંતિ માટે તિલક વિગેરે કૌતુકો અને દહીં, ધ્રો, અક્ષત વિગેરે મંગળરૂપ પ્રાયશ્ચિત્તો પણ કર્યાં. આખા અંગે અલંકારો સજ્યાં, અને બહુ ઠંડા નહીં તેમ બહુ ગરમ નહીં, અતિ કડવા નહીં તેમ અતિ તીખા નહીં, અતિ તુરા નહીં તેમ અતિ ખાટા કે મીઠા નહીં, અતિ ચીકાશવાળા નહીં તેમ અતિ લુખા નહીં, અતિ લીલાં નહીં તેમ અતિ સૂકાં નહીં એવા પ્રકારના આહારાદિ વડે ત્રિશલા ક્ષત્રિયાણી ગર્ભનું પોષણ કરવા લાગ્યાં.

ગર્ભપાલન વિષે વૈદ્યક વિધાન

અતિ ઠંડા, અતિ ગરમ વિગેરે આહારો ગર્ભને હિતકારી નથી. કારણ કે તેમાં કેટલાક વાયુ કરનારા, પિત્ત કરનારા અને કફ કરનારા હોય છે. વાગ્ભટ્ટ નામના વૈદ્યક ગ્રન્થમાં કહ્યું છે કે:—ગર્ભવતી સ્ત્રી જો વાયુ કરનારા પદાર્થો ખાય તો ગર્ભ ખુંધવાળો, આંધળો, જડબુદ્ધિવાળો, અને ઠીંગણો થાય છે. પિત્ત કરનારા પદાર્થો ખાય તો ગર્ભ ટાલવાળો તથા પીળા વર્ણવાળો થાય છે. કફ કરનારા પદાર્થો ખાવાથી ગર્ભ સફેદ કોઢવાળો, અથવા પાંડુરોગવાળો થાય છે. ગર્ભવતી સ્ત્રી જો અતિ ખારા પદાર્થ ખાય તો ગર્ભના નેત્રને હરણ કરે છે, અતિ ઠંડો આહાર ગર્ભને વાયુનો પ્રકોપ કરે છે, અતિ ગરમ પદાર્થ ગર્ભના બળને હરે છે અને અતિશય વિષયસેવન ગર્ભના પ્રાણ હરે છે.

મૈથુનસેવન, પાલખી વિગેરે વાહનમાં બેસી મુસાફરી કરવી, ઘોડા તથા ઉંટ વિગેરે ઉપર સ્વારી કરવી, ઘણું ચાલવું, ચાલતાં લચકાવું, પડી જવું, દબાવું, પેટ મસળાવવું, અથવા પેટમાં પીડ આવવી, અતિ દોડવું, અથડાવું, ઉંચું નીચું સૂવું, ઉંચી-નીચી જગ્યાએ બેસવું. સાંકડા સ્થાનમાં બેસવું, ઉભડક બેસવું, ઉપવાસ કરવા, વેગ-વિઘાત પામવો, અતિ લુખો આહાર કરવો, અતિ કડવા પદાર્થો ખાવા, અતિ તીખી વસ્તુઓ ખાવી, અતિશય ભોજન કરવું, અતિ રાગ કરવો, અતિ શોક કરવો, અતિ ખારા પદાર્થો વાપરવા, અતિશય ઝાડા થવા, ઉલટી થવી, જુલાબ લેવો, હીંચકા ખાવા, અજીર્ણ થવું વિગેરે કારણોથી ગર્ભને પીડા થાય છે, અને ગળી પણ જાય છે. ત્રિશલા ક્ષત્રિયાણીએ ઉપલા નિયમોનું બરાબર પાલન કર્યું.

ગર્ભને હિતકારી નિયમો

ઋતુઓને અનુકૂળ થાય એવા પ્રકારના ગુણકારી ભોજન, વસ્ત્ર, સુગંધી પદાર્થો અને પુષ્પમાળાઓ વડે ત્રિશલા ક્ષત્રિયાણી ગર્ભનું પોષણ કરવા લાગ્યાં. કહ્યું છે કે:—વર્ષાઋતુમાં-શ્રાવણ અને ભાદરવામાં લવણ અમૃત સમાન છે, શરદ્ ઋતુમાં-આસો અને કાર્તિક માસમાં જળ અમૃત સમાન છે, હેમંત ઋતુમાં-માગશર અને પોષ માસમાં ગાયનું દૂધ અમૃત સમાન છે, શિશિર ઋતુમાં-મહા અને ફાગણ માસમાં ખાટો રસ અમૃત સમાન છે, વસંતઋતુમાં-ચૈત્ર અને વૈશાક માસમાં ઘી અમૃત સમાન છે, ગ્રીષ્મ ઋતુમાં-જેઠ અને અષાડ માસમાં ગોળ અમૃત સમાન છે. એ પ્રમાણે ગર્ભને હિતકારી થાય એવા આહારાદિ વડે ગર્ભને પોષણ આપવા માંડયું અને તેની સાથે શોક-મોહ-મૂર્છા-ભય અને પરિશ્રમનો ત્યાગ કરી બહુજ કાળજી અને સાવચેતીથી ગર્ભની સંભાળ લેવા માંડી. સુશ્રુત નામના વૈદ્યક ગ્રન્થમાં કહ્યું છે કે:—

ગર્ભવતી સ્ત્રી જો દિવસે સૂવે તો ગર્ભ ઉંઘણશી થાય, ગર્ભવતી સ્ત્રી અંજન કરે તો ગર્ભ આંધળો થાય, રોવે તો વાંકી નજરવાળો થાય, સ્નાનવિલેપન કરે તો દુરાચારી થાય, તેલનું મર્દન કરે તો કોઢીયો થાય, નખ કાપે તો ખરાબ નખવાળો થાય, દોડે તો ચંચળ થાય, હસે તો ગર્ભના દાંત, હોઠ, તાળુ, જીભ એ સર્વ કાળા થાય, બહુ બોલે તો ગર્ભ બકબકીયો થાય, ઘણા શબ્દો સાંભળે તો બ્હેરો થાય, લખે તો ટાલવાળો થાય, પંખાથી બહુ પવન લે તો ગર્ભ ઉન્મત્ત થાય. આવાં ગર્ભને અહિતકારી થાય તેવાં તમામ કારણોથી ત્રિશલા ક્ષત્રિયાણી દૂર રહેવા લાગ્યાં.

કુળની વૃદ્ધ સ્ત્રીઓ પણ ત્રિશલા ક્ષત્રિયાણીને શિખામણ

આપવા લાગી કે:—" હે સખી, તું હમણા ધીરેધીરે ચાલજે, બોલ તો પણ બહુ ધીમેથી, કોઈ ઉપર ક્રોધ ન કરતી, પથ્ય ભોજન લેજે, પેટ પરની નાડી પોચી બાંધજે, ખડખડ હસીશ નહીં, ખુલ્લી જગ્યામાં બહુ ફરીશ નહીં, કોમળ પથારીમાં બનતાં સુધી પડી રહેજે, નીચી જગ્યામાં ઉતરવાનું સાહસ ન કરીશ, ઘરની બ્હાર પગલું ન મૂકીશ. " વિગેરે. ગર્ભના ભારથી મંદ થયેલાં ત્રિશલા દેવી પોતાની સહીયરોની શિખામણને પણ માન આપતા રહ્યાં.

માતાનો આહાર-વિહાર

ત્રિશલા માતા, ગર્ભને હિતકારી થાય તેવો, નહીં વધારે તેમ નહીં ઓછો, ગર્ભને પોષણ આપે તેવો પથ્ય-આહાર લેવા લાગ્યાં. જે કાળમાં જે આહાર લેવો જોઈએ તે કાળમાં તે જ આહાર પરિમાણપણે લેવા લાગ્યાં, સૂવા અને બેસવાનાં આસન પણ નિર્દોષ અને સુકોમળ જ રાખ્યાં. પોતાના પરિવાર સિવાય બીજા કોઈ માણસોની અવર-જવર ન હોય તેવા એકાંત, સુખકર મનોહર અને ચિત્તને આનંદ ઉપજાવે એવા સ્થાનમાં રહેવા લાગ્યાં. તેમની હાલવા-ચાલવાની અને ઉઠવા-બેસવાની ક્રિયા પણ બહુ જ મૃદુતાભરી થવા લાગી.

પ્રશસ્ત દોહલા

ગર્ભના પ્રભાવથી ત્રિશલા ક્ષત્રિયાણીને જે દોહલા-મનોરથો થયા, તે પણ ઘણા પ્રશસ્ત હતા. તેમને થયું કે-ચારે દિશામાં અમારી પડહ વગડાવ્યો હોય, ખૂબ દાન આપ્યાં હોય અને સદ્‌ગુરૂઓની સમ્યક્ પ્રકારે સેવા-પૂજા કરી હોય તો કેવું સારૂં ? તીર્થંકરોની પૂજા અને સંઘને વિષે મહોત્સવ કરી અનેક પ્રકારે સાધર્મિક વાત્સલ્ય કર્યું હોય તો કેવો આનંદ વર્ત્તે ? જાણે હું સિંહાસન

ઉપર બેઠી હોઉં, મારા મસ્તક ઉપર ઉત્તમ છત્ર શોભી રહ્યું હોય, બન્ને પડખે ચામર વીંઝાતા હોય અને પૂર સત્તાથી સમ્યક્ પ્રકારે શાસન ચલાવતી હોઉં તો કેવું સારૂં ? જાણે હું હાથીના મસ્તક ઉપર બેઠી હોઉં, મારી આસપાસ ધજાઓ ફરકતી હોય, વાજીંત્રોના નિનાદથી દિશાઓ ગાજતી હોય, લોકો ભારે આનંદથી "જય ! જય !" ના પોકારો કરતા હોય, અને હું ઉદ્યાનક્રિડા કરવા નીકળી હોઉં તો કેવું સારૂં ?

સિદ્ધાર્થ રાજાએ, તેમના સર્વ દોહલા–મનોરથો પૂરા કર્યા. જ્યારે જે પ્રકારની ઈચ્છા ઉદ્ભવી, ત્યારે તે ઈચ્છા પૂર્ણ કરી, મનોરથોને સન્માન્યા. એક પણ દોહલાની અવગણના ન કરી. એ રીતે વાંછિત મનોરથ પૂર્ણ થવાથી ત્રિશલા માતાના દોહલા ક્રમે ક્રમે શાંત થયા. અંતે તેમના બધા દોહલા પુરા થયા એટલે ત્રિશલામાતા ગર્ભને બિલકુલ હરકત ન આવે એ રીતે સુખપૂર્વક રહેવા લાગ્યાં. બેસે તો તકીયો કે કોઈ થાંભલાનો આશ્રય લે, નિદ્રા આવે એટલે સૂઈ જાય, પાછા ઉઠે, બેસે, શય્યામાં આળોટે અને હરે–ફરે. એ રીતે ત્રિશલા ક્ષત્રિયાણી સુખપૂર્વક ગર્ભને વહન કરવા લાગ્યાં.

મહાવીર પ્રભુની ગર્ભસ્થિતિ

ગ્રીષ્મકાળનો પહેલો મહિનો, ગ્રીષ્મકાળનું બીજુ પખવાડીયું, અર્થાત્ ચૈત્ર માસનું શુકલ પખવાડીયું–તે ચૈત્ર માસના શુકલ પખવાડીયાની તેરશ તિથિએ, બરાબર નવ માસ, અને સાડાસાત દિવસ પૂરા થયા. એ પ્રમાણે શ્રી મહાવીર પ્રભુની ગર્ભસ્થિતિનો કાળ જાણવો.

ચોવીસ તીર્થંકરોની ગર્ભસ્થિતિનો કાળ

શ્રી સોમતિલક સૂરિએ પોતાના સપ્તતિશત સ્થાનક નામના

ગ્રંથમાં ચોવીસે તીર્થંકરોનો ગર્ભસ્થિતિકાળ કહ્યો છે તે અહીં નીચે આપીએ છીએ. (અહીં દરેક તીર્થંકરનો ગર્ભસ્થિતિકાળ જેટલા માસ તથા જેટલા દિવસ પૂરેપૂરા થયા તે જ કહ્યા છે. તે ઉપરાંતનો અર્ધો દિવસ વિવક્ષિત નહીં હોવાથી કહ્યો નથી. તે સંભવ પ્રમાણે પોતાની મેળે સમજી લેવો.)

(૧) શ્રી ઋષભદેવ પ્રભુ નવ માસ અને ચાર દિવસ ગર્ભમાં રહ્યા, (૨) અજિતનાથ પ્રભુ આઠ માસ અને પચીસ દિવસ (૩) સંભવનાથ પ્રભુ નવ માસ અને છ દિવસ (૪) અભિનંદન પ્રભુ આઠ માસ અને અઠયાવીસ દિવસ, (૫) સુમતિનાથ પ્રભુ નવ માસ અને છ દિવસ (૬) પદ્મપ્રભુ નવ માસ અને છ દિવસ (૭) સુપાર્શ્વનાથ પ્રભુ નવ માસ અને ઓગણીસ દિવસ (૮) ચંદ્રપ્રભ પ્રભુ નવ માસ અને સાત દિવસ (૯) સુવિધિનાથ પ્રભુ આઠ માસ અને છવ્વીસ દિવસ (૧૦) શીતળનાથ પ્રભુ નવ માસ અને છ દિવસ (૧૧) શ્રેયાંસનાથ પ્રભુ નવ માસ અને છ દિવસ, (૧૨) વાસુપૂજ્ય પ્રભુ આઠ માસ અને વીશ દિવસ (૧૩) વિમળનાથ પ્રભુ આઠ માસ અને એકવીસ દિવસ (૧૪) અનંતનાથ પ્રભુ નવ માસ અને છ દિવસ (૧૫) ધર્મનાથ પ્રભુ આઠ માસ અને છવ્વીસ દિવસ (૧૬) શાંતિનાથ પ્રભુ નવ માસ અને છ દિવસ (૧૭) કુંથુનાથ પ્રભુ નવ માસ અને પાંચ દીવસ (૧૮) અરનાથ પ્રભુ નવ માસ અને આઠ દિવસ (૧૯) મલ્લિનાથ પ્રભુ નવ માસ અને સાત દિવસ (૨૦) મુનિસુવ્રત સ્વામી નવ માસ અને આઠ દિવસ (૨૧) નમિનાથ પ્રભુ નવ માસ અને આઠ દિવસ (૨૨) નેમિનાથ પ્રભુ નવ માસ અને આઠ દિવસ (૨૩) પાર્શ્વનાથ પ્રભુ નવ માસ અને છ દિવસ (૨૪) શ્રી મહાવીર પ્રભુ નવ માસ અને સાત દિવસ.

પ્રભુનો જન્મ

જે વખતે ગ્રહો ઉચ્ચ સ્થાનમાં વર્ત્તતા હતા, ચંદ્રનો ઉત્તમ યોગ પ્રાપ્ત થયો હતો, સર્વત્ર સૌમ્યભાવ, શાંતિ અને પ્રકાશ ખીલી રહ્યાં હતાં, દિશાઓમાં અંધકારનું નામનિશાન પણ ન હતું, ઉલ્કાપાત, રજોવૃષ્ટિ, ધરતીકંપ કે દિગ્દાહ જેવા ઉપદ્રવોનો છેક અભાવ વર્ત્તતો હતો, દિશાઓના અંત પર્યંત વિશુદ્ધિ અને નિર્મળતા પથરાયેલી હતી, જે વખતે સર્વ પક્ષીઓ પોતાના કલરવ વડે જય જયનો ઉચ્ચાર કરી રહ્યાં હતાં, જે વખતે દક્ષિણ દિશાનો સુગંધી શીતળ પવન, પૃથ્વીને મંદમંદપણે સ્પર્શ કરતો, વિશ્વના પ્રાણીઓને સુખ–શાંતિ ઉપજાવી રહ્યો હતો, જે વખતે પૃથ્વી પણ સર્વ પ્રકારના ધાન્યાદિથી ઉભરાઇ રહી હતી, અને જે વખતે સુકાળ, આરોગ્ય વિગેરે અનુકૂળ સંયોગોથી, દેશવાસી લોકોનાં હૈયાં હર્ષનાં હિંડોળે ઝુલી રહ્યાં હતાં, તેમજ વસંતોત્સવાદિની ક્રિડા દેશભરમાં ચાલતી હતી, તેવે વખતે–મધ્યરાત્રિને વિષે, ઉત્તરા ફાલ્ગુની નક્ષત્ર સાથે ચન્દ્રનો યોગ પ્રાપ્ત થતાં આરોગ્યવાળી ત્રિશલા ક્ષત્રિયાણીએ બાધારહિતપણે આરોગ્ય પુત્રને જન્મ આપ્યો.

પંચમ વ્યાખ્યાન

દેવ--દેવીઓનો મહોત્સવ

જે રાત્રિને વિષે શ્રમણ ભગવાન મહાવીર જન્મ્યા તે રાત્રિ પ્રભુના જન્મોત્સવ માટે નીચે ઉતરતા અને ઉંચે ચડતા અનેક દેવો અને દેવીઓને લીધે જાણે અતિશય આકુળ થઈ હોય એવી દેખાવા લાગી. આનંદમય હાસ્યથી અને અવ્યક્ત શબ્દોથી શાંત રાત્રિ પણ કોળાહળમય બની ગઇ, અચેતન જેવી દિશાઓ પણ હર્ષિત થઇ હોય એવી રમણીય દેખાવા લાગી. પવન પણ મંદમંદપણે વહેવા લાગ્યો. ત્રણે જગત્ ઉદ્યોતમય થઇ ગયાં, આકાશમાં દુંદુભિના કર્ણપ્રિય નાદ થવા લાગ્યા, પૃથ્વી પણ ઉચ્છ્વાસને પામી અને નારકીના દુઃખમય જીવોને પણ તે સમય આનંદમય લાગ્યો.

છપ્પન દિક્કુમારીઓનો આચાર

પ્રભુનો જન્મ થતાં છપ્પન દિક્કુમારીઓનાં આસન કંપ્યાં અને અવધિજ્ઞાને કરીને શ્રી અરિહંત પ્રભુનો જન્મ થયેલો જાણી, હર્ષપૂર્વક સૂતિકાઘરને વિષે આવી. તેઓમાં (૧) ભોગંકરા (૨) ભોગવતી (૩) સુભોગા (૪) ભોગમાલિની (૫) સુવત્સા, (૬) વત્સમિત્રા (૭) પુષ્પમાળા અને (૮) અનિંદિતા નામની આઠ દિક્કુમારીઓએ અધોલોકમાંથી આવી પ્રભુને તથા પ્રભુની માતાને નમસ્કાર કરી ઇશાન દિશામાં સુતિકા ઘર રચ્યું, અને એ ઘરથી એક યોજન પર્યંત જમીનને સંવર્ત્તવાયુવડે શુદ્ધ કરી. (૯) મેઘંકરા (૧૦) મેઘવતી (૧૧) સુમેધા (૧૨) મેઘમાલિની (૧૩) તોયધારા (૧૪) વિચિત્રા (૧૫) વારિ-

મેઘા અને (૧૬) બલાહિકા નામની આઠ દિક્કુમારીઓએ ઉર્ધ્વલોકમાંથી આવી પ્રભુને તથા પ્રભુની માતાને નમન કરી સુગંધી જળ તથા પુષ્પોની વૃષ્ટિ કરી. (૧૭) નંદા (૧૮) ઉત્તરાનંદા (૧૯) આનંદા (૨૦) નંદિવર્ધના (૨૧) વિજયા (૨૨) વૈજયંતી (૨૩) જયંતી અને (૨૪) અપરાજિતા નામની આઠ દિક્કુમારીઓએ પૂર્વદિશા તરફના રૂચક પર્વતમાંથી આવીને મુખ જોવા માટે આગળ દર્પણ ધર્યું. (૨૫) સમાહારા (૨૬) સુપ્રદત્તા (૨૭) સુપ્રબુદ્ધા (૨૮) યશોધરા (૨૯) લક્ષ્મીવતી (૩૦) શેષવતી (૩૧) ચિત્રગુપ્તા અને (૩૨) વસુંધરા નામની આઠ દિક્કુમારીઓ દક્ષિણદિશાના રૂચક પર્વતથી આવી સ્નાન માટે જળથી ભરેલા કળશો લઈ ગીતગાન કરવા લાગી. (૩૩) ઈલાદેવી (૩૪) સુરાદેવી (૩૫) પૃથિવી (૩૬) પદ્મવતી (૩૭) એકનાસા (૩૮) નવમિકા (૩૯) ભદ્રા અને (૪૦) શીતા નામની આઠ કુમારીકાઓ પશ્ચિમ દિશાના રૂચક પર્વતથી આવી પ્રભુને તથા પ્રભુની માતાને પવન નાખવા માટે હાથમાં વીંઝણા લઈને ઉભી રહી. (૪૧) અલંબુસા (૪૨) મિનકેશી (૪૩) પુંડરિકા (૪૪) વારૂણી (૪૫) હાસા (૪૬) સર્વપ્રભા (૪૭) શ્રી અને (૪૮) હ્રી નામની આઠ કુમારિકાઓ ઉત્તર દિશાના રૂચક પર્વત પરથી આવી ચામર વીંઝવા લાગી. (૪૯) ચિત્રા (૫૦) ચિત્રકનકા (૫૧) શતેરા અને (૫૨) વસુદામિની નામની ચાર કુમારિકાઓ રૂચકપર્વતની વિદિશાઓમાંથી આવી, હાથમાં દીપક લઈ ઇશાન વિગેરે વિદિશાઓમાં ઉભી રહી. (૫૩) રૂપા (૫૪) રૂપાસિકા (૫૫) સુરૂપા અને (૫૬) રૂપકાવતી નામની ચાર દિક્કુમારીઓએ રૂચકદ્વીપથી આવીને ભગવંતના નાળને ચાર અંગુળથી છેટે છેદી, ખોદેલા ખાડામાં

નાખી, ખાડો વૈડૂર્ય રત્નોથી પૂરી તેની ઉપર પીઠ બનાવ્યું તથા તેને દુર્વાથી બાંધીને તે જન્મઘરની પૂર્વદિશા, દક્ષિણ દિશા અને ઉત્તરદિશામાં કેળનાં ત્રણ ઘર બનાવ્યાં. દક્ષિણ દિશાવાળા ઘરમાં પ્રભુને તથા માતાને સિંહાસન ઉપર બેસારી, બંનેને સુગંધી તેલનું મર્દન કર્યું. પછી પૂર્વ દિશાવાળા ઘરમાં લઈ જઈને સ્નાન કરાવી-વિલેપન કરી કપડાં તથા આભૂષણો પહેરાવ્યાં. ત્યારબાદ ઉત્તર દિશાવાળા કેળના ઘરમાં લઈ જઈને ભગવંતને તથા તેમની માતાને સિંહાસન ઉપર બેસાડી, અરણિના બે કાષ્ટ ઘસી, અગ્નિ નીપજાવી, ઉત્તમ ચંદનવડે હોમ કરી, તે અગ્નિની રાખવડે દિક્કુમારીઓએ પ્રભુને તથા માતાને રક્ષાપોટલી બાંધી. ત્યારપછી તે દિક્કુમારીઓએ રત્નના બે ગોળા અફળાવી "તમે પર્વત જેટલા દીર્ઘાયુષી થાઓ" એવા પ્રકારના આશિર્વચન ઉચ્ચાર્યાં અને પ્રભુને તથા માતાને જન્મસ્થાને મૂકી પોતપોતાની દિશામાં જઈ ગીતગાન આરંભ્યાં. પ્રત્યેક દિક્કુમારીકા સાથે ચાર હજાર સામાનિક દેવો, ચાર મહત્તરાઓ, સોળ હજાર અંગરક્ષકો, સાત સેનાઓ, સાત સેનાપતિઓ અને બીજા પણ મહર્દ્ધિક દેવો તો હોય જ. તેમજ આભિયોગિક દેવોએ બનાવેલા યોજન પ્રમાણવાળા વિમાનો પણ હોય, અને એ વિમાનમાં બેસીને જ તેઓ પ્રભુનો જન્મોત્સવ કરવા આવે.

ઇન્દ્રની આતૂરતા

સૌધર્મેન્દ્રનું પર્વત સમાન નિશ્ચલ, શક્ર નામનું સિંહાસન કંપાયમાન થયું, એટલે ઇન્દ્રે અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકી જોયું તો ચરમ જિનેશ્વરનો જન્મ થયેલો જણાયો. તુરતજ ઇન્દ્રે હરિણેગમેષી દેવ પાસે એક યોજન જેટલા પરિમંડળવાળો સુઘોષા નામનો ઘંટ વગડાવ્યો. એ ઘંટની સાથે જ સર્વ

વિમાનોમાં રહેલા ઘંટ વાગવા લાગ્યા. પોતપોતાના વિમાનમાં થતા ઘંટનાદથી દેવો સમજી ગયા કે ઇન્દ્રને કંઇક કર્ત્તવ્ય આવી પડ્યું છે. તેઓ સર્વ એકઠા થયા એટલે હરિણેગમેષીએ ઇન્દ્રનો હુકમ કહી સંભળાવ્યો. તીર્થંકરનો જન્મમહોત્સવ કરવા જવાનું છે એમ જાણી દેવોને બહુજ આનંદ થયો. તેઓ ચાલવાની તૈયારી કરવા લાગ્યા.

ઇન્દ્રનો પરિવાર

પાલક નામના દેવે બનાવેલા અને લાખ યોજનના પ્રમાણવાળા પાલક નામના વિમાન ઉપર ઇન્દ્રે પોતાનું આસન લીધું. તે વિમાનમાં ઇન્દ્રના સિંહાસનની સામે જ તેની આઠ અગ્રમહિષીઓનાં આઠ ભદ્રાસન હતાં. ડાબી બાજુએ ચોરાશી હજાર સામાનિક દેવોનાં ચોરાશી હજાર ભદ્રાસન હતાં, જમણી બાજુએ અભ્યંતર પર્ષદાના બાર હજાર દેવોના બાર હજાર ભદ્રાસન, મધ્યમ પર્ષદાના ચૌદ હજાર દેવોના ચૌદ હજાર ભદ્રાસન અને બાહ્ય પર્ષદાના સોળ હજાર દેવોના સોળ હજાર ભદ્રાસન હતાં. અને ચારે દિશાઓમાં પ્રત્યેક દિશાને વિષે ચોરાશી હજાર આત્મરક્ષક દેવોના ચોરાશી હજાર ભદ્રાસન હતાં. આ પ્રમાણે પોતાના પરિવારના દેવોથી અને બીજા પણ કરોડોથી પરિવરેલો, ગુણોથી ગવાતો, ઇન્દ્ર ત્યાંથી ચાલ્યો, તેની સાથે બીજા દેવો પણ ચાલવા લાગ્યા.

સાંકડો થઇ પડેલો વિશાળ વ્યોમનો માર્ગ

કેટલાક દેવો ઇન્દ્રના હુકમથી ચાલ્યા, કેટલાક મિત્રના વચનથી, કેટલાક પોતાની પ્રિયાની પ્રેરણાથી, કેટલાક શુદ્ધ ભક્તિભાવથી, કેટલાક કુતુહલથી, કેટલાક અપૂર્વ આશ્ચર્યથી અને કેટલાક આત્મિક ભાવથી એમ અનેક રીતે સઘળા દેવો વિવિધ પ્રકાર

રના વાહન ઉપર સ્વાર થઇ ચાલી નીકળ્યા. તે વખતે જૂદી જૂદી જાતના વાજીંત્રો, ઘંટાનાદ અને દેવોના કોળાહળથી આખું બ્રહ્માંડ શબ્દમય બની ગયું. સિંહ પર સ્વારી કરનાર, પાસેના હાથીવાળા દેવને કહે છે કે—'તારો હાથી જરા દૂર હઠાવી લે, નહિંતર મારો આ મદોન્મત્ત કેસરી તારા હાથીને મારી નાખશે.' એવી રીતે પાડાની સ્વારી કરનાર, ઘોડેસ્વારને ગરૂડની સ્વારી કરનાર સર્પના સ્વારને, અને ચિત્રાની સ્વારી કરનાર બકરાના સ્વારને પોતાનું વાહન તારવવા આદરપૂર્વક કહેવા લાગ્યા. દેવોના કરોડો વિમાનો અને વિવિધ પ્રકારના વાહનોને લીધે વિશાળ વ્યોમનો માર્ગ પણ આજે સાંકડો થઈ પડયો. કેટલાક દેવો તો આવા સંકડાશવાળા માર્ગમાં મિત્રોને ત્યજી ચતુરાઈથી પોતપોતાના વાહનને આગળ કરી ચાલતા થયા. એવી રીતે સ્પર્ધાસ્પર્ધીથી આગળ ચાલતા દેવોને તેમના મિત્રો કહેવા લાગ્યા કે:—"મિત્ર, આમ ઉતાવળ શા સારૂ કરે છે? હું પણ તારી સાથેજ આવું છું!" આગળ નીકળી ગયેલ દેવ જવાબ આપવા લાગ્યા કે:—"આવો અવસર કોઈ મહા પુણ્યયોગના પ્રતાપે જ પ્રાપ્ત થાય છે. આવે પ્રસંગે તો જે કોઈ પહેલાં પહોંચી જઈ પ્રભુનાં દર્શન કરે તે મહાભાગ્યશાળી ગણાય. બીજે કોઈ વખતે હું તારો સંગાથ ન છોડું, પણ આજે તો મારાથી ન થોભાય." એમ મિત્રની રાહ જોયા વિના જ આગળ ચાલવા લાગ્યા.

જેમના વાહન વેગવાળા અને બળવાન હતા તેઓ તો બધા કરતાં સપાટાબંધ આગળ નીકળી ગયા. પણ જેઓ નિર્બળ હતા અને સ્ખલના પામતા હતા તેઓ કંટાળીને કહેવા લાગ્યા કે:— "અરેરે! શું કરીએ? આજે તો આવડું મ્હોટું આકાશ પણ અમારે માટે સાંકડું થઇ પડયું છે!" બીજા દેવો તેમને

શાન્ત્વના આપતાં કહેવા લાગ્યા કે:—" હમણા તો વખતને માન આપી મુંગા મુંગા ચાલવામાં જ મજા છે. પર્વના દિવસો આવા સાંકડા જ હોય. "

આકાશમાંથી ઉતરતા દેવોના મસ્તક પર ચન્દ્રનાં કિરણ વરસતાં હતાં અને તેથી દેવોને જાણે પળીયા આવી ગયા હોય એવા વૃદ્ધ સમા ભાસતા હતા. તેમના મસ્તકે સ્પર્શતા તારા, રૂપાના ઘડા જેવા, કંઠે સ્પર્શતા તારા કંઠા જેવા અને શરીરે સ્પર્શતા તારા પરસેવાનાં બિન્દુ જેવા શોભી રહ્યાં હતાં.

ઇન્દ્રનો આચાર

એ રીતે દેવોથી પરિવરેલો ઇન્દ્ર, નન્દીશ્વરદ્વીપ પાસે આવી, વિમાનને સંક્ષેપી, ભગવંતના જન્મસ્થાનકે આવ્યો. જિનેશ્વરને તથા માતાને ત્રણ પ્રદક્ષિણા દઇ વંદન-નમસ્કાર વિગેરે કરી બોલ્યો કે:—" કુખમાં રત્ન નિપજાવનારી, જગત્માં દીપિકા સમ હે માતા ! હું તમને નમું છું, હું-દેવોનો સ્વામી શક્રેન્દ્ર, આજે તમારા પુત્ર-છેલ્લા તીર્થંકરનો જન્મ મહોત્સવ ઉજવવા દેવલોકથી ચાલ્યો આવું છું. માતા ! તમે કોઈ રીતે ચિંતા કે વ્યગ્રતા ન ધરતા. " તે પછી ઇન્દ્રે ત્રિશલા માતાને અવસ્વાપિની નિદ્રા આપી અને જીનેશ્વર પ્રભુનું પ્રતિબિંબ માતાના પડખે મૂકયું. ઇન્દ્રે પ્રભુને કરસંપુટમાં લીધા અને પ્રભુની સેવાનો તમામ લાભ પોતાને જ મળે તે માટે પોતાનાં પાંચ રૂપ બનાવ્યાં. એક રૂપે પ્રભુને ગ્રહણ કર્યા, બે રૂપે બન્ને પડખે રહીને ચામર વીંજવા લાગ્યો, એક રૂપે પ્રભુને માથે છત્ર ધારણ કર્યું અને એક રૂપે વજ્ર ધારણ કરીને આગળ ચાલવા લાગ્યો. તેની સાથે-આગળ પાછળ અનેક દેવો ચાલવા લાગ્યા. તેમાં જેઓ આગળ ચાલતા હતા તેઓ પાછળ આવનારાઓને

ભાગ્યશાળી માનવા લાગ્યા અને પાછળ રહેનારાઓ આગળ ચાલનારાઓને અહોભાગ્ય ગણવા લાગ્યા. જેઓ આગળ ચાલતા હતા તેમને પ્રભુનાં દર્શનની ઝંખના થવા લાગી. તેમને વિચાર થયો કે પ્રભુના અદ્ભુત રૂપનું દર્શન કરવા, માથાના પાછલા ભાગમાં આંખો હોત તો કેવું સારૂં થાત ? ધીમે ધીમે, વિવિધ ભાવના ભાવતા દેવોથી પરિવરેલો સૌધર્મેન્દ્ર, મેરૂ પર્વતના શિખરપર રહેલા પાંડુક નામના વનમાં આવી પહોંચ્યો, અને ત્યાં મેરૂની ચૂલાથી દક્ષિણ ભાગમાં રહેલી અતિપાંડુકંબલા નામની શિલા પર જઇ, પ્રભુને ખોળામાં લઇ પૂર્વદિશા ભણી મુખ કરી સ્થિત થયો.

સ્નાનની સામગ્રી

એ વખતે દશ વૈમાનિક, વીશ ભુવનપતિ, બત્રીશ વ્યંતર અને બે જ્યોતિષ્ક એ પ્રમાણે ચોસઠ ઇન્દ્રો પ્રભુના ચરણ પાસે આવીને હાજર થઇ ગયા. અચ્યુતેન્દ્રે આભિયોગિક દેવોને કહી સોનાના, રૂપાના, રત્નના, સોના-રૂપાના, સોના-રત્નના, રત્ન અને રૂપાના, સુવર્ણરત્ન અને રૂપાના તેમજ માટીના, એવી રીતે એક યોજનના મુખવાળા આઠ જાતિના કળશો મંગાવ્યા. દેવોએ પ્રત્યેક જાતિના એક હજાર ને આઠ આઠ કળશ હાજર કર્યા. તે ઉપરાંત ભૃંગાર એટલે કે કળશવિશેષ, દર્પણ, રત્નના કરંડીયા, સુપ્રતિષ્ઠ એટલે ભાજનવિશેષ, થાળ, પાત્રી અને પુષ્પોની છાબડી વિગેરે પૂજાનાં ઉપકરણો, કળશની પેઠે દરેક આઠ આઠ જાતિનાં અને પ્રત્યેક જાતિના એક હજાર ને આઠ આઠ સંખ્યાનાં મંગાવ્યાં. માગધ વિગેરે તીર્થોની માટી અને જળ, ગંગા વિગેરે મહા નદીઓનાં કમળ અને જળ, પદ્મદ્રહ વિગેરેનાં કમળ અને જળ, તથા ક્ષુલ્લહિમવંત, વર્ષધર, વૈતાઢ્ય, વિજય અને વક્ષસ્કરાદિ પર્વતો ઉપરથી સરસવ પુષ્પો, સુગંધી પદાર્થો અને બીજી અનેક

પ્રકારની ઔષધીઓ મંગાવી લીધી. આભિયોગિક દેવોએ પ્રભુને સ્નાન કરાવવા માટે સર્વ કળશો, ક્ષીરસમુદ્રાદિના જળથી ભરીને તૈયાર રાખ્યા હતા. દેવોના વક્ષઃસ્થળ પાસે રહેલા, તીર્થના જળથી ભરેલા કળશ એવા શોભતા હતા કે જાણે દેવોએ સંસાર સમુદ્રને તરી જવા માટે ઘડા ધારણ કર્યા હોયની ! જાણે ભાવરૂપ વૃક્ષને સિંચતા હોય અથવા પોતાનો મેલ ધોઈ નાખતા હોય, અથવા ધર્મપ્રસાદ ઉપર કલશ સ્થાપતા હોય તેવા તે દેવો શોભી રહ્યા.

શક્રેન્દ્રની શંકા અને પ્રભુના સામર્થ્યનો પરિચય

જેના હૃદયમાં ભક્તિભાવ ઉભરાતો હોય તેના હૃદયમાં કોમળતા પણ હોય. અને એ ભક્તિભાવ તથા કોમળતા ઘણીવાર ખોટી શંકા ઉભી કરે છે. આ અવસરે ઇન્દ્રને શંકા ઉદ્ભવી કે—" લઘુ શરીરવાળા પ્રભુ આટલો બધો જળનો ભાર શી રીતે સહન કરી શકશે ?" ઇન્દ્રનો આ સંશય દૂર કરવા પ્રભુએ પોતાના ડાબા પગના અંગુઠાનો અગ્રભાગ મેરૂપર્વતને સ્હેજ દબાવ્યો. એટલામાં તો પ્રભુના અતુલબળથી આખો મેરૂપર્વત કંપી ઉઠ્યો, પર્વતના શિખરો ચોતરફથી પડવા લાગ્યાં, પર્વતો અને પૃથ્વી પણ સહસા ધ્રૂજી ઉઠી, સમુદ્રો ખળભળ્યા, બ્રહ્માંડ ફુટી જાય એવા ભયાનક શબ્દ થવા લાગ્યા અને દેવો પણ ભયવિહ્વલ બની ગયા. ઇન્દ્રને પોતાને પણ ક્રોધ ચડ્યો કે—" અરે ! આ પવિત્ર શાંતિક્રિયા સમયે આવો ઉત્પાત કોણે આદર્યો ? " તેણે અવધિજ્ઞાનથી જોયું તો આ ઉત્પાતમાં પોતાની શંકા અને પ્રભુના પરાક્રમની લીલા જ કારણભૂત જણાયાં.

ઇન્દ્રે પ્રભુને અતિ વિનયથી કહ્યું કે:—" હે નાથ ! આપનું અસાધારણ માહાત્મ્ય મારા જેવો સાધારણ પ્રાણી શી રીતે જાણી શકે ? મેં તીર્થંકરનું અનંતબળ જાણ્યા વિના જ, આપના

સામર્થ્ય વિષે શંકા આણી. મેં જે વિપરીત ચિંતવ્યું તે મારૂં કૃત્ય મિથ્યા હો ! હું આપની પાસે મારા અપરાધની ક્ષમા માગું છું. ”

મેરૂપર્વતને પણ થયું કે અસંખ્યાતા તીર્થંકરો આજ સુધીમાં થઈ ગયા, પણ મને કોઈએ પગથી સ્પર્શ કર્યો નથી. આજે વીરપ્રભુના પગનો સ્પર્શ પામી તે હર્ષથી નાચવા લાગ્યો. વળી તેણે વિચાર્યું કે આ સ્નાત્ર નીરના અભિષેકથી ઝરતાં સઘળાં ઝરણાંરૂપી મેં હાર પહેર્યાં તથા જીનેશ્વર રૂપી મુકુટને ધારીને હું સઘળા પર્વતોનો રાજા થયો.

સ્નાન-વિલેપન વિગેરે

પહેલાં અચ્યુતેન્દ્રે પ્રભુને સ્નાન કરાવ્યું, તે પછી અનુક્રમે બીજા ઇન્દ્રો અને છેક ચન્દ્ર-સૂર્ય વિગેરેએ પણ પ્રભુસ્નાનનો લ્હાવો લીધો. સ્નાત્ર મહોત્સવ વખતે ચરમ તીર્થંકરના મસ્તક પર શ્વેત છત્રની પેઠે શોભતું, મુખરૂપી ચંદ્ર પર કિરણોના સમુહની પેઠે તેજ વરસાવતું, કંઠમાં હારની પેઠે ઝૂલતું, સમસ્ત શરીરપર ચીન દેશના રેશમી કપડાની પેઠે દીપતું, અને ઇન્દ્રોના સમુહોએ ઉંચા કરેલા ઘડાઓના સમુહના મધ્ય-ભાગમાંથી નીચે પડતું-ક્ષીરસમુદ્રનું પાણી સૌની લક્ષ્મીને માટે હો! શક્રેન્દ્રે પોતે ચાર વૃષભનું રૂપ કરીને, આઠ શીંગડાઓમાંથી ઝરતા જળવડે પ્રભુનો અભિષેક કર્યો. દેવોને જે વિબુધ અર્થાત્ પંડિત કહેવામાં આવે છે તે યથાર્થ જ છે. કારણ કે ચરમ તીર્થં-કરને જળવડે ન્હવરાવવાનો લાભ લઇ પોતે જ નિર્મળ બન્યા. મંગળદીવો અને આરતી ઉતારી, નાચગાન તથા વાજીંત્રો વગાડી વિવિધ પ્રકારે મહોત્સવ કર્યો. ત્યારપછી ઇન્દ્રે ગંધ કાષાયી નામના દિવ્ય વસ્ત્રવડે પ્રભુના શરીરને લુછી, ચંદનાદિ-વડે વિલેપન કરી, પુષ્પપૂજા કરી. ત્યારબાદ પ્રભુની સમ્મુખ

રત્નના પાટલા ઉપર, રૂપાના ચોખાવતી દર્પણ, વર્ધમાન, કળશ, મત્સ્યયુગલ, શ્રીવત્સ, સ્વસ્તિક, નન્દ્યાવર્ત્ત અને ભદ્રાસન એ અષ્ટમંગળ આળેખી પ્રભુની સ્તુતિ કરી. એ બધું પતી રહ્યા પછી ઇન્દ્રે પ્રભુને તેમની માતા પાસે લાવીને મૂકયા. અને પોતાની શકિતથી પ્રભુનું પ્રતિબિમ્બ તથા અવસ્વાપિની નિદ્રા સંહરી લીધી. ઓશીકા નીચે બે કુંડળ અને મુલાયમ કપડાંની જોડી મૂકી. પ્રભુની દૃષ્ટિને આનંદ આપવા ઉપરના ચંદરવા સાથે સુવર્ણ અને રત્નની હારોથી સુશોભિત એક દડો લટકાવ્યો. તે ઉપરાંત બત્રીશ કરોડ રત્ન સુવર્ણ અને રૂપાની વૃષ્ટિ કરી. આખરે ઇન્દ્રે આભિયોગિક દેવ પાસે મોટા સાદે ઉદ્‌ઘોષણ કરાવી કે " પ્રભુ અને પ્રભુની માતાનું જે કોઈ અશુભ ચિંતવશે તેના મસ્તકના અર્જુનવૃક્ષની મંજરીની પેઠે સાત ટુકડા થશે. " વળી પ્રભુના અંગુઠા ઉપર અમૃત મૂકીને નંદીશ્વરદ્વીપમાં અઠ્ઠાઈ મહોત્સવ કરીને સઘળા દેવો પોતપોતાના સ્થાને ગયા.

વધામણી અને તેનું ફળ

પ્રભુનો જન્મ થયાનું જાણતાં જ પ્રિયંવદા નામની દાસી, દોડતી દોડતી સિદ્ધાર્થ રાજા પાસે પહોંચી અને પુત્રજન્મની શુભ વધામણી આપી. આવી અણમૂલી વધામણી સાંભળી રાજાને અત્યંત આનંદ થાય એમાં તો પૂછવું જ શું ? હર્ષના આવેશથી તેની વાણી ગદ્‌ગદ્ શબ્દોવાળી થઇ ગઈ અને તેના શરીરના રોમાંચ ખડાં થઇ ગયાં ! આવી સરસ વધામણી આપનાર દાસી પર રાજા ઘણોજ સંતુષ્ઠ થયો, પોતાના મુગટ સિવાયનાં સઘળાં આભૂષણો તેને બક્ષીસ આપી દીધાં અને દાસીપણાથી તેને સાવ મુક્ત કરી દીધી.

વિભૂતિઓનો વરસાદ !

જે રાત્રિએ શ્રમણ ભગવાન્ જન્મ્યા તે રાત્રિએ, કુબેરની

આજ્ઞાને માનનારા ઘણા તિર્યગ્જૃંભક દેવોએ, સિદ્ધાર્થ રાજાના ભુવનમાં રૂપાની, સુવર્ણની, રત્નોની, દેવદૂષ્યાદિ વસ્ત્રોની, ઘરેણાંની, નાગરવેલ પ્રમુખ પત્રોની, પુષ્પોની, ફલોની, શાલી, ઘઉં, મગ, યવ વિગેરે ધાન્યબીજની, માળાઓની, કુષ્ટપુટ, કપુર, ચંદનાદિ સુગંધી પદાર્થોની, સુગંધી ચૂર્ણોની, હિંગળોક જેવા રંગોની અને દ્રવ્યની ધારાબદ્ધ વૃષ્ટિ વરસાવી.

રાજ્યમાં સર્વત્ર રંગવધામણા

ભવનપતિ, વાનવ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક દેવોએ તીર્થંકરનો જન્માભિષેક મહોત્સવ કર્યા પછી, પ્રાતઃકાળ થતાં, સિદ્ધાર્થ રાજાએ નગરના કોટવાળોને બોલાવીને કહ્યું કેઃ— "હે દેવાનુપ્રિયો ! તમે જલદી ક્ષત્રિયકુંડ ગ્રામ નગરના કેદખાના શુદ્ધ કરો અને તમામ કેદીઓને છોડી મૂકો. (રાજનીતિમાં કહ્યું છે કે યુવરાજના અભિષેક વખતે, શત્રુના દેશ ઉપર ચડાઈ કરી વિજય મેળવ્યો હોય ત્યારે અને પુત્રના જન્મ વખતે કેદીઓને મુક્ત કરવા જોઇએ.) કેદીઓને છુટા મૂકયા પછી ઘી, તેલ, વિગેરે રસ માપવાનાં પળી–પાવળાં વિગેરેના માપમાં, ધાન્ય માપવાનાં પાલી, માણું વિગેરેના માપમાં (માનમાં) અને ત્રાજવાથી તોળવાનાં શેર વિગેરેના માપમાં (ઉન્માનમાં) વધારો કરવો. સમગ્ર ક્ષત્રિયકુંડપુર નગરને બ્હારથી તથા અંદરથી વાળીચોળી, ધૂળ વિગેરે કચરો ફેંકાવી દઈ, સુગંધી પાણી છંટાવી, છાણ વિગેરેથી લીંપાવી સાફ કરાવો; શિંગોડાના આકારના ત્રણ ખુણીયાસ્થાન, જ્યાં ત્રણ રસ્તાનો સંગમ થતો હોય, ચાર રસ્તાનો સંગમ થતો હોય, જ્યાં ઘણા રસ્તાનો સંગમ થતો હોય, તેમજ ચાર દરવાજાવાળા દેવમંદિર વિગેરે અને રાજમાર્ગો તથા સામાન્ય માર્ગોને સાફસુફ કરાવી, દુકાનો અને રસ્તાઓના મધ્યભાગનો કચરો દૂર ફેંકાવી, જમીનને સરખી–સપાટ બનાવી, પાણી છંટાવી

પવિત્ર કરો. ઉત્સવ જોવા માટે જે લોકો એકઠા થાય તેઓ બેઠા બેઠા બધું જોઈ શકે તે માટે રસ્તાને કિનારે માળબંધ માંચડાઓ બંધાવો. વિવિધ પ્રકારના રંગોથી રંગેલી અને સિંહ, હાથી, ગરૂડ વિગેરે પશુ-પક્ષીઓના ચિત્રોવાળી ધજા-પતાકાઓથી નગરને શણગારો. ભીંતો અને જમીનને છાણ તથા ચુના વિગેરેથી એવી સફાઈદાર બનાવો કે જાણે પૂજન આદર્યું હોય એમજ લાગે! ગોશીર્ષ, ચંદન, ઉત્તમ રકતચંદન અને દર્દર નામના પહાડી ચંદનવડે, નગરની ભીંતો વિગેરે સ્થળે પાંચ આંગળીઓ અને હથેળીઓના થાપા મરાવો! ઘરોની અંદર ચોકમાં મંગળકળશો સ્થપાવો, ઘરના દરેક દરવાજે, ચંદનના કળશોથી રમણીય લાગે એવા તોરણો બંધાવો, ઠેઠ ભૂમિ સુધી ઝુલે એવી વિશાળ અને ગોળ આકારની પુષ્પ-માળાઓ લટકાવો, સરસ-સુગંધી પંચવર્ણી પુષ્પોના સમુહ યોગ્ય સ્થળે ગોઠવી નગરને સંસ્કારયુકત બનાવો, કાળો અગરૂ, ઉંચી જાતનો કિંદુ, સેલારસ, અને દશાંગધૂપ પ્રકટાવી સારા નગરને સુવાસિત બનાવી મૂકો, ઉત્તમ ગંધવાળાં ઉંચી જાતનાં ચૂર્ણોથી એવી સુગંધ પ્રસરાવો કે આખું નગર જાણે સુગંધી પદાર્થો-ની બનાવેલી એક ગોળીજ હોય એવો ભાસ થયા વિના ન રહે! મેં કહ્યું તેવું નગર તમે પોતે કરો અને બીજાની પાસે કરાવો!

તે સિવાય નાચ કરાવનારા, નાચ કરનારા, દોરપર ચડી ખેલ કરનારા, મલ્લયુદ્ધ કરનારા, મુંઠીથી યુદ્ધ કરનારા, હાસ્ય-કુતૂહલ કરાવનારા વિદૂષકો, ભાંડ-ભવાયા, હાથી, ઉંટ કે ઉંચા રાખેલા વાંસને ટપી જનારા, નદી વિગેરે તરનારા, રસિક કથાઓ કહેનારા, રાસ રમનારા, કોટવાળો, વાંસપર ચડી તેના અગ્રભાગ ઉપર ખેલનારા, ચિત્રપટ હાથમાં રાખી ભિક્ષા માગનારા-ગોરીપુત્રો, ચામડાની મસકમાં વાયુ ભરી બજાવનારા, વીણા

વગાડનારા, તાળી વગાડી નાચ કરનારા, તાળી વગાડી કથા કહેનારા, એવી એવી જાતના ખેલ–કુતૂહળ–રમત–ગમત કરનારા અનેક લોકોને ક્ષત્રિકુંડગ્રામ નગરને વિષે બોલાવો.

અને આ મહોત્સવના દિવસોમાં કોઇ પોતાની ગાડી ન જોડે, હળ ન ખેડે, અને ખાંડવા–દળવાનું બંધ રાખે એવો બંદોબસ્ત તમે પોતે કરો તથા બીજા પાસે કરાવો અને મારી આજ્ઞા મુજબ દરેક કાર્ય કરીને મને નિવેદન કરો."

સિદ્ધાર્થ રાજાની આજ્ઞા પામી, કૌટુંબિક પુરૂષોએ ખુબ હર્ષ, સંતોષ અને આનંદપૂર્વક નમન કર્યું અને આજ્ઞાનાં વચન વિનયપૂર્વક અંગીકાર કરી, ક્ષત્રિયકુંડપુર નગરમાં જઇ કેદીઓને છોડી મૂક્યા, ધોંસરા અને સાંબેલા ઉંચા મૂકાવી દીધા અને દરેક કાર્ય સંપૂર્ણ કરી, સિદ્ધાર્થ ક્ષત્રિય પાસે આવી–વિનયપૂર્વક નમન કરી "આપની આજ્ઞા મુજબ બધાં કાર્યો થઇ ગયાં છે" એ પ્રમાણે નિવેદન કર્યું.

મહોત્સવરૂપ કુલમર્યાદા અને તેનું વર્ણન

સિદ્ધાર્થરાજાએ, તે પછી, કસરતશાળામાં આવી, કસરત, તેલમર્દન તથા સ્નાન વિગેરેથી પરવારી ચંદનાદિનું વિલેપન કર્યું, ઉત્તમ વસ્ત્રો તથા કીમતી આભૂષણો ધારણ કર્યાં અને સર્વ પ્રકારની સિદ્ધિ તથા ઉચિત સર્વ વસ્તુઓના સંયોગ સાથે, પાલખી–ઘોડા વિગેરે સર્વ પ્રકારના વાહન, પરિવારાદિ સર્વ સમુદાય અને અંતઃપુર સાથે, દસ દિવસ સુધી મહોત્સવરૂપ કુલમર્યાદા આરંભી. તે દિવસોમાં સર્વ જાતનાં પુષ્પો, સુગંધી પદાર્થો, વસ્ત્રો, માળાઓ અને અલંકારોથી તે શોભવા લાગ્યો, સર્વ પ્રકારના વાજીંત્રોના મનોહર ધ્વની–પ્રતિધ્વની થવા લાગ્યા, મહાન્ ઋદ્ધને સૂચવનારૂં છત્ર તેણે ધારણ કર્યું, સર્વ ઉચિત

વસ્તુઓ પોતપોતાના સ્થાનમાં શોભવા લાગી, મોટું સૈન્ય, પાલખી-ઘોડા વિગેરે વાહનો પણ યોગ્ય રીતે ગોઠવાઇ ગયા, શંખ, ડંકો, નગારૂં, નોબત, ખંજરી, રણશીંગુ, હુડુક્ક નામનું વાજીંત્ર, ઢોલ, મૃદંગ, અને દુંદુભિ નામના દેવવાદ્ય વિગેરેમાંથી આકાશભેદી શબ્દ અને પ્રતિશબ્દ નીકળવા લાગ્યા.

શહેરમાં વેચાવા માટે આવતા કરિયાણાની જગાત માફ કરવામાં આવી. ગાય વિગેરે ઉપર લેવાતો કર બંધ કર્યો, ખેડુતો પાસેથી ખેડનો લેવાતો ભાગ માફ કર્યો, જે મનુષ્યને જે ચીજ જોઈએ તેને તે બજારમાંથી વિનામૂલ્યે લેવાની છુટ મળી અને તે ચીજની જે કીમત હોય તે પોતાના ખજાનામાંથી આપવાનો બંદોબસ્ત કર્યો. ખરીદ અને વેચાણ બંધ કરાવ્યું. સિપાઈ કે રાજનો અમલદાર કોઈના ઘરમાં પ્રવેશ ન કરી શકે એવો બંદોબસ્ત કરાવવામાં આવ્યો. દંડના બે પ્રકાર હોય છે. ગુન્હા મુજબ રાજાને ધન આપવું પડે તે દંડ, મોટો ગુન્હો કર્યો હોય છતાં રાજાને થોડું ધન આપવું પડે તે કુદંડ; આવા દંડ અને કુદંડ દસ દિવસ સુધી દરેકને માફ કરવામાં આવ્યા. દરેક દેણદારનું કરજ રાજ્ય તરફથી ચૂકવી આપી, કરજદારોને કરજમાંથી છૂટા કરવામાં આવ્યા. રમણીય ગણિકાઓ, નાટકના પાત્રો, નાચ કરનારાઓ અને મૃદંગ બજાવનારાઓનાં નૃત્ય-ગાન તથા અભિનયથી સર્વત્ર ઈન્દ્રપુરીનો ભાસ થવા લાગ્યો. જ્યાં નજર પડે ત્યાં વિકસ્વર બનેલી પુષ્પમાળાઓ ઝુલતી હોય, શહેરીઓ અને દેશવાસીઓના મુખ ઉપર, તેમની વાણીમાં અને ગતિમાં પણ રમ્મત-ગમ્મત તરી આવતી હતી. આ પ્રમાણે કુલમર્યાદારૂપ મહોત્સવ બરાબર દસ દિવસ પર્યંત ચાલ્યો.

આ દસ દિવસ દરમીયાન સિદ્ધાર્થરાજાએ સેંકડો, હજારો અને લાખો પરિમાણવાળા યાગ કર્યા તથા કરાવ્યા. અહીં યાગ

શબ્દનો અર્થ જીનપ્રતિમાની પૂજા એ પ્રમાણેજ કરવાનો છે. કારણ કે મહાવીર સ્વામીના માતપિતા પાર્શ્વનાથ પ્રભુના સંતાનીય શ્રાવક હતા એમ આચારાંગ સૂત્રમાં (દ્વિતીય શ્રુતસ્કંધ, તૃતીય ચૂલિકા, પંદરમા અધ્યયનમાં) કહ્યું છે. અને શ્રાવકને બીજા યાગો અસંભવિત હોવાથી જીનપ્રતિમાની પૂજા સિવાય બીજો અર્થ બંધબેસતો થતો નથી. યાગ શબ્દમાં "યજ" ધાતુ છે. અને તેનો દેવપૂજા એવો અર્થ થાય છે. તે ઉપરાંત સિદ્ધાર્થરાજાએ પર્વાદિ દિવસે કાઢેલ દ્રવ્યનું તથા મેળવેલ દ્રવ્યના ભાગનું પણ ખૂબ દાન આપ્યું તથા અપાવ્યું. વળી સેંકડો હજારો અને લાખો વધામણાં પોતે ગ્રહણ કર્યાં અને નોકરો પાસે ગ્રહણ કરાવ્યાં.

ચંદ્ર–સૂર્યનાં દર્શન

હવે શ્રમણ ભગવાન મહાવીરના માતાપિતાએ પ્રભુના જન્મને પહેલે દિવસે, કુલક્રમથી ચાલી આવતી ઉચિત ક્રિયા કરી. ત્રીજે દિવસે ચંદ્ર–સૂર્યનાં દર્શનનો ઉત્સવ કર્યો. તેનો વિધિ નીચે પ્રમાણે છેઃ—પુત્રજન્મથી બે દિવસ ગયા બાદ ત્રીજે દિવસે ગૃહસ્થ ગુરૂ અરિહંત પ્રભુની પ્રતિમા આગળ સ્ફટિક અથવા રૂપાની બનાવેલી ચન્દ્રમાની પ્રતિમા પ્રતિષ્ઠિત કરી–પૂજી, વિધિપૂર્વક સ્થાપન કરે. ત્યારપછી માતા સ્નાન કરી, સુંદર વસ્ત્રો તથા આભૂષણો પહેરી, ચન્દ્રનો ઉદય થતાં પ્રત્યક્ષ ચંદ્રની સન્મુખ પુત્રને લઈ જાય. ૐ अर्हं चन्द्रोऽसि, निशाकरोऽसि, नक्षत्रपतिरसि, सुधाकरोऽसि, औषधिगर्भोऽसि, अस्य कुलस्य वृध्धिं कुरु कुरु स्वाहा ઈત્યાદિ ચન્દ્રનો મંત્ર ઉચ્ચારતો ગુરૂ માતાને તથા પુત્રને ચન્દ્રનું દર્શન કરાવે અને પુત્ર સહિત માતા ગુરૂને નમસ્કાર કરે ત્યારે ગુરૂ આશિર્વાદ આપે કેઃ—

सर्वौषधीमिश्र मरीचिराजिः सर्वापदां संहरणप्रवीणः ।
करोतु वृध्धिं सकलेऽपि वंशे, युष्माकमिन्दु सततं प्रसन्नः ॥

એટલે કે સર્વૌષધીમિશ્રિત કિરણોની પંક્તિવાળો અને સમગ્ર આપત્તિઓનો વિનાશ કરવામાં કુશળ-ચન્દ્ર, તમારી ઉપર સદા પ્રસન્ન રહો અને તમારા સકળ વંશને વિષે સર્વ પ્રકારે વૃદ્ધિ કરો.

ત્યારપછી સ્થાપિત કરેલી ચન્દ્રની મૂર્તિને વિસર્જન કરે. એવી જ રીતે સૂર્યનું પણ દર્શન કરાવે. વિશેષ એટલું કે સૂર્યની મૂર્ત્તિ સુવર્ણ અથવા ત્રાંબાની હોય, અને મંત્ર નીચે પ્રમાણે ભણાય:— " ॐ अर्ह सूर्योऽसि, दिनकरोऽसि, तमोपहोऽसि, सहस्रकिरणोऽसि, जगच्चक्षुरसि, प्रसीद; अस्य कुलस्य तुष्टिं पुष्टिं प्रमोदं कुरु कुरु स्वाहा. " ગુરૂ આશિર્વાદ રૂપે કહે કે:—

सर्व सुरासुरवन्द्यः कारयिताऽपूर्व सर्वकार्याणाम्

भूयात् त्रिजगच्चक्षु-र्मङ्गलदस्ते सपुत्रायाः

એટલે કે સર્વ દેવો અને અસુરોને વંદનીય, અપૂર્વ કાર્યો કરનાર, ત્રણે જગતના ચક્ષુરૂપ સૂર્ય તમને તથા તમારા પુત્રને મંગળ આપનારો થાઓ. એ પ્રકારે આશીર્વાદ આપી, સ્થાપિત કરેલી સૂર્યની મૂર્ત્તિનું વિસર્જન કરે.

હાલમાં ચન્દ્ર-સૂર્યને બદલે બાળકને અરીસો દેખાડવામાં આવે છે.

જાગરણ ઉત્સવ તથા સગાં-સંબંધીનો સત્કાર

પુત્ર જન્મને છઠ્ઠે દિવસે પ્રભુના માતપિતાએ, રાત્રિએ કુલધર્મ પ્રમાણે જાગરણ મહોત્સવ કર્યો. એવી રીતે કુલમર્યાદા પ્રમાણે દરેક વિધિ કરતાં, અગીયારમો દિવસ વીત્યા પછી અને નાલછેદ જેવી અશુચિ ક્રિયાઓ પતી ગયા પછી પુત્રજન્મના બારમે દિવસે અશન-પાન-ખાદિમ-સ્વાદિમ એમ ચાર પ્રકારના

કલ્પસૂત્ર.



ચન્દ્રદર્શન. (પૃ. ૧૬૨.)

K. Art Works, Bombay 2. Meghji Hirji Bombay 3.

આહારની પુષ્કળ સામગ્રી તૈયાર કરાવી. મિત્રો, જ્ઞાતિજનો, પુત્ર-પૌત્રાદિ આત્મીયો, પિત્રાઇઓ વિગેરે સ્વજનો, પુત્રી-પુત્રાદિના સાસુ સસરા વિગેરે સંબંધીઓ, દાસ-દાસી, નોકર-ચાકર વિગેરે પરિજનો અને જ્ઞાતકુળના ક્ષત્રિઓને, ભોજનને માટે નિમંત્રણો આપ્યાં. તે પછી માતપિતાએ સ્નાન કર્યું, ઇષ્ટદેવની પૂજા-બલિકર્મ આટોપ્યું, વિઘ્નોના વિનાશ માટે તિલક વિગેરે કૌતુકો તથા દહીં, ધ્રો, અક્ષત વિગેરે મંગળરૂપ પ્રાયશ્ચિત્તો કરી વાળ્યાં. એ સર્વ થઇ ગયા પછી સ્વચ્છ અને ઉત્સવના મંગળને સુચવનારાં ઉત્તમ વસ્ત્રો પહેર્યાં, થોડાં પણ કીમતી આભૂષણો ધારણ કર્યાં, અને ભોજન સમયે, ભોજનમંડપમાં આવી ઉત્તમ આસન ઉપર સુખપૂર્વક વિરાજ્યા. આમંત્રિત મિત્રો, જ્ઞાતિજનો, અને સ્વજનો-વિગેરે સાથે તેઓ ઉક્ત ચાર પ્રકારના આહારનું આસ્વાદન વિસ્વાદન અને ભોજન કરવા લાગ્યા. શેરડી વિગેરે કેટલાક પદાર્થોનો થોડો ભાગ ખવાય અને વિશેષ ભાગનો ત્યાગ કરાય તે આસ્વાદન, ખજુર વિગેરે કેટલાક પદાર્થોનો વિશેષ ભાગ ખવાય અને થોડો ત્યાગ કરાય તે વિસ્વાદન. લાડુ વિગેરે પદાર્થો સંપૂર્ણ ખવાય તે પરિભોગ. સિદ્ધાર્થ રાજા તથા ત્રિશલા રાણી પોતે ખાતાં ખાતાં, સ્વાદિષ્ટ પદાર્થો આગ્રહથી આપવા લાગ્યાં. એ રીતે તેમણે પોતાના સગા સંબંધીઓ સાથે આનંદપૂર્વક ભોજન કર્યું.

ભોજનથી પરવારી, બેઠકના સ્થાને આવી, શુદ્ધ જળથી આચમન કર્યું, મુખમાં ભરાઇ ગયેલ ભાત વિગેરે અશુદ્ધિ દૂર કરી, તદ્દન પવિત્ર થઈ, સર્વ આમંત્રિત સગાં-સંબંધીઓ અને પરિજનોને પુષ્કળ ઉત્તમ પુષ્પવડે, વસ્ત્રવડે, સુગંધી ચૂર્ણવડે, પુષ્પમાળાવડે, અને વિવિધ પ્રકારનાં આભૂષણો વડે નવાજ્યાં-સત્કાર્યાં; વિનયભર્યાં નમ્ર વચનો ઉચ્ચારી તેમનું સન્માન કર્યું. તે પછી તેમણે તેમને સર્વને સંબોધીને નીચે પ્રમાણે કહ્યું:—

વર્ધમાન નામની સાર્થકતા

હે દેવાનુપ્રિયો ! અમારો આ બાળક ગર્ભમાં હતો ત્યારે અમને આત્મવિષયક (ચિંતિત, પ્રાર્થિત અને મનોગત) એવો સંકલ્પ થયો હતો કે જ્યારથી આ બાળક કુખને વિષે ગર્ભપણે ઉત્પન્ન થયો છે ત્યારથી આપણે હિરણ્યથી, સુવર્ણથી, ધનધાન્યથી, રાજ્યથી, પ્રધાન દ્રવ્યથી, માનસિક સંતોષથી અને સ્વજનો તરફના સારા સત્કારથી અતિશય વૃદ્ધિ પામીયે છીયે, તેમજ ત્યારથી આરંભીને સીમાડાના રાજાઓ પણ વશ થયા છે, તેથી કરીને એ બાળક જન્મે ત્યારે આ ધન વિગેરેની વૃદ્ધિને સૂચવનારૂં અનુરૂપ, ગુણોથીજ ઉત્પન્ન થયેલું એવું "વર્ધમાન" નામ પાડશું. અમોને પહેલાં ઉત્પન્ન થયેલ મનોરથની સંપત્તિ આજે સફળ થઇ છે. અમારો કુમાર 'વર્ધમાન' નામથીજ ઓળખાઓ, અને અમે પણ તેનું વર્ધમાન નામ પાડીએ છીએ.

"શ્રમણ ભગવાન્ મહાવીર"

શ્રમણ ભગવાન્ મહાવીર કાશ્યપગોત્રના હતા. તેમના માતપિતાએ વર્ધમાન નામ પાડયું તે તો આપણે જાણી લીધું. પણ શ્રમણ ભગવાન્ મહાવીર નામ શી રીતે પડયું તેનો અધિકાર આ પ્રમાણે જાણવો:—રાગદ્વેષરહિતપણાનો જે સહજ ગુણ, તે સહજ ગુણપણે તપસ્યા કરવાની શકિત હોવાથી પ્રભુનું બીજું નામ "શ્રમણ" પડયું. વિજળી પડવી વિગેરે આકસ્મિક બનાવોથી જે ડર ઉપજે તે ભય કહેવાય, અને સિંહાદિથી ઉપજતો ડર ભૈરવ કહેવાય. આ ભય કે ભૈરવથી પણ પ્રભુ ચલાયમાન થયા નહીં. ભૂખ તરસ વિગેરે બાવીસ પ્રકારના પરીષહો અને દેવતા સંબંધી ચાર પ્રકારના ઉપસર્ગો ક્ષમાપૂર્વક સહન કર્યાં, અસમર્થ-

પણે નહીં પણ ક્ષોભરહિતપણે; ભદ્રાદિ પ્રતિમાઓ તથા એક રાત્રિકી પ્રમુખ અભિગ્રહો પાળ્યા, ત્રણ જ્ઞાનવડે શોભતા હોવાથી શ્રીમાન–જ્ઞાનવાળા, અરતિ ને રતિને સહન કરનારા–એટલે કે સુખ કે દુઃખમાં હર્ષ કે ખેદ નહીં ધરનારા, દ્રવ્ય એટલે ગુણોના ભાજનરૂપ અથવા વૃદ્ધાચાર્યોના મત મુજબ રાગ–દ્વેષ રહિત, પરાક્રમી, અર્થાત્ પોતાને મોક્ષગમનનો નિશ્ચય હોવા છતાં તપસ્યાદિમાં પાછી પાની ન કરી તેથી પરાક્રમશાળી, એવા પ્રકારની વીરતાના અસાધારણ ગુણો જોઈ દેવોએ તેમનું નામ "શ્રમણ ભગવાન્ મહાવીર" પાડ્યું.

પ્રભુની આમલકી ક્રિડા

દેવોએ પ્રભુનું નામ 'વીર' કેવી રીતે પાડ્યું તે વિષે આ પ્રમાણે સંપ્રદાય છે:—દેવો, અસુરો અને નરેશ્વરોએ પ્રભુનો જન્મોત્સવ કર્યો તે પછી પ્રભુ દાસ–દાસીઓ અને સેવકોની મધ્યમાં ચન્દ્રમાની પેઠે અથવા કલ્પવૃક્ષના અંકુરની જેમ વૃદ્ધિ પામવા લાગ્યા. બાલ્યાવસ્થામાં પણ પ્રભુ મહાન્ તેજસ્વી, ચન્દ્રમા સરખા મનોહર મુખવાળા, સુંદર નેત્રવાળા, ભ્રમર સમા શ્યામ કેશવાળા, પરવાળા જેવા લાલ ઓષ્ઠવાળા, હાથીના જેવી મનોહર ગતિવાળા, કમળ જેવા કોમળ હાથવાળા, સફેદ દાંતવાળા, સુગંધી શ્વાસવાળા, દેવો કરતાં પણ રૂપમાં ચડીયાતા, જાતિસ્મરણયુક્ત, ત્રણ જ્ઞાનવડે સુશોભિત, નીરોગી, ધૈર્ય–ગાંભીર્યાદિ ગુણોના નિધિ અને જગતને વિષે તિલક સમાન હતા. હવે આવી રીતે મોટા થતાં, જ્યારે તેઓ આઠેક વર્ષના થયા ત્યારે પોતે રમ્મત ગમ્મતમાં આસક્તિરહિત હોવા છતાં, પણ સરખી ઉમ્મરના કુમારોના અતિ આગ્રહથી તેમની સાથે આમલકી ક્રિડા એટલે કે વૃક્ષ ઉપર ચડવાની તથા વૃક્ષની ડાળીઓ ટપવાની રમ્મત કરવા, નગરની બ્હાર ગયા. બીજા કુમારો સાથે પ્રભુ પણ વૃક્ષપર ચડ-

વાની તથા કૂદવાની ક્રિડા કરવા લાગ્યા. એ વખતે સૌધર્મેન્દ્ર પોતાની સભામાં પ્રભુના ધૈર્યગુણની પ્રશંસા કરતો કહેવા લાગ્યો કે “ હે દેવો ! અત્યારના આ કાળમાં, મનુષ્યલોકમાં, શ્રી વર્ધમાન કુમાર એક બાળક હોવા છતાં તેમના જેવો બીજો કોઇ પરાક્રમી વીર નથી. ઇન્દ્રાદિ દેવો પણ તેમને બ્હીવરાવાને અસમર્થ છે. ખરેખર, ન્હાની વયમાં પણ તેઓ કેવા પરાક્રમી છે ? બાળક હોવા છતાં પણ કેવા ધૈર્યશાળી છે ? ”

મિથ્યાદૃષ્ટિ દેવની ખાલી માથાકૂટ

સૌધર્મેન્દ્રનાં આવાં વચન સાંભળી કોઇ મિથ્યાદૃષ્ટિ દેવ વિચારવા લાગ્યો કેઃ—‘ આ ઇન્દ્રને પોતાની સત્તાના અભિમાનમાં ગમે તેમ બોલી નાખવાની ટેવ પડી છે. રૂઉના પુમડાથી આખા નગરને દાટી દેવા જેવી મુર્ખાઇભરેલી વાત કોઇ બુદ્ધિમાન તો નજ માને. મનુષ્ય તો દેવોની પાસે એક પામરમાં પામર કીડા જેવો ગણાય, તેને પણ આ ઇન્દ્ર દેવો કરતાં કેટલો બધો ઉંચે ચડાવે છે ? શું એક માનવબાળનું ધૈર્ય દેવો પણ ચલાયમાન ન કરી શકે ? હું તે બીલકુલ માની શકતો નથી. હમણાંજ હું ત્યાં જઉં અને તે કુમારને બ્હીવરાવી ઇન્દ્રને જૂઠો પાડું તોજ ખરો ’ આ પ્રમાણે વિચાર કરી તે દેવ, જ્યાં કુમારો ક્રિડા કરતા હતા ત્યાં આવ્યો અને સાંબેલા જેવા જાડા, ચપળ બે જીભવાળા, ચળકતા મણિવાળા, ભયંકર ફુંફાડા મારતા, કાજળ સમાન કાળા વર્ણવાળા, ક્રૂર આકૃતિવાળા અને વિસ્તૃત ફણાવાળા મોટા સર્પનું રૂપ બનાવીને ક્રિડા કરવાના વૃક્ષને વીંટાળી દીધું. આવો ભયંકર સર્પ જોઇ ભયભીત બનેલા બધા કુમારો રમ્મત ગમ્મત પડતી મૂકી નાશી છુટ્યા. પરંતુ મહા પરાક્રમી, ધૈર્યશાળી શ્રી વર્ધમાન કુમારે જરાપણ ભય પામ્યા વગર, પોતે

આમલકી ક્રિડા. (પૃ. ૧૬૭.)

Kirshna Art Works, Bombay 2. Meghji Hirji Bombay 3.

ત્યાં પાસે જઈ, સર્પને હાથથી પકડી દૂર ફેંકી દીધો. સર્પ દૂર પડયો એટલે નિર્ભય બનેલા કુમારો પાછા એકઠા થઇ ગયા, અને ક્રિડા શરૂ કરી દીધી. પેલા દેવે વિચાર્યું કે " વર્ધમાન કુમાર આવી રીતે તો ન ડર્યા, માટે હજી બીજી રીતે બીવરાવવાનો પ્રયત્ન કરી જોઉં. "

બાળ પ્રભુએ હાથ બતાવ્યો

હવે કુમારોએ વૃક્ષની રમ્મત પડતી મૂકી દડાની રમ્મત શરૂ કરી. રમ્મતમાં એવી સરત હતી કે જે હારી જાય તે જીતેલાને પોતાના ખભા ઉપર બેસાડે. કુમારવેષધારી દેવ, શ્રી વર્ધમાન કુમાર સાથે રમતાં હારી ગયો. તેણે કહ્યું કે— " ભાઈ, હું હાર્યો અને આ વર્ધમાન કુમાર જીત્યા. માટે એમને મારા ખભા ઉપર બેસવા દો. " શ્રી વર્ધમાન ખભા ઉપર બેઠા એટલે દેવે તક સાધી તેમને બીવરાવવાનો પ્રપંચ કર્યો. તેણે પોતાની દેવશકિતથી સાત તાડ જેટલું ઉંચું પોતાનું શરીર બનાવ્યું. પ્રભુ તે પ્રપંચ જાણી ગયા. તેમણે વજ્ર જેવી કઠોર મુષ્ટિથી તેની પીઠ પર એવો તો પ્રહાર કર્યો કે તે ચીસો પાડવા લાગ્યો અને પીડા પામવાથી મચ્છરની જેમ સંકોચાઇ ગયો. પ્રભુનું પરાક્રમ તથા ધૈર્ય પ્રત્યક્ષ અનુભવી ઇન્દ્રનાં સત્ય વચનનો તેણે મનમાં સ્વીકાર કર્યો અને પોતાનું અસલ સ્વરૂપ પ્રકટ કરી, સઘળો વૃતાન્ત કહી સંભળાવ્યો. તેણે કહ્યું કેઃ— " હે પ્રભુ ! ઇન્દ્રે દેવોની સભામાં આપના ધૈર્યગુણની સ્તુતિ કરેલી તે સહન ન થઇ શકવાથી કેવળ પરીક્ષા માટેજ આટલું કરવું પડયું. મારા અપરાધની આપ મને ક્ષમા આપો. " એ રીતે પ્રભુની વારંવાર ક્ષમા માગતો તે દેવ પોતાના સ્થાને ગયો. તે વખતે સંતુષ્ઠ થયેલા ઇન્દ્રે પ્રભુને બાલ્યાવસ્થામાં પણ મહાન પરાક્રમી દેખી તે ધૈર્યશાલી પ્રભુનું "વીર" એ પ્રમાણે નામ પાડયું.

ભગવાન્ ભણવા જાય છે!

હવે પ્રભુ આઠ વરસથી કંઈક અધિક ઉમ્મરના થયા. જો કે તેઓ જન્મથીજ ત્રણ જ્ઞાનના ધણી હતા છતાં પરમ હર્ષિત થયેલા મોહવશ માતપિતા, સામાન્ય પુત્રની પેઠે તેમને પાઠશાળામાં ભણવા મોકલવા તૈયાર થયા. શુભ મુહુર્ત્ત અને શુભ લગ્ન જોઈ નિશાળે મોકલવાની મહોત્સવપૂર્વક મ્હોટી તૈયારી કરી. સગાં–સંબંધીઓનો હાથી, ઘોડા વિગેરે વાહનોથી, હાર, મુગટ, કુંડલ, બાજુબંધ, કંકણ વિગેરે આભૂષણોથી અને પંચવર્ણી રમણીય રેશમી વસ્ત્રોથી આદર પૂર્વક સત્કાર કર્યો. ભણાવનાર પંડિતને માટે મહામૂલ્યવાળાં ઘરેણાં, વિવિધ પ્રકારનાં રત્નો અને શ્રીફળ વિગેરે ઉત્તમ વસ્તુઓ તૈયાર કરવામાં આવી. પાઠશાળાના વિદ્યાર્થીઓને વહેંચવા માટે સોપારી, સાકર, બદામ દ્રાક્ષ, ચારોળી, મીઠાઇ અને વિવિધ પ્રકારનાં વસ્ત્રો મંગાવ્યાં. સુવર્ણ, રત્ન અને રૂપાથી જડેલાં પાટી–ખડીયો–લેખણ વિગેરે ઉપકરણો તૈયાર કર્યાં. સરસ્વતી દેવીની પ્રતિમાની પૂજા માટે કિંમતી રત્નો અને મોતીઓથી જડેલું સુવર્ણનું મનોહર આભૂષણ તૈયાર થયું. કુલની વૃદ્ધ સ્ત્રીઓએ પ્રભુને પવિત્ર તીર્થજળવડે સ્નાન કરાવી, ચંદન કપુર વિગેરે સુગંધી પદાર્થોથી વિલેપન કર્યું. ત્યારપછી ઉત્તમ વસ્ત્રો, દિવ્ય આભૂષણો, અને પુષ્પમાળાવડે અલંકૃત થયેલા પ્રભુને સુવર્ણની સાંકળથી શોભી રહેલા ઉત્તમ હાથી ઉપર બેસાડયા. સેવકોએ પ્રભુના મસ્તક ઉપર રમણીય છત્ર ધારણ કર્યું. ચન્દ્રના કિરણો જેવા સફેદ ચામરો વીંઝાવા લાગ્યા, ગવૈયાઓ ગાયન ગાવા લાગ્યા, વાજીંત્રોમાંથી મધુર સૂર નીકળવા લાગ્યા, વિવિધ પ્રકારના મનોહર નાચ થવા લાગ્યા, યાચકોને મનચ્છિત દાન મળવા માંડયા. એવી રીતે ધામધૂમ સાથે, ચતુરંગી સેનાથી પરિવરેલા શ્રી વર્ધમાન કુમાર પંડિતને ઘેર ભણવા

આવ્યા! પંડિત પણ લલાટાદિમાં ચંદનનાં તિલક કરી, પર્વ દિવસે પહેરવાનાં ઉત્તમ અને સ્વચ્છ વસ્ત્રો પહેરી, આભૂષણોથી અલંકૃત બની, વર્ધમાન કુમારની રાહ જોઈ બેઠા હતા. પ્રભુ પાઠશાળામાં પધાર્યા અને યોગ્ય સ્થાને બેઠા. બરાબર એ વખતે જ વાયુથી ઉડતી પતાકાની જેમ, સમુદ્રમાં સંક્રમેલા ચન્દ્રમાના પ્રતિબિંબની જેમ, મદોન્મત્ત હાથીના કાનની જેમ, પીપળાના પાનની જેમ, અને કપટીના ધ્યાનની જેમ ઇંદ્રનું સિંહાસન, પ્રભુના પ્રૌઢ પ્રભાવથી કંપાયમાન થયું. પોતાના અચલ સિંહાસનને એવી રીતે અકસ્માત્ કંપતું જોઈ ઇન્દ્રે અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકયો. પ્રભુનો સંબંધ જાણી તે અતિશય વિસ્મિત થયો અને પોતાની સભાના દેવોને ઉદ્દેશીને બોલ્યો કે:—"હે દેવો! જુઓ તો ખરા! ત્રણ જ્ઞાનના ધણી અને સર્વ શાસ્ત્રોના પારગામી તીર્થંકર પ્રભુને પણ માતાપિતાએ મોહવશ બની અલ્પવિદ્યાવાળા એક સાધારણ મનુષ્ય પાસે ભણવા મોકલ્યા છે! પણ એ ઠીક ન કહેવાય; કારણ કે આંબાને તોરણ બાંધવું, અમૃતમાં મીઠાશ લાવવા બીજી ચીજો નાંખવી, સરસ્વતીને ભણાવવી અને ચન્દ્રની અંદર સફેદ ગુણનું આરોપણ કરવું જેમ નકામું છે, તેમ સ્વયંજ્ઞાની તીર્થંકર પ્રભુને પાઠશાળામાં ભણવા મોકલવા એ પણ નિરર્થક છે. પ્રભુ આગળ વચનોનો આડંબર કરવો તે માતા આગળ મામાનું વર્ણન કરવા સમાન, લંકાનિવાસી આગળ સમુદ્રના કલ્લોલનું વર્ણન કરવા સમાન અને સમુદ્ર આગળ લવણની ભેટ લઈ જવા સમાન મિથ્યા જ છે. જીનેશ્વરો તો ભણ્યા વિના જ સર્વ શાસ્ત્રોના પારગામી, દ્રવ્ય વિના પણ પરમેશ્વર અને આભૂષણો વિના પણ મનોહર હોય છે. આવે પ્રસંગે મારી ફરજ તો સ્પષ્ટજ છે કે મારે પ્રભુનો અવિનય ન થવા દેવો જોઈએ." એ પ્રમાણે દેવસભામાં પ્રભુના ગુણોનું વર્ણન કરી,

ઇન્દ્ર તુરત જ બ્રાહ્મણનું રૂપ ધરી પંડિતના ઘેર આવ્યો. ત્યારપછી પંડિતને છાજે એવા આસન ઉપર પ્રભુને બેસારી ઇન્દ્રે પ્રભુને એવા તો પ્રશ્નો પૂછયા કે જે વ્યાકરણમાં અધિક કઠિન હોવાથી પંડિત પોતે પણ ખુલાસો કરી શકતો નહોતો. પોતાના મનમાં ઘણા વખતથી વસી રહેલી શંકાઓ પૂછાતી જોઇ પંડિત વિચાર કરવા લાગ્યો કે 'લાંબા સમયથી શાસ્ત્રોનો અભ્યાસ કરવા છતાં જે શંકાઓનું સમાધાન હું પોતે મેળવી શક્યો નથી તેનો ઉત્તર આ બાળક કેવી રીતે આપી શકશે ?' હાજર રહેલા લોકોને પણ થયું કે આવી આકરી શંકાઓનો ઉકેલ આ બાળક કેવી રીતે કરી શકે ? પંડિત તથા લોકો હજી વિચાર જ કરતા હતા, એટલામાં પ્રભુએ એક પછી એક પ્રશ્ન લઇ દરેકના સંતોષકારક ખુલાસા કરી દીધા. પંડિતોના મનમાં આજસુધી જે શંકાઓ ઘુંઘવાતી હતી તે શંકાઓ ઇન્દ્રે અવધિજ્ઞાનથી જાણીને જ એ વિષે ભગવાનને પ્રશ્નો કર્યાં હતા. એ શંકા અને ઉત્તરના પરિણામે "જૈનેન્દ્ર" નામનું વ્યાકરણ રચાયું.

લોકો તો ચકિતજ થઇ ગયા કે અહો ! વર્ધમાન કુમાર હજી બાળક હોવા છતાં આટલીબધી વિદ્યા કયાં ભણી આવ્યા ? સ્તબ્ધ બનેલો પંડિત પણ વિચારવા લાગ્યો કે " આટલા લાંબા વખતમાં મારી જે શંકાઓનું નિવારણ મ્હોટા મ્હોટા પંડિતોએ પણ કર્યું નહોતું, તે શંકાઓ આ બાળકે જોતજોતામાં દૂર કરી એ ખરેખર આશ્ચર્ય જ ગણાય ! વધારે આશ્ચર્ય તો વળી એ છે કે આવો વિદ્યાવિશારદ હોવા છતાં તેનામાં કેટલી બધી ગંભીરતા છે ? પણ એમાં ખરૂં જોતાં કંઇજ નવાઇ નથી. મહાત્મા પુરૂષોનાં આચરણ એવાં જ હોય. શરદ્ઋતુમાં ગર્જના કરતો મેઘ કંઇ વરસતો નથી. અને વર્ષાઋતુનો મેઘ તો ગર્જના વિના

મોટી બડાઈની વાતો કરનાર

હલકો માણસ કંઈ કર શકતો નથી. પરન્તુ ઉત્તમ માણસ કંઈ પણ વાગાડંબર કર્યા વિના પોતાનું કામ પાર પાડે છે જ. અસાર પદાર્થો જ મોટે ભાગે ખોટો આડંબર રાખે છે, બાકી સાત્ત્વિક પદાર્થોમાં એવો આડંબર હોતો નથી. કાંસાનો ખણુખણાટ થાય, પણ સોનાનો ખણખણાટ થોડો જ થાય છે ?" એ પ્રમાણે વિચારમુગ્ધ બનેલા પંડિતને શક્રેન્દ્રે કહ્યું કે:—"હે વિપ્ર ! તમે પોતાના મનમાં આને માત્ર બાળક ન ગણતા. એમને તો ત્રણ જગત્‌ના નાયક અને સકળ શાસ્ત્રોના પારગામી જિનેશ્વર જ માનજો." એ રીતે શ્રી વર્ધમાન કુમારની સ્તુતિ કરી ઇન્દ્ર પોતાના સ્થાને ગયો અને ભગવાન પણ જ્ઞાતકુળના સકળ ક્ષત્રિયોથી પરિવરેલા પોતાને ઘેર આવ્યા.

વિવાહ

અનુક્રમે પ્રભુ યૌવનાવસ્થા પામ્યા ત્યારે માતાપિતાએ તેમને ઉમ્મરલાયક અને ભોગસમર્થ જાણી, શુભતિથિ, નક્ષત્ર અને મુહૂર્ત્તમાં સમરવીર નામના રાજાની યશોદા નામની કન્યા સાથે પરણાવ્યા. તેમને પ્રિયદર્શના નામની એક પુત્રી થઈ. પ્રિયદર્શનાને પોતાના ભાણેજ જમાલી સાથે પરણાવી. તેણીને શેષવતી નામે પુત્રી થઈ.

પ્રભુનો સાંસારિક પરિવાર

શ્રમણ ભગવાન મહાવીરના પિતા કાશ્યપ ગોત્રના હતા. તેઓ ત્રણ નામથી પ્રસિદ્ધ હતા:-(૧) સિદ્ધાર્થ, (૨) શ્રેયાંસ અને (૩) યશસ્વી. શ્રમણ ભગવાન્ મહાવીરની માતા વશિષ્ઠ ગોત્રના હતાં. તેમના પણ ત્રણ નામ પ્રસિદ્ધ હતાં:—(૧) ત્રિશલા (૨) વિદેહદિન્ના અને (૩) પ્રીતિકારિણી. ભગવાનને સુપાર્શ્વ નામના કાકા હતા, નંદિવર્ધન નામે મ્હોટાભાઇ હતા, સુદર્શના નામની

બ્હેન હતી અને કૌડિન્ય ગોત્રની યશોદા નામની સ્ત્રી હતી. ભગવાનની પુત્રી કાશ્યપ ગોત્રની ગણાય, તેણીનાં બે નામ પ્રસિદ્ધ હતાં:—(૧) અનવદ્યા અને (૨) પ્રિયદર્શના. ભગવાનની પુત્રીની પુત્રી (નપ્તૃકા) કૌશિક ગોત્રની હતી અને તેણીનાં પણ બે નામ હતાં:—(૧) શેષવતી અને (૨) યશસ્વતી.

પ્રભુનાં વિશેષણો

શ્રમણ ભગવાન્ મહાવીર પોતે સર્વ કળાઓમાં કુશળ, પ્રતિજ્ઞાનો નિર્વાહ કરવામાં હંમેશા તત્પર, અત્યંત સુંદર રૂપવાળા, પોતાની ઇન્દ્રિયોને પોતાના વશમાં રાખનાર, સરળ પ્રકૃતિવાળા, વડિલોનો વિનય કરનારા, પ્રખ્યાતિ પામેલા, સિદ્ધાર્થ રાજાના પુત્ર-જ્ઞાતપુત્ર, જ્ઞાતકુળમાં ચન્દ્ર સમાન, વજ્રઋષભનારાચ સંઘયણ અને સમચતુરસ્ર સંસ્થાન વડે મનોહર હોવાથી વિશિષ્ટ પ્રકારના શરીરવાળા, વિદેહદિન્નાના અપત્ય એટલે કે ત્રિશલા ક્ષત્રિયાણીના પુત્ર, વિદેહાની કુખને વિષે ઉત્પન્ન થયું છે શરીર જેમનું એવા, અને ગૃહસ્થાવાસમાં બહુ સુકુમાર હતા. આવાં વિશેષણોથી વિભૂષિત પ્રભુ ત્રીશ વરસ સુધી ગૃહસ્થાવાસમાં રહ્યા. પછી જ્યારે તેમના માતપિતા દેવપણાને પામ્યા અને મોટાભાઈ નંદિવર્ધન તથા રાજ્યના પ્રધાનોની, દીક્ષા લેવા માટે અનુમતિ મળી ત્યારે જ દીક્ષા લેવાને તૈયાર થયા. મોટાભાઈના આગ્રહથી બે વરસ વધારે ગૃહસ્થાવાસમાં રહેવાનો અભિગ્રહ સંપૂર્ણ થયેલો હોવાથી, 'સમાપ્ત થઇ છે પ્રતિજ્ઞા જેમની' એવું વિશેષણ પણ પ્રભુને માટે સૂત્રકાર યોજે છે.

દીક્ષાની તત્પરતા—મ્હોટા ભાઇની માગણી

શ્રમણ ભગવાન મહાવીરની ઉમ્મર અઠયાવીશ વર્ષની થઈ

તે વારે તેમના માતાપિતા સ્વર્ગવાસી થયાં. આવશ્યક સૂત્રના અભિપ્રાય પ્રમાણે પ્રભુના માતા પિતા ચોથે દેવલોકે ગયા અને આચારાંગ સૂત્ર અનુસારે અચ્યુત નામના બારમા દેવલોકે ગયા. પ્રભુએ ગર્ભાવાસમાં જ પ્રતિજ્ઞા લીધી હતી કે—"માતાપિતાની હૈયાતી દરમીયાન દીક્ષા ન લેવી." એ પ્રતિજ્ઞા પૂરી થઇ, એટલે તેમણે પોતાના મ્હોટા ભાઇ નંદિવર્ધનની અનુમતિ માગી. મ્હોટાભાઇએ કહ્યું કે:—"ભાઈ! માતપિતાના વિયોગનું શૂળ હજી શમ્યું નથી. એ દુ:ખ હજી મને વિસારે પડયું નથી. એટલામાં વળી તમે દીક્ષાની વાત કરો છો તેથી મને ઘા ઉપર ખાર નાખ્યા જેટલો સંતાપ થાય છે. આવી સ્થિતિમાં તમારે, મને છોડીને જવાની વાત પણ ન ઉચ્ચારવી જોઇએ." વૈરાગ્યરંગથી તરબોળ થયેલા પ્રભુએ જવાબ આપ્યો કે:—"હે આર્ય! આ સંસારમાં દરેક જીવે કેટકેટલીવાર માતા, પિતા, ભાઇ, બ્હેન, ભાર્યા અને પુત્રના સંબંધ બાંધ્યા? આવી સ્થિતિમાં કોણે કોને માટે પ્રતિબંધ કરવો? તાત્વિક નજરે જોઇએ તો કોઇ કોઇનું નથી, માટે શોક–સંતાપ છોડી દેવો એજ ઉચિત છે." રાજા નંદિવર્ધને કહ્યું કે:—"ભાઈ! તમે કહો છો તે સંપૂર્ણ સત્ય છે. પણ તમે મને એટલાબધા પ્રિય છો કે તમારો વિરહ મને ઘણો જ સંતાપકારક થઇ પડશે. માટે આ વખતે દીક્ષા લેવાનું મુલતવી રાખી હજી બે વરસ મારા આગ્રહથી ખમી જાવ તો બહુ સારૂં." પ્રભુએ જણાવ્યું કે:—"ભલે, તમારો આગ્રહ છે તો હજી બે વરસ ઘેર રહીશ. પણ હવેથી મારે માટે કોઇપણ પ્રકારનો આરંભ ન કરશો. હું પ્રાસુક આહાર–પાણીવડે મારા શરીરનો નિર્વાહ કરીશ."

નંદિવર્ધન રાજાએ પણ પ્રભુનું વચન સ્વીકાર્યું. પોતે કહ્યા પ્રમાણે પ્રભુ બે વર્ષ વધારે ગૃહસ્થાવાસમાં રહ્યા. જો કે તે બે

વર્ષ પર્યંત પ્રભુ વસ્ત્રો અને આભૂષણોવડે અલંકૃત રહેતા, પણ હંમેશા નિરવદ્ય આહાર કરતા, જળ પણ અચિત્ત જ પીતા, અને સર્વસ્નાનને બદલે લોકવ્યવહારથી હાથ-પગ-મ્હોં ધોતા તે પણ અચિત્ત જળથી જ. ત્યારથી તેમણે જીંદગીપર્યંતનું બ્રહ્મચર્ય પાળ્યું. પ્રભુએ જ્યારે દીક્ષા લીધી ત્યારે તો તેમણે સચિત્ત જળથી સ્નાન કર્યું હતું, કારણ કે તીર્થંકરોનો એવો આચાર છે. પ્રભુ જયારે જન્મ્યા ત્યારે ચૌદ સ્વપ્નના પ્રતાપે "નિશ્ચયથી આ કુમાર ચક્રવર્ત્તી રાજા થશે." એમ ઘણા લોકો માનતા અને તેથી જ શ્રેણિક, ચંડપ્રદ્યોત વિગેરે રાજકુમારો પોતપોતાના માતપિતાની આજ્ઞાથી, પ્રભુની સેવા કરવા માટે હાજર થઇ ગયા હતા. પણ જ્યારે પ્રભુને મહા વૈરાગી અને દીક્ષા લેવા માટે તત્પર જોયા ત્યારે તેમને ખાત્રી થઇ કે "આ ચક્રવર્ત્તી ન હોઇ શકે." તેથી તેઓ પોતપોતાને ઘેર ચાલ્યા ગયા.

લોકાન્તિક દેવોનો સંકેત

એક તરફ પોતાની પ્રતિજ્ઞા પૂર્ણ થયેલી હોવાથી પ્રભુ પોતે જ દીક્ષા લેવાને તૈયાર હતા અને બીજી તરફ બ્રહ્મલોક નિવાસી લોકાન્તિક દેવોએ દીક્ષાને એક વરસ બાકી રહ્યું, એટલે કે પ્રભુની ઓગણત્રીસ વર્ષની ઉમ્મર થઇ ત્યારે પોતાના શાશ્વત આચાર પ્રમાણે પ્રભુને દીક્ષાનો અવસર આવ્યાનું સૂચવી દીધું. જો કે પ્રભુ તો સ્વયંસંબુદ્ધ છે, તેથી તેમને કોઇના ઉપદેશની અપેક્ષા ન હોય; પરંતુ પોતાના આચારને માન આપી લોકાન્તિક દેવો આવો સંકેત સૂચવી જાય છે. તે નવ પ્રકારના લોકાન્તિક દેવોએ પોતાની મધુર, પ્રિય અને હૃદયમાં ઉતરી જાય એવી વાણીમાં પ્રથમ તો પ્રભુને વારંવાર અભિનંદી ખૂબ સ્તુતિ કરી. તેમણે કહ્યું કે:—"હે સમૃદ્ધિશાલી ! આપનો જય હો, ! હે કલ્યા-

ભુવંત ! આપનો વિજય થાઓ ! હે પ્રભુ ! આપનું કલ્યાણ હો ! જગત્‌નો ઉદ્ધાર કરવાની ધોંસરી ધારણ કરવામાં સમર્થ હોવાથી હે ક્ષત્રિઓમાં શ્રેષ્ઠ વૃષભ સમાન ! આપનો જય

હે ભગવાન્, આપ બોધ પામો—દીક્ષા સ્વીકારો, હે લોકનાથ ! સકળ જગતના જીવોને હિતકર એવું ધર્મતીર્થ પ્રવર્ત્તાવો ! કારણ કે આ ધર્મતીર્થ સકળ લોકને વિષે સર્વ જીવોને હિત કરનારૂં થશે, સુખકારક તથા મોક્ષદાયક થશે."

દીક્ષાની તૈયારી

શ્રમણ ભગવાન્ મહાવીરને ગૃહસ્થ ધર્મની અંદર—વિવાહાદિની પહેલાં પણ અનુત્તર એટલે કે અભ્યંતર અવધિ હોવાથી ઉત્કૃષ્ટ, ઉપયોગવાળું અને કેવળજ્ઞાનની ઉત્પત્તિ થાય ત્યાં સુધી સ્થિર રહેવાવાળું જ્ઞાન—અવધિજ્ઞાન અને દર્શન—અવધિદર્શન હતું. તેથી શ્રમણ ભગવાન્ પોતેજ તે ઉત્કૃષ્ટ અને ઉપયોગવાળા અવધિજ્ઞાન તથા અવધિદર્શનવડે પોતાનો દીક્ષાકાળ બરાબર જાણતા હતા. દીક્ષાકાળ નજીકમાં આવેલો જાણી તેઓ હિરણ્ય, સુવર્ણ, ચાર પ્રકારના ધન, રાજ્ય, દેશ, હાથી, ઘોડા, રથ અને પાળા રૂપી ચતુરંગ સેના, વાહનો, ખજાનાઓ, ધાન્યના કોઠારો, નગર, અંતઃપુર, દેશવાસી લોકો, વિપુલ ધન—ગાય વિગેરે પશુઓ, કનક, રત્નો, ચન્દ્રકાંતાદિ મણિઓ, મોતીઓ, દક્ષિણાવર્ત્ત શંખો, ખીતાબો, પદવીઓ, પરવાળાં, માણેકો, વિગેરે વિદ્યમાન પ્રધાન દ્રવ્યનો ત્યાગ કરી, સર્વથી વિરક્ત થઇ, સુવર્ણ વિગેરેને અસ્થિર માનીને તે સઘળું યાચકો પ્રત્યે ભાગે પડતું વહેંચી આપીને, અથવા અમુકને આ આપવું, અમુકને તે આપવું એમ વિચાર કરીને, પોતાના ગોત્રીયોને ભાગે પડતું વહેંચીને દીક્ષા લેવા નીકળ્યા.

વાર્ષિક દાન

પ્રભુએ વાર્ષિકદાન આપ્યું એમ ઉપર સંક્ષિપ્તમાં સૂચવ્યું છે. પ્રભુને દીક્ષા લેવામાં એક વર્ષ બાકી હતું ત્યારથી જ તેમણે વાર્ષિક દાન આપવાનું શરૂ કર્યું. તેઓ હમેશાં સૂર્યોદયથી આરંભી પ્રાતઃકાળના ભોજન પહેલાં એક કરોડ ને આઠ લાખ સોનૈયાનું દાન આપવા લાગ્યા. નગરના દરેક રસ્તે અને શેરીએ શેરીએ ઢંઢેરો પીટાવ્યો કે "જેને જે કંઇ જોઇએ તે લઇ જાય." જેને જેની જરૂર હોય તેને તે પ્રભુ પાસેથી મળવા માંડયું અને તેમાં ઈન્દ્રની આજ્ઞાથી દેવોએ પણ સહાય કરી. એવી રીતે એક વર્ષમાં પ્રભુએ ત્રણ અબજ, અઠયાશી કરોડ અને એંશી લાખ સોનૈયા દાનમાં ખર્ચી દીધા ! આ વાર્ષિકદાનના સંબંધમાં કવિ કહે છે કે દાનની એવી તો વૃષ્ટિ થઇ કે દરિદ્રીઓનાં દારિદ્રય અને માંગણોની દીનતા રૂપી દાવાનળ છેક શાંત થઇ ગયા. કેટલાક પુરૂષોને નવાં આભૂષણો, વસ્ત્રો અને અશ્વો સાથે ઘર તરફ આવતા જોઇ તેમની સ્ત્રીઓ તેમને ઓળખી પણ ન શકી. પછી જ્યારે પુરૂષોએ સોગન ખાધા ત્યારેજ સ્ત્રીઓની ખાત્રી થઈ કે આ બીજા કોઇ નહીં પણ તેમના પોતાનાજ ધણી છે !

શ્રી નંદિવર્ધનની અનુમતિ અને દીક્ષા મહોત્સવ

વાર્ષિક દાનની ક્રિયા સમાપ્ત થતાં, પ્રભુએ પોતાના વડિલ બંધુ નંદિવર્ધનને પૂછયું કેઃ—"હે રાજન્! તમે કહેલી મુદત હવે પૂરી થાય છે, તેથી હવે હું દીક્ષા સ્વીકારૂં છું." આ વાત સાંભળી નંદિવર્ધન રાજાએ પણ દીક્ષા લેવા માટે પોતાની અનુમતિ આપી. તેમણે દીક્ષા મહોત્સવ કરવા માટે આખા ક્ષત્રિયકુંડ નગરને ધ્વજા—પતાકા તથા તોરણોથી શણગાર્યું, રસ્તા અને બજારો સ્વચ્છ બનાવી, રંગથી સુશોભિત કરી, ઉત્સવ જોવા આવનારા પ્રેક્ષકો માટે માંચડા ગોઠવ્યા. યોગ્ય સ્થળે પંચવર્ણી પુષ્પોની માળાઓ

લટકાવી દીધી ! અને એ રીતે નગરને દેવલોક જેવું બનાવી દીધું. ત્યાર પછી નંદીવર્ધન રાજાએ અને શક્રાદિ દેવોએ સુવર્ણના, રૂપાના, રત્નના, સુવર્ણ અને રૂપાના, સુવર્ણ અને રત્નના, રત્ન અને રૂપાના, સુવર્ણ રત્ન અને રૂપાના તથા માટીના, એવી રીતે આઠ જાતના કળશ, પ્રત્યેક જાતના એક હજાર અને આઠ આઠ સંખ્યાના તૈયાર કરાવ્યા. તેમજ બીજી પણ જોઇતી સામગ્રી તૈયાર કરાવી. અચ્યુતેન્દ્ર વિગેરે ચોસઠ ઈન્દ્રોએ મળી પ્રભુનો અભિષેક કર્યો, તે પછી દેવોએ કરેલા કળશો દિવ્ય પ્રભાવથી નંદિવર્ધન રાજાએ કરાવેલા કળશોની અંદર અંતર્હિત થઇ ગયા અને તેથી નંદિવર્ધન રાજાના કળશોમાં અપૂર્વ સૌંદર્ય ખીલી નીકળ્યું. નંદિવર્ધન રાજાએ પ્રભુને પૂર્વદિશા સન્મુખ બેસાડી, દેવોએ આણેલા ક્ષીર સમુદ્રના જળથી, સર્વ તીર્થોની માટીથી, અને સકલ ઔષધીઓથી તેમનો અભિષેક કર્યો. તે વખતે ઈન્દ્રો હાથમાં ઝારી તથા દર્પણ વિગેરે લઈ " જય ! જય ! " ના ઉચ્ચાર કરતા આગળ ઉભા રહ્યા. પ્રભુને એ રીતે સ્નાન કરાવી, ગંધકાષાયી વસ્ત્રવડે શરીરને લૂછી નાંખી આખે શરીરે દિવ્ય ચંદનનું વિલેપન કર્યું. એ વખતે પ્રભુનો કંઠ ભાગ, કલ્પવૃક્ષના પુષ્પોથી રચાયેલી માળાવડે દીપવા લાગ્યો, તેમના આખા શરીર ઉપર સુવર્ણજડિત છેડ વાળું, સ્વચ્છ, ઉજ્જવળ અને લક્ષમૂલ્ય વાળું શ્વેત વસ્ત્ર શોભવા લાગ્યું, વક્ષઃસ્થળ ઉપર કીમતી હાર ઝુલવા લાગ્યો, બાજુબંધ અને કડાઓથી તેમની ભુજાઓ અલંકૃત બની અને કુંડળના પ્રકાશથી તેમના મુખમંડળમાં અવનવી દીપ્તિ ચમકવા લાગી. એવી રીતે આભૂષણો અને વસ્ત્રોથી અલંકૃત થઇ પ્રભુ પાલખીમાં વિરાજ્યા.

પ્રભુની દીક્ષા-પાલખી

આ પાલખી પચાસ ધનુષ્ય લાંબી, પચ્ચીસ ધનુષ્ય પહોળી, છત્રીસ ધનુષ્ય ઉંચી, સુવર્ણમય સેંકડો સ્તંભોથી શોભી રહેલી અને મણિઓ તથા સુવર્ણથી જડિત હોવાથી વિચિત્ર લાગતી હતી. નદીમાં જેમ બીજી નદી ભળી જાય તેમ નંદિવર્ધન રાજાએ તૈયાર કરાવેલી પાલખીમાં દેવનિર્મિત પાલખી પણ દેવશક્તિથી ભળી ગઈ હતી. આવા પ્રકારની ચંદ્રપ્રભા નામની પાલખીમાં બેસી પ્રભુ દીક્ષા લેવા માટે નીસર્યા.

તે કાળે અને તે સમયે હેમંત ઋતુનો પહેલો મહિનો-માગશર માસ, પહેલું પખવાડીયું-કૃષ્ણપક્ષ અને દશમની તિથિ હતી. તે સુવ્રત નામના દિવસે પૂર્વ દિશા તરફ છાયા જતાં, ન્યૂન નહીં તેમ અધિક નહીં એ પ્રકારે બરાબર પ્રમાણપ્રાપ્ત પોરસી થતાં, ચન્દ્રપ્રભા નામની પાલખીમાં રત્નજડિત સુવર્ણના સિંહાસન ઉપર પ્રભુ પૂર્વદિશા સન્મુખ બેઠા. તે વેળા તેમણે છઠનો તપ કર્યો હતો અને વિશુદ્ધ લેશ્યાઓ વર્ત્તતી હતી. પાલખીમાં પ્રભુના જમણે પડખે કુલની મહત્તરા સ્ત્રી હંસલક્ષણ ઉત્તમ સાડી લઈને ભદ્રાસન ઉપર બેઠી હતી. ડાબે પડખે પ્રભુની ધાવ માતા દીક્ષાનાં ઉપકરણ લઇને બેઠી હતી. પાછળના ભાગમાં ઉત્તમ શ્રૃંગારવાળી, સ્વરૂપવતી એક તરૂણ નારી, હાથમાં સફેદ છત્ર ધરીને બેઠી હતી. ઇશાન ખુણામાં એક સ્ત્રી સંપૂર્ણ ભરેલો કળશ હાથમાં લઈને બેઠી હતી અને અગ્નિખુણામાં એક સ્ત્રી હાથમાં મણિમય પંખો લઇને ભદ્રાસન ઉપર બેઠી હતી. આવી રીતે સર્વ પ્રકારની તૈયારી થઇ રહ્યા પછી નંદિવર્ધનની આજ્ઞાથી તેના સેવકોએ પાલખી ઉપાડી. પછી શક્રેન્દ્રે તે પાલખીની દક્ષિણ તરફની ઉપરની બાહાને, ઇશાનેન્દ્રે ઉત્તર તરફની ઉપરની બાહાને, ચમરેન્દ્રે દક્ષિણ તરફની નીચેની

બાહાને અને બલીન્દ્રે ઉત્તર તરફની નીચેની બાહાને ઉપાડી. વળી કુંડળો અને બીજા આભૂષણોથી શોભતા, બાકી રહેલા ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક ઇન્દ્રો પંચવર્ણી પુષ્પોની વૃષ્ટિ કરતા અને દુંદુભી વગાડતા પોતપોતાની યોગ્યતા પ્રમાણે પાલખી ઉપાડવા લાગ્યા. ત્યાર પછી શક્રેન્દ્ર અને ઇશાનેન્દ્ર, પાલખીની બાહા છોડી ભગવંતને ચામર વીંઝવા લાગ્યા. આવી રીતે પ્રભુ પાલખીમાં બેસીને ચાલ્યા, ત્યારે શરદ્ઋતુમાં વિકસિત થયેલા કમલોવડે પદ્મસરોવર શોભે, પ્રફુલ્લિત થયેલું અલસીનું, કણેરનું, ચંપાનું અને તિલકનું વન શોભે, તેમ દેવોને લીધે સમગ્ર આકાશ મનોહર રીતે શોભી રહ્યું. ચોતરફ વાગી રહેલાં નગારાં, નોબત, ભંભા, વીણા, મૃદંગ અને દુંદુભી વિગેરે અનેક પ્રકારનાં વાજિંત્રોનો નાદ આકાશતલ અને ભૂતળ ઉપર પથરાઇ રહ્યો.

નગરની નારીઓની ઉલટ

વાજીંત્રોના કર્ણપ્રિય નાદ સાંભળી નગરવાસી નારીઓ પોતપોતાનાં કાર્ય છોડી ઉતાવળથી દોડતી દોડતી આવી, પ્રભુને નીરખવા માટે ઉભી રહી. કોઇએ કહ્યું છે કે:—

> तिन्निवि थीआं वल्लहां कलि कज्जल सिंदूर;
> एपुण अतिहिं वल्लहां, दूध जमाइ तूर.

અર્થાત—સ્ત્રીઓને કલેશ-કજીઓ, કાજળ અને સિંદૂર એ ત્રણ ચીજ પ્રિય હોય છે, પણ દૂધ, જમાઇ તથા વાજીંત્ર તો અતિશય વહાલાં લાગે છે.

તેથી નગરની નારીઓ, વાજીંત્રોના નાદ સાંભળતા જ હાફરી બાવરી બની, પોતાનાં કામ અધુરાં મૂકીને એવી તો વિચિત્ર રીતે ચાલી નીકળી કે કોઇને પણ તે જોઇને હસવું આવ્યા વિના

ન રહે. કોઈ એક સ્ત્રી આંખમાં કાજળ આંજતી હતી તે ઉતાવળમાં ગાલ ઉપર લગાવી દીધું અને ગાલ ઉપર કસ્તુરી લગાવવાની હતી તે આંખમાં આંજી દીધી ! પગમાં પહેરવાનું ઝાંઝર ઉતાવળને લીધે ગળામાં પહેરી લીધું અને કંઠમાં પહેરવાનો રમણીય કંઠો પગમાં પહેરી લીધો ! વળી કોઇ સ્ત્રીએ ડોકમાં પહેરવાનો હાર ઉતાવળથી કમ્મરમાં પહેરી લીધો અને કમ્મરમાં પહેરવાનો, રણઝણાટ કરતી ઘુઘરીવાળો કંદોરો ડોકમાં લગાવી દીધો ! કોઈ સ્ત્રીએ ઉત્સવ જોવાની ઉત્સુકતાથી, શરીરે વિલેપન કરવા માટે ઘસીને તૈયાર કરેલ ગોશીર્ષચંદનવડે પગ રંગી નાખ્યા અને પગ રંગવાને તૈયાર કરેલ અલતાનો રસ આખે શરીરે લગાવી દીધો ! અરધું સ્નાન કરેલી, ભીંજાએલા શરીરમાંથી ટપકી રહેલા જળવાળી અને વીખરાયેલા વાળવાળી, ઉતાવળથી દોડી આવતી કોઇ સ્ત્રીને જોઈ લોકો પ્રથમ તો ભય પામ્યા, પણ પાછળથી જ્યારે ઓળખાણ પડી ત્યારે સૌ હસી પડયા. કોઇક ભોળી સ્ત્રી તો ઉતાવળથી દોડતાં વસ્ત્ર ઢીલાં થઈ ખસી જવાથી હાથમાં કેવળ નાડીને જ પકડી ઉભી રહી, પણ સર્વ લોકો શ્રી જીનેશ્વરનાં દર્શન અર્થે તન્મય બનેલા હોવાથી કોઇની નજર તેની પર ન પડી અને તેથી તેને શરમાવાનું પણ કારણ ન રહ્યું. કોઈ એક તરૂણ સ્ત્રી તો પોતાના રડતા બાળકને ગોદમાં લેવાને બદલે ભુલથી બીલાડાને હાથમાં લઈ, કેડમાં બેસારી દોડતી આવીને ઉભી રહી ! આ દેખાવ જોનારને હાસ્ય સ્ફુર્યા વિના કેમ રહે ? શ્રી વીરપ્રભુનું મુખ જોવાને અતિશય લોલુપ બનેલી અને આનંદથી પ્રફુલ્લિત ગાલવાળી કેટલીક સ્ત્રીઓને તો પોતાનાં સુવર્ણનાં આભૂષણો સરી પડી ગયાં તેનું પણ ભાન ન રહ્યું ! કોઇ સ્ત્રી પ્રભુને દેખી બોલવા લાગી કે "ધન્ય છે આ રૂપને, ધન્ય છે આ તેજને અને ધન્ય છે આ મહાન પરાક્રમને ! શરી-

રને વિષે પણ કેટલું બધું અદ્દભુત સૌભાગ્ય શોભે છે? વિધાતાના હાથની આવી અસાધારણ કારીગરી જોઈ, હું તો તેનાં દુ:ખડાં લીધા વિના નથી રહી શકતી!" કેટલીએ ચંચળનેત્રવાળી સ્ત્રીઓએ, પોતાના હસ્તકમળમાંથી પવિત્ર મોતીઓ ઉડાડી પ્રભુને વધાવ્યા. કેટલીક સ્ત્રીઓ મધુર સ્વરથી રમણીય ધવલમંગળ ગાવા લાગી અને કેટલીક સ્ત્રીઓ તો આનંદના આતશયથી નાચવા લાગી!

સવારીનો ક્રમ

એવી રીતે નગરવાસી પુરૂષો અને સ્ત્રીઓ, જેમના વૈભવનો ઉત્કર્ષ જોવા ટોળે મળ્યાં છે, તે ભગવંતની આગળ પ્રથમ સ્વસ્તિક, શ્રીવત્સ, નન્દ્યાવર્ત, વર્ધમાનક, ભદ્રાસન, કળશ, મત્સ્યયુગલ અને દર્પણ એ પ્રમાણે રત્નમય આઠ મંગળ ક્રમસર ચાલવા લાગ્યા. તે પછી પૂર્ણ કળશ, ઝારી, ચામર, મોટી ધ્વજા, વૈડુર્યરત્નજડિત દંડ પર રહેલું સફેદ છત્ર અને મણિ-સુવર્ણમય સિંહાસન ચાલ્યું. પછી સ્વાર વગરના એકસો આઠ ઉત્તમ અશ્વ અને એકસો આઠ ઉત્તમ હાથી ચાલવા લાગ્યા. ત્યારબાદ ફરકતી પતાકાઓથી મનોહર લાગતા, ઘંટાઓ અને વાજિંત્રોના નાદથી રમણીય બનેલા અને અનેક પ્રકારનાં શસ્ત્ર તથા બખ્તરથી ભરેલા એકસોને આઠ રથ ચાલવા લાગ્યા. તેમની પછી બખ્તર પહેરેલા અને સર્વાંગસુંદર એકસો ને આઠ વીર પુરૂષો ચાલ્યા. તે પછી ક્રમસર ઘોડા, હાથી, રથ અને પાળાનું સૈન્ય ચાલવા લાગ્યું. ત્યારબાદ હજાર પતાકાવડે શોભી રહેલો અને હજાર યોજન ઉંચો એવો મહેન્દ્રધ્વજ ચાલ્યો. તેની પછી હાથમાં ખડ્ગ ધરનારા, ભાલાવાળા અને બાજોઠ ધરનારા ક્રમસર ચાલવા લાગ્યા. ત્યાર પછી હાસ્ય કરાવનારા, નાચ કરનારા અને જય, જય શબ્દનો ઉચ્ચાર કરનાર ભાટ-ચારણ ચાલવા લાગ્યા.

ત્યારબાદ ઉગ્રકુળના, ભોગકુળના અને રાજન્યકુળના ક્ષત્રિયો, કોટવાળો, મડંબના અધિકારીઓ, કૌટુમ્બિકો, શેઠીયાઓ, સાર્થવાહો, દેવો તથા દેવીઓ પ્રભુની આગળ, પાછળ અને પડખે ચાલવા લાગ્યાં.

વળી પ્રભુની પાછળ ચાલતા સ્વર્ગલોક મનુષ્યલોક અને પાતાલલોક નિવાસી દેવો, મનુષ્યો અને અસુરોના સમુદાયો, આગળ ચાલતા શંખ વગાડનારા, ચક્ર હથિયારને ધારણ કરનારા, હળના આકાર જેવું સુવર્ણમય આભૂષણ ગળામાં ધારણ કરનારા ભટ્ટ વિશેષો અથવા ખેડુતો, મુખમાંથી માંગલિક શબ્દો ઉચ્ચારનારા પ્રિયવાદકો, શૃંગાર પહેરી મનોહર બનેલા નાના કુમારોને ખભા ઉપર બેસાડી ચાલનારા પુરૂષો, બિરૂદાવળી બોલનારા ભાટ ચારણો અને ઘંટ વગાડનારા, રાઓળીયા નામે ઓળખાતા માણસો, પોતાની ઈષ્ટાદિ વિશેષણોવાળી વાણી વડે અભિનંદન આપતા—સ્તુતિ કરતા કહેવા લાગ્યા કેઃ—

પ્રભુને મળતા અગણિત અભિનંદનો

"હે સમૃદ્ધિમાન્, તમારો જય થાઓ, હે કલ્યાણકારક, તમે જય પામો, તમારૂં કલ્યાણ થાઓ! જીતી ન શકાય એવી ઇન્દ્રિયોને અતિચારરહિત જ્ઞાન, દર્શન અને ચારિત્રવડે વશ કરો! હે પ્રભુ, તમારા વિઘ્નો દૂર થાઓ અને તમે સિદ્ધિની મધ્યમાં વિરાજો! (અર્થાત્ શ્રમણધર્મને વશ કરવાના પ્રકર્ષમાં આપને કોઈ જાતનો અંતરાય ન નડો!) બાહ્ય અને આભ્યંતર તપવડે રાગ અને દ્વેષરૂપી મલ્લોનો વિનાશ કરો, ધીરપણામાં અતિશય કમ્મર કસી ઉત્તમ શુકલધ્યાનવડે આઠ કર્મોરૂપી શત્રુનું મર્દન કરો. હે વીર! તમે અપ્રમાદી થયા થકા ત્રણ લોકરૂપી રંગમંડપની મધ્યમાં મલ્લયુદ્ધ કરવાના અખાડામાં આરાધનારૂપી પતાકા

ગ્રહણ કરો, અર્થાત્ કર્મરૂપી શત્રુઓને જીતી વિજય પ્રાપ્ત કરો. આવરણ રહિત અને અનુપમ પ્રધાન કેવળજ્ઞાન મેળવો, રૂષભ દેવાદિ જીનેશ્વરોએ પ્રરૂપેલા જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ સરળ માર્ગવડે પરીષહોની સેનાને હણી પરમપદરૂપી મોક્ષસ્થાન પ્રાપ્ત કરો, હે ક્ષત્રિયોને વિષે ઉતમ વૃષભ સમાન! તમે જય પામો! ઘણા દિવસો સુધી, ઘણાં પખવાડીયાં સુધી, ઘણા મહિના સુધી, બબ્બે માસ પ્રમાણ હેમંતાદિ ઘણી રૂતુઓ સુધી છ છ માસ પ્રમાણ દક્ષિણાયન અને ઉત્તરાયણ લક્ષણવાળાં ઘણાં અયનો સુધી તથા ઘણાં વરસ સુધી પરીષહો અને ઉપસર્ગોથી નિર્ભય રહીને, વિજળી, સિંહ વિગેરેના ભય અને ભૈરવોને ક્ષમાપૂર્વક સહન કરીને તંને વિજય પ્રવર્ત્તાવો! સંયમરૂપ ધર્મમાં તમોને નિર્વિઘ્નતા પ્રાપ્ત થાઓ!" એ પ્રમાણે કહીને કુલના વડિલ વિગેરે સ્વજનો જય જય શબ્દ બોલવા લાગ્યા! ત્યારપછી શ્રમણ ભગવાન મહાવીર ક્ષત્રિયકુંડગ્રામ નગરની મધ્યમાં થઈને જ્ઞાતખંડવન નામના ઉદ્યાનમાં, અશોકવૃક્ષ તળે આવ્યા.

લોકોના ભકિત–શ્રદ્ધાભર્યા મનોભાવ

માર્ગમાં, મહોત્સવ જોવા માટે હારબંધ ગોઠવાએલા માણસોએ હજારો નેત્રપંકિતથી વારંવાર પ્રભુને નીરખ્યા, હજારો વચનોની પંકિતઓથી તેમની વારંવાર સ્તુતિ કરી, હજારો હૃદયપંકિતઓએ "તમે જય પામો! તમે દીર્ઘાયુષી થાઓ અને તમે આનંદ પામો!" ઈત્યાદિ શુભ ભાવનાઓ પ્રેરી "અમે આ પ્રભુના આજ્ઞાકારી સેવક થઈએ તો કેવું સારૂં?" એવા હજારોએ મનોરથ કર્યા. તેમની કાંતિ, રૂપ અને ગુણો જોઈ અનેકોએ તેમનું સ્વામિત્વ ઈચ્છયું. હજારો આંગળીઓની પંકિત પ્રભુ તરફ વારંવાર વળવા લાગી. હજારો સ્ત્રી–પુરૂષોના હજારો નમસ્કારો પ્રભુએ પોતાના જમણા હાથથી ગ્રહણ કર્યા. એ રીતે એક

પછી એક એમ હજારો ઘરોની પંક્તિઓ ઓળંગીને પ્રભુનો વરઘોડો આગળ ચાલવા લાગ્યો. વીણા, કરતાળ અને બીજાં વાજીંત્રોમાંથી ઉઠતા મધુર અને મનોહર શબ્દથી આકાશ ગુંજવા લાગ્યું. લોકોએ કરેલી જય જય શબ્દની ઉદ્દઘોષણા તથા તે વડે મિશ્રિત થયેલા અતિ કોમળ શબ્દવડે પ્રભુ વારંવાર સાવધાન થયા. વળી છત્રાદિ રાજચિન્હરૂપ સર્વ પ્રકારની ઋદ્ધિ, આભૂષણાદિની સર્વ પ્રકારની કાંતિ, હાથી ઘોડા વિગેરેનું પુષ્કળ સૈન્ય, ઉંટ ખચ્ચર પાલખી વિગેરે સર્વ પ્રકારનાં વાહનો, શહેરીઓ વિગેરે સર્વ લોકોનો સમુદાય, ઉચિત કરવારૂપ સર્વ પ્રકારનો આદર, સર્વ સંપત્તિ, સમસ્ત શોભા, આનંદમય ઉત્સુકતા, સમગ્ર સગાં-સંબંધીઓનો મેળાપ, નગરમાં નિવાસ કરનારી ક્ષત્રીય-વૈશ્યાદિ અઢારે વર્ણની પ્રજા, સમગ્ર નાટકો, સમગ્ર તાળી વગાડી નાચ કરનારા તથા કથા કહેનારાઓ, સકળ અંતઃપુર, સર્વ જાતનાં પુષ્પો, વસ્ત્રો, સુગંધી પદાર્થો, માળાઓ અને અલંકારોની શોભાવડે દેદિપ્યમાન લાગતા ભગવાન મહાવીર દીક્ષા લેવા માટે જ્ઞાતખંડ વન તરફ આગળ વધવા લાગ્યા. સર્વ પ્રકારના વાજીંત્રોના શબ્દો અને તેની સાથે સંગત થતા પડઘાઓ દિશાના અંત સુધી ગર્જી રહ્યા. મહાદ્યુતિ એટલે આભૂષણાદિની મહાકાંતિ અથવા ઉચિત એવી વસ્તુઓની મોટી રચના, મહાન્ સૈન્ય, ઉંટ પાલખી જેવા અનેક વાહનો, શહેરીઓ અને પરિવારાદિ સર્વ લોકોનો મોટો સમુદાય, ઉત્તમ વાજીંત્રોના શબ્દો તથા પ્રતિશબ્દો, તેમજ શંખ, નગારૂં, પટહ, નોબત, ખંજરી, રણશીંગુ, હુડુકક અને દુંદુભી નામક દેવવાદ્ય વિગેરે પ્રકારની અનુપમ ઋદ્ધિથી વિંટળાઇ વળેલા ભગવંતની પાછળ હાથી ઉપર બેઠેલા, મનોહર છત્રવડે શોભતા, ચામરોવડે વીંઝાતા અને ચતુરંગી સેનાથી પરિવરેલા નંદિવર્ધન રાજા પણ ધીમે ધીમે આગળ ગતિ કરી રહ્યા હતા. એ

રીતે સમગ્ર દબદબાવાળો જનસમુદાય, શ્રમણ ભગવાન મહાવીર-ની સાથે ક્ષત્રિયકુંડપુર નગરની મધ્યમાં થઈને પસાર થતો જ્ઞાત-ખંડવન નામના ઉદ્યાનમાં જ્યાં અશોક નામનું ઉત્તમ વૃક્ષ હતું ત્યાં આવી પહોંચ્યો.

અનગારપણાનો અંગીકાર

અશોકવૃક્ષની નીચે આવી, પાલખી નીચે ઉતરાવી, પ્રભુ પોતે નીચે ઉતર્યા અને પોતાની મેળેજ આભૂષણો તથા માળા વિગેરે ઉતારવા લાગ્યા. આંગળીની વીંટી, હાથના વીરવલય, ભુજાપરના બાજુબંધ, કંઠનો હાર, કાનના કુંડળ અને મસ્તક પરનો મુકુટ ઉતાર્યો. એ સઘળાં આભૂષણો, કુળની મહત્તરા સ્ત્રીએ હંસલક્ષણ સાડીમાં લઇ લીધાં. અને કહ્યું કેઃ—" હે પુત્ર ! તમે ઇક્ષ્વાકુ નામના ઉત્તમ કુળમાં જન્મ્યા છો. તમારૂં કાશ્યપ નામનું ઉંચું ગોત્ર છે. જ્ઞાતકુળરૂપી આકાશમાં પૂર્ણિમાના નિર્મળ ચંદ્ર સમાન સિદ્ધાર્થ નામના ઉત્તમ ક્ષત્રીયના અને ઉત્તમ જાતિની ત્રિશલા ક્ષત્રીયાણીના તમે પુત્ર છો, દેવેંદ્રો અને નરેંદ્રોએ પણ તમારી સ્તુતિ કરી છે, માટે હે પુત્ર ! આ સંયમ-ના માર્ગમાં તમે બરાબર સાવધાન થઇ ચાલજો, મહાત્માઓએ આચરેલા માર્ગનું અવલંબન લેજો, તરવારની ધાર સમાન મહા-વ્રતનું પાલન કરજો, શ્રમણધર્મમાં પ્રમાદ ન કરતા." વિગેરે ભાવાર્થનાં વચનો કહી, પ્રભુને વંદન તથા નમસ્કાર કરી તે સ્ત્રી એક બાજુ ખસી ગઇ.

સર્વ અલંકારોનો ત્યાગ કર્યા પછી, શ્રમણ ભગવાન મહા-વીરે પોતાની મેળેજ એક મુષ્ટિવડે દાઢી–મૂછનો અને ચાર મુષ્ટિવડે મસ્તકના કેશનો એવી રીતે પંચમુષ્ટિ લોચ કર્યો. એ વેળા નિર્જળ છઠ્ઠનો તપ તો હતોજ. ઉત્તરા ફાલ્ગુની નક્ષત્ર

સાથે ચંદ્રનો યોગ થયો ત્યારે ઇંદ્રે ડાબા ખભા ઉપર સ્થાપન કરેલું દેવદૂષ્ય વસ્ત્ર ગ્રહણ કરીને એકલા એટલે રાગદ્વેષરહિત-પણે, અદ્વિતીયપણે, (એટલે કે ઋષભદેવ પ્રભુ ચાર હજાર રાજાઓ સાથે, મલ્લિનાથ અને પાર્શ્વનાથ ત્રણસો ત્રણસો સાથે, વાસુપૂજ્ય પ્રભુ છસો સાથે અને બાકીના ઓગણીસ તીર્થંકરો હજાર હજાર સાથે દીક્ષિત થયા હતા તેમ ભગવાન મહાવીર બીજા કોઇની સાથે નહીં, પણ અદ્વિતીયપણે) કેશનો લોચ કરવા રૂપ દ્રવ્યથી અને ક્રોધાદિને દૂર કરવારૂપ ભાવથી મુંડ થઇને, ગૃહવાસથી નીકળી અનગારપણાને—સાધુપણાને પામ્યા !

વિધિ

પંચમુષ્ટિ લોચ કર્યા બાદ પ્રભુએ સામાયિક ઉચ્ચારવા ઇચ્છા કરી ત્યારે ઇંદ્રે વાજીંત્રો વિગેરેનો કોલાહલ શાંત કરાવ્યો. પ્રભુએ "નમો સિદ્ધાણં" એ પ્રમાણે કહીને "करेमि सामाइअं सव्वं सावज्जं जोगं पच्चक्खामि" ઇત્યાદિ પાઠનો ઉચ્ચાર કર્યો. પણ "भंते" (પૂજ્ય) શબ્દ ન બોલ્યા; કારણ કે તીર્થંકરોનો એવો આચાર છે કે તેઓ સામાયિક ઉચ્ચારતાં "भंते" શબ્દ ન બોલે. આવી રીતે ચારિત્ર ગ્રહણ કર્યું કે તરતજ પ્રભુને ચોથું મનઃ પર્યવજ્ઞાન ઉત્પન્ન થયું. ત્યારપછી ઇંદ્રાદિ દેવો તેમને વંદી, નંદીશ્વર દ્વીપની યાત્રા કરી પોતપોતાને સ્થાને ચાલ્યા ગયા.

ષષ્ઠમ વ્યાખ્યાન

બન્ધુવર્ગની વિરહવેદના

શ્રમણ ભગવાન્ મહાવીર બંધુવર્ગની અનુમતિ લઇ ત્યાંથી ચાલી નીકળ્યા. પ્રેમી બંધુવર્ગ, પ્રભુ દૃષ્ટિગોચર થાય ત્યાં સુધી તેમની તરફ એકીટસે નીરખી રહ્યો. પ્રભુના વિયોગથી તેમને ઘણીજ વેદના થઇ. તેઓ ગદ્ગદ્ કંઠે કહેવા લાગ્યા કેઃ—"હે વીર ! તમારા વિના ઘર પણ હવે અમને શૂન્ય અરણ્ય જેવું લાગશે ! ત્યાં અમારાથી શી રીતે રહેવાશે ? હે પ્રભુ ! તમારા વિના અમને વાર્ત્તાલાપનો આનંદ કયાં મળશે ? અમે હવે કોની સાથે બેસીને ભોજન કરશું ? હે આર્ય ! દરેક કાર્યમાં અમે તમને "વીર વીર" કહીને બોલાવતા, અને તમારાં દર્શનમાત્રથી જ અમને કેટલો બધો આનંદ તથા પ્રેમભાવ ઉદ્ભવતો ? આજે અમે તમારા વિયોગને લીધે નિરાશ્રય જેવા જ બની ગયા છીએ, હવે અમને કોણ આશ્રય આપશે ? હે બાંધવ, અમારી આંખોને અમૃતાંજન જેવું અતિ પ્રિય તમારૂં દર્શન હવે અમોને પુનઃ કયારે થશે ? હે ઉત્તમગુણાભિરામ ? તમારૂં ચિત્ત તો રાગ–દ્વેષ વિનાનું છે, પણ કોઇક વખત તો અમને યાદ કરજો ! " વિગેરે રીતે વિરહવેદનાથી દુઃખી થતો, આંખમાંથી આંસુ પાડતો બંધુવર્ગ નિસ્તેજ મુખે પોતાને ઘેર ગયો.

સુગંધમય પદાર્થોની પીડા

પ્રભુએ દીક્ષા લીધી તે વખતે ઇન્દ્રાદિ દેવોએ ગોશીર્ષ ચંદનાદિ સુગંધમય પદાર્થો તેમજ પૂષ્પો વડે પુજા કરી હતી. તેની સુગંધી પ્રભુના શરીર પર ચાર મહિના કરતાં પણ વધારે વખત રહી. તે પદાર્થોની અલૌકિક સુગંધીને લીધે દૂર દૂરથી ખેંચાઇ

આવતા ભમરા પ્રભુને ડંખ દેવા લાગ્યા. કેટલાક અજ્ઞાન જુવાનીયા પ્રભુ પાસે કોઈએક ભારે સુગંધમય પદાર્થ છે એમ માની તે યાચવા લાગ્યા. એ બધું છતાં પ્રભુ તો શાંત–સ્થિર અને મૌન જ રહ્યા. તેમને મૌન જોઈ કોપેલા જુવાનીયા તેમને ઉપસર્ગો કરવા લાગ્યા. પ્રભુનું શરીર મૂળ તો અદ્‌ભૂત સૌંદર્યવાળું હતું જ, તેમાં સુગંધ મળવાથી કેટલીય સ્ત્રીઓ ભોગપ્રાર્થનાદિ અનુકૂળ ઉપસર્ગો કરવા લાગી. પ્રભુએ મેરૂની જેમ અડગ–અચળ રહી, સમભાવે એ વેદનાઓ સહી લીધી. એ રીતે વિહાર કરતા પ્રભુ બે ઘડી દિવસ બાકી રહ્યો ત્યારે કુમાર નામના ગામમાં પહોંચ્યા અને ત્યાં કાઉસગ્ગધ્યાને રહ્યા.

ગોવાળની દુર્બુદ્ધિ અને ઇન્દ્રની યાચના

પ્રભુ કાઉસગ્ગધ્યાનમાં હતા તે વારે કોઇ એક ગોવાળીઓ, આખો દિવસ બળદીયા પાસે હળ ખેંચાવી, સંધ્યાકાળે પ્રભુ પાસે મૂકી, ગાયો દહોવા માટે પોતાને ઘેર ગયો. પેલા બળદીયા ચરતાં ચરતાં દૂર જંગલમાં ચાલ્યા ગયા. ગોવાળ ગાયો દોહી–પરવારીને પાછો આવ્યો ત્યારે બળદીયા ન દેખાયા. પ્રભુને પૂછવા લાગ્યો કે,—"હે આર્ય ! મારા બળદ કયાં છે ?" પરંતુ પ્રતિમાધારી પ્રભુ શી રીતે જવાબ આપે ? ગોવાળે વિચાર્યું કે બળદના સંબંધમાં એને ખબર નહિં હોય તેથી જ તે કંઈ બોલતો નથી. એટલે પોતે બળદની શોધ કરવા જંગલમાં નીકળી પડ્યો. આખી રાત ભટકયો પણ પત્તો ન લાગ્યો. સવારે પ્રભુની પાસે આવી, તેણે જોયું તો બળદીયા ત્યાંના ત્યાંજ સ્વસ્થ ચિત્તે વાગોળતા બેઠા હતા. જો કે બળદ પોતાની મેળેજ ફરતા ફરતા ત્યાં આવી ચડેલા, પણ પેલા ભટકી ભટકીને થાકી ગયેલા ગોવાળને થયું કે–"આને ખબર હતી, છતાં એણે મને વાત ન કરી અને મને નકામો આખી રાત ભટકાવ્યો !" તેના અંગે અંગમાં ક્રોધ

વ્યાપ્યો અને બળદની રાશ લઇ પ્રભુને મારવા દોડ્યો ! એ સમયે શક્રેન્દ્રને વિચાર થયો કે-" પ્રભુ પ્રથમ દિવસે શું કરે છે તે જરા જોઉં તો ખરો ! " તેણે અવધિજ્ઞાનથી જોયું તો પ્રભુને માર મારવા તૈયાર થયેલો ગોવાળીઓ તેની નજરે ચડ્યો. ઈન્દ્રે ગોવાળને તજ ક્ષણે ત્યાંજ થંભાવી દીધો અને ત્યાં આવી તેને શિક્ષા કરી. પછી પ્રભુને વંદન કરી વિનતિ કરી કે-" ભગવન્ ! આપને બાર વરસ સુધીમાં ઘણા ઘણા ઉપસર્ગ થવાના છે. માટે જો આપ આજ્ઞા કરો તો હું તેટલો વખત આપની સેવામાં હાજર રહું. " પ્રભુએ કાઉસગ્ગ પારી શાંત વાણીમાં જવાબ આપ્યો કે:—" હે દેવેન્દ્ર ! એવું કદાપિ થયું નથી, થતું નથી અને થાય પણ નહીં કે કોઈ પણ દેવેન્દ્ર કે અસુરેંદ્રની સહાયથી તીર્થંકરો કેવળજ્ઞાન પ્રાપ્ત કરે, અને સિદ્ધિપદને પામે. તીર્થંકરો કદાપિ પરસહાયની અપેક્ષા ન રાખે. તેઓ તો પોતાનાજ બળ, વીર્ય અને પુરૂષાર્થ ઉપર આધાર રાખે, પોતાનાજ પરાક્રમથી કેવળજ્ઞાન મેળવે અને પોતાના બળથી જ મોક્ષે જાય. " પ્રભુનાં વચનો સાંભળી ઈન્દ્રે પ્રભુની સેવામાં સાથે રહેવાનો વિચાર માંડી વાળ્યો. પરંતુ પ્રભુને જો ક્યાંઇ મરણાંત ઉપસર્ગ થવાનો પ્રસંગ આવે તો તે અટકાવવા માટે, બાળ તપસ્યાથી વ્યંતર જાતિમાં ઉત્પન્ન થયેલ, પ્રભુના માશીના પુત્ર સિદ્ધાર્થ વ્યંતરને પ્રભુની પાસે રાખતો ગયો. ત્યાંથી વિહાર કરી પ્રભુ કોલ્લાક સન્નિવેશમાં ગયા. ત્યાં સપાત્ર ધર્મ પ્રરૂપવાની ઈચ્છાથી-એટલે કે તેમની પછીના સાધુઓ પાત્રમાં આહાર કરે એવા ઉદ્દેશથી, તેમણે બહુલ નામના બ્રાહ્મણને ઘેર પહેલું પારણું તે ગૃહસ્થના પાત્રમાં પરમાન્નથી કર્યું. તે વખતે આકાશમાં દેવોએ દુંદુભિના નાદ કર્યા, વસ્ત્ર, સુગંધી જળ અને પુષ્પોની વર્ષા થઇ, તેમજ સાડાબાર કરોડ સોનૈયા વર્ષ્યા ! દેવોએ 'અહોદાનં ! અહોદાનં !' એ પ્રકારની ઉદ્ઘોષણા કરી. એ રીતે પાંચ દિવ્યો પ્રકટ થયાં.

પાંચ અભિગ્રહોનું નિમિત્ત

ત્યાંથી વિહાર કરતા, પ્રભુ મોરાક નામના સન્નિવેશમાં દૂઈજ્જંત જાતના તાપસોના આશ્રમમાં આવ્યા. આ આશ્રમનો કુલપતિ સિદ્ધાર્થ રાજાનો મિત્ર થતો હતો. તે મળવા માટે પ્રભુ પાસે આવ્યો. પ્રભુએ પણ પૂર્વના અભ્યાસવશ તેને મળવા હાથ પસાર્યા. કુલપતિની પ્રાર્થનાથી ત્યાં એક રાત્રિ રહ્યા. સવારમાં વિહાર કરવા તૈયાર થયા એટલે કુલપતિએ કહ્યું કે:-" આપ આ એકાંત સ્થાનમાં વર્ષાકાળ નિર્ગમન કરો તો ઠીક." જો કે પ્રભુ તો વીતરાગ હતા, પણ કુલપતિના આગ્રહથી ત્યાં ચોમાસું રહેવાનુ કબુલ્યું અને ત્યાંથી વિહાર કરી ગયા. ભિન્ન ભિન્ન સ્થળે વિહાર કરી, તેઓ પાછા વર્ષાઋતુ ગાળવા માટે તેજ આશ્રમે આવ્યા. કુલપતિએ ઘાસની એક ઝુંપડી કાઢી આપી. ત્યાં જંગલમાં બીજી જગ્યાએ ઘાસ ન હોવાથી ભૂખી ગાયો, તાપસોની ઝુંપડીઓનું ઘાસ ખાવા દોડી આવતી, પણ તાપસો લાકડી મારી ગાયોને હાંકી કાઢતા. તાપસોએ હાંકી કાઢેલી ગાયો, પ્રભુવાળી ઝુંપડીનું ઘાસ નિ:શંકપણે ખાવા લાગી. પ્રતિમાસ્થ પ્રભુએ ઘાસ ખાઈ જતી ગાયોને ન હાંકી ત્યારે તે ઝુંપડીના સ્વામી-એક તાપસે કુલપતિ આગળ જઈ તે વિષે ફરિયાદ કરી. કુલપતિએ આવીને કહ્યું કે:—" હે વર્ધમાન! પંખીઓ પણ, પોતપોતાના માળાનું રક્ષણ તો બરાબર કરે છે જ. અને તમે તો રાજપુત્ર છો, છતાં પોતાના આશ્રયસ્થાનનું પણ પુરું રક્ષણ નથી કરી શકતા, એ કેવી આશ્ચર્યની વાત ગણાય?" સમભાવમગ્ન પ્રભુએ વિચાર્યું કે-" જો હવે હું અહિં વધારે વખત રહીશ તો આ તાપસોની અપ્રીતિનો પાર નહિં રહે, અને જો હું સકળ પ્રાણીઓનું હિત ઇચ્છતો હોઉં તો મારે અહીં રહેવું યોગ્ય ન ગણાય." એ પ્રમાણે ચિંતવી તેમણે પાંચ પ્રકારના

અભિગ્રહ ગ્રહણ કર્યા:— (૧) જ્યાં અપ્રીતિ થાય તે ઘેર ન વસવું, (૨) હમેશાં પ્રતિમા ધરીને રહેવું, (૩) ગૃહસ્થનો વિનય ન કરવો, (૪) છદ્મસ્થ અવસ્થા પર્યંત પ્રાયઃ મૌન રહેવું અને (૫) હાથમાંજ આહાર કરવો. તે પછી વર્ષાકાળમાં અષાડ શુદ પૂર્ણિમાથી આરંભી પંદર દિવસ ગયા બાદ તેમણે અસ્થિક નામના ગામ તરફ વિહાર કર્યો.

દેવદૂષ્ય વસ્ત્રની કહાણી

જે વખતે પ્રભુ વાર્ષિક દાન આપી, જગતનું દારિદ્રય ફેડી રહ્યા હતા, તે વખતે એક દરિદ્ર સોમ બ્રાહ્મણ ધન કમાવા માટે પરદેશ ગયો હતો. પોતે કમનસીબ હોવાથી પરદેશમાંથી પણ ખાલી હાથે જ પાછો ફર્યો. ગરીબાઈથી અકળાઇ ગયેલી બ્રાહ્મણ-પત્નિ તેને લડવા લાગી કે:—અરે નિર્ભાગ્ય શિરોમણિ ! શ્રી વર્ધમાન કુમારે જ્યારે સુવર્ણનો વરસાદ વરસાવ્યો ત્યારે તમે ક્યાં ઉંઘી ગયા હતા? પરદેશમાં ભટકીને પણ હતા તેવા ને તેવા જ નિર્ધન પાછા ઘેર આવ્યા ! જાઓ-અહિંથી દૂર ખસો. હું તમારૂં મ્હોં જોવા પણ નથી માગતી ! હજી પણ મારૂં કહ્યું માની, જંગમ કલ્પવૃક્ષ સમાન શ્રી વર્ધમાન પાસે જશો તો તે દયાળુ અને દાનવીર તમારૂં દારિદ્રય દૂર કર્યા વિના નહીં રહે. કારણ કે કહ્યું છે જ કે:—" જેમણે પહેલાં દાન આપ્યાં હોય છે તેઓ ફરીથી પણ આપી શકે છે. નદી સૂકાઈ ગઇ હોય તોપણ, જળના અર્થી માણસો નદીમાં ખોદે તો જરૂર જળ મેળવી શકે છે. " પોતાની સ્ત્રીનાં વચનો સાંભળી, પેલો બ્રાહ્મણ પ્રભુની પાસે આવ્યો અને કહેવા લાગ્યો કે:—" હે પ્રભુ ! આપ તો જગત્‌ના ઉપકારી છો, આપે તો વાર્ષિક દાન આપી, જગતનું દારિદ્રય દૂર કર્યું, પણ હું જ એક અભાગીયો કે મને તે વખતે પરદેશમાં પડી રહેવાનું સૂઝયું. દ્રાક્ષ પાકે ત્યારે જ કાગડાની ચાંચ પાકે,

તેમ હું પણ ખરે અવસરે પ્રમાદમાં બેસી રહ્યો અને તેથી આપના દાનનો કંઈ જ લાભ ન મેળવી શકયો. હે સ્વામી ! સૂવર્ણની ધારાઓથી આપ સર્વત્ર વરસ્યા તો ખરા, પણ હું અભાગ્યરૂપી છત્રથી એવો ઢંકાઈ ગયો હતો કે મારી ઉપર સુવર્ણધારના બે ટીપાં પણ ન પડયાં ! હે પરદુ:ખભંજક ! પરદેશમાં આટલું ભમવા છતાં પણ મારૂં નસીબ ન ફર્યું, જેવો ગયો હતો તેવો જ પાછો ફર્યો. હે કૃપાળુ ! મારા જેવો પુણ્યહીન નિરાશ્રય અને નિર્ધન, આપ જેવા જગત્‌ને વાંછિત આપનારા પુરૂષના શરણે ન આવે તો બીજે કયાં જાય ? ઋદ્ધિની મ્હોટી નદી વહેવડાવનાર આપને મારા જેવા ગરીબનું દારિદ્રય કાઢવું, એમાં તે શી મોટી વાત હતી ? જેણે આખા પૃથ્વીતળને જળથી ભરી દીધું હોય એવા મેઘને એક તુંબડું ભરવું હોય તો કંઈ ખાસ પ્રયાસ કરવો પડે ખરો ? માટે હે કૃપાનિધિ ! મને કંઈક આપો. આપ તો સકળ પ્રાણીઓ ઉપર કરૂણાની એકસરખી ધારાઓ વર્ષાવી રહ્યા છો, મારા જેવા આશાભર્યા ગરીબ બ્રાહ્મણને નિરાશ નહિં કરો ! ” કરૂણાળુ પ્રભુએ તે વખતે પોતાની પાસે બીજી કોઈ કીમતી વસ્તુ ન હોવાથી, દેવદૂષ્ય વસ્ત્રનો અરધો ભાગ આપ્યો, અને બાકીનો પાછો પોતાના ખભા ઉપર મુકયો ! કેટલાક આચાર્યો આ ઉપરથી એવાં અનુમાન બાંધે છે કે પ્રભુ જેવા દાનેશ્વરીએ, પોતાને જેની મુદ્દલ જરૂર ન હતી તેવા વસ્ત્રનો અર્ધભાગ જ આપ્યો, તે પ્રભુની સંતતિમાં થનારી વસ્ત્ર–પાત્રની મૂર્ચ્છા જ સૂચવે છે. કોઈ કહે છે કે કાળના પ્રભાવથી ઋદ્ધિશાલી મનુષ્ય પણ ઉદારચિત્તથી ઉચિતપણું નહિ કરે, એમ એ ઉપરથી સૂચવાયું. કેટલાક કહે છે કે પ્રભુ પોતે પ્રથમ વિપ્રકુલમાં આવ્યા હતા તેના સંસ્કાર જ તેમને આડે આવ્યા અને તેથી જ તેમણે અર્ધવસ્ત્ર આપ્યું.

કલ્પસૂત્ર.



દેવદૂષ્ય વસ્ત્રનું દાન. (પૃ. ૧૮૨.)

K. Art-Works, Bombay 2. Meghji Hirji Bombay 3.

હવે પેલો બ્રાહ્મણ, કિંમતી વસ્ત્રનો અર્ધભાગ મળવાથી ખૂબ ખુશી થતો થતો સત્વર પોતાને ગામ આવ્યો. તેણે તે અર્ધ દેવદૂષ્યના છેડા બંધાવવા એક તુણનારને બતાવ્યું અને કોની પાસેથી કેવીરીતે મળ્યું તે વૃત્તાંત અથથી ઇતિ પર્યંત કહી સંભળાવ્યો. તુણનારે આખરે કહ્યું કે—" હે સોમ! જો તું આ વસ્ત્રનો બીજો અરધો ટુકડો લઈ આવે તો બન્ને ટુકડા એવી રીતે મેળવી આપું કે તેમાં જરા પણ સાંધો ન દેખાય અને તું વેચવા જા તો તે અખંડ જેવા દેખાતા વસ્ત્રના એક લાખ સોનૈયા તો જરૂર ઉપજે. એમાં આપણા બેનો ભાગ. તું હમણાં ને હમણાં પાછો પ્રભુ પાસે જા, તેઓ તો મમત્વરહિત અને કરૂણાના સાગર છે, એટલે તને બીજો અર્ધભાગ પણ કાઢી આપશે. અને આપણે બન્ને જોતજોતામાં માલદાર થઈ જઇશું." બ્રાહ્મણ ફરીથી પ્રભુ પાસે આવ્યો તો ખરો, પણ શરમને લીધે તેના મુખમાંથી વાચા ન નીકળી શકી. તે આશામાં ને આશામાં પ્રભુની પાછળ પાછળ ભટકતો રહ્યો! તેના મનમાં એમ હતું કે જો તે અર્ધવસ્ત્ર પ્રભુની ખાંધેથી પડી જાય તો ઉપાડીને ચાલ્યો જઉં!

પ્રભુને દીક્ષા લીધા પછી એક વરસ અને એક મહિનાથી કંઈક અધિક સમય વીતી ગયો. એકદા તેઓ દક્ષિણવાચાલ નામના સન્નિવેશની નજીકમાં સુવર્ણવાલુકા નામની નદીને કાંઠે આવ્યા. ત્યાં ચાલતાં ચાલતાં દેવદૂષ્યનો અરધો ભાગ કાંટામાં ભરાઇ જવાથી પડી ગયો. પ્રભુએ એકવાર તે પડી ગયેલા વસ્ત્ર તરફ સિંહાવલોકનની જેમ દૃષ્ટિ કરી અને ત્યાંથી આગળ ચાલ્યા. "પ્રભુએ પાછળ શામાટે દૃષ્ટિ કરી?" એ વિષે મતભેદ છે. કોઈ કહે છે કે પ્રભુએ પાછું વાળીને જોયું તે વસ્ત્ર પ્રત્યેની મમતાને લીધે. કેટલાકનો એવો મત છે કે તે વસ્ત્ર સારે સ્થાને પડયું કે નરસા

સ્થાને તે જોવા સિવાય પ્રભુનો બીજો કંઇ ઉદ્દેશ સંભવતો નથી. કેટલાક કહે છે કે અનાયાસે જ પ્રભુથી પાછું જોઈ જવાયું. કેટલાક તો એમ પણ કહે છે કે મારા શિષ્યોને વસ્ત્ર–પાત્ર સુલભ થશે કે દુર્લભ તેનો નિર્ણય કરવા પૂરતો જ પ્રભુએ દૃષ્ટિપાત કર્યો હતો. વૃદ્ધ આચાર્યો એવો અભિપ્રાય ધરાવે છે કે, તે પડી ગયેલા વસ્ત્ર ઉપરથી પોતાનું શાસન કેવું થશે તે વિચારવા તેમણે પાછું વાળીને જોયેલું. વસ્ત્ર કાંટામાં ભરાઇ ગયેલું જોયું તે ઉપરથી પ્રભુએ નિર્ણય કર્યો કે પોતાનું શાસન ઘણું કંટકવાળું થશે. પ્રભુ નિર્લોભી હોવાથી, પડી ગયેલો વસ્ત્રભાગ તેમણે પાછો ન લીધો. પણ પ્રભુના પિતા–સિદ્ધાર્થ રાજાનો મિત્ર સોમ નામનો બ્રાહ્મણ, જે એક વર્ષથી તે વસ્ત્ર માટેજ, તેમની પાછળ ભમતો હતો, તેણે તે ઉપાડી લીધું અને ત્યાંથી ચાલ્યો ગયો.

એ પ્રમાણે ભગવંતે સવસ્ત્ર ધર્મ પ્રરૂપવા માટે એક વરસ અને એક મહિનાથી કંઈક અધિક સમય સુધી વસ્ત્ર સ્વીકાર્યું અને સપાત્ર ધર્મ સ્થાપવા માટે પ્રથમ પારણું પાત્ર વડે કર્યું. ત્યારપછી જીંદગી સુધી તેઓ અચેલક અને કરપાત્ર રહ્યા. અચેલક એટલે વસ્ત્રરહિત અને કરપાત્ર એટલે હાથરૂપી જ પાત્રવાળા.

સામુદ્રિકની શંકા, ઈંદ્રે કરેલું સમાધાન

વિહાર દરમિયાન ભગવાન્ એકવાર ગંગા નદીના કિનારે આવ્યા. ત્યાં ચાલતાં ઝીણી માટીના કાદવમાં પ્રભુના પડેલાં પગલાંની પંક્તિને વિષે ચક્ર, ધ્વજ, અંકુશ વિગેરે ઉત્તમ લક્ષણોને પ્રતિબિંબિત થયેલાં જોઇ પુષ્પ નામનો એક સામુદ્રિક (જ્યોતિષી) વિચારવા લાગ્યો કે:—" ખરેખર, આ રસ્તેથી કોઇ ચક્રવર્ત્તિ એકલા ચાલ્યા જાય છે. મને જો તેમની સેવા કરવાનો લાભ મળે તો હું પણ ન્યાલ થઇ જઉં. " એમ ચિંતવીને પગ-

લાંના આધારે આધારે એકદમ પ્રભુ પાસે આવી પહોંચ્યો. તેણે પ્રભુને એક ચક્રવર્ત્તિને બદલે સાવ નિર્ગ્રન્થ જોયા એટલે છેક નિરાશ થઇ ગયો. તેને થયું કે આજ સુધી મહા મહેનતે પ્રાપ્ત કરેલું સામુદ્રિકશાસ્ત્ર ખોટું ઠર્યું. કયાં એક ચક્રવર્ત્તી અને કયાં એક ભિક્ષુક! સામુદ્રિક શાસ્ત્રના નિયમ પ્રમાણે તો આ પુરૂષ કોઈ રાજાધિરાજ હોવો જોઇએ. તેને બદલે હું આ શું ભાળી રહ્યો છું? જેના પગમાં આવાં ઉત્તમ લક્ષણો હોય તે જ પુરૂષ જો આવાં કષ્ટ અને વ્રત આચરતો પ્રત્યક્ષ દેખાય તો હવે સામુદ્રિકશાસ્ત્રો બધાં પાણીમાંજ બોળી દેવાં ઘટે. આ પ્રમાણેના પુષ્પના વિચારતરંગ ઇન્દ્રે અવધિજ્ઞાનથી જાણી લીધા. તેથી તેણે તુરત જ ત્યાં આવી, પ્રભુને વંદન કરી પુષ્પને કહ્યું કે—“હે સામુદ્રિક! તને તારા સામુદ્રિકશાસ્ત્ર ઉપર અભાવ ઉપજ્યો છે તેને માટે તે શાસ્ત્ર નહીં, પણ ખરૂં જોતાં તો તારૂં તે વિષેનું અજ્ઞાન જ જવાબદાર છે. તે શાસ્ત્ર તું ભણ્યો ખરો, પણ શાસ્ત્રના મર્મને સમજવા ભાગ્યશાળી નથી થયો એ ખેદની વાત છે. ચક્ર, ધ્વજ, અને અંકુશ વિગેરે ઉત્તમ લક્ષણો હોય તે કેવળ ચક્રવર્ત્તિ જ ન હોય, પરન્તુ જગત્પૂજ્ય પણ હોય છે. આ પુરૂષ કોઇ સામાન્ય માણસ નથી. તે દેવો અને અસુરોના પણ સ્વામી છે. તેઓ થોડા જ સમયમાં કેવળજ્ઞાન પામી, સકળ સંપત્તિઓના આશ્રયભૂત બની તીર્થંકર થશે. તેં તો તેમના પગનાં લક્ષણો જ ભાળ્યાં, પણ તેમની કાયા કેવી સ્વચ્છ, રોગરહિત અને પરસેવાવિનાની છે તે તરફ તો એકવાર નજર કર! તેમનો શ્વાસોચ્છવાસ કેટલો સુગંધી છે? તેમનાં રૂધિર માંસ પણ ગાયના દૂધ જેવાં સ્વચ્છ છે; એવાં એવાં બાહ્ય અને આભ્યંતર અગણિત લક્ષણો ગણવાને કોણ સમર્થ છે?” ઇન્દ્રની વાણી સાંભળી પુષ્પ સામુદ્રિકના મનનું સમાધાન થયું. ઇન્દ્રે તેને રત્ન-સુવર્ણ વિગેરે આપી, સમૃદ્ધિશાળી

બનાવી રવાના કર્યો. પુષ્પને ધાર્યા કરતાં અધિક લાભ મળેલો હોવાથી તેના આનંદનો અવધિ ન રહ્યો. તે ખુબ ખુશી થતો પોતાને ઘેર ગયો અને પ્રભુ પણ અન્ય સ્થળે વિહાર કરી ગયા.

અનુકૂળ પ્રતિકૂળ પરીષહો

દીક્ષા લીધા પછી બાર બાર વરસથી અધિક કાળ પર્યંત, હંમેશને માટે જેમણે કાયાની સારસંભાળ લેવાનું તદ્દન બંધ કર્યું છે, અથવા જેમણે કાયા વોસરાવી દીધી છે અને પરીષહો સહન કરી કરીને જેમણે શરીરની મમતાનો છેક ત્યાગ કર્યો છે, એવા શ્રમણ ભગવાન્ મહાવીરે તમામ પ્રકારના ઉપસર્ગો સહન કર્યા. દેવોએ, મનુષ્યોએ અને તિર્યંચોએ પણ તેમની પર ઉપસર્ગ નાખ્યા. દેવ-દેવીઓએ નાટકો દેખાડી, દેવીઓ અને સ્ત્રીઓએ આલીંગન આપી, ભોગની પ્રાર્થના કરી, અનુકૂળ (અનુલોમ) ઉપસર્ગો કર્યાં, દેવ અને મનુષ્ય વિગેરેએ ભય બતાવી, પ્રહાર કરી વિવિધ પ્રકારના પ્રતિકૂળ ઉપસર્ગ આચર્યા. છતાં એ બન્ને પ્રકારના ઉપસર્ગો, પ્રભુએ સમ્યક્પણે-નિર્ભયપણે સહન કર્યા. તેમણે ક્રોધને કે દીનતાને પોતાની પાસે ફરકવા પણ ન દીધાં, કાયાની નિશ્ચળતા પણ આખર સુધી ડગવા ન પામી.

શૂલપાણિ યક્ષનો ત્રાસદાયક ઉપદ્રવ

ધનદેવ નામનો એક વૈશ્ય એકવાર પાંચસો ગાડી ભરીને નદી ઉતરતો હતો. નદીમાં ઘણો કીચ્ચડ હોવાથી બધી ગાડીઓ કિચ્ચડમાં ખુંતી ગઈ. ગાડીએ જોડાએલા બળદોએ ઘણું બળ કર્યું પણ ગાડીઓ કેમે કરતાં બહાર ન નીકળી. એ સર્વ બળદોમાં એક બળદ ઘણોજ બળવાન, ઉત્સાહી અને પાણીવાળો હતો. તેણે પોતાના માલિકની કૃતજ્ઞતા હૃદયમાં રાખી, દરેક ગાડીની ડાબી ધોંસરીએ જોડાઇ, એક પછી એક એમ પાંચસો

ગાડી કીચ્ચડમાંથી બ્હાર ખેંચી કાઢી. ગાડીઓ તો બહાર નીકળી, પણ હદ ઉપરાંત જોર કરવાથી તે બળદના સાંધા તૂટી ગયા, અને માંદો થઇ પડ્યો. તેથી ધનદેવે નજીકના વર્ધમાન નામના ગામમાં જઇ, ગામના આગેવાનોને બોલાવી, પોતાનો માંદો બળદ સોંપ્યો અને તેની સારવાર માટે ઘાસ-પાણી વિગેરેના પૈસા પણ આપ્યા. ગામના આગેવાનોએ, નિભાવ માટે દ્રવ્ય મળવા છતાં, પેલા બળદની કશી સારસંભાળ ન લીધી; તેથી બિચારો ભૂખ-તરસથી રીબાતો બળદ, અકામ નિર્જરા કરી -મરીને વ્યંતર જાતિમાં શૂલપાણિ નામે યક્ષ થયો. તેણે પોતાના જ્ઞાનથી પોતાના પૂર્વભવનો સંબંધ જાણી લીધો, અને વર્ધમાન ગામ ઉપર ખૂબ ક્રોધે ભરાઇ ગામમાં મરકીનો રોગચાળો ફેલાવવો શરૂ કર્યો. એ રોગચાળામાં ધીમે ધીમે એટલાબધાં માણસો મરવા લાગ્યાં કે મડદાંને બાળનારા પણ કોઇ ન મળે. આખરે ગામના લોકો થાકીને મડદાંનો અગ્નિસંસ્કાર કર્યા વિના જ ગામબહાર મૂકી દેવા લાગ્યા. આમ મડદાં પડી રહેવાથી હાડકાંઓનો મ્હોટો ગંજ થઇ ગયો. ત્યારથી તે ગામનું નામ પણ વર્ધમાનને બદલે 'અસ્થિકગ્રામ' પડ્યું.

ગામમાં જે કોઈ થોડા માણસો જીવતા રહ્યા હતા તેમણે યક્ષની આરાધના કરી, એટલે યક્ષે પ્રત્યક્ષ થઇ લોકોને પોતાનું મંદિર અને પોતાની મૂર્ત્તિ કરાવવાનું કહ્યું. મરકીથી ત્રાસ પામેલા લોકોએ એ સૂચના ઉપાડી લીધી અને તુરત જ એક મંદિર કરાવી, શૂલપાણિ યક્ષની મૂર્ત્તિ બેસાડી. મૂર્ત્તિની પૂજા પણ રોજ થવા લાગી. જો કોઈ માણસ ભૂલેચુકે રાત્રિએ મંદિરમાં રહે તો તેને તે યક્ષ જીવથી મારી નાખતો.

શ્રી મહાવીર પ્રભુએ મોરાક ગામથી વિહાર કરી, તે યક્ષને પ્રતિબોધવા માટે પહેલું ચાતુર્માસ શૂલપાણિ યક્ષના મંદિરમાં

જ કર્યું. લોકોએ કહ્યું કે "હે ભગવાન ! આ યક્ષના મંદિરમાં રહેવું ઠીક નથી. કારણ કે રાત્રિએ પોતાના ચૈત્યમાં રહેનાર દરેકને તે મારી નાખ્યા વિના નથી રહેતો, માટે આપ અન્ય સ્થળે પધારો." લોકોએ વારવા છતાં, પ્રભુ તો પેલા યક્ષને પ્રતિબોધવા માગતા હતા, તેથી લોકો પાસેથી અનુમતિ માગી ત્યાં જ રાત રહ્યા.

હવે પ્રભુ રાત્રિએ એકાગ્રચિત્તે કાઉસગ્ગ ધ્યાને રહ્યા. પેલા દુષ્ટ યક્ષે પ્રભુને ક્ષોભ પમાડવા, ક્રોધાવેશમાં આવી ભૂમિને ભેદી નાખે એવું અટ્ટહાસ્ય કર્યું. પ્રભુ એથી જરાય ન ડગ્યા. તેમની આવી ધીરતા જોઈ યક્ષને ખૂબ ક્રોધ વ્યાપ્યો. તેણે અનુક્રમે હાથી, સર્પ અને પિશાચનાં રૂપ વિકુર્વી, દુઃસહ ઉપસર્ગો કર્યા. પરંતુ પ્રભુ તો પર્વતની જેમ અચળજ રહ્યા. પ્રભુની ધીરતા સાથે યક્ષનો ગુસ્સો પણ વધતો ચાલ્યો. તેણે પ્રભુનાં, મસ્તક, કાન, નેત્ર, દાંત પીઠ અને નખ જેવા સાતે કોમળ અંગોમાં વિવિધ પ્રકારે એવી વેદના કરી કે જો સામાન્ય મનુષ્યને એવી સ્હેજ વેદના થાય તો તે પ્રાણ જ ગુમાવી બેસે. એટલું છતાંય પ્રભુ ન કંપ્યા ત્યારે યક્ષના હાથ હેઠા પડ્યા. તે નમી પડ્યો. એ વેળા સિદ્ધાર્થ વ્યંતરે આવી શૂલપાણિને કહ્યું કે:—"અરે અભાગીયા, નીચ કામના કરનારા, તને આ શું સૂઝયું ? તને બીજો કોઇ ન મળ્યો ? તેં આ સુરેંદ્રપૂજ્ય ભગવાનની આશાતના કરી ? જો તારા આ અપકૃત્યની ઇંદ્રને ખબર પડશે તો તારૂં સ્થાન જ ફેંકી દેશે અને તને રઝળતો કરી મૂકશે !" સિદ્ધાર્થનાં આવાં વચનો સાંભળી તે ખૂબ ભય પામ્યો. પ્રભુના ચરણમાં ઝુકી પોતાના પાપની ક્ષમા માગવા લાગ્યો, અને તેમની વધારે ને વધારે પૂજા કરવા લાગ્યો. તેણે પોતાના પાપમાંથી ઉગરવા પ્રભુની સ્તુતિ ગાવી શરૂ કરી, નૃત્ય

શૂલપાણી યક્ષનો ઉપસર્ગ. (પૃ. ૧૯૮.)

Kirshna Art Works, Bombay 2. Meghji Hirji Bombay 3.

આદર્યું. યક્ષના મંદિરમાં ગીત–નૃત્ય થતાં સાંભળી, ગામના લોકો વિચારવા લાગ્યા કેઃ–" જરૂર, યક્ષે પેલા તપસ્વી મહાત્માને મારી નાખ્યા હોવા જોઈએ અને તેથી જ તે ખુબ ખુશી થઈ નાચ-ગાન કરતો હશે."

પ્રભુએ તે આખી રાત્રિના ચાર પહોરમાં કંઈક ઓછા સમય સુધી અત્યંત વેદના સહન કરેલી તેથી પ્રભાતમાં ક્ષણવાર નિદ્રા આવી ગઈ. એ નિદ્રામાં તેમણે દસ સ્વપ્ન જોયાં. સવાર થતાં જ ગામના લોકો યક્ષના મંદિરમાં એકઠા થયા. તેમણે પ્રભુને દિવ્ય ગંધચૂર્ણ, અને પુષ્પોથી પૂજાયેલા જોઈ પોતાનો આનંદ જાહેર કર્યો અને ભક્તિપૂર્વક વંદન પણ કર્યું.

દશ સ્વપ્નના અર્થ

ગામના લોકોની સાથે અષ્ટાંગ નિમિત્તશાસ્ત્રના જાણકાર, ઉત્પલ અને ઇન્દ્રશર્મા નામના બે જ્યોતિષીઓ પણ ત્યાં આવ્યા હતા. પ્રભુને વંદન કરી ઉત્પલે કહ્યું કે—" ભગવન્! આપે રાત્રિને છેડે જે દસ સ્વપ્ન જોયાં છે તેનું ફળ તો આપ મહાજ્ઞાની હોવાથી જાણતા જ હશો, પણ હું મારી મતિ પ્રમાણે ભકિતવશ થઈને કહું છું. સાંભળો:—

(૧) પહેલા સ્વપ્નમાં આપે તાડ જેવડા ઉંચા પિશાચને હણ્યો, તેનો અર્થ એવો છે કે આપ થોડા જ વખતમાં મોહનીય કર્મને હણશો.

(૨) બીજે સ્વપ્ને આપની સેવા કરતું સફેદ પક્ષી જોયું, તેથી આપ શુક્લધ્યાનને ધ્યાવશો.

(૩) ત્રીજે સ્વપ્ને આપની સેવા કરતું વિચિત્ર કોયલ પક્ષી જોયું, તે ઉપરથી આપ દ્વાદશાંગી પ્રરૂપશો એમ સૂચવાય છે.

(૪) ચોથા સ્વપ્નમાં આપે આપની સેવા કરતો ગાયોનો

સમુહ જોયો, તે ઉપરથી સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘ આપની સેવા કરશે.

(૫) પાંચમા સ્વપ્નમાં આપ સમુદ્ર તર્યા, તેથી આપ સંસારસાગર તરી જશો.

(૬) છઠ્ઠા સ્વપ્નમાં આપે ઉગતો સૂર્ય જોયો, તેથી આપ થોડા જ વખતમાં કેવળજ્ઞાન પ્રાપ્ત કરશો.

(૭) સાતમા સ્વપ્નમાં આપે આંતરડાઓ વડે માનુષોત્તર પર્વતને વીંટી લીધો, તેથી આપની કીર્ત્તિ ત્રણે ભુવનમાં ફેલાશે.

(૮) આઠમા સ્વપ્નમાં આપ મેરૂપર્વતના શિખર ઉપર ચડ્યા, તેથી આપ સમવસરણમાં સિંહાસન પર ચડી, દેવો અને માનવોની સભામાં ધર્મ પ્રરૂપશો.

(૯) નવમે સ્વપ્ને આપે દેવોથી શોભી રહેલું પદ્મ સરોવર જોયું, તેથી ભુવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક એ ચારે નિકાયના દેવો આપની સેવા કરશે.

(૧૦) દસમા સ્વપ્નમાં આપે જે સુગંધમય પુષ્પોની બે માળા દેખી, તેનો અર્થ હું વિચારી શકતો નથી. એટલે પ્રભુએ પોતે જ કહ્યું કે—હે ઉત્પલ! મેં જે બે માળાઓ જોઇ, તેથી હું સાધુધર્મ અને શ્રાવકધર્મ એમ બે પ્રકારનો ધર્મ કહીશ.

તે પછી ઉત્પલ નિમિત્તીયો પ્રભુને વંદન કરી પોતાના સ્થાને ગયો. પ્રભુએ ત્યાં અર્ધ અર્ધ માસક્ષપણ એટલે કે પંદર પંદર ઉપવાસ વડે પ્રથમ ચાતુર્માસ નિર્ગમન કર્યું.

અપ્રીતિ ઉપજવાના ભયથી પ્રભુએ વિહાર કર્યો

અસ્થિક ગામથી વિહાર કરી, પ્રભુ મોરાક સન્નિવેશમાં બહારના ઉદ્યાનમાં પ્રતિમા ધરીને રહ્યા. ત્યાં પ્રભુનો મહિમા વધારવા માટે સિદ્ધાર્થ વ્યંતર, પ્રતિમાધ્યાને રહેલા પ્રભુના શરીરમાં પેસી,

લોકોને ભૂત, ભવિષ્ય અને વર્ત્તમાન એમ ત્રણ કાળની વાતો કહેવા લાગ્યો. તેણે કહેલા નિમિત્ત પ્રમાણે દરેક વાત સાચી પડતી હોવાથી ગામમાં એક ખુણાથી બીજા ખુણા સુધી પ્રભુનો મહિમા ફેલાઇ ગયો. અચ્છંદક નામના એક જ્યોતિષીથી પ્રભુની આ કીર્તિ સહન ન થઇ શકી. તેથી તે પ્રભુના મુખદ્વારા બોલાતી સિદ્ધાર્થની વાણીને લોકો પાસે ખોટી પાડવા તરતજ ત્યાં આવ્યો. તેણે પોતાના હાથની આંગળીમાં ઘાસનું એક તરણું બન્ને બાજુથી પકડી પ્રશ્ન કર્યો કે:—“ કહો, આ તરણું મારાથી છેદાશે કે નહીં ? ” તેણે આગળથીજ મનમાં પ્રપંચ ગોઠવી રાખ્યો હતો કે જો તરણું છેદાવાનું ભવિષ્ય કહેશે તો હું નહિં છેદું, અને નહિં છેદાવાનું કહેશે તો છેદી નાખીશ; તરણાનું ભવિષ્ય મારા હાથમાં હોવાથી, ભવિષ્ય ઉચ્ચારનારને હરકોઇ રીતે ખોટો પાડવો એ મારી સત્તાની વાત છે. પ્રભુના શરીરમાં સંક્રમેલા સિદ્ધાર્થે કહ્યું કે—“ એ તરણું નહીં છેદાય. ” એ વચન સાંભળી અચ્છંદક આંગળી વડે તે તરણું છેદવા તત્પર થયો. એટલામાં ઇન્દ્રને પોતાની સભામાં બેઠા બેઠા વિચાર ઉદ્ભવ્યો કે અત્યારે વીર પ્રભુ કયાં વિચરતા હશે ? તેણે ઉપયોગ મૂકી જોયું તો પ્રભુને મોરાકના ઉદ્યાનમાં કાઉસગ્ગ ધ્યાને ઉભેલા જોયા. અચ્છંદકનો પ્રપંચ પણ ઇન્દ્ર કળી ગયો. તેણે વિચાર્યું કે “ પ્રભુના મુખથી નીકળેલી વાણી અસત્ય તો નજ નીવડવી જોઇએ.” તેથી તત્કાળ પોતાના વજ્ર વડે અચ્છંદકની આંગળી કાપી નાખી અને તૃણ છેદાયા વિનાનું જ પડી રહ્યું. પોતાનાં વચનને જુઠાં પાડવા પ્રપંચ કરનાર અચ્છંદક ઉપર સિદ્ધાર્થ વ્યંતરને પણ ઘણો ગુસ્સો ચડ્યો. ગામમાં તેની પ્રતિષ્ઠા તોડી પાડવા સિદ્ધાર્થે હાજર રહેલા લોકોને કહ્યું કે “ નિમિત્તીયો હોવાનો ડોળ કરનાર આ માણસ મોટો ચોર છે. ”

લોકોએ પૂછ્યું કે—"એ ચોર છે એની કંઇ ખાત્રી ખરી?"

"એણે વીરઘોષ નામના નોકરનો દસ પલ પ્રમાણનો વાટકો ચોરીને, વીરઘોષના ઘરની પછવાડે જ પૂર્વ દિશામાં ખજુરી નીચે દાટયો છે. વળી ઈન્દ્રશર્માનો ઘેટો ચોરીને ખાઇ ગયો છે. તેની પણ ખાત્રી જોઈતી હોય તો ઘેટાનાં હાડકાં, તેના ઘરની ઓરડી નીચે ખોદવાથી મળી આવશે. એ પાખંડીનું ત્રીજું એક એવું દુશ્ચરિત્ર છે કે મારી જીભે તે કહી શકાય તેવું નથી. તેની સ્ત્રીને પૂછશો તો તેજ તમને બધી વાત કહી દેશે." સિદ્ધાર્થનાં એ પ્રકારનાં વચનો સાંભળી, કુતૂહળી લોકોનાં ટોળાં એકદમ અ-ચ્છંદકના ઘર ભણી ધસ્યાં. અચ્છંદકને પોતાની સ્ત્રી સાથે મૂળથીજ અણબનાવ હતો. અધુરામાં પુરૂં તેણે તે દિવસે તેણીને મારી હતી, તેથી લોકોના પ્રશ્નના ઉત્તરમાં તે બોલી ઉઠી કે:—"એ પાપીષ્ટનું કાળું મ્હોં જોવું એ પણ પાપ છે, કારણ કે તે પોતાની બ્હેનને પણ ભોગવે છે."

લોકોમાં હવે અચ્છંદકની આબરૂ એક કોડીની થઇ ગઇ. તે ઝંખવાણો પડી ગયો. બધા લોકો ચાલ્યા ગયા, એટલે પ્રભુને તે અતિ દીનપણે નમીને બોલ્યો કે:—"હે સ્વામી! આપ તો વિ-શ્વવંદ્ય છો, જ્યાં જ્યાં આપની ચરણધુળીથી પૃથ્વી પાવન થાયછે ત્યાં ત્યાં આપ પૂજાઓ છો. પણ હે કૃપાળુ! મારી આજીવિકા તો અહીંઆ જ છે. મારો અપરાધ માફ કરી, મને આ બદનામી-માંથી બચાવી નહીં લ્યો તો હું વિનામ્હોતે માર્યો જઈશ."

પ્રભુએ વિચાર્યું કે:—"અહીં રહેવામાં હવે લાભ નથી. મારા રહેવાથી આને અપ્રીતિ વધશે. જગતનું ભલું કરવા ઈચ્છ-તો હુઉં તો મારે અહિંથી વિહાર કરવો એજ શ્રેયસ્કર છે." પછી પ્રભુ ત્યાંથી વિહાર કરી ગયા.

ચંડકૌશિકનો પ્રચંડ ક્રોધ

મોરાક ગામથી વિહાર કરી પ્રભુ શ્વેતાંબીનગરી તરફ ચાલ્યા. માર્ગમાં ગોવાળીયાઓએ કહ્યું કે—"હે સ્વામી ! આપ જે માર્ગે જાઓ છો તે જો કે શ્વેતાંબીનો સીધો માર્ગ છે, પણ રસ્તામાં કનકખલ નામનું તાપસોનું આશ્રમસ્થાન છે ત્યાં હમણા એક ચંડકૌશિક નામનો દૃષ્ટિવિષ સર્પ રહે છે. તે ઝેરી સાપે આજ સુધીમાં ઘણા માણસોનો ભોગ લીધો છે. માટે આપ આ સીધે માર્ગે જવાનું માંડી વાળો." છતાં કરૂણાળુ પ્રભુ, બીજા કોઇ ઉદ્દેશથી નહીં, પણ પેલા ચંડકૌશિકને પ્રતિબોધવા તેજ માર્ગે તેજ આશ્રમ ભણી ગયા.

ચંડકૌશિકનો પૂર્વભવ

ચંડકૌશિક પૂર્વભવમાં એક ઉગ્ર તપસ્વી સાધુ હતા. એક દિવસે તપસ્યાના પારણે ગોચરી વહોરવા માટે એક શિષ્યની સાથે ગામમાં ગયા. રસ્તે ચાલતાં તેમના પગ નીચે એક ન્હાની દેડકી આવી ગઇ. દેડકીની થયેલી વિરાધનાને પ્રાયશ્ચિત્તપૂર્વક પડિક્કમવા માટે, હિતચિંતક શિષ્યે ગુરૂને ઇરિયાવહી પડિક્કમતાં, ગોચરી પડિકકમતાં અને સાયંકાળનું પ્રતિક્રમણ કરતાં—એમ ત્રણવાર દેડકીવાળી વાત સંભારી આપી. આથી સાધુને ખુબ ક્રોધ ચડયો. ક્રોધમાં ને ક્રોધમાં તેઓ શિષ્યને મારવા દોડયા. પણ અકસ્માત્ એક થાંભલા સાથે અફળાતાં તપસ્વી સાધુ કાળધર્મ પામ્યા ! ત્યાંથી તેઓ જ્યોતિષ્ક દેવ તરીકે ઉપન્યા. ત્યાંથી ચ્યવીને તે આશ્રમમાં પાંચસો તાપસોના સ્વામી ચંડકૌશિક નામે તાપસ થયો. તેને પોતાના આશ્રમ ઉપર એટલો બધો મોહ કે કદાચ કોઇ માણસ આશ્રમનું કંઇ ફળ—ફુલ તોડે તો તેજ વખતે ક્રોધે ભરાઇ, કુહાડો લઇને મારવા દોડે. એક વખતે થોડા રાજકુમારોને પોતાના આશ્રમના બાગમાંથી ફળ તોડતા જોઇ તે ભારે ક્રોધે ભરાયો.

હાથમાં કુહાડો લઇ મારવા ધસી જતો હતો, તેટલામાં સહસા કુવામાં પડી ગયો અને ક્રોધના તિવ્ર અધ્યવસાયથી મરીને તેજ આશ્રમમાં પોતાના પૂર્વભવના નામવાળો દૃષ્ટિવિષ સર્પ થયો.

મહાવીર પ્રભુ તો આશ્રમમાં આવીને કાઉસગ્ગધ્યાને સ્થિર રહ્યા. પ્રભુને જોઇ ક્રોધથી ધમધમી રહેલો તે ક્રોધી સર્પ, સૂર્ય સામે દૃષ્ટિ કરી, પ્રભુની તરફ દૃષ્ટિજવાળા ફેંકે અને રખેને પ્રભુ પોતાની પર પડે એવા ભયથી પાછો હઠી જાય. એટલું છતાં પ્રભુ તો નિશ્ચલજ રહ્યા. આથી તેણે વિશેષ વિશેષ દૃષ્ટિજવાલા ફેંકવા માંડી. તથાપિ એ જ્વાળાઓ પ્રભુને તો જલધારા જેવીજ લાગી! ત્રણવાર દૃષ્ટિજવાલા છોડવા છતાં પ્રભુનું એકાગ્રધ્યાન તુટવા ન પામ્યું, તેથી તે અસાધારણ રોષે ભરાયો. તેણે પ્રભુને એક સખ્ત ડંખ માર્યો. તેને ખાત્રી હતી કે "મારા તિવ્ર વિષનો પ્રતાપ એટલો ભયંકર છે કે હમણા જ તે પૃથ્વી ઉપર મૂર્ચ્છિત થઈને પડવો જોઇએ." પરંતુ આશ્ચર્ય જેવું છે કે પ્રભુના પગ ઉપર વારંવાર ડસવા છતાં પ્રભુને તેનું લેશ માત્ર પણ ઝેર ન ચડયું, ઉલટું ડંસવાળા ભાગમાંથી ગાયના દૂધ જેવી રૂધિરની ધારા વહેવા લાગી.

સર્પે વિચાર્યું કે "મારી દૃષ્ટિ પડતાંજ જીવ-જંતુ અને મનુષ્ય પણ બળીને ભસ્મ થઇ જવાં જોઈએ! છતાં આ શું? આ પુરૂષને જ્યાં જ્યાં હું ડંખ મારૂં છું ત્યાં ત્યાંથી સફેદ રૂધિર કેમ વહેતું હશે? વળી મારા એકજ ડંખથી ગમે તેવા બળવાન્ મનુષ્યના પણ રામ રમી જવા જોઇએ, તેને બદલે આટઆટલા ડંખ મારવા છતાં આ પુરૂષ આમ અચળપણે શી રીતે ઉભો રહી શકયો હશે? રે! તેના કોઇ અંગમાં વ્યાકુળતાનું ચિન્હ પણ કાં નથી દેખાતું?"

વિસ્મય પામેલો ચંડકૌશિક સર્પ થોડીવાર પ્રભુ સામે ની-

કલ્પસૂત્ર.

ચંડકૌશિક ! કંઇક સમજ અને બુઝ. (પૃ ૨૦૫.)

Kirshna Art Works, Bombay 2. Meghji Hirji Bombay 3.

હાળી રહ્યો. પ્રભુની મુદ્રામાં તેને કંઇક અપૂર્વ શાંતિ જણાઇ. એ શાંતિએ તેના દીલ ઉપર અપૂર્વ અસર કરી. તેના પોતાનામાં પણ શાંતિ અને ક્ષમા આવતાં દેખાયાં.

ચંડકૌશિકને સ્હેજ શાંત થયેલો જોઇ પ્રભુએ કહ્યું કે-“ હે ચંડકૌશિક ! કંઇક સમઝ અને બુઝ !”

પ્રભુની શાંતિ અને ધીરતાએ તેની પર અસર તો કરીજ હતી. એટલામાં પ્રભુનાં અમૃત શાં મીઠાં વેણુ સાંભળતા અને તે વિષે વિચાર કરતાં તેને જાતિસ્મરણ જ્ઞાન થયું. તે પોતાના ભયંકર અપરાધોનો પશ્ચાત્તાપ કરવા લાગ્યો. પ્રભુને પ્રદક્ષિણા આપતો તે મનમાં વિચારવા લાગ્યો કે-ખરેખર આ કરૂણાસમુદ્ર ભગવંતે મને દુર્ગતિરૂપ મ્હોટી ખાઇમાં પડતો બચાવી લીધો. તેજ વખતે તેણે અનશનવ્રત લઇ લીધું. રખેને પોતાની વિષમય ભયંકર દૃષ્ટિ કોઇ સદોષ કે નિર્દોષ પ્રાણી ઉપર પડી જાય એવા શુભ હેતુથી તેણે પોતાનું મસ્તક દરને વિષે છુપાવી દીધું.

એ માર્ગને વિષે ઘી, દૂધ વેચવા જતી ગોવાલણોએ નાગરાજને એ પ્રમાણે સંતુષ્ઠ થયેલો જોઇ, તેની ભક્તિપૂર્વક ઘી-દૂધ વડે પૂજા કરવા માંડી. એ ઘી-દૂધની સુગંધને લીધે અનેક કીડીઓ સર્પના શરીર ઉપર એકઠી થઇ, તીક્ષ્ણ ચટકા મારવા લાગી. છતાં પણ પ્રતિબોધ પામેલા અને શુભધ્યાનમાં આરૂઢ થયેલા તે સર્પે જરાય વ્યગ્રતા કે અશાંતિ ન દર્શાવી. પોતાને અસહ્ય વેદના થવા છતાં, જુનાં પાપોને સંભારી, મુંગે મ્હોડે તે સહન કરવા લાગ્યો. આખરે શુભ ભાવના ભાવતો, પ્રભુની દૃષ્ટિરૂપી અમૃતવૃષ્ટિ વડે સીંચાયેલો, પ્રચંડ ક્રોધવાળો ચંડકૌશિક એક પખવાડીયે મૃત્યુ પામી સહસ્રાર દેવલોકમાં દેવ થયો.

ચંડકૌશિક ઉપર એ રીતે મહાન ઉપકાર કરી, પ્રભુ ત્યાંથી વિહાર કરતા ઉત્તરવાચાલ નામના ગામમાં આવ્યા. અહીંઆ

નાગસેન શ્રાવકે પ્રભુને અર્ધમાસક્ષપણને પારણે ખીર વ્હોરાવી. તે વખતે તેના દાનની દેવોએ પણ સ્તુતિ કરી અને વસુધારા વિગેરે પાંચ દિવ્યો પ્રકટ કર્યાં. ત્યાંથી વિહાર કરી શ્વેતાંબી નગરીમાં ગયા. શ્વેતાંબીના પ્રદેશી રાજાએ પ્રભુનું ઘણું સારૂં સ્વાગત અને સત્કાર કર્યો. ત્યાંથી સુરભિપુર જતાં પ્રભુને પાંચ રથયુક્ત નૈયકગોત્રના રાજાઓએ વંદન કર્યું.

સુદંષ્ટ્રનો અણધાર્યો ઉપદ્રવ

સુરભિપુર પહોંચતા પહેલાં ગંગા નદી ઓળંગવાની જરૂર હતી. સિદ્ધદત્ત નામનો એક નાવિક લોકોને ગંગા નદી ઉતારવા પોતાની નાવમાં ચડાવતો હતો. પ્રભુ પણ તે નાવપર ચડ્યા. નાવિક નાવને હંકારવા લાગ્યો. અકસ્માત્ એ વખતે ઘુવડ પક્ષીનો અવાજ કાન સાથે અથડાયો. ક્ષેમલ નામનો એક નિમિત્તીયો નાવમાં બેઠો હતો તે, બીજા લોકો સામે જોઇ બોલી ઉઠ્યો કે–" નદી ઉતરતાં આજે આપણુને મરણાંત કષ્ટ થવું જોઇએ. પરન્તુ આ મહાત્માના પુણ્યપ્રભાવથી આપણો વાળ વાંકો નહી થાય. " આરોહીઓથી ભરેલું નાવ ગંગાની મધ્યમાં–અગાધ જળમાં આવી પહોંચ્યું.

પ્રભુએ પોતાના ત્રિપૃષ્ટ વાસુદેવના ભવમાં જે સિંહને માર્યો હતો તે સિંહનો જીવ ઘણાં ભવભ્રમણ કરી ભુવનપતિમાં સુદંષ્ટ્ર નામે નાગકુમાર થયો હતો. પ્રભુને નાવમાં બેઠેલા જોઈ તેને પૂર્વ-જન્મનું વેર સાંભરી આવ્યું અને તેનો બદલો લેવા–નાવને બુડાડવા તૈયાર થયો.

બરાબર તેજ વખતે નાગકુમાર દેવ તરીકે ઉત્પન્ન થયેલા કંબલ અને શંબલ નામના દેવોએ અવધિજ્ઞાનથી તીર્થંકર પ્રભુને ઉપસર્ગ થતો જોયો, તેથી તેઓ તત્ક્ષણ ત્યાં આવી

પ્રભુને નાવમાં બેઠેલા જોઇ તેને પૂર્વજન્મનું વેર સાંભરી આવ્યું અને તેનો બદલો લેવા—નાવને બુડાડવા તૈયાર થયો.
(પૃ, ૨૦૬)

K. Art Works, Bombay 2. Meghji Hirji Bombay 3.

પહોંચ્યા. એક દેવે નાવનું રક્ષણ કર્યું અને બીજાએ સુદંષ્ટ્ર સાથે યુદ્ધ કરી તેને હરાવીને કાઢી મૂકયો. તે પછી તે બન્ને દેવો પ્રભુનાં સત્વ તથા રૂપનું ગુણગાન કરતા, નાચતા, મહોત્સવ-પૂર્વક સુગંધી જળ અને પુષ્પની વૃષ્ટિ કરતા પોતાના સ્થાને ચ લ્યા ગયા.

કંબલ અને શંબલ દેવો કોણ ?

એકદા મથુરા નગરીમાં જિનદાસ નામે શેઠ રહેતો હતો. તેને સાધુદાસી નામની એક સુશીલા સ્ત્રી હતી. બંને પરમ શ્રાવક હતાં. પાંચમા વ્રતમાં સર્વથા ઢોર રાખવાનું તેમણે પચ્ચખ્ખાણ કરેલું હોવાથી, પોતે એકે પશુ પોતાને ત્યાં ન રાખતા. દૂધ-ઘી વિગેરે જોઈએ તો એક આહીરણ પાસેથી વેચાતું લઈ લે. ઘણા દિવસના આવા વ્યવહારથી પેલી આહીરણ અને સાધુદાસી વચ્ચે ગાઢ મૈત્રી થઈ. એક વખતે આહીરણને ઘેર વિવાહનો પ્રસંગ હતો. તેણીએ શેઠ-શેઠાણીને નિમંત્રણ કર્યું. શેઠે કહ્યું કે:-અમારામાંથી તો કોઈ આવી નહીં શકે, પણ તમારે વિવાહમાં કંઇ ચીજ-વસ્તુ જોઈતી હોય તો ખુશીથી લઇ જજો.

પછી જિનદાસે વાસણ, વસ્ત્રો, ઘરેણાં, ધૂપ, સુગંધી પદાર્થો વિગેરે ઘણી ઉત્તમ વસ્તુઓ વિવાહમાં આપી. તેથી આહિરણનો વિવાહોત્સવ ઘણો સરસ દીપી નીકળ્યો. લોકોએ પણ એ વિવાહના ઘણા ઘણા વખાણ કર્યાં. આહેર અને આહેરણ બન્ને જણાં જિનદાસ ઉપર ઘણા પ્રસન્ન થયાં અને વિચારવા લાગ્યાં કે શેઠે કરેલા ઉપકારનો બદલો આપણે હવે કેવી રીતે વાળી આપશું ? તેમણે પોતાને ત્યાં ઉછરતા અતિ મનોહર, મજબુત અને સરખી ઉમરના બે વાછડા શેઠને આપવાનો નિશ્ચય કર્યો.

જિનદાસ અને સાધુદાસીએ તે વાછડા પાછા લઇ જવાને ઘણું સમજાવ્યું, પણ તેમણે ન માન્યું અને પરાણે તેમના

આંગણામાં બાંધી ચાલ્યા ગયા. જિનદાસે વિચાર કર્યો કે-જો હું આ વાછડા છોડી મૂકીશ તો લોકો તેમને ખસ્સી કરી, ગાડી કે હળ વિગેરેમાં જોડી અનેક પ્રકારે હેરાન કરશે. માટે ભલે મારે ઘેર જ રહ્યા.

દયાળુ જિનદાસ બન્ને વાછડાનું પ્રાસુક ઘાસ-પાણીથી પોષણ કરવા લાગ્યો. આઠમ ચૌદશ જેવી પર્વ તિથિઓમાં તે પોસહ લઇ ધાર્મિક પુસ્તકો વાંચતો, તે સાંભળી પેલા બે બળદો પણ ભદ્રકપરિણામી થયા. જે દિવસે શેઠ પોતે ઉપવાસ કરે તે દિવસે પેલા બે બળદો પણ ઘાસ કે પાણી કંઈ જ ન વાપરે, નીરેલું ઘાસ જેમનું તેમ પડી રહે. શેઠને તેમના પર પોતાના સાધર્મિક ભાઈઓ જેવો જ પ્રેમ સ્ફુરવા લાગ્યો. દયાનું સ્થાન ભ્રાતૃભાવે લીધું. અંતઃકરણપૂર્વક તે બળદોની સેવા કરવા લાગ્યો.

એક વખતે ગામમાં ભંડીરવણ નામના યક્ષનો યાત્રોત્સવ આવ્યો. તે દિવસે ગામના જુવાનીયાઓ વાહનો દોડાવવાની સરત ખેલવા લાગ્યા. જિનદાસનો એક મિત્ર, પેલા અતિ બળવાન અને દેખાવડા બે બળદો કોઇને કંઈ પૂછ્યા વગર જ લઈ ગયો. જેમની કાંધ ઉપર જીંદગીમાં કોઇ દિવસ ધોંસરી પડી નહોતી તેવા તે અણપલોટ બળદોને, તેણે ગાડીએ જોડી ખુબ દોડાવ્યા. લોકોમાં તે બળદનાં રૂપ અને બળની ભારે પ્રશંસા થઈ.

પરંતુ પ્રશંસાથી શું વળે? તે સુકોમળ બળદના સાંધા તુટી ગયા. જિનદાસનો મિત્ર કામ પતાવી તે બળદો તેને ઘેર બાંધી ચાલ્યો ગયો, પણ તેની ખબર જિનદાસને પડવા ન દીધી. જમવાને વખતે જિનદાસ ઘેર આવ્યો. તેણે બળદોને ઘાસ નીર્યું, પણ તે ઘાસ ખાધું નહીં, પાણી પીવા આપ્યું, તે પણ ન પીધું. બળદોનાં મ્હોં પહોળાં પડી ગયેલાં અને સાવ વીલાં થઈ ગયેલાં જોઇ શેઠને ઘણું દુઃખ થયું. તેણે આંખમાં આંસુ લાવી, ભક્તપચ્ચ-

ખ્ખાણુ કરાવ્યું, નવકાર મહામંત્ર સંભળાવ્યો, વિગેરે ધાર્મિક ક્રિયા કરી જિનદાસે તે બળદોને નિર્યામણા કરાવી. શુભ ભાવના ભાવતા તે બળદો મરીને નાગકુમાર દેવ થયા અને તેમણે જ સુદંષ્ટ્રનો ઉપસર્ગ અધ્ધરથી જ ટાળી દીધો.

પ્રભુ નાવમાંથી ઉતરી, રાજગૃહ નગરમાં પધાર્યા. ત્યાં વર્ષાકાળ નિર્ગમન કરવા માટે નાલંદા નામના પાડામાં, એક શાળવીની શાળાના એક ભાગમાં તેની રજા લઈ, પહેલું માસક્ષપણ સ્વીકારીને રહ્યા.

ગોશાળાનું આવી મળવું

મંખલી નામે એક મંખ એટલે કે ચિત્રકળા જાણનાર ભિક્ષાચરવિશેષ હતો. તેને સુભદ્રા નામની સ્ત્રી હતી. તેઓ બન્ને, હાથમાં ચિત્રપટ રાખી, ગુજરાન ચલાવતા હતા. તેઓ ફરતા ફરતા શરવણ નામના ગામમાં આવી ચડયાં. તે ગામમાં ઘણી ગાયોવાળા કોઈ બ્રાહ્મણની ગોશાળામાં સુભદ્રાએ એક પુત્રને જન્મ આપ્યો. તે બાળક ગોશાળામાં જન્મેલો હોવાથી તેનું નામ 'ગોશાળો' રાખવામાં આવ્યું.

ગોશાળો યુવાન થયો. તે પણ ફરતો ફરતો, રાજગૃહ નગરમાં જ્યાં પ્રભુ ચાતુર્માસ રહ્યા હતા ત્યાં આવ્યો. હવે પ્રભુને માસક્ષપણ પુરું થયું એટલે પારણાને દિવસે વિજય નામના શેઠે, ખુબ સરસ ભોજન સામગ્રી આપી પારણું કરાવ્યું. તે વખતે આકાશમાં "ધન્ય છે આ દાનને" એવી દેવોએ ઉદ્ઘોષણા કરી અને વસુધારા વિગેરે પાંચ દિવ્યો પ્રગટ કર્યાં. આ હકીકત સાંભળી ગોશાળે વિચાર્યું કે:—"આ મુનિ કોઈ સામાન્ય માણસ નથી લાગતા. તેમને અન્નાદિ સામગ્રી આપનારને ત્યાં પણ

આવી સમૃદ્ધિ થઈ જાય, એ ખરેખર! તેમનો મહાન્ પુણ્યપ્રભાવ-જ સૂચવે છે. મારે હવે આ ચિત્રપટનું પાખંડ ક્યાં સુધી વેંઢારવું ? હું એ પ્રભાવી મહાપુરૂષનો એક શિષ્ય જ બની જઉં તો તેમના પ્રતાપે કંઇ અડચણ ન વેઠવી પડે." એટલામાં પ્રભુ પારણું કરીને પાછા તે શાળામાં આવી કાયોત્સર્ગ કરીને રહ્યા. તે વારે ગોશાળો નમીને બોલ્યો કે:—"ભગવન ! આજ સુધી અજ્ઞાનને લીધે હું આપનો મહદ્ પ્રભાવ ન સમજી શક્યો, પણ હવે હું જાણી શક્યો છું કે આપ કંઈ જેવા તેવા પુરૂષ નથી. આજથી હું આપનો શિષ્ય થઈ આપની સાથે જ રહીશ અને આપનું શરણુ જ હંમેશા સ્વીકારીશ."

પ્રભુ તો મૌન જ રહ્યા. ગોશાળો ગમે ત્યાં ભિક્ષા માગી આજીવિકા ચલાવતો, અને પોતાને પ્રભુનો શિષ્ય માનવા લાગ્યો. પ્રભુને બીજા માસક્ષપણનું પારણું નંદ નામના શેઠે પકવાન્નાદિ વડે કરાવ્યું. ત્રીજા માસક્ષપણનું પારણું સુનંદ નામના શેઠે પરમાન્નાદિ વડે કરાવ્યું. ચોથું માસક્ષપણ સ્વીકારીને પ્રભુ કાર્ત્તિક શુદિ પૂર્ણિમાએ વિહાર કરીને કોલ્લાક સન્નિવેશમાં પધાર્યા. ત્યાં પ્રભુને ચોથા માસક્ષપણનું પારણું બહુલ નામના બ્રાહ્મણે દૂધપાક વહોરાવી કરાવ્યું. તે વખતે દેવોએ અદૃશ્યમાં રહી તેના દાનની સ્તુતિ કરી પાંચ દિવ્ય પ્રકટ કર્યાં. પ્રભુએ જ્યારે રાજગૃહથી વિહાર કર્યો ત્યારે ગોશાળો ભિક્ષા માટે બ્હાર ગયો હતો. તે ભિક્ષા લઇ પાછો આવ્યો અને જોયું તો શાળવીના મકાનમાં પ્રભુ ન મળે. આખા નગરમાં તે શોધી વળ્યો. પણ પ્રભુનો પત્તો ન લાગ્યો. છેવટે તેણે પોતાનાં બધાં ઉપકરણ બ્રાહ્મણોને આપી દીધાં અને દાઢી, મૂછ તથા મસ્તક બોડાવી ફરતો ફરતો કોલ્લાક ગામમાં આવ્યો. ત્યાં પ્રભુને જોઈ બોલી ઉઠયો કે:—"પ્રભુ ! અત્યારસુધી હું

ગૃહસ્થ જેવો દેખાતો હોવાથી આપે કદાચ મને દીક્ષાયોગ્ય નહીં જાણ્યો હોય, પણ હવે તો ઉપકરણો વિગેરે ત્યાગી નિઃસંગ જેવો થઈ ગયો છું, માટે આપની દીક્ષા મને પણ હો!" પ્રભુએ કંઈ જવાબ ન આપ્યો. છતાં તે પ્રભુની સાથે ને સાથેજ રહેવા લાગ્યો.

ગોશાળાના નિયતિવાદનું નિમિત્ત

પ્રભુ ત્યાંથી વિહાર કરી સુવર્ણખલ નામના ગામ તરફ ચાલ્યા, ગોશાળો પણ તેમની સાથેજ હતો. માર્ગમાં એક જગ્યાએ કેટલાક ગોવાળીયા માટીની મ્હોટી હાંડીમાં ખીર રાંધતા હતા. તે જોઇ ગોશાળાએ પ્રભુને કહ્યું કેઃ—"સ્વામી! અહીં થોડી વાર વિશ્રાંતિ લ્યો તો ઠીક, મને પણ કડકડીને ભૂખ લાગી છે. આ ખીર રંધાય છે તે ખાઇને આગળ ચાલીએ." સિદ્ધાર્થ વ્યંતર પ્રભુના મુખથી બોલ્યો કેઃ—"એ હાંડી ફૂટી જવાની છે." ગોશાળો તુરત દોડતો દોડતો ગોવાળીયા પાસે આવ્યો અને હાંડીના ફૂટવા વિષે ભવિષ્ય ભાખ્યું. ગોવાળીયાએ પોતાના જીવની જેમ હાંડીનું રક્ષણ કર્યું. પરન્તુ દૂધમાં ચોખા નાખવામાં કંઇ મેળ ન રહ્યો, તેથી વધારે પ્રમાણમાં પડેલા ચોખા ફુલવાથી, કાળજી રાખવા છતાં, હાંડી ફુટી ગઇ! આ દેખાવ જોઇ ગોશાળાએ સિદ્ધાન્ત કર્યો કે "જે થવાનું હોય તે થયા વિના નજ રહે." અર્થાત્ તે દિવસથી તેણે નિયતિવાદ સ્વીકાર્યો.

ગોશાળાનાં કૌતુક

પ્રભુ સુવર્ણખલ પહોંચ્યા. ત્યાંથી વિહાર કરી બ્રાહ્મણગ્રામ પધાર્યા. ત્યાં નંદ અને ઉપનંદ નામના બે ભાઈઓના બે મહોલ્લા હતા. પ્રભુ નંદના મહોલ્લામાં ગોચરી ગયા. નંદે તેમને ભક્તિભાવથી ઉત્તમ ભોજન વહોરાવ્યું. ગોશાળો ઉપનંદના મહોલ્લામાં ઉપનંદને ઘેર ગયો. ત્યાં તેને વાસી અન્ન મળ્યું. આથી તેને ઘણો

ગુસ્સો ચડયો. તેણે ક્રોધમાં ને ક્રોધમાં શ્રાપ આપ્યો કેઃ—"જો મારા ધર્માચાર્યનું તપઃતેજ હોય તો એ તેજના પ્રભાવે આનું ઘર બળી જાઓ!" પ્રભુના નામે આપેલો શ્રાપ પણ નિષ્ફળ ન થવો જોઈએ, એમ વિચારી નજીકના કોઇ એક દેવે ઉપનંદનું ઘર બાળી નાખ્યું!

ત્યાંથી વિહાર કરી પ્રભુ ચંપાનગરીમાં પધાર્યા. ત્યાં બેમાસીતપ સ્વીકારીને ત્રીજું ચોમાસું રહ્યા. છેલ્લા બે માસક્ષપણનું પારણું ચંપાનગરીની બહાર કરીને તેઓ કોલ્લા નામના સન્નિવેશમાં પધાર્યા, અને ત્યાં એક શૂન્ય ઘરમાં કાઉસગ્ગ ધ્યાને રહ્યા.

ગોશાળાને પડેલો માર

એ જ શૂન્ય ઘરમાં, એ જ ગામના જાગીરદારનો સિંહ નામનો યુવાન પુત્ર, વિદ્યુન્મતી નામની દાસી સાથે રતિક્રિડા કરવા, રાત્રિને વિષે આવ્યો. રાત્રિનો ગાઢ અંધકાર વ્યાપેલો હોવાથી યુવક-યુવતિને ગોશાળાની હાજરીની ખબર ન પડી. તેઓ રતિક્રીડા કરી ત્યાંથી નીકળ્યાં, એટલે ગોશાળો કે જે અત્યાર સુધી છુપાઇને બધું જોતો હતો તે ખડખડાટ હસી પડ્યો. સિંહને આથી ક્રોધ ચડ્યો. તેણે ગોશાળાને ખુબ માર માર્યો. પછી જ્યારે તે અધમુઆ જેવો થયો અને બુમબુમ પાડી રડવા લાગ્યો ત્યારેજ તેને છુટો કર્યો. ત્યારપછી ગોશાળે પ્રભુ પાસે આવી કહ્યું કે-"પ્રભુ! મને એકલાને તેણે આટલો બધો માર માર્યો, છતાં આપ કેમ વચમાં ન પડયા?" પ્રભુના શરીરમાં સંક્રમેલા સિદ્ધાર્થે કહ્યું કે—"ભલા માણસ! તારે ગંભીરતા રાખવી જોઇએ. કોઈની મશ્કરી ન કરવી ઘટે. હવેથી સાવચેત રહેજે."

ત્યાંથી વિહાર કરી પ્રભુ પાત્રાલક ગામમાં જઈ, કોઈ એક

શૂન્ય ઘરમાં કાઉસગ્ગ ધ્યાને રહ્યા. ત્યાં પણ રાત્રિને વિષે સ્કંદ નામના યુવકને સ્કંદિલા નામની દાસી સાથે રતિક્રિડા કરતો જોઇ, ગોશાળો મશ્કરી કર્યા વિના ન રહી શક્યો. તેથી ત્યાં પણ પ્રથમની જેમ તેણે ખુબ માર ખાધો!

મુનિચંદ્ર સૂરિનું વૃતાન્ત

પાત્રાલકથી વિહાર કરી, પ્રભુ કુમારક સન્નિવેશમાં આવ્યા અને ત્યાં ચંપક રમણીય નામના ઉદ્યાનમાં કાઉસગ્ગ ધ્યાને રહ્યા. તે વખતે શ્રી પાર્શ્વનાથ પ્રભુના સંતાનીય શિષ્ય મુનિચંદ્ર નામના આચાર્ય, ઘણા શિષ્યોના પરિવાર સાથે વિચરતા વિચરતા તેજ ગામમાં કુંભારની શાળામાં રહેલા હતા. ગોશાળાએ ગામમાંના તે સાધુને પૂછયું કે—“ તમે કોણ છો ? ”

જવાબ મળ્યો કે—“ અમે નિર્ગ્રન્થ છીએ. ”

ગોશાળાએ તિરસ્કાર કરતાં કહ્યું કે:—“ તમે ક્યાં અને મારા ધર્માચાર્ય ક્યાં ? તમારામાં અને મારા ધર્માચાર્યમાં મેરૂ અને સરસવના દાણા જેટલો તફાવત છે. ”

તે સાધુઓ શ્રી મહાવીર ભગવાનને ન્હોતા ઓળખતા. તેથી બોલ્યા કે:—“ જેવો તું છે, તેવાજ તારા ધર્માચાર્ય પણ હશે. ”

એવાં આક્ષેપનાં વચનો સાંભળી ગોશાળાને ક્રોધ ચડયો. તેણે શ્રાપ આપ્યો કે:—“ જો મારા ધર્માચાર્યનું તેજ હોય તો તેના પ્રભાવથી તમારો આ આશ્રમ બળી જાઓ. ”

સાધુઓએ નિડરતાથી કહ્યું કે–“ અમે કોઇના શ્રાપથી મુદ્દલ ડરતા નથી અને તારામાં તે એવું કયું દેવત છે કે અમારૂં આશ્રમસ્થાન બળી જાય ? ”

ગોશાળો ઘડીવાર તો આશ્રમસ્થાન સામે જોઈ રહ્યો, પણ

તેમાં આગ લાગે એવો કંઇ સંભવ ન જણાવાથી તે ખેદયુક્ત વદને પ્રભુ પાસે આવ્યો અને કહેવા લાગ્યો કે:—"હે સ્વામી! મેં આપના નામથી શ્રાપ આપ્યો, છતાં તે સાધુઓનો ઉપાશ્રય ન બળ્યો તેનું શું કારણ?"

સિદ્ધાર્થે જવાબ આપ્યો કે—"અરે બેવકુફ! તેઓ તો શ્રી પાર્શ્વનાથ પ્રભુના શિષ્યો છે. તેમને શ્રાપ અપાયજ નહીં અને આપીએ તોપણ કંઇ ન વળે."

તે રાત્રિએ, મુનિચંદ્રસૂરિ જીનકલ્પની તુલના કરતા હોવાથી ઉપાશ્રયની બ્હાર પ્રતિમા ધરીને રહ્યા. પેલો કુંભાર મદિરાપાન કરી, ઘુમતો ઘુમતો ત્યાં આવી ચડયો. તેણે દારૂના નીસ્સામાં આચાર્ય મહારાજને ન ઓળખ્યા. તેણે તેમને કોઈએક ચોર માની, ગળું પકડી, એટલો બધો માર માર્યો કે આચાર્ય મહારાજનો પ્રાણપંખી ઉડી ગયો. આવું મરણાન્ત કષ્ટ વેઠવા છતાં તેઓ પોતાના શુભ ધ્યાનમાંથી જરાય ન ડગ્યા. પરિણામે તેમને તેજ વખતે અવધિજ્ઞાન થયું અને કાળધર્મ પામી દેવલોકે ગયા. દેવોએ આવી તે મુનિરાજના મહિમા માટે પ્રકાશ કર્યો. એ પ્રકાશ જોઇ ગોશાળો મનમાં મકલાયો કે આખરે મારો શ્રાપ ફળ્યો ખરો! સાધુઓનો ઉપાશ્રય બળ્યો ખરો!

સિદ્ધાર્થે તેને સત્ય હકીકત કહી સંભળાવી. છતાં ગોશાળાથી શાંત ન રહેવાયું. તે એકવાર ત્યાં જઇ, સૂઇ રહેલા સાધુઓને તિરસ્કારી પાછો આવ્યો ત્યારેજ તેના આત્માને શાંતિ વળી!

ગોશાળો હેડમાં પડયો!

ત્યાંથી વિહાર કરી પ્રભુ ચોરા નામના ગામમાં આવ્યા. ગોશાળો પણ પ્રથમની જેમ સાથે જ હતો. ત્યાં પ્રભુને અને

ગોશાળાને રાજ્યની છુપી બાતમી લઈ જનાર જાસુસ જાણી કોટવાળે તેમને હેડમાં નાખવાનો સંકલ્પ કર્યો. ગોશાળાને તો પકડતાં જ હેડમાં નાખ્યો. હજી પ્રભુને હેડમાં નાખ્યા નહોતા. તેટલામાં ઉત્પલ નિમિત્તીયાની સોમા અને જયંતી નામની બે બ્હેનો, જેઓ સંયમ પાળવાને અસમર્થ નીવડવાથી, પાછળથી સંન્યાસિની થઈ હતી, તેમણે પ્રભુને ઓળખ્યા અને પેલા કોટવાળને કહ્યું કે:—" જો જો, મૂર્ખાઇ ન કરતા. તમે જો આ પુરૂષને હેડમાં નાખશો તો તમારે જ જીવવું ભારે થઇ પડશે. આ પુરૂષ બીજા કોઇ નહીં પણ સિદ્ધાર્થ રાજાના પુત્ર મહાવીર પ્રભુ પોતે છે, એટલું પણ તમને ભાન નથી ? " એ ખુલાસો સાંભળતાંજ કોટવાળ ભયથી ધ્રૂજી ઉઠયો અને પ્રભુને જવાનો માર્ગ કરી આપી, તેમના ચરણમાં નમી, પોતાના અપરાધની ક્ષમા માગી. ગોશાળાને પણ પ્રભુનો જ એક શિષ્ય માની તત્કાળ છોડી દીધો.

ત્યાંથી વિહાર કરી, પ્રભુ પૃષ્ટચંપા નગરીમાં પધાર્યા. ત્યાં તેમણે ચાર મહિનાના ઉપવાસ વડે (ચોમાસી તપ) ચોથું ચાતુર્માસ નિર્ગમન કરી, પૃષ્ટચંપાની બ્હાર પારણું કર્યું. ત્યાંથી વિહાર કરી તેઓ કાયંગલ નામના સન્નિવેશમાં ગયા.

ગોશાળાની ખીરમાં મનુષ્યનું માંસ !

તે પછી પ્રભુ શ્રાવસ્તી તરફ વિહાર કરી ગયા અને શ્રાવસ્તી નગરીની બહાર કાઉસ્સગ્ગધ્યાને રહ્યા. ભોજન સમયે ભિક્ષા માટે જતા ગોશાળાએ પ્રભુને પૂછયું કે:–" સ્વામી ! આજે મને કેવો આહાર મળશે ? "

સિદ્ધાર્થે જ જવાબ આપ્યો કે:—" આજે તો તને મનુષ્યનું માંસ મળશે."

ગોશાળાએ વિચાર કર્યો કે જયાં માંસની ગંધ પણ ન હોય ત્યાંજ આજે ભીક્ષા લેવા જઉં અને માંસ મળવાનું ભવિષ્ય ખોટું પાડું તોજ હું ખરો ! તે શુદ્ધ આહાર–પાન કરનાર વૈશ્યોના લતામાં ભીક્ષા માટે ભમવા લાગ્યો.

હવે પ્રસંગ એવો બન્યો કે તે નગરીમાં પિતૃદત્ત નામના એક વૈશ્યની સ્ત્રી–ભદ્રાને ભાગ્યયોગે દરવેળા મરેલાં સંતાન જન્મે. ભદ્રાએ પોતાના દુર્ભાગ્યની વાત શિવદત્ત નામના એક નિમિત્તીયાને કરી, અને એ દોષ નિવારવાને શું કરવું તે વિષે જીજ્ઞાસા કરી. શિવદત્તે કહેલું કે "જો હવે તને મરેલ સંતાન જન્મે તો એ મરેલા બાળકનું માંસ ખીર સાથે મેળવી, કોઈ ભિક્ષુકને ખવરાવજે, એટલે તને સારાં–નરવાં બાળક અવતરશે."

ગોશાળો ભિક્ષાને માટે ભમતો હતો, તેજ દિવસે ભદ્રાને મરેલું બાળક અવતરેલું. તેથી તેણીએ તે મરેલા બાળકનું માંસ ખીર સાથે ભેળવી તૈયારજ રાખ્યું હતું. તેટલામાં ગોશાળો મિષ્ટાન્નની આશાથી ભમતો ભમતો તે જ ઘરે આવી ચડ્યો. વાટ જોઇ બેઠેલી ભદ્રા એકદમ ઉઠીને ઉભી થઇ અને પેલી ખીર ગોશાળાને આપી દીધી. ખીર લઇને ગોશાળો રવાના થયો એટલે બાઈએ વિચાર્યું કે જો આ ભિક્ષુકને ખીરમાંના માંસની ખબર પડશે તો જરૂર મને શ્રાપ આપી મારૂં ઘર પણ બાળી નાખશે. તેથી તેણીએ ગોશાળાના જવા પછી ઘરનુ બારણું જ ફેરવી નાખ્યું !

ગોશાળે આનંદથી ખીર ખાધી અને પ્રભુની પાસે આવી નિવેદન કર્યું, ત્યારે પ્રભુએ તે ખીરવાળી આખી વાત મૂળથી જ કહી સંભળાવી. ગોશાળાએ નિર્ણય કરવા મુખમાં આંગળી નાખી વમન કર્યું. વમનની અંદર બરાબર તપાસ કરતાં બાળકનું માંસ જણાયું.

ખીરમાં માંસ ભેળવી, પોતાને ઠગનારી બાઈ ઉપર ગોશા-

બાને ગુસ્સો ચડ્યો તેથી શ્રાપ આપી તેણીનું ઘર બાળી નાખવા તુરત ત્યાં ગયો. પણ ઘરનું બારણું ફેરવી નાંખેલું હોવાથી, મૂળ ઘર પારખી શક્યો નહીં. તેનો ગુસ્સો શાંત થવાને બદલે ઉલટો વધ્યો. તેણે કહ્યું કે "જો મારા ધર્માચાર્યનું તપઃતેજ હોય તો આ આખો લત્તો બળી જાઓ." સાન્નિધ્ય રહેલા વ્યંતરોએ વિચાર્યું કે પ્રભુનું માહાત્મ્ય સાવ નિષ્ફળ જાય તે ઠીક નહીં, તેથી તેઓએ આખો લત્તો બાળી નાખ્યો.

પ્રભુના પગ દાઝયા

ત્યાંથી વિહાર કરી પ્રભુ હરિદ્ર નામના સન્નિવેશની બહાર હરિદ્રવૃક્ષ નીચે કાઉસગ્ગધ્યાને રહ્યા. એજ વૃક્ષ નીચે રાતવાસો રહેલા મુસાફરોએ ટાઢને લીધે રાત્રિએ અગ્નિ સળગાવેલો. સવાર થતાં તેઓ અગ્નિને બુઝાવ્યા વગર જ પોતપોતાના રસ્તે ચાલતા થયા. અગ્નિ ધીરે ધીરે ફેલાતો પ્રભુ પાસે આવ્યો. કર્મરૂપ ઈંધનને બાળવા ધ્યાનરૂપ અગ્નિને અહોનિશ સચેત રાખનાર પ્રભુ આવા સ્થૂળ અગ્નિથી જરા પણ ક્ષોભ ન પામ્યા. અગ્નિએ પોતાનો ભાવ ભજવ્યો. વધુ તો કંઈ નહીં પણ પ્રભુના પગ દાઝયા. ગોશાળો તો અગ્નિ જોઇને, મુઠી વાળી ત્યાંથી નાસી જ ગયો. પછી જયારે અગ્નિ ઓલવાઇ ગયો ત્યારે પાછો પ્રભુ પાસે આવીને બેસી ગયો !

બાલીશ ગોશાળાના ચાળા-ચટકા

ત્યાંથી વિહાર કરી પ્રભુ નંગલા નામના ગામે આવ્યા અને વાસુદેવના મંદિરમાં પ્રતિમા ધરીને રહ્યા. ત્યાં કૌતુકપ્રિય ગોશાળો આંખના ચાળા-ચટકા કરી ગામનાં બાળકોને બીવરાવવા લાગ્યો. બાળકો ભયભીત બની નાસભાગ કરવા મંડ્યા. બાળકોના મા બાપોને ખબર પડતાં તેમણે ત્યાં આવી ગોશાળાની ઝાટકણી કાઢી નાખી

અને ખૂબ મેથીપાક પણ ચખાડયો ! ત્યાંથી વિહાર કરી પ્રભુ આવર્ત ગામ પધાર્યા, અને બળદેવના મંદિરમાં પ્રતિમા ધરીને રહ્યા. ત્યાં પણ ગોશાળે પોતાના સ્વભાવ પ્રમાણે બાળકોને બીવરાવવા મુખના ચાળા કરવા માંડ્યા. ભયભીત બનેલાં બાળકોના માબાપોએ જોયું કે ગોશાળો તો એક બેવકુફ ભિક્ષુક માત્ર છે, તેને મારવાથી કંઈ લાભ થાય તેમ નથી. તેથી તેમણે તેના ગુરૂને જ શિક્ષા આપવાનો મનસુબો કર્યો. તેમણે વિચાર્યું કે "જે ગુરૂ પોતાના શિષ્યના તોફાન મુંગેમ્હોડે જોયા કરે છે અને વારતો નથી તેને જ શા સારૂ શિક્ષા ન કરવી ?"

દુર્બુદ્ધિવાળાં માબાપો, જેવા પ્રભુને મારવા તૈયાર થયાં કે તેજ વેળા મંદિરમાંની બળદેવની મૂર્ત્તિએ જ હળ ઉપાડી તેમને અટકાવ્યા. એ દેખાવ જોઇ આશ્ચર્યમુગ્ધ બનેલા લોકો પ્રભુના પગમાં નમી પડયા અને પોતાના અપરાધ બદલ વારંવાર પશ્ચાત્તાપ કરવા લાગ્યા.

ત્યાંથી વિહાર કરી પ્રભુ ચોરાક સન્નિવેશે ગયા. ત્યાં એક માંડવામાં ઉત્તમ ભોજન રંધાતું હોવાથી, "ભોજન તૈયાર થવાને હવે કેટલીવાર છે ?" તે તપાસવા ગોશાળો છાનોમાનો છુપાઇને, નીચો વળીને વારંવાર જોવા લાગ્યો. તે ગામમાં ચોરની ઘણી રંજાડ હતી. તેથી સંતાઇને જોતા ગોશાળાને લોકોએ ચોર માની પકડયો અને માર્યો પણ ખરો ! ગોશાળાએ ગુસ્સે થઈ શ્રાપ આપ્યો કે–"જો મારા સ્વામીનું તપઃતેજ હોય તો આ માંડવો બળી જાઓ." પ્રભુનું નામ લઇ શ્રાપ આપેલો હોવાથી, પ્રભુના ભક્ત વ્યંતરોએ તત્કાળ માંડવો બાળી નાખ્યો.

ત્યાંથી પ્રભુ કલંબુકા નામના સન્નિવેશમાં પધાર્યા. અહીંયા મેઘ અને કાલહસ્તી નામના બે ભાઇઓ પર્વતના રક્ષક તરીકેનો અધિકાર ભોગવતા હતા. કાલહસ્તીએ મૌનધારી પ્રભુને અને

ગોશાળાને ચોર માની પકડયા અને તેમને ચોગ્ય સજા કરવા પોતાના ભાઈ—મેઘને સોંપ્યા. મેઘ પ્રથમ સિદ્ધાર્થ રાજાનો નોકર હતો. તેથી તેણે પ્રભુને પીછાણ્યા, અને પોતાના ભાઇએ કરેલા અવિનયને ખમાવી પ્રભુને તથા ગોશાળાને પણ માનપૂર્વક છોડી દીધા.

લાટ દેશમાં પ્રભુનો પ્રવેશ—ઉપસર્ગોની પરંપરા

કલંબુકા સન્નિવેશથી વિહાર કરી શ્રી મહાવીર પ્રભુ ક્લિષ્ટ કર્મોની નિર્જરા કરવા માટે લાટ દેશમાં આવ્યા. લાટ દેશનાં નિવાસીઓ ઘણા ક્રૂર સ્વભાવના હતાં. પ્રભુ ઉપર તેમણે ઘોર ઉપસર્ગો કર્યા. પરંતુ પરિણામે પ્રભુને તો એકાંત લાભ જ થયો—એ ઉપસર્ગો શાંતિથી વેદી લઈ તેમણે ઘણાં કર્મ ખપાવ્યાં.

નંદિષેણસૂરિનું વૃત્તાન્ત

લાટદેશમાં વિચરતા પ્રભુ અનુક્રમે પૂર્ણકલશ નામના એક અનાર્ય ગામ તરફ એકવાર જતા હતા. માર્ગમાં બે ચોર મળ્યા. તેમણે પ્રભુના દર્શનથી ભારે અપશુકન થયું માન્યું! તેથી તેઓ તરવાર ઉગામી પ્રભુને હણવા દોડયા. એટલામાં ઈંદ્રે અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકી જોયું તો પેલા બે હત્યારા તેની દૃષ્ટિએ પડ્યા. ઈંદ્રે તત્કાળ પોતાનું વજ્ર વાપરી પેલા હત્યારાઓને હણી નાખ્યા. ત્યાંથી વિહાર કરી પ્રભુ ભદ્રિકાપુરી પધાર્યા. ત્યાં તેઓ પાંચમું ચોમાસું રહ્યા અને ચોમાસી તપ કર્યો. ચોમાસી તપનું પારણું નગર બ્હાર કરીને તેઓ અનુક્રમે તંબાલ નામના ગામે ગયા. અહીંયા પાર્શ્વનાથ પ્રભુના સંતાનીય નંદિષેણ નામના બહુશ્રુત વૃદ્ધ આચાર્ય ઘણા શિષ્યોના પરિવાર સાથે આવીને રહ્યા હતા. ગોશાળાએ પહેલાં જેમ મુનિચંદ્રસૂરિના શિષ્યોનો તિરસ્કાર અને ઉપહાસ કર્યો હતો તેમ આ આચાર્યના શિષ્યોને પણ તેણે પોતાના સ્વભાવ પ્રમાણે

ચીડવ્યા. રાત્રિએ નંદિષેણુસૂરિ ઉપાશ્રયની બ્હાર કાઉસ્સગ્ગ ધરીને સ્થિર રહ્યા, તે વેળા ચોકી કરવા નીકળેલા, ગામના કોટવાળના પુત્રે ચોરની ભ્રાંતિથી, તે આચાર્યને ભાલો માર્યો. આચાર્યને મરણાંત કષ્ટ થયું, છતાં પોતાની શાંતિ અને ધીરતાથી જરા પણ ન ચળ્યા. પ્રાણઘાતક ભાલાની વેદના શાંતચિત્તે સહન કરતાં, તેમને તે જ વખતે અવધિજ્ઞાન ઉત્પન્ન થયું અને કાળધર્મ પામી દેવલોકે ગયા.

પુનઃ જાસુસ તરીકે પકડાયા !

ત્યાંથી વિહાર કરી પ્રભુ કૂપિક નામના સન્નિવેશમાં આવ્યા. મૌન ધરીને રહેલા પ્રભુને ત્યાંના અધિકારીઓએ ગુપ્ત જાસુસ જાણી, ગોશાલા સાથે પકડ્યા. તે ગામમાં વિજયા અને પ્રગલ્ભા નામની બે સંન્યાસિનીઓ રહેતી હતી. તે બન્ને પ્રથમ તો શ્રી પાર્શ્વનાથ પ્રભુની સંતાનીય સાધ્વીઓ હતી. પણ સંયમ ન પળવાથી સંન્યાસિની થઈ ગઈ હતી. તે સંન્યાસિનીઓએ પ્રભુને ઓળખ્યા અને અધિકારીઓને કહ્યું કે:—"અરે મૂર્ખાઓ ! આ તો સિદ્ધાર્થ રાજાના જગત્ ઉદ્ધારક પુત્ર શ્રી મહાવીર પ્રભુ પોતે છે. આવા પૂજનીય મહાત્માને પકડવાથી કેવા અનર્થ ભોગવવા પડશે તેનું તમને ભાન છે ? તેમને જલદી છોડી મૂકવામાં જ તમારૂં કલ્યાણ છે." ભયભીત બનેલ અધિકારીઓએ તેમને ગોશાળા સાથે છોડી મૂકયા.

ગોશાળો જૂદો પડ્યો !

ત્યાંથી વિહાર કરી પ્રભુ વૈશાલી નગરી તરફ ચાલ્યા. ચાલતાં ચાલતાં બે રસ્તા આવ્યા. ગોશાળો બોલ્યો કે:—"હે સ્વામી ! મને લોકો માર મારે છે છતાં આપ મૌન રાખો છો અને કોઈને વારતા પણ નથી. તેથી તમારી સાથે હું શા સારૂં

રહું ?" એમ કહી ત્યાંથી છૂટો પડી બીજે માર્ગે ચાલ્યો. માર્ગમાં તેને પાંચસો ચોર મળ્યા. તેમણે ગોશાળાને "મામો, મામો" કહી વારાફરતી તેના ખભા ઉપર સ્વાર થઈ, એવો તો ફેરવ્યો કે ગોશાળો સાવ લોથપોથ થઇ ગયો ! પછી ચોરો તેને ત્યાં જ પડતો મૂકી ચાલ્યા ગયા. ગોશાળો ખિન્ન થઈ વિચારવા લાગ્યો કે—" આના કરતાં તો સ્વામી સાથે રહેવામાં જ મજા છે." તે પ્રભુની ફરીથી તપાસ કરવા લાગ્યો. પ્રભુ વિચરતા વિચરતા વૈશાલી નગરી પહોંચ્યા.

લુહારનો ઉપસર્ગ

ત્યાં એક લુહારની શાળા ખાલી દેખી, લોકોની આજ્ઞા લઈ, પ્રભુ તેમાં પ્રતિમાધ્યાને રહ્યા. શાળાનો સ્વામી-લુહાર છ મહિના થયાં રોગથી પીડાઇ માંડમાંડ સાજો થઇ, તેજ દિવસે લોઢું ઘડવાના હથિયાર હાથમાં લઈ, પોતાની શાળામાં આવતો હતો. ત્યાં પ્રભુને જોવાથી તેને ભારે અપશુકન ભાસ્યું. તેણે ઘણવડે પ્રભુને મારવાનો નિશ્ચય કર્યો. એટલામાં ઇન્દ્રે અવધિજ્ઞાનથી સર્વ વ્યાપાર જાણી લીધો અને લુહારના ઘણવડે તેને પોતાને જ મારી નાખ્યો. ત્યાંથી વિહાર કરી પ્રભુ ગ્રામાક સન્નિવેશમાં ગયા. અહીં ઉદ્યાનમાં કાઉસગ્ગધ્યાને રહેલા પ્રભુનો બિભેલક નામના યક્ષે સારો મહિમા કર્યો.

કટપૂતના વ્યંતરીનો ઉપસર્ગ

ત્યાંથી વિહાર કરી પ્રભુ શાલિશીર્ષ નામના ગામમાં ગયા. ત્યાં ઉદ્યાનને વિષે, માહ મહીનાની કડકડતી ટાઢમાં પ્રભુ કાઉસગ્ગ ધ્યાને રહ્યા. પ્રભુના ત્રિપૃષ્ઠ વાસુદેવના ભવમાં તેમને એક વિજયવતી નામની અણુમાનીતી રાણી હતી. તે વિજયવતી મરીને, ઘણાં ભવભ્રમણ કરી કટપૂતના નામે વ્યંતરી થઈ હતી.

તે વ્યંતરીએ પ્રભુને દેખી-પૂર્વભવનું વૈર સંભારી, વૈરનો બદલો લેવા તાપસીનું રૂપ વિકુર્વ્યું. પછી જટામાં હિમ જેવું ઠંડું જળ ભરી, પ્રભુના શરીર ઉપર છાંટવા માંડયું. તે જળવડે પ્રભુને એવો તો આકરો શીત ઉપસર્ગ થયો કે, જો બીજો કોઈ સાધારણ જન-પ્રાણી હોય તો ત્યાંજ ઠંડીથી અચેત બની જાય. પ્રભુએ આખી રાત એ ઉપસર્ગ શાંતિથી વેદ્યો. અંત સુધી પ્રભુને નિશ્ચલ રહેલા જોઈ વ્યંતરીનો ક્રોધ શમ્યો અને પૂર્વવૈર ત્યજી પ્રભુના ચરણમાં નમી પડી. ઉપસર્ગને સમભાવે સહન કરતા અને છઠ્ઠના તપ વડે વિશુદ્ધ થતા પ્રભુને તે વખતે લોકાવધિ અવધિજ્ઞાન ઉત્પન્ન થયું.

મગધમાં વિહાર

ત્યાંથી વિહાર કરી પ્રભુ ભદ્રિકાપુરીએ આવ્યા. ત્યાં ચોમાસી તપવડે તથા વિવિધ પ્રકારના અભિગ્રહો વડે આત્માને ભાવતા, છઠ્ઠું ચોમાસું રહ્યા. અહીંઆ ગોશાળો પણ શોધતો શોધતો ફરી પાછો છ મહીને પ્રભુને આવી મળ્યો. પ્રભુએ ચોમાસી તપનું પારણું નગરીની બ્હાર કરી, ઋતુબદ્ધ મગધદેશમાં ઉપસર્ગરહિતપણે વિહાર કરવા માંડયો.

મગધદેશમાં આઠ માસ ઉપસર્ગરહિત વિચરી ભગવાન્ મહાવીર આલંભિકા નગરીમાં ચાતુર્માસ કરવા પધાર્યા. ત્યાં ચોમાસી તપ વડે સાતમું ચાતુર્માસ પુરૂં કરી, નગરીની બ્હાર પારણું કર્યું. ત્યાંથી વિહાર કરી તેઓ કુંડગ સન્નિવેશમાં વાસુદેવના ચૈત્યમાં પ્રતિમાધ્યાને રહ્યા. ત્યાં ગોશાળો પણ વાસુદેવની પ્રતિમા સામે પુંઠ રાખીને બેઠો, તેથી લોકોએ તેને ત્યાં પણ કૂટયો! કર્મરૂપી શત્રુને મર્દન કરનારા પ્રભુ ત્યાંથી વિહાર કરી મર્દન ગામ પધાર્યા અને ત્યાં બળદેવના મંદિરમાં પ્રતિમાધ્યાને રહ્યા. ત્યાં ગોશાળો બળદેવના મુખને વિષે પુરૂષચિન્હ રાખીને રહ્યો, તેથી લોકો-

એ તેને ત્યાં પણ માર્યો. એવી રીતે બન્ને જગ્યાએ લોકોએ તેને મુનિ જાણી છોડી મૂકયો. ત્યાંથી વિહાર કરી પ્રભુ બહુશાલ ગામના શાલવન નામના ઉદ્યાનમાં પ્રતિમાધ્યાને રહ્યા. ત્યાં રહેતી શાલાર્યા નામે વ્યંતરીએ પ્રભુને ઘણા ઉપસર્ગો કર્યા, છતાં ધ્યાનસ્થ પ્રભુને જરા પણ ચલાયમાન ન કરી શકવાથી, થાકીને પોતાનો અપરાધ ખમાવીને પ્રભુનો મહિમા ગાયો. ત્યાંથી વિહાર કરી, પ્રભુ લોહાર્ગલ ગ્રામ પધાર્યા. ત્યાંના જિતશત્રુ નામના રાજાના અમલદારોએ, મૌનધારી પ્રભુને તથા ગોશાળાને છુપા જાસુસ માની પકડયા અને રાજા પાસે હાજર કર્યા. રાજસભામાં ઉત્પલ નામનો નિમિત્તીયો પ્રથમથીજ આવીને બેઠો હતો. તેણે પ્રભુને એકદમ ઓળખ્યા અને પોતે ઉભા થઇ પ્રભુને ભકિતપૂર્વક વંદન કર્યું. તેણે રાજાને કહ્યું કેઃ—" રાજન્ ! આ જાસૂસ નથી, તેમ કોઇ સાધારણ મનુષ્ય પણ નથી. સિદ્ધાર્થ રાજાના પુત્ર–વિશ્વવંદ્ય શ્રી વર્ધમાન સ્વામી પોતે જ છે ! " રાજાએ તરતજ પ્રભુને તથા ગોશાળાને મુક્ત કર્યા. પોતાના અધિકારીઓની ભૂલ બદલ પોતે પ્રભુ પાસે અંતઃકરણપૂર્વક ક્ષમા યાચી. ત્યાંથી વિહાર કરી પ્રભુ પુરિમતાલ નામના નગરે ગયા, ત્યાં શકટમુખ નામના ઉદ્યાનમાં શ્રી મલ્લિનાથ પ્રભુનું મંદિર હતું. તે ઉદ્યાન અને નગરની વચ્ચેના કોઈ પ્રદેશમાં પ્રભુ પ્રતિમાધ્યાને રહ્યા. એ અરસામાં તે નગરનો વગ્ગુર નામનો શ્રાવક, શ્રી મલ્લિનાથ પ્રભુની પ્રતિમાની પૂજા કરવા માટે નગરમાંથી શકટમુખ ઉદ્યાન તરફ જતો હતો. તે વખતે ઇશાનેંદ્ર, શ્રી મહાવીર પ્રભુને વંદન કરવા આવેલો. તેણે વગ્ગુર શ્રાવકને પૂજા કરવા જતો જોઇ કહ્યું કે—"વગ્ગુર શ્રાવક ! આ પ્રત્યક્ષ જિનેશ્વરનું ઉલ્લંઘન કરી, જિનેશ્વરના બિંબને પૂજવા કયાં જાઓ છો ? આ છેલ્લા તીર્થંકર શ્રી મહાવીર પ્રભુ પોતે જ છે. તેઓ છદ્મસ્થપણે વિચરતા વિચરતા અહીં આવી પ્રતિમાધ્યા-

ને રહ્યા છે. ” વગ્ગુર શ્રાવક તત્ક્ષણ પ્રભુ પાસે આવ્યો અને અજ્ઞાનથી થયેલા અપરાધ બદલ મિથ્યાદુષ્કૃત દઈ, ભક્તિથી વંદન કર્યું. ત્યારપછી તે વગ્ગુર શ્રાવક ઉદ્યાનમાં જઈ શ્રી મલ્લિનાથ પ્રભુની પ્રતિમાની પૂજા કરી પોતાને ઘેર ગયો અને ઈન્દ્ર પણ પોતાને સ્થાને ગયો.

લાંબા લાંબા દાંતવાળા દંપતી

ત્યાંથી વિહાર કરી, પ્રભુ અનુક્રમે ઉન્નાગ નામના સન્નિવેશ તરફ જતા હતા, ત્યાં રસ્તામાં તરતનાજ પરણેલા લાંબા લાંબા દાંતવાળા વર-વહુને સામેથી આવતાં જોઇ, ગોશાળાથી મુંગા ન રહેવાયું. તે બોલી ઉઠ્યો કે “ અહો ! વિધિરાજ પણ કેવો કુશળ છે કે દૂર દૂર વસતાં સ્ત્રી–પુરૂષને બરાબર લક્ષમાં રાખી, જેને જે યોગ્ય હોય તેને તેજ મેળવી આપે છે. જુઓ તો ખરા ! આ બન્નેનાં દાંત અને પેટ કેવા મોટાં છે ? વાંસામાં પણ ખુંધ નીકળી છે અને નાકે ય ચીબા ! વિધાતાએ સરખે સરખી જોડી ઠીક મેળવી દીધી છે ! ” આ પ્રમાણે મશ્કરી કરતા ગોશાળાને પકડી વર–વહુ સાથેના માણસોએ ખૂબ માર્યો અને રસીથી બાંધી વાંસના એક જાળામાં હડસેલી દીધો. પાછળથી પ્રભુનો છત્રધર હોવાની ખબર પડતાં તેનાં બંધન છોડી મુક્ત કરવામાં આવ્યો.

મ્લેચ્છોના ઉપસર્ગ

પછી પ્રભુ તેની સાથે ચાલતા ગોભૂમિમાં આવ્યા. ત્યાંથી રાજગૃહ નગરમાં પધારી આઠમું ચાતુર્માસ ચોમાસી તપવડે પુરૂં કર્યું, અને તે ચોમાસી તપનું પારણું નગરની બ્હાર કર્યું. પ્રભુએ વિચાર્યું કે:—“ મારે હજી ઘણાં કર્મ નિર્જરવાનાં છે. ચીકણાં કર્મનો ક્ષય કરવા માટે ઉપસર્ગ થાય તેવી ભૂમિજ પસંદ કરવી જોઈએ. ” તેમણે તે માટે વજ્રભૂમિ પસંદ કરી. તે

ભૂમિમાં પરમાધામી જેવા ક્રૂર મ્લેચ્છોએ તેમને ઘણા ઉપસર્ગ કર્યા. પરંતુ એ ઉપસર્ગોથી કર્મનો ધ્વંસ થતો હોવાથી, મ્લેચ્છોને પણ બંધુથી અધિક પ્રેમથી ચાહવા લાગ્યા. પ્રભુએ તેજ ભૂમિમાં નવમું ચતુર્માસ ચોમાસી તપવડે પુરૂં કર્યું, તે ઉપરાંત બીજા બે મહિના ત્યાં જ વિચર્યા. ત્યાં ચોમાસામાં કોઈ એક નિયત સ્થાન ન મળવાથી પ્રભુએ નવમું ચોમાસું અનિયતજ કરેલું.

ત્યાંથી વિહાર કરી પ્રભુ સિદ્ધાર્થપુરે આવ્યા. ત્યાંથી કુર્મગામ તરફ જતાં રસ્તામાં ગોશાળાએ એક તલનો છોડ જોઇ પ્રભુને પૂછ્યું કે:—" હે પ્રભુ ! આ છોડ ફળશે કે નહીં ?" પ્રભુએ કહ્યું કે:—" ફળશે. તેને સાત ફૂલ લાગ્યાં છે તે સાતે ફુલના જીવ મરીને આજ છોડની શીંગમાં સાત તલ થશે." પ્રભુનાં વચનને જુઠું પાડવા તેણે તે છોડવો મૂળમાંથી ખેંચી કાઢી ફેંકી દીધો. નજીકમાં રહેલા વ્યંતરોએ આ ઘટના જાણી, પ્રભુની વાણીને નિષ્ફળ ન બનાવવા, ત્યાં વૃષ્ટિ કરી. વરસાદથી ભીની થયેલી ભૂમિમાં, છોડનું મૂળીયું કોઈ ગાયની ખરીથી બરાબર દબાઇ ગયું અને ધીરે ધીરે તે છોડવો હતો તેવો જ થઇ ગયો.

તેજોલેશ્યાનો વિધિ

કૂર્મગામની બ્હાર વૈશ્યાયન નામનો એક તાપસ મધ્યાન્હ સમયે, બન્ને હાથ ઉંચા કરી, સૂર્ય સામે દૃષ્ટિ રાખી, જટા છૂટી મૂકી, સૂર્યની આતાપના લેતો હતો. સૂર્યના સખ્ત તાપને લીધે તેની જટામાંથી જૂંઓ (યૂકા) ખરતી હતી. તાપસ તે જૂંઓ પાછી વીણી પોતાની જટામાં મૂકતો. આવું દુઃસહ અનુષ્ઠાન કરી રહેલા તાપસની ચેષ્ટા કર્યા વગર ગોશાળાથી ન રહેવાયું.

તેણે તેની જટાની જૂંઓ જોઈ કહ્યું કે—" આ તાપસને ચૂકાશય્યાતર કહેવો એજ વાજબી છે." તાપસને એ વિશેષણથી ઘણું માઠું લાગ્યું. તેથી તેણે ક્રોધાયમાન થઈ, ગોશાળા ઉપર તેજોલેશ્યા મૂકી. કરૂણાસાગર પ્રભુએ જો તેને આ વખતે ન બચાવી લીધો હોત તો જરૂર તે બળીને રાખ થઇ ગયો હોત. પણ પ્રભુએ તેજોલેશ્યા સામે શીતલેશ્યા છોડી. તેથી પાણીથી આગ જેવી રીતે બુઝાઇ જાય તેવી રીતે તાપસની તેજોલેશ્યા પણ શમી ગઈ. ગોશાળો બચી ગયો, વૈશ્યાયન પણ પ્રભુની અલૌકિક શકિત જોઈ ચકિત થયો અને પોતાના સાહસિક કર્મ માટે ક્ષમા યાચી.

ગોશાળે પ્રભુને પૂછયું કે:—" એ તેજોલેશ્યા શી રીતે પ્રાપ્ત થાય ?" પ્રભુ જાણતા હતા કે આવા અપાત્રને તેજોલેશ્યાની વિધિ શીખવવી એ સર્પને દૂધ પાવા સમાન છે, છતાં ભાવિભાવ કોઈ મિથ્યા કરી શકનાર નથી એમ માની ગોશાળાને તેજોલેશ્યાનો વિધિ શીખવ્યો. તે વિધિ નીચે પ્રમાણે:—" જે મનુષ્ય સૂર્યની આતાપનાપૂર્વક હંમેશાં છઠ્ઠ કરે, અને એક મુઠી અડદના બાકળા તથા અંજલિ માત્ર ગરમ પાણીથી છઠ્ઠનું પારણું કર્યા કરે તો તેને છ માસને અંતે તેજોલેશ્યાની પ્રાપ્તિ થાય."

ત્યાંથી વિહાર કરી પ્રભુ પાછા સિદ્ધાર્થપુર તરફ જતા હતા ત્યાં માર્ગમાં પેલા તલના છોડવાનો પ્રદેશ આવ્યો. ગોશાળો બોલ્યો કે:—" હે સ્વામી ! આપને મેં તલના જે છોડવા માટે પૂછયું હતું, તેમાં આપના કહેવા પ્રમાણે તલ થયા નથી."

પ્રભુએ ઉત્તર આપ્યો:—" જો એજ તલનો આ છોડ ઉભો."

ગોશાળાને પ્રભુનાં વચન ઉપર એકાએક શ્રદ્ધા શાની બેસે? તેણે તે છોડવાની શીંગ ચીરી જોઇ, અને તલ ગણી જોયા તો બરાબર સાતના હીસાબે નીકળ્યા. આથી તેણે પોતાની મતિકલ્પના

પ્રમાણે સિદ્ધાંત કર્યો કે "જે પ્રાણીઓ જે શરીરમાં મરેછે, તેજ પ્રાણીઓ પાછા તેજ શરીરમાં ત્યાંને ત્યાંજ ઉત્પન્ન થાય છે." બીજો નિશ્ચય એ બાંધ્યો કે:—"જે થવાનું હોય તેજ થાય છે." એ રીતે તેણે પોતાનાં જુના નિયતિવાદને વધારે મજબુત કર્યો.

ગોશાળાનો 'સર્વજ્ઞ' હોવાનો દાવો

તેજોલેશ્યા સાધવા માટે ગોશાળો પ્રભુથી છુટો પડયો. તેણે શ્રાવસ્તી નગરીમાં એક કુંભારની શાલામાં રહી, પ્રભુએ કહેલા વિધિ અનુસાર છ મહિના તપ કરી, તેજોલેશ્યા સિદ્ધ કરી. એટલામાં શ્રી પાર્શ્વનાથ પ્રભુના છ સાધુઓ કે જેઓ સંયમ ન પાળી શકવાથી ગૃહસ્થ થયા હતા અને અષ્ટાંગ નિમિત્તના જ્ઞાનમાં નિષ્ણાત હતા તેઓ ગોશાળાને મળ્યા. તેમની પાસેથી તે અષ્ટાંગ નિમિત્ત ભણ્યો. એક તો તેજોલેશ્યાની સિદ્ધિ પ્રાપ્ત થઇ, અને તે ઉપરાંત અષ્ટાંગ નિમિત્તનુ જ્ઞાન મળ્યું, એટલે ગોશાળાનો ગર્વ છલકાઈ નીકળ્યો. તે પોતાને સર્વજ્ઞ તરીકે ઓળખાવતો પૃથ્વી ઉપર વિચરવા લાગ્યો.

હવે પ્રભુ સિદ્ધાર્થપુરથી વિહાર કરી વૈશાલી નગરી પધાર્યા. ત્યાં સિદ્ધાર્થ રાજાના મિત્ર શંખ નામના ગણુરાજે પ્રભુને ભકિતપૂર્વક વંદન કર્યું. ત્યાંથી વિહાર કરી તેઓ વાણિજ નામના ગામે આવ્યા અને ગામ બ્હાર કોઇ એક પ્રદેશમાં પ્રતિમા ધરીને રહ્યા. તે ગામમાં આનંદ નામનો શ્રાવક રહેતો હતો, તે હંમેશાં છઠ્ઠ તપ કરતો અને સૂર્યની આતાપના લેતો. શ્રાવકની ઉત્કૃષ્ટ ક્રિયા કરવાથી તપસ્વી આનંદને અવધિજ્ઞાન ઉત્પન્ન થયું હતું. છતાં તે પ્રભુ પાસે આવી, વંદન કરી બોલ્યો કે:—"હે પ્રભુ! આપને ધન્ય છે! આવા ઘોર ઉપસર્ગો પડવા છતાં આપનો સમભાવ ડગતો નથી! નાથ, હવે આપને થોડા જ વખતમાં કેવલજ્ઞાન ઉત્પન્ન થશે." એ પ્રમાણે પ્રભુની સ્તુતિ કરી, આનંદ

શ્રાવક પોતાના ઘેર ગયો અને પ્રભુ પણ ત્યાંથી વિહાર કરી, શ્રાવસ્તી નગરી પધાર્યા. ત્યાં દશમું ચાતુર્માસ વિવિધ તપ વડે સંપૂર્ણ કર્યું.

સંગમ દેવના ઘોર ઉપસર્ગો

ચાતુર્માસ પુરૂં થતાં, પ્રભુ નગરીની બ્હાર પારણું કરી, વિચરતા વિચરતા અનુક્રમે મ્લેચ્છ લોકોથી ભરપૂર એવી દૃઢભૂમિમાં આવ્યા. ત્યાં પેઢાલ નામના ગામની બ્હાર પોલાસ નામના ચૈત્યમાં તેમણે અઠ્ઠમ તપ સ્વીકારી પ્રવેશ કર્યો અને એક રાત્રિની પ્રતિમા ધરીને રહ્યા. એ વખતે શક્રેન્દ્રે પોતાના અવધિજ્ઞાનથી પ્રભુને ધ્યાનમગ્ન જોઇ, તુરત સિંહાસન પરથી ઉતરી, પ્રભુને ઉદ્દેશી નમન કર્યું. તે પછી ઈન્દ્રે પ્રભુના ધૈર્ય ગુણની પ્રશંસા કરતાં, પોતાની સુધર્મસભામાં બેઠેલા દેવો સમક્ષ કહ્યું કેઃ—" અહો, શ્રી વીરપ્રભુ કેવા ધ્યાનમગ્ન થઇ રહ્યા છે ? તેમની ધીરતાની અને અડગતાથી હું કેટલી સ્તુતિ કરૂં ? તેમના ધ્યાનમગ્ન ચિત્તને ચલાયમાન કરવા, કદાચ ત્રણ જગતના પ્રાણીઓ એકઠા થાય તો પણ નિષ્ફળ જ જાય. " સભામાં બેઠેલો, ઈન્દ્રનો એક સામાનિક દેવ–સંગમ, પ્રભુની પ્રશંસા સહન ન કરી શક્યો. તે ભ્રકુટી ચડાવી, ધ્રૂજતા સ્વરમાં તાડુકી ઉઠ્યો કેઃ—" દેવેન્દ્ર ! આ દેવોની સભામાં એક પામર સાધુના વખાણ કરતાં આપને જરાય સંકોચ નથી થતો ? દેવો કરતાં એક સામાન્ય મનુષ્યમાં વિશેષ સામર્થ્ય હોય એવી કોઇ કલ્પના પણ ન કરી શકે. જે દેવો મેરૂપર્વતને પણ એક દેફાની જેમ ફેંકી દઇ શકે, જે દેવો સમુદ્રના અગાધ જળનું એક અંજલી માત્રમાં પાન કરી શકે, અને જે દેવો આખી પૃથ્વીને છત્રીની જેમ એક ભુજાથી તોળી રાખે તેમની પાસે એક માનવસાધુ શી ગણતરીમાં છે ? સુરેન્દ્ર! આપ જ્યારે કોઇ મનુષ્યની પ્રશંસા આ સભામાં કરો છો ત્યારે

સમગ્ર દેવજાતિનું અપમાન કરતા હો છો. દેવોની એવી અવગણના આપને ન શોભે. અને આપને વિશેષ ખાત્રી કરવી હોય તો હું પોતે જ તેને એક ક્ષણવારમાં ગભરાવી દઉં!"

ઇન્દ્રે વિચાર્યું કે-"જો હું ધારૂં તો સંગમને હમણા જ બોલતો બંધ કરી શકું. પણ જો હું તેને અત્યારે હુકમ કરી જતો અટકાવી દઇશ તો તે દુર્બુદ્ધિ એમ જ સમજશે કે તીર્થંકરો તો પારકાની સહાથી જ તપ કરે છે. એક સંગમના મનમાં નહીં પણ લગભગ બધા દેવોના મનમાં ખોટાં ભૂત ભરાઇ જશે. માટે અત્યારે તો આ દુષ્ટને તેનું ધાર્યું કરવા દેવામાં જ લાભ છે." સમયને માન આપી તે મૌન રહ્યો.

ક્રોધથી ધમધમી રહેલો સંગમદેવ પ્રભુને ચલાયમાન કરવા, ઇન્દ્ર સમક્ષ પ્રતિજ્ઞા કરી, તુરતજ સભામાંથી ચાલી નીકળ્યો. અને સીધો પ્રભુ પાસે આવી ઉભો રહ્યો.

પ્રભુની શાંત મુખમુદ્રામાંથી શાંતિ અને કરૂણાની અમીધાર ઝરતી હતી. પણ સંગમને તો તે ઉલટુંજ પરિણમ્યું. કારણ કે તેનું હૃદય ક્રોધ અને ઇર્ષાથી ધગી રહ્યું હતું.

(૧) સૌ પ્રથમ તેણે ધુળનો વરસાદ વરસાવ્યો. ધુળથી પ્રભુનું સારૂં શરીર ઢંકાઇ ગયું. નાક, આંખ અને કાન વિગેરે શરીરનાં દ્વાર એવાં તો પૂરી દીધાં કે પ્રભુનો શ્વાસોશ્છવાસ પણ રૂંધાઇ ગયો. એટલેથી પણ પ્રભુનું ધ્યાન ન તૂટયું.

(૨) ધુળને ખંખેરી નાખી, તે દુષ્ટે વજ્ર જેવા કઠોર મુખવાળી કીડીઓ પ્રભુના શરીર ઉપર વળગાડી. સોયની જેમ તે કીડીઓએ પ્રભુનું શરીર ચાળણી જેવું કરી નાખ્યું અને એક તરફથી પ્રવેશ કરી બીજી તરફ કીડીઓ નીકળી શકે એવું બનાવી મૂકયું. છતાં ક્ષમાસાગર તો અચળ જ રહ્યા.

(૩) તે પછી પ્રચંડ ડાંસ ઉપજાવ્યા. ડાંસના તીક્ષ્ણ ચટકાથી પ્રભુના શરીરમાંથી ગાયના દૂધ જેવું રૂધિર ઝરવા લાગ્યું.

(૪) તીક્ષ્ણ મ્હોંવાળી ધીમેલો પ્રભુના શરીરે એવી તો સજ્જડ રીતે ચોંટાડી કે આખું શરીર ધીમેલમય દેખાવા લાગ્યું.

(૫) તે પછી વીંછીઓ વિકુર્વ્યાં. પ્રલયકાળના અગ્નિના તણખા જેવા વીંછીઓએ, ભગવંતના શરીરને ભેદી નાખ્યું.

(૬) ત્યારપછી નોળીયા વિકુર્વ્યાં. તે "ખી ! ખી !" એવા શબ્દો કરતા, દોડીદોડીને પોતાની ઉગ્ર દાઢવડે, ભગવંતના શરીરનું માંસ તોડવા લાગ્યા.

(૭) તે પછી ભયંકર સર્પો છોડી મૂકયા. મહાવીર પરમાત્માનું સારૂં શરીર–પગથી માથા સુધી, સર્પોથી છવાઇ ગયું. ફણાઓ ફાટી જાય તેવા જોરથી પ્રભુ ઉપર ફણાનો પ્રહાર થવા લાગ્યો, દાઢો ભાંગી જાય તેટલા બળથી તે ડસવા લાગ્યા.

(૮) પોતાનું બધું ઝેર વમન કરી, સર્પો દોરડા જેવા થઇ ગયા એટલે સંગમે ઉંદરો ઉત્પન્ન કર્યાં. તે નખથી અને દાંતથી પ્રભુના અંગને ખણવા લાગ્યા અને તેનો ઉપર મૂત્ર કરીને પડેલા ઘા ઉપર ખાર છાંટવા જેવું કર્યું.

(૯) તે પછી મદોન્મત્ત હાથીઓ વિકુર્વ્યા. હાથીઓએ પ્રભુના શરીરને સુંઢથી પકડી, અદ્ધર ઉછાળી, દંતશૂળ ઉપર ઝીલી, દાંતવડે પ્રહાર કર્યો, અને પગ નીચે પણ ચગદ્યા.

(૧૦) હાથીથી ક્ષોભ ન થયો એટલે હાથણીઓ આવી. તે હાથણીઓએ પણ પ્રભુને તીક્ષ્ણ દાંતથી ઘણા પ્રહાર કર્યા અને પ્રભુનું શરીર પગ નીચે કચર્યું.

(૧૧) અધમ સંગમ દેવે પિશાચનું રૂપ ધર્યું. તે પિશાચ અગ્નિની જવાળાઓથી વિકરાળ બનેલા પોતાના મુખને ફાડી,

હાથમાં તલવાર પકડી પ્રભુની સન્મુખ ધસી આવ્યો અને અટ્ટ-હાસ્ય વિગેરે ઘોર ઉપસર્ગ કર્યા.

(૧૨) નિર્દય સંગમે તે પછી વાઘનુ રૂપ લીધું. પોતાની વજ્ર જેવી દાઢથી અને ત્રિશુલ જેવા તીક્ષ્ણ ન્હોરથી પ્રભુના શરીરને તેણે વિદારી નાખ્યું.

(૧૩) એટલું છતાં પણ પ્રભુને ધ્યાનમાં અચળ રહેલા જોઇ, ઠગારા સંગમે સિદ્ધાર્થ રાજા અને ત્રિશલા માતાનું રૂપ લીધું. માતપિતા જાણે કરૂણવિલાપ કરતાં હોય તેમ બોલવા લાગ્યાં કે—"હે પુત્ર! તેં આવી દુષ્કર દીક્ષા શા સારૂ લીધી? અમે ઘણા દુ:ખી થઇ નિરાધાર ભિખારીની જેમ આડાઅવળા રઝળીએ છીએ. અમારી સંભાળ તું નહીં લે તો બીજું કોણ લેશે? તું આવો ડાહ્યો હોવા છતાં અમારાં દુ:ખ સામે કાં નથી જોતો?"

(૧૪) એવા કરૂણ વિલાપથી પણ પ્રભુનું મન ન રંગાયું. સંગમે એક છાવણી વિકુર્વી. તે છાવણીના માણસોએ પ્રભુના પગ વચ્ચે આગ સળગાવી, ભાત રાંધવા પગ ઉપર વાસણ મૂકયું. અગ્નિ એટલો બધો આકરો કર્યો કે પ્રભુના પગ નીચે પણ બળવા લાગ્યા.

(૧૫) તે પછી એક ચંડાલ વિકુર્વ્યો. તે ચંડાળે પ્રભુની ડોકમાં, બે કાનમાં, બે ભુજામાં અને જંઘા વિગેરે અવયવો ઉપર પક્ષીઓનાં પાંજરાં લટકાવ્યાં. પક્ષીઓએ ચાંચ અને નખના પ્રહાર એટલા બધા કર્યા કે પ્રભુનું શરીર પાંજરા જેવું છિદ્રવાળું થઇ ગયું.

(૧૬) તે પછી પ્રચંડ પવન વિકુર્વ્યો. એ પવનથી પર્વતો પણ કંપવા લાગ્યા. પ્રભુને ઉપાડીને નીચે પટકી દીધા.

(૧૭) એક ભયંકર વંટોળીયો ઉપજાવી, કુંભારના ચાકડા

ઉપર રહેલા માટીના પીંડાની પેઠે પ્રભુને ખૂબ ભમાવ્યા. એટલું છતાં સંગમનો કંઇ દી' ન વળ્યો. સંગમે વિચાર્યું કે-" ઉપસર્ગ કરી કરીને હું થાકયો, પણ આ વજ્ર જેવા કઠિન મનવાળા મુનિને કંઈજ અસર થતી નથી. હવે હું પાછો ઇંદ્રની સભામાં શી રીતે મ્હોં બતાવી શકીશ? આ મુનિ પણ કોઇ વિચિત્ર જેવો છે કે આટલું આટલું માથે કરવા છતાં પોતાના ધ્યાનમાંથી જરાય ચલાયમાન થતો નથી." તેણે હવે આકરામાં આકરા ઉપસર્ગ કરવાનો નિશ્ચય કર્યો!

(૧૮) સંગમે હજાર ભાર જેટલું વજનદાર એક કાળચક્ર વિકુર્વ્યું. તે કાળચક્ર ઉપાડી જોરથી પ્રભુના શરીર ઉપર નાખ્યું. જે કાળચક્ર મેરૂપર્વતના મજબુત શિખર પર પડયું હોય તો તેના પણ ચુરેચુરા થઈ જાય, તે ચક્ર પ્રભુના શરીર પર પડવાથી, તેઓ ઢીંચણ સુધી જમીનમાં પેસી ગયા.

અનુકૂળ ઉપસર્ગો

છતાં સંગમની ધારણા પાર ન પડી. તેણે જોયું કે શસ્ત્રના પ્રાણઘાતક કે ક્રૂર પ્રાણીઓના ત્રાસદાયક ઉપસર્ગો આ મુનિને ચલિત કરવાને બદલે, ઉલટા વધારે દૃઢ બનાવે છે. માટે હવે છેલ્લામાં છેલ્લો ઉપાય અનુકૂળ ઉપસર્ગ કરવાનો અજમાવી જોઉં. જરૂર, એ પ્રકારના ઉપસર્ગથી તેઓ ભ્રાંતિમાં પડયા વિના કે ફસાયા વિના નહીં રહે.

(૧૯) રાત્રિ હોવા છતાં સંગમે પ્રભાત વિકુર્વ્યું. માણસો આમતેમ ફરવા અને પોતાનાં કામકાજ કરવા મંડયા. તેમણે પ્રભુને કહ્યું કે:—" હે દેવાર્ય! પ્રભાત થઇ ગયું, છતાં આમ ધ્યાનમાં કયાં સુધી પડયા રહેશો? ઉઠો—આપનો ધ્યાનનો વખત તો કયારનોય પુરો થઇ ગયો." પણ પ્રભુ તો પોતાના જ્ઞાનમાં રાત્રિ ભાળી રહ્યા હતા, તેથી જરાપણ ન ડગ્યા.

"કામદેવની સેના જેવી દેવાંગનાઓ વિકુર્વી. તે દેવાંગનાઓએ હાવભાવાદિ ઘણા ઉપસર્ગ કર્યા, પણ પ્રભુનું એક રૂંવાડુંયે ન ફરક્યું તે ન ફરક્યું. (પૃ. ૨૩૩)

K. Art Works, Bombay 2. Meghji Hirji Bombay 3.

(૨૦) આખરે તેણે દેવઋદ્ધિ વિકુર્વી, અને વિમાનમાં બેસી પ્રભુને લલચાવવા લાગ્યો કે—"હે મહર્ષિ ! હું આપનું આવું ઉગ્રતપ અને પવિત્ર સત્વ નિહાળી ભારે પ્રસન્ન થયો છું. આપને જે જોઈએ તે માગી લ્યો. કહો તો તમને સ્વર્ગમાં લઇ જઉં, કહો તો મોક્ષમાં લઇ જઉં, તમે ઇચ્છો ત્યાં લઇ જઉં." એ મીઠા શબ્દોથી પણ ન લોભાયા. એટલે તેણે તત્કાળ કામદેવની સેના જેવી દેવાંગનાઓ વિકુર્વી. તે દેવાંગનાઓએ હાવભાવાદિ ઘણા ઉપસર્ગ કર્યા, પણ પ્રભુનું એક રુંવાડુંયે ન ફરક્યું તે ન ફરક્યું.

એવી રીતે દુષ્ટ સંગમે એક રાત્રિમાં મ્હોટા મ્હોટા વીસ ઉપસર્ગો કર્યા. છતાં પ્રભુએ તો તેના પ્રત્યે દયાદૃષ્ટિ જ વર્ષાવી. પોતે ધ્યાનમાંથી ન ચળ્યા, તેમ ક્રોધને અંશ માત્ર પણ વશ ન થયા.

ખરું જોતાં પ્રભુને ક્રોધ સ્ફુરે એવો સંભવ જ ન હતો. કારણ કે જેનામાં જગતનો નાશ કરવા જેટલું અથવા ઉદ્ધાર કરવા જેટલું અસાધારણ બળ હતું તે પોતે જ આવા દુષ્ટ દેવ ઉપર કૃપા દયા અને કરૂણા જ વરસાવે તો પછી ત્યાં ક્રોધ રહીને શું કરે ? એટલે કે ક્રોધને જ પ્રભુ પર એટલો બધો ક્રોધ ચડ્યો કે પોતાને સાવ નિરૂપયોગી કરી મૂકનાર–પ્રભુને છોડી ચાલ્યો ગયો.

સવાર થતાં પ્રભુએ ત્યાંથી વિહાર કર્યો. પ્રભુ જ્યાં જ્યાં જાય ત્યાં ત્યાં સંગમદેવ આહારને અનેષણીય કરી નાખવા લાગ્યો. તે ઉપરાંત બીજા પણ વિવિધ પ્રકારના ઉપસર્ગ કર્યા. આવી રીતે દુષ્ટ દેવે કરેલા ઉપસર્ગોને લીધે પ્રભુએ છ મહિના સુધી ઉપવાસ કર્યા. એક વખતે વિચરતા વિચરતા પ્રભુ વ્રજ નામના ગામમાં આવ્યા. તેમણે વિચાર કર્યો કે "હવે છ મહિને તો તે દેવ ગયો હશે." એટલે છમાસી તપનું પારણું કરવા તેઓ વ્રજ ગામના ગોકુળમાં ગોચરી માટે ગયા. ત્યાં પણ તે દેવે

આહારને અનેષણીય કરી નાખ્યો. પ્રભુએ પોતાના જ્ઞાનબળથી અનેષણા જાણી લીધી અને તુરત પાછા ફરી તે ગામની બ્હાર પ્રતિમાધ્યાને રહ્યા. સંગમે અવધિજ્ઞાનથી જોયું તો પ્રભુનાં અસ્ખલિત વિશુદ્ધ પરિણામ જણાયાં. તેણે વિચાર્યું કે " છ મહિના સુધી નિરંતર ઉપસર્ગ કરવા છતાં આ મુનિ ડગતા નથી. હવે તે મારે શું કરવું ? આવા ને આવા બીજા છ મહિના સુધી ગમે તેટલા ઉપસર્ગ કરીશ તો પણ તે ચળે એવો સંભવ નથી." સંગમના મ્હોં પર ફીક્કાશ ફરી વળી. શરમથી તેણે પોતાનું મુખ છુપાવવાનો પ્રયત્ન કર્યો અને કહ્યું કે:—" હે સ્વામી ! શક્રેન્દ્રે સુધર્મા સભામાં આપના સત્ત્વની જે પ્રશંસા કરી હતી તે મને યથાર્થ જ લાગી છે. મેં આપના ઘણા અપરાધ કર્યા છે– મને એ બદલ ક્ષમા આપશો. " એ પ્રમાણે કહી, વિલખો થઇ, શક્રની બીકથી પ્રભુને વંદન કરી સૌધર્મ દેવલોક તરફ ચાલ્યો. ત્યારપછી તે જ ગોકુળમાં જતી એક વૃદ્ધ ગોવાળણે પ્રભુને દૂધપાકથી પારણું કરાવ્યું. તે દાનથી સંતુષ્ઠ થયેલા દેવોએ ત્યાં વસુધારા વિગેરે પાંચ દિવ્યો પ્રકટ કર્યાં.

સંગમનો તિરસ્કાર

સંગમ દેવસભામાંથી ઉઠીને ચાલી નીકળ્યો ત્યારથી સૌધર્મવાસી દેવ-દેવીઓના ઉદ્વેગનો કંઇ પાર ન હતો. શક્રેન્દ્રને નાચ–ગાન વિના એક મુહૂર્ત્ત પણ ન ગમે. છતાં તેણે રંગ–વિલાસ ત્યજી દીધાં. તે ચિંતા કરવા લાગ્યો કે:—" આવા હલકા આત્મા પાસે મેં પ્રભુની પ્રશંસા કરી એ મારી મ્હોટી ભૂલ થઇ ગઇ. મારી પ્રશંસા સાંભળીને જ સંગમ, પ્રભુ ઉપર ઉપસર્ગ નાખવાને પ્રેરાયો, એટલે એક રીતે હું જ એ ઉપસર્ગોનો નિમિત્ત બન્યો. " આવા વિચારમાં, દીન જેવું મુખ કરી, હાથ ઉપર મસ્તક ટેકવી વ્યગ્ર ચિત્તે બેઠો હતો. એટલામાં

પેલો પ્રતિજ્ઞાથી ભ્રષ્ટ થયેલો કાળમુખો સંગમદેવ ત્યાં જ આવતો દેખાયો. ઇન્દ્રે એકદમ પોતાની નજર ફેરવી વાળી અને બીજા દેવો સામે જોઇ કહ્યું કે:—"આ પાપાત્મા આવે છે તેનું મુખ જોવાથી પણ પાપ લાગે. એણે આપણા સ્વામીને બહુ બહુ રીતે કનડી, મારો મ્હોટો અપરાધ કર્યો છે. એ દુષ્ટ જેમ આપણાથી ન ડર્યો તેમ પાપથી પણ ન ડર્યો. એ દુરાત્માને આ સ્વર્ગમાં સ્થાન ન મળવું જોઈએ. એને જલદી કાઢી મૂકો." ક્રોધથી ઈન્દ્રે તેને ડાબા પગની લાત મારી ફીટકાર આપ્યો. ઈન્દ્રના હથિયારબંધ સુભટો લાકડી, પાટુ, મુષ્ટિ વિગેરેથી તેને પ્રહાર કરવા લાગ્યા અને આખરે સભામાંથી ધક્કો મારી બ્હાર કાઢી મૂક્યો. દેવીઓએ પોતાના હાથની આંગળીઓ મરડી, પોતાનો આક્રોશ જાહેર કર્યો, સામાનિક દેવોએ પણ તેને ખૂબ ધમકાવ્યો. એ રીતે ચોતરફથી તિરસ્કાર પામેલો સંગમદેવ, ચોરની જેમ આજુબાજુ નિહાળતો—મૂઢ જેવો દેખાતો—ઠરી ગયેલા અંગારા જેવો કાળો મેંશ થઇ ગયો. હડકાયા કૂતરાની પેઠે, દેવલોકમાંથી તેને ધૂતકારી કાઢવામાં આવ્યો. ત્યાંથી તે મ્લાનમુખે મેરુ પર્વતની ચૂલા ઉપર ગયો. સંગમની અગ્રમહિષીએ દીનમુખે ઇન્દ્રને વિનતિ કરી કે "હે સ્વામી! જો આપની આજ્ઞા હોય તો હું મારા પતિ પછવાડે જઉં." ઈન્દ્રે તેને જવાની અનુમતિ આપી અને બીજા સર્વ પરિવારને પાછળ જતો અટકાવ્યો. ત્યાં તે સંગમ પોતાનું સાગરોપમનું આયુષ્ય પુરૂં કરવા લાગ્યો.

પ્રભુના ચરણમાં ચમરેંદ્ર

હવે ગોકુળગામથી વિહાર કરી પ્રભુ આલંભિકા નગરીએ આવ્યા. ત્યાં હરિકાંત નામનો વિદ્યુત્કુમારનો ઈન્દ્ર પ્રભુને સુખશાતા પૂછવા આવ્યો. પ્રભુના ધૈર્યગુણની પ્રશંસા અને સ્તુતિ

કરીને તે પોતાને સ્થાને ગયો. ત્યાંથી પ્રભુ શ્વેતાંબિકા નગરીએ આવ્યા. ત્યાં હરિસહ નામનો વિદ્યુત્કુમારનો ઇન્દ્ર પ્રભુને સુખશાતા પૂછવા આવ્યો, અને વંદન કરી પોતાને સ્થાને ગયો. ત્યાંથી વિહાર કરી પ્રભુ શ્રાવસ્તી નગરીએ પધાર્યા. તે વખતે શક્રેન્દ્રે આવી કાર્ત્તિકસ્વામીની મૂર્ત્તિમાં પ્રવેશ કરી, તે મૂર્ત્તિદ્વારા પ્રભુને વંદન કર્યું. તેથી ત્યાં પ્રભુનો ઘણો મહિમા ફેલાયો. ત્યાંથી વિહાર કરી પ્રભુ કોશાંબી નગરીએ પધાર્યા. ત્યાં ચન્દ્ર અને સૂર્યે ઉતરીને પ્રભુને ભક્તિપૂર્વક વંદન કર્યું. ત્યાંથી પ્રભુ વારાણસી નગરીએ આવ્યા. ત્યાં શક્રેન્દ્રે આવી પ્રભુને વંદન કર્યું. ત્યાંથી પ્રભુ રાજગૃહ પધાર્યા, ત્યાં ઇશાનેંદ્રે આવી તેમને વંદન કર્યું. ત્યાંથી તેઓ મિથિલાનગરી પધાર્યા. ત્યાં જનકરાજાએ તથા ધરણેન્દ્રે પ્રભુને સુખશાતા પૂછી વંદન કર્યું. ત્યાંથી પ્રભુ વૈશાલી પધાર્યા, ત્યાં પ્રભુએ અગીયારમું ચાતુર્માસ કર્યું. ત્યાં ભૂત નામના નાગકુમારના ઇન્દ્રે આવી પ્રભુને સુખશાતા પૂછી વંદન કર્યું. ચાતુર્માસ પુરૂં થતાં, પ્રભુ સુંસુમારપુર પધાર્યા; અને ત્યાંના ઉદ્યાનમાં પ્રતિમાધ્યાને રહ્યા. આ વખતે ચમરેંદ્ર ગર્વ કરીને શક્રને જીતી લેવા, ઉંચો સૌધર્મલોકમાં ગયો. તેથી શક્રે કોપ કરી તેના પર વજ્ર છોડયું. વજ્રથી ભયભીત બનેલા ચમરેંદ્રે તુરત પ્રભુના ચરણમાં આવી આશ્રય લીધો. તેથી તે બચી ગયો. ત્યાંથી અનુક્રમે વિહાર કરતા પ્રભુ કોશાંબી નગરી પધાર્યા.

પ્રભુનો આકરામાં આકરો અભિગ્રહ

કોશાંબીમાં શતાનીક નામે રાજા રાજ્ય કરતો હતો. તેને મૃગાવતી નામે રાણી, અને વાદી નામે ધર્મપાઠક તથા સુગુપ્ત નામે પ્રધાન હતો. સુગુપ્તને નંદા નામે પરમ શ્રાવિકા સ્ત્રી હતી. નંદા મૃગાવતીની સખી હતી.

મૃગાવતીને વિજયા નામે પ્રતિહારી હતી. તેજ નગરીમાં ધના-વહ નામે એક શેઠ રહેતો હતો. તેને મૂલા નામની સ્ત્રી હતી. હવે શ્રમણ ભગવાન મહાવીરે પોષ વદિ એકમને દિને આ નગરીમાં પ્રવેશ કર્યો અને તેજ દિવસે તેમણે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી–એમ ચાર પ્રકારે એવો ઉગ્ર અભિગ્રહ લીધો કે:–દ્રવ્યથી સુપડાના ખુણામાં રહેલ અડદ મળે તોજ વહોરવા, ક્ષેત્રથી એક પગ ઉમરામાં અને બીજો પગ બ્હાર રાખીને આપે તોજ વહોરવા, કાળથી ભિક્ષાચરો ભિક્ષા લઈ ગયા પછીના સમયે મળે તોજ વહોરવા, અને ભાવથી કોઇ રાજકુમારી દાસીપણાને પામી હોય, મસ્તક મુંડાવ્યું હોય, પગમાં બેડી પડી હોય, રોતી હોય અને અઠ્ઠમ તપ કર્યો હોય એવી જો કોઇ સતી સ્ત્રી વહોરાવે તો જ વહોરવું. એ પ્રમાણે કેવળ પરિસહ સહન કરવા માટે આકરામાં આકરો અભિગ્રહ સ્વીકારી, પ્રભુ નગરીની અંદર ભિક્ષા માટે ફરવા લાગ્યા. નગરીના રાજા પ્રધાન તથા અન્યાન્ય ધનિકોએ ઘણા ઘણા ઉપાય કર્યા, છતાં પ્રભુનો અભિગ્રહ પુરો ન થયો. ચાર મહિના વ્યતિત થઈ ગયા.

ચંદનબાળાનું પ્રથમ દર્શન

એટલામાં શતાનીક રાજાએ ચંપાનગરી ઉપર ચડાઇ કરી, ગામને લશ્કરથી ઘેરી લીધું. તેથી ચંપાપતિ દધિવાહન રાજા ત્યાંથી નાઠો. ધણીવિનાની થઇ પડેલી ચંપાનગરીમાં, શતાનીક રાજાના સુભટોએ લુંટ ચલાવી. એક સુભટે દધિવાહન રાજાની રાણી ધારિણી અને પુત્રી વસુમતીને પકડી પોતાના કબજામાં રાખ્યાં. તેણે ધારિણીને પોતાની સ્ત્રી તરીકે રહેવા બહુબહુ રીતે સમજાવી, પણ તે ન માની અને પોતાની જીભ કચરીને મરી ગઇ. ત્યારપછી તે સુભટે વસુમતીને આશ્વાસન આપી, પોતાની પુત્રી તરીકે રાખવાનું સમજાવી, કૌશાંબી નગરીની બજારમાં લાવી.

વેચવાનો વિચાર કર્યો. ધનાવહ શેઠ તે પ્રસંગે ત્યાંથી જતા હતા. તેમણે પેલી રાજપુત્રી વસુમતીને ખરીદી લીધી અને પોતાને ઘેર લઈ જઈ પુત્રી તરીકે રાખી. તે બાળાના વિનયાદિ ગુણોથી, અને ચંદન જેવાં શીતલ વેણુથી રંજિત થયેલા શેઠે, પરિવાર સાથે મળીને તેણીનું "ચંદના" નામ પાડયું. એક વખતે શેઠ મધ્યાન્હ સમયે દુકાનેથી ઘેર આવ્યા. દૈવયોગે કોઈ નોકર હાજર ન હોવાથી વિનિત ચંદના એકદમ ઉભી થઇ, પિતૃ-ભક્તિથી શેઠના પગ ધોવા લાગી. શેઠે તેને ઘણીય વારી, પણ તે શેઠને પોતાના પિતાતુલ્ય સમજતી હોવાથી તેમાં તેને કંઈ સંકોચ જેવું ન લાગ્યું. પગ ધોતાં ચંદનાનો કેશપાશ, સહસા વિખરાઈ ગયો અને વાળ જળથી ભીંજાયેલી ભૂમિમાં પડી ગંદા થવા લાગ્યા. "મારી પુત્રીના કેશ કીચડથી મેલા ન થવા જોઈયે" એમ ધારી, શેઠે સહજ સ્વભાવે કેશને લાકડી વડે ઉંચા કર્યા અને પછી આદરથી બાંધી લીધા.

ગોખમાં બેઠેલી શેઠાણી–મૂળાએ આ દૃશ્ય જોયું. તેના કોઠામાં ઉન્હું તેલ રેડાયું. તેણી વિચાર કરવા લાગી કે—"આ યુવતિ બાળાનો કેશપાશ શેઠે પોતે બાંધ્યો! જો તેમનો બન્નેનો સંબંધ પિતા–પુત્રી જેવો હોય તો એમ કોઈ દિવસ ન બને! ખરેખર! શેઠની બુદ્ધિ જ બગડી લાગે છે. નક્કી, આ બાળાને પોતાની સ્ત્રી બનાવશે, અને જો આ છોકરી ઘરની ધણીરણી થઇ બેઠી તો મારા બુરા હાલ થવાના એ નિઃસંશય! માટે આ બાળાનાં મૂળીયાં જ ઉખેડી ફેંકી દેવાં જોઈએ."

શેઠ બ્હાર ગયા એટલે મૂળાએ એક હજામને બોલાવી ચંદનાનું માથું મુંડાવી નાંખ્યું. પછી તેને બેડી પહેરાવી, ખુબ માર મારી, દૂરના એક અંધારા ઓરડામાં પૂરી, બારણે તાળું ઠોકી, પોતાના બાપને ઘેર ચાલી ગઈ. સાંજે શેઠ ઘેર આવ્યા

અને ચંદનાની તપાસ કરી પણ મુળાના ભયથી કોઇ નોકર—ચાકરે ખરી હકીકત ન કહી. એ રીતે ત્રણ દિવસ નીકળી ગયા.

ચોથે દિવસે એક વૃદ્ધ દાસીના દિલમાં હિમ્મત આવી. તેણીએ શેઠને ચંદનાવાળી વાત કહી સંભળાવી અને તે જ્યાં પુરાયેલી પડી હતી, તે અંધારી ઓરડી પણ બતાવી દીધી. શેઠે બારણાનું તાળું ઉઘડાવ્યું અને અંદર જઈને જોયું તો ચંદનબાળા બેહાલ દશામાં પૃથ્વી ઉપર પડેલી! આ દેખાવ જોઈ શેઠનું હૃદય ચીરાઈ જવા લાગ્યું. તેણે તત્કાળ તો એક સૂપડાના ખુણામાં અડદના બાકળા આપી ચંદનાને કહ્યું કે "હે પુત્રિ! હમણા તો આ અડદ વાપર! હું જેમ બને તેમ જલ્દી લુહારને બોલાવી તારા પગની બેડીઓ ભંગાવું છું." એમ કહી શેઠ પોતેજ લુહારને બોલાવવા ચાલી નીકળ્યા.

ચંદનાએ વિચાર કર્યો કે:—"જો કોઇ ભિક્ષુ આવી ચડે તો તેને આપીને આ અડદ હું વાપરૂં!"

તેટલામાં, છ મહિનામાં પાંચ દિવસ ઉણા ઉપવાસવાળા શ્રી મહાવીર પ્રભુ ફરતા ફરતા ત્યાં પધાર્યા. પ્રભુને દેખી ચંદનાને રૂંએ રૂંએ આનંદ વ્યાપ્યો. પોતે લોઢાની બેડીઓ વડે સખ્ત જકડાએલી હોવાથી ઉમરો ઓળંગવાને અશકત નીવડી. તેથી એક પગ ઉમરામાં અને બીજો પગ બ્હાર રાખી, પ્રભુને અડદના બાકળા ગ્રહણ કરવાની વિનતિ કરવા લાગી.

છતાં પ્રભુ આમ પાછા કેમ ફર્યા! ચંદનબાળાની આવી ભક્તિભીની પ્રાર્થના કેમ નહીં સ્વીકારતા હોય? કારણકે પ્રભુએ ધારેલા અભિગ્રહમાં, હજી આંસુની ખામી હતી અને તેથીજ પાછા ફરવા લાગ્યા.

પ્રભુને પાછા વળતા જોઇ ચંદનાને બહુ ખેદ થયો. તેને થયું કે "અરે, હું કેવી અભાગણી કે આ અવસરે પધારેલા પ્રભુ કંઈ

પણ લીધા વિના પાછા ફર્યા !" તે નિરાશાના દુ:ખથી રડવા લાગી. તેની આંખમાના આંસુએ પ્રભુનો દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ એમ ચારે પ્રકારનો અભિગ્રહ પૂર્ણ કરી વાળ્યો. આખરે પ્રભુએ અડદના બાકળા સ્વીકાર્યા. પ્રભુનો અભિગ્રહ પૂર્ણ થવાથી પ્રસન્ન થયેલા દેવોએ ત્યાં વસુધારા વિગેરે પાંચ દિવ્યો પ્રગટ કર્યાં. અહિં કવિ પૂછે છે કે પંડિત લોકોએ ચંદનાને બાળા કેમ કહી હશે ? ખરૂં જોતાં તો તેને મહા હુશીયાર ગણવી જોઇએ, કારણ કે તેણીએ વીરપ્રભુને બાકળાવડે છેતરીને મોક્ષ લઈ લીધો. તત્કાળ શક્રેન્દ્ર ત્યાં આવ્યો, દેવો આનંદમાં આવી નૃત્ય કરવા લાગ્યા, ચંદનાની બેડી તૂટીને તેને ઠેકાણે સુવર્ણનાં ઝાંઝર થઇ ગયાં. પૂર્વની પેઠે સુશોભિત કેશપાશ પણ થઇ ગયો, અને દેવોએ ચંદનાને વસ્ત્રાલંકારથી સુશોભિત કરી દીધી ! દેવદુંદુભિના શબ્દ સાંભળી શતાનીક રાજા અને મૃગાવતી રાણી તત્કાળ ત્યાં આવી પહોંચ્યાં. મૃગાવતી ધારિણીની બેન થતી હતી, તેણીએ ચંદનાને ઓળખી. ચંદનાને એ રીતે પોતાની માશીનો મેળાપ થયો.

ચંદના પોતાની સાળીની પુત્રી થતી હોવાથી રાજા શતાનીક પોતે વસુધારા લઈ જવા તૈયાર થયો. પણ ઇન્દ્રે તેને તેમ કરતાં અટકાવીને કહ્યું કે:—"રાજન્ ! આ ધન તો ચંદના જેને આપે તેનાથી જ લઈ શકાય."

ચંદનાએ કહ્યું કે:—"પુત્રી તરીકે મારૂં પાલન-પોષણ કરનાર ધનાવહ શેઠને જ તે દ્રવ્ય મળવું જોઇએ." ચંદનાની આજ્ઞાથી ઈન્દ્રે તે ધન ધનાવહ શેઠને આપી દીધું અને કહ્યું કે:- "આ ચંદના શ્રી વીરપ્રભુની પ્રથમ સાધ્વી થશે." તે પછી ઇન્દ્ર પ્રભુને ભક્તિભાવથી નમ્યો અને પોતાના સ્થાને ગયો રાજા શતાનીક પણ ચંદનાને આદરપૂર્વક પોતાને ઘેર લઈ ગયો અને કન્યાઓના અંત:પુરમાં યોગ્ય સ્થાન આપ્યું.



"ચંદનાની બેડી તૂટીને તેને ઠેકાણે સુવર્ણનાં ઝાંઝર થઇ ગયાં"

(પૃ. ૨૪૦)

K. Art Works, Bombay 2. Meghji Hirji Bombay 2.

કોશાંબીથી વિહાર કરી, પ્રભુ સુમંગળ નામના ગામે પધાર્યા. ત્યાં સનત્કુમાર ઇન્દ્રે આવી પ્રભુને વંદન કર્યું. ત્યાંથી વિહાર કરતાં, અનુક્રમે પ્રભુ ચંપાનગરી પધાર્યા. ત્યાં સ્વાતિદત્ત નામના બ્રાહ્મણની અગ્નિહોત્રશાલામાં ચોમાસી તપ સ્વીકારી બારમું ચાતુર્માસ રહ્યા. તે ચારે મહિના, રાત્રિને વિષે પૂર્ણભદ્ર તથા મણિભદ્ર નામના બે યક્ષો, ભક્તિથી પ્રેરાઈને પ્રભુની સેવા કરવા આવતા. ત્યાંથી વિહાર કરી પ્રભુ જૃંભિકા ગામે પધાર્યા. ત્યાં શક્રેન્દ્રે આવી પ્રભુ પાસે ભક્તિભાવભર્યો નાટારંભ કર્યો. પછી તે બોલ્યો કે:—"હે જગદ્ગુરૂ ! હવે આપને થોડા દિવસોમાં કેવલજ્ઞાન થવું જોઇએ." ત્યાંથી વિહાર કરી પ્રભુ મિંઢીક ગામ આવ્યા. ત્યાં ચમરેંદ્રે આવી, પ્રભુને વંદન કરી, સુખશાતા પૂછી પુનઃ પોતાના સ્થાને ચાલ્યો ગયો.

પ્રભુના કાનમાં ખીલા ઠોકાયા !

મિંઢીક ગામથી વિહાર કરી પ્રભુ ષણ્માનિ નામના ગામમાં આવ્યા અને ત્યાં ગામ બ્હાર પ્રતિમા ધરીને રહ્યા. પોતાના ત્રિપૃષ્ઠ વાસુદેવના ભવમાં શય્યાપાલના કાનમાં તપાવેલા સીસાનો રસ રેડાવી ઉપાર્જન કરેલું અશાતાવેદનીય કર્મ પ્રભુને આ સમયે ઉદયમાં આવ્યું. તે શય્યાપાલનો જીવ ઘણાં ભવભ્રમણ કરી, આ ગામમાં ગોવાળીયો થયો હતો. તે ગોવાળ, રાત્રિએ પ્રભુને ગામની બ્હાર ઉભા રહેલા જોઇ, પોતાના બળદોને પ્રભુ પાસે મૂકી, ગાયો દોવા ગામમાં ગયો. ગોવાળ ચાલ્યો ગયો એટલે થોડીવારે બળદ પણ સ્વેચ્છાપૂર્વક અટવીમાં દૂર ચાલ્યા ગયા. ગાયો દોઇને ગોવાળ પાછો આવ્યો અને જુએ છે તો ત્યાં બળદ જેવું કંઇ ન દેખાયું. તે પ્રભુને પૂછવા લાગ્યો કે—'હે દેવાર્ય !

બોલ, મારા બળદ ક્યાં ગયા ? ' ગોવાળે બે-ત્રણ વાર પ્રભુને પ્રશ્ન કર્યો, પણ ધ્યાનસ્થ પ્રભુએ તેનો કંઇ પણ જવાબ ન વાળ્યો.

આથી ગોવાળને ખૂબ ખીજ ચડી. તે દોડતો જઇને, જેના તીર થાય છે તે શરકટ વૃક્ષના કાષ્ટના બે મજબુત ખીલા લઇ આવ્યો, અને ધ્યાનસ્થ પ્રભુના કાનમાં હથોડાવતી બન્ને ખીલ્લા ઉંડા પેસાડી દીધા. ખીલાના અગ્રભાગ કાનમાં એક બીજાને મળી ગયા. ખીલાઓને કોઇ ખેંચીને બ્હાર કાઢી શકે નહીં એવા નિર્દય ઇરાદાથી, ગોવાળે બન્ને ખીલાના બ્હાર દેખાતા ભાગ કાપી નાખ્યા. એ પ્રમાણે ઘોર ઉપસર્ગ થવા છતાં ધ્યાનમગ્ન પ્રભુ સમભાવથી લેશમાત્ર પણ ન ચળ્યા.

પ્રભુના કંઠમાંથી નીકળેલી કારમી ચીસ !

પ્રભુ મધ્યમ અપાપા નગરીમાં આવ્યા. ત્યાં પારણાને માટે સિદ્ધાર્થ નામના વૈશ્યને ઘેર ગયા. સિદ્ધાર્થે પ્રભુનો સારી રીતે સત્કાર કર્યો અને ભક્તિભાવથી પારણું કરાવ્યું. તે વખતે ત્યાં ખરક નામનો એક કુશળ વૈદ્ય બેઠો હતો. તે સિદ્ધાર્થનો મિત્ર થતો હતો. વૈદ્યે પ્રભુની મુખમુદ્રા બારીકીથી જોઇને કહ્યું કેઃ—“ ખરેખર ભગવંતનું શરીર સર્વ સુલક્ષણોથી સંપૂર્ણ છે. પણ મ્લાન જેવું દેખાતું હોવાથી ક્યાંઇક શલ્ય હોવું જોઇએ. ”

સિદ્ધાર્થને વૈદ્યની વાત સાંભળી આશ્ચર્ય થયું. તેણે કહ્યું કેઃ—“ જો તમે કહો છો તે વાત ખરી હોય તો આપણે બરાબર તપાસ કરી, ભગવંતના શરીરમાં શલ્ય ક્યાં છે તે શોધી કાઢવું જોઇએ. ” વૈદ્યે આખાય શરીરની તપાસ કરી. આખરે પ્રભુના બન્ને કાનમાં ખીલા ઠોકેલા દેખાયા. સિદ્ધાર્થે પણ તે જોયા.

સિદ્ધાર્થ બોલ્યોઃ—“ આ કોઇ દુષ્ટ માણસનું તર્કટ હોવું જોઇએ. પણ આપણે એ શલ્ય જેમ બને તેમ જલદીથી કાઢી



"ધ્યાનસ્થ પ્રભુના કાનમાં હથોડાવતી બન્ને ખીલા ઉંડા પેસાડી દીધા. ખીલાના અગ્રભાગ કાનમાં એક બીજાને મળી ગયા."

(પૃ. ૨૪૨)

K. Art Works, Bombay 2. Meghji Hirji Bombay 3.

નાખવું ઘટે. એ શુભ કાર્ય કરવાથી આપણે બન્ને પુણ્યના ભાગીદાર થઈશું. તેથી તમે બીજાં કામ પડતાં મૂકી તત્કાળ પ્રભુની ચિકિત્સા કરવામાં ચિત્ત આપો."

વૈદ્ય અને સિદ્ધાર્થ તો વાતો કરતાજ રહ્યા. એટલામાં પ્રભુ ત્યાંથી ચાલી નીકળ્યા, અને બ્હાર ઉદ્યાનમાં આવી શુભધ્યાન વિષે આરૂઢ થયા. સિદ્ધાર્થ શેઠ અને ખરક વૈદ્ય ઉદ્યાનમાં પહોંચ્યા. ઔષધ સામગ્રી પણ પોતાની સાથેજ લીધી. ખરક વૈદ્ય પોતાની વૈદ્યવિદ્યામાં ભારે કુશળ હતો. તેણે સાણસી વડે પ્રભુના કાનમાંના બન્ને ખીલા ખેંચી કાઢયા. કાનમાં ઉંડા પેસી ગયેલા રૂધિરથી તરબોળ ખીલા જેવા ખેંચાયા કે તેજ વખતે પ્રભુ મહાવીરના કંઠમાંથી એક કારમી ચીસ નીકળી ગઈ ! એ ચીસના કાતરધ્વનિથી આખું ઉદ્યાન ખળભળી ઉઠયું. પછી સંરોહિણી ઔષધીથી પ્રભુના બન્ને કાન તત્કાળ રૂઝવી, પ્રભુને ખમાવી ભક્તિપૂર્વક વંદન તથા નમસ્કાર કરી, સિદ્ધાર્થ શેઠ તથા ખરક વૈદ્યરાજ પોતાના ઘેર આવ્યા. પછી લોકોએ તે સ્થળે એક દેવાલય પણ બંધાવ્યું.

વૈદ્ય અને સિદ્ધાર્થ શેઠ મરીને સ્વર્ગે ગયા, ખીલાનો ઘોર ઉપસર્ગ કરનાર પાપી ગોવાળ મરીને સાતમી નરકે ગયો.

એ રીતે ઉપસર્ગોનો આરંભ પણ ગોવાળથી થયો અને ઉપસર્ગોની પરિસમાપ્તિ પણ ગોવાળથીજ થઈ. આ ખીલાનો ઉપસર્ગ પ્રભુને છેલ્લો ઉપસર્ગ હતો.

ઉપસર્ગોની ઉત્કૃષ્ટતાઃ એક પૃથક્કરણ

વીર પ્રભુને જે જે ઉપસર્ગો થયા તેના જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ એવા વિભાગ પાડીએ તો કટપુતના વ્યંતરીએ જે શીત ઉપસર્ગ કર્યો તે જઘન્ય ઉપસર્ગમાં ઉત્કૃષ્ટ; સંયમદેવે જે કાળચક્ર

મૂકેલું તે મધ્યમ ઉપસર્ગોમાં ઉત્કૃષ્ટ અને કાનમાંથી ખીલા ખેંચ્યા તે ઉત્કૃષ્ટ ઉપસર્ગોમાં ઉત્કૃષ્ટ જાણવું. એ સમગ્ર ઉપસર્ગોને પ્રભુએ પરમ શાંતિથી, નિર્ભયપણે, ક્રોધરહિતપણે, દિનતારહિતપણે, અને કાયાની નિશ્ચલતાપૂર્વક સહન કર્યા.

પ્રભુનું અનગારત્વ

શ્રમણ ભગવાન્ મહાવીર કેવી રીતના અનગાર થયા? તેમણે ઈર્યાસમિતિ પાળી: એટલે કે હાલવા-ચાલવામાં કોઈપણ જીવની વિરાધના ન થાય તેવો ઉપયોગ રાખ્યો, ભાષા સમિતિ પાળી: એટલે કે નિર્દોષ વચન બોલવામાં ઉપયોગ રાખ્યો, એષણા સમિતિ પાળી: એટલે કે બેંતાળીશ દોષ વગરની ભિક્ષા ગ્રહણ કરવામાં ઉપયોગ રાખ્યો, આદાન ભાંડમાત્રનિક્ષેપણા સમિતિ પાળી: એટલે કે વસ્ત્ર-પાત્રાદિ ઉપકરણોને ગ્રહણ કરવામાં અને પાછાં મુકવામાં જતના-પ્રમાર્જણાદિ કરવારૂપ ઉપયોગ રાખ્યો.

વિષ્ઠા, મૂત્ર, થુંક-કફ, શ્લેષ્મ, અને શરીરના મેલનો પરિત્યાગ કરવામાં પણ ઉપયોગ રાખ્યો, અને કોઈપણ જીવની વિરાધના ન થાય તેવી રાતે મેલનો પરિત્યાગ કર્યો. જો કે પ્રભુને ઉપકરણ કે શ્લેષ્મ વિગેરેનો અસંભવ હોવાથી, ઉપર કહી તે પાંચ સમિતિઓમાંની છેલ્લી બે સમિતિઓનો અસંભવ છે, છતાં સૂત્રના પાઠને અખંડિત રાખવા માટે સૂત્રકારે આ બે સમિતિ પણ કહી રાખી છે.

એ રીતે પ્રભુએ શુભ મનોયોગને, શુભ વચનયોગને અને શુભ કાયયોગને પ્રવર્ત્તાવ્યો, તેમજ અશુભ કાયયોગને, અશુભ વચનયોગને અને અશુભ મનોયોગને રોકયો. મન, વચન, અને કાયાના અશુભ યોગને રોકનારા હોવાથી ગુપ્ત એટલે અશુભ વ્યાપારને સર્વ પ્રકારે રોકનારા, શબ્દાદિ વિષયોમાં રાગ-દ્વેષરહિતપણે શ્રોત્રાદિ ઇંદ્રિયોને ગોપવનારા, વસ્તી વિગેરે નવ વાડોથી

યત્નપૂર્વક રક્ષણ કરેલા બ્રહ્મચર્યને આચરનારા, ક્રોધરહિત, માન રહિત, માયારહિત, લોભરહિત, આંતરિકવૃત્તિથી શાંત, બાહ્યવૃત્તિથી શાંત, આંતરિક અને બાહ્ય એમ બન્ને વૃત્તિથી શાંત, બન્ને વૃત્તિ શાંત હોવાથી સર્વ સંતાપરહિત, હિંસાદિ આશ્રવદ્વારથી નિવૃત્ત થયેલા હોવાથી પાપકર્મના બંધનથી રહિત, મમતારહિત, દ્રવ્યાદિરહિત, સુવર્ણાદિ વસ્તુઓને સર્વથા ત્યજી દેનાર, દ્રવ્યથી શરીરના મેલરહિત હોવાથી અને ભાવથી મિથ્યાત્વરૂપ મેલરહિત હોવાથી નિરૂપલેપ–દ્રવ્યમળ અને ભાવમળરહિત પ્રભુ ગણાયા.

નિરૂપલેપપણાનાં દૃષ્ટાંત

ઉપમા અને દૃષ્ટાંતથી પ્રભુનું નિરૂપલેપપણું વધારે સારી રીતે સમજી શકાશે. કાંસાનું પાત્ર જેમ જળથી નથી લીંપાતું, તેમ પ્રભુ પણ સ્નેહથી ન લીંપાયલા, શંખને જેમ રંગોથી રંગી શકાતો નથી તેમ પ્રભુ પણ નિરંજન; સર્વ સ્થળે ઉચિતપણે અસ્ખલિત વિહાર કરવાથી અથવા સંયમમાં અસ્ખલિતપણે વર્તવાથી, જીવના જેવી અસ્ખલિત ગતિવાળા; દેશ, ગામ, કુળ વિગેરે કોઇના પણ આધારની અપેક્ષા વિનાના હોવાથી આકાશની પેઠે આલંબન–આધાર રહિત; કોઇ પણ એક સ્થાને ન રહેતા હોવાથી વાયુની પેઠે બંધન રહિત; કાલુષ્ય રહિત હોવાથી શરદ્ ઋતુના જળની પેઠે નિર્મળ હૃદયવાળા; સગાં–સંબંધીઓના સ્નેહ અથવા કર્મથી ન લીંપાયલા હોવાથી, કમળ જેવા; ગ્રીવા અને ચાર પગ એ પાંચે અંગોને છુપાવી રાખનાર કાચબાની જેમ–ઇન્દ્રિયોને વશમાં રાખનાર; ગેંડાના શીંગડાની પેઠે એકલા–અર્થાત્ ગેંડાને જેમ એક શીંગડું હોય છે તેમ ભગવાન્ પણ રાગ–દ્વેષ રહિત હોવાથી એકાકી; પરિગ્રહ રહિત અને અનિયત નિવાસ હોવાથી પંખીની જેમ સ્વતંત્ર; જરા પણ પ્રમાદ ન કરનાર ભારંડ પક્ષીની જેમ અપ્રમાદી;

કર્મરૂપી શત્રુઓને હણવાને હાથીના જેવા શૂરવીર; સ્વીકારેલા મહા વ્રતના ભારને વહન કરવામાં સમર્થ હોવાથી વૃષભના જેવા પરાક્રમવાળા; પરિષહાદિ રૂપ પશુઓ વડે પરાજય ન પામતા હોવાથી સિંહની જેમ દુર્ધર્ષ; સ્વીકારેલા તપ-સંયમમાં દૃઢ રહેવાથી અને ઉપસર્ગો રૂપી વાયરા વડે ચલાયમાન નહીં થતા હોવાથી મેરૂ પર્વતની જેમ નિશ્ચલ; હર્ષ અને વિષાદનાં કારણો પ્રાપ્ત થવા છતાં વિકાર રહિત સ્વભાવવાળા હોવાથી સાગરની પેઠે ગંભીર; પરને શાંતિ પમાડવાના મનના પરિણામવાળા હોવાથી ચન્દ્રમા પેઠે સૌમ્ય લેશ્યાવાળા; દ્રવ્યથી શરીરની કાંતિ વડે અને ભાવથી જ્ઞાન વડે ઝળહળતા તેજવાળા હોવાથી સૂર્યની પેઠે દેદીપ્યમાન તેજવાળા; સુવર્ણ નિર્મળ થયે જેવું તેજસ્વી દેખાય, તેવા જ પ્રભુ પણ કર્મમેલ દૂર થવાને લીધે અતિ તેજસ્વી; શીત, ઉષ્ણ વિગેરે અનુકૂળ અને પ્રતિકૂળ સર્વ સ્પર્શને સહન કરનારા હોવાથી, પૃથ્વીની પેઠે સહનશીલ; ઘી વિગેરેથી અત્યંત દીપ્ત થયેલા અગ્નિની પેઠે, જ્ઞાનરૂપ તેમજ તપરૂપ તેજ વડે દેદીપ્યમાન; એ પ્રકારે ઉપમાઓના આધારે પ્રભુના નિરૂપલેપપણાનાં વિશેષણો અવધારવાં.

પ્રતિબંધનું સ્વરૂપ-મહાવીર પ્રભુની અપ્રતિબંધતા

ભગવંતને કોઈ પણ પદાર્થમાં પ્રતિબંધ નથી. પ્રતિબંધન ચાર પ્રકારના છે:—(૧) દ્રવ્ય (૨) ક્ષેત્ર (૩) કાળ અને (૪) ભાવ.

(૧) દ્રવ્યથી આશ્રીને: સ્ત્રી વિગેરે સચિત્ત અને આભુષણ વિગેરે અચિત્ત. આભુષણ પહેરેલ સ્ત્રી વિગેરે મિશ્ર. આ પ્રમાણે સચિત્ત, અચિત્ત અને મિશ્ર દ્રવ્યોમાં, પ્રભુને 'આ દ્રવ્ય મારાં છે' ઇત્યાદિ રૂપે સંસારનો બંધ કરનાર આશારૂપ પ્રતિબંધ નથી.

(૨) ક્ષેત્રને આશ્રીને: ગામમાં, નગરમાં, અરણ્યમાં, ખેતરમાં,

ખળામાં, ઘરમાં, આંગણામાં કે આકાશમાં પ્રભુને મમત્વ નથી. 'આ ગામ કે આ અરણ્ય મારૂં છે.' એ પ્રમાણે સંસારનો બંધ કરનાર મમત્વના આશયરૂપ પ્રતિબંધ નથી.

(૩) કાળને આશ્રીને: અત્યંત સૂક્ષ્મ કાળરૂપ સમયમાં, અસંખ્યાત સમયરૂપ આવલિકામાં, શ્વાસોશ્છવાસના પ્રમાણવાળા કાળમાં, સાત ઉશ્છવાસના પ્રમાણવાળા સ્તોક નામના કાળમાં, ઘડીના છઠા ભાગરૂપ ક્ષણમાં, સાત સ્તોકપ્રમાણ લવમાં, સત્યોતેર લવપ્રમાણ મુહૂર્ત્તમાં, દિવસમાં કે રાતમાં, પખવાડીયામાં કે મહિનામાં, વર્ષમાં કે યુગપૂર્વ અંગપૂર્વ જેવા લાંબા કાળના સંયોગમાં પ્રભુને અમુક અનુકૂળ કે પ્રતિકૂળ જેવું કાંઇજ ન હોય. "આ મને અનુકૂળ છે અથવા આ સમય મને પ્રતિકૂળ છે" એ રીતે કોઇપણ કાળમાં પ્રભુને સંસારબંધ કરનાર આશયરૂપ પ્રતિબંધ નથી.

(૪) ભાવને આશ્રીને: ક્રોધમાં, માનમાં, માયામાં, લોભમાં, ભયમાં, હાસ્યમાં, પ્રેમમાં, દ્વેષમાં, પરની સાથે કલેશ કરવામાં, પર પ્રાણીને નહી દીઠેલું-નહીં સાંભળેલું આળ ચડાવવારૂપ અભ્યાખ્યાનમાં, પર પ્રાણીના દોષની ચાડી ખાવા રૂપ પૈશુન્યમાં, પરપ્રાણીની નિંદા કરવા રૂપ પરપરિવાદમાં, રતિ-અરતિ-મોહનીયના ઉદયથી સુખ-દુઃખ મળતાં ચિત્તમાં હર્ષ કે ગ્લાની કરવારૂપ રતિ-અરતિમાં, કપટવૃત્તિથી અસત્ય બોલી છળ કરીને લોકોને છેતરવારૂપ માયામૃષામાં, યાવત્ મિથ્યાદર્શન શલ્યમાં એટલે કે અનેક દુઃખના કારણભૂત મિથ્યાત્વરૂપ શલ્યમાં વિગેરેમાં સંસારબંધ કરનાર આશયરૂપ પ્રતિબંધ નથી. સારાંશ એ છે કે ઉપર દર્શાવેલા દ્રવ્ય ક્ષેત્ર કાળ અને ભાવમાં કોઇને વિષે પણ ભગવંતને 'આ મારૂં છે' એવા રૂપનો સંસારબંધ કરનાર આશયરૂપ પ્રતિબંધ નથી.

ભગવાનના વિહાર અને સ્થિરતાનું સ્વરૂપ

વર્ષાકાળના ચાર માસ ભગવંત એક સ્થાને રહેતા અને બાકીના આઠ માસ વિહાર કરતા. તે આઠ મહિનામાં ગામને વિષે એક રાત્રી અને નગરને વિષે પાંચ રાત્રી પર્યંત રહેતા. કુહાડામાં અને ચંદનમાં અર્થાત્ અપકાર કરનાર તેમજ ઉપકાર કરનાર પ્રત્યે પ્રભુ તો રાગદ્વેષરહિત સમાનદૃષ્ટિજ રાખતા. સુખ દુ:ખમાં તેમને મન કંઇ ભેદ ન હતો. મનુષ્યલોક કે દેવ ભવાદિમાં પણ તેમને કંઇજ મમત્વ ન હતું, જીવન તથા મૃત્યુ વિષે તેમને કંઈજ આકાંક્ષા ન રહેતી, દેવેન્દ્ર નરેન્દ્ર સત્કાર કરે તો તેમને એમ ન થાય કે ખરેખર આ જીવન જીવવા જેવું છે અને અસહ્ય પરિસહ વેઠવા પડે તો તેમને એમ પણ ન થાય કે હવે તો મૃત્યુ આવે તો સારૂં. સંસાર સમુદ્રનો પાર પામવા તેઓ નિરંતર મથન કરતા, કર્મ રૂપી શત્રુનો સમૂલો છેદ કરવા તૈયાર રહેતા અને એ રીતે પ્રભુ સર્વત્ર વિચરતા.

વિહારના બાર વરસ

પ્રભુએ વિહારના બાર વરસ કેવી સ્થિતિમાં વિતાવ્યાં ? તે દરમિયાન તેમણે કયા કયા ગુણ કેળવ્યા ? અનુપમ જ્ઞાન, અનુપમ દર્શન, અને અનુપમ ચારિત્ર વડે, સ્રી નપુંસક વિગેરે દોષરહિત વસતિમાં રહેવા રૂપ અનુપમ આલયવડે, અનુપમ વિહાર વડે, અનુપમ વીર્ય–પરાક્રમવડે–મનના ઉત્સાહવડે, અનુપમ સરળતાવડે, અનુપમ માયારહિતપણે, અનુપમ માર્દવ–માનરહિતપણે, અનુપમ લાઘવ–ક્રિયાઓમાં કુશળપણે, અથવા લાઘવ એટલે દ્રવ્યથી અલ્પ ઉપધિપણું અને ભાવથી ત્રણ ગૌરવનો ત્યાગ કરવારૂપે, ક્રોધના નિગ્રહરૂપ અનુપમ ક્ષાંતિવડે, અનુપમ નિર્લોભપણે, અનુપમ મનોગુપ્તિ વિગેરે ગુપ્તિવડે, ઇચ્છાની નિવૃત્તિ અથવા મનની પ્રસન્નતારૂપ અનુપમ તુષ્ટિ–સંતોષવડે, સત્ય,

સંયમ અને તપને સારી રીતે આચરવાથી મુક્તિરૂપ ફલ પુષ્ટ થાય એવા પ્રકારના ત્રણ રત્નસ્વરૂપ નિર્વાણ માર્ગવડે, એવી રીતે સમગ્ર ગુણોના સમુહવડે પોતાના આત્માને ભાવતા ભગવાને બાર વરસ વીતાવ્યાં.

તપ તથા પારણાની સંખ્યા

મહાવીર પ્રભુએ છદ્મસ્થ અવસ્થામાં જે તપ તથા પારણાં કર્યાં તેની સંખ્યા:—એક છમાસી તપ, એક પાંચ દિવસ ઓછાનો છમાસી તપ, નવ ચારમાસી તપ, બે ત્રણમાસી તપ, બે અઢી-માસી તપ, છ બેમાસી તપ, બે દોઢમાસી તપ, બાર માસક્ષમણ, બ્હોંતેર પક્ષક્ષપણ, બાર અઠ્ઠમ, બસો ઓગણત્રીસ છઠ્ઠ, એક સર્વતોભદ્ર પ્રતિમા દસ દિવસના પ્રમાણની, મહાભદ્ર પ્રતિમા ચાર દિવસની, ભદ્રપ્રતિમા બે દિવસની, ત્રણસો ઓગણપચાસ પારણાના દિવસ, અને એક દીક્ષાનો દિવસ. એ રીતે પ્રભુએ બાર વરસ અને સાડાછ માસ સુધીમાં જે જે તપ કર્યા તે સઘળા જળરહિતજ કર્યા. જઘન્યમાં જઘન્ય તપ છઠ્ઠનો કર્યો, કોઈપણ વખત એક ઉપવાસ કરીને પારણું ન કર્યું. તેમજ નિત્ય ભોજન તો કોઇજ વખત ન કર્યું.

પ્રભુને કયાં—કયારે—કેવી સ્થિતિમાં કૈવલ્ય થયું ?

એ પ્રમાણે તેરમા વરસની મધ્યમાં વર્ત્તતા શ્રમણ ભગવાન મહાવીરને ગ્રીષ્મકાળના બીજા મહિનાને વિષે, ગ્રીષ્મકાળના ચોથા પખવાડીયાને વિષે—અર્થાત્ વૈશાખ માસના શુકલ પખવા-ડીયાને વિષે, દશમની તિથિને વિષે, પૂર્વદિશા તરફ છાયા ગયે, ન્યૂન નહીં તેમ અધિક પણ નહીં એવી પ્રમાણપ્રાપ્ત પાછલી પોરસી થયે, સુવ્રત નામના દિવસે, વિજય નામના મુહૂર્ત્તમાં, જૃંભિકગ્રામ નામના નગરની બ્હાર, ઋજુવાલુકા નામની નદીના કાંઠે, એક વ્યંતરના જીર્ણ થઈ ગયેલા મંદિરથી બહુ દૂર નહીં—

તેમ બહુ નજીકમાં નહીં એવા સ્થાનકે, શ્યામાક નામના ગૃહસ્થના ખેતરમાં, શાલ નામના વૃક્ષની નીચે, ગાયને દહોવા બેસીએ તેવા પ્રકારના ઉત્કટિક આસને બેસી, સૂર્યના તાપવડે આતાપના લેતા, નિર્જળ છઠ્ઠ તપ વડે યુક્ત થયા થકા, ઉત્તરાફાલ્ગુની નક્ષત્ર સાથે ચન્દ્રનો યોગ થયે, શુકલ ધ્યાનના મધ્યભાગમાં વર્ત્તતા, (શુકલ ધ્યાનના ચાર ભેદ છેઃ-(૧) પૃથકત્વવિતર્ક સવિચાર, (૨) એકત્વવિતર્ક અવિચાર, (૩) સૂક્ષ્મક્રિય અપ્રતિપાતિ અને (૪) ઉચ્છિન્નક્રિય અનિવર્ત્તિ. છેલ્લા બે ભેદમાં તો ચૌદમે ગુણઠાણે રહેલા કેવલીજ વર્ત્તે છે, તેથી પ્રથમના બે ભેદમાં વર્ત્તતા) શ્રમણ ભગવાન્ મહાવીરને, અનંત વસ્તુના વિષયવાળું અવિનાશી, અનુપમ, કોઇપણ વસ્તુવડે સ્ખલના ન પામે એવું, સમસ્ત આવરણરહિત, સઘળા પર્યાય સહિત, સર્વ વસ્તુને જણાવનાર, સઘળા અવયવોથી સંપૂર્ણ, એવા પ્રકારનું કેવળજ્ઞાન અને કેવળદર્શન ઉત્પન્ન થયું.

કેવળજ્ઞાનનો પ્રતાપ

કેવળજ્ઞાનના પ્રતાપે શ્રમણ ભગવાન્ મહાવીર અર્હન્ થયા, અશોકવૃક્ષાદિ પ્રાતિહાર્યની પૂજાને યોગ્ય થયા. તેમના રાગ-દ્વેષ પરાજીત થયા, અને કેવળજ્ઞાન-કેવળદર્શનવાળા થયા. તેઓ પદાર્થોના સઘળા વિશેષ ધર્મોને જાણે, પદાર્થોના સઘળા સામાન્ય ધર્મોને જાણે, દેવ મનુષ્ય અને અસુરો સહિત લોકોના પયાર્યો, તેમજ ઉપલક્ષણથી અલોકના પર્યાયો પણ જાણે અને દેખે. સર્વ લોકમાં સર્વ જીવોના આગમનને, અર્થાત્ જે જે સ્થાનમાંથી ભવાંતર થકી જીવોનું આવવું થાય તેને, મરીને જ્યાં ઉત્પન્ન થાય તે ગતિને, તે ભવ સંબંધી આયુષ્યને કિંવા કાયસ્થિતિને, દેવલોકમાંથી દેવોનું મનુષ્ય-તિર્યંચમાં અવતરવું થાય તેને, દેવ અને નારકીની ઉત્પત્તિને, સર્વ જીવો સં-

કલ્પસૂત્ર.



ઋજુવાલુકાને કાંઠે કૈવલ્યપ્રાપ્તિ. (પૃ. ૨૫૦)

K. Art Works, Bombay 2. Meghji Hirji Bombay 3.

બંધી મનને, મનના ચિંત્વનને, અશનાદિ ભોજનને, ચોરી વિગેરે જે કર્યું હોય તેને, મૈથુનાદિ સેવ્યું હોય તેને, પ્રગટ અથવા ગુપ્ત કાર્યને પણ જાણે તથા દેખે. ત્રણે જગતને હાથમાં રહેલા આમળાની પેઠે જોઈ શકે, તેમનાથી કંઈ પણ અજાણ્યું ન હોય. જઘન્યથી પણ કરોડ સંખ્યાના દેવો તેમની સેવામાં રહે. સર્વ લોકોને વિષે તે તે કાળે મન વચન અને કાયયોગમાં યથાયોગ્ય વર્તતા સર્વ જીવોના અને ધર્માસ્તિકાય વિગેરે સર્વ અજીવોના સમગ્ર પર્યાયોને જાણે તથા દેખે.

પહેલી નિષ્ફળ દેશના

પ્રભુને કેવળજ્ઞાન થતાં જ ઈન્દ્રોનાં સિંહાસન ડોલ્યાં. તેમણે અવધિજ્ઞાનથી, પ્રભુને કેવળજ્ઞાન થયાની વાત જાણી કે તુરત જ દેવોના પરિવાર સાથે આવી પહોંચ્યા, અને સમવસરણની રચના કરી. દેવોમાં કોઈ વિરતિને યોગ્ય નથી, એમ જાણવા છતાં, પ્રભુએ પોતાનો આચાર જાણી, તે સમવસરણમાં બેસી દેશના આપી. તે વખતે કોઈને વિરતિ પરિણામ થયો નહીં, તેથી તે દેશના નિષ્ફળ ગઈ. થોડા વખત દેશના આપીને, ત્યાંથી વિહાર કરીને, પ્રભુ અપાપાપુરીના મહાસેન નામના ઉદ્યાનમાં પધાર્યા.

શંકાશીલ બ્રાહ્મણ પંડિતો

તે વખતે અપાપાનગરીમાં સોમિલ નામના ધનાઢ્ય બ્રાહ્મણે પોતાને ઘેર યજ્ઞ કરવા સારૂ, કેટલાક તે કાળના સમર્થ બ્રાહ્મણ-પંડિતોને આમંત્ર્યા હતા. તેમાં ઈન્દ્રભૂતિ, અગ્નિભૂતિ, વાયુભૂતિ નામના ત્રણ ભાઈઓ પાંચસો પાંચસો શિષ્યોના પરિવાર સાથે આવ્યા હતા. વ્યક્ત અને સુધર્મા નામના બે પંડિતો પણ પાંચસો પાંચસો શિષ્યો લઈને આવ્યા હતા. મંડિત અને

મૌર્યપુત્ર નામના બે ભાઈઓમાં, પ્રત્યેક સાડા ત્રણુસો શિષ્યના પરિવારથી વીંટળાયેલો હતો. અકંપિત, અચલભ્રાતા, મેતાર્ય અને પ્રભાસ નામના ચાર પંડિતો ત્રણુસો ત્રણુસો શિષ્યોને લઈ આવ્યા હતા. આ અગીયારે પંડિતો ચૌદ વિદ્યામાં પારગામી હતા. છતાં ઇન્દ્રભૂતિને " જીવ છે કે નહીં ? " એ વિષે હંમેશા શંકા રહ્યા કરતી. અગ્નિભૂતિને " કર્મ જેવી કોઇ વસ્તુ હશે કે કેમ " એ પ્રશ્ન મુંઝવ્યા કરતો. વાયુભૂતિ તો " શરીર એજ જીવ કે શરીરથી જૂદો કોઇ જીવ હશે " એ સંશયમાં જ ઝુલ્યા કરતો. વ્યક્તને " પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ " એ પંચભૂતની શંકા રહ્યા કરતી. " આ જીવ જેવો આ ભવમાં હોય છે તેવો જ પરભવમાં થતો હશે કે ભિન્ન સ્વરૂપ " એનો સુધર્માથી કંઇ જ નિર્ણય થઈ શકતો ન હતો. મંડિતને " કર્મથી બંધ અને કર્મથી મુક્તિ હશે કે કેમ " એ વિષે શંકા હતી. મૌર્યપુત્રને " દેવોના અસ્તિત્વ " વિષે શંકા હતી. અકંપિતને " નારકી " વિષે સંશય રહ્યા કરતો, અચલભ્રાતાને પુણ્ય-પાપની જ સમઝણુ ન હતી. મેતાર્યને 'પરલોક' વિષે અને પ્રભાસને મોક્ષ વિષે સંશય હતો. છતાં ખૂબી એ હતી કે સઘળા પોતે સર્વજ્ઞ હોવાનો ખોટો ડોળ રાખી રહ્યા હતા. પોતાના મનની શંકા બીજા કોઈને કહે તો પોતાનું માન ઉતરી જાય એવા ભયથી શંકાશીલ રહેવાનું વધારે પસંદ કરતા.

એ રીતે અગીયાર મુખ્ય પંડિતો અને ચુમાલીશસો તેમના શિષ્યો યજ્ઞમંડપમાં આવી બેઠા હતા. તે સિવાય બીજા ઉપાધ્યાય પણ શંકર, ઈશ્વર, શિવજી, ગંગાધર, વિષ્ણુ, ગોવિંદ, પુરૂષોત્તમ, નારાયણુ, જયદેવ, મહાદેવ, હરિહર, રામજી, મધુસૂદન, નરસિંહ, શિવરામ વિગેરે ઘણા પંડિતો યજ્ઞમંડપમાં એકઠા થયા હતા.

ઇન્દ્રભૂતિનો ક્રોધ અને ખેદ !

એટલામાં શ્રી મહાવીર પ્રભુને વંદન કરવા આકાશમાંથી દેવોના સમુહ ઉતરવા લાગ્યા. તે જોઇ બ્રાહ્મણો પરસ્પરને કહેવા લાગ્યા કેઃ—" અહો ! આપણા યજ્ઞનો કેટલો બધો પ્રભાવ છે ? આપણે મંત્રોથી જે દેવોનું આહ્‍વાન કરીએ છીએ તે દેવો પોતે જ સીધા આપણા યજ્ઞમંડપમાં ઉતરી આવે છે. " બધા બ્રાહ્મણો દેવની રાહ જોતા, આકાશ તરફ તાકી રહ્યા. દેવોએ ગતિ ફેરવી, અને તેઓ યજ્ઞમંડપને છોડી શ્રી મહાવીર પ્રભુ તરફ જવા લાગ્યા, આથી બ્રાહ્મણોનાં મ્હોં પડી ગયાં. તેમની આશા વ્યર્થ ગઇ !

કોઇ બોલી ઉઠયું કેઃ—" આ દેવો તો સર્વજ્ઞ પ્રભુને વંદન કરવા જાય છે ! "

" સર્વજ્ઞ " શબ્દ કર્ણગોચર થતાં જ ઇન્દ્રભૂતિના હૃદયમાં ક્રોધાગ્નિ સળગી ઉઠ્યો. તે વિચારવા લાગ્યોઃ—" મારા સિવાય, આ પૃથ્વીના પડ ઉપર બીજો સર્વજ્ઞ હોઇ જ કેમ શકે ? મારી હૈયાતીમાં બીજો કોઇ સર્વજ્ઞ હોય એ વાત હું કેમ કબુલ કરૂં ? લોકો જેને સર્વજ્ઞ કહે છે તે કોઇ જબરદસ્ત ધૂતારો હોવો જોઈએ. પણ આ શું ? મૂર્ખ લોકોને તો ધુતારો થોડી વારને માટે છેતરી શકે, પણ આ દેવો એવી ભૂલ કેમ કરતા હશે ? આ પવિત્ર યજ્ઞમંડપને અને મને–સર્વજ્ઞને છોડીને દેવો સીધા ત્યાં કેમ ચાલ્યા ગયા ? ખરેખર આ દેવોને છેતરનાર કોઈ એક પાકો પાખંડી હોવો જોઇએ ! નહિંતર નિર્મળ જળને છોડી જનાર કાગડાની પેઠે, અગાધ જળથી ભરેલા સરોવરને છોડી જનાર દેડકાની પેઠે, સુગંધી ચંદનને છોડી દેનારી માખીઓની પેઠે, સ્વાદિષ્ટ ફળવાળા સુંદર વૃક્ષને છોડી દેનાર ઉંટની પેઠે, મિષ્ટ દૂધપાક છોડી દેનાર ભૂંડની પેઠે અને સૂર્યના ઝળહળતા પ્રકા-

શને છોડી દેનાર ઘુવડની પેઠે, ભ્રાંતિ પામેલા આ દેવતાઓ આ પવિત્ર યજ્ઞમંડપને છોડી એ પાખંડી પાસે કેમ ચાલ્યા જાય ?

"અથવા તો જેવો એ સર્વજ્ઞ, તેવાજ તેના આ દેવ પણ હશે ! સરખે સરખાનો આ ઠીક મેળાપ થયો. આંબાના સુગંધી મહોર ઉપર સુગંધના પીછાણનારા વિચક્ષણ ભમરાઓ જ ગુંજારવ કરતા એકઠા થાય, બાકી કાગડા તો કડવો લીંબડોજ પસંદ કરે ! તેમ આ ઉત્તમોત્તમ અને પવિત્ર યજ્ઞમંડપમાં તો સમર્થ, વિચક્ષણ અને સમજુ દેવો હોય તેજ એકઠા થાય, બાકી આવા હલકા અને અણુસમજુ દેવો, કોઇ આડંબરી કે પાખંડી પાસે જાય એમાં કંઇ જ આશ્ચર્ય નથી. જેવો યક્ષ હોય તેવો જ તેને બળિ મળે એ સ્વાભાવિક છે."

એ રીતે મનને મનાવવા છતાં ઇન્દ્રભૂતિને, પ્રભુના સર્વજ્ઞપણાનો ઝળહળી રહેલો પ્રભાવ અસહ્ય લાગ્યો. પુનઃ તે વિચાર કરવા લાગ્યો કેઃ—" પણ શું એક જ આકાશમાં બે સૂર્ય હોઇ શકે ? એકજ ગુફામાં શું બે સિંહ પાસે પાસે રહી શકે ? એક મ્યાનમાં બે તલવાર કોઇ દિવસ રહી જાણી છે ? તો પછી એક તો હું અને બીજો તે, એમ બે સર્વજ્ઞ શી રીતે હોઇ શકે ? ખરેખર, આ કોઇ પરદેશથી આવી ચડેલો, સર્વજ્ઞપણાનો ખોટો ડોળ રાખનાર, લોકોને અને દેવોને પણ છેતરનાર કોઈ ધૂર્ત ઇંદ્ર જાળીયો જણાય છે ! "

પ્રભુને વંદન કરી પાછા ફરતા લોકોને, ઇન્દ્રભૂતિ હસતાં હસતાં પૂછે છે કે–" તમે તે સર્વજ્ઞને જોયો ? કહો તો ખરા કે એ સર્વજ્ઞ કેવો છે ? તેનાં રૂપ ગુણ વિષે તો કંઈક કહો."

લોકો તો એકી અવાજે કહેવા લાગ્યા કે—" ભાઇ, જો ત્રણે જગતના જીવો એકઠાં થાય, અને તેમના આયુષ્યની સમાપ્તિ થાય ત્યાં સુધી ગાયા કરે તો પણ સર્વજ્ઞ પ્રભુના ગુણો ન ગાઈ

શકાય. પરાર્ધથી ઉપર ગણિત હોય અને સર્વજ્ઞ પ્રભુનાં ગુણગાન ગાવામાં આવે તો પણ તે અધુરાં ને અધુરાં જ રહી જાય."

આવો જવાબ સાંભળી ઈન્દ્રભૂતિ આશ્ચર્યથી લેવાઇ ગયો. તેને થયું કે–"ખરેખર એ ધૂર્ત કોઈ જબ્બર માયાવી હોવો જોઇએ. તેણે આ સમગ્ર જનતાને પણ કેવી આંજી નાખી છે! પરંતુ તેથી શું થયું ? હાથી કમળને ઉખેડી નાખે, અને સિંહ એકાદ હરણને હણી નાખે તેમાં તેની બહાદૂરી ન ગણાય. જ્યાં સુધી એ સર્વજ્ઞ મારી સાથે વાદવિવાદમાં નથી ઉતર્યો ત્યાં સુધીજ તેનું મિથ્યાભિમાન ટકી રહેવાનું. પણ આમ મારે બેઠા બેઠા ક્યાં સુધી સહન કરવું ? જેમ અંધકારના સમુહનો નાશ કરવામાં સૂર્ય જરા પણ વિલંબ કરતો નથી, અને અગ્નિને હાથનો સ્પર્શ થતાં જ તે પોતાનો પ્રતાપ બતાવી આપે છે અથવા સિંહ પોતાની કેશવાળી ખેંચાતાં જેમ તાડુકી ઉઠે છે, તેમ મારે પણ એ સર્વજ્ઞનો મિથ્યાડંબર જોતજોતામાં તોડી નાખવો જોઇએ. જેણે પ્રખર પંડિતોની સભામાં ભલભલા વાદીઓના મ્હોં બંધ કરી દીધાં છે એવા મારી પાસે, આ ઘરમાંજ શૂરવીર બની બેઠેલો સર્વજ્ઞ ક્યાં સુધી સ્પર્ધા કરી શકવાનો હતો ? જે અગ્નિ મ્હોટા પર્વતોને ક્ષણમાત્રમાં બાળીને ભસ્મ બનાવી દે તે અગ્નિ પાસે, એક સૂકા લાકડાના ઠુંઠાનું શું ગજું છે ? જે વાયુ મદોન્મત્ત હાથીઓને પણ ઉડાડી મૂકે તેની પાસે એક રૂની પુણીનું શું જોર ચાલે ?

"ગૌડ દેશમાં જન્મેલા પંડિતો તો મારા ભયથી ડરીને દૂર દેશમાં ચાલ્યા ગયા છે, ગુજરાતના પંડિતો જર્જરિત થઈને ત્રાસ પામ્યા છે, મારા ભયથી માળવાના પંડિત મરી ગયા છે, તિલંગ દેશના પંડિતો તો મારાથી ડરીને ક્યાંઇ નાશી ગયા છે, દ્રવિડ દેશના વિચક્ષણ ગણાતા પંડિતો, શરમથી દુઃખી થઇ રહ્યા છે.

આજે તો મારી સામે કોઈ વાદીજ ઉભો રહેવાની હિમ્મત કરી શકતો નથી. દુનિયામાં વાદીઓનો મ્હોટો દુકાળ પડયો છે ! આવી રીતે દરેક દેશના પંડિતોને જીતી જગતમાં વિજય પતાકા ફરકાવનાર મારી આગળ, સર્વજ્ઞ તરીકે અભિમાન કરનાર એ પામર પ્રાણીના શા ભાર છે ? ”

અગ્નિભૂતિ સાથે આલોચના.

ઇન્દ્રભૂતિએ પોતાના ભાઈ અગ્નિભૂતિને કહ્યું કે:—“ મગ પકાવતાં કોઇ કોરડુ દાણો રહી જાય તેમ બધા વાદીઓને જીતવા છતાં કોણ જાણે આ વાદી કયાં સંતાઈ રહ્યો ? મને લાગે છે કે મારે પોતે જ તેને પરાસ્ત કરવો જોઇએ. ”

અગ્નિભૂતિ બોલ્યોઃ—“ વડીલ બંધુ ! એક પામર વાદીને જીતવા માટે આપે શા સારૂ તસ્દી લેવી જોઇએ ? એક કમળને ઉખેડી નાખવા માટે ઇન્દ્રના ઐરાવણ હાથીની જરૂર હોયજ નહીં. મને આજ્ઞા આપો તો હું પોતેજ તેને પરાસ્ત કરી આવું.”

ઇન્દ્રભૂતિ કહે છે કેઃ—“ અરે, એ કામ તો મારો એક સામાન્ય વિદ્યાર્થી પણ કરી શકે તેમ છે, પણ કોણ જાણે શાથી, મને પોતાને જ એમ થાય છે કે તેનો પરાજય મારા હાથથી જ થવો જોઇએ. બનવા જોગ છે કે તલની ઘાણીમાં એકાદ તલ પીલાયા વિનાનો રહી જાય, ઘંટીમાં એકાદ દાણો દળાયા વિનાનો રહી જાય, ખેતરમાં ઘાસ કાપતાં એકાદ તરણું રહી જાય, અગસ્ત્ય ઋષિ સમુદ્રો પીતાં કોઈ એકાદ ન્હાનું સરોવર પીવાનું ભૂલી જાય, તેમ જગતના સર્વ વાદીઓને જીતતાં, ભૂલથી આ એક વાદી રહી ગયો હશે. કોઈનો પણ ‘ સર્વજ્ઞ ’ હોવાનો મિથ્યાડંબર મને અસહ્ય થઈ પડે છે. સ્ત્રી એક વાર પણ સતીત્વથી ભ્રષ્ટ થાય તો તે હંમેશાં અસતી જ કહેવાય, તેમ એક વાદી જીતાયા વિનાનો રહી જાય તો પણ મારી કીર્ત્તિને મ્હોટું કલંક લાગે. તમે તો

કલ્પસૂત્ર.

ગર્વથી ઉન્મત્ત ઇન્દ્રભૂતિ. (પૃ. ૨૫૬.)

Kirshna Art Works, Bombay 2. Meghji Hirji Bombay 3.

જાણો છો જ કે શરીરમાં રહી ગયેલું ન્હાનું શલ્ય પણ પ્રાણઘાતક થાય છે, વહાણમાં પડેલું ન્હાનું ગાબડું બધાનો પ્રાણનાશ કરવામાં સમર્થ થાય છે; કિલ્લાની મજબુત દિવાલમાંથી એક ઈંટ ખસી પડે તો પણ જોખમકારક ગણાય છે.

માટે હે અગ્નિભૂતિ ! જગત્‌ના વાદીઓને જીતીને મેં જે અક્ષય કીર્ત્તિ મેળવી છે તેનો વિચાર કરતાં આ વાદીને જીતવા મારે પોતેજ જવું જોઇએ એમ મને ચોક્કસ લાગે છે. ”

ઇન્દ્રભૂતિની બિરૂદાવલી

એ વખતે ઇન્દ્રભૂતિએ આખા શરીર પર બાર જેટલાં તિલક કર્યાં હતાં. સુવર્ણની જનોઇ પહેરી હતી, અને ઉત્તમોત્તમ પીતાંબર ધારણ કર્યાં હતાં. તે મહાવીર પ્રભુ સાથે વાદવિવાદ કરવા ત્યાંથી ચાલી નીકળ્યો. તેની સાથે તેના શિષ્યો પણ ચાલી નીકળ્યા. શિષ્યોના હાથ પુસ્તકોથી ભરેલા હતા. કેટલાકે એક હાથમાં કમંડલુ અને કેટલાકે દર્ભ રાખ્યાં હતાં. પાંચસો શિષ્યો ઇન્દ્રભૂતિની બિરૂદાવલી ગાતા બોલવા લાગ્યા કે:—“ હે સરસ્વતી કંઠાભરણ ! (સરસ્વતી છે કંઠનું આભૂષણ જેનું) હે વાદિમદગંજન ! (વાદીઓના મદને ઉતારનાર) હે વાદિતરૂન્મૂલન હસ્તિન્ ! (વાદીઓ રૂપી વૃક્ષોને ઉખેડી નાખવામાં હાથી સરખા) હે વાદીગજસિંહ ! (વાદી રૂપી હાથીનો નાશ કરવામાં સિંહ સમાન) હે વિજિતાનેકવાદ ! (જેણે અનેક વાદ જીતેલા છે એવા) હે વિજ્ઞાતાખિલપુરાણ ! (જેણે સમગ્ર પુરાણ જાણી લીધેલા છે એવા) હે કુમતાન્ધકારનભોમણે ! (કુમતરૂપી અંધકારને નષ્ટ કરવામાં સૂર્ય સમાન) હે વિનતાનેક નરપતે ! (નમેલા છે અનેક રાજાઓ જેને એવા) હે શિષ્યીકૃત બૃહસ્પતે ! (શિષ્યોએ જેમને બૃહસ્પતિ સ્થાપ્યા છે એવા) હે સરસ્વતી લબ્ધપ્રસાદ ! (સરસ્વ-

તીથી મળેલો છે પ્રસાદ જેને એવા) વગેરે. ચાલતાં ચાલતાં આખા માર્ગનું વાતાવરણ ઉપરોક્ત બિરૂદાવલીથી ભારે થઇ ગયું.

ઇન્દ્રભૂતિના અહંકારના તરંગો

માર્ગમાં જતાં જતાં ઇન્દ્રભૂતિના મનમાં અહંકારના તરંગો ઉછળવા લાગ્યા. તે વિચારવા લાગ્યો કેઃ–" અરે આ ધીઠા માણસને આવું પાખંડ ક્યાંથી સૂઝયું ? એણે મને નાહકનો શા સારૂ છંછેડ્યો ? જેમ દેડકો સર્પને લાત મારવા તૈયાર થાય, ઉંદર બીલાડાની દાઢ પાડવા તૈયાર થાય, બળદ ઐરાવણને પ્રહાર કરવા આતુર થાય, હાથી પર્વતને પાડી નાખવાનો ડોળ કરે અને સસલો કેસરીની કેશવાળી ખેંચવાનું સાહસ કરે તેમ મારા દેખતાં આ માણસને પોતાનું સર્વજ્ઞપણું પ્રસિદ્ધ કરવાનું ક્યાંથી સૂઝયું ? એને ખબર નથી કે આ વાયુ સામે ઉભો રહી પોતે આગ સળગાવી રહ્યો છે, અને એને એમ પણ ખબર નથી કે શરીરના સુખ માટે કૌવચની વેલને આલિંગન કરવાથી તો ઉલટી વેદના થાય ! ખેર, તેનો ખોટો ઘમંડ તે ક્યાં સુધી ટકવાનો હતો ? હું જોતજોતામાં તેને નિરૂત્તર બનાવી મૂકીશ. આગીઆ કીડાના અને ચન્દ્રના પ્રકાશ ક્યાં સુધી ટકે ? સૂર્યનો ઉદય થતાંજ એ બધા નાસી જવાના. જ્યાં સુધી કેસરીની ગર્જના કાને ન પડે ત્યાં સુધી મદોન્મત્ત હાથી ભલે ગર્જના કરી લે. એક રીતે તો મારી સામે વાદી આવી ઉભો રહ્યો એ ઠીકજ થયું. બધા વાદીઓ મારાથી બ્હીને–ગભરાઇને દૂર દૂર નાસતા હોવાથી, ઘણા વખતથી કોઇ વાદીજ મળતો ન હતો, અને મને પણ વાદીની તાલાવેલી લાગી હતી. તે ઇચ્છા આજે પુરી થતાં મને ખરેખર આનંદજ થવો જોઇએ. ભૂખ્યાને ભોજનથી જે તૃપ્તિ અને આનંદ થાય તેવી જ તૃપ્તિ અને આનંદ મને આજે પ્રાપ્ત થયાં છે હાશ, આજે વાદ કરીને મારી જીભની ચળ ઉતારીશ. વ્યાકરણમાં તો હું

એવો પરિપૂર્ણ છું કે એ વિષે મને બ્હીવાનું કંઇજ કારણ નથી. સાહિત્યમાં મારી બુદ્ધિ અસ્ખલિત છે, તર્કશાસ્ત્રમાં તો મારા જેવો પારગામી બીજો કોણ છે ? મેં કયા શાસ્ત્રમાં પરિશ્રમ નથી કર્યો ? અરે વાદિ ! હું દરેક શાસ્ત્રમાં, રમતાં રમતાં તારો પરાજય કરી શકું તેમ છું." એ પ્રમાણે અહંકારના તરંગોમાં તણાતો ઇન્દ્રભૂતિ શ્રી મહાવીર પ્રભુના સમવસરણમાં આવી પહોંચ્યો.

ઇન્દ્રભૂતિની મભરામણ

પણ આ શું થયું ! એકાએક ઇન્દ્રભૂતિ ગભરાઇને કેમ ઉભો થઇ રહ્યો ? ચોત્રીશ અતિશયોથી શોભી રહેલા, સુવર્ણના સિંહાસન ઉપર બેઠેલા, સુરેન્દ્રોથી પૂજાતા, સુર નરોથી પરિવરેલા અને અમૃતમય વાણીથી દેશના આપી રહેલા જગત્પૂજ્ય મહાવીર પ્રભુનું તેજસ્વી અને ભવ્ય મુખારવિંદ જોઇ ઇન્દ્રભૂતિ દંગ કાં થઇ થયો ? તે પગથીયા ઉપર જ ઉભો રહી આટલા બધા શા વિચાર કરતો હશે ?

તેને થયું કે, અહો ! આ તે બ્રહ્મા હશે કે વિષ્ણુ હશે કે શંકર ? લાગે છે તો ચન્દ્ર જેવા, પણ ચન્દ્રજ હોય તો કલંક ક્યાં ? ત્યારે શું સૂર્ય હશે ? ના. સૂર્ય હોય તો સામું જોઇ પણ ન શકાય, અને આ તો સૌમ્ય કાંતિવાળા છે. ત્યારે શું આ મેરૂ હશે ? મેરૂ હોય તો મેરૂની સ્વાભાવિક કઠણતાને બદલે આટલી કોમળતા ક્યાંથી હોય ? ત્યારે શું કૃષ્ણ હશે ? એ પણ અસંભવિત છે. કૃષ્ણ તો કાળો છે અને આમની કાંતિ તો સુવર્ણના તેજ જેવી ઝગઝગી રહી છે. કદાચ બ્રહ્મા પોતેજ હશે. પણ બ્રહ્માની વૃદ્ધાવસ્થા સાથે આ પુરૂષની યુવાનીનો મેળ શી રીતે સાંધવો ? ત્યારે શું કામદેવ હશે ? પણ કામદેવને તો શરીર જ ક્યાં હોય છે ? અને આમને તો આવું સરસ શરીર છે. આખરે બહુ બહુ

વિચાર કરતાં તેને સૂઝયું કે આ પુરૂષ દોષરહિત–સર્વગુણ સંપન્ન છેલ્લા તીર્થંકર સિવાય બીજું કોઇ જ નથી.

ઇન્દ્રભૂતિના અભિમાની તરંગો હવામાં જ ઉડી ગયા. તેને વિચાર થઇ પડયો કે—"અત્યારસુધી જગત્‌ના વાદીઓને જીતી જે જશ મેળવ્યો હતો તે હવે શી રીતે જાળવી રાખવો! ખરે-ખર હું અહીં ન આવ્યો હોત તો જ ઠીક થાત. મને અહીં આવ-વાની દુર્બુદ્ધિ કયાંથી સુઝી? સમસ્ત જગતને જીતનાર એવો હું આ એકને જીતવા ન આવ્યો હોત તો મારી શી મ્હોટી બદનામી થઇ જવાની હતી? એવો તે કયો મૂર્ખો હોય કે એક ખીલીને માટે આખો મહેલ પાડી નાખે! મેં કેવું વગરવિચાર્યું સાહસ કર્યું? મારી કુમતિએ જ મને આ જગદીશના અવતારને જીતવા મોકલ્યો. હું આ તેજસ્વી–મહાજ્ઞાની આગળ કેવી રીતે બોલી શકીશ? બોલવું તો દૂર રહ્યું. એમનો પાસે જઇને ઉભું કેમ રહેવું એજ મને તો સવાલ થઇ પડયો છે. હે શંકર! મારા યશનું રક્ષણ કરો. મને આ આપત્તિમાંથી બચાવો. ભાગ્યયોગે જો હું અહીં વિજય મેળવું તો હું ત્રણે જગત્‌માં એક અદ્વિતીય પંડિત ગણાઇ જઉં, એ નિઃશંક છે."

પ્રભુનું મધુર સંબોધન

એ રીતે ઇન્દ્રભૂતિ હજી શંકાના–નિરાશાના અને આછી આશાના તરંગોમાં ઘસડાતો હતો તેટલામાં જ પ્રભુએ અમૃત સરખી મધુર વાણીમાં તેને સંબોધન કર્યું. તેનાં નામ અને ગોત્રનો ઉલ્લેખ કરી કહ્યું કે:—"હે ગૌતમ ઇન્દ્રભૂતિ! તું અહીં ભલે આવ્યો."

પોતાનાં નામ અને ગોત્રનો ઉચ્ચાર સાંભળી ઇન્દ્રભૂતિ સ્તબ્ધ બની ગયો. પણ બીજી જ ક્ષણે તેને થયું કે, "પણ એમાં

આશ્ચર્ય જેવુંજ શું છે? મને આ જગતમાં કોણ નથી ઓળખતું? બાળકો અને વૃદ્ધો પણ મારૂં નામ તો જાણતાજ હોય! એટલે એમાં તો કંઈ જ આશ્ચર્ય પામવા જેવું નથી. સૂર્યને તે વળી કોઈ ન ઓળખે એમ કદિ બને ખરૂં? અલબત આ પુરૂષ જો મારા મનમાં રહેલા સંશયો કહી આપે તો હું જરૂર તેને સર્વજ્ઞ માની શકું."

ગણધરવાદનો આરંભ–જીવ છે?

એટલામાં સમુદ્રમંથનના ગર્જન જેવા, ગંગાના પુર જેવા અથવા આદિબ્રહ્મના ધ્વનિ શા ગંભીર અવાજે પ્રભુ બોલ્યા કે:—હે ઈન્દ્રભૂતિ! તને જીવ છે કે નહીં એ વિષે જ શંકા વર્તે છે ને? આ સંશય તને પરસ્પરવિરૂદ્ધ ભાસતા વેદ વાક્યથીજ થયો છે. એ વાક્ય પણ આ પ્રમાણે છે:—

विज्ञानघन एवैतेभ्यो भूतेभ्यः समुत्थाय तान्येवाऽनुविनश्यति, न प्रेत्यसंज्ञाऽस्ति ॥ આ વાકય ઉપરથી તને એમ લાગ્યું છે કે જીવ નામનો પદાર્થ નથી. આ પંક્તિનો તું આ પ્રમાણે અર્થ કરે છે:

विज्ञानघन ऐव—વિજ્ઞાનોનો સમુદાય

एतेभ्यो भूतेभ्यः समुत्थाय—આ ભૂતોમાંથી ઉત્પન્ન થઈને

तान्येवाऽनुविनश्यति—પાછો તે ભૂતોમાં જ લય પામે છે.

न प्रेत्यसंज्ञाऽस्ति—તેથી પરલોકની સંજ્ઞા નથી, અર્થાત્ પુનર્જન્મ નથી.

મતલબ કે—પૃથ્વી જળ તેજ વાયુ અને આકાશ એ પાંચ ભૂતો શરીરરૂપે પરિણમ્યા હોય ત્યારે શરીરરૂપે પરિણમેલા એ પાંચ ભૂતોમાંથી જ "આ ઘડો, આ ઘર અને આ મનુષ્ય" એવા વિવિધ પ્રકારના જ્ઞાનનો સમુદાય

ઉત્પન્ન થાય છે. પણ આત્માને માનનારાઓ, જ્ઞાનના આધારરૂપ જે આત્મા નામના પદાર્થને માને છે તે આત્મા જેવી કોઇ વસ્તુ નથી. કારણ કે પાંચ ભૂતોમાંથી જ્ઞાન ઉત્પન્ન થાય છે તેથી જ્ઞાનના આધારરૂપ એ પાંચ ભૂતોને જ માનવા જોઈએ. જેમ મદિરાના અંગમાંથી એક પ્રકારની મદશક્તિ ઉત્પન્ન થાય છે તેમ શરીરરૂપે પરિણમેલા પાંચ ભૂતોમાંથી જ્ઞાનશક્તિ ઉત્પન્ન થાય છે. આવી રીતે શરીરરૂપે પરિણમેલા પાંચ ભૂતોમાંથી વિજ્ઞાનનો સમુદાય ઉત્પન્ન થઇને, પછી જ્યારે શરીરરૂપે પરિણમેલા તે પાંચ ભૂતોનો વિનાશ થાય છે ત્યારે તે વિજ્ઞાનનો સમુદાય પણ પાણીના પરપોટાની પેઠે તે ભૂતોમાંજ ક્ષય પામી જાય છે. એ રીતે જીવ નામનો સ્વતંત્ર પદાર્થ નથી અને તેથી પરલોક પણ નથી, તેમજ પુનર્જન્મ પણ નથી. મૂળ આત્મા જ ન હોય તો પછી પરલોક કોને માટે ?

હે ઇન્દ્રભૂતિ ! વળી વિશેષમાં તું એમ માને છે કે ઉપર પ્રમાણેનો વેદવાક્યનો અર્થ યુક્તિથી પણ ઠીક લાગે છે. કેમકે પ્રત્યક્ષ પ્રમાણથી તો આત્મા ઓળખાતો નથી. તે દેખવામાં પણ નથી આવતો તેમ સ્પર્શાદિ અનુભવથી પણ નથી જણાતો. તેથી આત્મા છે તેની સાબીતી શી ? જો આત્મા વસ્તુતઃ હોય તો ઘડા અને વસ્ત્રની જેમ પ્રત્યક્ષ કેમ ન દેખાય ? જો કે પરમાણુઓ તો દૃષ્ટિમાં નથી આવતાં તેમ સ્પર્શાદિથી પણ નથી અનુભવાતાં, છતાં તેઓ જ્યારે ઘડા કે વસ્ત્ર રૂપે–કાર્ય રૂપે પરિણમે છે ત્યારે તો જરૂર પ્રત્યક્ષ થાય છે. આત્મા તેવા કાર્યરૂપે પણ પરિણમેલો પ્રત્યક્ષ જણાતો નથી. અનુમાનથી પણ આત્માની સિદ્ધિ થઈ શકતી નથી. કેમકે અનુમાન પ્રત્યક્ષપૂર્વક પ્રવર્તે છે. ઉદાહરણ તરીકે, જેણે પહેલાં એક વાર પણ રસોડા જેવા સ્થળમાં ધૂમાડો અને અગ્નિનો સંબંધ નજરોનજર જોયો

હોય તે જ માણુસ પર્વત ઉપર ધૂમાડો નીકળતો જોઇ અનુમાન બાંધી શકે કે જ્યાં ધૂમાડો હોય ત્યાં અગ્નિ પણ હોય. આવી રીતે અનુમાન બાંધવામાં પણ પ્રત્યક્ષની જરૂર તો ખરીજ. હવે આત્માની સાથે કોઇનો સંબંધ પ્રત્યક્ષ દેખાતો નથી. તો પછી આત્માની સિદ્ધિ અનુમાનથી પણ કેવી રીતે થઇ શકે? આગમથી પણ આત્માનો નિશ્ચય થઇ શકતો નથી. કેમકે કોઇ શાસ્ત્ર આત્માનું અસ્તિત્વ સ્વીકારે છે તો વળી બીજું શાસ્ત્ર આત્મા નથી એમ પ્રરૂપે છે. આવી રીતે પરસ્પર વિરૂદ્ધ જણાતાં શાસ્ત્રોમાં કયું સાચું અને કયું ખોટું? ઉપમા પ્રમાણથી પણ આત્માની સિદ્ધિ થઇ શકતી નથી. કારણ કે ઉપમા પ્રમાણ તો નજીકના પદાર્થમાં સાદૃશ્ય બુદ્ધિ ઉત્પન્ન કરે છે. જેમકે જંગલમાં ગયેલો માણુસ રોઝ નામના જંગલી પશુને ભાળે ત્યારે તેને સાદૃશ્ય બુદ્ધિ ઉદ્ભવે કે જેવી ગાય છે તેવુંજ આ પશુ છે. પરંતુ જગતમાં આત્મા જેવો બીજો કોઇ પદાર્થ ક્યાં છે કે તેના જેવો આત્મા છે એમ માની શકીએ? આવી રીતે કોઇ પણ પ્રમાણથી આત્માની સિદ્ધિ થઇ શકતી નથી, તેથી આત્મા નથી એમજ માનવું પડે છે. વળી ઘી–દૂધ વિગેરે ઉત્તમ પદાર્થો ખાવાથી શરીર પુષ્ટ બન્યું હોય તો તેમાંથી જ્ઞાન પણ સતેજપણે સ્ફુરે એવો કવચિત્ અનુભવ થાય છે. તેથી શરીરરૂપે પરિણમેલાં પાંચ ભૂતોમાંથી જ જ્ઞાન ઉત્પન્ન થાય છે એમ માન્યા વિના છૂટકો નથી. એક તો 'विज्ञानघन' જેવા વેદપદોથી તેમજ પ્રત્યક્ષાદિ પ્રમાણથી તું આત્માની સિદ્ધિ કરી શકતો નથી, અને બીજી બાજુ 'આત્મા છે' એમ જણાવનારાં વેદવાક્યો પણ તેં જોયા છે. તેથી તારી સંશયવાળી સ્થિતિ તને ચેન પડવા દેતી નથી. પરંતુ હે ગૌતમ ! તારો સંશય અનાવશ્યક અને અસ્થાને છે.

પ્રભુ આત્મસિદ્ધિ પ્રરૂપે છે ! (૧) પ્રત્યક્ષપણે

'विज्ञानघन'—એ વેદવાકયનો અર્થ જ તું નથી સમજી શકયો. એનો ખરો અર્થ આ પ્રમાણે છે:—

विज्ञानघन एव=જે વિશિષ્ટ જ્ઞાન એટલે જ્ઞાન-દર્શનનો ઉપયોગ તે વિજ્ઞાન કહેવાય અને તે વિજ્ઞાનના સમુદાય રૂપ જ આત્મા.

एतेभ्यो भूतेभ्यः समुत्थाय=જ્ઞેયપણે-જાણવા યોગ્યપણે પ્રાપ્ત થયેલા આ પૃથ્વી વિગેરે ભૂતોમાંથી અથવા ઘટ પટ વિગેરે ભૂતોના વિકારો થકી 'આ પૃથ્વી છે, આ ઘટ છે,' ઈત્યાદિ પ્રકારે તે તે ભૂતોના ઉપયોગરૂપે ઉત્પન્ન થઈને,

तान्येवाऽनुविनश्यति=તે ઘટ વિગેરે ભૂતોનો જ્ઞેયપણે અભાવ થયા પછી આત્મા પણ તેઓના ઉપયોગરૂપે વિનાશ પામે છે, અને બીજા પદાર્થના ઉપયોગરૂપે ઉત્પન્ન થાય છે, અથવા સામાન્ય સ્વરૂપે રહે છે.

न प्रेत्य संज्ञाऽस्ति=આવી રીતે પૂર્વના ઉપયોગરૂપે આત્મા ન રહેલો હોવાથી પૂર્વના ઉપયોગરૂપ સંજ્ઞા રહેતી નથી.

અર્થાત્—આત્માના પ્રત્યેક પ્રદેશે જ્ઞાન દર્શનના ઉપયોગરૂપ અનંતા પર્યાયો રહેલા છે, તે વિજ્ઞાનના સમુદાયથી આત્મા કથંચિત્ અભિન્ન છે: એટલે કે વિજ્ઞાનમય આત્મા હોવાથી विज्ञानघन एव—વિજ્ઞાનના સમુદાયરૂપ જ છે. જ્યારે ઘટ પટ વિગેરે ભૂતો જ્ઞેયપણે પ્રાપ્ત થયા હોય ત્યારે તે ઘટપટાદિરૂપ હેતુથી 'આ ઘડો છે અથવા આ વસ્ત્ર છે' ઈત્યાદિ પ્રકારના ઉપયોગરૂપે આત્મા પરિણમે છે—એટલે કે તે તે વિજ્ઞાનપર્યાયે ઉત્પન્ન થાય છે. કારણ કે આત્માને તે ઉપયોગરૂપે પરિણમવામાં તે ઘટાદિ વસ્તુનું સાપેક્ષપણું છે. પછી જયારે ઘટ-પટાદિ

વસ્તુનો આંતરો પડી જાય, અથવા તે તે વસ્તુઓનો અભાવ થાય, કિંવા બીજા પદાર્થોમાં મન ચાલ્યું જાય, ઇત્યાદિ કોઈ પણ કારણથી આત્માનો ઉપયોગ તે વસ્તુથી હઠી જાય અને બીજા પદાર્થમાં ઉપયોગ પ્રવર્તે ત્યારે પહેલાં જે ઘટ–પટાદિ પદાર્થો જ્ઞેયપણે હતા તે જ્ઞેયપણે રહેતા નથી, પણ બીજા જે પદાર્થોને વિષે ઉપયોગ પ્રવર્ત્યો હોય તે પદાર્થો જ્ઞેયપણે પ્રાપ્ત થાય છે. આવી રીતે જ્યારે તે ઘટ–પટાદિ જ્ઞેયપણે રહેતા નથી, ત્યારે આત્મા પણ 'આ ઘડો છે, આ વસ્ત્ર છે' ઇત્યાદિ પ્રકારના ઉપયોગ રૂપે રહેતો નથી, પણ બીજા જ પદાર્થના ઉપયોગ રૂપે પરિણમે છે; અથવા તો સામાન્ય સ્વરૂપે રહે છે–અર્થાત્ પૂર્વના ઉપયોગરૂપે નથી રહેતો. તેથીજ વેદવાક્યમાં કહ્યું છે કે "न प्रेत्यसंज्ञास्ति" પૂર્વના ઉપયોગરૂપ સંજ્ઞા રહેતી નથી.

આત્માના ત્રણ સ્વભાવ છે. જે પદાર્થનું વિજ્ઞાન પ્રવર્ત્તતું હોય તે વિજ્ઞાનપર્યાયરૂપે આત્મા ઉત્પન્ન થાય છે, તે સમયે પહેલાંના પદાર્થના વિજ્ઞાનપર્યાય નાશ પામેલા હોવાથી તે પહેલાંના વિજ્ઞાનપર્યાયરૂપે આત્મા વિનશ્વરરૂપ છે અને અનાદિકાળથી પ્રવર્તેલી વિજ્ઞાનસંતતિ વડે દ્રવ્યપણે આત્મા અવિનશ્વર રૂપ છે. આ રીતે પર્યાયરૂપે આત્મા ઉત્પત્તિ અને વિનાશ રૂપે છે, જ્યારે દ્રવ્યરૂપે તો નિત્ય જ છે.

વળી હે ગૌતમ ઇન્દ્રભૂતિ ! પ્રત્યક્ષથી પણ આત્માની સિદ્ધિ થાય છે. તને ઘટ પટ વિગેરેનું જે જ્ઞાન સ્ફુરે છે તે જ્ઞાન જ આત્મા છે. કેમકે જ્ઞાન આત્માથી કથંચિત્ અભિન્ન હોવાથી આત્મસ્વરૂપજ છે. જ્ઞાન દરેકને પોતાના અનુભવથી સિદ્ધ હોવાથી પ્રત્યક્ષ છે. અને જો જ્ઞાન પ્રત્યક્ષ છે તો પછી અભિન્ન આત્મા પણ પ્રત્યક્ષ જ છે એમ કેમ ન કહેવાય ? વળી "હું બોલ્યો, હું બોલું છું, હું બોલીશ"

ઈત્યાદિ પ્રકારે ત્રણે કાળના વ્યવહારમાં હું એવી પ્રતીતિ થાય છે તે પ્રતીતિથી પણ આત્મા પ્રત્યક્ષસિદ્ધ છે. જો આત્માને ન માને તો હું શબ્દથી કોને ગ્રહણ કરીશ? કદાચ હું શબ્દથી શરીરને ગ્રહણ કરવાનું કહે, અર્થાત્ 'હું બોલ્યો' ઇત્યાદિ પ્રતીતિ શરીરને થાય છે એમ કહે, તો મુડદાને પણ એવી પ્રતીતિ થવી જોઈએ. કારણ કે એ સ્થિતિમાં પણ શરીર તો છેજ. પણ મુડદાને તેવી પ્રતીતિ નથી થતી. તેથી માનવું જોઇએ કે 'હું બોલ્યો, હું બોલું છું' ઇત્યાદિ પ્રતીતિ શરીરથી જૂદા એવા શરીરીને થાય છે અને તે જ આત્મા. વસ્તુતઃ જેના ગુણ પ્રત્યક્ષ હોય તે ગુણી પણ પ્રત્યક્ષ ગણાય. સ્મરણ, ઇચ્છા, સંશય, વિગેરે ગુણો દરેકને પોતાનાજ અનુભવથી પ્રત્યક્ષસિદ્ધ છે. તેથી તે ગુણોનો આધાર—આત્મા રૂપી ગુણી પણ પ્રત્યક્ષ-સિદ્ધ માનવો ઘટે. સ્મરણ, ઇચ્છા, સંશય વિગેરે ગુણોનો આધાર શરીર તો ન જ કહેવાય, કારણ કે જેવા ગુણ હોય તેવોજ તેઓનો ગુણી હોય. તે ગુણો અમૂર્ત્ત અને ચૈતન્યરૂપ છે, જ્યારે શરીર તો મૂર્ત્ત અને જડરૂપ છે. તું જ કહે કે અમૂર્ત અને ચૈતન્ય રૂપ ગુણોનો આધાર મૂર્ત્ત અને જડરૂપ એવું શરીર કેમ સંભવે? માટે જ અમૂર્ત્ત અને ચૈતન્યરૂપ એવા તે ગુણોનો આધાર—ગુણી, અમૂર્ત્ત અને ચૈતન્ય રૂપ એવો આત્મા સ્વીકાર્યા વિના બીજો ઉપાય નથી. અને અનુમાનથી પણ આત્માની સિદ્ધિ થઈ શકે છે:

(૨) અનુમાનથી આત્મસિદ્ધિ

એવો સામાન્ય નિયમ છે કે ભોગ્ય (ભોગવવા યોગ્ય) હોય તેનો ભોક્તા (ભોગવનાર) પણ હોય. જેમ ભોજન—વસ્ત્ર વિગેરે ભોગ્ય છે તેમ તેનો ભોક્તા—મનુષ્ય પણ છે. શરીર પણ

ભોગ્ય પદાર્થ છે, તો તેનો ભોક્તા–શરીરી હોવો જોઇએ: અને તે જ આત્મા.

(૩) આગમથી આત્મસિદ્ધિ

વેદમાં કહ્યું છે કે " स वै अयमात्मा ज्ञानमयः " તે આ આત્મા જ્ઞાનમય છે. વળી ' ददद–दमो दानं दया इति दकारत्रयं यो वेत्ति स जीवः ' દદદ એટલે દમ, દાન અને દયા એ ત્રણ દકારને જે જાણે છે તે જીવ છે. આ વેદવાક્ય પણ આત્માજ સિદ્ધ કરે છે.

શંકાનિરસન

તું જે એમ માને છે કે ' ઘી–દૂધ વિગેરે ઉત્તમ પદાર્થો વાપરવાથી પુષ્ટ બનેલા શરીરનું ચૈતન્ય સતેજ અનુભવાતું હોવાથી ભૂતોના સમુદાય રૂપ શરીરમાંથી તે ચૈતન્ય ઉત્પન્ન થાય છે.' પણ તારૂં તે માનવું ઠીક નથી. કારણ કે એ વખતે પુષ્ટ થયેલું શરીર ચૈતન્યનું સહાયક બને છે, પણ શરીર માત્ર સહાયક થવાથી તે શરીરમાંથી ચૈતન્ય ઉત્પન્ન થાય છે એમ ન માની શકાય. સહાયક અને ઉત્પાદકનો ભેદ બરાબર સમજી લેવો જોઈએ. દાખલા તરીકે અગ્નિ વડે સુવર્ણમાં દ્રવતા (પીગળવાપણું) થાય છે. તે દ્રવતામાં અગ્નિ સહાયક છે, પણ અગ્નિમાંથી જ દ્રવતા થઇ એમ ન કહેવાય. સુવર્ણમાંથી જ દ્રવતા ઉત્પન્ન થાય છે, અને તેથીજ દ્રવતાધર્મ સુવર્ણનો છે, એમ કહેવું જોઈએ. તેવીજ રીતે ચૈતન્યને સતેજ બનાવવામાં પુષ્ટ શરીર સહાય કરે છે, પણ શરીરમાંથી જ ચૈતન્ય ઉદ્ભવે છે એમ કહેવું એ ભ્રાન્તિ સિવાય બીજું કંઇ જ નથી. ચૈતન્ય તો આત્મામાંથી જ આવે છે અને તેથી તે આત્માનો ધર્મ છે. ઘણીવાર કેટલાક માણસો ઘણા પુષ્ટ જોવામાં આવે છે પણ શરીરના પ્રમાણમાં જ્ઞાન ઘણું અલ્પ હોય છે. કેટલાક કૃશઅંગવાળા પણ અસાધારણ બુદ્ધિબળ ધરાવતા

હોય છે. એટલે શરીરને અને જ્ઞાનને કંઈ લેવાદેવા નથી એમ કહી શકાય, અને જો શરીરમાંથી જ ચૈતન્ય ઉદ્‌ભવતું હોય તો પછી મૃત શરીરમાંથી કેમ નથી ઉદ્‌ભવતું ? ત્યાં શરીર તો છે જ. વળી જેનો વિકાર થતાં જેના વિકાર થાય તે કાર્ય કહેવાય, એટલે તેમાંથી તે ઉત્પન્ન થયું ગણાય. જેમકે સફેદ તાંતણાથી બનેલા વસ્ત્રને લાલ રંગથી રંગીએ તો તાંતણા પણ લાલ રંગના થઈ જાય. કારણ કે તાંતણાથી જ વસ્ત્ર બન્યું હોય છે. શરીર અને ચૈતન્યના સંબંધમાં તેમ બનતું જોવામાં આવતું નથી. ગાંડા થઈ ગયેલા માણસનું ચૈતન્ય વિકારવાળું હોય છે, છતાં તેનું શરીર તો જેવું ને તેવું જ હોય છે. શરીરમાં કંઈ વિકાર દેખાતો નથી. તો પછી શરીરમાંથી ચૈતન્ય ઉદ્‌ભવે છે એમ શી રીતે કહેવાય ? માટી ઘણી હોય તો ઘડો પણ મ્હોટો થાય. તેથી માટીમાંથી ઘડો થયો એમ મનાય છે. પરન્તુ શરીર અને ચૈતન્યના વિષયમાં તેમ અનુભવાતું નથી. હજારો યોજનવાળા જેના શરીર હોય છે એવા મોટાં માછલાંઓને જ્ઞાન ઘણું થોડું હોય છે, જ્યારે તેથી ન્હાના શરીરવાળા મનુષ્યમાં જ્ઞાન વધારે હોય છે. એટલે દરેક દૃષ્ટિથી વિચારતાં 'ભૂતોના સમુદાય રૂપ શરીરમાંથી જ્ઞાન ઉત્પન્ન થાય છે ' એમ કહેવું તે મિથ્યા પ્રલાપ સમાન છે. શરીરથી જ્ઞાન ઉત્પન્ન નથી થતું પણ શરીરથી જૂદા એવા કોઈ એક પદાર્થથી જ્ઞાન ઉદ્‌ભવે છે અને તે પદાર્થ આત્મા છે.

હે ઇન્દ્રભૂતિ ! ' विज्ञानघन ' જેવાં વેદવાક્યોથી, પ્રત્યક્ષ પ્રમાણથી, અનુમાન પ્રમાણથી અને સામાન્ય વિવેકબુદ્ધિથી પણ 'આત્મા છે' એ નિર્ણય ઉપર આવ્યા સિવાય કોઈને પણ ચાલે તેમ નથી.

જેવી રીતે દૂધમાં ઘી, તલમાં તેલ, લાકડામાં અગ્નિ, પુષ્પ-માં સુગંધી અને ચન્દ્રકાન્ત મણિમાં જળ રહેલું છે, તેવીજ રીતે શરીરથી જૂદો પણ શરીરમાંજ રહેલો એવો આત્મા છે.

એ પ્રમાણે પ્રભુનાં વચનો સાંભળી, ઇન્દ્રભૂતિનો આત્મા વિષયક સંશય છેદાઈ ગયો. તે જ વખતે ગૌતમ શ્રી ઇન્દ્રભૂતિએ અને તેની સાથે તેના પાંચસો શિષ્યોએ પ્રભુ પાસે દીક્ષા લીધી. ત્યારપછી ગૌતમ મહારાજે "उप्पज्जेइ वा विगमेइ वा धुवेइ वा"–દરેક પદાર્થ વર્તમાન પર્યાયરૂપે ઉત્પન્ન થાય છે, પૂર્વના પર્યાયરૂપે નષ્ટ થાય છે અને મૂળ દ્રવ્યરૂપે નિત્ય–ધ્રુવ રહે છે. એ પ્રમાણે પ્રભુના મુખથી ત્રિપદી સાંભળી, દ્વાદશાંગીની રચના કરી.

અગ્નિભૂતિનું અભિમાન

ઇન્દ્રભૂતિએ અંતઃકરણનું સમગ્ર અભિમાન પ્રભુના ચરણે ધરી દઈ દીક્ષા લઇ લીધી છે, એવી બાતમી અગ્નિભૂતિને મળી ત્યારે તે વાત તેના ગળે ન ઉતરી. તેને ખાત્રી હતી કે કદાચ પર્વત પીગળી જાય, હિમનો સમુહ સળગી ઉઠે, આગની જવાળા શીતળ થઈ જાય, વાયુ સ્થિર બને, ચન્દ્રમાંથી આગ વરસે, અને પૃથ્વી પાતાલમાં પેસી જાય તો પણ મારો ભાઈ ન હારે !

પરંતુ લોકોના મુખથી સાંભળી તેને નિશ્ચય થયો કે, ખરેખર ઇન્દ્રભૂતિએ દીક્ષા લીધી છે, ત્યારે તેનું અભિમાન પણ ઉછળી આવ્યું. તે વિચારવા લાગ્યો કે:—"એ સર્વજ્ઞ કહેવાતા ધુતારાએ જરૂર મારા ભાઈને ભોળવી દીધો; પણ તેથી શું થયું ? હું પોતે હમણાં જ તે ધૂર્ત્તને જીતી લઈશ અને માયાપ્રપંચથી પરાજીત કરેલા મારા વડિલ ભાઇને પાછો લઇ આવીશ."

એ પ્રમાણે વિચાર કરી અગ્નિભૂતિ પોતાના પાંચસો શિષ્યોને સાથે લઇ પ્રભુ પાસે દોડી આવ્યો. શ્રી મહાવીર પ્રભુએ તેને પણ તેનાં ગોત્ર અને નામના સંબોધનથી બોલાવી, તેના મનનો સંદેહ કહી આપ્યો. પ્રભુએ કહ્યું કે:—"હે ગૌતમ

ગોત્રીય અગ્નિભૂતિ! કર્મ છે કે નહીં? એ વિષે નિરંતર તારા મનમાં ગુંચવાડો રહ્યા કરે છે! તને આ શંકા પરસ્પર વિરૂદ્ધ ભાસતાં વેદપદોથી થઈ છે, એ હું બરાબર જાણું છું.

કર્મનું રહસ્ય

"पुरूष एवेदं ग्नि[1] सर्वं यद् भूतं यच्च भाव्यम्" એ વેદ-વાકયથી તું એમ સમજ્યો છે કે આ પ્રત્યક્ષ જણાતું ચેતન-અચેતનરૂપ જે ભૂતકાળમાં થયેલું છે, અને જે ભવિષ્યકાળમાં થવાનું છે તે સર્વ પુરૂષ જ છે, એટલે આત્માજ છે. મતલબ કે આત્મા સિવાય કર્મ જેવું કંઇજ નથી. તું એમ માને છે કે મનુષ્ય, દેવ, તિર્યંચ, પર્વત, પૃથ્વી વિગેરે જે જે વસ્તુઓ દેખાય છે તે સર્વ આત્મા જ છે.આત્મા સિવાયની એક પણ વસ્તુ નથી. 'સર્વ વસ્તુ આત્માજ છે' એમ ઉકત વેદવચનમાં જણાવેલું હોવાથી 'કર્મ નથી' એવી તને ચોખ્ખી ભ્રાન્તિ થઇ છે. તું એવી યુકિત આપવા માગે છે કે આત્મા અમૂર્ત્ત છે તેને મૂર્ત્ત એવા કર્મવડે અનુગ્રહ કે ઉપઘાત કિંવા લાભ કે હાનિ શી રીતે સંભવે! જેમ અમૂર્ત્ત એવા આકાશને મૂર્ત્ત એવા ચંદનનું વિલેપન થતું નથી, અને શાસ્ત્રથી ખંડાતું નથી તેમ અમૂર્ત્ત એવા આત્માને કર્મથી અનુગ્રહ કે ઉપઘાત કેમ થઇ શકે? એ રીતે કર્મ નામનો કોઇ પદાર્થ જ નથી, એમ માનવાને તું તૈયાર થાય છે. પણ પાછાં કર્મની સત્તા બતાવનારાં વેદપદો જોઇને અને લોકોમાં પણ કર્મની પ્રસિદ્ધિ અનુભવીને તું પુનઃ શંકાગ્રસ્ત થઇ જાય છે. પરંતુ હે ગૌતમ અગ્નિભૂતિ! તારો સંશય સાવ અનર્થક છે. કારણ કે 'पुरुष एवेदं' એ વાકયનો ખરો અર્થ જ તું બરાબર નથી સમજી શકયો.

---

૧ 'ग्निं' શબ્દ કેવળ વાક્યાલંકાર અર્થે છે.

ત્રણ પ્રકારનાં વેદવાકયો

પરન્તુ તેનો અર્થ સમજતાં પહેલાં, એક વાત ધ્યાનમાં રાખવી. વેદવાકયો ત્રણ પ્રકારનાં હોય છે. કેટલાંક વિધિદર્શક હોય છે, કેટલાંક અનુવાદદર્શક હોય છે અને કેટલાંક સ્તુતિરૂપ હોય છે. દાખલા તરીકે " स्वर्गकामोऽग्निहोत्रंजुहुयात्—" એટલે કે સ્વર્ગની ઇચ્છાવાળો અગ્નિહોત્ર હોમ કરે, એવાં વાકયો વિધિનું પ્રતિપાદન કરતા હોય છે; " द्वादश मासाः संवत्सरः " એટલે કે બાર મહિનાનું એક વરસ થાય, તથા " अग्निरुष्ण: " અર્થાત્ અગ્નિ ગરમ હોય, ઈત્યાદિ પદો લોકોમાં પ્રસિદ્ધ એવા પદાર્થોનો અનુવાદ કરે છે; અને કેટલાંક વેદવાકયો સ્તુતિ સૂચવે છે. જેમકે:—

जले विष्णुः स्थले विष्णुः विष्णुः पर्वत मस्तके
सर्व भूतमयो विष्णुस्तस्माद् विष्णुमयं जगत्—

ભાવાર્થ:—જળમાં વિષ્ણુ છે, સ્થળમાં વિષ્ણુ છે, પર્વતના શિખર પર વિષ્ણુ છે અને સર્વ ભૂતમાં વિષ્ણુ છે, તેથી સમગ્ર જગત્ વિષ્ણુમય છે. આ વાકયથી વિષ્ણુનો મહિમા વર્ણવ્યો છે, પણ તેથી વિષ્ણુ સિવાય બીજી કોઇ પણ વસ્તુજ નથી એમ નથી સિદ્ધ થઇ શકતું. તેવી જ રીતે ' पुरुषएवेदं ' એ વાકયમાં આત્માની સ્તુતિ ગાઈ છે, પણ આત્માની સ્તુતિ કરવાથી ' કર્મ-જ નથી ' એમ માની લેવાની ઉતાવળ ન કરવી જોઇએ. ઉક્ત વેદપદમાં કહ્યું છે કે ' જે થયું છે અને જે થશે તે સર્વ આત્મા-જ છે.' એમાં આત્માનો મહિમા છે. પણ "આત્મા સિવાય બીજું કંઈ નથી " એમ સમજવાનું નથી.

વળી તું જે એમ માને છે કે–' અમૂર્ત આત્માને મૂર્ત્ત કર્મ વડે અનુગ્રહ અને ઉપઘાત કેમ સંભવે ? ' તે તારૂં માનવું અયુ-

ક્રત છે. કારણ કે જ્ઞાન અમૂર્ત છે છતાં બ્રાહ્મી જેવાં ઔષધો વડે અથવા ઘી દૂધ વિગેરે સાત્વિક પદાર્થો વડે તેને અનુગ્રહ થતો જોઇએ છીએ, તેમજ મદિરા કે ઝેર જેવા પદાર્થો વડે જ્ઞાનને ઉપઘાત થતો જોવામાં આવે છે. એટલે અમૂર્તને પણ મૂર્ત વડે અનુગ્રહ અને ઉપઘાત જરૂર સંભવે છે.

જો કર્મ ન હોય તો એક સુખી અને બીજો દુ:ખી, એક શેઠ અને બીજો નોકર, એવા ભેદો અને આ સૃષ્ટિની બધી વિચિત્રતાનું બીજું કયું કારણ સંભવે ? રાજા અને રંકની ઉચતા --નીચતામાં કંઇક કારણ તો અવશ્ય હોવું જોઇએ, અને તે કારણ તેમનાં શુભાશુભ કર્મ છે.

કોઇ પણ ક્રિયા નિષ્ફળ નથી જતી. દાન વિગેરે શુભ ક્રિયાઓ અને હિંસા વિગેરે અશુભ ક્રિયાઓનાં ફળ અવશ્ય હોય છે; અને તે ફળ કર્મ અથવા કર્મફળના નામથી પ્રસિદ્ધ છે.

એ પ્રમાણે પ્રભુના મુખથી પ્રકાશ પામતી યુક્તિઓ સાંભળી અગ્નિભૂતિનો કર્મ વિષયક સંશય ઉડી ગયો. તેને શ્રદ્ધા થઇ કે " કર્મ છે. " અને તેજ વખતે તેણે પણ પોતાના પાંચસો શિષ્યો સાથે પ્રભુ પાસે દીક્ષા લીધી.

ત્રીજા ગણધરના મનનું સમાધાન

ઇન્દ્રભૂતિ અને અગ્નિભૂતિને દીક્ષિત થએલા સાંભળી ત્રીજા ભાઇ વાયુભૂતિએ વિચાર્યું કે—" ઇન્દ્રભૂતિ અને અગ્નિભૂતિના પૂજ્ય એ મારા પણ પૂજ્ય ગણાય, તેથી મારે પણ તેમની પાસે મારી શંકાનું સમાધાન કરી લેવું ઉચિત છે. " પ્રભુ પાસે તે પોતાના પાંચસો શિષ્યોના પરિવાર સાથે પહોંચ્યો કે તુરતજ પ્રભુએ તેને ગોત્ર અને નામ પૂર્વક બોલાવતાં કહ્યું કે:—

" હે ગૌતમ વાયુભૂતિ ! આ શરીર એજ આત્મા હશે કે

'શરીરથી ભિન્ન એવો કોઈ આત્મા હશે' એવા સંશયમાં જ તું મુંઝાયા કરે છે ને ? તારો આ સંશય પણ "विज्ञानघन एवै-तेभ्यो भूतेभ्यः समुत्थाय तान्येवाऽनु विनश्यति, न प्रेत्यसंज्ञास्ति--" વિગેરે પરસ્પર વિરૂદ્ધ ભાસતાં વેદવાકયોથી ઉત્પન્ન થયો છે.

ઉપરના વેદવાકયનો તું એવો અર્થ કરે છે કેઃ—શરીરથી ભિન્ન એવો કોઇ આત્મા નથી. કારણ કે विज्ञानघन एव—વિજ્ઞાનનો સમુદાય જ, एतेभ्यो भूतेभ्यः समुत्थाय—આ પૃથ્વી વિગેરે પાંચ ભૂતોમાંથી ઉત્પન્ન થઇને, तान्येवाऽनुविनष्यति--પાછો તે ભૂતોમાં જ લય પામે છે; न प्रेत्यसंज्ञाऽस्ति--તેથી શરીર અને આત્માની ભિન્ન સંજ્ઞા નથી. અર્થાત્ શરીરરૂપે પરિણમેલા પાંચ ભૂતોમાંથી વિજ્ઞાનનો સમુદાય ઉત્પન્ન થાય છે, તેથી વિજ્ઞાનનો આધાર પાંચ ભૂતો જ છે, પણ આત્માને શરીરથી પૃથક્ માનવાવાળા જે વિજ્ઞાનનો આધાર આત્મા નામના પદાર્થને શરીરથી પૃથક માને છે તે આત્મા નામનોપદાર્થ શરીરથી જૂદો નથી. જેવી રીતે મદિરાના અંગમાંથી એક પ્રકારની મદશકિત ઉત્પન્ન થાય છે, તેમ શરીરરૂપે પરિણમેલા પાંચ ભૂતમાંથી ચૈતન્યશકિત ઉત્પન્ન થાય છે. આવી રીતે શરીર-રૂપે પરિણમેલા પાંચ ભૂતોમાંથી વિજ્ઞાનનો સમુદાય ઉત્પન્ન થઈને, પછી જયારે શરીરરૂપે પરિણમેલા પાંચ ભૂતોનો વિનાશ થાય છે, ત્યારે તે વિજ્ઞાનનો સમુદાય પણ જળમાં પરપોટાની જેમ તે ભૂતોમાં જ લય પામે છે. આવી રીતે ભૂતોના સમુદાયરૂપ શરીરમાંથી જ ચૈતન્ય ઉત્પન્ન થતું હોવાથી તે ચૈતન્યનો આધાર શરીર છે. લોકો જેને આત્મા શબ્દથી બોલે છે, તે વસ્તુ ખરૂં જોતાં શરીર જ છે. શરીરથી ભિન્ન એવો કોઇ આત્મા નહોઈ શકે. વેદવાકયમાં કહ્યું છે કે न प्रेत्यसंज्ञास्ति--અર્થાત શરીર અને

આત્માની પૃથક્ સંજ્ઞા નથી. પણ વળી “ભૂતોના સમુદાયરૂપ શરીરથી આત્મા ભિન્ન છે” એવા ભાવાર્થનાં બીજાં વેદપદો દેખી તને પ્રશ્ન થાય છે કે ત્યારે સત્ય શું હશે? શરીર એજ આત્મા કે શરીરથી ભિન્ન એવો કોઇ સ્વતંત્ર આત્મા હશે?

આત્મા શરીરથી ભિન્ન છે, એમ જણાવનારાં નીચેનાં વેદ-પદો છેઃ—सत्येन लभ्यस्तपसा ह्येष ब्रह्मचर्येण नित्यं ज्योतिर्मयो हि शुद्धो यं पश्यन्ति धीरा यतयः संयतात्मानः અર્થાત્ હંમેશાં જ્યો-તિર્મય અને શુદ્ધ એવો આત્મા સત્ય, તપસ્યા અને બ્રહ્મચર્યવડે જણાય છે. તે આત્મા ધીર અને સંયમી સાધુઓ જુએ છે. આ પ્રમાણે પરસ્પર વિરૂદ્ધ ભાસતા વેદપદોથી સંશય વધતો જાય છે; કોઇ એક ચોક્કસ નિર્ણય ઉપર આવવાનું તારે માટે અશક્ય થઈ પડ્યું છે. પણ હવે હું તને 'विज्ञानघन' વાળા વેદવાક્યનો અર્થ સમજાવી, તારી વિષમ સંકટવાળી સ્થિતિ દૂર કરવા માગું છું. સાંભળ!

विज्ञानघन एव—જે વિશિષ્ટ જ્ઞાન-દર્શનનો ઉપયોગ તે વિજ્ઞાન. તે વિજ્ઞાનના સમુદાયરૂપ આત્મા,

एतेभ्यो भूतेभ्यः समुत्थाय—જ્ઞેયપણે-જાણવાયોગ્યપણે પ્રાપ્ત થયેલા આ પૃથ્વી વિગેરે ભૂતો થકી અથવા ઘટ પટ વિગેરે ભૂતોના વિકારો થકી 'આ પૃથ્વી છે, આ ઘડો છે, આ વસ્ત્ર છે,' ઈત્યાદિ પ્રકારે તે તે ભૂતોના ઉપયોગરૂપે ઉત્પન્ન થઇને,

तान्येवाऽनुविनश्यति— તે ઘટ વિગેરે ભૂતોનો જ્ઞેયપણે અભાવ થયા પછી જ આત્મા પણ તેઓના ઉપયોગરૂપે વિનાશ પામે છે, અને બીજા પદાર્થના ઉપયોગરૂપે ઉત્પન્ન થાય છે. અથવા તો સામાન્ય સ્વરૂપે રહે છે.

न प्रेत्यसंज्ञास्ति—આવી રીતે પૂર્વના ઉપયોગરૂપે આત્મા ન રહેલો હોવાથી તે પૂર્વના ઉપયોગરૂપ સંજ્ઞા રહેતી નથી.

સારાંશ એ છે કે આત્માના દરેક પ્રદેશે જ્ઞાન-દર્શનના ઉપયોગરૂપ અનંતા પર્યાયો રહેલા છે. તે વિજ્ઞાનના સમુદાયથી આત્મા કથંચિત્ અભિન્ન છે, એટલે કે વિજ્ઞાનમય છે. જ્યારે ઘટ-પટ વિગેરે ભૂતો જ્ઞેયપણે પ્રાપ્ત થયા હોય ત્યારે તે ઘટ-પટાદિ રૂપ હેતુથી ' આ ઘડો છે, આ વસ્ત્ર છે ' ઈત્યાદિ પ્રકારના ઉપયોગરૂપે આત્મા પરિણમે છે. કારણ કે આત્માને તે ઉપયોગ-રૂપે પરિણમવામાં તે ઘટાદિ વસ્તુનું સાપેક્ષપણું છે. વળી જ્યારે તે ઘટ-પટાદિ ભૂતોનો આંતરો પડી જાય, અથવા તેઓનો અભાવ થાય કિંવા બીજા પદાર્થમાં મન ચાલ્યું જાય, ઈત્યાદિ કોઇ પણ કારણથી આત્માનો ઉપયોગ બીજા પદાર્થમાં પ્રવર્તે ત્યારે પહેલાં જે ઘટ-પટાદિ પદાર્થો જ્ઞેયપણે હતા તે જ્ઞેયપણે રહેતા નથી, પણ બીજા જે પદાર્થોમાં ઉપયોગ પ્રવર્ત્યો હોય તે પદાર્થો જ્ઞેયપણે પ્રાપ્ત થાય છે. આવી રીતે જ્યારે તે ઘટ-પટાદિ જ્ઞેયપણે રહેતા નથી ત્યારે આત્મા પણ ' આ ઘડો છે, આ વસ્ત્ર છે ' ઇત્યાદિ પ્રકારના ઉપયોગરૂપે રહેતો નથી. તેથીજ વેદ વાકયમાં કહ્યું છે કે—न प्रेत्यसंज्ञाऽस्ति—એટલે કે બીજા પદાર્થના ઉપયોગ વખતે પૂર્વના ઉપયોગરૂપ સંજ્ઞા રહેતી નથી. આવો અર્થ હોવાથી સ્પષ્ટ સમજાય તેમ છે કે શરીરથી આત્મા સાવ ભિન્ન છે.

સૂર્યનો ઉદય થતાં, ધૂમસ ઉડી જાય તેમ પ્રભુના મુખમાંથી નીકળેલા યુક્તિના પ્રકાશે વાયુભૂતિના શંકાનાં વાદળ વિખેરી નાંખ્યા. તેણે નિશ્ચય કર્યો કે, "ખરેખર, આત્મા શરીરથી ભિન્ન છે." સંશય દૂર થતાંજ તે પ્રભુના પાદપદ્મમાં નમી પડયો અને પોતાના પાંચસો શિષ્યો સાથે તેજ સમયે દીક્ષા લઈ લીધી.

ચોથા ગણધર–પાંચ ભૂત છે કે નહીં ?

ઇન્દ્રભૂતિ, અગ્નિભૂતિ અને વાયુભૂતિ વિગેરે સમર્થ શાસ્ત્રીઓને દીક્ષિત થયેલા સાંભળી ચોથા વ્યક્ત નામના પંડિતે વિચાર્યું કે, જ્યારે ઇન્દ્રભૂતિ જેવા પુરૂષો એ સર્વજ્ઞ પાસે નિરભિમાન બની ગયા અને દીક્ષા સ્વીકારી તો પછી મારે પણ શા માટે તેમની પાસે જઇ, મારી શંકાનું સમાધાન ન મેળવવું ? ઇન્દ્રભૂતિ વિગેરેને તે પોતાના પૂજ્ય માનતો હતો. તેથી તે પ્રભુ પાસે પોતાના પાંચસો શિષ્યો સાથે આવ્યો. પ્રથમની જેમ આ વખતે પણ પ્રભુએ તેને તેના વ્યક્ત નામથી સંબોધન કર્યું અને કહ્યું કે–હે વત્સ ! તને પાંચ ભૂત વિષે શંકા છે ને ? તને એવો ભ્રમ પરસ્પર વિરૂદ્ધ ભાસતા વેદનાં વાક્યોથીજ થયો છે. વેદમાં કહ્યું છે કેઃ—येन स्वप्नोपमं वै सकलम् इत्येष ब्रह्मविधिरञ्जसा विज्ञेयः આ પદનો તેં એવો તાત્પર્ય કાઢયો છે કે પાંચ ભૂત જેવી કોઇ વસ્તુ નથી. તું તેનો અર્થ આ પ્રમાણે કરે છેઃ—

येन स्वप्नोपमं वै सकलम्—પૃથ્વી, જળ વિગેરે સમગ્ર જગત્ સ્વપ્ન સમાન છે. સ્વપ્નમાં સુવર્ણ, રત્ન, સ્ત્રી, વિગેરે દેખવા છતાં જેમ વસ્તુતઃ કંઈજ નથી હોતું, તેમ પૃથ્વી, જળ વિગેરે ભૂતો દેખવા છતાં વસ્તુતઃ તે પદાર્થો નથી. બધું સ્વપ્નસૃષ્ટિ જેવું છે.

इत्येष ब्रह्मविधिरञ्जसा विज्ञेयः—એટલે આ બધું જગત્ સ્વપ્ન જેવું જ છે. એ પ્રમાણેનો આ બ્રહ્મવિધિ શીઘ્ર જાણી લેવો-ભાવવો.

પણ વળી વેદમાં ઉપર કહ્યાં તેવાં વાક્યોથી જૂદાંજ વાક્યો જડી આવે છે. જેમકે–પૃથ્વી દેવતા છે, જળ દેવતા છે,

વિગેરે. આ વેદપદોને પૃથ્વી, જળ વિગેરે ભૂતોની સત્તા જણાવનારાં દેખી તું સંશયમાં પડયો છે કે—' પાંચ ભૂત હશે કે નહીં ? " પરન્તુ હે વ્યક્ત! તારો સંશય કેટલો નિર્મૂળ છે, તે હવે હું તને જણાવવા માગું છું.

આ સકળ જગત્ સ્વપ્ન સમાન છે, એમ જે કહેવામાં આવ્યું છે તેની સહાય આત્મચિંતનને વિષે લેવાની છે. એટલે કે આત્મવિચારણા કરતાં, સ્ત્રી-પુત્ર-પરિવાર-સુવર્ણ વિગેરેનો સંયોગ અનિત્ય-સ્વપ્નવત્ છે એમ સમજવાનું છે. સંસારના વિષયો અને વિષયોના પદાર્થોનો સંયોગ અસ્થિર છે, અસાર છે, કટુ વિપાક આપનાર છે. માટે તે પદાર્થો ઉપરની આસક્તિ ત્યજીને મુક્તિ માટે યત્ન કરવો એજ તેનો સત્યાર્થ છે. વૈરાગ્ય-વૃદ્ધિ માટે સદ્બોધ આપનાર પદોનો અવળો અર્થ કરી તું નકામો શંકાના અંધારામાં હેરાન થાય છે. ખરું જોતાં કોઇએ પણ પાંચ ભૂતોના અસ્તિત્વ વિષે નિષેધ નથી કર્યો.

એ પ્રમાણે પ્રભુના વચનોનું પાન કરતાં જ વ્યક્તના વિવેક-ચક્ષુ ઉઘડી ગયાં. તેને પંચભૂતના અસ્તિત્વ વિષે નિર્ણય કરતાં વધુ વાર ન લાગી. આખરે તે પણ પ્રભુના ચરણમાં નમી પડયો અને પોતાના પાંચસો શિષ્યો સાથે દીક્ષા લઇ ચાલી નીકળ્યો.

પાંચમા ગણધર-પરભવ વિષે

ઇન્દ્રભૂતિ વિગેરે ચાર સમર્થ પંડિતોને દીક્ષિત થયેલા સાંભળી સુધર્મા નામના પંડિતે વિચાર્યું કે ઇન્દ્રભૂતિ જેવા જેમના શિષ્ય બને તે પુરૂષ મારે પણ વંદનીય જ હોવા ઘટે. હું પણ તેમની પાસે જઉં અને મારી શંકાઓનાં સમાધાન મેળવી આવું. એટલે તે પોતાના પાંચસો શિષ્યો સાથે પ્રભુ પાસે આવ્યો. પ્રભુએ તેને જોતાંજ કહ્યું કે:-" હે સુધર્મા ! તને એવો

સંશય છે કે જે પ્રાણી જેવો આ ભવમાં હોય તેવોજ પરભવમાં થતો હશે કે તેના સ્વરૂપમાં કંઈ ફેર પડતો હશે ?" તારો એ સંશય પરસ્પર વિરૂદ્ધ ભાસતાં વેદપદોને આભારી છે.

' पुरुषो वै पुरुषत्वमश्नुते पशवः पशुत्वम्--' એ પ્રકારના વેદ વાક્યમાંથી તેં એવો સાર કાઢયો છે કે જે પ્રાણી જેવો આ ભવમાં હોય છે તેવોજ પરભવમાં થાય છે. તેનો અર્થ તારી મતિ પ્રમાણે તું આવો કરે છેઃ—

पुरुषो वै पुरुषत्वमश्नुते—પુરૂષ મરી ગયા પછી પાછો પરભવમાં પણ પુરૂષપણાનેજ પામે છે. અને

पशवः पशुत्वम्—ગાય વિગેરે પશુઓ મરી ગયા પછી પરભવમાં પાછા પશુપણાને પામે છે.

મતલબ કે મનુષ્ય મરીને પાછો પરભવમાં પણ મનુષ્યજ થાય. તે દેવ કે પશુયોનીમાં ન જન્મે અને પશુઓ પાછા પરભવમાં પશુપણેજ જન્મે. તે મનુષ્ય કે દેવ ન થઇ શકે. હે સુધર્મા ! તેં તારી મતિથી કેટલીક યુક્તિઓ પણ ખોળી કાઢી છે અને એ યુક્તિઓનો આધાર આપી તારા અર્થને તું સાચો ઠરાવવાની કોશીષ કરે છે. તારી મુખ્ય યુક્તિ એ છે કે જેવું કારણ હોય તેવુંજ તેનું કાર્ય સંભવે. ચોખાનાં કણ વાવ્યાં હોય તો તેમાંથી ચોખાજ ઉગે અને ઘઉં વાવ્યા હોય તો ઘઉંજ ઉગે. ઘઉંમાંથી ચોખા અને ચોખામાંથી ઘઉં ન થાય. તેમ મનુષ્ય મરીને પાછો પરભવમાં પણ મનુષ્યજ થાય, મનુષ્યમાંથી દેવ કે પશુ ન થઇ શકે.

પણ તારી એ યુક્તિ, બીજાં વેદવાકયો સાથે મેળ નથી ખાતી, ત્યારે તું મુંઝાય છે. शृगालो वै एष जायते यः सपुरीषो दह्यते—અર્થાત્ કોઇ મરી ગયેલો મનુષ્ય વિષ્ટાયુક્ત હોય અને તેને અગ્નિદાહ કરવામાં આવે તો તે મનુષ્ય પરભવમાં શિયાળ

થાય છે. મનુષ્ય પણ પરભવમાં શિયાળ થાય એમ આ વેદપદમાં કહ્યું છે. ત્યારે આ બે મંતવ્યમાં સત્ય કયાં ?

હે સુધર્મા ! તું જો જરા સૂક્ષ્મપણે વિચાર કરે તો તારી શંકા આપોઆપ ઉડી જાય. 'पुरुषो वै—' એ વાક્યોનો તું જે અર્થ કરે છે તે ભૂલભરેલો છે. તેનો ખરો અર્થ આ પ્રમાણે છે:—

પુરૂષ મરી ગયા પછી પરભવમાં પણ પુનઃ પુરૂષપણું પ્રાપ્ત કરે એ વાત ઠીક છે, પણ તે કયારે ? જે મનુષ્ય ભદ્રિક પ્રકૃતિનો હોય, વિનય, સરળતા વિગેરે ગુણોવાળો હોય, અને આ ભવમાં મનુષ્ય સંબંધી આયુષ્યકર્મ બાંધીને મરી ગયો હોય તોજ પાછો મનુષ્યત્વ પ્રાપ્ત કરે. અને પશુઓ પણ પુનઃ પશુપણું પ્રાપ્ત કરે, પણ તે કયારે કરે ? જે પશુઓ માયા વિગેરે દોષોથી ભરેલા હોય અને આ ભવમાં પશુ સંબંધી આયુષ્યકર્મ બાંધીને મરી ગયા હોય તેજ પાછા પશુજન્મ પામે. અર્થાત્ સારાં કર્મ કરનારો મનુષ્ય મરીને પુનઃ મનુષ્ય થાય અને દુષ્ટ કર્મ કરનારા પશુઓ મરીને પુનઃ પશુ થાય. આવી રીતે કર્મની અપેક્ષાએ મનુષ્ય અને પશુઓની ગતિ નિર્ધારિત થાય છે. બાકી કોઈ પણ વેદવાક્ય એમ ન કહી શકે કે મનુષ્ય માત્ર મરીને મનુષ્યજ થાય અને પશુમાત્ર મરીને પશુજ થાય. આર્જવાદિ ગુણોવાળો મનુ-ષ્ય, ભવાંતરમાં પણ મનુષ્ય થાય અને પાપી મનુષ્ય મરીને પશુ અથવા નારકીમાં પણ જાય. તેજ રીતે માયાદિ દોષયુક્ત પશુ ફરીને પણ પશુજન્મ મેળવે અને ભદ્રક પરિણામી પશુ હોય તો મનુષ્ય અથવા દેવ પણ બની શકે. પ્રાણીઓની ભિન્ન ભિન્ન ગતિ-માં ઉત્પત્તિ થવી એ કર્મને આધીન છે. અને તેથીજ પ્રાણીઓનું વિવિધપણું દેખાય છે. તું એમ માને છે કે જેવું કારણ હોય તેના જેવું જ કાર્ય સંભવે. પણ તારૂં તે માનવું બરાબર નથી. છાણ વિગેરેમાંથી વીંછી વિગેરેની ઉત્પત્તિ થાય છે, તે તેના કારણથી

કેટલી બધી વિસદૃશ છે ? કારણ હોય તેવું જ કાર્ય થાય એમ કંઈજ નથી, જગત્‌માં કારણથી પણ ઘણાં વિચિત્ર પ્રકારનાં કાર્યો જોવામાં આવે છે.

સુધર્માની જીવનભરની શંકા ક્ષણમાત્રમાં શમી ગઈ. તેણે પણ તેજ વખતે પ્રભુ પાસે પોતાના પાંચસો શિષ્યો સાથે દીક્ષા લીધી.

છઠ્ઠા ગણધર—મંડિત પંડિત—બંધ અને મોક્ષ

છઠ્ઠા મંડિત નામના પંડિતે વિચાર કર્યો કે—"ઈન્દ્રભૂતિ જેવા અગ્રગણ્ય આગેવાન પંડિતો જેની પાસે નમ્ર બની દીક્ષિત થાય તે મારા પણ પૂજ્ય પુરૂષ ગણાય." એટલે તે પણ પોતાની શંકાનો ખુલાસો મેળવવા પ્રભુ પાસે પોતાના સાડા ત્રણસો શિષ્યો સાથે આવી પહોંચ્યો. પ્રભુએ તેને કહ્યું કે—હે મંડિત ! 'આત્માને કર્મનો બંધ તથા કર્મથી મોક્ષ હશે કે નહીં ?' એ શંકા તારા મનમાં નિરંતર રમી રહી છે ને ? પરસ્પર વિરૂદ્ધ ભાસતા વેદવાકયોથી જ એ શંકા તને થઈ છે.

स एष विगुणो विभु र्न वध्यते संसरति वा मुच्यते मोचयति वा न वा एष बाह्याभ्यन्तरं वा वेद--આ વેદપદથી તું એમ માની બેઠો છે કે આત્માને કર્મનો બંધ કે મુકિત જેવું કંઈ ન હોઈ શકે. તું તે વાકયનો અર્થ આ પ્રમાણે કરે છે:—

सएष—તે આ આત્મા

विगुणो—સત્વ, રજસ્ અને તમોગુણ રહિત છે,

विभु—સર્વવ્યાપક છે,

न बध्यते—કર્મથી બંધાતો નથી, શુભ અશુભ કર્મના બંધન રહિત છે.

न संसरति वा----સંસારમાં પરિભ્રમણ કરતો નથી. કારણ કે કર્મનું બંધન ન હોય તો પછી પરિભ્રમણ સંભવે જ શી રીતે ?

न मुच्यते----આત્મા કર્મથી મુકાતો નથી; કારણ કે જેને બંધ હોય તેને મુક્તિનો સંભવ ખરો, પણ જેને બંધજ ન હોય તેને મુક્તિ કેમ સંભવે ?

न मोचयति वा----આત્મા કર્મ વિગેરેનો કર્ત્તા ન હોવાથી બીજાઓને કર્મથી મુકાવતો નથી.

न वा एष बाह्याभ्यन्तरं वा वेद----આ આત્મા પોતાનાથી ભિન્ન એવા મહાન્ અહંકાર વિગેરે બાહ્ય સ્વરૂપને તથા અભ્યંતર–પોતાના સ્વરૂપને જાણતો નથી. કારણ કે જ્ઞાન એ પ્રકૃતિનો ધર્મ છે, આત્માનો નહીં. તેથી આત્મા બાહ્ય અને અભ્યંતર સ્વરૂપને જાણતો નથી. આથી આત્માને બંધ કે મોક્ષ ન હોય એમ માનવાને તું તૈયાર થયો છે. પણ પાછાં બીજાં વેદવાક્યો જોઈ તું શંકામાં પડયો છે. બંધ અને મોક્ષ સ્થાપિત કરનારાં વાકયો કહે છે કે— न ह वै सशरीरस्य प्रिया--ऽप्रिययोरपहतिरस्ति, अशरीरं वा वसन्तं प्रिया--ऽप्रिये न स्पृशतः न ह वै सशरीरस्य प्रियाप्रिययोरपहतिरस्ति---સંસારી જીવને–શરીરી આત્માને સુખ કે દુ:ખનો અભાવ નથી–સુખ દુ:ખ ભોગવવાં જ પડે છે, કારણ કે તેને સુખ દુ:ખનાં કારણભૂત શુભાશુભ કર્મો હોય છે.

अशरीरं वा वसन्तं प्रियाप्रिये न स्पृशतः----શરીરરહિત –મુકત થયેલા–લોકના અગ્રભાગમાં વસતા આત્માને સુખ દુ:ખ સ્પર્શ કરતાં નથી. કેમકે તે મુકતાત્માને સુખ દુ:ખનાં કારણભૂત કર્મ હોતાં નથી.

આ વેદપદોથી સ્પષ્ટ જણાય છે કે આત્માને બંધ અને

મોક્ષ છે. આવી રીતનાં પરસ્પર વિરૂદ્ધ ભાસતાં વેદપદોથી તું શંકામાં ગોથા ખાધા કરે છે. પણ હે મંડિત! તારી શંકા અસ્થાને છે. તું 'स एष विगुणो'—વાળા વેદપદનો અર્થજ બરાબર નથી સમજી શકયો. તેનો નિર્મળ અર્થ આ પ્રમાણે છેઃ—

स एष विगुणो विभुः—વિગુણ એટલે છદ્મસ્થપણાના ગુણરહિત, વિભુ એટલે કેવળજ્ઞાન સ્વરૂપે સર્વવ્યાપક એવો તે આ આત્મા—મુકતાત્મા,

न बध्यते—કર્મથી બંધાતો નથી, શુભ–અશુભ કર્મના બંધનરહિત છે, કેમકે તે મુકતાત્માને કર્મબંધનનાં કારણભૂત મિથ્યાદર્શન વિગેરેનો અભાવ છે,

न संसरति वा—સંસારમાં પરિભ્રમણ કરતો નથી, કેમકે કર્મના બંધનવાળાને સંસારમાં પરિભ્રમણ સંભવે, પણ મુકતાત્મા તો કર્મના બંધનથી રહિત હોય તેથી સંસારમાં પરિભ્રમણ ન કરે,

न मुच्यते—કર્મથી મુકાતો નથી, કેમકે તેને મુકાવાપણું સંભવતું જ નથી—પોતે કર્મથી મુક્ત હોય છે જ,

न मोचयति वा—મુકતાત્મા બીજાને ઉપદેશ આપવા પણ નીચે નથી અવતરતો, તેથી બીજાઓને કર્મથી મુકાવતો પણ નથી.

न वा एष बाह्याभ्यन्तरं वा वेद—એવો મુકતાત્મા, પુષ્પ ચંદન વિગેરેથી ઉપજતા બાહ્ય સુખને તથા અભિમાનથી થતા આંતરિક સુખને—બન્ને પ્રકારનાં સાંસારિક સુખને અનુભવવારૂપે જાણતો નથી. અર્થાત્ તે સાંસારિક સુખને ભોગવતો નથી.

ઉકત વેદપદ મુકતાત્માનું સ્વરૂપ દર્શાવે છે. તેને સંસારી આત્મા પ્રત્યે ઘટાવવું એ દારૂણ ભ્રમ છે. બાકી સંસારી આત્માને તો કર્મનો બંધ અને કર્મથી મોક્ષ એમ બન્ને છે.

મંડિત પંડિતના હૃદયનો ભાર છેક હલકો થઇ ગયો. તેણે પળવારમાં બંધ–મોક્ષનું રહસ્ય પ્રભુના શ્રીમુખે સાંભળીને સમજી લીધું. આખરે તેણે પણ પોતાના સાડા ત્રણસો શિષ્યો સાથે પ્રભુ પાસે દીક્ષા લીધી.

સાતમા ગણધર–મૌર્યપુત્રઃ દેવોનું અસ્તિત્વ

ઇન્દ્રભૂતિ વિગેરે છ જણને દીક્ષિત થયેલા સાંભળી સાતમા મૌર્યપુત્ર નામના પંડિતે વિચાર્યું કે ઇન્દ્રભૂતિ જેવા છ જણ જેના શિષ્ય હોય તે પુરૂષ મને પણ પૂજ્ય જ હોવા જોઇએ. માટે હું પણ તેમની પાસે જઉં અને મારો સંશય દૂર કરૂં. એટલે તે પણ પોતાના સાડા ત્રણસો શિષ્યોને લઇ પ્રભુ પાસે આવ્યો.

પ્રભુએ કહ્યું કે:—હે મૌર્યપુત્ર ! દેવોના અસ્તિત્વ વિષે જ તને શંકા છે ને ? એ ભ્રમ તને પરસ્પરવિરૂદ્ધ ભાસતાં વેદ પદોથી જ થયો છે. को जानाति मायोपमान् गीर्वाणान् इन्द्रयमवरुणकुवेरादीन्—અર્થાત્ ઇન્દ્ર, યમ, વરૂણ અને કુબેર વિગેરે માયાસદૃશ દેવોને કોણ જાણે છે ? ઇન્દ્રાદિ દેવો તો માયારૂપ છે. જેમ માયા--ઇન્દ્રજાળમાં વસ્તુતઃ કંઇ નથી હોતું, તેમ દેવોમાં પણ વસ્તુતઃ અસ્તિત્વ જેવું કંઇ નથી હોતું. તું એમ માને છે કે નારકીઓ તો પરતંત્ર અને દુઃખથી વિહ્વલ હોવાથી અહીં આવી શકતા નથી, તેથી તેઓને પ્રત્યક્ષ નીહાળવામાં આપણે નિરૂપાય છીએ. માત્ર શાસ્ત્ર ઉપર શ્રદ્ધા રાખી “ નારકીઓ છે ” એટલું માની લીધા સિવાય છુટકો નથી. પરન્તુ દેવોના વિષયમાં એમ નથી. તેઓ તો સ્વતંત્ર અને પ્રભાવશાલી હોવાથી, ધારે ત્યારે અહીં આવી શકે છે, છતાં તેઓ દૃષ્ટિગોચર કેમ નથી થતા ? તેઓ દેખાતા નથી તે ઉપરથી દેવો જ નથી એમ માનવામાં શી હરકત છે ?

પણ દેવની સત્તા દર્શાવનારાં બીજાં વેદવાક્યો જોઇ તું વિચારમાં પડી ગયો છે. તું જાણે છે જ કે—स एष यज्ञायुधी यजमानोऽञ्जसा स्वर्लोकं गच्छति—એટલે કે યજ્ઞરૂપ હથીયારવાળો આ યજમાન જલદી સ્વર્ગલોક–દેવલોકમાં જાય છે. આ વાક્ય દેવોના અસ્તિત્વનું સ્પષ્ટ સૂચન કરે છે. કારણ કે દેવ ન હોય તો દેવલોક સંભવે જ શી રીતે? આવી રીતનાં એક બીજાથી વિરૂદ્ધ જતાં વેદવાક્યો સાંભળી તું મુંઝવણમાં પડી ગયો લાગે છે. પરંતુ હે મૌર્યપુત્ર! અહીં સમવસરણમાં આવેલા આ દેવોને તું અને હું પ્રત્યક્ષ દેખી શકીએ છીએ. વળી ચન્દ્ર–સૂર્યાદિ જ્યોતિષ્ક દેવોનાં વિમાનોને તો દરેક પ્રાણી પ્રત્યક્ષ દેખે છે જ. જો દેવો ન હોય તો એ વિમાનો કેમ દેખાય? વેદપદોમાં દેવોને જે માયાસદૃશ કહેવામાં આવ્યા છે તે તેમના અનિત્યપણાને અંગે છે. મોટા આયુષ્યવાળા દેવો પણ આયુષ્ય પુરૂં થતાં ચ્યવે છે અને તેથી બીજા પદાર્થોની જેમ દેવોનું દેવત્વ પણ અંતવાળું અને વિનાશી છે. સુજ્ઞજનો દેવપણાની આકાંક્ષા રાખવાને બદલે શાશ્વત મોક્ષનો જ વિશેષ વિચાર કરે છે. દેવોનું અનિત્યત્વ પ્રાણીઓને બોધ આપવા માટે સૂચવ્યું છે. બાકી વેદપદો "દેવ નથી" એમ તો બિલકુલ કહેતાં જ નથી. તું એવો પ્રશ્ન કરશે કે દેવો સ્વતંત્ર અને પ્રભાવશાલી હોવા છતાં વારંવાર કેમ આ પૃથ્વી ઉપર આવતા નથી? તેનાં અનેક કારણો છે. એક તો તેઓ સંગીતાદિ કાર્યોમાં ખૂબ વ્યગ્ર રહ્યા કરે છે. તેમનામાં દિવ્ય પ્રેમ અને વિષયાસક્તિ પણ વિશેષ પ્રમાણમાં હોય છે. તે સિવાય મનુષ્યલોકની દુર્ગંધ તેમને અસહ્ય થઇ પડે છે. તેથી તેઓ વાતવાતમાં અહીં આવી શકતા નથી. બાકી તીર્થંકરોના કલ્યાણક વખતે, ભક્તિથી, પૂર્વભવની પ્રીતથી અથવા પૂર્વભવના દ્વેષથી દેવતાઓ જરૂર અહીં આવે છે.

એ પ્રમાણે પ્રભુનાં વચનો સાંભળી મૌર્યપુત્રનો સંશય નષ્ટ થયો. દેવોના અસ્તિત્વ વિષે તેને શ્રદ્ધા બેઠી, તે પણ પોતાના સાડાત્રણસો શિષ્યો સાથે દીક્ષા લઇ ચાલી નીકળ્યો.

આઠમા ગણધર–અકંપિત–નારકીનું અસ્તિત્વ

આઠમા અકંપિત નામના પંડિતે વિચાર્યું કે ઇન્દ્રભૂતિ જેવા સમર્થ પંડિત જે પુરૂષના પગે પડયા તે મારે પણ પુજ્ય જ લેખાય અને તેથી મારે મારી પોતાની શંકાનું સમાધાન મેળવવા જવામાં વિલંબ ન કરવો ઘટે. તે પોતાના ત્રણસો શિષ્યો સાથે પ્રભુ સમિપે આવ્યો.

પ્રભુએ જ તેને અકંપિતના નામથી બોલાવ્યો. અને કહ્યું કે તને નારકી વિષે–નારકીની હૈયાતી વિષે શંકા છે ને ? આ શંકા તને પરસ્પર વિરૂદ્ધ ભાસતાં વેદના પદોથી જ થઇ છે. न ह वै प्रेत्य नरके नारकाः सन्ति--અર્થાત્–કોઇ પણ પ્રાણી મરીને પરભવમાં નારકી થતા નથી. કારણ કે પ્રેત્ય–પરલોકમાં નરકને વિષે નારકીજ નથી. દેવોમાં ચન્દ્ર સૂર્ય જેવા કેટલાક તો પ્રત્યક્ષ દેખાય છે અને કેટલાક, માનતા માનવાથી તેનાં ફળ આપે છે અને એ ઉપરથી અનુમાનવડે પણ જણાય છે કે દેવો છે. પણ નારકી તો પ્રત્યક્ષ કે અનુમાનથી પણ જણાતા નથી. તેથી નારકી હોવા વિષે તને શ્રદ્ધા નથી. છતાં બીજાં કેટલાંક વેદપદો એવાં છે કે જે નારકીનું નિરૂપણ કરે છે. દાખલા તરીકે—नारको वै एष जायते यः शूद्रान्नमश्नाति----જે બ્રાહ્મણ શુદ્રનું અન્ન ખાય તે નારકી થાય છે. આ પદમાં નારકીની સત્તા સ્પષ્ટ દેખાઇ આવે છે. આવી જાતના એકબીજાથી ઉલટા અભિપ્રાય વાંચવાથી તારા મનમાં કોઇ પણ પ્રકારનો નિશ્ચય બંધાતો નથી. પરંતુ તેમાં તારી પોતાની જ ભૂલ છે. ' न ह वै प्रेत्य '--વાળા પદનો અર્થ

સમજવાનો જ તેં પ્રયત્ન નથી કર્યો. તેનો ખરો અર્થ આ પ્રમાણે છે:—પરલોકમાં નરક વિષે નારકીઓ નથી, એટલે પરલોકમાં નારકીઓ મેરૂ વિગેરેની જેમ શાશ્વતાં નથી. પરંતુ જે પ્રાણી ઉત્કૃષ્ટ પાપ ઉપાર્જન કરે છે તે મરીને પરભવમાં નારકી થાય છે. આ પ્રમાણે તે વેદપદનો અર્થ છે. અથવા નારકી મરીને ફરીથી–અનંતવાર નારકીપણે ઉત્પન્ન થતાં નથી. એ પ્રમાણે પણ તેનો અર્થ કરી શકાય. પણ ' નારકી નથી ' એમ તો કોઇ રીતે સિદ્ધ થઇ શકતું નથી.

નારકીઓ પરવશપણાથી અહીં આવી શકતાં નથી, પરંતુ ક્ષાયિક જ્ઞાનવાળા તો તે નારકીઓને પોતાના જ્ઞાનથી પ્રત્યક્ષ ભાળે છે. છદ્મસ્થોને અનુમાનથી નારકીની પ્રતીતિ થઇ શકે છે.

જેમ પ્રાણી ઉત્કૃષ્ટ પુણ્યનું ફળ અનુત્તર દેવપણે ઉત્પન્ન થઇને ભોગવે છે, તેમ ઉત્કૃષ્ટ પાપીને ઉત્કૃષ્ટ પાપનું તીવ્ર અને નિરંતર દુ:ખમય ફળ, નારકીપણે ઉત્પન્ન થઇને ભોગવવું પડે છે. કદાચ તું એમ કહે કે: ઉત્કૃષ્ટ પાપનું ફળ આ તિર્યંચ અથવા મનુષ્યભવમાં કયાં નથી ભોગવાતું ? કેટલાય તિર્યંચો અને મનુષ્યો ભારે દુ:ખ ભોગવતાં દૃષ્ટિગોચર થાય છે. પરન્તુ ઉંડો ઉતરી વિચારી જોશે તો તને જણાશે કે તિર્યંચના જીવનમાં અથવા તો મનુષ્યના જીવનમાં તીવ્ર અને સતત્ દુ:ખ નથી હોતું. આપણને અહીં વધારે દુ:ખ હોય તો થોડું સુખ પણ હોય. નારકીઓને તો તીવ્ર દુ:ખ–દુ:ખ ને દુ:ખજ હોય છે. આપણને તેવા દુ:ખનો સ્પષ્ટ ખ્યાલ પણ ન આવી શકે. આ જગત્માં જો ઉત્કૃષ્ટ પાપ કરનારા પડયા છે તો તે પાપનાં ફળ પણ ભોગવવાં જ પડે, અને એ ફળ ભોગવવાને સારૂ નારકી માન્યા સિવાય ન ચાલે. ઉત્કૃષ્ટ પાપ કરનાર પ્રાણી મરીને નારકી થઇ તીવ્ર અને સતત્ દુ:ખ ભોગવે છે.

અંકપિતનો સંશય દૂર થયો. નારકીના અસ્તિત્વ વિષે તેને આસ્થા બેઠી. અને પોતાના ત્રણસો શિષ્યો સાથે તેજ વખતે પ્રભુ પાસે દીક્ષા લીધી.

નવમા અચલભ્રાતા--પુણ્ય પાપ વિષે

ઇન્દ્રભૂતિ વિગેરે આઠે જણને દીક્ષિત થયેલા સાંભળી, નવમા અચલભ્રાતા નામના પંડિતે વિચાર્યું કે જેના ઇન્દ્રભૂતિ જેવા આઠ શિષ્યો હોય તે પુરૂષ મારે પણ પૂજ્ય જ છે. માટે હું પણ તેમની પાસે જઉં અને મારો સંશય દૂર કરૂં. તે પોતાના ત્રણસો શિષ્યો સાથે પ્રભુ પાસે આવ્યો. પ્રભુએ તેને કહ્યું કે હે અચલભ્રાતા! તને પાપ–પુણ્ય વિષે સંદેહ છે ને? આ સંદેહ તને પરસ્પર વિરૂદ્ધ ભાસતાં વેદપદોથી જ થયો છે.

पुरुष एवेदं ग्निं सर्वं यद् भूत यच्च भाव्यम्--

આ વેદપદથી તું એમ જાણે છે કે પુણ્ય–પાપ જેવું કંઇ હોઈ જ ન શકે! તેનો અર્થ તું આ પ્રમાણે કરે છેઃ–આ પ્રત્યક્ષ દેખાતું ચેતન–અચેતન સ્વરૂપ, જે થયું અને જે થશે તે સર્વ પુરૂષ જ છે–આત્માજ છે. આત્મા સિવાય પુણ્ય–પાપ નામના જૂદા પદાર્થ નથી. પણ વળી पुण्यः पुण्येन कर्मणा, पापः पापेन कर्मणा--એટલે કે શુભકર્મ વડે પ્રાણી પુણ્યશાલી થાય છે અને અશુભ કર્મવડે પાપી થાય છે, એવાં કેટલાંક વેદવાકયોમાં પુણ્ય–પાપની સત્તા જોઈ તું શંકાશીલ બને છે કે ત્યારે આમાં સત્ય શું?

પરન્તુ હે અચલભ્રાતા! તારો સંશય અયોગ્ય છે. 'पुरुष एवेदं' —એ વેદવાકયમાં કેવળ આત્માની સ્તુતિ કરવામાં આવી છે. તેમાં જે એમ કહ્યું છે કે 'આ પ્રત્યક્ષ જણાતું જગત્--ચેતન અચેતન સ્વરૂપ, જે ભૂતકાળમાં થયું અને ભવિષ્યકાળમાં થશે

તે સર્વ આત્મા જ છે; તેમાં માત્ર આત્માનો પ્રભાવ અને પ્રતાપ સૂચવ્યો છે. બાકી પુણ્ય-પાપ જેવી કોઈ વસ્તુ જ નથી, એવો તેમાંથી બીલકુલ અર્થ નીકળી શકતો નથી. જેવી રીતે विष्णुमयं जगत् ઇત્યાદિ વેદપદોમાં આખા જગત્‌ને વિષ્ણુમય કહ્યું છે, પણ તેથી જગત્‌માં બીજી કોઇ વસ્તુની હૈયાતી જ નથી એમ સમજવાનું નથી, તેમ 'જે થયું અને જે થશે તે સર્વ આત્માજ છે' એ વેદપદમાં આત્માનો મહિમા જણાવ્યો છે તેથી આત્મા સિવાય પુણ્ય-પાપ જેવું કંઈ નથી એમ સમજવાનું નથી. વળી દરેક પ્રાણી જે સુખ-દુઃખ અનુભવે છે તેનું કંઇ પણ કારણ અવશ્ય હોવું જોઈએ. કેમકે કારણ વિના કાર્ય ન સંભવે. અને તે કારણ પુણ્ય-પાપ. (વિસ્તારથી સમજવા માટે બીજા ગણધર-અગ્નિભૂતિ સાથેનો પ્રસંગ વાંચવો.)

આ પ્રમાણે પ્રભુનાં વચનો સાંભળી, અચલભ્રાતાનો જે સંશય હતો તે તણાઇ ગયો. તેને પાપ-પુણ્ય વિષે પાકી ખાત્રી થઇ ગઇ. તેથી તેમણે પણ પોતાના ત્રણસો શિષ્યો સાથે દીક્ષા લઈ લીધી.

દસમા-મેતાર્ય પંડિતઃ પરલોક છે ?

ઇન્દ્રભૂતિ વિગેરે નવ જણને દીક્ષિત થયેલા સાંભળી દસમા મેતાર્ય નામના પંડિતને થયું કે ઇન્દ્રભૂતિ જેવા પંડિત જે પુરૂષને પૂજ્ય માને તે મારે પણ પૂજ્ય જ છે. આવો વિચાર કરી, પોતાના સંશયની નિવૃત્તિ કરવાના આશયથી તે મેતાર્ય પંડિત પ્રભુ પાસે આવ્યા. સાથે તેમના ત્રણસો શિષ્યો પણ હતા. પ્રભુએ તેને કહ્યું કે-હે મેતાર્ય ! પરલોક વિષે તને હજી કંઇ ગતાગમ નથી પડતી ને ? તારો આ ભ્રમ પરસ્પર વિરૂદ્ધ લાગતાં કેટલાક વેદ વચનોને આભારી છે. विज्ञानघन एवैतेभ्यो भूतेभ्यः समुत्थाय

तान्येवाऽनु विनश्यति, न प्रेत्यसंज्ञाऽस्ति–વિજ્ઞાનનો સમુદાય જ, આ પૃથ્વી વિગેરે પાંચ ભૂતોમાંથી ઉત્પન્ન થઇને પાછો તે ભૂતોમાં જ લય પામે છે. તેથી પરલોક જેવી વસ્તુ નથી. જેને ચૈતન્ય કહેવામાં આવે છે તે પાંચ ભૂતોમાંથી આપોઆપ ઉત્પન્ન થાય છે અને પાંચ ભૂતનો વિનાશ થતાંની સાથે જ તે ચૈતન્ય પણ જળબુદબુદવત્ ભૂતોમાં લય પામી જાય છે. ચૈતન્ય એ ભૂતોનો જ ધર્મ છે. ભૂતો નષ્ટ થતાં ચૈતન્ય પણ નષ્ટ થયું જ સમજવું. અને જો ચૈતન્ય જેવી કોઇ સ્વતંત્ર વસ્તુ ન હોય તો પરલોક શી રીતે સંભવે ? પરન્તુ એટલેથી જ તારૂં મન શાન્ત નથી થતું. स्वर्गं कामोऽग्निहोत्रं जुहुयात्–સ્વર્ગની ઇચ્છાવાળો અગ્નિહોત્ર હોમ કરે અને नारको वै एव जायते यः शूद्रान्नमश्नाति– જે બ્રાહ્મણ થઇને શુદ્રનું અન્ન ખાય તે નરકે જાય, એવાં એવાં વેદવચનો વાંચીને તને પ્રશ્ન થાય છે કે જો વસ્તુત: પરલોક ન હોય તો આ સ્વર્ગ–નરકનો અર્થ શું ? છેલ્લા બે વાકયમાં પરલોકની સત્તાનું સ્પષ્ટ સૂચન છે.

પરન્તુ હે મેતાર્ય ! તેં विज्ञानघन–જેવાં વેદવાકયોનો અર્થ કરવામાં ભૂલ કરી છે તેથીજ તારી દ્વિધાભાવવાળી દશા વર્ત્તે છે. ' विज्ञानघन '–વાળા વેદવચનનો અર્થ આ પ્રમાણે છે:—જ્ઞાન --દર્શનનો ઉપયોગ તે વિજ્ઞાન કહેવાય, તે વિજ્ઞાનના સમુદાય રૂપ જ આત્મા. જ્ઞેયપણે એટલે જાણવા યોગ્યપણે પ્રાપ્ત થયેલા આ પૃથ્વી વિગેરે ભૂતો થકી, અથવા ઘટ પટ વિગેરે ભૂતોના વિકારો થકી ' આ પૃથ્વી છે ' ' આ ઘડો છે ' ' આ વસ્ત્ર છે ' ઇત્યાદિ પ્રકારે તે તે ભૂતોના ઉપયોગ રૂપે ઉત્પન્ન થઇને, તે ઘટ વિગેરે ભૂતોનો જ્ઞેયપણે અભાવ થયા પછી જ આત્મા પણ

તેઓના ઉપયોગરૂપે વિનાશ પામે છે. અને બીજા પદાર્થના ઉપયોગ રૂપે ઉત્પન્ન થાય છે–પણ જ્ઞાન સામાન્ય સ્વરૂપે તો રહે છે જ. આવી રીતે પૂર્વના ઉપયોગ રૂપે આત્મા ન રહેલો હોવાથી તેને પૂર્વના ઉપયોગ રૂપ સંજ્ઞા રહેતી નથી. આ વેદપદથી ઘટપટાદિ ભૂતોની અપેક્ષાએ આત્માના ઉપયોગની ઉત્પત્તિ અને વિનાશ સૂચવેલ છે, પણ તેથી ભૂતોમાંથી ચૈતન્ય ઉપજે છે એમ માનવાને જરાયે કારણ નથી. ચૈતન્ય એ ભૂતોનો ધર્મ જ નથી. તે તો આત્માનો જ ધર્મ છે. આત્મા દ્રવ્ય રૂપે નિત્ય છે તેથી તે પરલોકમાં જાય–આવે એ તદ્દન સંભવિત અને યોગ્ય છે. આત્મા અનંતા છે. જે આત્મા જેવાં કર્મ કરે તેવી તેને ગતિ મળે. (આ વિષય વધારે સ્પષ્ટપણે ઇન્દ્રભૂતિ તથા વાયુભૂતિ સાથેની ચર્ચામાં ચર્ચાયો છે.)

મેતાર્ય પંડિતના મનની ઘણીખરી શંકાઓ શમી ગઇ. તેની પરલોકને વિષે પુરેપુરી શ્રદ્ધા બેઠી. આખરે તેમણે પણ પોતાના ત્રણસો શિષ્યો સાથે તેજ વખતે પ્રભુ પાસે દીક્ષા લીધી.

અગીયારમા પ્રભાસ પંડિતઃ મુક્તિ વિષે

ઇન્દ્રભૂતિ વિગેરે દસે જણને દીક્ષિત થયેલા સાંભળી, અગીયારમા પ્રભાસ નામના પંડિતે વિચાર્યું કે જેના ઇન્દ્રભૂતિ જેવા દસે જણ શિષ્ય થયા તે મારે પણ પૂજ્ય છે. માટે હું પણ તેમની પાસે જઈ મારા સંશય દૂર કરી લઉં. એટલે તે પણ પોતાના ત્રણસો શિષ્યો સાથે પ્રભુ પાસે આવ્યો. પ્રભુએ તેને કહ્યું કેઃ હે પ્રભાસ ! તને મોક્ષ વિષે અશ્રદ્ધા છે ને ? તને આ સંશય પરસ્પર વિરૂદ્ધ ભાસતા વેદપદોથી જ થયો છે. તું જાણે છે કે जरामर्यं वा यदग्निहोत्रम्–યાવજ્જીવન અગ્નિહોત્ર હોમ કરવો. અર્થાત્ જીંદગીની છેલ્લી ઘડી સુધી અગ્નિહોત્રની ક્રિયા કર્યા

કરવી. એ ક્રિયાનું ફળ શું ? બહુ બહુ તો સ્વર્ગ. એ ક્રિયા એવા પ્રકારની છે કે તેમાં કેટલાક વધ થાય છે અને કેટલાકને ઉપકાર પણ થાય છે. તેથી તે સાવ શુદ્ધ નહીં, પણ દોષમિશ્રિત છે. એવી દોષિત ક્રિયા કરનારને મોક્ષ તો સંભવેજ કેમ ? જે માણસ જીંદગીના છેડા સુધી આવી ક્રિયા કરે તેને મોક્ષરૂપ ફળ આપનારી ક્રિયા કરવાનો મુદ્દલ અવકાશ ન મળે. તેથી તેને માટે મોક્ષ અશકય બને. એટલા ઉપરથી તેં એવો નિર્ણય કર્યો છે કે સ્વર્ગ હોઇ શકે, પણ મુક્તિ જેવી કોઇ વસ્તુ ન હોઈ શકે. પરન્તુ વળી द्वे ब्रह्मणी वेदितव्ये, परम् अपरंच, तत्र परं सत्यज्ञानम्, अनन्तरं ब्रह्मेति—અર્થાત્ બે બ્રહ્મ જાણવા, એક પર અને બીજું અપર; તેઓમાં પર સત્યજ્ઞાન છે અને અનંતર બ્રહ્મ એટલે મોક્ષ છે. આવાં મોક્ષ તરફ લક્ષ ખેંચનારાં વાકયો પણ મળી આવે છે. सैषा गुहा दुरवगाहा—સંસારને વિષે આસક્ત રહેલા પ્રાણીઓને માટે આ મુક્તિરૂપી ગુફા પ્રવેશ ન થઇ શકે તેવી છે. આમાં પણ મોક્ષની સત્તાનું સૂચન છે. આવી રીતના પરસ્પર વિરૂદ્ધ ભાસતા વેદપદોથી મોક્ષના અસ્તિત્વ વિષે તને સૂઝ નથી પડતી એ દેખીતું છે. પરંતુ હે પ્રભાસ ! તારો સંશય અયોગ્ય છે. તું जरामर्यं—વાળા વાકયનો અર્થજ નથી સમજી શકયો. તેમાં જે 'वा' શબ્દ છે તે 'अपि'—પણના અર્થવાળો છે. એટલે તેનો અર્થ એમ થાય કે જીવનપર્યંત પણ અગ્નિહોત્ર હોમ કરવો. મતલબ કે જે કોઇ સ્વર્ગનોજ અર્થી હોય તે આખી જીંદગી સુધી પણ અગ્નિહોત્ર કરે. પરંતુ જે મોક્ષાર્થી હોય તેણે તો અગ્નિહોત્ર જેવી ક્રિયાઓ ત્યજી દઈ મોક્ષસાધક ક્રિયામાં પુરૂં લક્ષ આપવું એ જ યોગ્ય છે. દરેક પ્રાણીએ મરણ આવે ત્યાંસુધી અગ્નિહોત્ર જ કર્યા કરવો એવો એમાં નિયમ નથી. વસ્તુતઃ સ્વર્ગ અને મોક્ષ બન્ને છે. સ્વર્ગપ્રાપ્તિનો વિધિ એટલેજ મોક્ષમાર્ગનો

નિષેધ એમ માનવાની ભયંકર ભૂલ કોઇએ પણ ન કરવી જોઇએ. શુદ્ધ જ્ઞાન દર્શન અને ચારિત્રવડે કર્મનો ક્ષય થાય છે અને આત્માના સમગ્ર કર્મનો ક્ષય થવો તેનુંજ નામ મોક્ષ.

પંડિત પ્રભાસનો સંશય પણ, પ્રભુની અમૃતમયી વાણી સાંભળતાંજ નષ્ટ થયો. તેને મોક્ષના અસ્તિત્વની સજ્જડ ખાત્રી થઇ. તેથી તેજ વખતે પોતાના ત્રણસો શિષ્યો સાથે પ્રભુ પાસે દીક્ષા લીધી.

ગણધરપદે સ્થાપના

ઉપર્યુકત રીતે ગૌતમ ગોત્રના શ્રી ઇન્દ્રભુતિથી માંડી, પ્રભાસ પર્યંત અગીયારે પંડિતોએ, પોતાના ચુમ્માલીશસો શિષ્યો સાથે પ્રભુ પાસે દીક્ષા લીધી. તે મુખ્ય અગીયાર જણાએ ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય-એટલે કે દરેક પદાર્થ ઉત્પન્ન થાય છે, નાશ પામે છે અને દ્રવ્યરૂપે નિત્ય રહે છે-એ પ્રમાણે પ્રભુ પાસેથી ત્રિપદીનું સ્વરૂપ જાણી, અગીયાર અંગ અને ચૌદ પૂર્વની રચના કરી. પ્રભુએ તેમને ગણધર પદે સ્થાપ્યા.

ગણધરોએ દ્વાદશાંગીની રચના કર્યા બાદ પ્રભુ તેમને તેની અનુજ્ઞા કરે છે અને શક્રેન્દ્ર દિવ્ય ચૂર્ણોનો ભરેલો વજ્રમય દિવ્ય થાળ લઇને પ્રભુ પાસે ઉભો રહે છે. ત્યારપછી પ્રભુ રત્નમય સિંહાસન પરથી ઉઠીને ચૂર્ણની સંપૂર્ણ મુષ્ટિ ભરે છે, તે વખતે ગૌતમ વિગેરે અગીયારે ગણધરો જરા નમીને અનુક્રમે પ્રભુ પાસે ઉભા રહે છે. દેવો વાજીંત્રનાં ધ્વનિ-ગાયન વિગેરે બંધ કરી મૌન રહે છે અને સઘળું સ્વસ્થ ચિત્તે સાંભળે છે. પછી પરમાત્મા શ્રી મહાવીર બોલ્યા કે-"ગૌતમને દ્રવ્ય, ગુણ અને પર્યાય વડે તીર્થની આજ્ઞા આપું છું." તે પછી પ્રભુએ પ્રથમ

શ્રી ગૌતમસ્વામીના મસ્તક ઉપર અને પછી અનુક્રમે બીજા-ઓના મસ્તક ઉપર ચૂર્ણ નાખ્યું. દેવોએ પણ એ પ્રસંગે હર્ષિત થઈ, તે અગીયારે ગણધર ઉપર ચૂર્ણ, પુષ્પ અને સુગંધી પદાર્થોની વૃષ્ટિ કરી. ત્યારપછી પ્રભુએ સુધર્માસ્વામીને મુનિસમુદાયમાં અગ્રેસર સ્થાપી તેમને ગણની અનુજ્ઞા આપી.

પ્રભુના એકંદર ચોમાસાં

શ્રમણ ભગવાન્ મહાવીરે અસ્થિક ગ્રામને આશ્રીને, વર્ષાકાળમાં રહેવા માટે પહેલું અંતરાવાસ–ચોમાસું કર્યું. ચંપા અને પૃષ્ઠચંપાને આશ્રીને વર્ષાકાળમાં રહેવા માટે ત્રણ ચોમાસાં કર્યાં. વૈશાલીનગરી અને વાણિજ્યગ્રામને આશ્રીને બાર ચોમાસાં કર્યાં. રાજગૃહનગરની બ્હાર ઉત્તર દિશામાં નાલંદ નામના પાડાને આશ્રીને ચૌદ ચોમાસાં કર્યા. છ ચોમાસાં મિથિલા નગરીમાં, બે ભદ્રિકાનગરીમાં, એક આલંભિકાનગરીમાં, એક શ્રાવસ્તીનગરીમાં, એક વજ્રભૂમિ નામના અનાર્ય દેશમાં, અને એક મધ્યમ પાપાનગરીને વિષે હસ્તિપાલ રાજાના કારકુનોની જીર્ણસભામાં અપશ્ચિમ–છેલ્લું ચોમાસું કર્યું. પાપાનગરીનું નામ પ્રથમ તો અપાપા હતું, પણ પ્રભુ તે નગરીમાં કાલધર્મ પામ્યા તેથી દેવોએ તેનું નામ ફેરવીને પાપાપુરી પાડયું. આ રીતે પ્રભુના છદ્મસ્થકાળમાં અને કેવલી અવસ્થામાં બધા મળીને બેંતાલીશ ચોમાસાં થયાં.

શ્રી મહાવીર પ્રભુ કયાં અને કયારે નિર્વાણ પામ્યા ?

શ્રમણ ભગવાન્ મહાવીરે જે વર્ષાકાળમાં મધ્યમ પાપાપુરીને વિષે હસ્તિપાલ રાજાના કારકુનોની સભામાં છેલ્લું ચોમાસું વર્ષામાં રહેવા માટે કર્યું, તે ચોમાસાનો–વર્ષાકાળનો જે (આ) ચોથો મહિનો, વર્ષાકાળનું સાતમું પખવાડીયું, એટલે કે

કાર્તિક માસનું (ગુજરાતી આસો માસનું) કૃષ્ણ પખવાડીયુ, તે કાર્તિક માસના કૃષ્ણ પખવાડીયાના પંદરમે દિવસે (ગુજરાતી આસો માસની અમાસે), પાછલી રાત્રીએ–તે રાત્રિને વિષે કાળધર્મ પામ્યા, કાળસ્થિતિ અને ભવસ્થિતિની જાળથી છુટા થયા, સંસારનો પાર પામી ગયા, સંસારમાં ફરીથી ન આવવુ પડે તેવી રીતે લોકાગ્રલક્ષણ ઉંચે સ્થાને પ્રાપ્ત થયા; તેમનાં જન્મ, જરા અને મરણના બંધનો–બંધનના હેતુભૂત કર્મો છેદાઈ ગયાં; તેઓ સિદ્ધ થયા, બુદ્ધ થયા, ભવોપગ્રાહિ કર્મોથી મુક્ત થયા, સકળ દુઃખોથી અંત પામ્યા, સમગ્ર સંતાપથી પર થયા, શરીર અને મન સંબંધી સર્વ દુઃખોથી અળગા થયા.

શ્રી મહાવીર પ્રભુ જે સંવત્સરમાં–વરસમાં નિર્વાણ પામ્યા તે ચન્દ્ર નામનો બીજો સંવત્સર હતો. તે કાર્તિક માસ પ્રીતિવર્ધન નામનો હતો, નંદિવર્ધન નામનું પખવાડીયું હતું, અગ્નિવેશ્ય નામનો દિવસ હતો. (અગ્નિવેશ્યનું બીજું નામ ઉપશમ પણ કહેવાય છે) તે અમાવાસ્યાની રાત્રિ દેવાનંદા નામની હતી, (તે રાત્રિનું બીજું નામ નિરતિ એ પ્રમાણે પણ કહેવાય છે.) તે વખતે અર્ચ નામનો લવ હતો, મુહૂર્ત નામનો પ્રાણ હતો, સિદ્ધ નામનો સ્તોક હતો, નાગ નામનું કરણ હતું, (શકુનિ વિગેરે ચાર સ્થિર કરણોમાં આ કરણ ત્રીજું છે અને અમાવાસ્યાના ઉત્તરાર્ધમાં આ નાગકરણ જ હોય છે.) સર્વાર્થસિદ્ધ નામનું મુહૂર્ત હતું, એ વખતે સ્વાતિ નક્ષત્ર સાથે ચન્દ્રમાનો યોગ પ્રાપ્ત થયે, શ્રમણ ભગવાન્ મહાવીર કાલધર્મ પામ્યા–તેમના શરીર અને મન સંબંધી સર્વ દુઃખો ક્ષીણ થયાં.

સંવત્સર, માસ, દિવસ, રાત્રિ, મુહૂર્તનાં નામ

સૂર્યપ્રજ્ઞપ્તિ પ્રમાણે સંવત્સર, માસ, દિવસ, રાત્રિ અને

મુહૂર્ત્તનાં નામ નીચે જણાવીએ છીએ:—એક યુગમાં પાંચ સંવત્સર હોય છે:—(૧) ચન્દ્ર (૨) ચન્દ્ર (૩) અભિવર્ધન (૪) ચંદ્ર અને (૫) અભિવર્દ્ધિત.

શ્રાવણ માસથી માંડીને બાર માસનાં નામ:–(૧) અભિનંદન (૨) સુપ્રતિષ્ઠ (૩) વિજય (૪) પ્રીતિવર્દ્ધન (૫) શ્રેયાન (૬) શિશિર (૭) શોભન (૮) હૈમવાન (૯) વસંત (૧૦) કુસુમસંભવ (૧૧) નિદાઘ (૧૨) વનવિરોધી.

પંદર દિવસનાં નામ:–(૧) પૂર્વાંગસિદ્ધ (૨) મનોરમ (૩) મનોહર (૪) યશોભદ્ર (૫) યશોધર (૬) સર્વકામ-સમૃદ્ધ (૭) ઇન્દ્ર (૮) મુદ્ધાભિષિક્ત (૯) સૌમન (૧૦) ધનંજય (૧૧) અર્થસિદ્ધ (૧૨) અભિજિત્ (૧૩) રત્યાશન (૧૪) શતંજય (૧૫) અગ્નિવેશ્ય.

પંદર રાત્રિનાં નામ:–(૧) ઉત્તમા (૨) સુનક્ષત્રા (૩) ઇલાપત્યા (૪) યશોધરા (૫) સૌમનસી (૬) શ્રી સંભૂતા (૭) વિજયા (૮) વૈજયંતી (૯) જયંતી (૧૦) અપરાજિતા (૧૧) ઇચ્છા (૧૨) સમાહારા (૧૩) તેજા (૧૪) અતિતેજા અને (૧૫) દેવાનંદા.

ત્રીસ મુહૂર્ત્તનાં નામ:–(૧) રૂદ્ર (૨) શ્રેયાન (૩) મિત્ર (૪) વાયુ (૫) સુપ્રતીત (૬) અભિચન્દ્ર (૭) માહેન્દ્ર (૮) બલવાન્ (૯) બ્રહ્મા (૧૦) બહુસત્ય (૧૧) ઐશાન (૧૨) ત્વષ્ટા (૧૩) ભાવિતાત્મા (૧૪) વૈશ્રવણ (૧૫) વારૂણ (૧૬) આનંદ (૧૭) વિજય (૧૮) વિજયસેન (૧૯) પ્રાજાપત્ય (૨૦) ઉપશમ (૨૧) ગંધર્વ (૨૨) અગ્નિવેશ્ય (૨૩) શતવૃષભ (૨૪) આતપવાન્ (૨૫) અર્થવાન (૨૬) ઋણવાન્ (૨૭) ભૌમ (૨૮) વૃષભ (૨૯) સર્વાર્થસિદ્ધ અને (૩૦) રાક્ષસી.

નિર્વાણવાળી રાત્રીએ શું થયું ?

જે રાત્રિને વિષે શ્રમણ ભગવાન્ મહાવીર કાળધર્મ પામ્યા—યાવત્ સર્વ દુઃખથી મુકત થયા તે રાત્રિએ ઘણાં દેવ—દેવીઓ સ્વર્ગમાંથી આવવાં અને પાછાં જવા લાગ્યાં, તેથી આકાશમાં સર્વત્ર ઉદ્યોત ફેલાયો—રાત્રિ પ્રકાશમયી બની ગઇ, સ્વર્ગથી નીચે ઉતરતાં અને ઉંચે ચડતાં દેવ—દેવીઓને લીધે રાત્રિ જાણે અતિશય આકુળ થઈ હોયની એવો ભાસ થયો !

તેજ રાત્રિએ ભગવાનના શ્રેષ્ઠ અંતેવાસી—મ્હોટા—પટ્ટધર શિષ્ય ગૌતમ ગોત્રના શ્રી ઇન્દ્રભૂતિ અણગારને, જ્ઞાતકુલમાં જન્મેલા શ્રી મહાવીર પ્રભુ વિષે જે પ્રેમબંધન હતું તે નષ્ટ થયું અને અનંત વસ્તુના વિષયવાળું, અવિનાશી, અનુપમ, યાવત્ કોઇ પણ વસ્તુવડે સ્ખલના ન પામે એવું, સમસ્ત આવરણ રહિત, સઘળા પર્યાયે યુકત, સર્વ વસ્તુને જણાવનારૂં, સઘળા અવયવોથી સંપૂર્ણ પ્રધાન કેવળજ્ઞાન અને કેવળદર્શન ઉત્પન્ન થયું.

શ્રી ગૌતમસ્વામીને કેવી રીતે કેવલજ્ઞાન થયું ?

શ્રી મહાવીર પ્રભુએ ગૌતમનો પોતાની ઉપર પ્રશસ્ત સ્નેહરાગ છે એમ જાણી, તે સ્નેહરાગ નિવર્ત્તન કરવા માટે, પોતાના અંત વખતે—અમાવાસ્યાના સંધ્યાકાળ પહેલાં, શ્રી ગૌતમસ્વામીને નજીકના કોઇ ગામમાં, દેવશર્મા નામના બ્રાહ્મણને પ્રતિબોધવા મોકલ્યા. ગૌતમસ્વામી પ્રભુની આજ્ઞા સ્વીકારી તુરત ત્યાં ગયા અને દેવશર્માને પ્રતિબોધ કરી, પ્રભાતે પાછા આવતાં રસ્તામાં શ્રી મહાવીર પ્રભુનું નિર્વાણ સાંભળ્યું. સાંભળતાં જ ક્ષણવાર વજાહત જેવા શૂન્ય થઇ ગયા ! થોડીવાર સ્તબ્ધપણે ઉભા રહી, તેઓ બોલવા લાગ્યા કે—" હે સ્વામી !

આટલો વખત મેં આપની સેવા કરી, પણ અંત સમયે જ મને આપના દર્શનથી દૂર કર્યો ?

હે જગત્પતિ ! આજે મિથ્યાત્વરૂપી અંધકાર ફેલાઈ રહ્યો છે, કુતીર્થી રૂપી ઘુવડો ગર્જારવ કરી રહ્યા છે, અને દુકાળ, યુદ્ધ, વૈર વિગેરે રાક્ષસો રાહ જોતાં બેઠાં છે ! હે પ્રભુ ! તમારા વિના આજનું ભરતક્ષેત્ર, ચન્દ્રને રાહુએ ગળ્યો હોય અને જેવું આકાશ લાગે તેવું નિસ્તેજ લાગે છે. તમારા વિના સુનું લાગતું ભરતક્ષેત્ર, દીપક વિનાના મ્હેલ જેવું, જાણે ખાવા ધાતું હોય તેવું લાગે છે !

હે નાથ ! હું હવે કોના ચરણકમળમાં મારૂં માથું ઝુકાવીને વારંવાર પદાર્થો વિષે પ્રશ્નો પૂછીશ ? હવે હું " હે ભગવાન્ ! " કહી કોને સંબોધીશ ? મને પણ હવે બીજો કોણ આપ્તવાણીથી ગૌતમ કહીને બોલાવશે ?

અરેરે ! વીર ! હે વીર ! આપે આ શું કર્યું ? આવે ખરે અવસરે જ મને કાં દૂર કર્યો ? હે ભગવન્ ! તમને શું એમ લાગ્યું કે હું એક બાળકની પેઠે આડો પડીને આપનો છેડો ન છોડત ? હું પાસે હોત તો તમારા કેવળજ્ઞાનમાં ભાગ પડાવત ? અને મને કદાચ તમારી સાથે મોક્ષ પર્યંત રાખ્યો હોત તો શું મોક્ષમાં સંકડાશ પડત ? તમને હું શું ભારે પડતો હતો કે મને મૂકીને ચાલ્યા ગયા ? " આ પ્રમાણે થોડા વખત સુધી તો તેમના મુખમાંથી 'વીર ! વીર !' નામનો જાપ અસ્ખલિતપણે વહેવા લાગ્યો.

થોડી વારે તેમની જ્ઞાનદૃષ્ટિ સતેજ થઈ. શોકનો આવેગ શમી ગયો. તેઓ જ્ઞાનદૃષ્ટિએ વિચારવા લાગ્યા કે–" અરેરે ! હું કેવી મિથ્યા ભ્રમણામાં પડી ગયો ? વીતરાગ તો સ્નેહ વિના-

ના જ હોય, એ સત્ય મને કેમ ન સૂઝયું ? મારો જ અપરાધ થયો કે મેં તે વખતે શ્રુતનો ઉપયોગ ન દીધો. એ નિર્મોહીને તે વળી મારી પર શાનો મોહ હોય ? ખરેખર હું પોતે જ મોહમાં પડયો છું. મારા આ એકપક્ષા સ્નેહને ધિઃકાર છે! મારે એવા સ્નેહનો આ ક્ષણેજ ત્યાગ કરવો જોઇએ. વસ્તુતઃ મારૂં કોણ છે? હું એકલો છું, મારૂં કોઇ જ નથી, તેમ હું પણ કોઇનો નથી." આવી રીતે સમભાવના વિષે આરૂઢ થતાં શ્રી ગૌતમ સ્વામીને પણ તત્કાળ કેવળજ્ઞાન ઉત્પન્ન થયું.

પ્રાતઃકાળમાં ઇંદ્રાદિએ આવી મહોત્સવ કર્યો.

મોક્ષમાર્ગમાં પ્રવર્ત્તેલા સાધકોને, સ્નેહ એ વજ્રની સાંકળ સમાન છે. જ્યાં સુધી શ્રી વીર પ્રભુ જીવતા રહ્યા, ત્યાં સુધી તેમના પર સ્નેહ ધરાવનાર શ્રી ગૌતમ સ્વામી કેવલી ન થઇ શક્યા. પરન્તુ એકંદરે ગૌતમસ્વામીને બધું સવળું પડી ગયું એ એક આશ્ચર્યની વાત છે. તેમનો પ્રચંડ ગર્વ—પાંડિત્યનું અભિમાન તેમને પ્રભુ પાસે ખેંચી ગયું અને ત્યાં બોધ પામ્યા. એટલે એક રીતે અહંકાર જ તેમને પ્રતિબોધમાં સહાયક નીવડયો, તેમનો રાગ ગુરૂભક્તિમાં પરિણમ્યો અને પ્રભુના વિરહમાંથી ઉદ્ભવેલો ખેદ, કેવળજ્ઞાન પ્રાપ્ત કરાવવામાં સાધનભૂત થયો. શ્રી ગૌતમસ્વામી બાર વરસ સુધી કેવલિપર્યાય પાળી, સુધર્મા સ્વામીને લાંબા આયુષ્યવાળા જાણી તેમને ગણ સોંપી મોક્ષે સીધાવ્યા.

દીવાળી અને ભાઇબીજ પર્વ કેમ પ્રવર્ત્યાં ?

જે રાત્રિને વિષે શ્રમણ ભગવાન્ મહાવીર કાળધર્મ પામ્યા તે રાત્રિએ કાશી દેશના મલ્લકિ જાતિના નવ રાજાઓ, અને કોશલ દેશના લેચ્છકિ જાતિના નવ રાજાઓ, જેઓ ભગવંતના મામા ચેટક રાજાના સામંતો હતા અને જેઓ કાર્યવશાત્ પાવાપુરીમાં

ગણુનો મેળાપ કરવા એકઠા થયા હતા, તેમણે—અઢારે ગણુરાજાઓએ અમાવાસ્યાને વિષે, સંસારસમુદ્રથી પાર પહોંચાડનાર—પૌષધોપવાસ કર્યો હતો. અહિં પૌષધોપવાસનો અર્થ આહારત્યાગ પૌષધરૂપ કરવાનો છે. કારણ કે તે સિવાય તેઓને દીવા પ્રકટાવવા ન સંભવે. તે અઢારે રાજાઓએ વિચાર્યું કે શ્રમણ ભગવાન મહાવીર નિર્વાણ પામ્યા તેથી ભાવ ઉદ્યોત તો ગયો, પણ હવે આપણે દ્રવ્ય ઉદ્યોત કરવો જોઈએ. તેથી તેમણે તે રાત્રિએ દીવા પ્રકટાવ્યા. ત્યારથી દીપોત્સવ-દીવાળી નામનું પર્વ શરૂ થયું. અને કાર્ત્તિક શુદ એકમને દિવસે દેવોએ શ્રી ગૌતમસ્વામીના કેવલજ્ઞાનનો મહોત્સવ કર્યો. ત્યારથી તે દિવસ પણ લોકોમાં આનંદ-ઉત્સવમય ગણાયો. પ્રભુના મ્હોટા ભાઈ —નંદિવર્ધન રાજા પ્રભુનું નિર્વાણ થયેલું સાંભળી અત્યંત ખિન્ન થયા, એ ખિન્નતા ટાળવા તેમની બ્હેન સુદર્શનાએ તેમને સમજાવી કાર્તિક શુદ બીજને દિવસે આદર સહિત પોતાને ઘેર બોલાવી ભોજન કરાવ્યું. ત્યારથી 'ભાઈ બીજ' નામનું પર્વ પ્રવર્ત્યું.

તેજ રાત્રિએ ભસ્મરાશિ ગ્રહ બેઠો

જે રાત્રિએ ભગવાન્ કાળધર્મ પામ્યા તેજ રાત્રિએ, ક્રૂર સ્વભાવવાળો અને બેહજાર વર્ષની સ્થિતિવાળો ભસ્મરાશિ નામનો ત્રીશમો મહાગ્રહ (આ ગ્રહ એક નક્ષત્રમાં બેહજાર વર્ષ પર્યંત રહે છે) શ્રમણ ભગવાન્ મહાવીરના જન્મ નક્ષત્રમાં (ઉત્તરાફાલ્ગુની નક્ષત્રમાં) સંક્રાંત થયો.

ગ્રહોનાં નામ—ગ્રહો અઠ્યાશી છે. (૧) અંગારક (૨) વિકાલક (૩) લોહિતાક્ષ (૪) શનૈશ્ચર (૫) આધુનિક (૬) પ્રાધુનિક (૭) કણ (૮) કણક (૯) કણકણક (૧૦) કણવિતાનક (૧૧) કણસંતાનક (૧૨) સોમ (૧૩) સહિત

(૧૪) આશ્વાસન (૧૫) કાર્યોપગ (૧૬) કર્બુરક (૧૭) અજકરક (૧૮) દુંદુભક (૧૯) શંખ (૨૦) શંખનાભ (૨૧) શંખવર્ણાભ (૨૨) કંસ (૨૩) કંસનાભ (૨૪) કંસવર્ણાભ (૨૫) નીલ (૨૬) નીલાવભાસ (૨૭) રૂપી (૨૮) રૂપાવભાસ (૨૯) ભસ્મ (૩૦) ભસ્મરાશિ (૩૧) તિલ (૩૨) તિલપુષ્પવર્ણ (૩૩) દક (૩૪) દકવર્ણ (૩૫) કાર્ય (૩૬) વન્ધ્ય (૩૭) ઇન્દ્રાગ્નિ (૩૮) ધૂમકેતુ (૩૯) હરિ (૪૦) પિંગલ (૪૧) બુધ (૪૨) શુક્ર (૪૩) બૃહસ્પતિ (૪૪) રાહુ (૪૫) અગસ્તિ (૪૬) માણવક (૪૭) કામસ્પર્શ (૪૮) ધુર (૪૯) પ્રમુખ (૫૦) વિકટ (૫૧) વિસંધિકલ્પ (૫૨) પ્રકલ્પ (૫૩) જટાલ (૫૪) અરૂણ (૫૫) અગ્નિ (૫૬) કાલ (૫૭) મહાકાલ (૫૮) સ્વસ્તિક (૫૯) સૌવસ્તિક (૬૦) વર્ધમાન (૬૧) પ્રલંબ (૬૨) નિત્યાલોક (૬૩) નિત્યોદ્યોત (૬૪) સ્વયંપ્રભ (૬૫) અવભાસ (૬૬) શ્રેયસ્કર (૬૭) ક્ષેમંકર (૬૮) આભંકર (૬૯) પ્રભંકર (૭૦) અરજા (૭૧) વિરજા (૭૨) અશોક (૭૩) વીતશોક (૭૪) વિતત (૭૫) વિવસ્ત્ર (૭૬) વિશાલ (૭૭) શાલ (૭૮) સુવ્રત (૭૯) અનિવૃત્તિ (૮૦) એકજટી (૮૧) દ્વિજટી (૮૨) કર (૮૩) કરક (૮૪) રાજા (૮૫) અર્ગલ (૮૬) પુષ્પ (૮૭) ભાવ (૮૮) કેતુ.

જ્યારથી ભસ્મરાશિ નામનો મહાગ્રહ પ્રભુના જન્મનક્ષત્રમાં સંક્રાન્ત થયો, ત્યારથી માંડીને શ્રમણ તપસ્વીઓ એટલે કે સાધુઓને અને સાધ્વીઓને ઉદિત ઉદિત પૂજા–સત્કાર પ્રવર્ત્તતા નથી, એટલે કે ઉત્તરોત્તર વૃદ્ધિ પામતા અભ્યુત્થાન–વંદનાદિરૂપ પૂજા અને વસ્ત્રદાનાદિ બહુમાન કરવા રૂપ આદર–સત્કાર મોળા પડયા. એજ કારણે પ્રભુના અંત સમયે ઇન્દ્રે પ્રભુને પ્રણામ

કરી-અંજલિ જોડી વિનતિ પણ કરેલી કે:—"હે સ્વામી! કૃપા કરી ક્ષણવાર આપનું આયુષ્ય વધારો, જેથી આપનાં જીવતાં આ ક્રૂર ભસ્મરાશિ ગ્રહ આપના જન્મનક્ષત્રમાં સંક્રમણ થાય તો પછી આપના શાસનને પીડા ન કરી શકે. હે કૃપાનિધાન! કૃપા કરીને એક ક્ષણ વાર રહી જાઓ." ત્યારે પ્રભુએ કહ્યું કે:—"હે શક્ર! એવું કદાપિ થયું નથી કે ક્ષીણ થયેલા આયુષ્યને તીર્થંકરો પણ વધારી શક્યા હોય. તીર્થને જે બાધા અવશ્ય થવાની છે તે તો થશેજ. પરંતુ બે હજાર વર્ષ પૂર્ણ થશે ત્યારે મારા જન્મનક્ષત્રથી આ ભસ્મરાશિ ગ્રહ અતિક્રાંત થતાં; છયાસી વર્ષના આયુષ્યવાળા કલ્કી નામના અધર્મી નીચ રાજાને તું મારી નાખશે અને તે કલ્કીના પુત્ર ધર્મદત્ત નામના રાજાને રાજ્ય ઉપર સ્થાપન કરશે ત્યારથી સાધુ-સાધ્વીઓનો આદર-સત્કાર-પૂજા ઉત્તરોત્તર વૃદ્ધિ પામશે."

ભસ્મરાશિનો પ્રભાવ

જે રાત્રિને વિષે ભગવાન્ કાલધર્મ પામ્યા તે જ રાત્રિએ, ઉદ્ધરી ન શકાય એટલા બધા અતિ સૂક્ષ્મ કુંથુવા નામનાં જીવડાં ઉત્પન્ન થયાં. તે એવાં તો સૂક્ષ્મ હતાં કે જો સ્થિર પડી રહ્યા હોય તો છદ્મસ્થ સાધુ-સાધ્વીઓની દૃષ્ટિએ પણ એકદમ ન ચડે. બાકી અસ્થિર હોય અને હાલતાં-ચાલતાં હોય તો જલદી દેખાઇ આવે.

સાધુ-સાધ્વીઓનાં અનશન—આ પ્રમાણે અતિશય જીવોત્પત્તિ થઇ પડેલી જોઇ ઘણાં સાધુ-સાધ્વીઓએ અનશન કર્યાં. ત્યારથી માંડીને સંયમ દુરારાધ્ય થઇ પડયો, પૃથ્વી જીવ-જંતુઓથી ઉભરાવા લાગી, સંયમને લાયક ક્ષેત્ર દુર્લભ થઇ પડયું, અને પાખંડીઓનું પ્રાબલ્ય વધવા લાગ્યું.

સાધુ-સાધ્વી અને શ્રાવક-શ્રાવિકાની સંપદા

શ્રમણ ભગવાન મહાવીરને ઈન્દ્રભૂતિ વિગેરે ચૌદ હજાર સાધુઓ હતા, આર્ય ચંદનબાલા, વિગેરે છત્રીશ હજાર સાધ્વીઓ હતી. શંખ, શતક વિગેરે એક લાખ અને ઓગણસાઠ હજાર શ્રાવકો હતા. અને સુલસા, રેવતી વિગેરે ત્રણ લાખ અને અઢાર હજાર શ્રાવિકાઓ હતી. સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાની એટલી ઉત્કૃષ્ટ સંપદા પ્રભુને હતી.

ચૌદપૂર્વીની સંખ્યા—ભગવાનને ત્રણસો ચૌદપૂર્વી હતા. ચૌદપૂર્વી અસર્વજ્ઞ હોવા છતાં સર્વજ્ઞ જેવા જ હોય. અકારાદિ સર્વ અક્ષરોના સંયોગોને જાણે, સર્વજ્ઞની જેમ સાચી પ્રરૂપણા કરે. (પ્રજ્ઞાપના સૂત્રમાં કેવલી અને શ્રુતકેવલીને તુલ્ય કહેલા છે, તેથી સર્વજ્ઞની પેઠે જ સત્ય પ્રરૂપણા કરે.)

અવધિજ્ઞાનીઓની સંખ્યા—ભગવાનને અતિશયો એટલે આમર્ષોષધી વિગેરે લબ્ધિઓને પ્રાપ્ત થયેલા તેરસો અવધિજ્ઞાનીઓ હતા.

કેવળજ્ઞાનીઓની સંખ્યા—સંપૂર્ણ-સંભિન્ન શ્રેષ્ઠ જ્ઞાન અને દર્શનને ધારણ કરનારા સાતસો કેવલજ્ઞાનીઓ હતા.

વૈક્રિયલબ્ધિવાળા મુનિઓ—પોતે દેવ ન હોવા છતાં દેવની ઋદ્ધિને પ્રાપ્ત થયેલા-દેવની ઋદ્ધિ વિકુર્વવાને સમર્થ એવા વૈક્રિય લબ્ધિવાળા સાતસો મુનિઓ પ્રભુને હતા.

મનઃપર્યવજ્ઞાનીની સંખ્યા—અઢીદ્વીપ અને બે સમુદ્રને વિષે રહેલા પર્યાપ્ત સંજ્ઞા પંચેન્દ્રિયોના મનોગત ભાવને જાણનારા, પાંચસો *વિપુલમતિ મનઃપર્યવજ્ઞાનીઓ હતા.

---

* મનઃપર્યવજ્ઞાની બે પ્રકારના હોય છે. એક વિપુલમતિ અને બીજા ઋજુમતિ. વિપુલમતિ સંજ્ઞિ પંચેંદ્રિયના મનોગત પદાર્થને સર્વ વિશેષણો

વાદીઓની સંખ્યા—દેવ, મનુષ્ય કે અસુરની સભામાં વાદને વિષે પરાજય ન પામે એવા પ્રકારના ચારસો વાદીઓ હતા.

મોક્ષે ગયેલાની સંખ્યા—શ્રમણ ભગવાન્ મહાવીરના સાતસો શિષ્યો અને ચૌદસો સાધ્વીઓ મુક્તિ પામ્યાં—યાવત્ સર્વ દુ:ખથી મુક્ત થયાં.

અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થનારા મુનિઓ—ગતિ એટલે આગામી મનુષ્યગતિમાં મોક્ષપ્રાપ્તિ રૂપ કલ્યાણ છે જેમને, સ્થિતિ એટલે દેવભવમાં પણ પ્રાય: વીતરાગપણું હોવાથી કલ્યાણ છે જેમને, તથા આગામી ભવમાં સિદ્ધ થવાના હોવાથી જેઓને કલ્યાણ છે એવા આઠસો અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થનારા મુનિઓની ઉત્કૃષ્ટ સંપદા પ્રભુને થઈ.

યુગાન્તકૃદ્ભૂમિ અને પર્યાયાન્તકૃદ્ભૂમિ

શ્રમણ ભગવાન મહાવીરને બે પ્રકારની *અંતકૃદ્ભૂમિ થઇ, એટલે કે મહાવીર પ્રભુના શાસનમાં મોક્ષગામીઓને મોક્ષે જવાનો કાલ બે પ્રકારે થયો:—યુગાન્તકૃદ્ભૂમિ અને પર્યાયાન્તકૃદ્ભૂમિ.

યુગ એટલે ગુરૂ શિષ્ય પ્રશિષ્યાદિ ક્રમસર વર્ત્તતા પટ્ટધર

સહિત જાણે, અને ઋજુમતિ સામાન્ય સ્વરૂપે જાણે. વિપુલમતિ અઢી અંગુલ અધિક એવા મનુષ્ય ક્ષેત્રમાં રહેલા સંજ્ઞિ પંચેન્દ્રિયોના મનોગત પદાર્થને જાણે અને ઋજુમતિ મનુષ્ય ક્ષેત્રમાં રહેલા સંજ્ઞિ પંચેન્દ્રિયોના મનોગત પદાર્થને જાણે. વિપુલમતિ અને ઋજુમતિમાં એટલો ભેદ હોય.

* સંસારનો નાશ કરે-મોક્ષે જાય તે અંતકૃત્ કહેવાય, તેઓની ભૂમિ એટલે કાળ.

પુરૂષો, તેઓ વડે પ્રમિત-મર્યાદિત જે મોક્ષગામીઓનો મોક્ષે જવાનો કાળ તે [1]યુગાન્તકૃદ્ભૂમિ કહેવાય.

પર્યાય એટલે પ્રભુનો કેવલિપણાનો ઉત્પન્ન થયાનો કાલ, તેને આશ્રીને જે મોક્ષગામીઓનો મોક્ષે જવાનો કાળ તે [2]પર્યાયાન્તકૃદ્ભૂમિ કહેવાય.

શ્રમણ ભગવાન્ મહાવીરને ત્રીજા પુરૂષયુગ સુધી યુગાન્તકૃદ્ભૂમિ થઇ. એટલે કે પ્રભુથી આરંભી તેમના પટ્ટધર ત્રીજા પુરૂષ સુધી-શ્રી જંબુસ્વામી સુધી મોક્ષમાર્ગ ચાલુ રહ્યો. હવે પર્યાયાન્તકૃદ્ભૂમિ વિષે:—ચાર વરસ સુધીનો છે કેવલિપણાનો પર્યાય જેમને એવા શ્રી મહાવીર પ્રભુ થયે છતે કોઇ કેવલીએ સંસારનો અંત કર્યો, એટલે કે શ્રી મહાવીર પરમાત્માને કેવલજ્ઞાન થયા પછી ચાર વર્ષે મોક્ષમાર્ગ ચાલુ થયો.

પ્રભુના નિર્વાણ સમયની દેશ-કાળ સ્થિતિ

તે કાળે અને તે સમયે શ્રમણ ભગવાન મહાવીર ત્રીશ વર્ષ સુધી ગૃહસ્થાવાસની મધ્યમાં રહીને, બાર વરસથી કંઇક અધિક સમય સુધી-બાર વરસ અને સાડા છ મહિના સુધી છદ્મસ્થ પર્યાય પાળીને, ત્રીશ વરસથી કંઇક ઓછા સમય સુધી-

૧ તીર્થંકરથી આરંભીને તેમના પટ્ટધર જેટલા પુરૂષો સુધી મોક્ષમાર્ગ ચાલુ રહે-સાધુઓ વિગેરે મોક્ષગામીઓ મોક્ષે જાય તે કાલને યુગાન્તકૃદ્ભૂમિ કહે છે. કાલના અમુક પ્રમાણવિશેષને યુગ કહે છે. તે યુગો ક્રમસર વર્તે છે. તેથી તેઓના સદૃશપણાથી જે ક્રમસર વર્તતા ગુરૂ શિષ્ય પ્રશિષ્યાદિકરૂપ પટ્ટધર પુરૂષો, તેઓ પણ યુગ કહેવાય. તે ક્રમસર વર્તવાવાળા પટ્ટધર પુરૂષો વડે પ્રમિત-મર્યાદિત એવો જે મોક્ષગામીઓનો મોક્ષે જવાનો કાળ તે યુગાન્તકૃદ્ભૂમિ કહેવાય. ૨ તીર્થંકરને કેવલજ્ઞાન ઉત્પન્ન થયા પછી જેટલા કાળે મોક્ષમાર્ગ ચાલુ થાય તે કાલને પર્યાયાન્તકૃદ્ભૂમિ કહે છે.

ઓગણત્રીશ વરસ અને સાડા પાંચ મહિના સુધી કેવલિ પર્યાય પાળીને, એકંદર બેંતાલીશ વરસ સુધી શ્રામણ્યપર્યાય-ચારિત્ર પર્યાય પાળીને, સર્વ મળી કુલ બ્હોંતેર વરસ સુધી, પોતાનું સર્વ આયુષ્ય પાળીને, વેદનીય, આયુઃ, નામ અને ગોત્ર એ ચાર ભવોપગ્રાહી કર્મો ક્ષીણ થયે, આ અવસર્પિણીમાં દુષમાસુષમા નામનો ચોથો આરો ઘણોખરો ગયા બાદ—ચોથા આરાના ત્રણ વરસ અને સાડા આઠ માસ બાકી રહેતાં, મધ્યમ પાપાનગરી વિષે, હસ્તિપાલ નામના રાજાના કારકુનોની સભામાં, રાગ—દ્વેષરહિત હોવાથી એકલા, અદ્વિતીયપણે—ઋષભદેવાદિ તીર્થંકરો દસ હજાર વિગેરે પરિવાર સાથે મોક્ષે ગયા, તેમ બીજા કોઈની સાથે નહીં, પણ એકાકીપણે, નિર્જલ છઠ્ઠ તપ વડે યુક્ત થઇને, સ્વાતિ નક્ષત્ર સાથે ચંદ્રમાનો યોગ પ્રાપ્ત થયે, પ્રભાતકાળરૂપ અવસરને વિષે—ચાર ઘડી રાત્રિ અવશેષ રહેતાં, સમ્યક્ પ્રકારે પદ્માસને બેઠા, પુણ્યના ફલવિપાકવાળા પંચાવન અધ્યયનો, પાપના ફલવિપાકવાળા પંચાવન અધ્યાયો, અને કોઈના પૂછયા વિના છત્રીસ ઉત્તરો કહીને, પ્રધાન નામનું મરૂદેવીનું એક અધ્યયન ભાવતા ભાવતા, કાળધર્મ પામ્યા—સંસાર સમુદ્રનો પાર પામ્યા, સંસારમાં ફરીથી ન આવવું પડે તેમ સમ્યક્ પ્રકારે ઉર્ધ્વપ્રદેશમાં ગયા—તેમનાં જન્મ—જરા—મરણનાં કારણભૂત કર્મો છેદાઇ ગયા, તેમના સર્વ અર્થ સિદ્ધ થયા, તત્વના અર્થ બરાબર પામી ગયા, ભવોપગ્રાહી કર્મોથી છુટા થયા, સર્વ દુઃખોનો અંત પામ્યા, સર્વ પ્રકારના સંતાપોથી અળગા થયા અને શરીર તથા મન સંબંધી સર્વદુઃખો છુટી ગયાં.

આ કલ્પસૂત્ર કયારે લખાયું તથા વંચાયું ?

સૂત્રપાઠ પ્રમાણે:—શ્રમણ ભગવાન્ મહાવીરના નિર્વાણ કાળથી નવસો વરસ વ્યતીત થયાં. અને દસમા સૈકાનો આ એંશી-

મો સંવત્સર કાળ જાય છે. વળી વાચનાંતરમાં દસમા સૈકાનો આ ત્રાણુમો સંવત્સર જતો જણાય છે.

એ સૂત્રપાઠનો ભાવાર્થ બરાબર સ્પષ્ટપણે સમજાતો નથી. તોપણ પૂર્વ ટીકાકારોએ તેની જેવી વ્યાખ્યા કરી છે તે પ્રમાણે અમે પણ તેનો અર્થ નીચે આપીએ છીએ:—

આ સૂત્રપાઠ માટે કેટલાક કહે છે કે " શ્રી કલ્પસૂત્ર પુસ્તકરૂપે ક્યારે લખાયું ? તે સમય સૂચવવા માટે શ્રી દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણે આ સૂત્રપાઠ લખ્યો છે. તેથી એ પાઠનો અર્થ આ પ્રમાણે કરવો:—શ્રી વીરનિર્વાણથી નવસો એંશી વરસ વ્યતીત થતાં સિદ્ધાંત પુસ્તકારૂઢ થયા તે વખતે આ કલ્પસૂત્ર પણ પુસ્તકારૂઢ થયું. એટલે કે શ્રી વીર નિર્વાણથી નવસો એંશીમે વરસે વલ્લભીપુર નગરમાં દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણ વિગેરે સકળ સંઘે મળી આગમ લખ્યા ત્યારે શ્રી કલ્પસૂત્ર પણ લખાયું. પણ વાચનાંતરમાં એટલે બીજી પ્રતિમાં નવસો ત્રાણુમો સંવત્સર કાળ જાય છે એમ દેખાય છે. તાત્પર્ય કે કોઈ પુસ્તકમાં લખ્યું છે કે શ્રી વીરનિર્વાણથી નવસો એંશી વરસ વ્યતીત થતાં કલ્પસૂત્ર પુસ્તક રૂપે લખાયું અને કોઈ બીજા પુસ્તકમાં લખ્યું છે કે નવસો ત્રાણું વરસ વ્યતીત થતાં કલ્પસૂત્ર પુસ્તક રૂપે લખાયું.

કેટલાક એમ પણ કહે છેકે –શ્રી વીરનિર્વાણથી નવસો એંશી વરસ વ્યતીત થતાં, કલ્પસૂત્રની વાચના સભા સમક્ષ થઈ એમ જણાવવાને આ સૂત્રપાઠ મૂક્યો છે. એટલે કે શ્રી વીરનિર્વાણથી નવસો એંશી વરસ વ્યતીત થતાં, આનંદપુરની અંદર, પુત્રના મરણથી શોકગ્રસ્ત થયેલા ધ્રુવસેન રાજાના શોકને દૂર કરવા માટે, મહોત્સવપૂર્વક સંઘસમક્ષ કલ્પસૂત્ર વાંચવું શરૂ કર્યું. પણ વળી બીજી પ્રતિમાં–વાચનાંતરમાં નવસો ત્રાણુમો સંવત્સર કાલ

દેખાય છે. તાત્પર્ય કે કોઇ પુસ્તકમાં લખ્યું છે કે શ્રી વીરનિવાણથી નવસો એંશી વ્યતીત થતાં કલ્પસૂત્રની વાચના સભા સમક્ષ શરૂ થઈ અને કોઈ બીજા પુસ્તકમાં લખ્યું છે કે નવસોત્રાણું વરસ વ્યતીત થતાં કલ્પસૂત્રની વાચના સભા સમક્ષ શરૂ થઈ.

કેટલાક એ સૂત્રપાઠનો એવો પણ અર્થ કરે છે કે—એ સૂત્રમાં બે વાક્યો છે. એક વાક્ય કલ્પસૂત્ર લખાયાનો સમય દર્શાવે છે, જ્યારે બીજું વાક્ય સભા સમક્ષ વંચાયાનો સમય સૂચવે છે. એટલે કે શ્રી વીરનિર્વાણથી નવસો એંશીમો સંવત્સરકાળ જાય છે, કલ્પસૂત્ર લખવાનો હેતુભૂત એવો નવસો એંશીમો સંવત્સર કાળ જાય છે; આ વાક્યથી કલ્પસૂત્રને લખવારૂપ વાચનાનો સમય જણાવ્યો. વળી વાચનાંતરમાં એટલે કલ્પસૂત્રને લખવારૂપ વાચનાથી સભા સમક્ષ વાંચવારૂપ બીજી વાચનામાં નવસો ત્રાણુમો સંવત્સર કાલ જાય છે. આ વાક્યથી કલ્પસૂત્રને સભા સમક્ષ વાંચવારૂપ વાચનાનો સમય જણાવ્યો. તાત્પર્ય કે શ્રી વીરનિર્વાણથી નવસોએંશીમે વરસે કલ્પસૂત્ર પુસ્તકારૂઢ થયું અને નવસોત્રાણુમે વરસે સભા સમક્ષ વંચાયું. એ રીતે જુદા જુદા આચાર્યોના ભિન્ન ભિન્ન મત જાણવા. ખરૂં શું તે તો કેવલિભગવાન્ જાણે.

સપ્તમ વ્યાખ્યાન

શ્રી પાર્શ્વનાથ પ્રભુનું ચરિત્ર

હવે જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ વાચનાએ કરીને શ્રી પાર્શ્વનાથ પ્રભુનું ચરિત્ર કહેવામાં આવે છે:

હવે તે કાળ અને તે સમયને વિષે પુરૂષપ્રધાન શ્રી પાર્શ્વનાથ પ્રભુનાં પાંચે કલ્યાણકો વિશાખા નક્ષત્રમાં થયાં. (૧) પ્રભુ વિશાખા નક્ષત્રમાં દેવલોકથી ચ્યવ્યા અને માતાના ગર્ભમાં ઉત્પન્ન થયા. (૨) વિશાખા નક્ષત્રમાંજ પ્રભુનો જન્મ થયો. (૩) વિશાખા નક્ષત્રમાં જ પ્રભુએ દ્રવ્ય તથા ભાવથી મુંડ થઇને–ઘરબાર ત્યજીને દીક્ષા ગ્રહણ કરી. (૪) વિશાખા નક્ષત્રમાં જ તેઓ અનંત, અનુપમ, નિર્વ્યાઘાત, નિરાવરણ અને સઘળા પર્યાય સહિત સર્વ વસ્તુને જણાવનારૂં, સઘળા અવયવોથી સંપૂર્ણ, પ્રધાન કેવળજ્ઞાન તથા કેવળદર્શન પામ્યા. (૫) વિશાખા નક્ષત્રમાં જ તેઓ મોક્ષે ગયા.

તે કાળે અને તે સમયે પુરૂષપ્રધાન અર્હન્ શ્રી પાર્શ્વનાથ, ગ્રીષ્મકાળના પહેલા માસમાં, ગ્રીષ્મ કાળના પહેલા પખવાડીયામાં—અર્થાત્ ચૈત્ર માસના (ગુજરાતી ફાગણ માસ) કૃષ્ણ પખવાડીયામાં, ચોથની રાત્રિને વિષે, વીશ સાગરોપમની સ્થિતિવાળા પ્રાણુત નામના દશમા દેવલોકથી આંતરા વિના ચ્યવીને, આ જ જંબુદ્વીપ નામના દ્વીપને વિષે, ભરતક્ષેત્રમાં વારાણસી નામની નગરીને વિષે, અશ્વસેન નામના રાજાની વામાદેવી નામની પટરાણીની કુખને વિષે, મધ્યરાત્રીએ વિશાખા નક્ષત્રમાં ચન્દ્રનો યોગ પ્રાપ્ત થતાં, દેવ સંબંધી આહાર, ભવ અને શરીરનો ત્યાગ કરી, ગર્ભપણે ઉત્પન્ન થયા.

તે પુરૂષપ્રધાન, અર્હન્ શ્રી પાર્શ્વનાથ પ્રભુ ગર્ભમાં જ મતિ, શ્રુત અને અવધિ એ ત્રણે જ્ઞાન સહિત હતા. પોતાનું દેવ-વિમાનમાંથી ચ્યવન થવાનું હતું ત્યારે 'હું સ્વર્ગથી ચ્યવીશ,' એમ જાણે ખરા, પણ "હું ચ્યવું છું" એ પ્રમાણે જાણતા નથી, કારણકે વર્તમાન કાળ—એક સમયનો અતિ સૂક્ષ્મ હોય છે. અહીં વામાદેવી ચૌદ સ્વપ્ન જુવે છે, સ્વપ્ન પાઠકોને સ્વપ્નનાં ફળ પુછાય છે વિગેરે પૂર્વોક્ત પાઠ પ્રમાણે સર્વ સમજવું. જેમ શ્રી મહાવીરસ્વામી ગર્ભમાં આવતાં ત્રિશલા ક્ષત્રિયાણીએ ચૌદ સ્વપ્ન જોયાં હતાં તેમ શ્રી પાર્શ્વનાથ પ્રભુનો જીવ ગર્ભમાં આવતાં વામાદેવીએ ચૌદ સ્વપ્ન જોયાં. વામદેવીએ અશ્વસેન રાજા પાસે જઈ તે કહી સંભળાવ્યા, સ્વપ્નપાઠકોએ સ્વપ્નનાં ફળ કહ્યાં વિગેરે સમજવું. વામાદેવી, ગર્ભને હિતકારી એવા આહારાદિ વડે ગર્ભનું સારી પેઠે પાલન કરવા લાગ્યાં.

તે કાળે અને તે સમયે હેમંતઋતુનો બીજો માસ, હેમંત ઋતુનું ત્રીજું પખવાડીયું—પોષ માસનું કૃષ્ણ પખવાડીયું વર્તતું હતું, તે પોષ માસના કૃષ્ણ પખવાડીયાની દશમની તિથિને વિષે (ગુજરાતી માગશર વદિ દશમની તિથિ) નવ માસ બરાબર પૂર્ણ થતાં અને સાડા સાત દિવસ જતાં, મધ્ય રાત્રિને વિષે વિશાખા નક્ષત્રમાં ચન્દ્રનો યોગ પ્રાપ્ત થતાં, આરોગ્યવાળી તે વામાદેવીએ રોગરહિત પુત્રનો જન્મ આપ્યો.

જે રાત્રિને વિષે પુરૂષપ્રધાન અર્હન્ શ્રી પાર્શ્વનાથ પ્રભુ જન્મ્યા તે રાત્રિ, ઘણાં દેવ—દેવીઓનાં અવર—જવરને લીધે અતિશય આકુળ થઇ, અને તેમના આનંદજન્ય અવ્યક્ત શબ્દોથી કોળાહળમય બની ગઇ.

"પાર્શ્વ" નામ પાડવાનું કારણ

પાર્શ્વનાથ પ્રભુનો જન્મોત્સવ વિગેરે વૃત્તાન્ત શ્રી વીરપ્રભુની

પેઠે જાણી લેવો. ફેર માત્ર એટલો કે શ્રી મહાવીર પ્રભુને બદલે પાર્શ્વનાથ પ્રભુનું નામ મૂકવું. પુત્રજન્મને બારમે દિવસે સગાં-સંબંધી તથા જ્ઞાતિજનોને આમંત્રી, ભોજન કરાવી, અશ્વસેન રાજાએ તેમને સંબોધીને કહ્યું કે:-"હે દેવાનુપ્રિયો! અમારો આ બાળક ગર્ભમાં હતો ત્યારે શય્યામાં રહેલી તેની માતાએ રાત્રે અંધકારમાં પણ 'પાર્શ્વ' એટલે પડખેથી જતા કાળસર્પને જોયો હતો, તેથી અમે આ કુમારનું 'પાર્શ્વ' એવું નામ પાડીએ છીએ." ઇન્દ્ર પાસેથી આજ્ઞા પામેલી ધાત્રીઓ, જગત્પતિ શ્રી પાર્શ્વનાથ પ્રભુનું લાલન પાલન કરવા લાગી. તેઓ. બીજના ચન્દ્રમાની પેઠે વૃદ્ધિ પામતાં અનુક્રમે નવ હાથ ઉંચી કાયાવાળી યૌવન અવસ્થાને પ્રાપ્ત થયા, અને કુશસ્થલ નગરના પ્રસેનજીત રાજાની પ્રભાવતી નામની કન્યા સાથે માતાપિતાએ આગ્રહથી તેમનો વિવાહ પણ કર્યો.

પંચાગ્નિતપ તપતો તાપસ-કમઠ

એક વાર ભગવાન્ શ્રી પાર્શ્વનાથ પોતાના મહેલના ઝરૂખામાં બેસી વારાણસી નગરીનું અવલોકન કરી રહ્યા હતા. એટલામાં કેટલાક માણસો, હાથમાં પુષ્પ વિગેરે પૂજાની સામગ્રી લઇ એક દિશા તરફ જતાં તેમની દૃષ્ટિએ પડ્યા. પોતાના એક સેવકને પૂછ્યું:-"આ નગરજનો ક્યાં જાય છે?" સેવકે જવાબ આપ્યો: "પ્રભુ! કોઈ એક ગામડામાં કમઠ નામનો એક દરિદ્ર બ્રાહ્મણપુત્ર રહેતો હતો. નાનપણમાંજ તેનાં માબાપ મરી ગયા હતાં. તેથી ગામના માણસો તેને દરિદ્ર અને નિરાધાર માની ઉછેરતા. એક વખતે રત્નજડિત ઘરેણાંથી શણગારાયેલાં નગરજનોને જોઇ તે કમઠે વિચાર્યું કે-"મને ખાવાને અન્ન તથા પહેરવાને વસ્ત્રનાં પણ ફાંફાં છે અને આ લોકોના વૈભવનો તો કંઇ પારજ નથી. પણ એમાં કોઇનો દોષ શું કહાડવો? એ લોકોએ પૂર્વજન્મમાં

" તેમાંથી તરત જ તાપ વડે આકુળ-વ્યાકુળ થયેલો અને મરણપ્રાય થયેલો એક સર્પ નીકળ્યો. " પૃ. (૩૧૧.)

તપ કર્યું છે તેથી જ આ સઘળી ઋદ્ધિ તેઓ આ ભવમાં મેળવી શક્યા છે. હું પણ તાપસ થઈ તપ કરૂં તો મને પણ કાળાંતરે એવી ઋદ્ધિ જરૂર મળે.” આવો વિચાર કરી તે પંચાગ્નિતપ વિગેરે કષ્ટ ક્રિયાઓ કરવા લાગ્યો. હે સ્વામી ! તેજ કમઠ તાપસ ફરતો ફરતો આજે નગરીની બ્હાર આવી ચડ્યો છે. જે લોકોનાં ટોળાં જતાં જુઓ છો તે બધાં તેની જ પૂજા કરવા માટે જઇ રહ્યા છે.” પ્રભુ પણ તેને જોવા પરિવાર સહિત નીકળ્યા. તીવ્ર પંચાગ્નિના તાપથી તપતા કમઠને પ્રભુએ જોયો, એટલું જ નહી પણ પાસેના અગ્નિકુંડમાં નાખેલા એક કાષ્ઠની અંદર એક મ્હોટા સર્પને પણ બળતો તેમણે પોતાના જ્ઞાનબળથી નીહાળ્યો. કરૂણા સમુદ્ર પ્રભુ બોલ્યા-“હે મૂઢ તપસ્વી ! દયા વિના ફોકટનું આ કષ્ટ શા સારૂ વેઠે છે ? જે ધર્મમાં દયા નથી તે તારૂં શું હિત કરવાનો હતો ? બધા ધર્મો, ખરૂં જોતાં, દયારૂપી મ્હોટી નદીના કાંઠે ઉગેલા તૃણના અંકુરા જેવા જ જાણવા, દયારૂપી નદી સૂકાઇ જાય તો પેલા અંકુરા કેટલી વાર ટકી શકે ? માટે હે તપસ્વી ! આ કલેશકારક–દયારહિત કષ્ટક્રિયા કરવી મૂકી દે !”

પ્રભુનાં વચન સાંભળી ક્રોધાયમાન થયેલો કમઠ તાપસ કહેવા લાગ્યો:–“હું જાણું છું કે તમે એક રાજપુત્ર છો, અને રાજપુત્રો તો કેવળ હાથી–ઘોડાજ ખેલી જાણે ! ધર્મનું સાચું તત્ત્વ કેવળ અમે તપોધન જ જાણીએ. તમારાં મોજશોખ તમને મુબારક હો, અમારા તપની વચમાં તમે વ્યર્થ માથું ન મારો !”

સળગતો સાપ ઉદ્ધર્યો !

ક્ષમાસાગર પ્રભુએ આ વખતે વધારે વાદ ન કરતાં, પોતાના એક નોકર પાસે પેલું સળગતુ કાષ્ઠ બહાર કઢાવ્યું અને તેને કુહાડાવતી યતનાપૂર્વક ફડાવ્યું. તેમાંથી તરત જ તાપ વડે આકુળ–વ્યાકુળ થયેલો અને મરણપ્રાય થયેલો એક સર્પ નીકળ્યો.

પ્રભુની આજ્ઞાથી તેમના એક સેવકે સર્પને નવકારમંત્ર તથા પ્રત્યાખ્યાન સંભળાવ્યું. તે સાંભળી સર્પ તરતજ મૃત્યુ પામી નાગાધિપ ધરણેંદ્ર થયો. લોકોએ પણ પ્રભુના જ્ઞાનની ભારે પ્રશંસા કરી. તે પછી પ્રભુ પોતાના મહેલે પધાર્યા અને કમઠ તાપસ લોકોનો તિરસ્કાર પામી, ભગવંત પ્રત્યે દ્વેષભાવ રાખતો બીજે સ્થળે ચાલ્યો ગયો. તે તપ તપી મરણ પામીને ભવનવાસી મેઘકુમાર દેવોમાં મેઘમાલી નામે દેવ થયો.

લોકાન્તિક દેવોનું અભિનંદન

સર્વ કળાઓમાં કુશળ, હિતકર પ્રતિજ્ઞાનો સમ્યક્ પ્રકારે નિર્વાહ કરનાર, અત્યંત સૌંદર્યવાન, સર્વ પ્રકારના ગુણવાન, સરળ, વિનયી અને પુરૂષપ્રધાન શ્રી પાર્શ્વનાથ પ્રભુ ત્રીસ વર્ષ સુધી ગૃહસ્થાવાસમાં રહ્યા. દીક્ષા લેવાને એક વરસ બાકી રહ્યું ત્યારે લોકાંતિક દેવોએ, પોતાના શાશ્વત આચાર પ્રમાણે, પ્રભુને પ્રિય લાગે એવી વાણીમાં અભિનંદતાં કહ્યું કે:—" હે સમૃદ્ધિશાલી ! આપ જય પામો ! હે કલ્યાણવંત ! આપ જયવંતા વર્તો ! આપનું કલ્યાણ થાઓ ! હે ભગવન્ ! આપ બોધ પામો-દીક્ષા સ્વીકારો ! સકળ જગત્‌ના જીવોને હિતકર થાય એવું ધર્મતીર્થ પ્રવર્ત્તાવો ! " વિગેરે.

મનુષ્યને ઉચિત એવા ગૃહસ્થધર્મ એટલે વિવાહાદિની પહેલાં પણ શ્રી પાર્શ્વનાથ પ્રભુને અભ્યંતર અવધિ હોવાથી, ઉત્કૃષ્ટ અને ઉપયોગવાળું અવધિજ્ઞાન તથા અવધિદર્શન હતું; તે સર્વ પૂર્વની જેમ-શ્રી મહાવીર સ્વામીની પેઠે કહેવું. પ્રભુએ પોતાનો દીક્ષા કાળ જાણીને સુવર્ણાદિ સર્વ પ્રકારનું ધન યાચકોને આપવા માંડ્યું, અને એ રીતે દીક્ષા ગ્રહણ કરવાની તૈયારી કરી.

દીક્ષાનો સમય અને સ્થળ

પ્રભુ દીક્ષા લેવાને નીકળ્યા તે વારે હેમંતૠતુનો બીજો માસ, હેમંતૠતુનું ત્રીજું પખવાડીયું--પોષ માસનું કૃષ્ણ પખવાડીયું વર્ત્તતું હતું. તે પોષ માસના કૃષ્ણ પખવાડીયાની અગીયારશને દિવસે (ગુજરાતી માગશર વદિ અગીયારશ) પહેલા પહોરને વિષે, વિશાલા નામની પાલખીમાં રત્નજડિત સુવર્ણના સિંહાસન પર પૂર્વદિશા સન્મુખ બેસીને દીક્ષા લેવા નીકળ્યા. વીર પ્રભુની પેઠે શ્રી પાર્શ્વનાથ પ્રભુની દીક્ષા વખતે પણ દેવો, મનુષ્યો અને અસુરોના સમુદાયો તેમની આગળ ચાલતા હતા તે સર્વ પૂર્વની જેમ જાણી લેવું. એટલું વિશેષ કે શ્રી પાર્શ્વનાથ પ્રભુ વારાણસી નગરીની મધ્યમાં થઇને, આશ્રમપદ નામના ઉદ્યાનમાં, અશોક નામના ઉત્તમ વૃક્ષ પાસે આવ્યા અને અશોકવૃક્ષ નીચે પાલખી સ્થાપન કરાવી, નીચે ઉતર્યા. પછી પોતાની મેળેજ પોતાનાં આભરણ વિગેરે ઉતાર્યાં, પોતાની મેળેજ પંચમુષ્ટિ લોચ કર્યો અને નિર્જલ અઠ્ઠમ તપ કરીને, વિશાખા નક્ષત્રમાં ચન્દ્રનો યોગ પ્રાપ્ત થતાં, એક દેવદૂષ્ય વસ્ત્ર ગ્રહણ કરીને, ત્રણસેં પુરૂષોની સાથે, મુંડ થઇને, ગૃહવાસથી નીકળી દીક્ષા ગ્રહણ કરી.

ઉપસર્ગો

શ્રી પાર્શ્વનાથ પ્રભુએ દીક્ષા લીધા પછી ચ્યાશી દિવસ સુધી અહિ કાયાની શુશ્રુષા ન કરી, શરીર પ્રત્યેની મમતાનો સર્વથા ત્યાગ કર્યો અને દેવ દેવીઓ, મનુષ્યો અને તિર્યંચોએ કરેલા અનુકૂળ તેમજ પ્રતિકૂળ ઉપસર્ગો નિર્ભયપણે અને ક્રોધરહિતપણે સહન કર્યા. તેમાં દેવે કરેલ કમઠ સંબંધી ઉપસર્ગ આ પ્રમાણે છેઃ—

મેઘમાલીનો મેઘાડમ્બર

શ્રી પાર્શ્વનાથ પ્રભુ દીક્ષા સ્વીકારી, વિચરતા થકા, એકવાર

કોઇ એક તાપસના આશ્રમમાં આવી ચઢ્યા. ત્યાં રાત્રિને વિષે એક કૂવાની નજીકમાંજ વડવૃક્ષ નીચે પ્રતિમાધ્યાને સ્થિર થયા. પેલો કમઠ નામનો તાપસ, કે જે મરીને મેઘમાલી નામનો દેવ થયો હતો તેણે આ અવસરે પ્રભુને ધ્યાનમગ્ન થયેલા જોયા. જોતાંની સાથેજ તેને પોતાના પૂર્વભવનું વૈર યાદ આવ્યું, અને પ્રભુને ઉપદ્રવ કરવા તૈયાર થયો. પ્રથમ તો તેણે સિંહ, વિંછી, સર્પ વિગેરે પ્રકારનાં જૂદાં જૂદાં રૂપ વિકુર્વી, ત્રાસ આપવાની અજમાયશ કરી જોઈ. પણ પ્રભુ તેનાથી લેશમાત્ર પણ ક્ષોભ ન પામ્યા. પ્રભુની દ્રઢતા જોઇ તેનો ક્રોધ ક્રમે ક્રમે ઉગ્ર સ્વરૂપ ધારણ કરવા લાગ્યો. તેણે આકાશમાં કાળરાત્રિ જેવો ભયંકર મેઘ વિકુર્વ્યો. યમદેવની જીહ્વા જેવી વિજળીઓ ચારે દિશામાં ચમકાવવા માંડી, અને બ્રહ્માંડને ચીરી નાખે એવી ઘોર ગર્જનાઓ કરી. કલ્પાંત કાળના મેઘની પેઠે વરસાદ વરસાવવા લાગ્યો. આકાશ અને પૃથ્વી પણ જળમય જેવાં બની ગયાં. પૂરવેગથી વહેતા જળપ્રવાહમાં મોટાં મોટાં વૃક્ષો પણ ઉખડી પડી તણાવા લાગ્યાં. પાણીનો જોસબંધ પ્રવાહ પ્રભુના ઘુંટણ પર્યન્ત પહોંચ્યો, ક્ષણવારમાં પ્રભુની કેડ સુધી પાણી પહોંચ્યું અને જોતજોતામાં કંઠની ઉપરવટ થઇ નાસિકાના અગ્રભાગ સુધી પાણી ફરી વળ્યું. છતાં પ્રભુ તો અચળ અને અડગજ રહ્યા. એ અવસરે ધરણેન્દ્રનું આસન કંપ્યું. તેણે અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકી જોયું તો પરમ ઉપકારી ભગવંતને ભયંકર ઉપદ્રવ થતો જોવામાં આવ્યો. તત્કાળ ધરણેંદ્ર પોતાની પટ્ટરાણીઓ સહિત પ્રભુ પાસે આવ્યો અને પ્રભુને ભક્તિભાવભર્યો નમસ્કાર કરી, પ્રભુના ચરણ નીચે કમળ સ્થાપન કરી, તેમના મસ્તક ઉપર ફણાઓ રૂપી છત્ર ધરી રાખ્યું. છતાં ખુબી એ હતી કે પેલા મેઘમાલી અને ધરણેન્દ્ર પ્રત્યે પ્રભુ તો સમભાવમયજ રહ્યા. ધરણેંદ્રે તેમની ભક્તિ કરી તોપણ

"જોતજોતામાં કંઠની ઉપરવટ થઇ નાસિકાના અગ્રભાગ સુધી પાણી ફરી વળ્યું." પૃ. (૩૧૪.)

K. Art Works, Bombay 2. Meghji Hirji Bombay 3.

તેના પ્રત્યે પ્રસન્નતા નહીં અને કમઠે ઉપસર્ગ કર્યો તોપણ તેના પ્રત્યે ક્રોધ નહીં ! અમર્ષ સહિત વરસતા મેઘમાલીને ધરણેંદ્રે પોતાના અવધિજ્ઞાનથી જોયો અને ધમકાવ્યો. તેણે કમઠને કહ્યું: "અરે દુર્મતિ ! પ્રભુને નુકશાન કરવાને બદલે ઉલટો તું પોતેજ તારૂં બગાડી રહ્યો છે તેનું તને કંઈ ભાન છે? આ પરમ કૃપાળુ પુરૂષેજ મને કાષ્ટમાં બળતો ઉગારી, નવકારમંત્ર સંભળાવી ઇન્દ્રપદનો અધિકારી બનાવ્યો અને તને પણ મહાપાપમાંથી બચાવી લીધો. એવા ઉપકારી પ્રત્યે પણ તું શા સારૂ નિષ્કારણ શત્રુતા ધરાવી રહ્યો છે? પ્રભુને બુડાડવા જતાં તું પોતેજ ભવસાગરમાં બુડી રહ્યો છે તેનો કંઈક તો વિચાર કર." ધરણેન્દ્રનાં આવાં વચન સાંભળી, ભયભીત બનેલો મેઘમાલી તત્કાળ સર્વ જળ સંહરી લઈ પ્રભુના ચરણમાં નમી પડ્યો અને અંજલિ જોડી, પોતાના અપરાધ ખમાવી સ્વસ્થાને ચાલ્યો ગયો. ધરણેન્દ્ર પણ નાટક વિગેરેથી પ્રભુપૂજા કરી પોતાને સ્થાને ગયો. એ રીતે દેવાદિએ કરેલા ઉપસર્ગો પ્રભુએ નિર્ભયપણે સહી લીધા.

અણગાર અને અર્હન્

એવી રીતના ઉપસર્ગો સ્હેવાથી શ્રી પાર્શ્વનાથ ભગવાન અણગાર થયા. તેમણે હાલવા–ચાલવામાં કોઇપણ જીવની વિરાધના ન થાય તેવી ઇર્યાસમિતિ પાળી, તેવીજ રીતે ભાષાસમિતિ, એષણાસમિતિ, મનગુપ્તિ, વચનગુપ્તિ, અને કાયગુપ્તિ પણ બરાબર પાળી, નવવાડોવાળું યત્નપૂર્વક બ્રહ્મચર્ય પાળ્યું. અંતર બાહ્ય શાંતિ અને સર્વત્ર સમાનદ્રષ્ટિ રાખી તેઓ વિચરવા લાગ્યા. એ રીતે અનુપમ જ્ઞાન, દર્શન અને ચારિત્રાદિ અસાધારણ ગુણો વડે પોતાના આત્માને ભાવતા, પ્રભુને ત્યાશી દિવસ વીતી ગયા. ચોરાશીમા દિવસને વિષે, ગ્રીષ્મકાળના પહેલા મહિનામાં ગ્રીષ્મકાળના પહેલા પખવાડીયામાં એટલે કે ચૈત્રમાસના કૃષ્ણ

પખવાડીયામાં, ચોથની તિથિને વિષે, પ્રભાતકાળ સમયે, પહેલા પહોરે, ધાતકી નામના વૃક્ષની નીચે, નિર્જળ છઠ્ઠ તપ વડે યુક્ત થકે, વિશાખા નક્ષત્રમાં ચન્દ્રનો યોગ પ્રાપ્ત થતાં, શુક્લ ધ્યાનના ચાર ભેદોને વિષે પ્રથમના બે ભેદોમાં વર્તતા શ્રી પાર્શ્વનાથ પ્રભુને અનંત વસ્તુના વિષયવાળું-અવિનાશી, અનુપમ એવું પ્રધાન કેવળજ્ઞાન તથા કેવળદર્શન ઉત્પન્ન થયું. ત્યારપછી શ્રી પાર્શ્વનાથ પ્રભુ અર્હન્ થયા, અશોકવૃક્ષાદિ પ્રાતિહાર્યની પૂજાને યોગ્ય થયા, પદાર્થોના સઘળા વિશેષ ધર્મોને અને સઘળા સામાન્ય ધર્મોને જાણનારા થયા, અને સર્વ લોકને વિષે તે તે કાળે મન વચન અને કાયયોગમાં યથાયોગ્ય વર્તતા એવા સર્વ જીવોના અને ધર્માસ્તિકાય વિગેરે સર્વ અજીવોના સમગ્ર પર્યાયોને જાણતા તથા દેખતા થકા વિચરવા લાગ્યા.

પ્રભુના ગણધર અને પરિવાર

પુરૂષપ્રધાન અર્હન્ શ્રી પાર્શ્વનાથને આઠ ગણ અને આઠ ગણધરો હતા. એકવાચનાવાળા સાધુઓના સમુદાયને 'ગણ' કહેવાય અને તેમના નાયક તે ગણધર. *આઠ ગણધરનાં નામ આ પ્રમાણે:—

(૧) શુભ (૨) આર્યઘોષ (૩) વશિષ્ઠ (૪) બ્રહ્મચારી (૫) સોમ (૬) શ્રીધર (૭) વીરભદ્ર અને (૮) યશસ્વી.

પ્રભુને આર્યદિન્ન આદિ સોળ હજાર સાધુઓની, પુષ્પચુલા પ્રમુખ આડત્રીશ હજાર સાધ્વીઓની, સુવ્રત આદિ એક લાખ અને ચોસઠ હજાર શ્રાવકોની, સુનંદા આદિ ત્રણ લાખ અને સત્તાવીશ હજાર શ્રાવિકાઓની, કેવલી નહીં છતાં અકારાદિ સર્વ

* આવશ્યકસૂત્રમાં દસ ગણ અને દસ ગણધર હોવાનું કહ્યું છે. પણ તેઓમાં બે અલ્પ આયુષ્યવાળા હોવાથી આ કલ્પસૂત્રમાં તથા શ્રી સ્થાનાંગ સૂત્રમાં તેમનો ઉલ્લેખ કર્યો નથી, એમ ટીપ્પણમાં કહ્યું છે.

અક્ષરોના સંયોગોને જાણવાવાળા-સર્વજ્ઞની પેઠે સાચી પ્રરૂપણા કરનારા સાડા ત્રણસો ચૌદપૂર્વીઓની, ચૌદસો અવધિજ્ઞાનીઓની, એક હજાર કેવળજ્ઞાનીઓની, અગીયારસો વૈક્રિયલબ્ધિવાળા મુનિઓની, અને છસો મનઃપર્યવજ્ઞાનીઓની ઉત્કૃષ્ટ સંપદા થઈ. તેમજ એક હજાર સાધુઓ અને બે હજાર સાધ્વીઓ મોક્ષે ગયાં. વળી સાડા સાતસો વિપુલમતિ-મનઃપર્યવ જ્ઞાનીઓની, છસો વાદીઓની અને અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થનારા બારસો મુનિઓની ઉત્કૃષ્ટ સંપદા થઈ.

શ્રી પાર્શ્વનાથ પ્રભુના શાસનમાં મોક્ષગામીઓને મોક્ષે જવાના કાલની મર્યાદા બે પ્રકારે થઈ:—(૧) યુગાંતકૃદ્‌ભૂમિ અને (૨) પર્યાયાંતકૃદ્‌ભૂમિ. યુગ એટલે ગુરૂ, શિષ્ય, પ્રશિષ્યાદિ ક્રમસર વર્ત્તતા પટ્ટધર પુરૂષો વડે મર્યાદિત જે મોક્ષગામીઓનો મોક્ષે જવાનો કાળ તે યુગાંતકૃદ્‌ભૂમિ કહેવાય અને પર્યાય એટલે પ્રભુનો કેવલિપણાનો કાળ, તેને આશ્રીને જે મોક્ષગામીઓનો મોક્ષે જવાનો કાળ તે પર્યાયાંતકૃદ્‌ભૂમિ કહેવાય. શ્રી પાર્શ્વનાથ પ્રભુથી આરંભીને ચાર પાટ-ચોથા પટ્ટધર પુરૂષ સુધી મોક્ષમાર્ગ ચાલુ રહ્યો તે યુગાંતકૃદ્‌ભૂમિ અને પ્રભુને કેવળજ્ઞાન થયા પછી ત્રણ વર્ષે કોઈક મુનિ મોક્ષે ગયા તેથી ત્રણ વર્ષથી જ મોક્ષ માર્ગ ચાલુ થયો તે પર્યાયાંતકૃદ્‌ભૂમિ ગણાય.

મોક્ષગમન સંબંધી સ્થળ-કાળ વિગેરે

શ્રી પાર્શ્વનાથ પ્રભુ ત્રીશ વર્ષ ગૃહસ્થાવસ્થામાં રહ્યા. ચ્યાશી દિવસ છદ્મસ્થ પર્યાય પાળ્યો અને ચ્યાશી દિવસ ઊણા સીત્તેર વર્ષ કેવલિપર્યાય પાળ્યો. એવી રીતે એકંદરે પરિપૂર્ણ સીત્તેર વર્ષ ચારિત્રપર્યાય પાળીને તથા સર્વ મળી કુલ એકસો વર્ષનું સર્વ આયુષ્ય પૂર્ણ કરીને, વેદનીય, આયુઃ, નામ અને ગોત્ર એ ચાર ભવોપગ્રાહી કર્મો ક્ષીણ થતાં, આ અવસર્પિણીમાં, દુષમ-

સુષમ નામનો ચોથો આરો ઘણોખરો વીતી ગયા બાદ, વર્ષાકાળના પહેલા મહિનામાં, વર્ષાકાળના બીજા પખવાડીયામાં–શ્રાવણ માસના શુકલ પખવાડીયાની આઠમને દીવસે, સમ્મેત નામના પર્વતના શીખર ઉપર, તેત્રીસ બીજા મુનિવરો સાથે, જળરહિત માસ ક્ષપણનું તપ કરીને, વિશાખા નક્ષત્રમાં ચંદ્રમાનો યોગ પ્રાપ્ત થતાં, પહેલા પ્રહરને વિષે, બન્ને હાથ લાંબા કરી કાઉસગ્ગ ધ્યાનમાં રહીને મોક્ષે ગયા–સંસાર સમુદ્રનો પાર પામ્યા–શરીર તથા મન સંબંધી સર્વ દુઃખો ઓળંગી ગયા.

અર્હન્ શ્રી પાર્શ્વનાથના નિર્વાણકાલ પછી બારસો વર્ષ વીતી ગયા. તેરમા સૈકાનું આ ત્રીશમું વષ જાય છે. અર્થાત્ શ્રી પાર્શ્વનાથ પ્રભુના નિર્વાણ પછી બારસો ત્રીશમે વર્ષે કલ્પસૂત્ર પુસ્તકારૂઢ થયું–કિંવા વંચાયું. શ્રી પાર્શ્વનાથ પ્રભુના નિર્વાણ પછી અઢીસો વર્ષે શ્રી મહાવીરસ્વામીનું નિર્વાણ થયું અને શ્રી મહાવીર પ્રભુના નિર્વાણ પછી નવસો એંશીમે વર્ષે આ કલ્પસૂત્ર પુસ્તકારૂઢ થયું.

શ્રી નેમિનાથ ચરિત્ર.

હવે શ્રી નેમિનાથનું ચરિત્ર જઘન્યાદિ વાચનાથી કહેવામાં આવે છે. તે કાળે અને તે સમયે શ્રી નેમિનાથ પ્રભુનાં પાંચે કલ્યાણક ચિત્રા નક્ષત્રમાં થયાઃ–પ્રભુ ચિત્રા નક્ષત્રમાં દેવલોકથી ચ્યવ્યા, અને ચ્યવીને ગર્ભમાં ઉત્પન્ન થયા, ચિત્રા નક્ષત્રમાં જન્મ્યા, ચિત્રા નક્ષત્રમાં દીક્ષા લીધી અને ચિત્રા નક્ષત્રમાં કેવલજ્ઞાન તથા કેવલદર્શન પામી મોક્ષે ગયા.

શ્રી નેમિનાથ પ્રભુ વર્ષાકાલના ચોથા માસમાં, વર્ષાકાલના સાતમા પખવાડીયામાં–કાર્તિક માસના કૃષ્ણ પખવાડીયાની બારશની તિથિને વિષે (ગુજરાતી આસો વદિ બારસ), બત્રીસ સાગરોપમની સ્થિતિવાળા અપરાજિત નામના મહાવિમાનથી

આંતરારહિત ચ્યવીને આ જંબૂદ્વીપ નામના દ્વીપને વિષે ભરતક્ષેત્રમાં શૌર્યપુર નામના નગરમાં, સમુદ્રવિજય નામના રાજાની શિવાદેવી નામની રાણીની કુખમાં, મધ્યરાત્રિએ, ચિત્રા નક્ષત્રમાં ચન્દ્રમાનો યોગ પ્રાપ્ત થતાં ગર્ભપણે ઉત્પન્ન થયા. અહીં શિવાદેવી માતાએ ચૌદ સ્વપ્ન જોયાં તથા વ્યંતરદેવોએ મહાનિધાનો આણ્યાં વિગેરે વૃત્તાન્ત શ્રી વીરપ્રભુની પેઠે જાણી લેવો.

તે કાળે અને તે સમયે વર્ષાકાળના પહેલા મહિનામાં, બીજા પક્ષમાં-શ્રાવણ માસના શુકલ પક્ષની પાંચમની રાત્રીને વિષે, નવ માસ બરાબર સંપૂર્ણ થતાં, ચિત્રા નક્ષત્રમાં ચન્દ્રમાનો યોગ થતાં, આરોગ્યવાળી શિવાદેવીએ આરોગ્ય પુત્રનો જન્મ આપ્યો. અહીં જન્મમહોત્સવ વિગેરે સર્વ શ્રી મહાવીર પ્રભુની પેઠે સમજવું. સમુદ્રવિજય રાજાએ સગાંસંબંધી તથા જ્ઞાતિજનોને આમંત્રણ કરી ભોજન કરાવ્યું અને તેમને સર્વને સંબોધીને કહ્યું કે:-" હે દેવાનુપ્રિયો ! અમારો આ બાળક ગર્ભમાં હતો ત્યારે તેની માતાએ સ્વપ્નમાં રિષ્ટ રત્નમય નેમિ નિહાળી હતી તેથી અમે આ કુમારનું નામ 'અરિષ્ટનેમી' પાડીએ છીએ. "*

કુમાર અરિષ્ટનેમિનું અનન્ય બાહુબળ

શ્રી અરિષ્ટનેમિ પ્રભુ પરણ્યા નથી તેથી તેઓ કુમાર કહેવાય છે. તેઓ કેમ ન પરણ્યા તે વિષે આગળ કહેવામાં આવશે. જ્યારે તેઓ યુવાવસ્થાને પ્રાપ્ત થયા ત્યારે શિવાદેવી માતાએ એકવાર કહેલું કે-" હે વત્સ ! તું વિવાહ કર અને અમારા

---

* 'રિષ્ટ ' શબ્દ અમંગળવાચી હોવાથી, અમંગળના પરિહાર અર્થે અ અક્ષર ઉમેરી પ્રભુનું નામ અરિષ્ટનેમિ રાખવામાં આવ્યું, નેમિ એટલે ચક્રની ધાર. અરિષ્ટ-અશુભનો ધ્વંસ કરવામાં ચક્રની ધાર સમાન તે અરિષ્ટનેમિ. તેમનું બીજું નામ નેમિનાથ પણ છે.

મનોરથ સંપૂર્ણ કર." પ્રભુએ જવાબ આપ્યો કે:–"માતાજી! યોગ્ય કન્યા પ્રાપ્ત થતાં હું વિવાહ કરીશ."

જો કે પ્રભુ પોતે તો કૌતુકરહિત હતા છતાં એકવાર મિત્રોની પ્રેરણાથી, કેવળ ક્રિડાની ખાતર કૃષ્ણવાસુદેવની આયુધશાળામાં જઇ ચડયા. ત્યાં કૌતુક જોવાની ઉત્સુકતાવાળા કેટલાક મિત્રોની વિનતિથી શ્રી નેમિકુમારે કૃષ્ણના ચક્રને આંગળીના ટેરવા ઉપર રાખી, કુંભારના ચાકડાની પેઠે ફેરવવા માંડયું. શાર્ઙ્ગ નામનું ધનુષ્ય કમળના નાળચાની પેઠે વાંકુ વાળી દીધું અને કૌમુદિકી નામની ગદા લાકડીની પેઠે ઉપાડી ખભા ઉપર મૂકી દીધી. પાંચજન્ય નામનો શંખ તો એવા જોરથી ફુંકયો કે મ્હોટા મ્હોટા ગજેન્દ્રો બંધનસ્તંભને ઉખેડી નાખી, સાંકળો તોડી–ફોડી, ઘરોની પંકિતને ભાંગતા–તોડતા નાસાનાસ કરવા લાગ્યા, કૃષ્ણના ઘોડાઓ પણ ખીલા તોડીને આમતેમ દોડવા લાગ્યા, આખું શહેર જાણે બ્હેરૂં થઇ ગયું હોય એવો ભાસ થવા લાગ્યો, નગરજનો ત્રાસથી થરથરવા લાગ્યાં અને શસ્ત્રશાલાના રક્ષકો તો બિચારા મરવા પડયા હોય એવા થઇ ગયા.

કૃષ્ણનું ચિત્ત પણ એ શંખધ્વનિ સાંભળતા જ શંકા અને ભયના હિંદોળે ચડયું. તેને લાગ્યું કે—"જરૂર, મારો કોઇ મહા વૈરી અથવા પ્રતિસ્પર્ધી ઉત્પન્ન થયો. તે સિવાય આમ ન બને." તે તત્કાળ પોતાની આયુધશાળામાં આવ્યા.

પોતાના ભુજબળની સાથે તુલના કરવાના ઇરાદાથી કૃષ્ણે નેમિકુમારને કહ્યું:—"બંધુ, ચાલો આપણે આપણા બાહુબળની પરીક્ષા કરી જોઇએ." નેમિકુમારે નિઃશંકપણે એ આવ્હાન સ્વીકાર્યું અને બન્ને જણા મલ્લના અખાડામાં આવ્યા.

નેમિકુમારનું હૃદય પ્રથમથી જ કોમળ હતું. તેમને વિચાર થયો કે "જો હું છાતીથી, ભુજાથી કે ચરણથી કૃષ્ણને દબાવીશ

કુમાર અરિષ્ટનેમિ પાંચજન્ય શંખ ફુંકે છે! (પૃ. ૩૨૦.)

K. Art Works, Bombay 2. Meghji Hirji Bombay 3.

તો તેના આ નાજુક દેહના બેહાલ થઈ જવાનાં, પણ હું મલ્લ-યુદ્ધ કરવાની ના પાડું તો તેમાં મારી નબળાઇ ગણાય. મારા બાહુબળનો પ્રભાવ તો મારે તેને બતાવવો જ જોઇએ. " આખરે નેમિકુમારે એક વચલો માર્ગ શોધી કાઢયો. તેમણે કૃષ્ણને કહ્યું કે:—"બંધુ ! કોઇને જમીન ઉપર નાખી દેવો અને તેને પૃથ્વી ઉપર રગદોળવો એ તો સાધારણ માણસનું યુદ્ધ ગણાય. આપણે જો બળની પરીક્ષાજ કરવી હોય તો પરસ્પરની ભુજાને કોણ કેટલી નમાવે છે તે ઉપરથી પૂરતી ખાત્રી થઇ શકે એમ છે." કૃષ્ણે એ વાત કબુલી અને તરત જ પોતાનો હાથ લંબાવ્યો. કૃષ્ણે લાંબા કરેલા બાહુને નેમિકુમારે તો નેતરની સોટીની પેઠે જોતજોતામાં વાળી નાખ્યો. પછી નેમિકુમારે પોતાનો ડાબો હાથ લંબાવ્યો. વૃક્ષની શાખા જેવા **શ્રી** નેમિજિનના બાહુને વિષે શ્રીકૃષ્ણ વાંદરાની જેમ લટકી રહ્યા. આથી તેમને બહુ ખેદ થયો અને તેમનું શ્યામ મુખ શરમને લીધે વધારે શ્યામ થયું, ત્યારથી તેમનું 'હરિ' (કૃષ્ણ) નામ, હરિ (વાંદરો) તરીકે યથાર્થ થયું.

કૃષ્ણની ચિંતા અને ચાલાકી

બીજી પણ અનેક રીતે કૃષ્ણે પોતાનું બળ અજમાવ્યું. છતાં તેમાં તે ન ફાવ્યા. પોતાની શરમને ઢાંકવા અને નેમિકુમારને સારૂં લગાડવા તેમણે નેમિકુમારને પોતાની છાતી સરસા ચાંપ્યાં અને કહ્યું કે,—" પ્રિય બંધુ ! જેમ બળભદ્ર મારા બળને લીધે જગતને તૃણવત્ લેખે છે તેમ હું પણ હવે તમારા બળથી જગત્-ને તૃણ સમાન લેખું છું. " તે પછી તેમણે નેમિકુમારને રજા આપી.

એકાંતમાં બેસી કૃષ્ણ વિચારવા લાગ્યા કે—" આ મહા

બળવાન્ નેમિકુમાર ધારે તો રમતવાતમાં મારૂં રાજ્ય પડાવી લે. મેં મહા મહેનતે પ્રાપ્ત કરેલું રાજ્ય તે જોતજોતામાં પડાવી લે એવો સમર્થ દેખાય છે. માટે મારે હવે કંઇક ચાલાકી વાપરી, અત્યારથી જ સાવચેત બનવું જોઇએ. આ જગત્માં બધે બુદ્ધિમાન પુરૂષો જ વિજય પામે છે અને સ્થૂલ બુદ્ધિવાળા તો હાથ ઘસતા બેસી રહે છે. દાખલા તરીકે દાંત મહા મુશીબતે ચાવે છે, પણ તેનો રસ તો જીભ ચોરી જાય છે. ”

તે પછી તેઓ બળભદ્ર પાસે જઇ કહેવા લાગ્યા કેઃ— “ભાઈ! હું તમને વાત કહેતાં પણ શરમાઉં છું. મારા જેવો બળવાન વાસુદેવ જ્યારે નેમિકુમારની ભુજા સાથે એક પંખીની જેમ લટકી રહે ત્યારે હવે મારે મારી શરમ કયાં જઈ છુપાવવી? એ મહાબલિષ્ટ નેમિકુમાર કોઈક દિવસ પણ આપણું રાજ્ય પડાવી લેશે અને આપણને રઝળતા કરી મૂકશે. તેથી આપણે જો ડાહ્યા હોઈએ તો એ કાંટો અત્યારથીજ ખેંચી કાઢવાની તજવીજ કરવી જોઈએ. ” આ પ્રમાણે વાતચીત કરે છે એટલામાં જ આકાશમાંથી દેવવાણી થઇ કે—“ હે હરિ! તમારે ચિંતા કરવાનું કંઇ જ કારણ નથી! પૂર્વે શ્રી નમિનાથ તીર્થંકરે કહ્યું હતું તેમ શ્રી નેમિનાથ નામના બાવીશમા તીર્થંકર કુમાર અવસ્થામાંજ દીક્ષા લેશે. ” આ વાણી સાંભળી કૃષ્ણ કિંચિત્ અંશે નિશ્ચિંત થયા.

ગોપીઓ સાથે જળક્રિડા

કૃષ્ણે એક બીજો દાવ રચ્યો. તેઓ પોતાના અંતઃપુરની ગોપીઓ સાથે નેમિકુમારને રૈવતાચલના ઉદ્યાનમાં જલક્રિડા કરવા લઇ ગયા. કૃષ્ણે પ્રેમથી પ્રભુનો હાથ ઝાલી સરોવરની અંદર ઉતાર્યા અને સુવર્ણની પીચકારીમાં કેસરવાળું જળ ભરી પ્રભુ ઉપર સિંચવા માંડયું. તેમણે પોતાની રૂકિમણી વિગેરે ગોપીઓને

કલ્પસૂત્ર.

ભોજાઇઓનાં મીઠાં મ્હેણા. (પૃ. ૩૨૩)

પણ આગળથી જ કહી રાખ્યું હતું કેઃ—“ તમારે નેમિકુમાર સાથે નિઃશંકપણે જળક્રિડા કરવી અને કોઈપણ રીતે તેની વિવાહ કરવાની ઇચ્છા થાય તેમ કરવું. ”

પોતાના પતિની આજ્ઞા મળવાથી ગોપીઓ પણ પ્રભુની સાથે છૂટથી ક્રિડા કરવા લાગી. કોઇએ પ્રભુ ઉપર કેસરમિશ્રિત સુગંધી જળ છાંટયું, કોઈએ પુષ્પોના ગુચ્છા પ્રભુના વક્ષઃસ્થળ ઉપર નાખ્યા, કેટલીક સ્રીઓ હૃદયભેદી તીક્ષ્ણ કટાક્ષબાણુથી પ્રભુના ચિત્તને વિંધવાનો પ્રયત્ન કરવા લાગી, કામકળામાં ચતુર એવી કેટલીક સ્રીઓ હાવભાવ અને હાસ્યાદિથી પ્રભુને વિસ્મિત કરવા લાગી, અને કેટલીક નારીઓ એકીસાથે મળી ઉપરાઉપરી રંગની પીચકારીઓ ભરી ભરી ફેંકવા લાગી અને અંદર અંદર ખૂબ હસવા લાગી. આટલું છતાં પ્રભુની ઉપર તેની કશી જ અસર ન થઇ. આકાશવાણીમાં પણ એજ ઉદ્ગાર પ્રકટ થયા કેઃ—“ હે સ્રીઓ, તમે કેટલી બધી ભોળી છો ? પ્રભુની બાલ્યાવસ્થામાંજ ચોસઠ ઇન્દ્રોએ મળી એક યોજન જેટલા પ્હોળા મુખવાળા— મ્હોટા હજારો કળશોથી પર્વત ઉપર તેમનો અભિષેક કર્યો હતો, છતાં પણ તેઓ જરાય વ્યાકુળ થયા ન્હોતાઃ તો શું તમે તમારી ક્રિડાથી તેમને વ્યાકૂલ કરી શકવાના હતા ? ” ગોપીઓ પોતાનાં હાથ હેઠા પડવાથી શરમાઇ ગઇ. તે પછી પ્રભુએ લાગ સાધી કૃષ્ણ તથા સર્વ ગોપીઓ તરફ જળથી ભરેલી પીચકારીઓ છોડી, અને પુષ્પના ગુચ્છા પણ ફેંકયા. ગોપીઓ વિગેરે થાકયાં એટલે તેમણે સરોવરના કિનારે આવી, નેમિકુમારને સુવર્ણના સિંહાસન ઉપર બેસાર્યા અને પોતે તેમની આસપાસ વીંટળાઇને ઉભી રહી.

ભોજાઇઓનાં મ્હેણાં

રૂક્મિણી નેમિકુમારને લગ્ન કરવા લલચાવવા સારૂ બોલી

કેઃ—" હે નેમિકુમાર ! તમારા ભાઈ તો બત્રીસ હજાર સ્ત્રીઓ સાથે પરણ્યા છે અને તમે તો સ્ત્રી પુત્રાદિનું પેટ ભરવું પડશે એવા ભયથી એક સ્ત્રી પણ પરણતા નથી એ કેટલી બધી કાયરતા ગણાય ? એ હિસાબે તો તમારા કરતાં તમારા ભાઈ હજાર ગણા વધારે સમર્થ લેખાય. પણ એ વાત જવા દો. તમે તમારી સ્ત્રી-પરિવારનું પાલન-પોષણ નહીં કરી શકો તોપણ તમારા ભાઈ જે પોતે એકલા બત્રીસ હજારને પાળે છે તેઓ શું તમારી સ્ત્રીને નહીં પાળી શકે ? માટે એવી એવી નકામી ચિંતાઓ ત્યજી દઈ વિવાહ કરવાનું કબુલી લ્યો."

સત્યભામાએ કહ્યું:—" તમે કંઈ નવા જ મોક્ષગામી થયા લાગો છો ! ઋષભદેવ વગેરે તીર્થંકરોએ પણ વિવાહ તો કર્યોજ હતો, રાજ્ય પણ ચલાવ્યું હતું, પુત્રો પણ થયા હતા સંસાર પણ પૂરેપૂરો ભોગવ્યો હતો અને છેવટે મોક્ષે પણ ગયા હતા. તમે ન પરણવાની હઠ છોડી દો. ગૃહસ્થાવાસની મનોહરતાનો એકવાર અનુભવ લઈ જુઓ, લગ્ન કરી બન્ધુ-બાંધવોનાં મનને શાંત કરો, પછી ક્યાં બ્રહ્મચર્ય નથી પળાતું ? અસાધારણ રૂપલાવણ્યથી ખીલી નીકળેલા તમારા યૌવનને અરણ્યમાં ઉગેલા પુષ્પની જેમ શા સારૂ નિષ્ફળ ગુમાવી દો છો ?"

જાંબવતીએ કહ્યું:—" હે કુમાર ! હું તમને એક બીજો દાખલો આપું અને તે તમારાજ વંશનો. વિભૂષણ સમાન મુનિસુવ્રત નામના તીર્થંકર તમારાજ વંશમાં થઈ ગયા છે, તેઓ ગૃહસ્થાવાસમાં રહ્યા હતા, પુત્ર પણ થયો હતો અને પછી મોક્ષે પણ ગયા હતા. વિવાહ કરવાથી મોક્ષે નથી જવાતું એવું ઉંધું તમને કોણે કહ્યું ? એકવાર વિવાહ કરો, પછી તમારે ત્યાગી થવું હોય તો કોણ ના પાડે છે ? "

પદ્માવતીએ કહ્યું:—" આખું જગત્ જોઈ લ્યો. સ્ત્રી વગરના

પુરૂષની આ સંસારમાં કશી પણ કીમત નથી. વાંઢાઓનો વિશ્વાસ પણ કોઇ ન કરે. સ્ત્રી વિનાનો પુરૂષ ધૂર્ત્તની ગણતરીમાં લેખાય છે. માટે દિયરજી ! જરા લાંબો વિચાર કરી વિવાહની અનુમતિ આપો એટલે પત્યું."

ગાંધારી બોલી:—"બીજું બધું તો ઠીક, પણ ધારો કે તમારે ત્યાં કોઈ મિત્ર કે સગાં-સ્નેહી આવ્યાં તો, તમારી સ્ત્રી સિવાય તેમની સારસંભાળ કોણ લેશે ? પર્વના ઉત્સવો, મેળાવડા, વિવાહની ધામધૂમ, ઉજાણી, પોંખણું વિગેરેમાં તમે એકલા જઈને ઉભા રહેશો તો શરમને લીધે ઉંચું મ્હોં પણ નહીં કરી શકો. આ સંસારમાં સ્ત્રીની તો ડગલે ને પગલે જરૂર પડે છે, માટે સાનમાં સમજી વિવાહ કરો."

ગૌરીએ કહ્યું:—"માણસ જાતની વાત એક બાજુ રહેવા દો. પશુ પંખી પણ આખો દિવસ ભટકી ભટકીને જ્યારે સાંઝે ઘેર આવે છે અને પોતાની સ્ત્રી વિગેરેને મળે છે ત્યારેજ તેનો જીવ હેઠો બેસે છે. તમે એક પંખી કરતાં પણ નમાલા ગણાવા માગો છો ? એકવાર પરણવામાં કઈ મ્હોટી હાનિ થઇ જવાની હતી ?"

લક્ષ્મણા બોલી:—"ખરૂં જુઓ તો આ સંસારમાં સૌંદર્યના અર્કરૂપ, વિચક્ષણ, પ્રેમથી મનોહર, વિશ્વાસપાત્ર અને દુઃખમાં એક માત્ર સહાયક કોઇ હોય તો તે માત્ર સ્ત્રીજ છે. તેની અવગણના કરવાથી તમે સારા સંસારની અવગણના કરશો તેનો કંઇક તો વિચાર કરો."

સુસીમાએ કહ્યું:—"બીજું તો ઠીક, પણ તમારે ત્યાં કોઈ અતિથિ કે કોઇ મુનિરાજ આવી ચડે તો તમે સ્ત્રીની મદદ વિના તેની સેવાભક્તિ શીરીતે કરી શકો ? સ્ત્રી વિનાના પુરૂષને

આ જગતમાં ક્યાંઇ સ્થાન નથી. એકલો પુરૂષ કશી બીસાતમાં ગણાતો નથી. માટે દિયરજી, સમજો, સમજો અને પરણીને ગૃહસ્થાવાસને શોભાવો."

એ પ્રમાણે બીજી પણ અનેક ગોપીઓએ યુક્તિ–પ્રયુક્તિવડે નેમિકુમારના ચિત્તને ભીંજવવા પ્રયત્ન કર્યો. ગોપીઓ અને યદુઓના આગ્રહથી, મૌન બેઠેલા પ્રભુ જરા હસી પડયા. તેમને હસતા જોઇ "**अनिषिद्धम् अनुमतम्**" અર્થાત્ ચોખ્ખી ના ન પાડી તેથી તેમને કબુલ છે એવો અર્થ કરી સૌ ગોપીઓ આનંદમય સ્વરોમાં એકદમ બોલી ઉઠી કે:—"નેમિકુમાર લગ્ન કરવા તૈયાર છે." આ વાત જોતજોતામાં દ્વારકાનગરીમાં ઘેર ઘેર ફેલાઇ ગઇ.

લગ્નની તૈયારી

કૃષ્ણ વાસુદેવ ઉગ્રસેન રાજા પાસે જઇ તેની પુત્રી રાજીમતીનું માગું કરી આવ્યા અને ઉગ્રસેને પણ તે ઘણી જ ખુશીથી સ્વીકાર્યું. કૃષ્ણે સમુદ્રવિજયને તે સમાચાર આપ્યા. મહારાજા સમુદ્રવિજયના હર્ષનું તો પૂછવું જ શું ? તેમણે કહ્યું—"હે વત્સ ! તમારી પિતૃભક્તિ અને ભ્રાતૃવાત્સલ્ય જોઇ મને પરમ આનંદ થાય છે. તમે નેમિકુમારને વિવાહ કરવાનું કબૂલાવી અમારી ચિંતા હંમેશને માટે દૂર કરી છે." મહારાજા સમુદ્રવિજયે તત્કાલ ક્રોષ્ટુકી નામના જોષીને બોલાવી લગ્નનો શુભ દિવસ પૂછ્યો. જોષીએ જવાબ આપ્યો કે:—"વર્ષાકાળમાં શુભ કાર્યો થઇ શકતાં નથી, તો પછી ગૃહસ્થીઓનું મુખ્ય અને મહત્ત્વનું કાર્ય–વિવાહ તો થઇ જ કેમ શકે ?" સમુદ્રવિજયે પોતાની સ્થિતિ સ્પષ્ટ કરતાં કહ્યું કે:—"અમે માંડમાંડ નેમિકુમારને વિવાહ માટે મનાવ્યા છે. હવે જો વિવાહ લંબાય તો મોટું વિઘ્ન આવી પડવાનો દરેક સંભવ છે. માટે ગમે તેમ કરી

નજીકનો કોઇ દિવસ નક્કી કર્યા સિવાય બીજો ઈલાજ નથી.” ક્રોષ્ટુકિએ ન છુટકે શ્રાવણ શુદ છઠ્ઠનો દિવસ નક્કી કર્યો. ઉગ્રસેન રાજાને પણ એ મુહૂર્ત્ત વિષે ખબર આપી દીધા. બન્ને સ્થળે વિવાહની ધામધૂમને લગતી મ્હોટી તૈયારીઓ થવા લાગી. કૃષ્ણે આખા શહેરને શણગારી સ્વર્ગ જેવું સુશોભિત બનાવી દીધું. એમ કરતાં લગ્નનો દિવસ પણ આવીને ઉભો રહ્યો.

લગ્નને દિવસે શ્રી નેમિકુમારને ઉગ્રસેનને ઘેર લઈ જવા તૈયાર કર્યા. તેમના અંગ ઉપર ઉત્તમ શૃંગાર પહેરાવ્યાં, એક સરસ શ્વેત અશ્વ ઉપર બેસાડ્યા, મસ્તક ઉપર એક છત્ર ધર્યું, બન્ને પડખે ચામર વિંઝાવા લાગ્યા, અને તેમની પાછળના અશ્વોના હણહણાટથી દિશાઓ ગર્જી રહી. નેમિકુમારની પાછળ બીજા અનેક રાજકુમારો અશ્વ ઉપર સ્વાર થઈ ચાલવા લાગ્યા. સમુદ્રવિજયાદિ દશાર્હો, કૃષ્ણ અને બલભદ્ર વિગેરે આત્મીય પરિવાર પણ સાથે જ ચાલવા લાગ્યો. શિવાદેવી માતા અને સત્યભામા વિગેરે અંતઃપુરવાસિની સ્ત્રીઓ પણ મહા-મૂલ્યવાળી પાલખીમાં બેસી મંગળગીત ગાવા લાગી.

એટલામાં શ્રી નેમિકુમારની નજર એક સફેદ મહેલ તરફ ગઈ. તેમણે પોતાના સારથિને પૂછ્યું:—“ મંગલના સમુહથી શોભતો આ શ્વેત મહેલ કોનો હશે ? ” સારથિએ તે મહેલ તરફ આંગળી ચીંધી કહ્યું:—“ સ્વામી ! કૈલાસના શિખર સમો એ આલીશાન મહેલ, બીજા કોઈનો નહીં, પણ આપના સસરા—ઉગ્રસેન રાજાનો જ છે. અને આ સામે જે બે સ્ત્રીઓ અંદર અંદર વાતચીત કરી રહી છે તે આપની સ્ત્રી—રાજિમતિની ચન્દ્રાનના તથા મૃગલોચના નામની સખીઓ છે. ”

પ્રથમ દર્શન

શ્રી નેમિકુમારને જોઈ મૃગલોચના બોલી ઉઠી:—“ સખી

ચંદ્રાનના ! સમસ્ત સ્ત્રી જગત્માં આજે રાજીમતી જેવી ભાગ્યશાલી સ્ત્રી બીજી કોઈ નહીં હોય ! જેને આવો સુંદર વર મળે તેના અહોભાગ્યનું તો પૂછવું જ શું ? ”

ચન્દ્રાનનાએ કહ્યું—“ અદ્‌ભૂત રૂપથી મનોહર બનેલી રાજીમતીને જો આવો વર વિધાતા ન મેળવી આપે તો તેમાં વિધાતાની પોતાની જ હાંસી થાય. એટલે કે વિધાતાએ પોતે જ આ જોડી ગોઠવી રાખી છે. ” એટલામાં વાજીંત્રોના શબ્દ સાંભળી, રાજીમતી એકદમ પોતાની ઉક્ત સખીઓ વચ્ચે આવીને ઉભી રહી. તેણીએ કહ્યું:—“ મ્હોટી ધામધૂમથી આવતા વરરાજાને નીરખવાના શું તમને એકલાને જ કોડ હશે કે ? ” એટલું બોલતામાં તો તેણીએ સખીઓને બળથી હડસેલી પોતાનો માર્ગ કરી લીધો. સ્વાભાવિક સૌંદર્ય અને રત્નજડિત આભૂષણોથી તેજોમય જેવા જણાતા નેમિકુમારને જોતાં જ રાજીમતી આશ્ચર્યથી દિગ્મૂઢ જેવી બની ગઈ. તે પોતાના મનમાં જ વિચારવા લાગી કે:—“ આ તે પાતાલકુમાર હશે કે સાક્ષાત્ કામદેવ પુરૂષનો વેષ લઈ આ તરફ આવતા હશે કે સુરેંદ્ર પોતે આ પૃથ્વી ઉપર ઉતરી આવ્યા હશે ? જે વિધાતાએ આવા અનુપમ અને અદ્વિતીય પુરૂષને બનાવ્યો તેને પણ ધન્ય છે ! ” રાજીમતીની દૃષ્ટિ નેમિકુમાર તરફ જ વળેલી હતી. પાસે ઉભેલી સખીઓ તેણીના મનોભાવ સમજી ગઈ, તેથી મૃગલોચનાએ હસતાં હસતાં જ ટકોર કરી કે:—“ બ્હેન ચન્દ્રાનના ! જો કે આ વર સંપૂર્ણ ગુણોથી ભરેલો છે, છતાં સાવ ખામીવિનાનો છે, એમ પણ ન કહી શકાય. પરન્તુ રાજીમતીની હાજરીમાં તેની ખામી બતાવવી એ ઠીક નહીં, તેથી હમણાં તો હું નથી બોલતી.” ચન્દ્રાનનાએ તેને ટેકો આપ્યો અને કહ્યું:—“ તારી વાત સાચી છે. પણ અત્યારે તો મુંગા રહેવામાં જ માલ છે.”

રૂપચર્ચા

એ રીતે પોતાની હાંસી કરતી સખીઓની વાતચીત સાંભળી રાજીમતી શરમાઈ. તેણી પોતાનું મધ્યસ્થપણું દેખાડતી બોલી કે:—" સખીઓ ! આવા અદ્દભૂત ભાગ્ય અને સૌભાગ્યવાળો વર, ગમે તે કન્યાનો ભર્ત્તાર થાય, પરન્તુ આવા સુંદર નરમાં પણ દૂષણ શોધવું એ તો દૂધમાંથી પોરા કાઢવા જેવું અસંભવિત જ છે. જેમ ક્ષીરસમુદ્રમાં ખારાશ, કલ્પવૃક્ષમાં કૃપણતા, ચંદન વૃક્ષમાં દુર્ગંધ, સૂર્યમાં અંધકાર, સુવર્ણમાં શ્યામતા, લક્ષ્મીમાં દારિદ્રય અને સરસ્વતીમાં મૂર્ખતા કોઈ કાળે ન સંભવે તેમ આ અનુપમ વરમાં એક પણ દૂષણ સંભવતું નથી. " બન્ને સખીઓ હસી પડી. તેમણે વિનોદપૂર્વક કહ્યું:—" રાજીમતિ ! બીજા ગુણો તો પરિચય પછી જણાય, પણ વર્ણ તો સૌ પ્રથમ જણાઈ આવે. આ વરરાજાનો વર્ણ જ કાજળના રંગ જેવો ગોર છે ! ભલે તેનામાં બીજા ઘણા ગુણો હશે તેની અમે ના નથી પાડતા, પણ તેની શ્યામતાજ એ બધા ગુણ ઉપર પાણી ફેરવી દે છે ! "

રાજીમતિની આંખમાં ઈર્ષા તરી આવી. તેણી બોલી:—"સખીઓ, તમે મહા ચતુર અને ડાહી છો એવો મને જે આજ સુધી ભ્રમ હતો તે અત્યારે ભાંગી ગયો. જે શ્યામપણું અનેક ગુણોના કારણરૂપ અને ભૂષણરૂપ છે તેને જ તમે દૂષણરૂપ ગણાવો છો તે જોઇ મને નવાઈ લાગે છે. શ્યામપણામાં અને શ્યામ વસ્તુનો આશ્રય કરવામાં કેટલા ગુણો રહેલા છે તથા કેવલ ગોરપણામાં કેટલા દોષો રહેલા છે તેનાં, તમે સાંભળી સાંભળીને થાકી જાઓ એટલાં દ્રષ્ટાન્તો આપી શકું છું. સાંભળો ! ભૂમિ, ચિત્રવેલી, અગર, કસ્તુરી, મેઘ, આંખની કીકી, કેશ, કસોટી, મશી અને રાત્રિ એ સર્વ શ્યામ છે, પણ તેનાં અણમૂલાં ફળથી આ જગત્‌માં કોણ અજાણ્યું છે ? નેત્રમાં કીકી, કપુરમાં અંગારો,

ચન્દ્રમાં ચિન્હ, ભોજનમાં મરી અને ચિત્રમાં રેખા એ સર્વે; શ્યામ પદાર્થો મૂળ વસ્તુને કેવી મનોહર બનાવે છે? શ્યામ વસ્તુના આશ્રયથી જ એ વસ્તુઓ નયન અને મનને આનંદ આપે છે. હવે ગૌરવર્ણવાળી વસ્તુઓની વિગત તપાસીએ. પોતે શ્વેત છતાં લવણ ખારૂં છે, હીમ દહન કરે છે, અતિ સફેદ શરીરવાળો રોગી ગણાય છે અને ચુનો તો પરવશ ગુણવાળો છે. ગૌરપણામાં તો કેવળ અવગુણો જ વસે છે એ વાત શું હજીયે વધારે વિસ્તારથી કહેવાની જરૂર છે?"

"સારથિ! રથ પાછો વાળો!"

સખીઓ એ રીતે વાર્તાલાપ કરતી હતી તેટલામાં કોણ જાણે કયાંથી, અચાનક નેમિકુમારના કાને પશુઓનો આર્ત્તસ્વર અથડાયો. નેમિકુમાર એ સ્વર સાંભળતાં જ ધવાયા. તેથી પોતાના સારથીને અત્યંત આતુરતાપૂર્વક પૂછ્યું:—"આ ભયંકર સ્વર ક્યાંથી આવે છે?"

"એમાં ગભરાવાનું કંઇજ કારણ નથી. આપના વિવાહ નિમિત્તે ભોજન માટે એકઠા કરેલા પશુઓનો જ એ દુર્બળ સ્વર છે." સારથીએ ખુલાસો કર્યો.

નેમિકુમાર વિચારવા લાગ્યા કે:—"જે વિવાહોત્સવ નિમિત્તે આટલાં બધાં પશુ-પંખીઓનો સંહાર થવાનો હોય તેને લગ્નમહોત્સવ કહેવો કે મૃત્યુમહોત્સવ કહેવો તેજ સમજાતું નથી. એવા હિંસામય વિવાહને પણ ધિક્કાર હો!"

એટલામાં રાજીમતિનું જમણું નેત્ર ફરકયું. કંઇક અમંગળ થવાનું છે એમ તેને લાગ્યું, તેથી તે એકદમ પોતાની સખીઓને ઉદ્દેશી બોલી ઉઠી:—

"પણ આ મારૂં જમણું નેત્ર કેમ ફરકતું હશે?" બોલતાં

બોલતાં તેણીની આંખમાંથી અશ્રુની ધાર વહી નીકળી, તેના વદન ઉપર સંતાપની ઘનઘોર છાયા ફરી વળી.

સખીઓ શાંત્વન આપતી કહેવા લાગી:—"બ્હેન! પાપ શાંત થાઓ, અમંગળનો નાશ થાઓ! કુલદેવીઓ તમારૂં કલ્યાણ કરો."

નેમિકુમાર વિચારમાંથી જાગૃત થયા અને સારથિને કહ્યું:—"સારથિ! રથ પાછો વાળો." એ વખતે એક હરણ શ્રી નેમિનાથની સામે જોતો અને પોતાની ગરદનથી હરણીની ગરદનને ઢાંકી દેતો ઉભો હતો. અહીં કવિ કહે છે કે, પ્રભુને જોઈને હરણ પોતાની મુંગી વાણીમાં જાણે કહેવા લાગ્યો કે:—

मा पहरसु मा पहरसु एयं मह हिययहारिणि हरिणिं
सामी अम्हं मरणा वि दुस्सहो पियतमा विरहो ॥

અર્થાત્—હે સ્વામી! મારા હૃદયને હરનારી આ હરણીને તમે ન મારતા, ન મારતા; કેમકે મારા મરણ કરતાંય મારી પ્રિયતમાનો વિરહ મને અસહ્ય છે.

હરણી પણ એજ વખતે શ્રી નેમિનાથની સામે જોઈ પોતાના પતિને જાણે સલાહ આપતી હોય તેમ કહેવા લાગી:—

एसो पसन्न वयणो तिहुअणसामी अकारणो बन्धु
ता विण्णवेसु वल्लह रक्खत्थं सव्व जीवाणं ॥

અર્થાત્—આ પ્રસન્નમુખવાળા તો ત્રણ ભુવનના સ્વામી છે, નિષ્કારણ બંધુ છે, માટે હે વલ્લભ! સર્વ જીવોનું રક્ષણ કરવાની તેમને પ્રાર્થના કરો.

પત્નીથી પ્રેરાયેલો હરણ પ્રભુને કહેવા લાગ્યો:—

निज्झरणनीरपाणं अरण्णतण भक्खणं च वणवासो
अम्हाण निरवराहाण, जीवियं रक्ख रक्ख पहो ॥

અર્થાત્—હે પ્રભુ! અમે ઝરણાનું પાણી પીને જીવીએ છીએ, જંગલના ઘાસનું ભક્ષણ કરી પેટ ભરીએ છીએ, અને વનમાંજ પડયા રહીએ છીએ. અમારા જેવા નિરપરાધી પ્રાણી-ઓનું રક્ષણ તમારે જ કરવું ઘટે.

એવી રીતે સઘળા પશુપ્રાણીઓએ પોતપોતાની અવ્યક્ત વાણીમાં પ્રભુને પ્રાર્થના કરી. પ્રભુએ પશુના રક્ષકને કહ્યું.—"હે પશુરક્ષકો! આ પશુ પ્રાણીઓને છોડી દ્યો, છોડી દ્યો; કારણ કે હું વિવાહ કરવા નથી માગતો." તેમની આજ્ઞા થતાં જ પશુના પહેરગીરે સૌ જીવોને છોડી દીધાં, સારથીએ પણ રથ પાછો વાળ્યો. અહિં કવિ કહે છે કે:—

हेतुरिन्दोः कलङ्के यो विरहे रामसीतयोः
नेमे राजीमती त्यागे कुरङ्गः सत्यमेव सः

અર્થાત્—ચન્દ્રમાં કલંક લગાડનાર પણ હરણ, રામ અને સીતાનો વિયોગ કરાવવામાં પણ હરણ (કુરંગ) અને રાજીમતી તથા નેમિનાથને છુટા પાડનાર પણ કુરંગ જ; રંગમાં ભંગ પાડનાર કુરંગ એ નામ ખરેખર સાર્થક જ છે!

માતાનાં મનામણાં

નેમિકુમારને પાછા વળતાં જોઇ, સમુદ્રવિજય, શિવાદેવી વિગેરે સ્વજનો તુરતજ રથ પાસે પહોંચી ગયા અને તેમણે રથને અટકાવી, આંખમાં આંસુ આણી કહ્યું:—" હે જનનીવલ્લભ વત્સ! હું તને પ્રાર્થના કરીને કહું છું કે તું કોઇ પણ રીતે વિવાહ કર અને મને પુત્રવધુનું મ્હોં જોવાનું સદ્‌ભાગ્ય આપ! હે પુત્ર! મારી લાંબા વખતની આશા ફલીભૂત કર."

નેમિકુમારે વિનયપૂર્વક ઉત્તર આપ્યો—" માતાજી ! તમે એ આગ્રહ મૂકી દો. મારૂં મન મનુષ્યલોકની સ્ત્રીઓથી તદ્દન ઉઠી ગયું છે, અને કેવળ મુક્તિરૂપી નારીમાં જ આસક્તિ રાખી રહ્યો છું. તમે જ વિચાર કરો કે જે સ્ત્રીઓ રાગીને વિષે પણ રાગ-રહિત છે તેને કોણ સેવે ? એક માત્ર મુક્તિરૂપી નારી જ એવી છે કે જે વિરાગીને વિષે રાગ રાખી રહી છે, હું પણ તેની જ ઇચ્છા રાખું છું. "

રાજીમતીનું રૂદન

એ ખબર સાંભળી, વૃક્ષ પડી જતાં વેલડી જેમ મૂર્ચ્છા પામે તેમ રાજીમતી પણ દૈવને ઉપાલંભ આપતી ધરણી ઉપર ઢળી પડી ! ભયભીત બનેલી સખીઓ અને દાસીઓ એકદમ ત્યાં આવી શીતળ જળ છાંટવા, પંખાથી પવન વીંઝવા અને ચંદનરસનું વિલેપન કરવા લાગી. થોડીવારે, મહામુશ્કેલીએ રાજીમતી શુદ્ધિમાં આવી. શુદ્ધિમાં આવવા છતાં નેત્રમાંથી ચોધાર અશ્રુ વર્ષાવતી, મોટા સ્વરે વિલાપ કરવા લાગી કે:—" હે યાદવ કુળમાં સૂર્ય સમાન ? હે નાથ ? જો આપના જેવા ટેકીલા પુરૂષો પણ પોતાની પ્રતિજ્ઞાનો ભંગ કરે તો સમુદ્રે પણ શા સારૂ પોતાની મર્યાદા પાળવી જોઇએ ? " વળી, પોતાના આત્માને ઠપકો આપતી હોય તેમ કહેવા લાગી કે " અરે ! કઠોર અને નિર્લજ્જ હૃદય ? જ્યારે આપણા સ્વામીએ આપણી ઉપરનો રાગ ઉતારી, અન્યને વિષે રાગ સ્થાપ્યો છે તો પછી હવે આપણે જીવવાનું શું પ્રયોજન છે ? " રાજીમતિના હૃદયના ઉંડા ભાગમાંથી ઉપરા ઉપરી દીર્ઘ નિશ્વાસ નીકળવા લાગ્યા. પોતાના સ્વામીને ઉપાલંભ આપતાં તે બોલી કે:—" હે ધૂર્ત્ત ? સમગ્ર સિદ્ધોએ ભોગવેલી મુક્તિરૂપી ગણિકામાંજ જો તમે આસક્ત હતા, તો પછી આવી રીતે વિવાહનું બ્હાનું બતાવી મને શા સારૂ છેતરી ? "

સખીઓનું આશ્વાસન

રાજીમતીનું હૃદયભેદક રૂદન સાંભળી, આસપાસ ઉભેલી સખીઓની આંખમાં પણ ક્રોધની રક્તિમા પ્રકટ થઈ. એક સખી બોલી ઉઠી:—"દુનિયામાં કહેવત છે કે કાળા નર ભાગ્યે જ સરળ હોય છે! કદાચિત્ કાળાશ ને સરળતા બન્ને સાથે દેખાય તો સમજવું કે જરૂર વિધાતાએ ભૂલ કરી હશે. શ્યામ મનુષ્યો મ્હોટે ભાગે વક્રજ હોય છે! હે પ્રિય સખિ? આવા નગુણા અને પ્રીતિરહિત પુરૂષ વિષેનો તમારો પ્રેમભાવ ત્યજી દ્યો. તમારે તેની સાથે કંઇજ સંબંધ નથી એમ માનો. એવા સ્નેહ વગરના, વ્યવહારવિમુખ, ઘરમાં રહેવા છતાં જંગલી પ્રાણીની જેમ ઘર માંડવામાં કાયર, દાક્ષિણ્ય વગરના અને સ્વેચ્છાચારી નેમિકુમાર કદિ અહિંથી ચાલ્યા જાય તો પણ શું થઇ ગયું? એક રીતે તો એ ઠીકજ થયું કે આપણને તેના આવા સ્વભાવની પ્રથમથીજ ખબર પડી, નહિંતર પરણ્યા પછી મમતારહિત થયા હોત તો શું કરત? ઉંડા કૂવામાં ઉતાર્યા પછી દોરડું કાપી નાખત તો તારી શી દશા થાત? હે બ્હેન! જે થયું તે સારૂં જ થયું. તમે તો નેમિકુમારને માત્ર સંકલ્પ વડેજ અર્પાયા હતાં, એટલે જ્યાંસુધી તમારૂં પાણીગ્રહણ નથી કર્યું ત્યાં સુધી તો તમે કુંવારિકા કન્યા સમાન ગણાઓ, અને કન્યાને વળી આટલો બધો વલોપાત શા સારૂ હોવો જોઇએ? પ્રીતિને વિષે તત્પર એવો બીજો કોઇ ભર્ત્તાર તમારે માટે અમે ખુશીથી શોધી કાઢશું. માટે નિશ્ચિંત થાઓ, ગઈ ગુજરી ભૂલી જાઓ."

રાજીમતીનો નિશ્ચય

સખીઓનાં વચન સાંભળી રાજીમતીએ લજ્જાથી માથું નીચું નમાવ્યું, કાન આડા હાથ ધર્યા અને કહ્યું:– "તમે મને

ન સંભળાવવા લાયક વાક્યો શા સારૂ સંભળાવો છો ? મારા પવિત્ર કુળને કલંક લાગે અને કુલટાના કુળને છાજે એવા શબ્દો શા સારૂ ઉચ્ચારો છો ? સૂર્ય પશ્ચિમમાં ઉગે, સમુદ્ર મર્યાદા છોડે અને પૃથ્વી પાતાળમાં પેસી જાય તો પણ નેમિકુમાર સિવાય અન્ય કોઇ વરને હું ન વરૂં. મન અને વચનથી તો હું તેમને ક્યારનીયે વરી ચૂકી છું, તેની તમને ક્યાંથી ખબર હોય ? ”

નેમિકુમારને ઉદ્દેશી તે બોલી:—“હે જગતના અધીશ ? આપ'ની પાસે આવનારા યાચકોને તો આપ તેમની ઇચ્છા ઉપરાંત આપો છો, પણ મેં એવો તે શું અપરાધ કર્યો કે, આપની પ્રાર્થના કરવા છતાં મારા હસ્ત ઉપર આપનો હસ્ત પણ ન મૂક્યો ? એટલું બોલી તે ઉંડા વિચારમાં પડી. પછી, કંઇ માર્ગ જડયો હોય તેમ બોલી:—” ત્રૈલોક્યશ્રેષ્ઠ—શ્રી નેમિકુમારનો હસ્ત લગ્નમહોત્સવમાં, મારા હસ્તને વિષે ન પડયો તેથી શું થઇ ગયું ? દીક્ષામહોત્સવ સમયે તો તેમનો હસ્ત, વાસક્ષેપ નાખવાના નિમિત્તે મારા મસ્તક ઉપર જરૂર પડવાનો ! ”

પિતાનો યુક્તિવાદ

એટલામાં સમુદ્રવિજય રાજા પણ પરિવાર સહિત ત્યાં આવી પહોંચ્યા હતા, તેઓ નેમિકુમારને ધીમે ધીમે સમજાવવા લાગ્યા કે:—“ હે વત્સ ! ન પરણેલાજ મોક્ષે જઈ શકે અને બાકીના રઝળી પડે એવો નિશ્ચયવાદ ક્યાંઇ જોવામાં આવતો નથી. પૂર્વે થઈ ગયેલા શ્રી ઋષભદેવાદિ તીર્થંકરો પણ વિવાહ કરીને, સંસારનો લ્હાવો લઈને—ભોગ ભોગવીને, દીક્ષા સ્વીકારી મોક્ષે ગયા હતા. તમે બ્રહ્મચારી શું તેમના કરતાં પણ ઉંચી પદવીએ પહોંચવા માગો છો ? પરણેલાને માટે મોક્ષ નથી એ વાત મનમાંથી કહાડી નાખો અને હે પિતૃવત્સલ ! વિવાહ કરી અમારા મનોરથ પૂર્ણ કરો ! ”

અતિ શાંત સ્વરોમાં નેમિનાથે જવાબ વાળ્યો કે:– "હે તાત ! ઋષભદેવાદિ તિર્થંકરોએ વિવાહ કર્યો હતો એ વાત મને પણ મંજુર છે, પરંતુ તેમને પોતાનાં ભોગાવલી કર્મો ભોગવવા માટેજ વિવાહ કરવો પડયો હતો–એ વાત કેમ ભૂલી જાઓ છો? મારાં ભોગાવલી કર્મો તો ક્ષીણ થઇ ગયાં છે. છતાં અનંત જંતુઓના સંહારક અને સંસારને દુઃખમય કરનારા એક સ્રીના સંગ્રહવાળા વિવાહને માટે આપ શા સારૂ આગ્રહ કરી રહ્યા છો?"

અહીં કવિ ઉત્પ્રેક્ષા કરે છે કે:–

मन्येऽङ्गनाविरक्तः परिणयनमिषेण नेमिरागत्य ।
राजीमतीं पूर्वभव प्रेम्णा संकेतयद् मुक्त्यै ॥

અર્થાત્–હું એમ માનું છું કે સ્રીઓથી વિરક્ત એવા શ્રી નેમિનાથ પ્રભુ, પરણવાના બ્હાનાથી અહીં આવીને, પૂર્વભવના પ્રેમથી રાજીમતીને મોક્ષ માટેનો સંકેત કરી ગયા.

દીક્ષાની તૈયારી

સર્વ કળાઓમાં કુશળ, ભદ્રક પ્રકૃતિવાળા અને વડિલોનો વિનય કરનારા શ્રી નેમિનાથ પ્રભુ ત્રણસો વરસ સુધી કુમારપણે ગૃહસ્થાવાસમાં રહ્યા. એટલામાં લોકાંતિક દેવોએ પોતાના આચાર પ્રમાણે, દીક્ષા લેવાને એક વરસ બાકી રહ્યું ત્યારે પ્રભુને અભિનંદન આપતાં સૂચવ્યું કે:—"હે કામદેવને જીતનાર તથા સમસ્ત જંતુઓને અભયદાન આપનાર પ્રભુ ! આપ જયવંતા વર્તો અને હંમેશના મહોત્સવ માટે આપ ધર્મતીર્થ પ્રવર્ત્તાવો!" (ઇત્યાદિ સર્વ પ્રથમની પેઠે અહીં કહેવું.)

શ્રી નેમિનાથ પ્રભુને પહેલેથી અનુપમ એવું અવધિજ્ઞાન અને અવધિદર્શન હતું, તે વડે પ્રભુ પોતાનો દીક્ષાકાળ જાણીને

સુવર્ણાદિ સર્વ પ્રકારનું ધન યાચકોને વહેંચી, સઘળાઓને સંતુષ્ટ કરી દીક્ષા લેવા નીકળ્યા.

દીક્ષાનો સમય અને સ્થળ

વર્ષાકાળના પહેલા મહીનામાં, વર્ષાકાળના બીજા પખવાડીયામાં–શ્રાવણ માસના શુકલ પખવાડીયાની છઠ્ઠની તિથિને વિષે, પુર્વાહ્નકાલ સમયે, ઉત્તરકુરા નામની પાલખીમાં રત્નજડિત સુવર્ણના સિંહાસન ઉપર વિરાજી, દેવો, મનુષ્યો, અસુરો તથા મંગલપાઠકો, ભાટ–ચારણો, સ્વજનો અને કુલના વડિલ પુરૂષોથી પરિવરી, દ્વારિકા નગરીના મધ્ય ભાગમાંથી નીકળી, રૈવતક નામના ઉદ્યાનમાં પધાર્યા. ત્યાં અશોક નામના વૃક્ષની નીચે પાલખી ઉતરાવી, નીચે ઉતરી, પોતાની મેળેજ પોતાનાં આભરણ, માળા, અલંકારો વિગેરે ઉતારી નાખ્યા અને પોતાની મેળેજ પંચમુષ્ટિ લોચ કર્યો. તે પછી નિર્જલ છઠ્ઠનો તપ કરી, ચિત્રા નક્ષત્રમાં ચન્દ્રમાનો યોગ પ્રાપ્ત થતાં, એક દેવદૂષ્ય વસ્ત્ર ગ્રહણ કરીને એક હજાર પુરૂષોની સાથે, દ્રવ્ય અને ભાવથી મુંડ થઈ, ગૃહવાસથી નીકળી દીક્ષા લઇ ચાલી નીકળ્યા.

અર્હન્ શ્રી અરિષ્ટનેમિ દીક્ષા લીધા પછી ચોપન અહોરાત્ર સુધી કાયાને વોસરાવીને રહ્યા. (અહીં પૂર્વે શ્રી મહાવીર સ્વામીના સંબંધમાં આવેલા પાઠ પ્રમાણે સર્વ કહેવું.) પંચાવનમાં દિવસની મધ્યમાં વર્ત્તતા શ્રી અરિષ્ટનેમિ પ્રભુને, વર્ષાકાલના ત્રીજા મહીનામાં, વર્ષાકાલના પાંચમા પખવાડીયામાં–આસો માસના કૃષ્ણ પખવાડીયામાં, અમાસને દિવસે (ગુજરાતી ભાદરવા વદિ અમાસે) પાછલા પહોરે ગિરનાર પર્વતના શિખર ઉપર વેતસ નામના વૃક્ષ નીચે, જળરહિત અઠ્ઠમના તપ વિષે, ચિત્રા

નક્ષત્રમાં ચન્દ્રમાનો યોગ પ્રાપ્ત થતાં, શુકલધ્યાનના પ્રથમના બે ભેદનું ધ્યાન ધરતાં, અનંત વસ્તુના વિષયવાળું–અવિનાશી અને અનુપમ પ્રધાન કેવળજ્ઞાન તથા કેવલદર્શન ઉત્પન્ન થયાં–યાવત્ સર્વ ભાવોને જાણતાં અને જોતાં તેઓ વિચરવા લાગ્યા.

કૃષ્ણજીજ્ઞાસા–રાજીમતીના પૂર્વભવ

ગિરનાર ઉપર સહસ્ર આમ્રવન નામના ઉદ્યાનમાં શ્રી નેમિનાથ પ્રભુને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું તે વખતે ઉદ્યાનપાલકે તત્કાળ કૃષ્ણ–વાસુદેવ પાસે જઈ આ શુભ વધામણી આપી. કૃષ્ણને એ સમાચાર સાંભળી ઘણો આનંદ થયો, અને એ વધામણીના બદલામાં સાડી બાર ક્રોડ જેટલું દ્રવ્ય અર્પી દીધું. તે પછી તેઓ પોતાની મ્હોટી સમૃદ્ધિ સાથે પ્રભુને વંદન કરવા આવ્યા. રાજીમતી પણ બરાબર તે જ પ્રસંગે ત્યાં પ્રભુને વંદન કરવા આવી. પ્રભુની દેશના સાંભળી પ્રતિબોધ પામેલા વરદત્ત નામના રાજાએ બે હજાર રાજાઓ સાથે પ્રભુ પાસે દીક્ષા અંગીકાર કરી. કૃષ્ણે અંજલિ જોડી પ્રભુને પૂછયું કે:—" હે સ્વામી ! આપને વિષે રાજીમતી આવો અપૂર્વ સ્નેહ ધરાવે છે તેનું શું કારણ હશે ? "

કૃષ્ણની જીજ્ઞાસા તૃપ્ત કરવા પ્રભુએ ધનવતીના ભવથી આરંભીને નવ ભવનો તેની સાથેનો પોતાનો સંબંધ નીચે પ્રમાણે કહી સંભળાવ્યો.

" (૧) પહેલાં ભવમાં હું ધન નામે રાજપુત્ર હતો અને તે (રાજીમતિનો જીવ) ધનવતી નામની મારી પત્ની હતી.

(૨) બીજા ભવમાં અમે બન્ને પહેલા દેવલોકમાં દેવ અને દેવી થયા હતા.

(૩) ત્રીજા ભવમાં હું ચિત્રગતિ નામે વિદ્યાધર થયો હતો, અને તે રત્નવતી નામની મારી સ્ત્રી થઈ હતી.

(૪) ચોથા ભવમાં અમે બન્ને ચોથા દેવલોકમાં દેવ થયા હતા.

(૫) પાંચમા ભવમાં હું અપરાજિત નામે રાજા થયો હતો અને એ મારી પ્રિયતમા રાણી થઇ હતી.

(૬) છઠ્ઠા ભવમાં અમે બન્ને અગીયારમા દેવલોકમાં દેવ થયા હતા.

(૭) સાતમા ભવમાં હું શંખ નામે રાજા થયો હતો અને તે યશોમતી નામની મારી રાણી થઇ હતી.

(૮) આઠમા ભવમાં અમે બન્ને અપરાજિત દેવલોકમાં દેવ થયા હતા.

(૯) અને આ નવમા ભવમાં હું નેમિનાથ તીર્થંકર છું અને એ રાજીમતી છે. એટલે હે હરિ! અમારા પૂર્વભવના સંબંધ ઉપરથી જ રાજીમતીના સ્નેહનું મૂળ કારણ તમે સમજી શકશો." ત્યારપછી પ્રભુએ ત્યાંથી વિહાર કર્યો અને જૂદે જૂદે સ્થળે અનેક ભવ્યોને પ્રતિબોધી અનુક્રમે રૈવતક પર્વત પર સમોસર્યા, તે વખતે અનેક રાજકન્યાઓ સહિત રાજીમતીએ અને પ્રભુના ભાઇ રથનેમિએ પણ પ્રભુ પાસે દીક્ષા સ્વીકારી હતી.

કામદેવની લીલા !

એક વખતે સાધ્વી રાજીમતી બીજી સાધ્વીઓ સાથે પ્રભુને વંદન કરવા ગિરનાર ઉપર જતી હતી, એટલામાં અચાનક વરસાદ વરસવા લાગ્યો. બીજી સાધ્વીઓ વરસાદથી બચવા જૂદે જૂદે સ્થળે વીખરાઇ ગઇ. ભીંજાએલા વસ્ત્રવાળી રાજીમતી પણ જળના ઉપદ્રવથી બચવા પાસેની એક ગુફામાં દોડી ગઇ, અને ગુફામાં જતાં જ પોતાનાં ભીંજાયેલાં વસ્ત્રો સૂકાવવા માટે ચોતરફ પાથરી દીધાં. ઉતાવળમાં ને ઉતાવળમાં ગુફામાં બીજું

કોઇ છે કે નહીં તેની પૂરતી સંભાળ તે ન લઇ શકી. જો તેણીએ ધારીને જોયું હોત તો ત્યાં રથનેમિને તે જોઇ શકત, કારણ કે તેઓ પહેલેથી જ એ ગુફામાં આવીને રહ્યા હતા.

દેવાંગનાઓના રૂપની પણ હાંસી કરે એવા સૌંદર્યવાળી અને સાક્ષાત્ કામદેવની સ્રી જેવી અતિશય રમણીય રાજીમતીને જોઇ રથનેમિ કામવશ થયા, પોતાનું મુનિપણું ભૂલી ગયા. શ્રી નેમિનાથ પાસે તિરસ્કાર પામેલો કામદેવ, તેમના ભાઇ–રથનેમિ પાસે પોતાના વૈરનો બદલો લેવા, પોતાનાં શસ્ત્ર સાથે ચડી આવ્યો. રથનેમિનું મન તેમના અંકુશમાં ન રહ્યું. તેઓ પોતાની કુળલજ્જા તથા ધૈર્ય છોડી રાજીમતી પાસે આવી કરગરવા લાગ્યા કેઃ—

" अयि सुन्दरि ! किं देहः शोष्यते तपसा त्वया
सर्वाङ्ग भोग संयोग योग्यः सौभाग्यसेवधिः ।
आगच्छ स्वेच्छया भद्रे ! कुर्वहे सफलं जनुः
आवामुभावपि प्रान्ते चरिष्यावस्तपोविधिम् " ॥

હે સુન્દરી ! સર્વ અંગના ભોગ–સંયોગને યોગ્ય અને સૌભાગ્યના ખજાનારૂપ આ તારા અનુપમ દેહને શા સારૂ શોષવી નાખે છે ? હે ભદ્રે ! તું તારી ઇચ્છાથી જ અહીં આવ અને આપણે જન્મ સફળ કરીએ; પછી છેવટની અવસ્થામાં આપણે બન્ને તપ કરી સંયમ સાધી શકીશું."

રાજીમતીએ તત્કાળ વસ્રોવડે પોતાનું શરીર ઢાંકી દીધું તેણીએ અદ્‌ભૂત ધૈર્યનો પરિચય આપતાં કહ્યું કેઃ—

" महानुभाव कोऽयं तेऽभिलाषो नरकाध्वनः ?
सर्व सावद्यमुत्सृज्य पुनर्वाञ्छन्न लज्जसे ?

કલ્પસૂત્ર.



“ હે મહાનુભાવ ! આવો નરકમાં લઇ જનારો અભિલાષ તમને કેમ થયો ” પૃ. (૩૪૧.)

K. Art Works, Bombay 2, Meghji Hirji Bombay 3

अगन्धनकुले जातास्तिर्यंचो ये भुजंगमाः
तेऽपि नो वान्तमिच्छन्ति त्वं नीचः किं ततोऽप्यसि ?"

હે મહાનુભાવ! આવો નરકમાં લઈ જનારો અભિલાષ તમને કેમ થયો? સર્વ સાવદ્ય ત્યાગી, પાછા તેની વાંછના કરતા તમે શરમાતા નથી? અરે! વિશેષ શું કહું? અગંધન કુળમાં ઉત્પન્ન થયેલા તિર્યંચ જાતિના સર્પો પણ, પ્રાણાંત કષ્ટ વેઠવા છતાંય એકવાર વમેલું પાછું ખાવા લલચાતા નથી, તો પછી શું તમે તિર્યંચથી પણ નીચ છો?

તમે જાણો છો કે તમારા ભાઈએ મને વમન કરી દીધી છે, છતાં મારો ઉપભોગ કરવાનો વિચાર કરતાં તમને કંઈ જ લજ્જા નથી આવતી? રથનેમિ! બુદ્ધિને ઠેકાણે રાખી, મહા ભાગ્યયોગે પ્રાપ્ત થયેલા આ મુનિવ્રતનું ભાન ન ભૂલો."

રાજીમતીના બાણ જેવાં વચનો સાંભળી રથનેમિનું હૃદય ચીરાયું. તેઓ પાછા પોતાના શુભ ધ્યાનમાં સ્થિર થયા અને શ્રી નેમિનાથ પ્રભુ પાસે પ્રાયશ્ચિત્ત આલોચી, તીવ્ર તપ તપી મોક્ષે ગયા.

રાજીમતી પણ વિશુદ્ધ ભાવથી દીક્ષા આરાધી અંતે મોક્ષ શય્યા પામ્યા અને ઘણા કાળથી ઈચ્છેલા શ્રી નેમિનાથના શાશ્વત સંયોગને પ્રાપ્ત થયા. મહાસતી રાજેમતી ચારસો વર્ષ ગૃહવાસમાં રહ્યાં, એક વરસ છદ્મસ્થપણામાં રહ્યાં અને પાંચસો વર્ષ કેવલિપર્યાય પાળી મોક્ષે ગયાં.

નેમિનાથ પ્રભુનો સાધુ સાધ્વી આદિ પરિવાર

અર્હન્ શ્રી નેમિનાથ પ્રભુને અઢાર ગણ અને અઢાર ગણધરો હતા, વરદત્ત આદિ અઢાર હજાર સાધુઓ હતા, યક્ષિણી

આદિ ચાલીશ હજાર આર્યાઓ હતી, નંદ વિગેરે એક લાખ ઓગણોતેર હજાર શ્રાવકો હતા અને મહાસુવ્રતા આદિ ત્રણ લાખ છત્રીશ હજાર શ્રાવિકાઓ હતી. તેમજ કેવલી નહીં પણ કેવલીતુલ્ય ચારસો ચૌદપૂર્વધારીઓ, પંદરસો અવધિજ્ઞાનીઓ, પંદરસો કેવલજ્ઞાનીઓ, પંદરસો વૈક્રિય લબ્ધીવાળા, એક હજાર વિપુલમતિ–મનઃપર્યવજ્ઞાનીઓ, આઠસો વાદીઓ અને સોળસો અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થનારા સાધુઓની ઉત્કૃષ્ટ સંપદા થઈ, તથા પંદરસો સાધુ અને ત્રણ હજાર સાધ્વીઓ મુક્તિ પામી.

શ્રી નેમિનાથ પ્રભુને બે પ્રકારની અંતકૃદ્ભૂમિ થઈ, (૧) યુગાંતકૃદ્ભૂમિ અને (૨) પર્યાયાંતકૃદ્ભૂમિ. પ્રભુની પછી આઠ પટ્ટધર સુધી મોક્ષમાર્ગ ચાલુ રહ્યો તે યુગાંતકૃદ્ભૂમિ અને પ્રભુને કેવળજ્ઞાન થયા પછી બે વર્ષે મોક્ષમાર્ગ ચાલુ થયો તે પર્યાયાંતકૃદ્ભૂમિ.

નિર્વાણ સમય, સ્થાન તથા સ્થિતિ

તે કાળ અને તે સમયને વિષે અર્હત્ શ્રી નેમિનાથ પ્રભુ ત્રણસો વરસ સુધી કુમાર અવસ્થામાં રહીને, ચોપન દિવસ સુધી છદ્મસ્થપર્યાય પાળીને, દેશઉણા સાતસો વરસ સુધી–એટલે ચોપન દિવસ ઓછા સાતસો વરસ સુધી કેવલીપર્યાય પાળીને, એકંદરે પરિપૂર્ણ સાતસો વરસ સુધી ચારિત્રપર્યાય પાળીને અને એ રીતે એક હજાર વર્ષનું સર્વ આયુષ્ય પાળીને વેદનીય, આયુ, નામ અને ગોત્રકર્મનો ક્ષય થતાં, આ અવસર્પિણીમાં, દુષમ-સુષમા નામનો ચોથો આરો ઘણોખરો ગયા બાદ આ ગ્રીષ્મકાળના ચોથા માસમાં, આઠમા પક્ષમાં–અષાડ માસના શુકલ પખ-વાડીયાની આઠમે, ગિરનાર નામના પર્વતના શિખર ઉપર, પાંચશો છત્રીશ સાધુઓ સાથે નિર્જલ એક મહિનાનું અનશન

કરીને ચિત્રા નક્ષત્રમાં ચન્દ્રનો યોગ પ્રાપ્ત થતાં, મધ્યરાત્રિને વિષે પદ્માસને બેઠા થકા નિર્વાણ પામ્યા-સર્વ દુ:ખથી મુક્ત થયા.

ગ્રંથ રચનાનો કાળ

શ્રી અરિષ્ટનેમિના નિર્વાણકાળથી ચોરાશી હજાર વર્ષ વ્યતીત થયાં, પંચાશીમા હજાર વર્ષના પણ નવસો વરસ વ્યતીત થયાં, અને પંચાશીમા હજારના દસમા સૈકાનો આ એંશીમો સંવત્સર કાળ જાય છે. એટલે કે શ્રી નેમિનાથના નિર્વાણ પછી ચોરાશી હજાર નવસો એંશીમે વરસે શ્રી કલ્પસૂત્ર પુસ્તકારૂઢ થયું. શ્રી નેમિનાથના નિર્વાણ પછી ચોરાશી હજાર વર્ષે શ્રી મહાવીરપ્રભુનું નિર્વાણ થયું અને તે પછી નવસો એંશીમેં વર્ષે પુસ્તકવાચનાદિ થયું.

શેષ જીનેશ્વરોનો અંતરકાલ

ગ્રન્થવિસ્તારના ભયથી શ્રી નેમિનાથથી લઇ શ્રી અજિતનાથ સુધીના જિનેશ્વરોના માત્ર અંતરકાળનું પ્રમાણ નીચે આપીએ છીએ:

(૨૧ મા જીનેશ્વર) શ્રી નમિનાથના નિર્વાણકાળથી પાંચ લાખ ચોરાસી હજાર અને નવસો વરસ વ્યતીત થયાં અને પંચાશીમા હજારના દસમા સૈકાનો આ એંશીમો સંવત્સરકાળ જાય છે. એટલે શ્રી નમિનાથના નિર્વાણ પછી પાંચ લાખ વરસે શ્રી નેમિનાથનું નિર્વાણ થયું. ત્યારપછી ચોરાશી હજાર નવસો એંશી વર્ષે પુસ્તકવાચના થઈ.

(૨૦ મા જીનેશ્વર) શ્રી મુનિસુવ્રતના નિર્વાણકાળથી અગીયાર લાખ ચોરાશી હજાર અને નવસો વરસ વ્યતીત થયા, અને દસમા સૈકાનો આ એંશીમો સંવત્સરકાળ જાય છે. (શ્રી મુનિસુવ્રતના નિર્વાણ પછી છ લાખ વરસે શ્રીનમિનાથનું નિર્વાણ થયું, ત્યારપછી પાંચ લાખ ચોરાશી

હજાર વરસે શ્રી મહાવીરનું નિર્વાણ થયું અને ત્યારપછી નવસો એંશી વરસે પુસ્તકવાચના થઇ. અહીં મુનિસુવ્રતના નિર્વાણથી પુસ્તકવાચનાદિના આંતરાના વરસની એકંદર કુલ સંખ્યા ગણતાં અગીયાર લાખ ચોરાશી હજાર નવસો એંશી વરસ થયા; તે કુલ સંખ્યા સૂત્રકારે દર્શાવી છે, એવી રીતે દરેક ઠેકાણે સમજી લેવું.) એટલે શ્રી મુનિસુવ્રતના નિર્વાણ પછી છ લાખ વરસે શ્રી નમિનાથનું નિર્વાણ થયું, ત્યારબાદ પાંચ લાખ, ચોરાશી હજાર નવસો એંશી વરસે પુસ્તકવાચના થઇ.

(૧૯ મા જીનેશ્વર) શ્રી મલ્લિનાથના નિર્વાણકાળથી પાંસઠ લાખ ચોરાશી હજાર અને નવસો વરસ વ્યતીત થયાં અને દસમા સૈકાનો આ એંશીમો સંવત્સરકાળ જાય છે. એટલે શ્રી મલ્લિ-નાથના નિર્વાણ પછી ચોપન લાખ વરસે શ્રી મુનિસુવ્રતનું નિર્વાણ થયું. ત્યારપછી અગીયાર લાખ ચોરાશી હજાર નવસો એંશી વરસે પુસ્તકવાચના થઇ.

(૧૮ મા જીનેશ્વર) શ્રી અરનાથના નિર્વાણકાળથી એક હજાર કોટી વરસ વ્યતીત થયા, બાકીના કાળનો પાઠ શ્રી મલ્લિ-નાથ પેઠે સમજવો, અને તે આ પ્રમાણે:—શ્રી અરનાથના નિર્વાણ પછી એક હજાર કોટિ, પાંસઠ લાખ અને ચોરાશી હજાર વરસ વ્યતીત થયાં, તે સમયે શ્રી મહાવીર નિર્વાણ પામ્યા. ત્યારપછી નવસો વરસ વીતી ગયા, અને દસમા સૈકાનો આ એંશીમો સંવત્સરકાળ જાય છે. આ પ્રમાણે પાઠનો ક્રમ અગાડીના સૂત્રો-માં પણ શ્રી શ્રેયાંસનાથ સુધી સમજવો. તાત્પર્ય એ છે કે શ્રી અરનાથના નિર્વાણ પછી એક હજાર કોટી વરસે શ્રી મલ્લિનાથનું નિર્વાણ થયું, ત્યારપછી પાંસઠ લાખ ચોરાશી હજાર નવસો એંશી વરસે પુસ્તકવાચના થઇ.

(૧૭ મા જિનેશ્વર) શ્રી કુંથુનાથના નિર્વાણકાળથી એક

પલ્યોપમનો ચોથો ભાગ વીતી ગયો, ત્યારપછી પાંસઠ લાખ વરસ વિગેરે પાઠ શ્રી મલ્લિનાથ પેઠે સમજવો-અર્થાત્ શ્રી કુંથુનાથના નિર્વાણ બાદ એક હજાર કોટી વરસ ન્યૂન એવો એક પલ્યોપમનો ચોથો ભાગ વ્યતીત થયો, ત્યારે શ્રી અરનાથનું નિર્વાણ થયું, અને ત્યારપછી એક હજાર કોટિ પાંસઠ લાખ ચોરાશી હજાર નવસો એંશી વરસે પુસ્તકવાચના થઈ.

(૧૬ મા જીનેશ્વર) શ્રી શાંતિનાથના નિર્વાણ પછી અર્ધ પલ્યોપમ વ્યતીત થતાં શ્રી કુંથુનાથનું નિર્વાણ થયું. ત્યારપછી પલ્યોપમનો ચોથો ભાગ તથા પાંસઠ લાખ ચોરાશી હજાર નવસો એંશી વરસે પુસ્તકવાચના થઈ.

(૧૫ મા તીર્થંકર) શ્રી ધર્મનાથના નિર્વાણ પછી પોણા પલ્યોપમ ન્યૂન એવા ત્રણ સાગરોપમ વ્યતીત થયા ત્યારે શ્રી શાંતિનાથનું નિર્વાણ થયું, અને ત્યારપછી પોણો પલ્યોપમ તથા પાંસઠ લાખ ચોરાશી હજાર નવસો એંશી વરસે પુસ્તકવાચના થઈ.

(૧૪ મા તીર્થંકર) શ્રી અનંતનાથના નિર્વાણ પછી ચાર સાગરોપમ વ્યતીત થયા ત્યારે શ્રી ધર્મનાથનું નિર્વાણ થયું, અને ત્યારપછી ત્રણ સાગરોપમ તથા પાંસઠ લાખ ચોરાશી હજાર નવસો એંશી વરસે પુસ્તકવાચના થઈ.

(૧૩ મા તીર્થંકર) શ્રી વિમલનાથના નિર્વાણ પછી, નવ સાગરોપમ વ્યતીત થયા ત્યારે શ્રી અનંતનાથનું નિર્વાણ થયું અને ત્યારપછી સાત સાગરોપમ તથા પાંસઠ લાખ ચોરાશી હજાર નવસો એંશી વરસે પુસ્તકવાચના થઈ.

(૧૨ મા તીર્થંકર) શ્રી વાસુપૂજ્યના નિર્વાણ પછી, ત્રીશ સાગરોપમે શ્રી વિમલનાથનું નિર્વાણ થયું, અને ત્યારપછી સોળ

સાગરોપમ તથા પાંસઠ લાખ ચોરાસી હજાર નવસો એંશી વરસે પુસ્તકવાચના થઈ.

(૧૧ મા જીનેશ્વર) શ્રી શ્રેયાંસનાથના નિર્વાણ પછી ચોપન સાગરોપમ વ્યતીત થયા ત્યારે શ્રી વાસુપૂજ્યનું નિર્વાણ થયું, ત્યારપછી છેંતાલીશ સાગરોપમ તથા પાંસઠ લાખ ચોરાશી હજાર નવસો એંશી વરસે પુસ્તકવાચનાદિ થયાં.

(૧૦ મા જીનેશ્વર) શ્રી શીતલનાથના નિર્વાણ પછી સો સાગરોપમ છાસઠ લાખ અને છવ્વીસ હજાર વરસ ન્યૂન એવા એક કોટિ સાગરોપમે શ્રી શ્રેયાંસનાથનું નિર્વાણ થયું અને બેંતાલીસ હજાર ત્રણ વરસ અને સાડા આઠ માસ ન્યૂન એવા સો સાગરોપમ છાસઠ લાખ અને છવ્વીસ હજાર વરસે શ્રી મહાવીરનું નિર્વાણ થયું અને ત્યારપછી નવસો એંશી વરસે પુસ્તકવાચનાદિ થયાં. (અર્થાત્ શ્રી શ્રેયાંસનાથના નિર્વાણ પછી ત્રણ વરસ અને સાડા આઠ માસ ન્યૂન એવા સો સાગરોપમ પાંસઠ લાખ અને ચોરાશી હજાર વરસે શ્રીમહાવીરનું નિર્વાણ થયું.)

(૯ મા જીનેશ્વર) શ્રી સુવિધિનાથના નિર્વાણ પછી નવ કોટિ સાગરોપમે શ્રી શીતલનાથનું નિર્વાણ થયું, ત્યારપછી બેંતાલીશ હજાર ત્રણ વરસ અને સાડા આઠ માસ ન્યૂન એવા એક કોટિ સાગરોપમે શ્રી મહાવીરનું નિર્વાણ થયું, ત્યારપછી નવસો એંશી વરસે પુસ્તકવાચના થઈ.

(૮ મા જીનેશ્વર) શ્રી ચન્દ્રપ્રભના નિર્વાણ પછી નેવું કોટિ સાગરોપમે શ્રી સુવિધિનાથનું નિર્વાણ થયું, ત્યારપછી બેંતાલીશ હજાર ત્રણ વરસ અને સાડા આઠ માસ ન્યૂન એવા દસ કોટી સાગરોપમે શ્રી મહાવીરનું નિર્વાણ થયું, ત્યારપછી નવસો એંશી વરસે પુસ્તકવાચના થઈ.

(૭ મા જિનેશ્વર) શ્રી સુપાર્શ્વના નિર્વાણ પછી નવસો કોટિ સાગરોપમે શ્રી ચન્દ્રપ્રભનું નિર્વાણ થયું, ત્યારપછી બેંતાલીસ હજાર ત્રણ વરસ અને સાડા આઠ માસ ન્યૂન એવા એકસો કોટિ સાગરોપમે શ્રી મહાવીરનું નિર્વાણ થયું. ત્યારપછી નવસો એંશી વરસે પુસ્તકવાચના થઈ.

(૬ ઠ્ઠા જીનેશ્વર) શ્રી પદ્મપ્રભના નિર્વાણ પછી નવ હજાર કોટિ સાગરોપમે શ્રી સુપાર્શ્વનાથનું નિર્વાણ થયું, ત્યારપછી બેંતાલીસ હજાર ત્રણ વરસ અને સાડા આઠ માસ ન્યૂન એવા એક હજાર કોટિ સાગરોપમે શ્રી મહાવીરનું નિર્વાણ થયું અને તે પછી નવસો એંશી વરસે પુસ્તકવાચના થઈ.

(૫ મા જીનેશ્વર) શ્રી સુમતિનાથના નિર્વાણ પછી નેવું હજાર કોટિ સાગરોપમે શ્રી પદ્મપ્રભનું નિર્વાણ થયું, ત્યારપછી બેંતાલીસ હજાર ત્રણ વરસ અને સાડાઆઠ માસ ન્યૂન એવા દસ હજાર કોટિ સાગરોપમે શ્રી મહાવીરનું નિર્વાણ થયું અને તે પછી નવસો એંશી વરસે પુસ્તકવાચના થઇ.

(૪ થા જીનેશ્વર) શ્રી અભિનંદનના નિર્વાણ પછી નવ લાખ કોટિ સાગરોપમે શ્રી સુમતિનાથનું નિર્વાણ થયું. ત્યાર પછી બેંતાલીશ હજાર ત્રણ વરસ અને સાડા આઠ માસ ન્યૂન એવા એક લાખ કોટિ સાગરોપમે શ્રી મહાવીરનું નિર્વાણ થયું, ત્યારપછી નવસો એંશી વરસે પુસ્તકવાચના થઈ.

(૩ જા જીનેશ્વર) શ્રી સંભવનાથના નિર્વાણ પછી દસ લાખ કોટિ સાગરોપમે શ્રી અભિનંદનનું નિર્વાણ થયું, ત્યારપછી બેંતાલીસ હજાર ત્રણ વરસ અને સાડા આઠ માસ ન્યૂન એવા દસ લાખ કોટિ સાગરોપમે શ્રી મહાવીરનું નિર્વાણ થયું અને ત્યારપછી નવસો એંશી વરસે પુસ્તકવાચના થઈ.

(૨ જા જિનેશ્વર) શ્રી અજિતનાથના નિર્વાણ પછી ત્રીસ લાખ કોટિ સાગરોપમે શ્રી સંભવનાથનું નિર્વાણ થયું. ત્યારપછી બેંતાલીશ હજાર ત્રણ વરસ અને સાડા આઠ માસ ન્યૂન એવા વીશ લાખ કોટિ સાગરોપમે શ્રી મહાવીરનું નિર્વાણ થયું અને તે પછી નવસો એંશી વરસે પુસ્તકવાચના થઈ.

(૧ લા જીનેશ્વર) શ્રી ઋષભદેવના નિર્વાણ પછી ત્રણ વરસ અને સાડા આઠ માસ અધિક એવા પચાસ લાખ કોટિ સાગરોપમે શ્રી અજિતનાથનું નિર્વાણ થયું, ત્યારપછી બેંતાલીશ હજાર ત્રણ વરસ અને સાડાઆઠ માસ ન્યૂન એવા પચાસ લાખ કોટિ સાગરોપમે શ્રી મહાવીરનું નિર્વાણ થયું; ત્યારપછી નવસો એંશી વરસે પુસ્તકવાચના થઈ.

શ્રી ઋષભદેવ ચરિત્ર

આ અવસર્પિણી કાળમાં ધર્મના પ્રથમ પ્રવર્ત્તક, પરમ ઉપકારી શ્રી ઋષભદેવ પ્રભુનું ચરિત્ર કિંચિત્ વિસ્તારથી કહેવામાં આવે છે.

તે કાળ અને તે સમયને વિષે કૌશલિક (કોશલ એટલે અયોધ્યા અને કોશલ દેશમાં જન્મ થવાથી કૌશલિક) શ્રી ઋષભદેવ પ્રભુનાં ચાર કલ્યાણક ઉત્તરાષાઢા નક્ષત્રમાં થયાં અને પાંચમું કલ્યાણક અભિજિત્ નક્ષત્રમાં થયું; તે આ પ્રમાણે:– (૧) ઉત્તરાષાઢા નક્ષત્રમાં પ્રભુ સર્વાર્થસિદ્ધ નામના પાંચમા અનુત્તર મહાવિમાનમાંથી ચ્યવ્યા અને ચ્યવીને ગર્ભમાં આવ્યા, (૨) ઉત્તરાષાઢા નક્ષત્રમાં જન્મ્યા, (૩) ઉત્તરાષાઢામાં દીક્ષા લીધી, (૪) ઉત્તરાષાઢામાં જ કેવળજ્ઞાન તથા કેવલદર્શન થયું અને (૫) અભિજિત્ નક્ષત્રમાં નિર્વાણ પામ્યા.

તે કાળે અને તે સમયે અર્હન્ કૌશલિક શ્રી ઋષભદેવ પ્રભુ,

આ ઉનાળાના ચોથા મહિનામાં, ઉનાળાના સાતમા પખવાડીયામાં—આષાઢ માસના કૃષ્ણપક્ષની ચોથને દિવસે (ગુજરાતી જેઠ વદિ ૪) તેત્રીશ સાગરોપમની સ્થિતિવાળા સર્વાર્થસિદ્ધ નામના મહાવિમાનમાંથી અંતરહિત ચ્યવીને, આ જંબુદ્વીપ નામના દ્વીપને વિષે, ભરતક્ષેત્રમાં, ઇક્ષ્વાકુ ભૂમિમાં, નાભિ નામના કુલકરની મરૂદેવા નામની સ્ત્રીની કુક્ષિને વિષે, મધ્યરાત્રિએ, દિવ્ય આહારનો ત્યાગ કરીને ગર્ભપણે ઉત્પન્ન થયા.

અર્હન કૌશલિક શ્રી ઋષભદેવ મતિ, શ્રુત અને અવધિ એ ત્રણ જ્ઞાન સહિત હતા: પોતાનું દેવવિમાનમાંથી ચ્યવન થવાનું હતું ત્યારે " હું ચ્યવીશ " એમ પોતે જાણે, પણ " હું ચ્યવું છું " એ પ્રમાણે જાણતા નથી. કારણ કે વર્તમાનકાળ એક સમયનો અતિ સૂક્ષ્મ છે. " હું ચ્યવ્યો " એમ જાણે. જે રાત્રિને વિષે શ્રી ઋષભદેવનો જીવ મરૂદેવાની કુક્ષિમાં આવ્યો તે રાત્રિએ મરૂદેવા માતાએ ચૌદ સ્વપ્ન જોયાં. (અહીં ગજ, વૃષભ વગેરે ચૌદ સ્વપ્ન સંબંધી ગાથા કહેવી. અને શ્રી મહાવીરના સંબંધમાં આવેલ પાઠ પ્રમાણે બધું સમજવું.) વિશેષમાં એટલું કે શ્રી મરૂદેવા માતા પહેલે સ્વપ્ને પોતાના મુખમાં પ્રવેશ કરતા વૃષભને દેખે છે. બીજા તીર્થંકરોની માતાઓ પહેલે સ્વપ્ને હાથીને દેખે છે અને શ્રી મહાવીર પ્રભુની માતાએ પહેલે સ્વપ્ને સિંહ જોયો હતો. મરૂદેવા તે ચૌદ સ્વપ્ન દેખીને જાગી ઉઠ્યાં અને તે નાભિ કુલકરને કહી સંભળાવ્યાં. તે વખતે સ્વપ્નપાઠકો ન હતા તેથી નાભિકુલકરે પોતેજ તે સ્વપ્નોના ફળ વર્ણવ્યાં,

તે કાળે અને તે સમયે આ ગ્રીષ્મકાળના પહેલા માસમાં, પહેલા પખવાડીયામાં—ચૈત્ર માસના કૃષ્ણપક્ષની આઠમને દિવસે, (ગુજરાતી ફાગણ વદિ આઠમે) બરાબર નવ માસ અને સાડા સાત દિવસ વીતતાં મધ્યરાત્રિએ ઉત્તરાષાઢા નક્ષત્રમાં ચન્દ્રનો

યોગ પ્રાપ્ત થતાં, આરોગ્યવાળી મરૂદેવી માતાએ આરોગ્ય પુત્રનો જન્મ આપ્યો. શ્રી ઋષભદેવનો જન્મ થતાં, છપ્પન દિક્કુમારીઓનું આવવું, ચોસઠ ઇન્દ્રોએ મળી પ્રભુનો જન્માભિષેક કરવો, વિગેરે સર્વ શ્રી મહાવીર પ્રભુની પેઠે સમજવું. માત્ર કેદખાનાની શુદ્ધિ કરવી—અર્થાત્ સર્વ કેદીઓને છોડી મૂકવા, માપનો વધારો કરવો—જકાત માફ કરવી, કુળમર્યાદા પાળવી, હળ-ખેડ-ગાડી વિગેરે આરંભનાં કાર્યો બંધ રખાવવાં ઇત્યાદિ અધિકાર છોડી દેવો. (કારણ કે તે વખતે કેદખાનું અને વ્યાપાર પ્રવૃત્તિ વિગેરે હોવાનો સંભવ નથી.)

જન્મથીજ શ્રી ઋષભદેવ પ્રભુ અદ્ભૂત સૌંદર્યવાળા હતા. અનેક દેવ-દેવીઓથી પરિવરેલા તથા યુગલિક મનુષ્યોથી પરમ ઉત્કૃષ્ટ એવા પ્રભુ અનુક્રમે વધવા લાગ્યા. બાલ્યાવસ્થામાં તેમને જ્યારે આહારની અભિલાષા થતી ત્યારે દેવે સંક્રમાવેલા અમૃતના રસવાળા અંગુઠાને મુખમાં નાખતા. એ રીતે બીજા તીર્થંકરો પણ બાલ્યાવસ્થામાં આહારની અભિલાષા થતાં દેવે સંક્રમાવેલા અમૃતના રસવાળા અંગુઠાને પોતાના મુખમાં નાખે. શ્રી ઋષભદેવે દીક્ષા લીધી ત્યાંસુધી દેવોએ આણેલાં ઉત્તર કુરૂક્ષેત્રના કલ્પવૃક્ષનાં ફળોનુંજ તેમણે ભોજન કર્યું, જ્યારે બીજા તીર્થંકરો બાલ્યાવસ્થા વ્યતીત થતાં અગ્નિથી પકાવેલા આહારનું ભોજન કરતા.

ઇક્ષ્વાકુ વંશની સ્થાપના

પ્રભુની ઉમ્મર એક વરસથી કંઇક ઓછી હતી ત્યારે શક્રને વિચાર થયો કે " પ્રથમ તીર્થંકરના વંશની સ્થાપના કરવી એ મારો આચાર છે. " પણ ભગવંતની પાસે ખાલી હાથે કેમ જવાય ? એટલે શક્રેન્દ્ર એક મ્હોટો શેરડીનો સાંઠો (ઇક્ષુ યષ્ટિ)

લઈને, નાભિ કુલકરના ખોળામાં બેઠેલા પ્રભુ પાસે આવી ઉભો રહ્યો. ઈક્ષુ યષ્ટિ જોઈ પ્રસન્ન થયેલા વદનવાળા પ્રભુએ પોતાનો હાથ લંબાવ્યો. પ્રભુના મનોભાવ જાણનારા ઈન્દ્રે પ્રણામ કરી ભેટણાની પેઠે ઈક્ષુલતા તેમના ચરણ પાસે ધરી. ત્યારપછી "પ્રભુને ઈક્ષુનો અભિલાષ થવાથી તેમનો વંશ ઈક્ષ્વાકુ નામથી ઓળખાઓ તથા તેમના પૂર્વજોને ઈક્ષુનો અભિલાષ થવાથી તેમનું ગોત્ર કાશ્યપ તરીકે પ્રખ્યાત થાઓ" એમ કહી શક્રેન્દ્રે પ્રભુના વંશની સ્થાપના કરી.

વિવાહ અને સંતતિ

બાલ્યાવસ્થાવાળા કોઈ એક પુત્ર અને કન્યાના યુગલ (જોડલા) ને તેના માતા પિતા એક તાડવૃક્ષ નીચે મૂકી ક્રિડા કરવા દૂર નીકળી ગયા. એટલામાં દૈવયોગે તે તાડનું મ્હોટું ફળ તૂટયું અને તે જોડલામાંના બાળક ઉપર પડયું. બાળક તત્કાળ મૃત્યુ પામ્યો. આ અકાલ મરણ સૌ પ્રથમ થયું. માતાપિતાએ આવીને જોયું તો બાળક મૃત્યુ પામ્યું હતું, તેથી તેઓ એકલી બાળિકાને જ ઉછેરવા લાગ્યાં. તે બાળિકાનું નામ સુનંદા રાખવામાં આવ્યું. થોડા દિવસે સુનંદાના માતા પિતા મરણ પામ્યાં. સુનંદા એકલી વનદેવી પેઠે વનમાં ભમવા લાગી. તેનું સૌંદર્ય અને લાવણ્ય પણ ખીલી નીકળ્યાં. યુગલીયાઓ તે સુંદર સ્ત્રીને નાભિ કુલકર પાસે લઈ આવ્યા. નાભિરાજાએ "આ સુનંદા નામની મનોહર કન્યા ઋષભદેવની પત્ની થશે." એમ કહી લોકોને વિદાય કર્યા અને સુનંદાને પોતાને ત્યાં રાખી. હવે સુનંદા અને સુમંગલાની* સાથે વૃદ્ધિ પામતા પ્રભુ યૌવન વય પામ્યા. તે વખતે "પ્રથમ

* પ્રભુ જન્મ્યા ત્યાંસુધી યુગલિક પ્રવૃત્તિ હોવાથી સુમંગલાનો જન્મ પણ પ્રભુ સાથેજ થયો હતો.

તીર્થંકરનો વિવાહ કરવો એ અમારો આચાર છે” એમ વિચારી કરોડો દેવ-દેવીઓથી પરિવરેલો ઇન્દ્ર પ્રભુ પાસે આવ્યો અને વિવાહ આરંભ્યો. પ્રભુનું વર સંબંધી સઘળું કાર્ય ઇન્દ્રે પોતે તથા દેવોએ કર્યું અને બન્ને કન્યાનું વધૂ સંબંધી કાર્ય દેવીઓએ કર્યું. ત્યારપછી તે બન્ને સ્ત્રીઓ સાથે ભોગ ભોગવતા પ્રભુને છ લાખ પૂર્વ વ્યતીત થયા, ત્યારે સુમંગલાએ ભરત અને બ્રાહ્મી રૂપ યુગલને જન્મ આપ્યો, અને સુનંદાએ બાહુબલિ અને સુંદરી રૂપ યુગલને જન્મ આપ્યો.

પ્રભુનાં પાંચ નામ

અર્હન્ કૌશલિક શ્રી ઋષભદેવ કાશ્યપ ગોત્રના હતા, તેમનાં પાંચ નામ આ પ્રમાણે પ્રસિદ્ધ થયાં છે:—(૧) ઋષભદેવ (૨) પ્રથમ રાજા (૩) પ્રથમ ભિક્ષાચર (૪) પ્રથમ જિન અને (૫) પ્રથમ તીર્થંકર.

જગતનું આદિ રાજ્ય

શ્રી ઋષભદેવ પ્રભુ પ્રથમ રાજા કેમ કહેવાયા તેનો અધિકાર આ પ્રમાણે:—પહેલાં યુગલીયાઓ ઘણા જ સરળ હતા. તેથી તેમનામાં કદિ વિવાદ થતો નહીં. પણ કાળના પ્રભાવથી અનુક્રમે તેમનામાં કષાય વધતો ચાલ્યો, અને પરસ્પર વિવાદ કરવા લાગ્યા. આથી વિમલવાહન નામના પહેલા કુલકર અને ચક્ષુષ્માન નામના બીજા કુલકરના સમયમાં હકારરૂપ દંડનીતિ અસ્તિત્વમાં આવી. જો કોઈ યુગલીયો અપરાધ કરે તો તેને હકારરૂપ દંડનીતિથી શિક્ષા કરવામાં આવે. સમુદ્ર જેમ મર્યાદા ન છોડે તેમ હકાર શબ્દથી શિક્ષા પામેલા યુગલીયા પણ મર્યાદા ન ઉલ્લંઘે. ધીમે ધીમે એ કાળ પણ પલટાયો. યશસ્વી નામના ત્રીજા કુલકર અને અભિચંદ્ર

નામના ચોથા કુલકરના વખતમાં યુગલીયાઓ તે હકારરૂપ દંડનીતિનું ઉલ્લંઘન કરવા લાગ્યા. એટલે ત્રીજા અને ચોથા કુલકરના વખતમાં થોડો અપરાધ થતાં હકારરૂપ દંડનીતિ અને મ્હોટો અપરાધ થતાં મકારરૂપ દંડનીતિનો આશ્રય લેવો શરૂ થયો. અનુક્રમે વધારે વિષમકાળ આવી પહોંચ્યો. યુગલીયાઓ તે બન્ને પ્રકારની દંડનીતિનું ઉલ્લંઘન કરવા લાગ્યા. તેથી પ્રસેનજિત્ નામના પાંચમા કુલકર, મરૂદેવ નામના છઠ્ઠા કુલકર, અને નાભિ નામના સાતમા કુલકરના સમયમાં અલ્પ અપરાધ થતાં હકારરૂપ દંડનીતિ, મધ્યમ અપરાધ થતાં મકારરૂપ દંડનીતિ અને ભારે અપરાધ થતાં ધિક્કારરૂપ દંડનીતિ ચાલુ થઈ. નાભિ કુલકર યુગલીયાઓનો અપરાધ થતાં તેમને એ ત્રણે દંડનીતિ વડે શિક્ષા કરતા. હવે કાળના પ્રભાવથી યુગલીયાઓના ક્રોધાદિ કષાયો વધવા લાગ્યા, તેઓ એ ત્રણે દંડનીતિનું ઉલ્લંઘન કરવા લાગ્યા. દિવસે દિવસે અપરાધો વધવા લાગ્યા તેથી યુગલીયાઓએ એકઠા થઈ પ્રભુને જ્ઞાનાદિ ગુણોવડે અધિક જાણી તેમને તે હકીકત નિવેદન કરી.

પ્રભુએ કહ્યું કે:—"લોકોમાં જેઓ મર્યાદાનું ઉલ્લંઘન કરે તેમને શિક્ષા કરવા સારૂ રાજા હોવો જોઈએ અને તે રાજા અભિષેક પામેલો તથા પ્રધાન વિગેરેથી પરિવરેલો હોવો જોઈએ."

યુગલીયાઓએ ઉત્તર આપ્યો:—"અમારે પણ એવો જ રાજા જોઈએ."

"ત્યારે તમે નાભિ કુલકર પાસે જઈ તમારી માગણી રજુ કરો" પ્રભુએ માર્ગ દર્શાવ્યો.

યુગલીયાઓએ નાભિ કુલકર પાસે જઈ પોતાની માગણી રજુ કરી. નાભિ કુલકરે કહ્યું:—"તમારો રાજા ઋષભ જ થશે."

એ ઉત્તર સાંભળી યુગલીયાઓને ઘણો જ આનંદ થયો. તેમણે પ્રભુ પાસે જઈ એ વાત કહી સંભળાવી. કેટલાક, પ્રભુનો રાજ્યાભિષેક કરવા સારૂ પાણી લેવા સરોવર તરફ ગયા. એ વખતે શક્રેન્દ્રનુ સિંહાસન કંપ્યું. તેણે અવધિજ્ઞાનથી પ્રભુનો રાજ્યાભિષેક જાણ્યો અને પ્રથમ તીર્થંકરનો રાજ્યાભિષેક કરવાનો પોતાનો આચાર સમજાતાં તે દેવો સહિત પ્રભુ પાસે પહોંચ્યો.

પછી સૌધર્મેન્દ્રે એક વેદિકા રચી તેની ઉપર સિંહાસન સ્થાપ્યું, દેવોએ આણેલા તીર્થજળ વડે પ્રભુને સ્નાન કરાવ્યું, દિવ્ય વસ્ત્રો પહેરાવ્યાં, અંગે આભૂષણો સજાવ્યાં અને મસ્તક ઉપર મુકુટ મુકી પ્રભુનો રાજ્યાભિષેક કર્યો.

એટલામાં પાણી લેવા સરોવર તરફ ગયેલા યુગલીયાઓ કમળના પત્રમાં પાણી લઇ પાછા ફર્યા. પ્રભુને દિવ્ય વસ્ત્રો તથા આભૂષણોથી અલંકારેલા અને સિંહાસન ઉપર બેઠેલા જોઈ તેમને ઘણી નવાઈ લાગી. કમલપત્રમાંનું પાણી ક્યાં કેવી રીતે નાખવું તેનો તેઓ વિચાર કરવા લાગ્યા. દિવ્ય વસ્ત્રો તથા આભૂષણોવાળા પ્રભુના મસ્તક ઉપર જળ નાખવું એ તો ઠીક નહીં, એમ વિચારી તેમણે તે જળ પ્રભુના ચરણ ઉપર જ ઢોળી દીધું. આ દૃશ્ય જોઇ દેવોને ભારે સંતોષ થયો. ઇન્દ્રે કહ્યું:–"ખરેખર, આ માણસો કેટલા બધા વિનયવાળા છે?" પછી તેણે કુબેરને આજ્ઞા કરી કે:–" અહિંઆ બાર યોજન લાંબી, નવ યોજન પહોળી એવી વિનીતા નામની નગરી વસાવો." કુબેરને આજ્ઞા કરી ઇન્દ્ર પોતાના સ્થાને ગયો. કુબેરે આજ્ઞા પ્રમાણે તેટલીજ લંબાઇ પ્હોળાઈવાળી, રત્ન અને સુવર્ણમય હવેલીઓવાળી તથા સરસ કિલ્લાવાળી વિનીતા નગરી વસાવી.

આદિ રાજતંત્ર.

સર્વ રાજાઓમાં પ્રથમ શ્રી ઋષભદેવ પ્રભુ પોતાના સંતાનની

જેમ પ્રજાનું પાલન કરવા લાગ્યા, પ્રજાને બંધબેસતું થાય તેવું વ્યવસ્થિત રાજતંત્ર ગોઠવી દીધું, તેમજ ઉંચી જાતના ઘોડા, હાથી, બળદ અને ગાયો વિગેરેનો પણ સંગ્રહ કરવા માંડયો. તેમણે રાજવ્યવસ્થા માટે ઉગ્ર, ભોગ, રાજન્ય અને ક્ષત્રિય એમ ચાર કૂળ સ્થાપ્યાં. જેઓ ઉગ્ર દંડ કરનારા હતા તેઓ ઉગ્ર કુળમાં ગણાયા અને તેઓ આરક્ષસ્થાનીય–કોટવાળના નામથી સંબોધાયા. જેઓ ભોગને યોગ્ય હતા તેમને ભોગકૂળમાં સ્થાપ્યા અને તે ગુરૂસ્થાનીય ગણાયા. જેઓ સમાન વયના હતા તેમને રાજન્યકૂળમાં મૂકયા અને તે મિત્રસ્થાનીય લેખાયા. બાકીના પ્રધાન પ્રજાજનોને ક્ષત્રિયકૂળમાં સ્થાપ્યા.

રંધનકળાનો ક્રમવિકાસ

ઉત્તરોત્તર વિષમ કાળ આવવાથી શ્રી ઋષભદેવ પ્રભુના વખતમાં કલ્પવૃક્ષનાં ફળ મળવાં દુર્લભ થઇ પડયાં, તેથી ઇક્ષ્વાકુવંશના માણસો શેરડી ખાઇને રહેવા લાગ્યા તેમજ બીજાઓ પ્રાયઃ વૃક્ષનાં પત્ર તથા ફળફુલ ખાઇને ચલાવવા લાગ્યા. તે વખતે હજી અગ્નિની શોધ થઈ ન્હોતી. તેથી લોકો ચોખા વિગેરે ધાન્ય કાચું જ ખાતા. પણ કાળના પ્રભાવે કાચા ચોખા પચવા ભારે થઇ પડયા. તેથી તેમણે થોડો થોડો આહાર કરવા માંડયો. થોડું થોડું ખાવા છતાંય ખાધેલું ધાન્ય પુરેપુરૂં ન પચે એવી સ્થિતિ પ્રાપ્ત થઇ. એટલે પ્રભુના કહેવા પ્રમાણે ચોખા જેવા ધાન્યને હાથથી મસળી, ફોતરાં કાઢી નાખી તેનો આહાર કરવા લાગ્યા. તે પણ ન પચવાથી પ્રભુના કહેવા પ્રમાણે ધાન્યને હાથથી મસળી, ફોતરાં કાઢી નાખી, પાંદડાના પડીયામાં પાણીથી ભીંજાવી ખાવા લાગ્યા, તે પણ ન પચવાથી પહેલાંની જેમ સાફ કરી, પાણીમાં ભીંજાવી, થોડો વખત મુઠીમાં રાખી, મુઠીની ગરમીથી ગરમ કરી ખાવા લાગ્યા. તે પણ ન પચવાથી પૂર્વે

કહેલા વિધિ પ્રમાણે પાણીમાં ભીંજાવી, કાખની ગરમી લાગે તેમ રાખી ખાવા લાગ્યા. એ રીતે ખાંધેલું ધાન્ય સ્હેલાઈથી પચી જાય તેટલા સારૂ તેમણે ઘણા ઘણા ઉપાયો કરી જોયા. એટલામાં એકવાર એ વૃક્ષ ઘસાવાથી નવોજ અગ્નિ ઉત્પન્ન થયો. એ અગ્નિ, ઘાસ તથા લાકડાં વિગેરેને બાળી નાખતો આગળ વધવા લાગ્યો. યુગલીયાઓએ પ્રથમ કોઇ વાર અગ્નિ જોયો ન્હોતો, તેથી તેમને આ દૃશ્ય જોઈ ભારે અજાયબી લાગી. તેઓ અગ્નિને કોઈ અદ્દભૂત પ્રકારનું રત્ન સમજી, તેને ગ્રહણ કરવા પોતાના હાથ લંબાવવા લાગ્યા ! પણ દાઝવાથી તેઓ નિરાશ થઈ ગયા. તેમણે પ્રભુ પાસે આવી એ વાતની ફ્રર્યાદ કરી. પ્રભુએ અગ્નિની ઉત્પત્તિ જાણી કહ્યું:—"હે યુગલિકો ! એ અગ્નિ ઉત્પન્ન થયો છે. હવે તમે તે અગ્નિમાં ચોખા વિગેરે ધાન્ય સ્થાપન કરીને પછી ખાશો તો તે સ્હેલાઈથી પચાવી શકશો."

આદિ કલા–કુંભકારની કલા

પ્રભુનાં વચનો સાંભળી, અજીર્ણથી કંટાળેલા યુગલીયા બહુ હર્ષ પામ્યા. તેમણે ચોખા તથા બીજું ધાન્ય અગ્નિમાં હોમી દઈ, કલ્પવૃક્ષની પાસે ફળ યાચવામાં આવે તેવી રીતે અગ્નિ પાસે ઉભા રહી પકવ અન્નની પ્રાર્થના કરી. પણ અગ્નિદેવે યુગલીયાની પ્રાર્થના વિષે મુદ્દલ લક્ષ ન આપ્યું. તેણે તો પોતાના સ્વભાવ પ્રમાણે ધાન્યને બાળી ભસ્મ કરી દીધું. પોતાના ધાન્યને તદ્દન બળી ગયેલું જોઈ તેમને અગ્નિ વિષે બહુ માઠું લાગ્યું. તેમને થયું કે "અરે ! આ તો કોઈ રાક્ષસ જેવો લાગે છે ! અમારૂં આટલું બધું ધાન્ય ખાઇ જાય છે છતાં તૃપ્ત જ નથી થતો ! અમને કંઈ પાછું પણ નથી આપતો ! આપણા પ્રભુને કહી તેને (અગ્નિને) સખ્ત સજા કરાવવી પડશે." અગ્નિ પાસેથી અન્યાય પામેલા યુગલીયા

પ્રભુ પાસે જવા તૈયાર થયા. એટલામાં પ્રભુને જ સામેથી હાથી ઉપર બેસી આવતા જોઇ તેઓ બોલી ઉઠયા કે:—"હે સ્વામિન્! આ અગ્નિ તો પેટભરા-ભૂખાળવાની જેમ અમે જે કંઇ નાખીએ છીએ તે બધું પોતે જ સ્વાહા કરી જાય છે! અમને જરા જેટલું પણ પાછું નથી આપતો." પ્રભુએ કહ્યું કે, "તમારે અગ્નિ અને ધાન્યની વચમાં કંઇક વ્યવધાન (આંતરો) રાખવો જોઇએ. એટલે જો તમે અગ્નિ ઉપર વાસણ મૂકી તેમાં ધાન્ય મૂકશો તો તેને સારી રીતે પકાવી શકશો."

પછી તો પ્રભુએ પોતે જ યુગલિકો પાસે ભીની માટીનો પિંડ મંગાવ્યો અને તે પિંડને હાથીના કુંભસ્થળ ઉપર મૂકાવી મહાવત પાસે તેનું વાસણ બનાવરાવ્યું. એ રીતે પ્રભુએ પોતે સૌ પ્રથમ કુંભારની કળા પ્રકટ કરી.

પેલું માટીનું વાસણ બતાવી યુગલીયાને પ્રભુએ કહ્યું કે:— આવી રીતે તમે બીજાં પાત્રો પણ બનાવો અને તેને અગ્નિ ઉપર રાખી તેમાં ધાન્યોને પકાવી ભક્ષણ કરજો." પ્રભુએ બતાવેલી કળા બરોબર ધ્યાનમાં લઇ યુગલીયા તે પ્રમાણે વાસણ બનાવવા લાગ્યા. કુંભારની કળા પ્રકટ કર્યા પછી પ્રભુએ લુહારની, ચિતારાની, વણકરની અને નાપિત (વાળંદ) ની એમ બીજી ચાર કળાઓ પ્રકટ કરી. આ પાંચ મૂળ શિલ્પના-પ્રત્યેકના વીશ ભેદ થવાથી એકંદરે સો શિલ્પ થયાં.

વિશ્વોપકારક પ્રભુ

અર્હન્ કૌશલિક શ્રી ઋષભદેવ પ્રભુ સર્વ કળાઓમાં કુશળ હતા, તે સાથે પ્રતિજ્ઞાનો સમ્યક્ પ્રકારે નિર્વાહ કરનાર, અત્યંત સૌંદર્યવાન, સર્વ ગુણવડે અલંકૃત, સંયમી, સરળ પ્રકૃતિવાળા અને વડિલોનો વિનય કરનાર હતા. એ પ્રકારનાં વિશેષણોથી

વિભૂષિત પ્રભુ વીશ લાખ પૂર્વ સુધી કુમાર અવસ્થાની મધ્યમાં રહ્યા, ત્રેસઠ લાખ પૂર્વ સુધી રાજ્ય અવસ્થામાં રહ્યા અને પુરૂષોપયોગી લેખન આદિ કળાઓ, ગણિત વિગેરે પ્રધાન વિષયો અને છેલ્લે પક્ષીની ભાષા જાણવાની કળા (શકુનરૂત) સુદ્ધાં (બોંતેર કળાઓ) પ્રકટ કરી. તે ઉપરાંત સ્ત્રીઓના ચોસઠ કળાઓનો પણ ઉપદેશ કર્યો. આચાર્યના ઉપદેશ વગર ઉત્પન્ન થાય તે કર્મ અને આચાર્યના ઉપદેશથી થાય તે શિલ્પ સમજવાં, કર્મ અને શિલ્પ વચ્ચેનો એ ભેદ સમજી લેવો. કર્મો એટલે કૃષિ—વાણિજ્યાદિ જીવનને ઉપયોગી થાય તે. કર્મ તો અનુક્રમે પોતાની મેળેજ ઉત્પન્ન થયાં છે, પ્રભુએ તો માત્ર શિલ્પશાસ્ત્ર જ શીખવ્યું છે. અર્થાત્ પુરૂષની બોંતેર કળાઓ, સ્ત્રીઓની ચોસઠ કળાઓ અને સો શિલ્પો એ ત્રણ વસ્તુનો પ્રભુએ પ્રજાના હિતને માટે—વિશ્વના ઉપકારને માટે ઉપદેશ કર્યો.

પુરૂષની બોંતેર કળાઓ

પુરૂષની બોંતેર કળાઓ આ પ્રમાણેઃ—(૧) લેખન (૨) ગણિત, (૩) ગીત (૪) નૃત્ય (૫) વાદ્ય (૬) પઠન (૭) શિક્ષા (૮) જ્યોતિષ (૯) છંદ (૧૦) અલંકાર (૧૧) વ્યાકરણ (૧૨) નિરૂક્તિ (૧૩) કાવ્ય (૧૪) કાત્યાયન (૧૫) નિઘંટુ (શબ્દ કોષ) (૧૬) અશ્વારોહણ (૧૭) ગજારોહણ (૧૮) હાથી—ઘોડા કેળવવાની વિદ્યા (૧૯) શાસ્ત્રાભ્યાસ (૨૦) રસ (૨૧) મંત્ર (૨૨) યંત્ર (૨૩) વિષ (૨૪) ખનીજ પદાર્થ મેળવવાની વિદ્યા (૨૫) ગંધવાદ (૨૬) પ્રાકૃત (૨૭) સંસ્કૃત (૨૮) પૈશાચિક (૨૯) અપભ્રંશ (૩૦) સ્મૃતિ (૩૧) પુરાણ (૩૨) અનુષ્ઠાન શાસ્ત્ર (વિધિ) (૩૩) સિદ્ધાન્ત (૩૪) તર્ક (૩૫) વૈદક (૩૬) વેદ (૩૭) આગમ (૩૮) સંહિતા (૩૯) ઇતિહાસ

(૪૦) સામુદ્રિક (૪૧) વિજ્ઞાન (૪૨) આચાર્યક વિદ્યા (૪૩) રસાયન (૪૪) કપટ (૪૫) વિદ્યાનુવાદ (૪૬) દર્શન સંસ્કાર (૪૭) ધૂર્ત્તશંબલક (૪૮) મણિકર્મ (૪૯) વૃક્ષના રોગનું ઓસડ જાણુવાની વિદ્યા (૫૦) ખેચરી કલા (૫૧) અમરીકલા (૫૨) ઇન્દ્રજાળ (૫૩) પાતાલસિદ્ધિ (૫૪) યંત્રક (૫૫) રસવતી (૫૬) સર્વકરણી (૫૭) ઘર–મંદિરાદિનું શુભાશુભ લક્ષણ જાણુવાની વિદ્યા–પ્રાસાદલક્ષણ (૫૮) જુગાર–પણ (૫૯) ચિત્રોપલ (૬૦) લેપ (૬૧) ચર્મકર્મ (૬૨) ધારેલું પત્ર છેદવાની વિદ્યા–પત્રચ્છેદ (૬૩) નખચ્છેદ (૬૪) પત્ર પરીક્ષા (૬૫) વશીકરણ (૬૬) કાષ્ઠઘન (૬૭) દેશભાષા (૬૮) ગારૂડ (૬૯) યોગાંગ (૭૦) ધાતુકર્મ (૭૧) કેવલિવિધિ (૭૨) શકુનરૂત. હવે લેખનમાં હંસવિધિ વિગેરે અઢાર જાતની વિધિનો સમાવેશ થાય છે અને તેનું વિધાન પ્રભુએ જમણે હાથે બ્રાહ્મીને શીખવ્યું, તથા એક, દસ, સો, હજાર, દસ હજાર, લાખ, દસ લાખ, કરોડ, દસ કરોડ, અબજ, ખર્વ, નિખર્વ, મહાપદ્મ, શંકુ, જલધિ, અંત્ય, મધ્ય, અને પરાર્ધ એવી રીતે અનુક્રમે દસ દસગણી સંખ્યાવાળું ગણિત પ્રભુએ ડાબે હાથે સુંદરીને શીખવ્યું. કાષ્ઠકર્માદિ રૂપ કર્મ ભરતને અને પુરૂષાદિ લક્ષણો બાહુબલિને શીખવ્યાં.

સ્ત્રીઓની ચોસઠ કળા

(૧) નૃત્ય (૨) આદર આપવાની કળા–ઔચિત્ય (૩) ચિત્ર, (૪) વાદિત્ર (૫) મંત્ર (૬) તંત્ર (૭) ધનવૃષ્ટિ (૮) ફલાકૃષ્ટિ–ફળ તોડવાની કળા (૯) સંસ્કૃતજલ્પ (૧૦) ક્રિયાકલ્પ (૧૧) જ્ઞાન (૧૨) વિજ્ઞાન (૧૩) દંભ (૧૪) પાણી થંભાવવાની કળા (૧૫) ગીતમાન (૧૬) તાલમાન (૧૭) આકારગોપન (૧૮) બગીચા બનાવવાની કળા (૧૯) કાવ્યશક્તિ

(૨૦) વક્રોક્તિ (૨૧) નરલક્ષણ (૨૨) હાથી–ઘોડાની પરીક્ષા (૨૩) વાસ્તુસિદ્ધિ (૨૪) તીવ્રબુદ્ધિ (૨૫) શકુન વિચાર (૨૬) ધર્માચાર (૨૭) અંજનયોગ (૨૮) ચુર્ણયોગ (૨૯) ગૃહિધર્મ (૩૦) સુપ્રસાદન કર્મ (રાજી રાખવાની કળા) (૩૧) કનકસિદ્ધિ (૩૨) વર્ણિકાવૃદ્ધિ-સૌંદર્યવૃદ્ધિ (૩૩) વાક્પાટવ (૩૪) કરલાઘવ–હાથ ચાલાકી (૩૫) લલિત ચરણ (૩૬) તૈલસુરભિતાકરણ–સુગંધી તેલ બનાવવાની કળા (૩૭) ભૃત્યોપચાર (૩૮) ગેહાચાર (૩૯) વ્યાકરણ (૪૦) પરનિરાકરણ (૪૧) વીણાનાદ (૪૨) વિતંડાવાદ (૪૩) અંકસ્થિતિ (૪૪) જનાચાર (૪૫) કુંભભ્રમ (૪૬) સારિશ્રમ (૪૭) રત્નમણિભેદ (૪૮) લિપિ પરિચ્છેદ (૪૯) વૈદ્યક્રિયા (૫૦) કામાવિષ્કરણ (૫૧) રંધન (૫૨) ચિકુરબંધ–કેશ બાંધવાની કળા (૫૩) શાલીખંડન (૫૪) મુખમંડન (૫૫) કથાકથન (૫૬) કુસુમ ગ્રથન–ફુલ ગુંથવા (૫૭) વરવેષ (૫૮) સર્વભાષા વિશેષ (૫૯) વાણિજ્ય (૬૦) ભોજ્ય (૬૧) અભિધાન પરિજ્ઞાન (૬૨) આભૂષણ યથાસ્થાન વિવિધ પરિધાન (૬૩) અંત્યક્ષરિકા અને (૬૪) પ્રશ્ન પ્રહેલિકા.

એ પ્રમાણે શ્રી ઋષભદેવ પ્રભુએ પુરૂષની બ્હોંતેર કળાઓ, સ્ત્રીઓની ચોસઠ કળાઓ અને સો શિલ્પો એ ત્રણ વસ્તુઓનો પ્રજાના હિતને માટે ઉપદેશ કર્યો, અને પોતાના સો પુત્રોનો સો રાજ્યો ઉપર અભિષેક કર્યો. ભરતને વિનીતા નગરીનું મુખ્ય રાજ્ય સોંપ્યું, બાહુબલિને બહલીદેશમાં તક્ષશીલા નગરીનું રાજ્ય સોંપ્યું અને બાકીના અઠ્ઠાણું પુત્રોને જૂદા જૂદા દેશો વહેંચી આપ્યા.

પ્રભુના સો પુત્રોનાં નામ

(૧) ભરત (૨) બાહુબલિ (૩) શંખ (૪) વિશ્વકર્મા (૫) વિમલ (૬) સુલક્ષણ (૭) અમલ (૮) ચિત્રાંગ (૯) ખ્યાતકીર્ત્તિ

(૧૦) વરદત્ત (૧૧) સાગર (૧૨) યશોધર (૧૩) અમર (૧૪) રથવર (૧૫) કામદેવ (૧૬) ધ્રુવ (૧૭) વત્સ (૧૮) નંદ (૧૯) સુર (૨૦) સુનંદ (૨૧) કુરૂ (૨૨) અંગ (૨૩) વંગ (૨૪) કોશલ (૨૫) વીર (૨૬) કલિંગ (૨૭) માગધ (૨૮) વિદેહ (૨૯) સંગમ (૩૦) દશાર્ણ (૩૧) ગંભીર (૩૨) વસુવર્મા (૩૩) સુવર્મા (૩૪) રાષ્ટ્ર (૩૫) સુરાષ્ટ્ર (૩૬) બુદ્ધિકર (૩૭) વિવિધકર (૩૮) સુયશા (૩૯) યશ:કીર્ત્તિ (૪૦) યશસ્કર (૪૧) કીર્ત્તિકર (૪૨) સૂરણ (૪૩) બ્રહ્મસેન (૪૪) વિક્રાન્ત (૪૫) નરોત્તમ (૪૬) પુરૂષોત્તમ (૪૭) ચન્દ્રસેન (૪૮) મહાસેન (૪૯) નભાસેન (૫૦) ભાનુ (૫૧) સુકાંત (૫૨) પુષ્પયુત (૫૩) શ્રીધર (૫૪) દુર્દ્ધર્ષ (૫૫) સુસુમાર (૫૬) દુર્જય (૫૭) અજેયમાન (૫૮) સુધર્મા (૫૯) ધર્મસેન (૬૦) આનંદન (૬૧) આનંદ (૬૨) નંદ (૬૩) અપરાજિત (૬૪) વિશ્વસેન (૬૫) હરિષેણ (૬૬) જય (૬૭) વિજય (૬૮) વિજયંત (૬૯) પ્રભાકર (૭૦) અરિદમન (૭૧) માન (૭૨) મહાબાહુ (૭૩) દીર્ઘબાહુ (૭૪) મેઘ (૭૫) સુઘોષ (૭૬) વિશ્વ (૭૭) વરાહ (૭૮) સુસેન (૭૯) સેનાપતિ (૮૦) કપિલ (૮૧) શૈલવિચારી (૮૨) અરિંજય (૮૩) કુંજર બલ (૮૪) જયદેવ (૮૫) નાગદત્ત (૮૬) કાશ્યપ (૮૭) બલ (૮૮) ધીર (૮૯) શુભમતિ (૯૦) સુમતિ (૯૧) પદ્મનાભ (૯૨) સિંહ (૯૩) સુજાતિ (૯૪) સંજય (૯૫) સુનાભ (૯૬) નરદેવ (૯૭) ચિત્તહર (૯૮) સુરવર (૯૯) દૃઢરથ અને (૧૦૦) પ્રભંજન.

રાજ્યોના દેશોનાં નામ:—(૧) અંગ (૨) વંગ (૩) કલિંગ (૪) ગૌડ (૫) ચૌડ (૬) કર્ણાટ (૭) લાટ (૮) સૌરાષ્ટ્ર (૯) કાશ્મીર (૧૦) સૌવીર (૧૧) આભીર (૧૨)

ચીણ (૧૩) મહાચીણ (૧૪) ગુર્જર (૧૫) બંગાલ (૧૬) શ્રીપાલ (૧૭) નેપાલ (૧૮) જહાલ (૧૯) કૌશલ (૨૦) માલવ (૨૧) સિંહલ (૨૨) મરૂસ્થળ.

દીક્ષા

શ્રી ઋષભદેવે પોતાના સો પુત્રોને રાજ્યો સોંપી દીક્ષા લેવાની તૈયારી કરી. દીક્ષાને એક વર્ષ બાકી રહ્યું એટલે લોકાંતિક દેવોએ પોતાના શાશ્વત આચાર પ્રમાણે પ્રભુને અભિનંદતા, ઇષ્ટ અને મિષ્ટ વાણીમાં કહ્યું:—" હે પ્રભુ ! આપ જય પામો ! હે ભગવન્ ! આપ બોધ પામો–દીક્ષા સ્વીકારો ! હે લોકોના નાથ ! સકળ જગત્‌ના જીવોને હિતકર થાય તેવું ધર્મતીર્થ પ્રવર્ત્તાવો ! " (ઇત્યાદિ સર્વ શ્રી મહાવીર સ્વામીના સંબંધમાં આવેલા પાઠ પ્રમાણે કહેવું.) પ્રભુએ અવધિજ્ઞાન અને અવધિદર્શનવડે પોતાનો દીક્ષાકાળ જાણી વાર્ષિકદાન આપ્યું, અને ચૈત્ર માસના કૃષ્ણ પખવાડીયામાં આઠમની તિથિને વિષે, દિવસના પાછલા પહોરે સુદર્શના નામની પાલખીમાં રત્નજડિત સુવર્ણસિંહાસન પર પૂર્વ દિશા સંમુખ બેસી, દેવો મનુષ્યો તથા અસુરોની પર્ષદા સાથે દીક્ષા લેવા નીકળ્યા. કુળના વડિલોએ તથા સ્વજનોએ જય જયના ધ્વની કર્યા. તેઓ વિનીતા રાજધાનીના મધ્ય ભાગમાં થઈને, સિદ્ધાર્થવન નામના ઉદ્યાનમાં અશોકવૃક્ષની નીચે, પાલખી સ્થાપન કરાવી નીચે ઉતર્યા અને અલંકારો ઉતારી ચાર મુષ્ટિવડે પોતાના કેશનો લોચ કર્યો. એક મુષ્ટિ બાકી રહી ત્યારે તે એક મુષ્ટિ કેશલતા, પ્રભુના સુવર્ણ સરખા કાંતિમય ખભા ઉપર સુવર્ણના કળશ ઉપર નીલકમલની માળા શોભે તેવી રીતે દીપી નીકળી. તે કેશલતા જોઈ ઇન્દ્રને બહુજ આનંદ થયો. તેણે પ્રભુને વિનંતિ કરી કે:–" હે સ્વામી ! કૃપા કરી હવે એટલા કેશ રહેવા દો તો સારૂં," શક્રના આગ્રહથી પ્રભુએ તેટલા કેશ રહેવા દીધા.

એ રીતે ચાર મુષ્ટિ લોચ કરીને નિર્જળ છઠ્ઠ તપ વિષે ઉત્તરાષાઢા નક્ષત્રમાં ચન્દ્રનો યોગ પ્રાપ્ત થતાં, ઉગ્ર ભોગ રાજન્ય અને ક્ષત્રિય કુળના કચ્છ મહાકચ્છ વિગેરે ચાર હજાર પુરૂષો કે જેઓ પ્રભુના પગલે ચાલવાના મનોરથ રાખતા હતા તેઓની સાથે, એક દેવદૂષ્ય વસ્ત્ર ગ્રહણ કરીને, દ્રવ અને ભાવથી મુંડ થઇને-ગૃહવાસથી નીકળીને અનગારપણાની-સાધુપણાની દીક્ષા અંગીકાર કરી.

તાપસની ઉત્પત્તિ

દીક્ષા લીધા પછી એક હજાર વરસ સુધી, હંમેશને માટે કાયાની સુશ્રુષા ત્યજી દીધેલી હોવાથી અને શરીર વિષે લેશ પણ મમત્વ નહીં હોવાથી તેમણે ઘણા ઘણા ઉપસર્ગો સહન કર્યા.

પ્રભુના સમયના લોકો અત્યંત સમૃદ્ધ હોવાથી ભિક્ષા એટલે શું અને ભિક્ષાચર કેવો હોય તે વિષે જરા પણ માહિતગાર ન હતા. આવી સ્થિતિમાં પ્રભુ ગ્રામાનુગ્રામ વિચરવા લાગ્યા. પ્રભુને પોતાને તો કંઇ ન લાગ્યું પણ તેમની સાથે જેમણે દીક્ષા લીધી હતી અને જેઓ પ્રભુના પગલે પગલે ચાલવાની આશા રાખી રહ્યા હતા તેઓ ભિક્ષા ન મળવાથી, આખરે અકળાયા; અને પ્રભુને આહારનો ઉપાય પૂછવા લાગ્યા. મૌનધારી પ્રભુએ તેનો કંઈ ઉત્તર ન આપ્યો. ત્યાંથી નિરાશ થઈ તેઓ કચ્છ અને મહા કચ્છ પાસે ગયા. તેમણે ઉત્તર આપ્યો કે:—“ જેમ તમે કંઇ જાણતા નથી તેમ અમે પણ આહારનો વિધિ નથી જાણતા. આપણે દીક્ષા લેતી વખતે પ્રભુને પહેલેથી ન પૂછી રાખ્યું તે આપણી ભૂલ થઇ. હવે તો પ્રભુએ મૌનવ્રત ધાર્યું છે એટલે તેઓ જવાબ પણ શી રીતે આપી શકે ? બીજી તરફ આહાર વિના શું કરવું એ મ્હોટી મુંઝવણ થઇ પડી છે. ભરતની લજ્જાથી પાછું ઘેર જવું એ પણ ઠીક નહીં. હવે તો

આપણે માટે એક જ માર્ગ દેખાય છે. આપણે વનવાસ સેવવો એજ કલ્યાણકારી છે.”

કચ્છ અને મહાકચ્છનો માર્ગ તેમને રૂચ્યો. તેમણે એકમત થઇ પ્રભુનું જ ધ્યાન ધરતા, ગંગા નદીને કાંઠે વનમાં રહેવાનું પસંદ કર્યું. ત્યાં તેઓ વૃક્ષો પરથી નીચે પડતાં પાકાં ફળ-ફૂલ પત્ર વિગેરે ખાઈને રહેવા લાગ્યા, અને પોતાના મસ્તક, દાઢી તથા મૂછના કેશને સાફ ન કરતા હોવાથી જટાધારી તાપસ તરીકે તેમની ગણતરી થવા લાગી.

પ્રભુભકિતનો પ્રતાપ

પ્રભુએ દીક્ષા લીધી તે પહેલાં તેમણે પોતાના સર્વ પુત્રોને જુદા જુદા દેશનાં રાજ્ય વ્હેંચી આપ્યાં હતાં પણ કચ્છ અને મહાકચ્છના નમિ અને વિનમિ નામના પુત્રો કે જેમને પ્રભુએ પોતાના પુત્રની પેઠે રાખ્યા હતા, તેઓ કાર્ય પ્રસંગે બ્હારગામ ગયેલા હોવાથી, રાજ્યોની વ્હેંચણી વખતે હાજર રહી શક્યા નહીં. પ્રભુએ દીક્ષા લીધા પછી તેઓ પાછા આવ્યા અને ભરત રાજા પાસેથી પોતાના ભાગનો હિસ્સો માગ્યો. ભરતે થોડો ભાગ આપવા માંડયો, પણ તેટલાથી તેમને સંતોષ ન થયો. તેઓ પિતાના વચનથી પ્રભુ પાસે ગયા અને કાઉસગ્ગધ્યાનમાં રહેલા પ્રભુની અંતઃકરણપૂર્વક ભકિત કરવા લાગ્યા. “પ્રભુ તો નિઃસંગ છે” અને તેથી તેઓ રાજ્ય આપી શકે નહીં એ વાતનું તેમને મુદ્દલ લક્ષ ન હતું. તેઓ હંમેશ પ્રભુના સમિપ ભાગમાં રહેલી ધૂળ વાળી નાખે, કમળપત્રમાં જળ લાવી ચારે તરફ છંટકાવ કરે, અને પ્રભુની પાસે જાનુપ્રમાણ સુગંધી પુષ્પો પાથરી પંચાંગ પ્રણામ કરી “હે પ્રભુ! અમને રજા આપો!” એ પ્રમાણે પ્રાર્થના કર્યા કરે!

એવામાં એક વખતે ધરણેન્દ્ર ભક્તિભાવપૂર્વક પ્રભુને વંદન કરવા આવ્યો. તેણે પ્રભુની સેવા કરતા તથા પ્રભુ પાસે રાજ્યની માગણી કરતા નમિ અને વિનમિને જોઇ, સંતુષ્ટ થઇ કહ્યું કે— "હે ભદ્રો! પ્રભુ તો નિઃસંગ છે, તેમની પાસે રાજ્યની માગણી ન થઈ શકે. પ્રભુની આજસુધીમાં તમે જે સેવાભકિત કરી છે તેના બદલામાં હું પોતે જ તમને રાજ્ય આપી શકીશ." તે પછી ધરણેન્દ્રે તેમને અડતાલીશ હજાર વિદ્યાઓ આપી, તેમાં ગૌરી, ગાંધારી, રોહિણી અને પ્રજ્ઞપ્તિ નામની ચાર મહાવિદ્યા પાઠસિદ્ધ આપી. વિશેષમાં ધરણેન્દ્રે કહ્યું કે:—"આ વિદ્યાઓ વડે તમે વિદ્યાધરની ઋદ્ધિ પામ્યા છો, એટલે હવે તમે સ્વજન-પરિવારને લઇને સુખેથી વૈતાઢ્ય પર્વત ઉપર જાઓ, ત્યાં દક્ષિણશ્રેણિમાં ગૌરેય-ગાંધાર વિગેરે આઠ નિકાયો-જાતિઓ અને રથનૂપુર ચક્રવાલાદિ પચાસ નગર વસાવો, તથા ઉત્તરશ્રેણિમાં પંડક વંશાલય વિગેરે આઠ નિકાયો અને ગગનવલ્લભ આદિ સાઠ નગરો વસાવો." કૃતાર્થ થયેલા નમિ વિનમિએ પોતાના પિતા અને ભરત પાસે જઇ સઘળી હકીકત નિવેદન કરી અને વૈતાઢ્ય પર્વતની દક્ષિણશ્રેણિમાં નમિએ તથા ઉત્તરશ્રેણિમાં વિનમિએ વાસ કર્યો.

ત્રણ સ્વપ્નનો સરવાળો

શ્રી ઋષભદેવ પ્રભુએ દીક્ષા લીધી તે વખતે લોકો અતિશય સમૃદ્ધિશાલી અને ભદ્રિક હોવાથી દાનમાં અન્ન-પાણી આપવાં જોઇએ તે વાત સમજતા ન્હોતા. તેથી ભિક્ષા માટે પ્રભુ જ્યાં જ્યાં જાય ત્યાં ત્યાં લોકો તેમને પ્રથમની જેમ રાજા સમજી કીમતી વસ્ત્રો-ઘરેણાં કન્યા વિગેરેની ભેટ મૂકે અને પોતાને ત્યાં પધારવાનું નિમંત્રણ કરે. એ રીતે યોગ્ય ભીક્ષા ન મળવા છતાં દીનતારહિત મનવાળા પ્રભુ ગ્રામાનુગ્રામ વિચરતા રહ્યા. એકવાર

કુરૂ દેશના હસ્તિનાગપુર નામના નગરમાં પધાર્યા. ત્યાં બાહુબલિનો પુત્ર—સોમપ્રભ નામનો રાજા રાજ્ય કરતો હતો, અને સોમપ્રભનો શ્રેયાંસ નામે પુત્ર યુવરાજપદે હતો. તે શ્રેયાંસકુમારે રાત્રીએ “જાણે પોતે શ્યામવર્ણવાળા મેરૂ પર્વતને અમૃતભરેલા કળશ વડે સીંચ્યો હોય અને તેથી તે અત્યંત દીપી નીકળ્યો હોય” એવું સ્વપ્ન જોયું. તેજ નગરના સુબુદ્ધિ નામના નગરશેઠે પણ તેજ રાત્રિએ શ્રેયાંસકુમારને સૂર્યમંડળનાં ખરી પડેલાં કિરણો પુનઃ તેમાં સ્થાપતો સ્વપ્નમાં જોયો. રાજાએ પણ પોતાના સ્વપ્નમાં શત્રુના લશ્કર સાથે લડતા કોઇ મહાપુરૂષને શ્રેયાંસની સહાયથી વિજય પામતો નીહાળ્યો. સવારમાં રાજસભામાં તે ત્રણે જણ એકઠા થયા. તેમણે પોતપોતાનાં સ્વપ્ન પરસ્પરને કહ્યાં એટલે રાજાએ તે ત્રણે સ્વપ્નનો સરવાળો કરી નિર્ણય કર્યો કે—“ શ્રેયાંસને કોઈ પણ મહાન્ લાભ થવો જોઇએ. ” તે પછી સભા વિસર્જન કરવામાં આવી.

વેષદર્શનથી જાતિસ્મરણ

શ્રેયાંસ કુમાર પોતાના મહેલમાં પધાર્યા. મહેલના ઝરૂખામાં બેસી જોયું તો કેટલાક માણસો અંદર અંદર પૂછતા અને કંઈક વિચારતા હોય તેમ લાગ્યું. તેમના સર્વના મુખમાંથી એકજ અર્થના ઉદ્ગાર નીકળતા હતા. તેઓ કહેતા હતા કે “ પ્રભુ કંઇ પણ લેતા નથી. ” એટલામાં શ્રેયાંસને પ્રભુના દર્શન થયાં. પ્રભુને અને પ્રભુના વેષને જોતાં જ તેને લાગ્યું કે:—“ મેં પહેલાં પણ ક્યાંઇક આવો વેષ જોયો છે ! ” એ વિષે ઉંડો વિચાર કરતાં તેને જાતિસ્મરણ જ્ઞાન થયું. એ જ્ઞાનના પ્રતાપે તે સ્પષ્ટપણે જોઇ શક્યો કે:—“અહો ! પૂર્વે પૂર્વવિદેહક્ષેત્રમાં આ ભગવંત વજ્રનાભ નામના ચક્રવર્તી હતા અને તે વખતે હું તેમનો સારથી હતો, તેજ ભવમાં સ્વા-



ઇક્ષુ રસપાન. (પૃ. ૩૬૭.)

Kirshna Art Works, Bombay 2. Meghji Hirji Bombay 3.

મીના પિતા વજ્રસેન નામના હતા. તેમને મેં આવા તીર્થંકરના ચિન્હવાળા જોયા હતા. વજ્રસેન તીર્થંકર પાસે વજ્રનાભ ચક્રવર્તીએ દીક્ષા લીધી ત્યારે મેં પણ તેમની સાથે જ દીક્ષા લીધી હતી, તે વખતે તીર્થંકર શ્રી વજ્રસેનના મુખથી જ મેં સાંભળ્યું હતું કે આ વજ્રનાભ ભરતક્ષેત્રમાં પ્રથમ તીર્થંકર થશે, અને સદ્ભાગ્યની વાત છે કે તેજ આ પ્રભુ આજે સર્વ જગતનો અને મારો પણ ઉપકાર કરવા અહીં આવી ચડયા છે!"

આવો વિચાર કરે છે એટલામાં એક માણસે શ્રેયાંસની પાસે આવી, ઉત્તમ શેરડીના રસથી સંપૂર્ણ ભરેલા ઘડા હર્ષપૂર્વક ભેટ ધર્યા. જાતિસ્મરણ જ્ઞાનથી નિર્દોષ ભિક્ષા દેવાનો વિધિ સ્પષ્ટ થયો, તેમણે પ્રભુને વિનંતિ કરી કહ્યું કે:—"ભગવન્! આ કલ્પનીય ભિક્ષા ગ્રહણ કરો."

પ્રભુ ઇક્ષુરસ વ્હોરે છે

પ્રભુએ પણ બેઉ હાથની પસલી કરી, હસ્તરૂપી પાત્ર તેની આગળ ધર્યું. શ્રેયાંસકુમારે રસના ભરેલા ઘડા એક પછી એક ઠલવવા માંડયા. અનુક્રમે સર્વ ઘડાનો રસ રેડી દીધો છતાં ખુબી તો એ હતી કે રસનું એક પણ ટીપું નીચે ન પડતાં રસની શિખા ઉપર વધવા લાગી. કહ્યું છે કે:—

"માઇજ્જ ઘડસહસ્સા અહવા માઇજ્જ સાગરા સવ્વે,
જસ્સેયારિસ લદ્ધી સો પાણિપડિગ્ગહી હોઇ"

અર્થાત્—જેમના હાથની અંદર હજારો ઘડા સમાઇ જાય અથવા સમગ્ર સમુદ્રો સમાઇ જાય એવી જેને લબ્ધિ પ્રાપ્ત થાય તે હસ્તપાત્રી જ હોય.

અહિં કવિ ઉત્પ્રેક્ષા કરે છે:—

स्वाम्याह दक्षिणं हस्तं कथं भिक्षां न लासि भोः
सप्राह दातृहस्तस्याधो भवामि कथं प्रभो ! ॥

સ્વામીએ પોતાના જમણા હાથને પૂછ્યું કે "અરે! તું ભીક્ષા કેમ નથી લેતો ?" જમણા હાથે જવાબ આપ્યો કે–"પ્રભુ હું ભીક્ષા તો લઉં પણ દાતારના હાથ નીચે મારે રહેવું પડે તે મને કેમ પાલવે ? કારણ કે હું તો....

पूजा भोजन दान शान्तिक कला प्राणिग्रह स्थापना
चोक्ष प्रेक्षण हस्तकार्पणमुख व्यापारबद्धस्त्वहम् ।

પૂજા, ભોજન, દાન, શાંતિકર્મ, કળા, પાણિગ્રહણ (લગ્ન સમયનો હસ્તમેળાપ), સ્થાપના, શુદ્ધતા, પ્રેક્ષણ, (હસ્તરેખા બતાવવી), હસ્તક અર્પણ (હાથથી કોલ આપવો તે) વિગેરે ક્રિયાઓમાં જ રોકાએલો રહું છું. એટલે હે ભગવન્! હું આવા ઉત્તમ કાર્ય કરનાર, એક દાતારના હાથ નીચે રહી હલકો કેમ પડું ?"

એટલું કહીને જમણો હાથ મૌન રહ્યો એટલે પ્રભુએ ડાબા હાથને ભિક્ષા લેવાની ભલામણ કરી, તેના જવાબમાં ડાબા હાથે કહ્યું કે:—

वामोऽहं रणसंमुखाऽङ्कगणना वामाङ्ग शय्यादिकृत् ।
द्यूतादिव्यसनी त्वसौ स तु जगौ चोक्षोऽस्मि न त्वं शुचिः ॥

હે પ્રભુ ! રણસંગ્રામ વખતે મનેજ આગળ ધરવામાં આવે છે, અંક ગણવામાં પણ હુંજ હંમેશા તૈયાર રહું છું અને ડાબે પડખે સૂવા વગેરેના કાર્યમાં મારો જ ઉપયોગ કરવામાં આવે છે. એટલે મને તો કોઈ દાતારના હાથ નીચે રહેવાનું ન જ પરવડે. માટે જુગારના વ્યસની જમણા હાથનેજ આપ આજ્ઞા

કરો." જમણા હાથે છેલ્લો નિર્ણય સંભળાવી દીધો કે "ગમે તેમ પણ હું પવિત્ર છું અને તું પવિત્ર નથી."

બન્ને હાથ વચ્ચેનો વિવાદ પ્રભુએ ભાંગ્યો. તેમણે પોતેજ બન્ને હાથને સમજાવ્યા કેઃ—

राज्यश्रीर्भवताऽर्जिताऽर्थिनिवहस्त्यागैः कृतार्थी कृतः
संतुष्टोऽपि गृहाण दानमधुना तन्वन् दयां दानिषु
इत्यब्दं प्रतिबोध्य हस्तयुगलं श्रेयांसतः कारयन्
प्रत्यग्रे क्षुरसेन पूर्णमृषभः पायात्स वः श्रीजिनः ॥

"તમેજ રાજ્યલક્ષ્મી ઉપાર્જન કરી, તમેજ દાન દઈ અર્થીઓના સમૂહને કૃતાર્થ કર્યા, તમે પોતે નિરંતર સંતુષ્ટ રહો છો. તો હવે દાન દેનારા ઉપર દયા લાવી દાન ગ્રહણ કરો." એ પ્રમાણે બરાબર એક વરસ સુધી પ્રભુએ બેઉ હાથને સમજાવ્યા ત્યારેજ તેઓ શ્રેયાંસ કુમાર પાસેથી તાજો શેરડીનો રસ ગ્રહણ કરી પૂર્ણતાને પામ્યા! એવા શ્રી ઋષભદેવ પ્રભુ આપણું રક્ષણ કરો!

પ્રભુએ તે રસ વડે સાંવત્સરિક તપનું પારણું કર્યું. તે વખતે વસ્ત્ર, સુગંધી જળ અને પુષ્પની વૃષ્ટિ થઈ, દેવોએ દુંદુભિના નાદ કર્યા, આકાશમાં 'ધન્ય છે આ દાનને' એવા પ્રકારની ઉદ્‌ઘોષણા થઈ અને સાડા બાર સોનૈઆની વસુધારા વરસી. એ રીતે પાંચ દિવ્યો પ્રકટ થવાથી લોકો આશ્ચર્ય પામ્યા અને નગરજનો તથા તાપસો શ્રી શ્રેયાંસના મંદિરમાં એકઠા થયા. શ્રેયાંસે તેમને કહ્યું:—"હે લોકો! સદ્‌ગતિ મેળવવાની ઇચ્છાવાળાઓએ એ પ્રમાણે એષણીય—નિર્દોષ આહારનીજ ભિક્ષા આપવી જોઇએ." આ અવસર્પિણીમાં દાન દેવાનો આચાર પ્રથમ શ્રી શ્રેયાંસથીજ પ્રવર્ત્યો.

શ્રેયાંસનો આઠ ભવનો સંબંધ

લોકોએ શ્રેયાંસકુમારને પૂછ્યું:–"એવી રીતેજ દાન અપાય એમ તમે શી રીતે જાણ્યું ?" એટલે શ્રેયાંસે પ્રભુ સાથેનો પોતાનો આઠ ભવનો સંબંધ નીચે પ્રમાણે કહી સંભળાવ્યો:— (૧) પૂર્વ ભવમાં આ પ્રભુ જ્યારે ઈશાન દેવલોકમાં લલિતાંગ નામે દેવ હતા ત્યારે હું *સ્વયંપ્રભા નામની તેમની દેવી હતી. (૨) પુર્વ વિદેહમાં પુષ્કલાવતી વિજયને વિષે લોહાર્ગલ નામના નગરમાં પ્રભુ વજ્રજંઘ નામના રાજા હતા, તે વખતે હું તેમની શ્રીમતી નામે રાણી હતી. (૩) ઉત્તરકુરૂમાં પ્રભુ યુગલિક થયા ત્યારે હું તેમની યુગલિની હતી. (૪) ત્યાંથી અમે બન્ને સૌધર્મ દેવલોકમાં મિત્રદેવ થયા. (૫) પ્રભુ અપરવિદેહમાં વૈદ્યના પુત્ર થયા અને હું જીર્ણશેઠનો પુત્ર કેશવ નામે તેમનો મિત્ર થયો. (૬) ત્યારપછી અમે બન્ને અચ્યુત દેવલોકમાં દેવ થયા. (૭) ત્યાંથી પુંડરીકિણી નગરીમાં પ્રભુ વજ્રનાભ નામે ચક્રવર્તી થયા અને હું તેમનો સારથી થયો. તે ભવમાં પ્રભુએ વજ્રસેન તીર્થંકર પાસે દીક્ષા લીધી હતી અને મેં પણ તેમની સાથેજ દીક્ષા લીધેલી. અત્યારે ભગવંતને જોવાથી તે વખતનો વેષ મને યાદ આવ્યો, તે ઉપરથી મેં જાણ્યું કે આ તીર્થંકર પ્રભુ ભિક્ષા માટેજ ભમી રહ્યા છે અને તેમને આવી રીતેજ શુધ્ધ આહાર આપી શકાય. (૮) ત્યાર પછી અમે બન્ને સર્વાર્થસિદ્ધ વિમાનમાં દેવ થયા હતા. ત્યાંથી ચ્યવીને તેઓ અહીં તીર્થંકર થયા છે અને હું તેમનો પ્રપૌત્ર થયો છું."

એ પ્રમાણે શ્રેયાંસકુમારના મુખથી વૃતાંત સાંભળી લોકો કહેવા લાગ્યા કે:—

---

* નાગિલ નામે એક દરિદ્રી કુટુંબી હતો, તેને નિર્નામિકા નામની પુત્રી હતી. તે નિર્નામિકા મરીને લલિતાંગ દેવની સ્વયંપ્રભા નામે દેવી થઈ.

रिसहेसर समं पत्तं निरवज्जं इक्खुरससमं दाणं।
सेअंस समो भावो हविज्ज जइ मग्गिअं हुज्जा ॥

અર્થાત્ જો રૂષભદેવ સમાન પાત્ર, શેરડીના રસ જેવું નિરવદ્ય દાન અને શ્રેયાંસ જેવો ભાવ હોય તો ઈચ્છિત વસ્તુ પ્રાપ્ત થાય એમાં આશ્ચર્ય જેવુંજ શું હોય ? એટલે કે એવું ઉત્તમ સુપાત્ર, એવું નિર્દોષ દાન અને એવો અદ્વિતીય ભાવ એ ત્રણે વસ્તુ મહાભાગ્યના યોગેજ પ્રાપ્ત થાય છે. એ પ્રમાણે સ્તુતિ કરતા કરતા લોકો પોતપોતાના સ્થાને ગયા. ભગવંતે જે સ્થાને પારણું કર્યું તે સ્થાન કોઇ ન ઉલ્લંઘે તે સારૂ શ્રેયાંસકુમારે ત્યાં રત્નમય પીઠ બનાવ્યું. શ્રેયાંસકુમાર નિત્ય બન્ને સંધ્યા સમયે ભકિતથી તેની પૂજા કરે અને પ્રાતઃકાળે તો પૂજ્યા પછીજ જમે.

બાહુબલિએ લાભ ગુમાવ્યો

એકવાર પ્રભુ વિચરતા વિચરતા એક સાયંકાળે બહલી દેશમાં તક્ષશિલા નગરીની સમિપમાં પધાર્યા, અને નગરીની બહાર એક ઉદ્યાનમાં કાઉસગ્ગધ્યાને રહ્યા. ઉદ્યાનપાલકે તત્કાળ આવીને બાહુબલિને વધામણી આપી. પ્રભુના આગમનના સમાચાર સાંભળી તેને અતિશય આનંદ તો થયો; છતાં તેણે વિચાર કર્યો કે અત્યારે એમને એમ જઉં તે કરતાં સવારમાં સર્વ સમૃદ્ધિ સાથે જઈ પિતાજીને વંદન કરૂં તો કેવું સારૂં ? એવા ઉત્સાહમાં ને ઉત્સાહમાં જ આખી રાત્રી મહેલમાં વ્યતિત કરી દીધી. પ્રાતઃકાળ થતાં પ્રભુ પ્રતિમાસ્થિતિ સમાપ્ત કરીને ત્યાંથી વિહાર કરી ગયા. બાહુબલિએ આડંબરપૂર્વક સવારી કાઢી અને ભારે ધામધૂમ સાથે પ્રભુને વંદન કરવા ઉદ્યાન તરફ ચાલ્યો. ત્યાં આવીને જોયું તો પોતાના આવ્યા પહેલાં જ પ્રભુ વિહાર કરી ગયા હતા. આથી બાહુબલિને ઘણો

જ પશ્ચાત્તાપ થયો. તેણે પ્રભુના ચરણારવિંદને કોઈ ઉલ્લંઘે નહીં તે સારૂ, પ્રભુ જ્યાં પ્રતિમાધ્યાને રહ્યા હતા ત્યાં એક રત્નમય ધર્મચક્ર સ્થાપ્યું. તેની બરાબર રક્ષા કરવા થોડા માણસો પણ નીમી દીધા. પછી તે ધર્મચક્રને ભક્તિભાવપૂર્વક વંદન કરી પોતાની નગરીમાં પાછો ફર્યો.

કેવળજ્ઞાન

એ પ્રમાણે અસ્ખલિત વિહાર કરતાં **શ્રી ઋષભદેવ** પ્રભુને એક હજાર વરસ પર્યંત છદ્મસ્થપણું રહ્યું. તેમાં બધો મળી એક અહોરાત્રનો પ્રમાદકાળ જાણવો.

એવી રીતે યાવત્ જ્ઞાન દર્શન ચારિત્રાદિ અસાધારણ ગુણો-વડે પોતાના આત્માને ભાવતા શ્રી ઋષભદેવ પ્રભુને એક હજાર વરસ વીતી ગયાં. ત્યારપછી શીતકાળના ચોથા મહિનામાં–સાતમા પખવાડીયામાં–ફાગણ માસના કૃષ્ણ પખવાડીયામાં અગીયારશને દિવસે (ગુજરાતી માઘ વદી ૧૧) સવારના વખતે *પુરિમતાલ નામના નગરની બ્હાર, શકટમુખ નામના ઉદ્યાનમાં, ન્યગ્રોધ (વડ) નામના ઉત્તમ વૃક્ષની નીચે, જળરહિત અઠ્ઠમ તપ કરીને ઉત્તરાષાઢા નક્ષત્રમાં ચંદ્રનો યોગ પ્રાપ્ત થતાં, શુક્લધ્યાનના પ્રથમના બે ભેદોમાં વર્ત્તતા શ્રી ઋષભદેવ પ્રભુને અનંત વસ્તુના વિષયવાળું પ્રધાન કેવળજ્ઞાન અને કેવળદર્શન ઉત્પન્ન થયું. સર્વ પ્રાણીઓના અને ધર્માસ્તિકાય વિગેરે સર્વ અજીવોના સમગ્ર પર્યાયને જાણતાં–જોતાં પ્રભુ વિચરવા લાગ્યા.

પહેલી પૂજા કોની કરવી ?

પ્રભુને વિનીતા નગરીના પુરિમતાલ નામના શાખાપુરમાં

---

* અયોધ્યા (વિનીતા) નગરીના એક પરાનું નામ પુરિમતાલ હતું.

જ્યારે કેવળજ્ઞાન ઉત્પન્ન થયું, ત્યારે એક પુરૂષે આવી ભરત મહારાજાને એ વિષે વધામણી આપી. તેજ વખતે બીજા એક પુરૂષે આવી બીજી વધામણી આપી કે:—"મહારાજ! આપની આયુધશાળામાં ચક્રરત્ન ઉત્પન્ન થયું છે." આવી રીતે એકી વખતે બે વધામણી સાંભળવાથી ભરત રાજા વિચાર કરવા લાગ્યા કે—"મારે પહેલાં પિતાજીની પૂજા કરવી કે ચક્રરત્નની પૂજા કરવી?" એકાદ ક્ષણ વિચાર કરી તેમણે નિર્ણય કર્યો કે "ચક્ર તો માત્ર આ ભવનું જ સુખ આપી શકે, જ્યારે પિતાજીની પૂજા આ લોક અને પરલોકનું પણ કલ્યાણ કરી શકે: એટલે પિતાજીની પૂજામાં ચક્રરત્નની પણ પૂજા આવી જ જાય છે." એ પ્રમાણે વિવેકબુદ્ધિથી નિર્ણય કરી ભરત મહારાજાએ પ્રભુને વાંદવા જવાની તૈયારી કરવા માંડી.

માતા મરૂદેવાનો સ્નેહ

પ્રભુએ જ્યારથી દીક્ષા લીધી ત્યારથી મરૂદેવા માતા પુત્રના વિરહને લીધે હંમેશાં રૂદન કર્યા કરતાં અને અવિશ્રાંત અશ્રુ પાડવાથી તેમનાં નેત્રમાં પડળ પણ આવી ગયાં હતાં. તેઓ ઘણીવાર ભરતને સખ્ત શબ્દોમાં કહેતાં પણ ખરાં કે—"હે પૌત્ર ભરત! મારો કોમળ પુત્ર રાજ્યલક્ષ્મીને છોડી ચાલી નીકળ્યો, તેને કોણ જાણે કેવાં આકરાં કષ્ટ વેઠવાં પડતાં હશે? તું તો રાજ્યના સુખમાં મગ્ન બન્યો છે એટલે તને તેની શી ચિંતા હોય? એકવાર ભલો થઇ તેમની તપાસ તો કર."

ભરત મહારાજાએ મરૂદેવા માતાને પણ પોતાની સાથે લીધા અને તેમને હાથી ઉપર બેસાર્યા. સર્વ ઋદ્ધિ અને સમૃદ્ધિવાળી ભરતરાજાની સ્વારી પ્રભુને વાંદવા આગળ ચાલવા લાગી. સમવસરણની નજીક આવતાં જ ભરતે માતા મરૂદેવાને કહ્યું—

"માતાજી ! આપના પુત્રની દૈવી ઋદ્ધિ સામે એકવાર દૃષ્ટિ તો કરો ! દેવોએ રચેલા સમવસરણને વિષે વિરાજેલા, ચોત્રીશ અતિશયથી શોભી રહેલા, સુવર્ણના સિંહાસન ઉપર બેઠેલા, સુરેન્દ્રોથી પૂજાતા અને સુરનરોથી વીંટળાયેલા આ આપના પુત્ર કેવી સુંદર દેશના આપી રહ્યા છે ? પ્રભુના ચરણકમલ સેવ-નારા દેવોના જયધ્વનિથી દિશાઓ પણ કેવી આનંદમાં આવી ગઈ છે ? સ્વામીના દર્શનથી પરમ સંતોષ પામેલા દેવોનું સિંહ-નાદ સમું ગર્જન કેવું મોહક લાગે છે ?"

ભરતના આનંદોદ્ગાર સાંભળી મરૂદેવા માતાના અંગેઅંગ રોમાંચિત થયાં. પાણીના પ્રવાહથી જેવી રીતે કાદવ ધોવાઇ જાય તેવી રીતે આનંદાશ્રુવડે તેમનાં પડળ પણ ધોવાઈ ગયાં. પ્રભુની છત્ર-ચામર વિગેરે પ્રાતિહાર્યની લક્ષ્મી નીરખી માતા વિચારવા લાગ્યાં કે:—

"ખરેખર, મોહથી વિહ્‌વળ અને અંધ બનેલા પ્રાણીઓને ધિક્કાર છે ! પોતાનો સ્વાર્થ હોય ત્યાં સુધીજ સૌ સ્નેહ બતાવે છે ! આ ઋષભના દુઃખની નકામી ચિંતા કરી કરીને અને રડી રડીને આંધળી થઇ છતાં સુર-અસુરથી સેવાતા અને આવી અનુપમ સમૃદ્ધિ ભોગવતા આ ઋષભે મને સુખસમાચારનો સંદેશો પણ ન મોકલ્યો ! આવા સુખમાં માતા શેની યાદ આવે ? એવા સ્વાર્થી સ્નેહને હજારોવાર ધિક્કાર હો !" એવી ભાવના ભાવતાં મરૂદેવા માતાને કેવળજ્ઞાન ઉત્પન થયું અને તેજ ક્ષણે આયુષ્યનો ક્ષય થવાથી તેઓ મુક્તિ પામ્યાં.

પુત્ર પહેલાં જ માતા કેમ ગયાં ?

અહીં કવિ ઘટના કરે છે કે:—

पुत्रो युगादीशसमो न विश्वे भ्रान्त्वा क्षितौ येन शरत् सहस्रम् ।
यदर्जितं केवल रत्नमर्घ्यं स्नेहात् तदेवार्प्यत मातुराशु ॥

જગત્‌માં યુગાદીશ સમો પુત્ર કોઈ નહીં હોય; પોતે એક હજાર વરસ સુધી પૃથ્વી ઉપર ભમી ભમીને જે કેવળજ્ઞાનરૂપી ઉત્તમ રત્ન મેળવ્યું હતું તે સ્નેહવડે પ્રથમ પોતાની માતાનેજ અર્પણ કરી દીધું. વળીઃ—

मरुदेवासमा नाम्बा याऽगात् पूर्वं किलेक्षितुम् ॥
मुक्तिकन्यां तनुजार्थे शिवमार्गमपि स्फुटम् ॥

જગતમાં મરૂદેવા સમા માતા પણ નહીં હોય; પોતાના પુત્ર માટે મુકિતરૂપી કન્યા જોવા અને શિવમાર્ગ સ્ફુટ હોવા છતાં તે જોવા આગળથીજ ચાલી નીકળ્યાં.

ચતુર્વિધ સંઘની સ્થાપના

સમવસરણમાં પ્રભુએ જે ધર્મદેશના આપી તેની એવી અસર થઈ કે ભરતના ઋષભસેન વિગેરે પાંચસો પુત્રો અને સાતસો પૌત્રોએ પ્રતિબોધ પામી પ્રભુ પાસે દીક્ષા લીધી. તેમાં પ્રભુએ ઋષભસેન વિગેરે ચોરાશી ગણધર સ્થાપ્યા. બ્રાહ્મીએ પણ દીક્ષા લીધી અને તે મુખ્ય સાધ્વી થઈ. ભરત રાજા શ્રાવક થયા. સુંદરી પણ દીક્ષા લેવાની ભાવના ધરાવતી હતી. પરંતુ તેણીને અત્યંત રૂપવતી જાણીને સ્ત્રીરત્ન સ્થાપવા માટે ભરતે દીક્ષા લેવાની આજ્ઞા ન આપી; તેથી તે શ્રાવિકા થઈ. પ્રભુને કેવળજ્ઞાન થયેલું જાણી કચ્છ અને મહાકચ્છ સિવાયના બધા તાપસોએ આવી પ્રભુ પાસે ફરીથી દીક્ષા લીધી. મરૂદેવાના નિર્વાણથી શોકગ્રસ્ત થયેલા ભરતને ઈન્દ્રે સમજાવી શોક નિવારણ કર્યો. પછી ભરત મહારાજા પ્રભુને વંદન કરી પોતાના સ્થાને ગયા. ત્યારપછી તેઓ ચક્રરત્નની પૂજા કરી, શુભ દિવસે પ્રયાણ કરી સાઠ હજાર વરસે ભરતક્ષેત્રના છ ખંડ સાધી પોતાના ઘરે આવ્યા. ઘરે આવીને પોતાના સંબંધીઓની સંભાળ લીધી તો સુંદરી અતિશય કૃશ અને

નબળી થઇ ગયેલી જોવામાં આવી. પોતાના અધિકારીઓને બોલાવી પૂછયું કે:-"અરે! આ સુંદરી આમ સાવ સુકાઇ કેમ ગઈ? મારા ગયા પછી કોઇએ તેની સંભાળજ ન લીધી કે શું?"

અધિકારીઓએ નમન કરી ઉત્તર આપ્યો.—"મહારાજા! જયારથી આપ દિગ્વિજય કરવા નિકળ્યા, ત્યારથી આ સુંદરી માત્ર પ્રાણ ટકાવી રાખવા ખાતર જ આયંબિલ તપ કરે છે. આપે તેમને દીક્ષા લેવાની આજ્ઞા ન આપી તેથી તેઓ ભાવદીક્ષિત થઈને પોતાના દિવસો ગાળે છે."

સુંદરીનો દીક્ષા લેવાનો દ્રઢ મનોરથ જાણી ભરત મહારાજાએ કહ્યું કે:—"અરેરે! બ્હેન, આટલા વખત સુધી હું જ તમારા વ્રતમાં વિઘ્નભૂત થયો! તમે આવા નાજુક શરીરથી પણ મોક્ષરૂપી ફળ ઉત્પન્ન કરવા માગો છો અને તે સારૂ દીક્ષા ગ્રહણ કરવા તૈયાર છો એ વિષે તમને જેટલો ધન્યવાદ અપાય તેટલો ઓછો જ છે!" એ પ્રમાણે સુંદરીની પ્રશંસા કરી તેને દીક્ષા લેવાની રજા આપવામાં આવી. ત્યારબાદ સુંદરીએ અષ્ટાપદ પર્વત ઉપર જઇ શ્રી ઋષભદેવ પ્રભુ પાસે દીક્ષા સ્વીકારી.

બાર વરસનું ભયંકર યુદ્ધ

હવે ભરતક્ષેત્રના છ ખંડ સાધવા છતાં ચક્ર તો આયુધશાળામાં ન પેસતાં બ્હારજ રહ્યું. તેથી ભરત મહારાજાએ પોતાના અઠ્ઠાણું ભાઈઓને પોતાની આજ્ઞામાં રહેવાનું દૂત મારફતે કહેણ મોકલ્યું. બધા ભાઇઓ એકઠા થયા અને "આપણે ભરતની આજ્ઞા માનવી કે તેની સામે યુદ્ધ કરવું" એ વિષે ખુલાસો મેળવવા પ્રભુ પાસે ગયા. પ્રભુએ તેમને વૈતાલીય નામના અધ્યયનની પ્રરૂપણા વડે પ્રતિબોધ પમાડી દીક્ષા આપી. તે પછી મહારાજાએ બાહુબલિ પાસે એક દૂત મોકલ્યો. અતુલ બળ ધરાવનાર બાહુ-

બલિ એવા ભય માત્રથીજ શરણે જાય એ અસંભવિત હતું. તેણે ભરતની આજ્ઞાનો તિરસ્કાર કરી યુદ્ધની તૈયારી કરી. ભરત અને બાહુબલિ વચ્ચે બાર વરસ સુધી ભયંકર યુદ્ધ ચાલ્યું તેમાં પુષ્કળ માણુસો મરાયાં, છતાં બેમાંથી એક્કેની જીત ન થઇ.

માણુસોનો કચ્ચરઘાણુ નીકળી જતો હોવાથી શક્રે આવી તેમને સમજાવવા માંડયા કે:—"તમે બન્ને ભાઇઓ સૌજન્યથી સુશોભિત છો; છતાં જગત્‌ના દુર્ભાગ્યને લીધેજ આવું યુદ્ધ ઉપસ્થિત થયું છે. હવે તમારે અંદર અંદર સમજીને એ યુદ્ધ બંધ કરવું જોઇએ. એટલું છતાં. એક બીજા ઉપર વિજય મેળવ્યા સિવાય ન જ અટકવું એવો નિશ્ચય હોય તો મારી સલાહ છે કે તમે બન્ને પંડે પરસ્પર ઉચિત યુદ્ધથી લડો. તમારા યુદ્ધમાં સંખ્યાબંધ પ્રાણીઓનો ઘાત થાય તે તો કોઇ રીતે યોગ્ય ન ગણાય."

શક્રની સલાહ તેમણે માન્ય કરી. પછી શક્રે દૃષ્ટિયુદ્ધ, વાગ્‌યુદ્ધ, મુષ્ટિયુદ્ધ, અને દંડયુદ્ધ એમ ચાર પ્રકારના યુદ્ધથી પરસ્પર લડવાનું ઠરાવી આપ્યું. એ ચારે યુદ્ધમાં આખરે બળવાન બાહુબલિનો જ વિજય થયો, ભરતની હાર થઈ. ભરત મહારાજાએ પોતાની શાંતિ ગુમાવી દીધી. તેમણે એકદમ ક્રોધમાં આવી બાહુબલિનો નાશ કરવા પોતાનું ચક્ર છોડયું! પરંતુ બાહુબલિ સમાનગોત્રના હોવાથી તે ચક્ર કંઇ પણ ન કરી શકયું.

યુદ્ધ કરતાં ઉપજેલું જ્ઞાન

બાહુબલિએ વિચાર કર્યો કે—"અત્યાર સુધી કેવળ ભ્રાતૃભાવને લીધે જ ભરતની સામે મેં કંઇ આકરો ઇલાજ નથી લીધો, છતાં તે પોતાનો દુષ્ટ સ્વભાવ તજતો નથી. માટે હવે તો તેને સખતમાં સખત સજા કરવી જોઇએ. હું ધારું તો અત્યારે ને અત્યારે જ એક મુઠ્ઠી મારી તેના ભુક્કા ઉડાડી મુકું એમ છું."

તરત જ તેણે ક્રોધાવેશમાં મુઠી ઉગામી ભરતને મારવા દોટ મૂકી. દોટ તો મૂકી પણ થોડે દૂર જતાં જ બૃહસ્પતિ સમાન તેની વિવેક-બુદ્ધિએ તેને વાર્યો. તે પુનઃ વિચારવા લાગ્યો કેઃ—" અરેરે ! આ હું કોને મારવા દોડી જઉં છું ? મોટા ભાઈ તો પિતા તુલ્ય ગણાય ! તેમને મારાથી શી રીતે હણી શકાય ? પરન્તુ મારી ઉગામેલી આ મુઠી નિષ્ફળ જાય એ પણ કેમ ખમાય ? " પણ એ મુંઝવણ વધારેવાર ન રહી. તેમણે તે મુઠીવડે પોતાના મસ્તક પરના વાળનો લોચ કરી નાંખ્યો અને સર્વ સાવદ્ય કર્મ તજી દઈ કાઉસગ્ગધ્યાન ધર્યું. પછી ભરત મહારાજાએ તેમની પાસે જઇ ભક્તિપૂર્વક વંદન કર્યું અને પોતાનો અપરાધ ખમાવી સ્વસ્થાને ચાલ્યા ગયા.

" વીરા ! ગજ થકી હેઠા ઉતરો ! "

સર્વ સાવદ્યનો ત્યાગ થયો, પણ બાહુબલિ મુનિ અભિમાનનો ત્યાગ ન કરી શકયા. તેમને વિચાર થયો કે "જો હું હમણાં ને હમણાં જ પ્રભુ પાસે જઈશ તો મારે મારા ન્હાના, પણ દીક્ષા પર્યાયથી મ્હોટા ગણાતા ભાઈઓને વંદન કરવું પડશે. હું આવો મ્હોટો છતાં ન્હાના ભાઈઓને વંદન કરૂં એ કેમ બને ? એટલે હવે જ્યારે કેવળજ્ઞાન ઉત્પન્ન થાય ત્યારે જ પ્રભુ પાસે જવાનું રાખીશ. " આવા અહંકારમાં ને અહંકારમાં જ એક વરસ પર્યંત કાઉસગ્ગધ્યાનમાં ઉભા રહ્યા. વરસને અંતે પ્રભુએ મોકલેલી બ્રાહ્મી અને સુંદરી નામની તેમની બ્હેનોએ આવીને કહ્યું કે "હે વીરા ! અભિમાનરૂપી હાથીથી નીચે ઉતરો." બાહુબલિ મુનિવરના હૃદય ઉપર એ પ્રતિબોધની તત્ક્ષણ અસર થઇ અને અહંકારરૂપી ગજથી નીચે ઉતરી જેવો પગ ઉપાડયો કે તે જ વેળા તેમને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. ત્યારબાદ પ્રભુ પાસે જઈ ઘણો વખત વિચરી પ્રભુ સાથે જ મોક્ષે સીધાવ્યા. મહારાજા ભરતે પણ

" તરત જ તેણે ક્રોધાવેશમાં મુઠી ઉગામી ભરતને મારવા દોટ મૂકી. "

પૃ. (૩૭૮.)

. Art Works, Bombay 2. Meghji Hirji Bombay 3.

લાંબા વખત સુધી ચક્રવર્તીની લક્ષ્મી ભોગવી. એક દિવસ અરિસાભુવનમાં વીંટીવિનાની પોતાની આંગળીને જોઈ તેમને સંસારની અનિત્યભાવના સ્ફુરી આવી અને એ વિષે ભાવના ભાવતાં કેવળજ્ઞાન મેળવી, દશ હજાર રાજાઓ સાથે, દેવતાઓએ આપેલા મુનિવેષને ગ્રહણ કરી ઘણો કાળ વિચરી મોક્ષે ગયા.

પ્રભુનો પરિવાર

અર્હન્ કૌશલિક શ્રી ઋષભદેવને ચોરાશી ગણ અને ચોરાશી ગણધર હતા. ઋષભસેન વિગેરે ચોરાશી હજાર સાધુઓ હતા, બ્રાહ્મી અને સુંદરી આદિ ત્રણ લાખ સાધ્વીઓ હતી. શ્રેયાંસ પ્રમુખ ત્રણ લાખ ને પાંચ હજાર શ્રાવકો હતા, સુભદ્રા આદિ પાંચ લાખ અને ચોપન હજાર શ્રાવિકાઓ હતી, કેવલી નહીં હોવા છતાં કેવલીતુલ્ય ચાર હજાર સાતસો ને પચાસ ચૌદ-પૂર્વધર હતા, નવ હજાર અવધિજ્ઞાનીઓ; વીસ હજાર કેવલ-જ્ઞાનીઓ, વીસ હજાર ને છસો વૈક્રિય લબ્ધિવાળા મુનિઓ, બાર હજાર છસો ને પચાસ વિપુલમતિ–મનઃપર્યવજ્ઞાનીઓ (અઢી દ્વીપ અને બે સમુદ્રને વિષે રહેલા પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિયોના મનોગત ભાવોને જાણે તે.) અને બાર હજાર છસો ને પચાસ વાદીઓની ઉત્કૃષ્ટ સંપદા થઈ. શ્રી ઋષભદેવ પ્રભુના વીશ હજાર શિષ્યો (સાધુઓ) અને ચાલીશ હજાર સાધ્વીઓ મોક્ષે ગયાં. અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થનારા અને આગામી મનુષ્યગતિમાં મોક્ષે જનારા બાવીશ હજાર અને નવસો મુનિઓ હતા.

અંતકૃત્ ભૂમિ

શ્રી ઋષભદેવ પ્રભુની બે પ્રકારની અંતકૃદ્ભૂમિ થઈ. (૧) યુગાંતકૃદ્ભૂમિ અને (૨) પર્યાયાંતકૃદ્ભૂમિ. ભગવાન્ પછી અનુ-ક્રમે અસંખ્યાતા પુરુષયુગ મોક્ષે ગયા તે યુગાંતકૃદ્ભૂમિ અને

ભગવંતને કેવળજ્ઞાન ઉત્પન્ન થયા પછી અંતર્મુહૂર્તમાં મરૂદેવા માતા અંતકૃદ્કેવલી થઇને મોક્ષે ગયા. તે પર્યાયાંતકૃદ્ભૂમિ. યુગ એટલે ગુરૂ શિષ્ય પ્રશિષ્યાદિ ક્રમસર વર્તતા પટ્ટધર પુરૂષો અને તે વડે મર્યાદિત જે મોક્ષગામીઓનો મોક્ષે જવાનો કાળ તે યુગાંતકૃદ્ભૂમિ અને પ્રભુને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું તે કાળને આશ્રીને જે મોક્ષગામીઓનો મોક્ષે જવાનો કાળ તે પર્યાયાંતકૃદ્ભૂમિ કહેવાય.

પ્રભુનો નિર્વાણ સમય

તે કાળ અને તે સમયને વિષે શ્રી ઋષભદેવ પ્રભુ વીશ લાખ પૂર્વ કુમારાવસ્થામાં રહીને, અને ત્રેસઠ લાખ પૂર્વ રાજ્યાવસ્થામાં રહીને–એકંદરે ત્ર્યાસી લાખ પૂર્વ ગૃહસ્થાવસ્થામાં રહીને, એક હજાર વરસ સુધી છદ્મસ્થપર્યાય પાળીને અને એક હજાર વર્ષ ઉણા એક લાખ પૂર્વ સુધી કેવલિપર્યાય પાળીને–એકંદરે સંપૂર્ણ એક લાખ પૂર્વ ચારિત્રપર્યાય પાળીને; એટલે કે ચોરાશી લાખ પૂર્વ સુધી સર્વ આયુષ્ય પાળીને, વેદનીય, આયુઃ, નામ અને ગોત્ર એ ચાર કર્મનો ક્ષય થતાં, આ અવસર્પિણી કાળનો સુષમદુષ્ષમ નામનો ત્રીજો આરો ઘણોખરો વ્યતીત થતાં–એટલે કે ત્રણ વરસ અને સાડા આઠ માસ બાકી રહેતાં–ત્રીજા આરાનાં નેવ્યાશી પખવાડીયાં બાકી રહેતાં, શિયાળાના ત્રીજા માસમાં, પાંચમા પખવાડીયામાં–માઘ માસના કૃષ્ણપક્ષની તેરશને દિવસે (ગુજરાતી પોષ વદી ૧૩) અષ્ટાપદ પર્વતના શિખર ઉપર, દશ હજાર સાધુઓની સાથે, જળરહિત ચૌદભક્ત–છ ઉપવાસનો તપ કરીને, અભિજિત્ નામના નક્ષત્રને વિષે ચંદ્રયોગ પ્રાપ્ત થતાં, સવારના સમયે પલ્યંકાસને બેસીને નિર્વાણ પામ્યા–સર્વ દુઃખથી સર્વથા મુક્ત થયા.

ઇંદ્રાદિ દેવોએ કરેલો અંતિમ સત્કાર

પ્રભુ મોક્ષે ગયા તે વખતે ઇન્દ્રનું આસન કંપ્યું અને તેણે પોતાના અવધિજ્ઞાનથી પ્રભુનું નિર્વાણ જાણી લીધું. પછી તે પોતાની અગ્રમહિષી, લોકપાળ આદિ સર્વ પરિવાર સાથે પ્રભુના શરીર પાસે આવ્યો અને ત્રણ પ્રદક્ષિણા આપી. તેના નેત્રમાં આંસુ ઉભરાઇ આવ્યાં, વદન ઉપર ગમગીની છવાઇ ગઈ! પ્રભુના શરીરની બહુ નજીક નહીં તેમ બહુ દૂર નહીં એવી રીતે બે હાથ જોડી ઉભો રહ્યો. ઈશાનેંદ્ર આદિ સર્વ ઇન્દ્રો, પોતાનાં આસનકંપ ઉપરથી પ્રભુનું નિર્વાણ જાણી પોતપોતાના પરિવાર સાથે અષ્ટાપદ પર્વતપર આવ્યા અને વિધિપૂર્વક ઉભા રહ્યા.

ઇન્દ્રે ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક દેવો પાસે નંદનવનમાંથી ગોશીર્ષચંદનકાષ્ઠ મંગાવી ત્રણ ચિતા કરાવી. એક તીર્થંકરના દેહને માટે, એક ગણધરોના દેહને માટે અને ત્રીજી બાકીના મુનિઓનાં શરીર માટે.

આભિયોગિક દેવો ક્ષીર સમુદ્રનું પાણી લઈ આવ્યા. તે વડે ઇન્દ્રે તીર્થંકરના શરીરને નવડાવ્યું, તાજા ગોશીર્ષચંદનનું વિલેપન કર્યું, હંસ લક્ષણવાળું વસ્ત્ર ઓઢાડયું અને સર્વ અલંકારોથી વિભૂષિત કર્યું. એજ પ્રમાણે બીજા દેવોએ પણ ગણધરો અને મુનિઓનાં શરીર સંબંધી સ્નાન–વિલેપન આદિ વિધિ કરી.

તે પછી ઇન્દ્રે વિચિત્ર પ્રકારના ચિત્રોવાળી ત્રણ પાલખી કરાવી. અત્યારે જો કે તેના હૃદયમાં ગ્લાની અને દીનતા ભરી હતી અને તેના નેત્રમાંથી સતત્ અશ્રુનો પ્રવાહ વહેતો હતો છતાં તેણે તીર્થંકરના શરીરને જાળવીને પાલખીમાં પધરાવ્યું. બીજા દેવોએ તેજ પ્રમાણે ગણધરો અને મુનિઓનાં શરીર પાલખીમાં પધરાવ્યાં.

ચીતા પાસે તીર્થંકરના શરીરને પાલખીમાંથી ઉતાર્યું

અને ચીતામાં સ્થાપન કર્યું. બીજા દેવોએ ગણધરો અને મુનિઓના શરીરનો એજ પ્રમાણે સત્કાર કર્યો. ઇંદ્રના હુકમથી, નિરાનંદ અને નિરૂત્સાહ જેવા જણાતા અગ્નિકુમારોએ ચીતામાં અગ્નિ પ્રદિપ્ત કર્યો, વાયુકુમારોએ વાયુ વિકુર્વ્યો અને બાકીના દેવોએ તે ચીતાઓમાં કાળો અગરૂ, ચંદન વિગેરે ઉત્તમ કાષ્ઠ નાખ્યાં, મધ અને ઘીનાં ઘડા સીંચ્યાં અને જ્યારે તેમના શરીરનાં માત્ર અવશેષ રહ્યાં ત્યારે ઇંદ્રની આજ્ઞાથી મેઘકુમાર દેવોએ તે ચીતાઓને પોતાના જળથી ઠારી.

પછી સૌધર્મ ઇન્દ્રે પ્રભુની ઉપરની જમણી દાઢા, ઇશાનેંદ્રે ઉપરની ડાબી દાઢા, ચમરેંદ્રે નીચેની જમણી દાઢા અને બલીંદ્રિ નીચેની ડાબી દાઢા ગ્રહણ કરી. બાકીના દેવોમાંથી કેટલાકે જિનભક્તિથી પ્રેરાઇ, કેટલાકોએ પોતાનો આચાર સમજી અને કેટલાકોએ ધર્મ વિચારી બાકી રહેલાં અંગોપાંગનાં અસ્થિ ગ્રહણ કર્યાં. ત્યારબાદ ઇંદ્રે એક જિનેશ્વર ભગવાનનો, એક ગણધરનો અને એક બાકીના મુનિઓનો એમ ત્રણ રત્નમય સ્તૂપ (દેરી અને પગલાં) કરાવ્યા. ચક્ર આદિ દેવોએ નંદીશ્વર આદિ દ્વીપમાં જઇ અઠ્ઠાઇ મહોત્સવ કરાવ્યો અને પોતપોતાના વિમાનમાં જઇ પોતપોતાની સભામાં વજ્રમય ડાબલામાં જિન દાઢાને મૂકી ગંધ, માલ્ય વિગેરેવડે તેના પૂજા કરવા લાગ્યા.

સર્વ દુઃખથી છુટા થયેલા અર્હન્ કૌશલિક શ્રી ઋષભદેવના નિર્વાણ પછી ત્રણ વર્ષ અને સાડા આઠ માસ વ્યતીત થયા, ત્યારે બેંતાલીસ હજાર વરસ તથા ત્રણ વરસ અને સાડા આઠ માસ અધિક એટલો કાળ ઓછો એવી એક સાગરોપમ કોટાકોટી ગઇ, તે સમયે શ્રમણ ભગવાન્ મહાવીરસ્વામી નિર્વાણ પામ્યા. ત્યારપછી નવસો વર્ષ ગયાં અને દશમા સૈકાનું આ એંશીમું વર્ષ જાય છે, તે સમયે આ પુસ્તકવાચના થઇ.

ઇતિ શ્રી ઋષભદેવ ચરિત્ર.

અષ્ટમ વ્યાખ્યાન.

સ્થવિરાવલી

તે કાળ અને તે સમયને વિષે શ્રમણ ભગવંત શ્રી મહાવીર પ્રભુને નવ ગણ અને અગીયાર ગણધર થયા. શિષ્ય પ્રશ્ન કરે છે કે:—

"ભગવન્! બીજા જીનેશ્વરોને વિષે તો "જેટલા જેને ગણ તેટલા તેને ગણધર" એમ કહેવાય છે, એટલે કે ગણ અને ગણધરની સંખ્યા એકસરખી હોય છે; તો પછી શ્રમણ ભગવંત શ્રી મહાવીરને નવ ગણ અને અગીયાર ગણધર શી રીતે ઘટાવાય ?"

આચાર્ય મહારાજ ઉત્તર આપે છે કે:—"શ્રી મહાવીર પ્રભુના (૧) ગૌતમ ગોત્રવાળા મોટા ઇંદ્રભૂતિ નામના અણગાર પાંચસો સાધુઓને વાચના આપતા હતા.* (૨) ગૌતમ ગોત્રવાળા વચલા અગ્નિભૂતિ નામના અણગાર પાંચસો સાધુઓને વાચના આપતા હતા. (૩) ગૌતમ ગોત્રવાળા નાના વાયુભૂતિ નામના અણગાર પાંચસો સાધુઓને વાચના આપતા હતા. (૪) ભારદ્વાજ ગોત્રવાળા આર્યવ્યક્ત નામના સ્થવિર પાંચસો સાધુઓને વાચના આપતા હતા. (૫) અગ્નિવૈશ્યાયન ગોત્રવાળા સ્થવિર આર્યસુધર્મા પાંચસો સાધુઓને વાચના આપતા હતા. (૬) વસિષ્ઠ ગોત્રવાળા સ્થવિર મંડિતપુત્ર સાડાત્રણસો સાધુઓને વાચના આપતા હતા. (૭) કાશ્યપગોત્રવાળા સ્થવિર મૌર્યપુત્ર સાડા ત્રણસો સાધુએને વાચના આપતા હતા. (૮) ગૌતમ

---

* અને તેટલા તેમના મુખ્ય શિષ્યો હતા એમ બધે સમજી લેવું.

ગોત્રવાળા સ્થવિર અકમ્પિત અને (૯) હરિતાયન ગોત્રવાળા સ્થવિર અચલભ્રાતા એ બંને સ્થવિર ત્રણુસો ત્રણુસો સાધુઓને વાચના આપતા હતા તથા (૧૦) કોડિન્ય ગોત્રવાળા સ્થવિર મેતાર્ય અને (૧૧) સ્થવિર પ્રભાસ એ બંને સ્થવિર ત્રણુસો ત્રણુસો સાધુઓને વાચના આપતા હતા. એટલે જ હે આર્ય ! મહાવીર પ્રભુને નવ ગણુ અને અગીયાર ગણુધર હતા એમ કહેવાનું પ્રાપ્ત થાય છે. કારણુકે અકમ્પિત અને અચલભ્રાતાની તથા મેતાર્ય અને પ્રભાસની એક જ વાચના હતી. એક વાચનાવાળા યતિ સમુદાયને ગણુ કહી શકાય છે. મંડિત અને મૌર્યપુત્રની માતા એક હતી, પણુ બન્ને ભાઈઓના ગોત્ર જુદા જુદા પિતાની અપેક્ષાએ જુદા જુદા કહેલા છે. મંડિતના પિતાનું નામ ધનદેવ અને મૌર્યપુત્રના પિતાનું નામ મૌર્ય. તે દેશમાં તે કાળે એક પતિ ગુજરી જાય એટલે બીજો પતિ થઈ શકતો હશે. એવો વૃદ્ધ આચાર્યોનો મત છે."

ગણુધરોનું અદ્ભુત જ્ઞાન

ઇંદ્રભૂતિ વિગેરે પ્રભુના અગીયારે ગણુધરોનું જ્ઞાન પણુ અદ્ભુત હતું. તેઓ દ્વાદશાંગી-એટલે કે આચારાંગથી માંડી દૃષ્ટિવાદ પર્યંત બારે અંગનું જ્ઞાન ધરાવતા હતા, કારણુ કે પોતે જ તેના રચનાર હતા. વળી તેઓ ચોદ પૂર્વના પણુ જ્ઞાતા હતા. કોઈ પૂછે કે, દ્વાદશાંગીના જ્ઞાતા કહેવાથી ચોદ પૂર્વ તો તેમાં આવી જ જાય, છતાં ચૌદ પૂર્વના જ્ઞાતા હોવાનો જૂદો ઉલ્લેખ કેમ કરો છો ? ઉત્તરમાં કહેવાનું કે અંગોમાં ચોદપૂર્વની પ્રધાનતા જણાવવા અર્થે જ એટલો ઉલ્લેખ કર્યો છે. વળી કોઈ પ્રશ્ન કરે કે ચોદપૂર્વની પ્રધાનતા શી રીતે ? તેનું સમાધાન આ પ્રમાણે છેઃ-એક તો તે સૌ પ્રથમ રચાયા છે, અનેક વિદ્યા અને મંત્ર વિગેરે તેમાં ભર્યા છે અને તે ઉપરાંત તેનું પ્રમાણુ પણુ

ઘણું મ્હોટું છે. જો કે માત્ર સૂત્રના જ્ઞાતા કહેવાથી પણ દ્વાદશાંગી-પણું અને ચૌદપૂર્વિપણું આવી જાય છે, પણ વિશેષ ચોખવટ કરવાના હેતુથી એમ પણ કહેવામાં આવે છે કે સમસ્ત ગણધરો ગણિપિટકને ધારણ કરનારા હતા. 'ગણ' જેને હોય તે ગણી એટલે કે ભાવાચાર્ય અને પિટક એટલે પેટી.

તે અગીયારે ગણધરો રાજગૃહ નગરમાં જળરહિત માસ-ભક્તના તપથી, એટલે કે એક માસ સુધી ભોજનનું પ્રત્યાખ્યાન કરીને પાદપોગમન અનશનવડે મોક્ષે ગયા છે. શ્રી મહાવીર પ્રભુ મોક્ષ પામ્યા પછી સ્થવિર ઇંદ્રભૂતિ અને સ્થવિર આર્ય-સુધર્મા એ બંને મોક્ષ પામ્યા, એટલે અગીયાર ગણધરમાંથી નવ ગણધર તો ભગવંતના જીવતાં જ મોક્ષે ગયા. ઇંદ્રભૂતિ અને આર્યસુધર્મા ભગવંતના નિર્વાણ પછી મોક્ષ પામ્યા. હમણાં જે નિર્ગ્રંથ સાધુઓ વિહાર કરી રહ્યા છે તે સર્વેને આર્યસુધર્મા અણગારના શિષ્ય સંતાન જાણવા. બાકીના ગણધરો શિષ્યસંતાન રહિત છે. કારણ કે પોતપોતાના અવસાનના અવસરે પોતાના ગણ સુધર્માસ્વામીને તેમણે સોંપ્યા હતા.

શ્રી સુધર્માસ્વામી

શ્રમણ ભગવંત શ્રી મહાવીર પ્રભુ કાશ્યપગોત્રના હતા. તેમને અગ્નિવૈશ્યાયન ગોત્રવાળા આર્યસુધર્મા નામે સ્થવિર શિષ્ય હતા. શ્રી વીરપ્રભુની પાટે સુધર્માસ્વામી પાંચમા ગણધર હતા. તેમનો જન્મ કુલ્લાગ સન્નિવેશમાં થયો હતો, તેમના પિતા ધમ્મિલ નામના બ્રાહ્મણ હતા અને માતાનું નામ ભદ્દિલા હતું સુધર્માસ્વામીએ પચાસ વર્ષને અંતે, ચૌદ વિદ્યાના પારં-ગામી થઇને દીક્ષા લીધી હતી અને ત્રીસ વરસ સુધી વીર પ્રભુની સેવા કરી હતી. વીર પ્રભુના નિર્વાણ પછી બાર વર્ષના

અંતે—એકંદરે બાણુમા વરસના અંતે તેમને કેવલજ્ઞાન ઉપજ્યું. ત્યારપછી આઠ વરસ સુધી કેવલીપણું પાળીને, સો વરસનું આયુષ્ય પુરૂં કરીને અને પોતાની પાટે જંબુસ્વામીને સ્થાપી મોક્ષે ગયા.

શ્રી જમ્બૂસ્વામી

આર્યસુધર્માને કાશ્યપ ગોત્રવાળા આર્યજમ્બૂ નામે સ્થવિર શિષ્ય હતા. તેમનો જન્મ રાજગૃહ નામના નગરમાં થયો હતો. તેમના પિતાનું નામ ઋષભ અને માતાનું નામ ધારિણી હતું. પાંચમા દેવલોકથી ચ્યવેલા શ્રી જંબૂ, શ્રી સુધર્માસ્વામી પાસે ધર્મ સાંભળવા જતા. પરિણામે તેઓ શીલ (બ્રહ્મચર્ય) અને સમ્યકત્વ પામ્યા. છતાં માતા પિતાના દૃઢ આગ્રહને વશ થઈ તેઓ આઠ કન્યાઓ પરણ્યા. પરણવા છતાં તેમની સ્નેહભરી વાણીથી તેઓ મુગ્ધ ન થયા. કારણ કેઃ—

सम्यक्त्वशीलतुंबाभ्यां भवाब्धिस्तीर्यते सुखम्
ते दधानो मुनिर्जम्बूः स्त्रीनदीषु कथं ब्रुडेत् ?

સમ્યકત્વ અને શીલરૂપ જે બે તુંબડાઓથી ભવસમુદ્ર તરી શકાય તે તુંબડાઓને ધારણ કરનાર જંબુમુનિ સ્ત્રીરૂપી નદીમાં શી રીતે બુડે ?

લગ્નની જ રાત્રીએ તેઓ પોતાની સ્ત્રીઓને પ્રતિબોધ આપી રહ્યા હતા. તે વખતે ચારસો નવાણું ચોરના પરિવારવાળો સરદાર પ્રભવ પણ ત્યાં આવ્યો હતો. જમ્બૂકુમારનો ઉપદેશ સાંભળી તે સર્વ પ્રતિબોધ પામ્યા અને સવાર પડતાં જ પાંચસો ચોર, આઠ નવવિવાહિત સ્ત્રીઓ, તે સ્ત્રીઓનાં માબાપ, અને પોતાના માબાપ એ રીતે એકંદરે પાંચસો છવીસની સાથે શ્રી આર્યજમ્બૂએ નવાણું ક્રોડ સોનૈયા તજી દીક્ષા લીધી. અનુક્રમે

તેઓ કેવલી થયા અને સોળ વરસ ગૃહસ્થપણામાં, વીશ વરસ છદ્મસ્થપણામાં અને ચુંમાલીસ વરસ કેવલીપણામાં ગાળી, એકંદરે એંશી વરસનું આયુઃ પુરૂ કરી, શ્રી પ્રભવસ્વામીને પોતાની પાટે સ્થાપી મોક્ષે ગયા. કવિ કહે છે કેઃ—

जंबू समस्तलारक्षो न भूतो न भविष्यति
शिवाध्ववाहकान् साधून् चौरानपि चकार यः ॥
प्रभवोऽपि प्रभुर्जीया–च्चौर्येण हरता धनम्
लेभे ऽनर्घ्योचौर्यहरं रत्नत्रितयमद्भूतम् ॥

શ્રી જમ્બૂસ્વામી જેવો કોટવાળ કોઈ થયો નથી અને થશે પણ નહીં, જેણે ચોરોને પણ મોક્ષમાર્ગવાહક સાધુઓ બનાવ્યા. પ્રભવ પ્રભુ પણ જયવંતા વર્તો, જેણે ધન ચોરવા જતાં અમૂલ્ય અને ચોરોથી પણ હરાય નહીં એવું અદ્‌ભુત રત્નત્રયરૂપી ધન મેળવી લીધું.

દશ વસ્તુઓનો વિચ્છેદ

શ્રી વીરપ્રભુના નિર્વાણ પછી બાર વર્ષે ગૌતમ સ્વામી, વીસ વર્ષે સુધર્મા સ્વામી અને ચોસઠ વર્ષે શ્રી જંબુસ્વામી મોક્ષે ગયા. ત્યારપછી દશ વસ્તુઓ વિચ્છેદ ગઈઃ–(૧) મનઃપર્યવજ્ઞાન (૨) પરમાવધિ કે જેના ઉત્પન થયા પછી એક અંતર્મુહૂર્તની અંદર કેવળજ્ઞાનની ઉત્પત્તિ થાય છે, (૩) પુલાક લબ્ધિ, જેનાથી ચક્રવર્ત્તીના સૈન્યનો પણ ચૂરો કરી શકાય (૪) આહારક શરીર-લબ્ધિ (૫) ક્ષપકશ્રેણી (૬) ઉપશમશ્રેણી (૭) જિનકલ્પ (૮) સંયમત્રિક–પરિહાર વિશુદ્ધિ, સૂક્ષ્મ સંપરાય અને યથાખ્યાત ચારિત્ર લક્ષણ, (૯) કેવળજ્ઞાન અને (૧૦) મોક્ષમાર્ગ.

અહીં કવિ કહે છે કેઃ—

लोकोत्तर हि सौभाग्यजंबूस्वामि महामुनेः;
अद्यापि यं पतिं प्राप्य शिवश्रीर्नान्यमिच्छति ॥

ખરેખર, જંબૂસ્વામીનું સૌભાગ્ય લોકોત્તરજ ગણાય. તેમના જેવો પતિ પામ્યા પછી મુક્તિરૂપી સ્ત્રીને પણ બીજો કોઈ પતિ ગમતો નથી.

શય્યંભવ ભટ્ટ

કાશ્યપ ગોત્રવાળા સ્થવિર આર્ય જંબૂને કાત્યાયન ગોત્રવાળા સ્થવિર આર્યપ્રભવ શિષ્ય થયા. આર્યપ્રભવને વચ્છ ગોત્રવાળા મનકપિતા સ્થવિર આર્યશય્યંભવ શિષ્ય થયા.

એક દિવસે પ્રભવ પ્રભુએ પોતાની પાટે સ્થાપવાને યોગ્ય કોઇ પોતાના ગણમાં કે સંઘમાં છે કે નહીં? તે જાણવા ઉપયોગ મૂકયો, પણ તેવો કોઈ યોગ્ય પુરૂષ ન દેખાયો. તેથી પરતીર્થમાં ઉપયોગ મૂકતાં રાજગૃહમાં યજ્ઞ કરતા શય્યંભવભટ્ટ તેમના જોવામાં આવ્યા. પછી તેમની પ્રેરણાથી બે સાધુઓ ત્યાં ગયા અને બોલ્યા કેઃ—" अहो कष्टमहो कष्टं तत्वं न ज्ञायते परं " એટલે કે ખરેખર આ તો કષ્ટજ છે, કષ્ટજ છે, શ્રેષ્ટ તત્ત્વ કંઇ જણાતું જ નથી! તે પછી ખડ્ગથી ભયભીત બનેલા તેના બ્રાહ્મણ ગુરૂએ યજ્ઞ સ્તંભ નીચેની શ્રી શાંતિનાથની પ્રતિમા દેખાડી. એ પ્રતિમાના દર્શનથી તેઓ પ્રતિબોધ પામ્યા અને પ્રભવસ્વામી પાસે દીક્ષા ગહણ કરી. પ્રભવ પ્રભુ શ્રી શય્યંભવને પોતાની પાટે સ્થાપી સ્વર્ગે સંચર્યા.

શ્રી શય્યંભવે જ્યારે દીક્ષા લીધી ત્યારે તેમની સ્ત્રી સગર્ભા હતી, તેણીએ મનક નામના પુત્રને જન્મ આપ્યો. પુત્રના કલ્યાણાર્થે શ્રી શય્યંભવે દશવૈકાલિક રચ્યું અને અનુક્રમે શ્રી યશોભદ્રને પોતાની પાટે સ્થાપી, શ્રી વીરપ્રભુથી અઠ્ઠાણું વર્ષે સ્વર્ગે ગયા.

વચ્છ ગોત્રવાળા મનકપિતા-સ્થવિર આર્ય શય્યંભવને તુંગિકાયન ગોત્રવાળા સ્થવિર આર્યયશોભદ્ર શિષ્ય હતા. યશોભદ્ર સૂરિ પણ શ્રી ભદ્રબાહુ અને સંભૂતિવિજય નામના બે શિષ્યને પોતાની પાટે સ્થાપી સ્વર્ગલોકે ગયા.

શ્રી ભદ્રબાહુ

અહીં પ્રથમ સંક્ષિપ્ત વાચનાથી સ્થવિરાવલી કહેવામાં આવે છે. તુંગિકાયન ગોત્રવાળા સ્થવિર આર્યયશોભદ્રને બે સ્થવિર શિષ્ય હતા. એક માઢર ગોત્રવાળા સંભૂતિવિજય અને બીજા પ્રાચીન ગોત્રવાળા સ્થવિર આર્યભદ્રબાહુ. શ્રી યશોભદ્રની પાટે શ્રી સંભૂતિવિજય અને શ્રી ભદ્રબાહુ નામે બે પટ્ટધર થયા.

પ્રતિષ્ઠાનપુરમાં વરાહમિહિર અને ભદ્રબાહુ નામના બે બ્રાહ્મણોએ દીક્ષા લીધી. તેમાં ભદ્રબાહુને આચાર્યપદ મળવાથી વરાહમિહિરને ભારે ક્રોધ ચડ્યો. તેથી તેણે બ્રાહ્મણનો વેષ પહેરી પોતાના નામની વારાહીસંહિતા બનાવી, લોકોનાં નિમિત્ત જોવાનું જાહેર કરી પોતાની આજીવિકા ચલાવવા માંડી. પોતાની ઉપર નક્ષત્રનો રાજા સૂર્ય બહુ પ્રસન્ન રહે છે એવું બતાવવા તે કહેવા લાગ્યો કે-" અરણ્યમાં કોઇ એક સ્થાને શીલાની ઉપર મેં સિંહલગ્ન ચીતર્યું હતું. પણ સૂતી વખતે તે લગ્ન ભૂંસવાનું ભૂલી ગયો, મને તે વાત યાદ આવી એટલે લગ્ન પ્રત્યેની ભક્તિથી પ્રેરાઇ હું તે ભૂંસી નાખવા તૈયાર થયો. પરન્તુ ત્યાં આવીને જોયું તો એ શિલા ઉપર મોટો વનરાજ સિંહ બેઠો હતો. મેં સિંહની દરકાર કર્યા વિના તેની નીચે હાથ નાખી લગ્ન ભૂંસી નાખ્યું. આથી સિંહલગ્નનો અધિપતિ સૂર્ય મારી આગળ આવી હાજર થયો અને પોતાના મંડલમાં લઇ જઇ ગ્રહની સર્વ ગતિ મને બતાવી દીધી."

એક દિવસે વરાહે રાજાની આગળ કહ્યું કે:-" આ જે કું-

ડાળું કરવામાં આવ્યું છે તેની વચમાં બાવન પલના પ્રમાણવાળો મત્સ્ય આકાશમાંથી પડશે. ”

ભદ્રબાહુ સ્વામીએ કહ્યું કે:—“ માર્ગમાં અર્ધપલ શોષાઈ જવાથી સાડીએકાવન પલના પ્રમાણવાળો અને કુંડાળાની વચમાં નહીં પણ છેડે પડશે. ”

વરાહનું કથન ખોટું પડયું અને શ્રી ભદ્રબાહુ સ્વામીનું ભવિષ્ય ખરૂં પડયું.

એક વાર રાજાને ત્યાં કુમાર અવતર્યો. વરાહે કહ્યું કે:—“ આ કુમારનું આયુષ્ય સો વર્ષનું છે. ” ભદ્રબાહુ વારાહની જેમ રાજકુમારને જોવા પણ ન ગયા. તેથી વરાહે કહેવા માંડયું કે “ ભદ્રબાહુને વ્યવહારનું જરાએ ભાન નથી. રાજાના કુમારને જોવા પણ ન આવ્યા. ” આથી લોકોમાં જૈનોની નિંદા થવા લાગી. એટલે ભદ્રબાહુ સ્વામીએ કહેવડાવ્યું કે–“ રાજકુમારનું મૃત્યુ આજથી સાતમે દહાડે બીલાડીથી થવાનું છે. ” રાજાએ શહેરમાંથી સર્વ બિલાડીઓ કાઢી મુકાવી. સાતમે દિવસે કુમાર ધાવતો હતો, તેટલામાં જ બિલાડીના આકારવાળો આગળીયો ઉપરથી પડયો અને કુમારના પ્રાણ ઉડી ગયા.

વરાહમિહિર લોકોમાં બહુ હલકો પડયો. ઠેકઠેકાણે ભદ્રબાહુ સ્વામીના અસાધારણ જ્ઞાનના વખાણ થવા લાગ્યા. વરાહમિહિર ક્રોધથી વ્યંતર થયો અને રોગચાળો મોકલી લોકોને ત્રાસ આપવા લાગ્યો. શ્રી ભદ્રબાહુ સ્વામીએ ઉપસર્ગહર સ્તોત્ર રચીને ઉપદ્રવ કરનાર વ્યંતરને દૂર કર્યો. કહ્યું છે:—“ જેણે ભારે કરૂણા આણી ઉપસર્ગહર સ્તોત્ર રચ્યું અને સંઘનું કલ્યાણ કર્યું તે ભદ્રબાહુ સ્વામી જયવંતા વર્ત્તો. ”

સ્થૂલભદ્ર

માઢર ગોત્રવાળા સ્થવિર આર્યસંભૂતિવિજયને ગૌતમ

ગોત્રવાળા સ્થવિર આર્યસ્થૂલભદ્ર શિષ્ય હતા. તેઓ પાટલીપુરના શકટાલ મંત્રીના પુત્ર હતા. બાર વર્ષ કોશા નામની વેશ્યાને ત્યાંજ રહ્યા હતા. વરરૂચિ નામના એક બ્રાહ્મણના પ્રપંચથી શકટાલ મંત્રી મૃત્યુ પામ્યા. એટલે નંદ રાજાએ સ્થૂલભદ્રને બોલાવી મંત્રીપદ આપવાનું સૂચવ્યું. પિતાના મૃત્યુને લીધે તેમનું હૃદય ભીંજાયું, અને સંસારને વિષે વૈરાગ્ય પામી દીક્ષા સ્વીકારી.

વ્રત આદિ ગ્રહણ કરી, ગુરૂની આજ્ઞા લઇ તેઓ કોશાના ઘરમાં ચોમાસું રહ્યા. ચોમાસાને અંતે બહુ હાવભાવ કરનારી વેશ્યાને પણ પ્રતિબોધ પમાડી પોતે ગુરૂ પાસે આવ્યા. ગુરૂએ તેમને જોઇ " दुष्करदुष्करकारक " એ પ્રમાણે સંઘસમક્ષ કહ્યું.

એ સમયે સિંહની ગુફા પાસે, સર્પના દર પાસે અને કુવાના કાષ્ટ ઉપર ચોમાસું રહી આવનાર ત્રણે મુનિઓ હાજર હતા. તેમને સ્થૂલભદ્રની પ્રશંસા સાંભળી બહુ ખેદ થયો. કારણ કે તેઓ પોતાના સંયમ અને તપની સૌથી વધારે કીંમત આંકતા હતા.

સિંહની ગુફા પાસે ચાતુર્માસ રહી આવનાર મુનિ બીજું ચોમાસું કોશાને ત્યાં ગાળવા ગયા. ગુરૂએ તેમને ઘણા સમજાવ્યા, પણ ન માન્યું. કોશા વેશ્યાનું દિવ્ય રૂપ જોતાં જ તેમનું ચિત્ત ચળી ગયું. તેમણે ગુરૂ પાસે આવી કહ્યું:—" આટલા બધા સાધુઓમાં સ્થૂલભદ્ર તો એકજ છે, ગુરૂએ દુષ્કરદુષ્કરકારક એવું જે પદ આપ્યું તે યથાર્થ જ છે. પુષ્પ, ફળ, દારૂ, માંસ અને મહિલાના રસને જાણવા છતાં જેઓ તેનાથી વિરક્ત રહી શકયા છે તેવા દુષ્કરકારકને હું વંદુ છું. "

સ્થૂલભદ્રના ઉપદેશથી પ્રતિબોધ પામેલી કોશાને ત્યાં એક કામી રથકારે આવી, પોતાનું કૌશલ્ય બતાવવા સારૂ, બાણના મૂળના ભાગમાં બીજું અને બીજા બાણના મૂળના ભાગમાં ત્રીજું એમ કેટલાંક બાણ મારી, દૂર રહેલ આંબાની લુંબ

તોડી નાખી. રથકારના એ ગર્વને તોડવા કોશાએ સરસવના ઢગલા ઉપર સોય અને સોયના અગ્રભાગ ઉપર ફુલ મુકાવી તેની ઉપર નૃત્ય કરી બતાવ્યું. એવું અદ્‌ભૂત નૃત્ય કરવા છતાં તેણીએ કહ્યું કે:—

"આંબાની લુંબ તોડવી એમા કંઈજ દુષ્કર નથી, સરસવ ઉપર નાચવું એ પણ એટલું બધું દુષ્કર નથી, પરન્તુ જે મહાનુભાવ મુનિએ પ્રમદારૂપી વનમાં પણ નિર્મોહિપણું દાખવ્યું તે તો દુષ્કરમાં પણ દુષ્કર ગણાય," કવિઓ પણ કહે છે કે:—

"પર્વતમાં, ગુફામાં કે નિર્જન વનમાં વાસ કરનારા અને ઇંદ્રિયોને સંયમમાં રાખનારા હજારો મુનિઓ થઈ ગયા, પણ અતિ મનોહર યુવતી સાથે વસવા છતાં જેઓ ઇંદ્રિયોને વશમાં રાખી શક્યા એવા તો એક શકટાલનંદન–સ્થૂલભદ્ર જ છે.

"તેમણે અગ્નિમાં પ્રવેશ કર્યો છતાં ઉની આંચ ન લાગવા દીધી, તરવારની ધાર ઉપર ચાલવા છતાં છેદ લાગવા ન દીધો, કાળા સાપના દરમાં રહેવા છતાં ડંખ ન લાગવા દીધો અને કાજળની કોટડીમાં રહેવા છતાં ડાઘ ન લાગવા દીધો. માટે જ

वेश्या रागवती सदा तदनुगा षड्भी रसैर्भोजनं,
शुभ्रं धाम मनोहरं वपुरहो नव्यो वयः संगमः
कालोऽयं जलदाविलस्तदपि याः कामं जिगायादरात् ।
तं वंदे युवतीप्रबोध कुशलं श्री स्थूलभद्रं मुनिम् ॥

અર્થાત્ "વેશ્યા રાગવાળી હતી, હંમેશાં પોતાના કહેવા પ્રમાણે જ વર્ત્તનારી હતી, ષડ્ રસથી ભરેલાં–ભાવતાં ભોજનો મળતાં હતાં, સુંદર ચિત્રશાળા હતી, મનોહર શરીર હતું, યુવાની ખીલતી જતી હતી અને કાળા મેઘથી છવાયેલી વર્ષાઋતુ હતી, એટલું છતાં જેમણે આદરપૂર્વક કામને પોતાના કાબુમાં

શાખ્યો એવા યુવતીજનોને બોધ દેવામાં કુશળ શ્રી સ્થૂલભદ્ર મુનિને હું વંદન કરૂં છું." કામદેવને સંબોધી કવિ કહે છે કેઃ—

"હે કામદેવ ! મનોહર નેત્રવાળી સ્ત્રી તે તો તારૂં મુખ્ય શસ્ત્ર છે, વસંતઋતુ, કોકીલાનો પંચમ સ્વર તથા ચંદ્ર વિગેરે તો તારા મુખ્ય યોદ્ધાઓ છે અને વિષ્ણુ, બ્રહ્મા તથા શિવ જેવા તો તારા સેવકો છે, છતાં અરે હતાશ ! તું આવા એક મુનિથી શી રીતે હણાયો ? તેં એટલું પણ ન જાણ્યું કે રણસંગ્રામમાં તને મારીને આ મુનિ તો નેમિનાથ, જંબૂસ્વામી અને સુદર્શન શેઠની પછી ચોથા પુરૂષ થવાના છે ?" છેવટે શ્રી નેમિનાથ અને શ્રી સ્થૂલભદ્રની સરખામણી કરી કવિ કહે છે કેઃ—

"શ્રી નેમિનાથ અને શકટાલસુતનો વિચાર કરતાં અમે એકને જ વીર પુરૂષ માનીએ છીએ. કારણ કે શ્રી નેમિનાથજીએ તો પર્વત ઉપર જઈને મોહને જીત્યો અને આ મુનિએ તો મોહના ઘરમાં દાખલ થઈને મોહને માર્યો."

એક વખતે બાર વરસના દુષ્કાળના અંતે સંઘના આગ્રહથી શ્રી ભદ્રબાહુ સ્વામી પાંચસો સાધુઓને દ્રષ્ટિવાદની હંમેશા સાત વાચના આપતા હતા, સાત વાચનાથી પણ અતૃપ્ત રહેતા બીજા સાધુઓ ઉદ્વિગ્ન થઇ વિહાર કરી ગયા, માત્ર સ્થૂલભદ્ર એકલા રહ્યા. તેઓ બે વસ્તુએ ઓછા—દશ પૂર્વ ભણ્યા. એક વાર વંદન કરવા આવેલાં યક્ષા સાધ્વી વિગેરે પોતાની બ્હેનોને શ્રી સ્થૂલભદ્રે પોતાની વિદ્યાના જોરથી પોતાનું સિંહ રૂપ દેખાડયું જ્યારે શ્રી ભદ્રબાહુ સ્વામીએ આ હકીકત સાંભળી ત્યારે તેમને ઘણી દિલગીરી થઇ. તેમણે કહ્યું કે—"હવે તમે વાચના માટે અયોગ્ય છો." પરન્તુ સંઘના અતિ આગ્રહથી "બીજાને તમારે વાચના આપવી નહીં" એવી સરતે બાકીનાં ચાર પૂર્વની સૂત્રથી સ્થૂલભદ્રને વાચના આપી. કહ્યું છે કેઃ—"જંબુસ્વામી છેલ્લા

કેવલી થયા અને પ્રભવ પ્રભુ, શય્યંભવ, યશોભદ્ર, સંભૂતિવિજય, ભદ્રબાહુ તેમજ સ્થૂલભદ્ર એ છ શ્રુતકેવલી થયા. ”

આર્ય મહાગિરિ અને આર્ય સુહસ્તિ

ગૌતમ ગોત્રવાળા સ્થવિર આર્ય સ્થૂલભદ્રને બે સ્થવિર શિષ્ય હતા. એક એલાપત્ય ગોત્રવાળા સ્થવિર આર્ય મહાગિરિ અને બીજા વસિષ્ઠ ગોત્રવાળા સ્થવિર આર્ય સુહસ્તિ.

જિનકલ્પ વિચ્છેદ જવા છતાં પણ જે ધીર પુરૂષોએ જિન કલ્પની તુલના કરી તે મુનિઓને વિષે ઋષભ સમાન અને શ્રેષ્ઠ ચારિત્રને ધારણ કરનાર આર્ય મહાગિરિ તો અવશ્ય વંદનીય જ છે. અને જેમણે જિનકલ્પની તુલના કરી તથા આર્યસુહસ્તિએ શ્રેષ્ઠીના ઘરમાં જેમની સ્તવના કરી તે આર્યમહાગિરિને પણ હું વંદન કરૂં છું.

એક વાર સાધુઓની પાસે ભિક્ષા માગવા આવેલ એક ભિક્ષુકને આર્યસુહસ્તિ મહારાજે દીક્ષા આપી. તે ભિક્ષુક મરણ પામીને સંપ્રતિ નામે રાજા થયો, સંપ્રતિ રાજાનો પૈતૃક સંબંધ નીચે પ્રમાણે જાણવો:—

શ્રેણિકનો પુત્ર કોણિક, તેનો પુત્ર ઉદાયી, તેની પાટે નવ નંદ, તેની પાટે ચંદ્રગુપ્ત, તેનો પુત્ર બિંદુસાર, તેનો પુત્ર અશોકશ્રી તેનો પુત્ર કુણાલ અને તેનો પુત્ર સંપ્રતિ.

સંપ્રતિને જન્મતાં જ તેના દાદાએ રાજય સુપ્રત કર્યું. એક વાર શ્રી આર્યસુહસ્તિને રથયાત્રામાં પ્રવૃત્ત થયેલા જોઈને સંપ્રતિ રાજાને પોતાનું જાતિસ્મરણ જ્ઞાન થયું. તે પછી તેણે સવા લાખ જિનાલય, સવા કરોડ નવીન જિનબિમ્બ, છત્રીસ હજાર જીર્ણોદ્ધાર, પંચાણું હજાર પીતલની પ્રતિમા તથા હજારો દાન-

શાળાઓથી ત્રણ ખંડ પૃથ્વીને પણ વિભૂષિત કરી* અનાર્ય દેશોને પણ કરથી મુક્ત કર્યા અને સાધુવેષ ધારણ કનાર સેવકોને પ્રથમ મોકલી સાધુઓને વિહાર કરવાનું યોગ્ય ક્ષેત્ર તૈયાર કરાવ્યું. પોતાના સેવક રાજાઓને જૈનધર્મને વિષે રસ લેતા કર્યા. વિચરતા સાધુઓને વસ્ત્ર, પાત્ર આદિ પ્રાસુક વસ્તુઓ મળી શકે એવી બધે વ્યવસ્થા કરી.

સુસ્થિત અને સુપ્રતિબુદ્ધથી લઇ આર્યતાપસ પર્યંત

વસિષ્ઠ ગોત્રવાળા સ્થવિર આર્યસુહસ્તિને વ્યાઘ્રાપત્ય ગોત્રવાળા સુસ્થિત અને સુપ્રતિબુદ્ધ નામના કોટિક અને કાકંદિક એવા બે સ્થવિર શિષ્ય થયા. એક કરોડ વાર સૂરિમંત્રનો જાપ કરવાથી સુસ્થિત મુનિ કોટિક કહેવાતા અને કાકંદીનગરીમાં જન્મેલા હોવાથી સુપ્રતિબુદ્ધ કાકંદિક કહેવાતા. તેમને કૌશિક ગોત્રવાળા સ્થવિર આર્યઈંદ્રદિન્ન શિષ્ય થયા. આર્ય ઈંદ્રાદિન્નના શિષ્ય ગૌતમ ગોત્રવાળા આર્યદિન્ન, આર્યદિન્નના શિષ્ય કૌશિક ગોત્રવાળા અને જાતિસ્મરણ જ્ઞાનવાળા આર્યસિંહગિરિ, આર્યસિંહગિરિના શિષ્ય ગૌતમગોત્રવાળા સ્થવિર આર્યવજ્ર, આર્યવજ્રના શિષ્ય ઉત્કૌશિષક ગોત્રવાળા સ્થવિર આર્યવજ્રસેન, આર્યવજ્રસેનના ચાર સ્થવિર શિષ્યઃ—(૧) સ્થવિર આર્યનાગિલ (૨) સ્થવિર આર્યપોમિલ (૩) સ્થવિર આર્યજયન્ત અને (૪) સ્થવિર આર્યતાપસ. સ્થવિર આર્યનાગિલથી આર્યનાગિલા શાખા નિકળી, સ્થવિર આર્યપોમિલથી આર્ય પોમિલા શાખા નિકળી, સ્થવિર આર્ય જયન્તથી આર્યજયન્તી શાખા નિકળી અને સ્થવિર આર્યતાપસથી આર્યતાપસી શાખા નીકળી.

---

* કિરણાવલીકારે સવા ક્રોડ જીનભવન કહેલ છે, તે વિચારવા જેવું છે. કારણ કે અંતર્વાચ્યાદિમાં સપાદલક્ષ એટલે સવા લાખ એમ દેખાય છે.

કુળ તથા શાખા વિષે

હવે વિસ્તારવાલી વાચનામાં આર્યયશોભદ્રથી માંડીને સ્થવિરાવલી કહેવામાં આવે છે. તેમાં ઘણા ભેદો તો લેખકદોષના હેતુભૂત જાણવા. બાકી સ્થવિરોની શાખા તથા કુલો પ્રાયઃ કરીને એક પણ હાલ જણાતા નથી. કદાચ તે બીજા નામોથી તિરોહિત થયેલાં હોય. કુલ એટલે એક આચાર્યનો પરિવાર અને ગણ એટલે એક વાચના લેનાર મુનિ સમુદાય. કહ્યું છે કે એક આચાર્યની સંતતિ તે કુલ અને બે અથવા તેથી વધારે આચાર્યના મુનિઓ એકબીજાથી સાપેક્ષ વર્ત્તતા હોય તેમનો એક ગણ જાણવો. શાખા એટલે એક આચાર્યની સંતતીમાંજ ઉત્તમ પુરૂષોના જૂદા જૂદા અન્વય (વંશ), અથવા વિવક્ષિત આદ્ય પુરૂષની સંતતી. જેમ કે વઇર નામના સૂરિથી વઇર શાખા નીકળી તેમ. શિષ્યના જૂદા જૂદા અન્વય તે કુલ, જેમ કે ચાંદ્રકુલ નાગેંદ્રકુલ, ઇત્યાદિ.

સ્થવિરોનાં કુળ તથા શાખા.

તુંગિકાયન ગોત્રવાળા સ્થવિર આર્ય યશોભદ્રને આ બે સ્થવિર શિષ્ય *પુત્રસમાન પ્રસિદ્ધ હતા. (૧) સ્થવિર આર્યભદ્રબાહુ પ્રાચીન ગોત્રવાળા અને (૨) સ્થવિર આર્યસંભૂતિવિજય માઢર ગોત્રવાળા.

સ્થવિર આર્યભદ્રબાહુ ને આ ચાર સ્થવિર શિષ્ય પુત્ર સમાન હતાઃ-(૧) સ્થવિર ગોદાસ (૨) સ્થવિર અગ્નિદત્ત (૩) સ્થવીર યજ્ઞદત્ત અને (૪) સ્થવિર સોમદત્ત. તે ચારે કાશ્યપ ગોત્રના હતા.

સ્થવિર ગોદાસથી ગોદાસ નામનો ગણ નીકળ્યો. તેની

---

* જેમના ઉત્પન્ન થવાથી પૂર્વજો દુર્ગતિ અથવા અપયશરૂપી કાદવમાં ન પડે તે પુત્ર-અપત્ય, અને તેના જેવાં તે યથાપત્ય-પુત્ર સમાન.

ચાર શાખાઓ:-(૧) તામ્રલિપ્તિકા (૨) કોટિવાર્ષિકા (૩) પુણ્ડ્રવર્દ્ધનિકા અને (૪) દાસીખર્બટિકા.

સ્થવિર આર્ય સંભૂતિવિજયને બાર સ્થવિર શિષ્ય પુત્ર સમાન હતા:—(૧) નંદનભદ્ર (૨) ઉપનંદ (૩) તિષ્યભદ્ર (૪) યશોભદ્ર (૫) સુમનોભદ્ર (૬) મણિભદ્ર (૭) પુર્ણભદ્ર (૮) સ્થૂલભદ્ર (૯) ઋજુમતિ (૧૦) જંબુ (૧૧) દીર્ઘભદ્ર અને (૧૨) પાંડુભદ્ર.

સ્થવિર આર્યસંભૂતિવિજયને સાત શિષ્યા પુત્રી સમાન હતી:—(૧) યક્ષા (૨) યક્ષદિન્ના (૩) ભૂતા (૪) ભૂતદિન્ના (૫) સેણા (૬) વેણા (૭) રેણા. એ સાતે સ્થૂલભદ્રની બ્હેનો હતી.

સ્થવિર આર્યસ્થૂલભદ્રને બે સ્થવિર શિષ્ય પુત્ર સમાન હતા:—(૧) એલાપત્ય ગોત્રવાળા સ્થવિર આર્યમહાગિરિ અને (૨) વસિષ્ઠ ગોત્રવાળા સ્થવિર આર્ય સુહસ્તિ.

સ્થવિર આર્યમહાગિરિને આઠ સ્થવિર શિષ્ય પુત્ર સમાન હતા:-(૧) સ્થવિર ઉત્તર (૨) સ્થવિર બલિસ્સહ (૩) સ્થવિર ધનાઢય (૪) સ્થવિર શ્રી ભદ્ર (૫) સ્થવિર કૌડિન્ય (૬) સ્થવિર નાગ (૭) સ્થવિર નાગમિત્ર અને (૮) કૌશિક ગોત્રવાળા સ્થવિર ષડુલુક રોહગુપ્ત.

કૌશિક અને ત્રૈરાશિકની ઉત્પત્તિ

દ્રવ્ય, ગુણ, કર્મ, સામાન્ય, વિશેષ અને સમવાય એ છ પદાર્થ પ્રરૂપવાથી ષડ, અને ઉલૂક ગોત્રમાં ઉત્પન્ન હવાથી ઉલૂક; એ ષડ અને ઉલૂકનો કર્મધારય સમાસ થવાથી ષડુલૂક. તેનો પ્રાકૃત પ્રયોગ છડુલૂએ થાય છે તેથી સૂત્રમાં તેમને કૌશિકગોત્રી કહેલ છે. ઉલૂક અને કૌશિક એ બંને શબ્દનો એકજ અર્થ છે. કૌશિક ગોત્રવાળા સ્થવિર છડુલૂક રોહગુપ્તથી ત્રૈરાશિક નિકળ્યા. તેની ઉત્પત્તિનો ઈતિહાસ આ પ્રમાણે જાણવો:—

શ્રી વીરપ્રભુના નિર્વાણ પછી પાંચસો ચુમાલીસમા વરસે અંત-રંજિકા નામની નગરીમાં ભૂતગૃહ જેવા વ્યંતરના ચૈત્યમાં રહેલા શ્રી ગુપ્ત આચાર્યને વાંદવા માટે, તેમના શિષ્ય રોહગુપ્ત બીજા ગામથી આવતા હતા. માર્ગમાં તેમણે એક પટહ વાગતો સાંભળ્યો. એ પટહ એક વાદીનો હતો. રોહગુપ્તે તે પટહને સ્પર્શ કરી પેલા વાદી સાથે વાદ કરવાનું કહેણ મોકલ્યું. પછી ગુરૂ પાસે એ વાત નિવેદન કરી.

વાદી એક પરિવ્રાજક હતો. તેની પાસે વીંછી, સર્પ, ઉંદર, મૃગી, વરાહી, કાકી અને શકુનિકા નામની વિદ્યાઓ હતી; પરંતુ તેની સર્વ વિદ્યાઓને ઉપઘાત કરે એવી મયૂરી, નકુલી, બિલાડી, વ્યાઘ્રી, સિંહી, ઉલૂકી અને શ્યેની વિગેરે સાત વિદ્યાઓ રોહગુપ્તે પોતાના આચાર્ય પાસેથી મેળવી લીધી. તે ઉપરાંત સર્વ ઉપદ્રવનો નાશ કરવામાં સમર્થ એવો રજોહરણ પણ પોતાની પાસે રાખ્યો. પછી બળશ્રી નામના રાજાની સભામાં આવી પોટ્ટશાળ નામના પરિવ્રાજકની સાથે ભારે વાદ કર્યો. પરિવ્રાજકે પોતાના વાદમાં જીવ, અજીવ, સુખ દુઃખ આદિ બે રાશીનું સ્થાપન કર્યું. તેની સામે રોહગુપ્તે ત્રણ દેવ, ત્રણ અગ્નિ, ત્રણ શક્તિ, ત્રણ સ્વર, ત્રણ લોક, ત્રણ પદ, ત્રણ પુષ્કર, ત્રણ બ્રહ્મ, ત્રણ વર્ણ, ત્રણ ગુણ, ત્રણ પુરૂષ, ત્રણ સંધ્યા, ત્રણ વચન અને ત્રણ અર્થનો વાદ ઉભો કર્યો. ત્રણ જીવનું સમર્થન કરતાં તેમણે જીવ, અજીવ અને નોજીવ એ પ્રમાણે ત્રણ રાશિની સભામાં સ્થાપના કરી. પરિવ્રાજકની વિદ્યાઓને પોતાની વિદ્યાઓના બળથી જીતી લીધી. છેલ્લે પરિવ્રાજકે રાસભી વિદ્યાનો પ્રયોગ કર્યો, તે પણ પોતાના રજોહરણના બળથી જીતી લીધો. પરિવ્રાજક ઝંખવાણો પડી ગયો. રોહગુપ્તે મહોત્સવપૂર્વક પોતાના ગુરૂ પાસે આવી પોતાના વિજયનો વૃત્તાંત કહી સંભ-

ળાવ્યો. ગુરૂજી શિષ્યે મેળવેલા વિજયથી પ્રસન્ન તો થયા, પરંતુ તેમણે કહ્યું કે:—" હે વત્સ ! તેં વાદીને જીત્યો એ તો બહુ સારૂં કર્યું, પણ તેં જાણી જોઇને જીવ, અજીવ અને નોજીવ એ પ્રમાણે ત્રણ રાશિની સ્થાપના કરી એ તો સ્પષ્ટ ઉત્સૂત્ર જ છે. માટે ત્યાં સભામાં જઇને મિથ્યાદુષ્કૃત આપી આવ." હવે જે સભામાં પોતે આવો મહાન્ વિજય મેળવ્યો હોય તે સભામાં જઇ પોતાનું બોલેલું મિથ્યા કરવું એ રોહગુપ્તને ન રૂચ્યું. તેણે અભિમાનને વશ થઇ ઉત્સૂત્ર વિષે પણ મિથ્યાદુષ્કૃત ન આપ્યું. ગુરૂએ તેને સમજાવવા છ માસ સુધી રાજસભામાં તેની સાથે વાદ કર્યો. છેવટે રાજગૃહિમાં દેવાધિષ્ઠિત કુત્રિકાપણ—જ્યાં ત્રણે લોકની તમામ વસ્તુઓ મળી શકે—ત્યાંથી નોજીવ નામની વસ્તુ આણી આપવાની માગણી કરી. ત્યાં તે વસ્તુ ન મળવાથી શિષ્ય શરમાઇ ગયો. પછી ગુરૂજીએ ચુમાલીશસો પ્રશ્નવડે તેને પરાસ્ત કર્યો. છતાં તેણે પોતાનો આગ્રહ ન છોડયો. આખરે ગુરૂજીએ થુંકવાના પાત્રમાંથી તેના મસ્તક ઉપર ક્રોધપૂર્વક ભસ્મ ફેંકી અને તેને સંઘ બહાર મૂકયો. ત્યારપછી તે ત્રૈરાશિક છઠ્ઠા નિન્હવે અનુક્રમે વૈશેષિક દર્શન પ્રકટ કર્યું. જો કે સૂત્રમાં રોહગુપ્તને આર્યમહાગિરિનો શિષ્ય કહેલ છે, પણ ઉત્તરાધ્યયન વૃત્તિ અને સ્થાનાંગવૃત્તિ વિગેરેમાં તેને શ્રી ગુપ્તાચાર્યનો શિષ્ય ગણ્યો છે, એટલે અમે પણ અહીં ગુપ્તાચાર્યના શિષ્ય તરીકે જ ઓળખાવ્યો છે. બાકી તેમાં તત્ત્વ શું છે તે તો બહુશ્રુતો જાણે.

ગચ્છ—ગણ, તેની શાખાઓ અને કુળો

સ્થવિર ઉત્તર બલિસ્સહથી ઉત્તર બલિસહ નામનો ગણ નીકળ્યો, તેની ચાર શાખાઓ:—(૧) કોશાંબિકા (૨) સૌરિતિકા (૩) કૌકંબિની અને (૪) ચંદનાગરી.

વસિષ્ઠ ગોત્રવાળા સ્થવિર આર્યસુહસ્તિને બાર સ્થવિર શિષ્ય પુત્ર સમાન હતા:—(૧) સ્થવિર આર્યરોહણ (૨) ભદ્રયશ (૩) મેઘ (૪) કામર્દ્ધિ (૫) સુસ્થિત (૬) સુપ્રતિબુદ્ધ (૭) રક્ષિત (૮) રોહગુપ્ત (૯) ઋષિગુપ્ત (૧૦) શ્રી ગુપ્ત (૧૧) બ્રહ્મા અને (૧૨) સોમ.

કાશ્યપ ગોત્રવાળા સ્થવિર આર્યરોહણથી ઉદ્દેહ નામનો ગણ નીકળ્યો. તેમાંથી ચાર શાખા અને છ કુળ નીકળ્યાં. તેમાં શાખાઓ આ પ્રમાણે:—(૧) ઉદુંબરિકા (૨) માસપૂરિકા (૩) મતિપત્રિકા અને પૂર્ણપત્રિકા. કુળ નીચે પ્રમાણે:—(૧) નાગભૂત (૨) સોમભૂત (૩) ઉલ્લગચ્છ (૪) હસ્તલિપ્ત (૫) નંદિત્ય અને (૬) પારિહાસક.

હારિત ગોત્રવાળા સ્થવિર શ્રીગુપ્તથી ચારણ નામનો ગણ નીકળ્યો. તેની ચાર શાખા અને સાત કૂલ આ પ્રમાણે. તેમાં શાખાઓ:—(૧) હારિત માલાગરી (૨) સંકાસીકા (૩) ગવેધુકા અને (૪) વજ્રનાગરી. કુલો:—(૧) વત્સલિપ્ત (૨) પ્રીતિધર્મિક (૩) હાલિત્ય (૪) પુષ્પમિત્ર (૫) માલિત્ય (૬) આર્યવેટકકુલ અને (૮) કૃષ્ણસખ.

ભારદ્વાજ ગોત્રવાળા સ્થવિર ભદ્રયશથી ઉડુવાડીય નામનો ગણ નીકળો. તેની ચાર શાખાઓ અને ત્રણ કુળ થયા:—તેમાં શાખાઓ (૧) ચંપિજ્જિકા (૨) ભદ્રાર્જિકા (૪) કાકંદિકા અને (૪) મેખલાર્જિકા. કુળ:—(૧) ભદ્રયશિક (૨) ભદ્રગુપ્તિક અને (૩) યશોભદ્ર.

સ્થવિર કામર્દ્ધિથી વેસવાટિક ગણ નીકળ્યો. તેની ચાર શાખા અને ચાર કુલ થયાં. તેમાં શાખાઓ:—(૧) શ્રાવસ્તિકા (૨) રાજ્યપાલિકા (૩) અંતરાજિકા અને (૪) ક્ષેમલજ્જિકા. કુલો:—(૧) ગણિક (૨) મેઘિક (૩) કામર્દ્ધિક અને ઇંદ્રપૂરક.

વસિષ્ઠ ગોત્રવાળા સ્થવિર ઋષિગુપ્ત કાકંદિકથી માણુવ નામનો ગણુ નીકળ્યો. તેની ચાર શાખાઓ અને ત્રણુ કુલ થયાં. શાખાઓ:—(૧) કાસવર્જિકા (૨) ગૌતમાર્જિકા (૩) વાસિષ્ઠિકા અને (૪) સોરાષ્ટ્રિકા. કુલો:—(૧) ઋષિગુપ્ત (૨) ઋષિદત્ત અને (૩) અભિજયંત.

વ્યાઘ્રાપત્ય ગોત્રવાળા સ્થવિર સુસ્થિત અને સ્થવિર સુપ્રતિબુદ્ધથી અને કોટિક તથા કાકંદિક મુનિથી કૌટિક નામનો ગણુ નીકળ્યો. તેની ચાર શાખા અને ચાર કુલો થયાં. તેમાં શાખા:—(૧) ઉચ્ચ નાગરી (૨) વિદ્યાધરી (૩) વજ્રી અને (૪) મધ્યમા. કુલ:—(૧) બ્રહ્મલિપ્ત (૨) વત્સલિપ્ત (૩) વાણિજ્ય અને (૪) પ્રશ્નવાહન. વ્યાઘ્રાપત્ય ગોત્રવાળા સુસ્થિત અને સુપ્રતિબુદ્ધ તથા કૌટિક અને કાકંદિકના આ પાંચ શિષ્યો પુત્રસમાન પ્રસિદ્ધ હતા.—(૧) સ્થવિર આર્યઇંદ્રદિન્ન (૨) સ્થવિર પ્રિયગ્રંથ (૩) કાશ્યપ ગોત્રવાળા સ્થવિર વિદ્યાધર ગોપાળ, (૪) સ્થવિર ઋષિદત્ત અને (૫) સ્થવિર અર્હદત્ત.

પ્રિયગ્રંથ મુનિની પ્રભાવિકતા

અજમેરની નજીકમાં હર્ષપુર નામના નગરમાં સુભટપાળ રાજા રાજ્ય કરતો હતો. તેના રાજ્યમાં ત્રણસો જિનભવન, ચારસો લૌકિક પ્રાસાદ, અઢારસો બ્રાહ્મણનાં ઘર, છત્રીશસો વણિકનાં ઘર, નવસો બગીચા, સાતસો વાવ, બસો કૂવા અને સાતસો દાનશાળાઓ હતી. એક વખત તે નગરમાં પ્રિયગ્રંથ સૂરિ પધાર્યા. અન્યદા બ્રાહ્મણોએ એક યજ્ઞ રચી તેમાં બકરાનું બલિદાન આપવાનો ઠરાવ કર્યો. પ્રિયગ્રંથ સૂરિએ શ્રાવકના હાથમાં વાસક્ષેપ આપી તે બકરા ઉપર છંટાવ્યો અને તરત જ તેમાં અંબિકાદેવી અધિષ્ઠિત થયાં. બકરો આકાશમાં અદ્ધર રહી બોલવા

લાગ્યો કે—"હે બ્રાહ્મણો! તમે મને બાંધીને લાવ્યા છો અને આ યજ્ઞમાં મને મારી નાંખવા માગો છો તે હું જાણું છું. તમારી જેમ જો હું પણ નિર્દય થઉં તો એક ક્ષણવારમાં તમને સૌને મારી નાખી શકું છું કોપ પામેલા હનુમાને જેમ લંકામાં જઈ રાક્ષસોમાં ત્રાસ વર્તાવ્યો હતો તેમ હું પણ કરી શકું તેમ છું; પરંતુ શું કરૂં! મને દયા-ધર્મ આડે આવે છે. કૃષ્ણે પોતે શું કહ્યું છે તે તમે ભૂલી ગયા લાગો છો ! તે કહે છે કે "હે ભારત! એક પશુના શરીરને વિષે જેટલા રોમકૂપ છે, તેટલા હજાર વર્ષ સુધી પશુનો ઘાત કરનારાં નરકમાં સડે છે. જો કોઇ સોનાનો મેરૂ બનાવી દાનમાં આપે અથવા આખી પૃથ્વીનું દાન કરે, તો પણ અભયદાનની ટોચે આવી શકતું નથી, જીવિત આપનાર-અભયદાન આપનાર સર્વ પ્રકારના દાનીઓમાં શ્રેષ્ઠ છે, બીજાં દાનોનું ફળ તો કર્મે કરીને ક્ષીણ થાય છે, પણ અભયદાન આપનારનાં પુણ્યનો ક્ષય કદિ પણ થતો નથી."

"પણ તું કોણ છે ?" એમ લોકો પૂછવા લાગ્યા એટલે બકરાએ જવાબ આપ્યો કે "હું અગ્નિ છું, મારા વાહનરૂપ આ પશુનો તમે શા સારૂ વ્યર્થ વધ કરો છો ? ધર્મની ખાતર જ જો કરતા હો તો અહીં પધારેલા પ્રિયગ્રંથ સૂરીંદ્રને જઇને પૂછો, એટલે તેઓ તમને શુદ્ધ ધર્મ સમજાવશે. એ જ ધર્મનું શુદ્ધિપૂર્વક આચરણ કરો, જેમ નરેંદ્રોને વિષે ચક્રી અને ધનુષ્યધારીઓને વિષે ધનંજય-અર્જુન શ્રેષ્ઠ છે, તેમ સત્યવાદીઓને વિષે એ આચાર્ય પણ અદ્વિતીય છે" બ્રાહ્મણોએ એ ઉપદેશ સ્વીકાર્યો અને સુખી થયા.

મધ્યમા, વિદ્યાધરી, ઉચ્ચ નાગરી, આર્યસેનિકા આદિ શાખાઓ

સ્થવિર પ્રિયગ્રંથથી મધ્યમા શાખા નીકળી. કાશ્યપગોત્રવાળા

કલ્પસૂત્ર.

" બકરો આકાશમાં અદ્ધર રહી બોલવા લાગ્યો કે—"હે બ્રાહ્મણો ! તમે મને બાંધીને લાવ્યા છો અને આ યજ્ઞમાં મને મારી નાખવા માગો છો તે હું જાણું છું " પૃ. (૪૦૨)

Krishna Art Works, Bombay 2. Meghji Hirji, Bombay 3.

સ્થવિર વિદ્યાધર ગોપાળથી વિદ્યાધરી શાખા નીકળી. કાશ્યપગોત્રવાળા સ્થવિર આર્યઈંદ્રદિન્નને ગૌતમ ગોત્રવાળા સ્થવિર આર્યદિન્ન શિષ્ય હતા. એ આર્યદિન્નને બે સ્થવિર શિષ્ય પુત્રસમાન પ્રસિદ્ધ હતા; એક માઢર ગોત્રવાળા સ્થવિર આર્યશાંતિ સેનિક અને બીજા જાતિસ્મરણ જ્ઞાનવાળા તથા કૌશિક ગોત્રવાળા આર્ય સિંહગિરિ. તેમાં આર્યશાંતિ સેનિકથી ઉચ્ચનાગરી શાખા નીકળી. તેમને પુત્ર સમાન્ ચાર સ્થવિર શિષ્ય હતાઃ—(૧) સ્થવિર આર્યસેનિક (૨) સ્થવિર આર્યતાપસ (૩) સ્થવિર આર્યકુબેર અને સ્થવિર આર્યઋષિપાલિત. આર્ય સેનિકથી તેમના નામની આર્યસેનિકા શાખા નીકળી, આર્યતાપસથી આર્યતાપસી શાખા નીકળી, આર્યકુબેરથી આર્યકુબેરી શાખા નીકળી અને આર્યઋષિપાલિતથી આર્યઋષિપાલિતા શાખા નીકળી. જાતિ સ્મરણજ્ઞાનવાળા અને કૌશિક ગોત્રવાળા આર્યસિંહગિરિને પુત્રવત્ ચાર સ્થવિર શિષ્ય હતાઃ-(૧) સ્થવિર ધનગિરિ (૨) સ્થવિર આર્યવજ્ર, (૩) સ્થવિર આર્યસમિત અને (૪) સ્થવિર અર્હદિન્ન.

સ્થવિર આર્યવજ્રનો પુણ્યપ્રભાવ

ધનગિરિ અને તેમની સ્ત્રી સુનંદા તુંબવન નામના ગામમાં રહેતાં હતાં. સુનંદાને ગર્ભવતી અવસ્થામાં ત્યજી દઈને ધનગિરિએ દીક્ષા લીધી. પાછળથી સુનંદાએ એક પુત્રને જન્મ આપ્યો. તે પુત્રે જન્મતાંની સાથે એવું સાંભળ્યું કે પોતાના પિતાએ તો દીક્ષા લીધી છે કે તરત જ તેને જાતિસ્મરણ જ્ઞાન થયું. માતાને પોતાની ઉપર જરાય મોહ ન થાય એટલા સારૂ તે હંમેશા રડીરડીને માતાને કંટાળો આપવા લાગ્યા. તેથી તેમની માતાએ તે છ માસનો થયો ત્યારેજ ધનગિરિને વહોરાવી દીધો. તેમણે ગુરૂના હાથમાં સોંપ્યો. ગુરૂએ બહુ ભાર હોવાને લીધે તેનું વજ્ર નામ

પાડયું. તે પારણામાં રહ્યો રહ્યો માત્ર સાંભળી સાંભળીનેજ અગીયાર અંગ ભણ્યો.

પછી જયારે તે બાળક ત્રણ વરસનું થયું ત્યારે રાજાની સમક્ષ માતાએ અનેક સ્વાદિષ્ટ પદાર્થો તથા રમકડાં મુકી તેને લલચાવવાનો પ્રયત્ન કર્યો. પણ તેટલાથી તે બાળક ન ભોળવાયો, અને ઉલટું ધન.ગિરિએ આપેલું રજોહરણ જ લઈ લીધું. ત્યારપછી માતાએ અને વજ્રે પણ ગુરૂ પાસે દીક્ષા લીધી.

આઠ વર્ષ પુરા થયાં એટલે એક વાર વજ્ર ઉજ્જયિનીમાં ભીક્ષા લેવા નીકળ્યા. વરસાદ હજી હમણાં જ વિરામ પામ્યો હતો. પૂર્વભવના મિત્ર જૃંભક દેવોએ વજ્રસ્વામીને કુષ્માંડ—સાકરકોળાની ભીક્ષા આપવા માંડી. વજ્રસ્વામીએ ધારીને જોયું તો ભીક્ષા વ્હોરાવનારની આંખ મટકું મારતી ન દેખાઈ, અર્થાત અનિમિષપણું દેખાયું. દેવો સિવાય એવાં અનિમિષ નેત્ર બીજા કોઈનાં ન હોય અને એવો દેવપિંડ મુનિને ન કલ્પે; એવો વિચાર કરી વજ્રસ્વામીએ તે ન વહોર્યું. આ દૃશ્ય જોઇ દેવોને ભારે સંતોષ થયો અને તેમણે વજ્રસ્વામીને વૈક્રિયલબ્ધિ આપી. તેવી જ રીતે બીજી વાર પણ ઘેબર નહીં વ્હોરવાથી દેવોએ તેમને આકાશગામિની વિદ્યા આપી.

વજ્રમુનિને પાટલીપુત્રના એક ધનશ્રેષ્ઠીએ કરોડ ધન સાથે પોતાની પુત્રી પરણાવવા માગી; અને પેલી પુત્રી પણ સાધ્વીઓ પાસેથી વજ્રમુનિના ગુણો સાંભળી એટલી બધી મુગ્ધ બની હતી કે "હું વરૂં તો વજ્રનેજ વરૂં" એવો નિશ્ચય કરી બેઠી હતી, છતાં વજ્રમુનિ એ પ્રેમમાં ન ફસાયા અને પ્રેલી રૂકિમણી નામની કન્યાને પ્રતિબોધી દીક્ષા અપાવી! અહિં કવિ કહે છે કે—"જે વજ્રઋષિ બાલ્યાવસ્થામાં જ સહેજે મોહરૂપી સમુદ્રનો એક ઘુંટડો કરી પી ગયા તેને એક સ્ત્રીરૂપી નદીનું સ્નેહપૂર શી રીતે ભીંજવી શકે?"

એક વખત દેશમાં ભારે સખત દુકાળ પડવાથી શ્રી સંઘને પોતાના વસ્ત્ર ઉપર બેસાડી એક સુકાળવાળા ક્ષેત્રમાં લઈ ગયા. ત્યાં બૌદ્ધ રાજાનું રાજ્ય ચાલતું હોવાથી તેણે જિન મંદિરોમાં પુષ્પ લાવવાની સખત મનાઈ કરી હતી. પર્યુષણ પર્વ સમયે શ્રાવકોએ વજ્રમુનિને એ બાબત વિજ્ઞપ્તિ કરી, એટલે તેઓ આકાશગામિની વિદ્યાના પ્રભાવે માહેશ્વરીપુરીમાં પહોંચ્યા અને પોતાના એક મિત્ર–માળીને પુષ્પ એકઠાં કરવાનું કહ્યું. ત્યાંથી તેઓ પોતે હિમવાન પર્વત ઉપર ગયા અને લક્ષ્મીદેવી પાસેથી મહાપદ્મ તથા હુતાશન વનમાંથી વીશ લાખ પુષ્પ મેળવ્યાં. તે પછી જૃંભક દેવોએ વિકુર્વેલા વિમાનમાં બેસી મહોત્સવપૂર્વક ત્યાં આવ્યા અને જિનશાસનની ભારે પ્રભાવના કરી. બૌદ્ધ રાજાના આશ્ચર્યનો પાર ન રહ્યો. આખરે તેણે પણ શ્રાવકધર્મ સ્વીકાર્યો.

એક વખત વજ્રસ્વામીએ કફના ઉપશમ માટે, ભોજન પછી ખાવા સારૂ એક સુંઠનો કકડો કાનપર ચડાવી રાખ્યો. પછી તે કકડો ખાવાનું વિસ્મરણ થઈ ગયું અને છેક સાંઝે જ્યારે પ્રતિક્રમણ કરતી વખતે કાન ઉપરનો કકડો નીચે પડ્યો ત્યારે તેમને પોતાને કેટલો પ્રમાદ થયો તેની સૂઝ પડી. એ પ્રમાદ ઉપરથી પોતાનું મૃત્યુ નજીક આવી પહોંચેલું હોવું જોઈએ એમ ધાર્યું. એટલે તેમણે વજ્રસેન નામના પોતાના શિષ્યને કહ્યું કે–" હવે બાર વરસનો દુકાળ પડવાનો અને જે દિવસે લક્ષમૂલ્યવાળા ચોખામાંથી તને ભીક્ષા મળે તે દિવસ પછી બીજેજ દિવસે સુકાળ થવાનો એમ જાણી લેજે. " એટલું કહીને તેઓ પોતાની સાથે રહેલા સાધુઓને લઇ રથાવર્ત પર્વત ઉપર ગયા અને અનશન કરી દેવલોક પામ્યા. પેલા શિષ્ય પણ અન્યત્ર વિહાર કરી ગયા. વજ્રમુનિ દેવલોક પામ્યા તે વખતે સંઘયણ ચતુષ્ક અને દશમું પૂર્વ વિચ્છેદ ગયાં. ત્યારપછી બાર

વરસનો દુકાળ પડ્યો. દુકાળના અંતે એકવાર સોપારક નામના નગરમાં જિનદત્ત શ્રાવકના ઘરમાં, લક્ષ મૂલ્યવાળું અન્ન રાંધીને તેની ઈશ્વરી નામની સ્ત્રી તેમાં ઝેર ભેળવવાનો પ્રપંચ કરી રહી હતી, તેટલામાં વજ્રસેને ત્યાં આવી પહોંચી, ગુરુનું વચન સંભળાવી અટકાવી. બીજેજ દિવસે સવારમાં પ્રભાત થતાંજ વહાણવડે પુષ્કળ ધાન્યસામગ્રી આવી પહોંચી અને દેશમાં સર્વત્ર સુકાળ ફેલાઈ ગયો. પછી જિનદત્તે પોતાની સ્ત્રી તથા નાગેંદ્ર, ચંદ્ર નિવૃત્તિ અને વિદ્યાધર નામના ચાર પુત્રો સાથે દીક્ષા લીધી. તે ચાર શિષ્યોના નામથી ચાર શાખા ફેલાઈ.

શ્રી આર્યસમિત : બ્રહ્મદીપિકા શાખા

આભીર દેશમાં અચલપુરની નજીક, કન્ના તથા બેન્ના નામની નદીની મધ્યમાં આવેલા બ્રહ્મદ્વીપમાં પાંચસો તાપસ રહેતા હતા. તેમાં એક તાપસ એવો હતો કે પાણી ઉપર થઈને, પોતાના પગને ભીંજાવા દીધા વિના--જમીન ઉપર ચાલે તેવીજ રીતે, પારણાને માટે નદીને પેલે પાર ચાલ્યો જતો. તેની આવી કુશળતા જોઇ લોકોને થતું કે-" અહો ! આ તાપસ કેટલો બધો શક્તિશાલી છે ? જૈનોમાં આવો કોઈ પ્રતાપી પુરૂષ નહીં હોય ?"

શ્રાવકોએ શ્રી વજ્રસ્વામીના મામા આર્યસમિત સૂરિને બોલાવ્યા અને ઉપરોક્ત તાપસ સંબંધી હકીકત સંભળાવી. આર્યસમિત સૂરિજીએ કહ્યું કે-" એમાં પ્રભાવ કે પ્રતાપ જેવું કંઇજ નથી, એ કેવળ પાદલેપ શક્તિનો જ પ્રતાપ છે."

તે પછી શ્રાવકોએ પેલા તાપસને જમવાનું આમંત્રણ મોકલ્યું. તાપસ જમવા ઉઠયો એટલે તેનાં પગ અને પગની પાવડી ખૂબ સારી રીતે ધોવરાવ્યાં. ભોજન ક્રિયા પણ પુરી થઇ. પછી તાપસની સાથે શ્રાવકો પણ નદીના કિનારા સુધી સાથે સાથે ચાલ્યા.

જે લેપના પ્રતાપથી તાપસ નદીનાં પાણી ઉપર થઇને ચાલી શક્તો હતો તે લેપ ધોવાઇ ગયેલો હતો, છતાં જાણે કંઇ બન્યું જ નથી એવી ધૃષ્ટતા સાથે તાપસે નદીમાં ઝૂકાવ્યું. નદીમાં પગ મૂકતાંજ તે ડુબવા લાગ્યો અને સૌ કોઇ તેની મશ્કરી કરવા લાગ્યા.

એટલામાં આર્યસમિત સૂરિજી ત્યાં પધાર્યા. તેમણે કેવળ લોકોને ખરી વસ્તુસ્થિતિનું ભાન કરાવવા માટે પોતાના હાથમાંનું યોગચૂર્ણ નદીમાં નાખ્યું અને કહ્યું કે:–" હે બેન્ના ! મને પેલે પાર જવા દે ! " એટલું કહેતામાંજ નદીના બન્ને કાંઠા મળી ગયા ! સૂરિજીની આવી અદ્દભૂત શકિત જોઇ લોકો ભારે આશ્ચર્ય પામ્યા. પછી તેમણે તાપસોના આશ્રમમાં જઇ તેમને પ્રતિબોધ્યા અને દીક્ષા આપી. ત્યારપછી તેઓની શાખા બ્રહ્મદીપિકા શાખાના નામથી પ્રસિદ્ધ થઇ.

યુગપ્રધાનો તથા આર્યવજ્રી વિગેરે શાખાઓ

આર્યમહાગિરિ, આર્ય સુહસ્તી, શ્રી ગુણસુંદર સૂરિ, શ્યામાર્ય, સ્કંદિલાચાર્ય, રેવતીમિત્ર સૂરિશ્વર, શ્રી ધર્મ, ભદ્રગુપ્ત શ્રી ગુપ્ત અને વજ્ર સૂરીશ્વર એ દશ દશપૂર્વીઓ તથા શ્રેષ્ઠ યુગપ્રધાન પુરૂષો થઇ ગયા.

ગૌતમ ગોત્રવાળા સ્થવિર આર્યવજ્રથી આર્યવજ્રી શાખા નીકળી. શ્રીઆર્યવજ્રને ત્રણ સ્થવિર શિષ્ય પુત્રવત્ પ્રસિદ્ધ હતા:–(૧) સ્થવિર આર્યવજ્રસેન (૨) સ્થવિર આર્યપદ્મ (૩) સ્થવિર આર્યરથ.

આર્યવજ્રસેનથી આર્યનાગિલી શાખા નીકળી, આર્યપદ્મથી આર્યપદ્મા શાખા નીકળી અને આર્યરથથી આર્યજયંતી શાખા નીકળી.

વચ્છ ગોત્રવાળા સ્થવિર આર્યરથને કૌશિક ગોત્રવાળા સ્થવિર આર્યપુષ્પગિરિ શિષ્ય હતા, આર્યપુષ્પગિરિને ગૌતમ

ગોત્રવાળા સ્થવિર આર્યફલ્ગુમિત્ર શિષ્ય હતા, આર્યફલ્ગુમિત્રને વશિષ્ઠ ગોત્રવાળા સ્થવિર આર્યધનગિરિ શિષ્ય હતા, આર્યધનગિરિને કુચ્છગોત્રવાળા સ્થવિર આર્યશિવભૂતિ શિષ્ય હતા, આર્યશિવભૂતિને કાશ્યપગોત્રવાળા સ્થવિર આર્યભદ્ર શિષ્ય હતા. સ્થવિર આર્યભદ્રને કાશ્યપગોત્રવાળા સ્થવિર આર્ય-રક્ષ શિષ્ય હતા. (આ સ્થળે કિરણાવલીકાર જેવા બહુશ્રુત ગણાતા વિદ્વાન્ પુરૂષે આર્યરક્ષિત અને આર્યરક્ષ એ બે સ્થવિર પુરૂષનાં નામનો ગોટાળો કરી નાખ્યો છે અને બન્ને સ્થવિર ભિન્ન ભિન્ન હોવા છતાં તેમને એકજ માની લીધા છે. આર્યર-ક્ષિત તો તોસલીપુત્ર આચાર્યના શિષ્ય હતા અને વજ્રસ્વામીની પાસે સાડા નવ પૂર્વ ભણ્યા હતા, જ્યારે આર્યરક્ષ તો શ્રી વજ્ર-સ્વામીથી શિષ્ય પ્રશિષ્યની ગણનાએ નવમી પાટે થયેલ છે.)

સ્થવિર આર્યરક્ષને ગૌતમ ગોત્રવાળા સ્થવિર આર્યનાગ શિષ્ય હતા. આર્યનાગને વશિષ્ઠગોત્રવાળા સ્થવિર આર્યજેહિલ શિષ્ય હતા, આર્ય જેહિલને માઢર ગોત્રવાળા સ્થવિર આર્યવિષ્ણુ શિષ્ય હતા, આર્યવિષ્ણુને ગૌતમ ગોત્રવાળા સ્થવિર આર્યકાલિક શિષ્ય હતા, આર્યકાલિકને ગૌતમ ગોત્રવાળા સ્થવિર આર્યસંપલિત તથા સ્થવિર આર્યભદ્ર નામના બે શિષ્ય હતા. આ બે સ્થવિરોને ગૌ-તમ ગોત્રવાળા સ્થવિર આર્યવૃદ્ધ શિષ્ય હતા, સ્થવિર આર્યવૃદ્ધને ગૌતમ ગોત્રવાળા સ્થવિર આર્યસંઘપાલિત શિષ્ય હતા. આર્ય સંઘપાલિતને કાશ્યપગોત્રવાળા સ્થવિર આર્યહસ્તી શિષ્ય હતા, સ્થવિર આર્યહસ્તીને સુવ્રત ગોત્રવાળા સ્થવિર આર્યધર્મ શિષ્ય હતા, આર્યધર્મને કાશ્યપ ગોત્રવાળા સ્થવિર આર્યસિંહ શિષ્ય હતા. આર્યસિંહને કાશ્યપગોત્રવાળા સ્થવિર આર્યધર્મ શિષ્ય હતા અને શ્રી આર્યધર્મને સ્થવિર આર્યસંડિલ શિષ્ય હતા.

એજ હકીકતને પદ્યમાં નીચે પ્રમાણે સંગ્રહિત કરવામાં આવી છે:—

ગૌતમ ગોત્રવાળા ફલ્ગુમિત્રને, વસિષ્ઠ ગોત્રવાળા ધનગિરિને, કુચ્છગોત્રવાળા શિવભૂતિને તથા કૌશિક ગોત્રવાળા દુર્જય કૃષ્ણને વંદું છું. (૧). તેમને શિરવડે નમીને કાશ્યપ ગોત્રવાળા ભદ્રને, કાશ્યપ ગોત્રવાળા નક્ષત્રને અને કાશ્યપ ગોત્રવાળા રક્ષને પણ વંદુ છું.(૨). ગૌતમ ગોત્રવાળા આર્યનાગને, વસિષ્ઠ ગોત્રવાળા જેહિલને, માઢર ગોત્રવાળા વિષ્ણુને અને ગૌતમ ગોત્રવાળા કાલિકને વંદું છું. (૩). ગૌતમ ગોત્રવાળા કુમાર સંપલિત તથા આર્યભદ્રને નમું છું; તેમજ ગૌતમગોત્રવાળા સ્થવિર આર્યવૃદ્ધિને પણ વંદું છું (૪). તેમને મસ્તક વડે નમીને સ્થિરસત્ત્વ, ચારિત્ર જ્ઞાનસંપન્ન, કાશ્યપ ગોત્રવાળા સ્થવિર સંઘપાલિતને નમું છું. (૫). ક્ષમાના સાગર, ધીર અને ફાલ્ગુન માસના શુક્લ પક્ષમાં કાળ ધર્મ પામેલ, કાશ્યપ ગોત્રવાળા આર્યહસ્તિને વંદું છું (૬). શીલલબ્ધીથી સંપન્ન અને જેમના દીક્ષામહોત્સવમાં દેવોએ ઉત્તમ છત્ર ધારણ કર્યું હતું તે સુવ્રત ગોત્રવાળા આર્યધર્મને હું વંદું છું. (૭). કાશ્યપગોત્રવાળા આર્યહસ્તીને તથા મોક્ષસાધક આર્યધર્મને તેમજ કાશ્યપ ગોત્રવાળા આર્યસિંહને અને કાશ્યપગોત્રવાળા આર્યધર્મને પણ વંદું છું (૮). તેમને મસ્તક વડે વંદીને સ્થિરસત્ત્વ, ચારિત્ર જ્ઞાનસંપન્ન ગૌતમ ગોત્રવાળા સ્થવિર આર્યજંબને વંદું છું. (૯). મૃદુ—મધુર સરળ, માયારહિત તથા જ્ઞાન દર્શન અને ચારિત્રયુક્ત, કાશ્યપ ગોત્રવાળા સ્થવિર નંદિતને પણ વંદું છું. (૧૦). સ્થિર ચારિત્રવાળા અને ઉત્તમ સમ્યક્ત્વ તેમજ સત્ત્વશીલ, માઢર ગોત્રવાળા દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણને વંદું છું. (૧૧). અનુયોગના ધારક, ધીર, મતિના સાગર અને મહા સત્વવંતા, વચ્છ ગોત્રવાળા

સ્થિર, ગુપ્ત ક્ષમાશ્રમણને વંદું છું. (૧૨). જ્ઞાન દર્શન અને ચારિત્રને વિષે સુસ્થિત, ગુણથી મહાન્ અને ગુણવંત એવા સ્થવિર કુમાર ધર્મગણિને વંદુ છું. (૧૩). સૂત્રાર્થ રૂપ રત્નોથી ભરેલા અને શમ, દમ તથા માર્દવ આદિ ગુણસંપન્ન, કાશ્યપ ગોત્રવાળા દેવર્દ્ધિ ક્ષમાશ્રમણને પણ વંદું છું.

નવમ વ્યાખ્યાન

સમાચારી ૩૫ ત્રીજી વાચનાઃ પર્યુષણા કયારે કરવી?

તે કાળ અને તે સમયને વિષે વર્ષાકાળનો એક માસ અને વીસ દિવસ ગયા બાદ શ્રમણુ ભગવાન્ શ્રી મહાવીરે ચોમાસામાં પર્યુષણાપર્વ કર્યું છે.

અહિં શિષ્ય પ્રશ્ન કરે છે કેઃ—"વર્ષાકાળનો એક માસ અને વીસ દિવસ ગયા બાદ શ્રમણુ ભગવાન્ શ્રી મહાવીરે ચાતુર્માસમાં પર્યુષણાપર્વ કર્યું છે, એમ કહેવામાં આપનો શો હેતુ છે?"

ગુરૂ તેનો ઉત્તર આપે છેઃ—(૧) "કારણુ કે તે સમયે ગૃહસ્થોનાં ઘર પ્રાયઃ સાદડીથી ઢાંકેલાં હોય છે, ચુનાથી ધોળેલાં હોય છે, ઘાસ વિગેરેથી આચ્છાદિત કરેલાં હોય છે, છાણુ આદિથી લીંપેલાં હોય છે, વાડ વિગેરેથી રક્ષાયેલાં હોય છે, ખાડાં—ખડીયા-વાળી વિષમભૂમિ ખોદીને સમાન કરેલી હોય છે, પાષાણુના કટકાથી ઘસીને કોમલ કરેલાં હોય છે, ધૂપથી સુગંધિત કરેલાં હોય છે, પરનાલ ગોઠવીને પાણીને જવાના માર્ગ કરેલા હોય છે અને ખાળો પણુ બરાબર તૈયાર થઇ ગઇ હોય છે. એ રીતે ગૃહસ્થોએ પોતાને માટે પોતાનાં ઘર અચિત્ત કરી રાખ્યાં હોય છે, એટલાજ માટે એમ કહેવાય છે કે વર્ષાકાળનો એક માસ અને વીસ દિવસ ગયા પછી શ્રમણુ ભગવાન્ શ્રી મહાવીરે ચોમાસામાં પર્યુષણા-પર્વ કર્યું." (એક માસ ને વીસ દિવસ પછી પર્યુષણા કરવી, એટલે ત્યાં ચોમાસાનો બાકીનો કાળ સ્થિતિ કરવાનું કહેવું, જેથી તે આરંભના નિમિત્ત મુનિ ન થાય, એ રહસ્ય છે.)

(૨) "તેવીજ રીતે ગણુધરોએ પણુ વર્ષાકાળનો એક માસ અને વીસ દિવસ ગયા બાદ ચોમાસામાં પર્યુષણાપર્વ કર્યું છે."

(૩) “ તેવીજ રીતે ગણધરોના શિષ્યોએ પણ વર્ષાકાળનો એક માસ અને વીસ દિવસ ગયા બાદ પર્યુષણાપર્વ કર્યું છે.”

(૪) “ તેવી જ રીતે સ્થવિરોએ પણ વર્ષાકાળનો એક માસ અને વીસ દિવસ ગયા બાદ પર્યુષણાપર્વ કર્યું છે. ”

(૫) “ તેવી જ રીતે આર્યપણાએ કરીને અથવા વ્રત-સ્થવિરપણાએ કરી વર્તતા આધુનિક શ્રમણ નિર્ગ્રંથો જે વિહાર કરી રહ્યા છે તે પણ વર્ષાકાળનો એક માસ અને વીસ દિવસ ગયા બાદ પર્યુષણાપર્વ કરે છે. ”

(૬) “ તેવી જ રીતે અમારા આચાર્યો અને ઉપાધ્યાયો પણ વર્ષાકાળનો એક માસ અને વીસ દિવસ ગયા બાદ પર્યુષણાપર્વ કરે છે. ”

(૭) “ તેવી જ રીતે અમે પણ વર્ષાકાળનો એક માસ અને વીસ દિવસ ગયા બાદ ચોમાસામાં પર્યુષણાપર્વ કરીએ છીએ. ” અર્થાત્ ભાદરવા શુદિ ૫ ની પહેલાં પણ પર્યુષણાપર્વ કરવું કલ્પે છે, પરંતુ ભાદરવા શુદિ ૫ ની રાત્રી ઉલ્લંઘવી કલ્પે નહીં. (અહીં પર્યુષણા એટલે વાર્ષિક પર્વ સમજવું.)

અધિક માસની ચર્ચા

પર્યુષણમાં પરિ અને ઉષણા એમ બે શબ્દ છે. પરિ એટલે સર્વ પ્રકારે અને ઉષણ એટલે વસવું. પર્યુષણા બે પ્રકારની છે:- એક ગૃહિજ્ઞાતા-ગૃહસ્થોએ જાણેલી અને બીજી ગૃહ્યજ્ઞાતા-ગૃહસ્થોએ નહીં જાણેલી. તેમાં ગૃહ્યજ્ઞાતા એ કહેવાય કે જેમાં વર્ષા (ચોમાસા) ને યોગ્ય પીઠ (પાટલો) ફલક (પાટ) આદિ પ્રાપ્ત કર્યે છતે કલ્પમાં (બૃહત્ કલ્પ) કહેલ દ્રવ્ય ક્ષેત્ર કાળ અને ભાવરૂપ સ્થાપના કરવામાં આવે છે અને તે આષાઢ પૂર્ણિમાની અંદર કરવામાં આવે છે. પરંતુ યોગ્ય ક્ષેત્રના અભાવે

પાંચ પાંચ દિવસની વૃદ્ધિથી દસ પર્વતિથિના ક્રમ વડે શ્રાવણ વદિ અમાસ સુધી જ કરવામાં આવે છે. ગૃહજ્ઞાતા પણ બે પ્રકારની છે. એક સાંવત્સરિક કૃત્ય વિશિષ્ટા–સાંવત્સરિક કૃત્યોએ કરીને યુક્ત અને બીજી ગૃહિજ્ઞાત માત્રા એટલે માત્ર ગૃહસ્થોએ જાણેલી. તેમાં સાંવત્સરિક પ્રતિક્રમણ, લોચ, અઠમનો તપ, સર્વ જીનેશ્વરોની ભક્તિપૂજા અને સંઘનું પરસ્પર ખમવું વિગેરે સાંવત્સરિક કૃત્યો છે અને તે કૃત્યોએ કરીને યુક્ત એવી પર્યુષણા ભાદરવા શુદિ પંચમીને દિવસે જ અને કાલિકાચાર્યના આદેશથી ચતુર્થીને દિવસે પણ કરવામાં આવે છે.

માત્ર ગૃહસ્થોએ જાણેલી તે એ છે કે જે વર્ષમાં અધિક માસ હોય તે વર્ષમાં ચોમાસાના દિવસથી માંડીને વીશ દિવસે મુનિ ‘ અમે અહીં રહ્યા છીએ ’ એમ પ્રશ્ન કરનાર ગૃહસ્થોની આગળ કહે, તે પણ જૈન ટીપણાને અનુસારે. કારણ કે યુગની મધ્યમાં પોષ તથા યુગને અંત આષાઢ માસની વૃદ્ધિ થાય છે, પણ બીજા કોઇ માસની વૃદ્ધિ થતી નથી. તે ટીપણું પણ હમણાં તદ્દન જણાતું નથી. તેથી (અષાઢ પૂર્ણિમાથી) પચાસ દિવસેજ પર્યુષણા કરવી યુકત છે એમ વૃદ્ધ આચાર્યો કહે છે. અહીં કોઇ શંકા કરે કે “ શ્રાવણ માસની વૃદ્ધિ હોય ત્યારે (બીજા) શ્રાવણ શુદિ ચતુર્થીને દિવસેજ પર્યુષણા કરવી યુકત છે, પણ ભાદરવા શુદિ ચતુર્થીને દિવસે યુકત નથી, કેમકે તેથી એંશી દિવસ થવાથી ‘ वासाणं सवीसइराए मासे विइक्कंते ’ એટલે વર્ષાકાલના એક માસ અને વીશ દિવસ ગયા બાદ એ વચનને બાધા આવે છે. ” તો ઉત્તરમાં કહેવાનું કે હે દેવાનુપ્રિય ! જો તું એમજ કહેતો હો તો તે તેમ નથી, કારણ કે એવી રીતે તો આશ્વિન માસની વૃદ્ધિ થવાથી ચોમાસાનું કૃત્ય (બીજા) આશ્વિન માસની શુકલ ચતુર્દશીએજ કરવું જોઈએ, કેમકે કાર્તિક-

માસની શુક્લ ચતુર્દશીએ કરવાથી સો દિવસ થાય અને તેથી 'समणे भगवं महावीरे वासाणं सवीसइराए मासे विइक्कंते सित्तरि राइंदिएहिं सेसेहिं' એટલે 'શ્રમણ ભગવાન્ શ્રી મહાવીરે વર્ષાકાલના એક માસ અને વીશ દિવસ ગયા બાદ અને સિત્તેર દિવસ બાકી રહ્યે છતે' (પર્યુષણા કરી) એ સમવાયાંગ સૂત્રના વચનને બાધા આવે. વલી એમ પણ કહેવું નહીં કે 'ચોમાસાં તો આષાઢ આદિ માસથી પ્રતિબદ્ધ છે, તેથી કાર્ત્તિક ચોમાસાનું કૃત્ય કાર્ત્તિક માસની શુક્લ ચતુર્દશીએજ કરવું યુક્ત છે અને દિવસની ગણત્રીને વિષે અધિક માસ કાલચૂલા તરીકે હોવાથી તેની અવિવક્ષાને લઈને સિત્તેર દિવસોજ થાય છે તો સમવાયાંગના વચનને કયાંથી બાધા આવે ?' જેમ ચોમાસા આષાઢ આદિ માસથી પ્રતિબદ્ધ છે, તેમ પર્યુષણા પણ ભાદરવા માસથી પ્રતિબદ્ધ છે, તેથી તે ભાદરવામાંજ કરવી. દિવસની ગણત્રીને વિષે અધિક માસ કાલચૂલા તરીકે છે. તેથી તેને ગણત્રીમાં લેવાનો નહિ હોવાથી પચાસજ દિવસો થાય, તો પછી એંશીની વાત પણ કયાંથી આવે ? અને પર્યુષણ ભાદરવા માસથી પ્રતિબદ્ધ છે એમ કહેવું તે પણ અયુક્ત નથી. કારણ કે તે પ્રમાણે ઘણા આગમને વિષે પ્રતિપાદન કરેલું છે. દાખલા તરીકે 'અન્યદા પર્યુષણાનો દિવસ આવ્યે છતે આર્યકાલક સૂરિએ શાલિવાહનને કહ્યું કે ભાદરવા સુદિ પંચમીએ પર્યુષણા છે ઇત્યાદિ. પર્યુષણા કલ્પની ચૂર્ણિમાં કહ્યું છે. વલી શાલિવાહન રાજા જે શ્રાવક હતો તે કાલક સૂરિને આવેલા સાંભળીને સન્મુખ જવા નીકલ્યો અને શ્રમણ સંઘ પણ નીકલ્યો. મહા વિભૂતિ કાલક સૂરિએ પ્રવેશ કરીને કહ્યું કે 'ભાદરવા સુદિ પંચમીએ પર્યુષણા કરવી.' શ્રમણ સંઘે તે કબુલ કર્યું. ત્યારે રાજાએ કહ્યું કે 'તે દિવસે લોકાનુવૃત્તિએ ઇંદ્રમહોત્સવ હોવાથી પર્યુષણા થઈ શકશે નહીં,

તો છઠને દિવસે પર્યુષણા કરીએ.' આચાર્યે કહ્યું કે '(પંચમી) અતિક્રમવી ન જોઈએ.' ત્યારે રાજાએ કહ્યું 'આગળ ચોથને દિવસે પર્યુષણા કરીએ.' ત્યારે આચાર્યે કહ્યું 'એ પ્રમાણે હો.' પછી ચોથે પર્યુષણા કરી. એ પ્રમાણે યુગપ્રધાન કારણે ચોથ પ્રવર્તાવી, અને તે સર્વ સાધુને માન્ય છે. ઇત્યાદિ નિશીથ ચૂર્ણિના દશમા ઉદ્દેશામાં કહ્યું છે. એવી રીતે જ્યાં કોઈ જગાએ પણ પર્યુષણાનું નિરૂપણ આવે ત્યાં ભાદ્રપદ સંબંધીજ જાણવું; પરંતુ કોઇ પણ આગમને વિષે 'भद्दवयसुद्धपंचमीए पज्जोसविज्जइत्ति' એટલે ભાદરવા સુદિ પંચમીએ પર્યુષણા કરવી એ પાઠની માફક 'अभिवड्ढिअवरिसे सावणसुद्धपंचमीए पज्जोसविज्जइत्ति' એટલે અભિવર્દ્ધિત વર્ષમાં શ્રાવણ સુદિ પંચમીએ પર્યુષણા કરવી એવો પાઠ ઉપલબ્ધ થતો નથી. તેથી કાર્ત્તિક માસથી પ્રતિબદ્ધ ચતુર્માસિક કૃત્ય કરવામાં જેમ અધિક માસ પ્રમાણ નથી, તેમ ભાદરવા માસથી પ્રતિબદ્ધ પર્યુષણા કરવામાં અધિક માસ પ્રમાણ નથી, માટે કદાગ્રહને છોડી દે. વલી અધિક માસ શું કાગડો ભક્ષણ કરી ગયો છે? અથવા શું તે માસમાં પાપ લાગતું નથી કે ભૂખ લાગતી નથી? ઇત્યાદિ ઉપહાસ્ય કરીને તારૂં પોતાનું ઘેલાપણું પ્રગટ ન કર. કારણ કે તું પણ અધિક માસ હોતે છતે એટલે તેર માસ છતે સાંવત્સરિક ખામણામાં 'बारसण्हं मासाणं' ઇત્યાદિ બોલતાં અધિક માસનો અંગીકાર કરતો નથી. એ પ્રમાણે ચતુર્માસિક ખામણામાં અધિક માસ હોય તો પણ 'चउण्हं मासाणं' ઇત્યાદિ અને પાક્ષિક ખામણામાં અધિક તિથિ હોય તોપણ 'पन्नरसण्हं दिवसाणं' એ પ્રમાણે તું બોલે છે. તેવીજ રીતે નવકલ્પ વિહાર આદિ લોકોત્તર કાર્યને વિષે પણ બોલાય છે. (દશ કલ્પ કહે-

વાતા નથી.) વલી ' आसाढे मासे दूपया ' ઇત્યાદિ, સૂર્યાચારને વિષે પણ તેમજ કહેવાય છે. લોકમાં પણ દીવાલી, અક્ષયતૃતીયા આદિ પર્વને વિષે તેમજ વ્યાજ ગણવા* આદિને વિષે અધિક માસ ગણાતો નથી, તે પણ તું જાણે છે. વળી સર્વે શુભ કાર્યો અધિક માસ નપુંસક છે તેથી, તેમાં ન કરવાં એમ કહીને જ્યોતિ:શાસ્ત્રમાં તેનો નિષેધ કરેલો છે. વળી બીજો માસ અધિક હોય તેની વાત તો બાજુ દૂર રહો, પણ જો ભાદરવો માસ અધિક હોય તોપણ પહેલો ભાદરવો અપ્રમાણુજ છે (એટલે બીજા ભાદ્રપદમાં સંવત્સરીપર્વ કરવામાં આવે છે) જેમ ચતુર્દશી અધિક હોય તો પહેલી ચતુર્દશીને લેખામાં નહીં ગણીને બીજી ચતુર્દશીએ પાક્ષિક કૃત્ય કરવામાં આવે છે, તેમ અહીં પણ જાણવું. વલી જો એમ હોય તો ' અપ્રમાણ (અધિક) માસમાં દેવપૂજા, મુનિદાન અને આવશ્યક આદિ કાર્ય પણ ન કરવાં જોઇએ ' એમ કહીને તારા અધરોષ્ટને ચપલ ન કર; કારણ કે દિનપ્રતિબદ્ધ દેવપૂજા, મુનિદાન વિગેરે કૃત્ય છે તે તો હમેશાં કરવાંજ જોઇએ અને જે સન્ધ્યા આદિ સમયપ્રતિબદ્ધ આવશ્યક આદિ કૃત્ય છે તે પણ દરેક સંધ્યાસમય પામીને કરવાંજ જોઇએ અને ભાદ્રપદ આદિ માસથી પ્રતિબદ્ધ જે કૃત્યો છે તે બે ભાદ્રપદ હોય તો કયા ભાદ્રપદમાં કરવાં ? તેના વિચારમાં પ્રથમ ભાદ્રપદને અવગણીને (નહીં ગણીને) બીજા ભાદ્રપદમાં તે કરવાં એમ સમ્યક્ પ્રકારે વિચાર કર. વલી જો, અચેત એવી વનસ્પતિઓ પણ અધિક માસ અંગીકાર કરતી નથી, જેથી અધિક માસને ત્યજીને બીજા માસમાં પુષ્પિત થાય છે.

* વ્યાજ, ભાડું, પગાર વિગેરેમાં હિંદુ માસની ગણત્રીએ હાલમાં અધિક માસનું વધારે લેવા દેવામાં આવે છે તે નવીન પ્રવૃત્તિ છે. તેથીજ તેવો કરાર લખવો પડે છે.

તે માટે આવશ્યક નિર્યુક્તિમાં કહ્યું છે કે–जइ फुल्ला कणियारा, चूअगणा अहिमासयंमि घुठ्ठंमि ! तुह न खमं फुल्लेउं, जइ पच्चंता करिंति डमराइं ॥ १ ॥ ભાવાર્થ–હે આમ્ર વૃક્ષ ! અધિક માસની ઉદ્‌ઘોષણા થયે છતે કદિ કણેરનાં ફૂલ તો ફૂલે પણ તને ફૂલવું ઘટે નહીં, કેમકે તેથી તુચ્છ જાતિનાં વૃક્ષો તારી હાંસી કરશે. વળી કોઈ 'अभिवड्ढिअंमि वीसा इअरेसु सवीसइमासे' એ વચનબલ વડે માસ અધિક હોય ત્યારે વીશ દિવસેજ લોચ આદિ કૃત્યયુક્ત પર્યુષણા કરે છે તે પણ અયુક્ત છે, કારણ કે 'अभिवड्ढिअंमि वीसा' એ વચન ગૃહિજ્ઞાત (પર્યુષણા) માત્રની અપેક્ષાએ છે. અન્યથા 'आसाढमासिए पज्जोसविंति एस उस्सग्गो, सेसकालं पज्जोसविंताणं अववाउत्ति' એટલે આષાઢ માસમાં પર્યુષણા કરવી એ ઉત્સર્ગ છે અને બાકીના કાળમાં પર્યુષણા કરવી એ અપવાદ છે. એવા શ્રી નિશીથ ચૂર્ણિના દશમા ઉદ્દેશાના વચનથી આષાઢ પૂર્ણિમાએજ લોચ આદિ કૃત્યયુક્ત પર્યુષણા કરવી જોઈએ. (પણ તે ચતુર્માસ રહેવાની અપેક્ષાનું વચન છે, કૃત્યવિશિષ્ટ પર્યુષણા કરવા માટે નથી, તેથીજ તેમ કરવામાં આવતું નથી.) આ સંબંધમાં વધારે કહેવું વ્યર્થ છે.

કલ્પને વિષે કહેલી દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવરૂપ સ્થાપના આ પ્રમાણે છે. દ્રવ્યસ્થાપના–તૃણ, ડગલ, છાર, મલ્લક* આદિનો પરિભોગ કરવો અને સચિત્ત આદિનો ત્યાગ કરવો. તેમાં સચિત્ત દ્રવ્ય એટલે અતિ શ્રદ્ધાવાળા રાજા અને રાજાના પ્રધાન સિવાય શિષ્યને દીક્ષા આપવી નહીં. અચિત્ત દ્રવ્ય એટલે વસ્ત્ર આદિ ગ્રહણ કરવાં નહીં અને મિશ્ર દ્રવ્ય એટલે ઉપધિ સહિત

* કુંડી વિગેરે. + રાજા કે પ્રધાન દીક્ષા લેવા ઇચ્છે તો તેને આપવી.

શિષ્ય ગ્રહણ કરવો નહીં. ક્ષેત્રસ્થાપના—એક યોજન અને એક ગાઉ (પાંચ ગાઉ જવું આવવું કલ્પે.) અને ગ્લાનને માટે વૈદ્ય-ઔષધ આદિના કારણે ચાર અથવા પાંચ યોજન કલ્પે. કાલસ્થાપના—ચાર માસ રહેવું તે અને ભાવસ્થાપના—ક્રોધ આદિનો વિવેક (ત્યાગ) અને ઈર્યાસમિતિ આદિને વિષે ઉપયોગ. ૮.

દિશાનો અવગ્રહ

૨ ચોમાસુ રહેલા સાધુ અથવા સાધ્વીઓને ચારે દિશા અને વિદિશામાં એક યોજન અને એક ગાઉનો (એટલે પાંચ ગાઉનો) અવગ્રહ કલ્પે. અવગ્રહ કરીને ' अथालन्दमिव ' કહ્યું છે. તેમાં અથ એ અવ્યય છે અને લન્દ શબ્દ વડે કાલ જાણવો. તેમાં જેટલા વખતમાં ભીનો હાથ સુકાઈ જાય તેટલા કાલને જઘન્ય લન્દ કહે છે. પાંચ અહોરાત્રિને ઉત્કૃષ્ટ લન્દ કહે છે, અને તેની વચ્ચેના કાલને મધ્યમ લન્દ કહે છે. લન્દ કાલ સુધી પણ—એટલે તેટલો વખત પણ અવગ્રહને વિષે રહેવું કલ્પે, પણ અવગ્રહથી બહાર રહેવું કલ્પે નહીં. અપિ શબ્દથી અલન્દમપિ એટલે બહુ કાલ સુધી છ માસ એક સાથે અવગ્રહમાં રહેવું કલ્પે, પણ અવગ્રહની બહાર રહેવું કલ્પે નહીં. ગજેન્દ્રપદ આદિ પર્વતની મેખલાનાં ગ્રામોને વિષે રહેલા સાધુ સાધ્વીઓને ઉપાશ્રયથી છએ દિશામાં (જવાનો) અઢી કોશ અને જવા—આવવાનો પાંચ કોશનો અવગ્રહ હોય છે. અહીં "વિદિશામાં" એમ કહેલું છે તે વ્યાવહારિક વિદિશાની અપેક્ષાએ છે, કારણ કે નૈશ્ચયિક વિદિશાઓનું એકપ્રદેશપણું હોવાથી ત્યાં જવાનો અસંભવ છે. અટવી (જંગલ), જળ આદિથી વ્યાઘાત થયે છતે ત્રણ દિશાનો, બે દિશાનો અથવા એક દિશાનો અવગ્રહ ભાવવો (સમજવો). ૯

૯ ચોમાસુ રહેલા સાધુ અથવા સાધ્વીઓને ચારે દિશા અને વિદિશામાં એક યોજન અને એક ગાઉ ભિક્ષાચર્યાએ જવું-આવવું કલ્પે. ૧૦. જયાં નદી નિત્ય પુષ્કળ પાણીવાળી હોય અને નિત્ય વહેતી હોય ત્યાં સર્વ દિશા અને વિદિશામાં એક યોજન અને એક ગાઉ ભિક્ષાચર્યાએ જવું આવવું કલ્પે નહીં. ૧૧. કુણાલા નામની નગરીને વિષે ઐરાવતી નામની નદી હમેશાં બે ગાઉ વહેતી છે.* તેવી નદી થોડું (ઉંડું) પાણી હોવાથી ઉલ્લંઘવી કલ્પે છે કે જ્યાં આ પ્રમાણે કરી શકાય. કેવી રીતે કરી શકાય ? તે કહે છે:—એક પગ જળમાં રાખીને અને બીજો પગ સ્થલ ઉપર રાખીને એટલે પાણીથી ઉપર—અધર રાખીને આવી, રીતે જો જઈ શકાય તો ચારે દિશા અને વિદિશામાં એક યોજન અને એક ગાઉ (ભિક્ષા નિમિત્તે) જવું-આવવું કલ્પે. ૧૨. જ્યાં પૂર્વોક્ત રીતિ પ્રમાણે ન જઇ શકાય ત્યાં સાધુને ચારે દિશા અને વિદિશામાં તેટલું જવું-આવવું કલ્પે નહીં અને જ્યાં એ પ્રમાણે ન કરી શકાય અને પાણી વિલોડીને જવું પડે ત્યાં જવું કલ્પે નહીં. જંઘાર્ધ સુધી પાણી હોય તે દકસંઘટ્ટ કહેવાય. નાભિ સુધી પાણી હોય તે લેપ કહેવાય અને નાભિથી ઉપર હોય તો લેપોપરિ કહેવાય. ત્યાં શેષ કાલમાં ત્રણ વાર દકસંઘટ્ટ થયે છતે ક્ષેત્ર હણાય નહીં એટલે ત્યાં જવું કલ્પે, એ ભાવ જાણવો. વર્ષાકાલમાં સાત વાર દકસંઘટ્ટ થાય તો પણ ક્ષેત્ર હણાય નહીં. શેષ કાલમાં ચોથો અને વર્ષાકાલમાં આઠમો દકસંઘટ્ટ થયે છતે ક્ષેત્ર હણાય છે. લેપ તો એક પણ હોય તો ક્ષેત્રને હણે છે તેથી નાભિ સુધી જળ હોય તો જવું કલ્પે નહીં, તો પછી લેપોપરિ એટલે નાભિની ઉપર જળ હોય તો તેની તો વાતજ શી કરવી ? ૧૩.

---

* તેટલા પહોળા પ્રવાહવાળી.

ગુરુની આજ્ઞાનું પાલન

૪ ચોમાસુ રહેલા કોઈ સાધુને ગુરુએ આ પ્રમાણે પ્રથમથી કહી રાખેલું હોય કે 'હે શિષ્ય ! ગ્લાન સાધુને અમુક વસ્તુ લાવી આપજે.' ત્યારે તે સાધુને (તે વસ્તુ) લાવી આપવી કલ્પે, પણ તેને પોતાને તે વાપરવી કલ્પે નહીં. ૧૪. ચોમાસું રહેલા કોઇ સાધુને ગુરુએ આ પ્રમાણે પ્રથમથી કહેલું હોય કે 'હે શિષ્ય ! (અમુક વસ્તુ) તું પોતે લેજે,' ત્યારે તેને લેવી કલ્પે, પણ તેને (બીજાને) આપવી કલ્પે નહીં. અર્થાત્ એમ કહેલું હોય કે 'તું પોતેજ લેજે, ગ્લાનને બીજો આપશે,' ત્યારે તેને પોતાને લેવું કલ્પે, પણ આપવું કલ્પે નહીં. ૧૫. ચોમાસુ રહેલા કોઇ સાધુને ગુરુએ પ્રથમથી કહી રાખેલું હોય કે 'હે શિષ્ય! તું લાવી આપજે અને તું પોતે પણ લેજે.' ત્યારે તેને લાવી આપવું પણ કલ્પે અને લેવું પણ કલ્પે. અર્થાત્ તું આપજે અને લેજે એમ કહી રાખેલું હોય તો આપવું અને લેવું એ બંને પણ કલ્પે છે. ૧૬.

વિગયત્યાગ

ચોમાસુ રહેલા (અમુક) સાધુ અને સાધ્વીઓને વિગય લેવી કલ્પે નહીં. તે સાધુ સાધ્વી કેવાં ? હૃષ્ટ એટલે તરુણ અવસ્થાને લીધે સમર્થ, (તરુણ પણ કેટલાક રોગી અને નિર્બલ શરીરવાળા હોય છે તેથી કહ્યું છે કે) આરોગ્ય અને બલવંત શરીરવાળા સાધુઓને, હવે પછી કહેવામાં આવશે એવી નવ રસે કરીને પ્રધાન વિકૃતિઓ (વિગઈઓ) વારંવાર ખાવી કલ્પે નહીં. તે વિકૃતિઓ આ પ્રમાણે જાણવી:-દુધ ૧, દહીં ૨, માખણ ૩, ઘી ૪, તેલ ૫, ગોળ ૬, મધ ૭, મદ્ય ૮, અને માંસ ૯. અભીક્ષ્ણના ગ્રહણ કરવાથી કારણે કલ્પે છે એમ સમજવું અને નવ-

ના ગ્રહણ કરવાથી કોઈ દિવસ પકવાન્ન* પણ ગ્રહણ કરાય છે. તેમાં વિકૃતિઓ સાંચયિકા અને અસાંચયિકા એ બે પ્રકારની છે. તેમાં દુધ, દહીં, પકવાન્ન એ નામની બહુ કાળ સુધી રાખી શકાય નહીં તે અસાંચયિકા જાણવી. રોગના કારણે, ગુરૂ, બાળ આદિને ઉપગ્રહ કરવાને અર્થે અથવા શ્રાવકના નિમંત્રણથી તે લેવી. ઘી, તેલ અને ગોળ એ નામની ત્રણ વિકૃતિ સાંચયિકા જાણવી. તે ત્રણ વિકૃતિ પ્રતિલાભતા ગૃહસ્થીને કહેવું કે 'હજુ ઘણો વખત રહેવાનું છે તેથી અમે ગ્લાન આદિને માટે લઈશું.' ત્યારે તે ગૃહસ્થી કહે કે 'ચોમાસા સુધી લેજો, તે ઘણી છે.' ત્યારે તે લેવી અને બાળ આદિને દેવી, પણ તરૂણને આપવી નહીં. જો કે મદ્ય, માંસ અને માખણનો (મુનિને) જાવજ્જીવ સુધી ત્યાગ હોય છે; તોપણ અત્યંત અપવાદ દશામાં બાહ્ય પરિભોગ વિગેરેને માટે કોઈ દિવસ ગ્રહણ કરવી, પણ ચોમાસામાં તો સર્વથા નિષેધ છે. ૧૭

ગ્લાન બીમારની સેવા–સુશ્રુષા

૬ ચોમાસુ રહેલા સાધુઓને વિષે વૈયાવચ્ચ કરનારા મુનિએ ગુરૂને પ્રથમથી એમ કહી રાખેલું હોય કે 'હે ભગવન્! ગ્લાનને માટે કાંઇ વસ્તુનો ખપ છે?' એ પ્રમાણે વૈયાવચ્ચ કરનાર કોઈ મુનિએ પૂછયે છતે તે ગુરૂ કહે કે 'ગ્લાનને વસ્તુ જોઈએ છીએ? જોઇતી હોય તો ગ્લાનને પૂછો કે દુધ વિગેરે કેટલી વિગયનો તમને ખપ છે?' તે ગ્લાને પોતાને જોઈતા પ્રમાણમાં કહ્યે છતે તે વૈયાવચ્ચ કરનારે ગુરૂની પાસે આવીને કહેવું કે 'ગ્લાનને આટલી વસ્તુનો ખપ છે.' ત્યારે ગુરૂ કહે કે 'જેટલું પ્રમાણ તે ગ્લાન કહે છે તેટલા પ્રમાણમાં તે વિગય તારે લેવી.' પછી તે વૈયાવચ્ચ કરનાર ગૃહસ્થ પાસે

* એ નવથી જૂદી વિગય છે

માગે અને માગણી કરતાં વૈયાવચ્ચ કરનાર દુધ વિગેરે તે વસ્તુ પ્રાપ્ત થાય તો પછી ગ્લાને કહ્યા પ્રમાણે જેટલી મળે એટલે 'રાખો, થયું' એમ ગૃહસ્થને કહે. ગૃહસ્થ એમ કહે કે 'હે ભગવન્! 'થયું' એમ કેમ કહો છો?' ત્યારે સાધુ કહે કે 'ગ્લાનને એટલોજ ખપ છે,' આ પ્રમાણે કહેતા સાધુને કદાચ ગૃહસ્થ કહે કે 'હે આર્ય સાધુ! તમે ગ્રહણ કરો. ગ્લાને ભોજન કર્યા બાદ પકવાન્ન આદિક જે કાંઇ વધે તે તમે ખાજો, દુધ આદિક પીજો.' ક્વચિત્ पाहिसित्ति‌ને બદલે दाहिसित्ति જોવામાં આવે છે. ત્યારે એમ અર્થ કરવો કે 'ગ્લાને ભોજન કર્યા બાદ જે કાંઇ વધે તે તમે ખાજો અને બીજાને આપજો.' એમ તેણે (ગૃહસ્થે) કહ્યે છતે અધિક લેવું કલ્પે. પણ ગ્લાનની નિશ્રાએ વૃદ્ધિથી પોતાને માટે લેવું કલ્પે નહીં. ગ્લાનને માટે માગી આણેલ આહારાદિ મંડળીમાં આણવું નહીં. ૧૮.

અનિંદનીય ઘરો

૭ ચોમાસુ રહેલા સાધુઓને તે પ્રકારનાં અનિંદનીય ઘરો, જેવાં કે તેઓએ અથવા બીજાઓએ શ્રાવક કરેલાં હોય (શ્રાવકી-કૃતાનિ) પ્રત્યયવંત અથવા પ્રીતિ ઉપજાવનારાં હોય, અથવા દાન-ને વિષે સ્થિરતાવાળાં હોય, નિશ્ચે અહીં મને મળશે એવો જ્યાં વિશ્વાસ હોય, જ્યાં સર્વ યતિઓનો પ્રવેશ સંમત હોય, જેને ઘણા સાધુઓ સંમત (ઇષ્ટ) હોય અથવા જ્યાં ઘરનાં ઘણાં મનુષ્યોને સાધુઓ સંમત હોય તથા જ્યાં દાનની આજ્ઞા દઈ રાખી હોય અથવા સર્વ સાધુઓ સરખા છે એમ ધારીને જ્યાં લઘુ શિષ્ય પણ ઇષ્ટ હોય, પરંતુ મુખ જોઈને ટીલું કરાતું ન હોય તેવાં ઘરને વિષે, જોઈતી વસ્તુ અણદીઠે આ પ્રમાણે કહેવું કલ્પે નહીં કે 'હે આયુષ્યમન્! આ વસ્તુ છે?' એમ નહીં જોયેલી

વસ્તુને માટે પૂછવું કલ્પે નહીં એ અર્થ જાણવો. 'હે ભગવન્! તે શા માટે?' એ પ્રમાણે શિષ્યે પ્રશ્ન કરવાથી ગુરૂ કહે છે કે 'શ્રદ્ધાવાન ગૃહસ્થ મૂલ્યવડે લાવે અને જો મૂલ્યવડે ન મળે તો ઘણી શ્રદ્ધાને લીધે ચોરી પણ કરે.' કૃપણના ઘેર વસ્તુ અણદીઠે પણ માગવામાં દોષ નથી. ૧૯.

વૈયાવૃત્ય

૮ ચોમાસુ રહેલા અને હમેશાં એકાસણું કરનાર સાધુને સૂત્ર પોરૂષી કીધા પછી એક વાર ગોચરી જવાના કાળે ગૃહસ્થનું ઘર કલ્પે છે એટલે ભાત અને પાણીને અર્થે ગૃહસ્થના ઘરમાંથી નીકળવું અને પ્રવેશ કરવો કલ્પે છે, પણ બીજી વાર કલ્પે નહીં. અન્યત્ર કહેતાં આચાર્ય આદિની વૈયાવૃત્ય કરનારાઓને વર્જીને એ અર્થ છે; તેઓ જો એક વાર ભોજન કરવાવડે વૈયાવૃત્ય કરી ન શકે તો બે વાર પણ ભોજન કરે, કારણ કે તપથી વૈયાવૃત્ય શ્રેષ્ટ છે. આચાર્યની વૈયાવૃત્ય કરનારા, ઉપાધ્યાયની વૈયાવૃત્ય કરનારા, તપસ્વીની વૈયાવૃત્ય કરનારા, તેમજ ગ્લાનની વૈયાવૃત્ય કરનારા સાધુઓને વર્જીને બીજા સાધુ એક વાર ભોજન કરે. જ્યાંસુધી વ્યંજન કહેતાં મૂછ, દાઢી, બગલ આદિના વાળ ન આવ્યા હોય ત્યાંસુધી શિષ્ય અને શિષ્યોને પણ બે વખત ભોજન કરવામાં દોષ નથી. અથવા જે વૈયાવૃત્ય કરનાર હોય તે વૈયાવૃત્યકર જાણવો. (તેને પણ બે વાર કલ્પે છે.) आचार्यश्च वैयावृत्त्यश्च आचार्यवैयावृत्त्यौ એવી રીતે ઉપાધ્યાય આદિને વિષે પણ જાણવું. તેથી આચાર્ય, ઉપાધ્યાય, તપસ્વી, ગ્લાન અને લઘુ શિષ્યની વૈયાવૃત્ય કરનારાને બે વખત ભોજન કરવામાં પણ દોષ નથી એ અર્થ સમજવો. ૨૦

ગોચરી

ચોમાસુ રહેલા એકાંતરે ઉપવાસ કરનાર સાધુને આ હવે

પછી કહીશું એટલું વિશેષ છે. તે સવારમાં ગોચરી જવા માટે, (ઉપાશ્રયથી) નીકળીને પહેલાંજ શુદ્ધ પ્રાસુક આહાર (આણી) ખાઇને, છાશ આદિક પીઇને, પાતરાંને નિર્લેપ કરીને–વસ્ત્રથી લુંછી નાખીને અને પ્રમાર્જીને–ધોઇ નાખીને તે જો ચલાવી શકે તો તેટલાજ ભોજન વડે તે દિવસે રહેવું કલ્પે છે. જો તે સાધુ આહાર થોડો થવાથી ન ચલાવી શકે તો તેને બીજી વાર ગૃહસ્થને ઘેર ભાત પાણીને માટે નીકળવું અને પેસવું કલ્પે છે. ૨૧. ચોમાસુ રહેલા નિત્ય છઠ્ઠ કરનાર સાધુને ગૃહસ્થને ઘેર ભાત પાણીને અર્થે નીકળવા અને પેસવાને બે ગોચરીના કાલ કલ્પે છે એટલે બે વખત ગોચરીએ જવું કલ્પે છે. ૨૨. ચોમાસુ રહેલા નિત્ય અઠ્ઠમ કરનારા સાધુને ગૃહસ્થને ઘેર ભાત પાણીને અર્થે નીકળવા અને પેસવાને ત્રણ ગોચરીના કાળ કલ્પે છે એટલે ત્રણ વાર ગોચરીએ જવું કલ્પે છે. ૨૩. ચોમાસુ રહેલા નિત્ય અઠ્ઠમ ઉપરાંત તપ કરનાર સાધુને ગૃહસ્થને ઘેર ભાત પાણીને અર્થે નીકળવા અને પેસવાને સર્વે ગોચરીના કાળ કલ્પે છે એટલે ચાર, પાંચ વિગેરે વખત ગોચરીએ જવું કલ્પે છે; જ્યારે ઇચ્છા થાય ત્યારે ગોચરી લાવે, પણ સવારમાં લાવેલી રાખી શકે નહીં, કારણ કે તેથી સંયમ, જીવસંસક્તિ, સર્પાઘ્રાણ* આદિ દોષોનો સંભવ થાય છે. ૨૪. એ પ્રમાણે આહારવિધિ કહીને હવે પીવાના પદાર્થોની વિધિ કહે છે.

પાણી

ચોમાસુ રહેલા નિત્ય એકાસણું કરનાર સાધુને સર્વ પ્રકારનાં પાણી કલ્પે છે. તે સર્વ એટલે આચારાંગમાં કહેલાં એકવીશ પ્રકારનાં અથવા અહીં જે કહેવામાં આવશે તે નવ પ્રકારનાં પાણી સમજવાં. તેમાં આચારાંગમાં કહેલાં પાણી આ પ્રમાણે છે–

* સર્પ સુંઘી જાય તેથી તેનું વિષ સંક્રમે.

ઉત્સ્વેદિમ ૧, સંસ્વેદિમ ૨, તંડુલોદક ૩, તુષોદક ૪, તિલોદક ૫, જવોદક ૬, આયામ ૭, સોવીર ૮, શુદ્ધવિકટ ૯, અંબય ૧૦, અંબાડક ૧૧, કવિઠ્ઠ (કપિથ્થ) ૧૨, મઉલિંગ (માતુલિંગ) ૧૩, દખ્ખ (દ્રાક્ષ) ૧૪, દાડિમ ૧૫, ખરજૂર ૧૬, નાલિકેર ૧૭, કયર ૧૮, બોરજલ ૧૯, આમલગ ૨૦ અને ચિંચાનાં પાણી ૨૧. પ્રથમ અંગ (આચારાંગ) ને વિષે કહેલાં છે. તેમાંથી પ્રથમનાં નવ તો અહીં પણ કહેલાં છે. ચોમાસુ રહેલા એકાંતરે ઉપવાસ કરનાર સાધુને ત્રણ પ્રકારનાં પાણી લેવાં કલ્પે તે આ પ્રમાણે— ઉત્સ્વેદિમ એટલે આટા વિગેરેથી ખરડાયેલા હાથ આદિના ધોણનું પાણી ૧, સંસ્વેદિમ એટલે પાંદડાં આદિ ઉકાળીને ઠંડા પાણી વડે જે પાણી સિંચન કરાય તે ૨, અને ચોખાના ધોણનું પાણી ૩. ચોમાસુ રહેલા નિત્ય છઠ્ઠ કરનાર સાધુને ત્રણ પ્રકારનાં પાણી લેવાં કલ્પે તે આ પ્રમાણે–તલના ધોણનું પાણી ૧, વ્રીહિ (ડાંગર) આદિ તુષના ધોણનું પાણી ૨, અને જવાના ધોણનું પાણી ૩. ચોમાસુ રહેલા નિત્ય અઠ્ઠમ કરનાર સાધુને ત્રણ પ્રકારનાં પાણી લેવાં કલ્પે તે આ પ્રમાણે:—આમાયક એટલે ઓસમાણ ૧, સોવીર એટલે કાંજીનું પાણી ૨ અને શુદ્ધવિકટ એટલે ઉનું પાણી ૩. ચોમાસું રહેલા અઠ્ઠમ ઉપરાંત તપ કરનાર સાધુએ એક ઉનું પાણી લેવુંજ કલ્પે છે. તે પણ [1]સિકથુ રહિત હોય તો કલ્પે, પણ સિકથુ સહિત હોય તો ન કલ્પે. ચોમાસું રહેલા અનશન કરનાર સાધુને એક ઉનું પાણી લેવું કલ્પે છે, તે પણ સિકથુ રહિત પણ સિકથુ સહિત નહીં, તે પણ ગળેલું કલ્પે પણ તૃણ આદિ લાગવાથી અણગલ ન કલ્પે, તે પણ પરિમિત કલ્પે

---

૧ કોઈ પણ પ્રકારનો દાણો.

પણ અપરિમિત નહીં, તે પણ કાંઇક થોડું લેવું, પણ બહુ થોડુ લેવું નહીં, કેમકે તેથી તૃષા ઉપશમ પામતી નથી. ૨૫.

દત્તિ

૧૦ ચોમાસુ રહેલા દત્તિની સંખ્યા (અભિગ્રહ) કરનારા સાધુને ભોજનની પાંચ દત્તિ અને પાણીની પાંચ દત્તિ, અથવા ભોજનની ચાર દત્તિ અને પાણીની પાંચ દત્તિ, અથવા ભોજનની પાંચ દત્તિ અને પાણીની ચાર દત્તિ લેવી કલ્પે છે. ત્યાં થોડું અથવા ઘણું જે એક વાર આપવામાં આવે છે તે દત્તિ કહેવાય છે. તેમાં લવણાસ્વાદન* પ્રમાણમાં પણ ભોજન આદિ ગ્રહણ કરતાં એક દત્તિ થાય, કારણ કે લવણ થોડું આપવામાં આવે છે અને તેટલાજ પ્રમાણમાં ભાત પાણી જો તે ગ્રહણ કરે તો તે પણ દત્તિ ગણાય છે. પાંચ એ ઉપલક્ષણ છે તેથી ચાર, ત્રણ, બે, એક, છ અથવા સાત–જેટલો અભિગ્રહ કર્યો હોય તે પ્રમાણે કહેવી. આખા સૂત્રનો આ ભાવ છે કે જેટલી દત્તિ ભાત પાણીની રાખેલી હોય તેટલી જ તેને કલ્પે છે, પણ પરસ્પર સમાવેશ કરવો કલ્પે નહીં તેમજ દત્તિથી વધારે લેવું પણ કલ્પે નહીં. તે દિવસે તેટલાજ ભોજન વડે રહેવાનું તેને કલ્પે છે, પણ ગૃહસ્થના ઘેર ભાત પાણીને અર્થે બીજી વાર જવું અને પેસવું કલ્પે નહીં. ૨૬.

શય્યાતર વિગેરે

૧૧ ચોમાસુ રહેલા સાધુ સાધ્વીઓને આ (હવે કહેશે તે) જગ્યાએ ભિક્ષા માટે જવું કલ્પે નહીં. એટલે એક શય્યાતરગૃહ કહેતાં ઉપાશ્રયના માલેકનું ઘર અને બીજાં છ ઘર તજવાં જોઇએ, કારણ કે તેઓ નજીક હોવાથી સાધુના ગુણાનુરાગી થવા

* લુણની ચપટી જેટલું.

વડે ઉદ્ગમાદિ દોષનો સંભવ રહે. કોને જવું ન કલ્પે ? નિષિદ્ધ ઘરથી પાછા ફરનારા સાધુને ન કલ્પે. એટલે નિષિદ્ધ કરેલાં ઘરથી તેઓને બીજી જગાએ જવું કલ્પે એ ભાવ છે. અહીં ભિક્ષાને માટે જવામાં બહુવચનને બદલે એક વચન વાપરેલ છે, પણ બહુપણું આ પ્રમાણે દેખાડે છે. સાત ઘરમાં માણસોથી ભરપૂર જમણવાર એટલે સંખડી હોય ત્યારે જવું કલ્પે નહીં. અહીં અર્થમાં સૂત્રકારના જૂદા જૂદા મતો છે. એક વલી આ પ્રમાણે કહે છે. નિષિદ્ધ કરેલાં ઘરથી બીજે જતા સાધુઓને જમણવારમાં ઉપાશ્રયથી આરંભીને સાત ઘરને વિષે ભિક્ષાને માટે જવું કલ્પે નહીં. એક વળી આ પ્રમાણે કહે છે કે–નિષિદ્ધ કરેલાં ઘરથી બીજે જતા સાધુઓને જમણવારમાં ઉપાશ્રયથી આરંભીને આગળના સાત ઘરને વિષે ભિક્ષાને માટે જવું કલ્પે નહીં. અહીં બીજા મતમાં ઉપાશ્રય (શય્યાતરગૃહ) અને બીજાં સાત ઘર તજવાં એ ભાવ છે, અને ત્રીજા મતમાં (શય્યાતરગૃહ) ઉપાશ્રય, ત્યાર પછીનું એક ઘર અને આગળ સાત ઘર તજવા એ ભાવ છે. ૨૭.

જિનકલ્પી–કલ્પ

૧૨ ચોમાસુ રહેલા પાણિપાત્રી (હાથજ છે પાત્ર જેને એવા) જિનકલ્પી આદિ સાધુને ઓસ ધુંવરી એવી પણ વૃષ્ટિકાય (અપ્કાય) પડતે છતે ગૃહસ્થના ઘેર ભાત પાણી માટે નીકળવું–પેસવું કલ્પે નહીં. ૨૮. ચોમાસુ રહેલા કરપાત્રી જિનકલ્પી આદિ સાધુને અનાચ્છાદિત જગ્યાએ ભિક્ષા ગ્રહણ કરીને આહાર કરવો કલ્પે નહીં. અનાચ્છાદિત સ્થાને તેને આહાર કરતાં જો અકસ્માત્ વર્ષાદ પડે તો ભિક્ષાનો થોડો ભાગ ખાઇને અને થોડો ભાગ હાથમાં લઇને તેને (આહારના થોડા ભાગવાળા હાથને) બીજા હાથ વડે ઢાંકીને હૃદયની આગળ ઢાંકી રાખે અથવા કાંખમાં ઢાંકી રાખે અને એ પ્રમાણે કરીને ગૃહ-

સ્થોએ પોતાને નિમિત્તે આચ્છાદિત કરેલાં ઘર પ્રત્યે જાય અથવા ઝાડનાં મૂલ પ્રત્યે જાય કે જેવી રીતે ત્યાં તે સાધુના હાથ ઉપર પાણી, પાણીનાં મોટાં બિંદુઓ અથવા નાનાં બિંદુઓ વિરાધના કરે નહીં એટલે પડે નહીં. જો કે જિનકલ્પી આદિ દેશોનદશ પૂર્વધર હોવાથી પ્રથમથી જ તેમને વર્ષાદનો ઉપયોગ થાય છે (વર્ષાદ થશે કે નહીં તે જાણે છે) અને તેથી અર્ધું ખાધા બાદ જવું પડે એ સંભવતું નથી, તોપણ છદ્મસ્થપણાને લઇને કદાચિત્ અનુપયોગ પણ થાય. ૨૯. કહેલા અર્થનેજ જણાવતાં કહે છે કે ચોમાસુ રહેલા પાણિપાત્રી સાધુને કાંઇ પણ પાણીના છાંટા તેના ઉપર પડે તો તે જિનકલ્પી આદિને ગૃહસ્થને ઘેર ભાત પાણીને માટે નીકળવું-પેસવું કલ્પે નહીં. ૩૦. પાણિપાત્રીઓની વિધિ એ પ્રમાણે કહી. હવે પાત્ર રાખનારા સાધુની વિધિ કહે છે.

સ્થવિરકલ્પી

૧૩ ચોમાસુ રહેલા પાત્રધારી સ્થવિરકલ્પી આદિ સાધુને અવિચ્છિન્ન ધારાવડે વરસાદ પડતો હોય ત્યારે અથવા જેમાં વર્ષાકલ્પ એટલે વર્ષાકાળમાં ઓઢવાનું કપડું અથવા (છાપરાનું) નેવું પાણીથી ટપકવા માંડે અથવા કલ્પ (કપડા) ને ભેદીને અંદરના ભાગમાં (પાણી) શરીરને ભીંજાવે ત્યારે ગૃહસ્થને ઘેર ભાત પાણીને માટે નીકળવું પેસવું ન કલ્પે. અહીં અપવાદ કહે છે કે તે સ્થવિરકલ્પી આદિને આંતરે આંતરે થોડી વૃષ્ટિ થતી હોય ત્યારે અથવા અંદર સુતરનું કપડું અને ઉપર [1]ઊનનું કપડું એ બેથી વેષ્ટિત થયેલ સ્થવિરકલ્પીને થોડી વૃષ્ટિમાં ગૃહસ્થને ઘેર ભાત પાણી માટે નીકળવું પેસવું કલ્પે. ત્યાં પણ અપવાદમાં તપસ્વી અને ભૂખ સહન નહીં કરી શકે એવા સાધુઓ

---

૧ કામળી વિગેરે.

ભિક્ષાને માટે દરેક આગલી વસ્તુના અભાવે ઉનના, ઉંટના વાળના, ઘાસના અથવા સુતરના કપડા વડે તેમજ તાડપત્ર અથવા પલાશના છત્રવડે વેષ્ટિત થઈને પણ આહાર લેવા જાય. ૩૧.

ચોમાસુ રહેલ સાધુ સાધ્વીને ગૃહસ્થને ઘેર ભિક્ષાલાભની પ્રતિજ્ઞાથી એટલે અહીં મને મળશે એવી બુદ્ધિથી ગોચરીએ ગયેલ સાધુને રહી રહીને વરસાદ પડે તો તે સાધુને આરામના નીચે (બગીચાદિમાં), સાંભોગિક એટલે આપણા અગર બીજાની ઉપાશ્રયની નીચે, તેને અભાવે વિકટગૃહ એટલે મંડપ કે જ્યાં ગામડાની પર્ષદા બેસે છે તેની નીચે અથવા ઝાડના મૂલ અથવા નિર્જલ કેરડા આદિના મૂલની નીચે જવું કલ્પે છે. ૩૨. તેમાં વિકટગૃહ, વૃક્ષમૂલ આદિને વિષે રહેલા તે સાધુને તેના આવવા પહેલાં રાંધવા માંડેલ ભાત વિગેરે અને પાછલથી રાંધવા માંડેલ મસૂરની દાલ, અડદની દાળ અથવા તેલવાળી દાળ હોય ત્યારે તેને ભાત વિગેરે લેવું કલ્પે, પણ મસૂર આદિ દાળ લેવી કલ્પે નહીં. તેનો આ અર્થ છે કે સાધુના આવવા પહેલાંજ પોતાના માટે ગૃહસ્થોએ જે રાંધવા માંડેલ હોય તે તેને કલ્પે છે, કારણ કે તેથી દોષ લાગતો નથી અને સાધુના આવવા પછી જે રાંધવા માંડયું હોય તે પશ્ચાદાયુક્ત થાય છે અને તેથી ઉદ્ગમાદિ દોષનો સંભવ છે તેથી તે લેવુ કલ્પે નહીં. એ પ્રમાણે બાકીની બંને હકીકત જાણવી. ૩૩. તેના ઘેર તે સાધુના આવવા પહેલાં મસૂર આદિ દાળ પ્રથમ રાંધવા માંડી હોય અને તંદુલ આદિ પાછળથી રાંધવા માંડેલ હોય તો તેને મસૂર આદિ દાળ લેવી કલ્પે, પણ તંદુલ આદિ લેવું કલ્પે નહીં. ૩૪. તેને ઘેર તે સાધુના આવવા પહેલાં જો બંને વસ્તુ રાંધવા માંડેલ હોય તો બંને લેવી કલ્પે અને તેના આવવા પછી જો બંને વસ્તુ રાંધવા માંડી હોય તો

બંને વસ્તુ લેવી કલ્પે નહીં. જે ચીજ તેના આવવા પહેલાં રાંધવા માંડી હોય તે તેને લેવી કલ્પે અને જે ચીજ તેના આવવા પછી રાંધવા માંડી હોય તે લેવી કલ્પે નહીં. ૩૫. ચોમાસું રહેલ સાધુ સાધ્વી ગૃહસ્થને ઘેર ભિક્ષા લેવા દાખલ થયેલ હોય તેને જો રહી રહીને વરસાદ પડે તો આરામની નીચે યાવત્ ઝાડના મૂલે જવું કલ્પે છે. પણ પહેલાં ગ્રહણ કરેલ ભાત પાણી સહિત ભોજનવેલા અતિક્રમવી કલ્પે નહીં. ત્યારે જો વરસાદ બંધ ન રહે તો આરામ આદિને વિષે રહેલ સાધુને શું કરવું ? તે કહે છે:–પ્રથમ ઉદ્‌ગમ આદિથી શુદ્ધ આહાર ખાઈને, પીઈને, પાત્ર નિર્લેપ કરીને અને ધોઇ નાખીને એક બાજુએ પાત્રાદિ ઉપકરણને રાખીને (શરીરની સાથે વીંટાળીને) વર્ષતા વરસાદમાં સૂર્ય અસ્ત થયાં પહેલાં જ્યાં ઉપાશ્રય હોય ત્યાં જવું કલ્પે છે, પણ ગૃહસ્થને ઘેરજ તે રાત્રી અતિક્રમવી (રહેવી) તેને કલ્પે નહીં, કારણ કે એકલા બહાર વસતા સાધુને ‘ સ્વપરસમુત્થા ’ એટલે પોતા થકી અને પર થકી ઉત્પન્ન થતા ઘણા દોષોનો સંભવ છે, તેમજ ઉપાશ્રયમાં રહેલા સાધુઓ પણ અધૃતિ (ચિંતા) કરે (તે પણ કારણ છે). ૩૬. ચોમાસું રહેલા સાધુ સાધ્વી ગૃહસ્થને ઘેર ભિક્ષા લેવા દાખલ થયેલ હોય તેને જો રહી રહીને વરસાદ પડે તો આરામની નીચે યાવત્ ઝાડના મૂલે જવું કલ્પે છે. ૩૭. હવે રહી રહીને વરસાદ પડતો હોય તો જો આરામ આદિને વિષે સાધુ ઉભા રહે તો તે કઈ વિધિએ (ઉભા રહે) તે કહે છે. વિકટગૃહ, વૃક્ષમૂલ આદિને વિષે રહેલ સાધુ હોય તેને અને એક સાધ્વીને સાથે રહેવું કલ્પે નહીં, એક સાધુ અને બે સાધ્વીઓને સાથે રહેવું કલ્પે નહીં, બે સાધુ અને એક સાધ્વીને સાથે રહેવું કલ્પે નહીં, બે સાધુ અને બે સાધ્વીઓને સાથે રહેવું કલ્પે નહીં. જો ત્યાં કોઈ પાંચમો ક્ષુલ્લક (નાનો ચેલો)

અથવા ચેલી હોય અથવા તે સ્થાન બીજાનો દૃષ્ટિવિષય હોય એટલે બીજા જોઈ શકે તેમ હોય અથવા બહુ દ્વાર સહિત તે સ્થાન હોય તો સાથે રહેવું કલ્પે. તેનો ભાવાર્થ આ પ્રમાણે છે—એક સાધુને એક સાધ્વી સાથે રહેવું કલ્પે નહી, એક સાધુને બે સાધ્વી સાથે રહેવું કલ્પે નહી, બે સાધુને એક સાધ્વી સાથે રહેવું કલ્પે નહીં, તેમજ બે સાધુને બે સાધ્વી સાથે રહેવું કલ્પે નહી. જો અહીં કોઈપણ લઘુ ચેલો અથવા ચેલી (પાંચમું) સાક્ષી હોય તો (રહેવું) કલ્પે છે. અથવા વરસાદ પડતે છતે પોતાનું કામ નહીં મૂકનારા એવા લુહાર આદિની દૃષ્ટિએ અથવા તે ઘરના કોઇ પણ બારણે આ પ્રમાણે પાંચમા વિના પણ રહેવું કલ્પે છે, ૩૮. ચોમાસુ રહેલા સાધુને ગૃહસ્થને ઘેર ભિક્ષા લેવા માટે યાવત (હવે કહેશે તે રીતે) રહેવું કલ્પે નહીં. ત્યાં એક સાધુ અને એક શ્રાવિકાને સાથે રહેવું કલ્પે નહીં. એ પ્રમાણે ચાર ભાંગા છે. જો અહીં કોઇ પણ પાંચમો સ્થવિર અથવા સ્થવિરા સાક્ષી હોય તો રહેવું કલ્પે છે અથવા બીજા જોઈ શકે તેવું તે સ્થાન હોય અથવા બહુ દ્વાર સહિત તે સ્થાન હોય તો સાથે રહેવું કલ્પે છે, એવી રીતે સાધ્વી અને ગૃહસ્થની પણ ચતુર્ભંગી જાણવી.* અહીં સાધુનું એકાકીપણું કહ્યું છે તે કારણસર સાધુને એકલા જવું પડે તેને માટે સમજવું. સાંઘાટિકને વિષે, બીજા કોઈ સાધુને ઉપવાસ હોય અથવા અસુખ હોવાના કારણે તેમ થાય છે. નહીં તો ઉત્સર્ગ માર્ગે સાધુ પોતાના સહિત બીજો એટલે બે જણા અને સાધ્વી ત્રણ જણી વિચરે એટલે સાથે જાય એમ સમજવું. ૩૯.

૧૪ ચોમાસુ રહેલા સાધુ સાધ્વીઓને “ મારા માટે તું

* આ સૂત્ર પણ વહોરવા ગયા હોય અને વરસાદના કારણથી ઉભા રહેવું પડે તેને માટે સમજવું.

લાવજે." એ પ્રમાણે જેને કહ્યું હોય એવા સાધુએ "તારા યોગ્ય હું લાવીશ" એમ જેને જણાવ્યું નથી એવા સાધુને નિમિત્તે અશન આદિ આહાર લાવવો કલ્પે નહીં. ૪૦. "હે ભગવન્! તે શા માટે?" એમ શિષ્યે પ્રશ્ન કર્યે છતે ગુરૂ કહે છે કે "જેને જણાવેલું નહીં એવો સાધુ કે જેને માટે આહાર લાવવામાં આવ્યો હોય તે જો ઈચ્છા હોય તો આહાર કરે અને જો ઈચ્છા ન હોય તો આહાર ન કરે અને ઉલટું આ પ્રમાણે કહે કે "કોણે કહ્યું હતું કે તું આ લાવ્યો?" વળી જો ઈચ્છા વગર દાક્ષિણ્યતાએ તે ખાય તો અજીર્ણ આદિથી દુઃખ થાય અને ચોમાસામાં કદી પરઠવવું પડે તો સ્થંડિલના દુર્લભપણાને લીધે દોષાપત્તિ થાય તેટલા માટે પૂછીને આણવું. ૪૧.

૧૫ ચોમાસું રહેલ સાધુ સાધ્વીઓને પાણીથી ટપકતા (નીતરતા) શરીરે તથા થોડા પાણીથી ભીંજાયેલ શરીરે અશન આદિક (ચાર પ્રકારનો) આહાર કરવો કલ્પે નહીં. ૪૨. "હે પૂજ્ય! તે શા માટે?" એમ શિષ્યે પ્રશ્ન કર્યે છતે ગુરૂ કહે છે કે—જેમાં લાંબે કાળે પાણી સુકાય એવાં પાણી રહેવાનાં સાત સ્થાન જિનેશ્વરોએ કહેલાં છે; તે આ પ્રમાણે—બે હાથ ૧, હાથની રેખા (આયુરેખા આદિ, કારણ કે તેમાં લાંબે કાળે પાણી સુકાય છે) ૨. (અખંડ) નખ ૩, નખના અગ્ર ભાગ ૪, ભમર (આંખની ઉપરના વાળ) ૫, દાઢી ૬ અને મૂછ ૭. હવે વળી એમ જાણે કે મારૂં શરીર પાણીરહિત છે—તદ્દન સુકાઈ ગયું છે ત્યારે તે સાધુને અશન આદિક (ચાર પ્રકારના) આહાર કરવા કલ્પે. ૪૩

સૂક્ષ્મ જીવો

૧૬ ચોમાસુ રહેલા સાધુ સાધ્વીઓને અહીં (જિનશાસનને વિષે) નિશ્ચે આ (હવે કહેવાશે તે) આઠ સૂક્ષ્મો છે, જે છદ્મસ્થ સાધુ સાધ્વીએ વારંવાર જ્યાં જ્યાં તે સ્થાન કરે ત્યાં ત્યાં સૂત્રના

ઉપદેશ વડે જાણવા યોગ્ય છે, આંખથી જોવાનાં છે અને જાણીને તથા જોઈને પ્રતિલેખવાનાં છે (પરિહરવાના હોવાથી વિચારવા યોગ્ય છે). તે આઠ સૂક્ષ્મો આ પ્રમાણે છે:-સૂક્ષ્મ પ્રાણો (જીવો) ૧, સૂક્ષ્મ પનક કુલિ ૨; સૂક્ષ્મ બીજ ૩, સૂક્ષ્મ હરિત ૪, સૂક્ષ્મ પુષ્પ ૫, સૂક્ષ્મ ઈંડાં ૬, સૂક્ષ્મ બિલ (દર) ૭ અને સૂક્ષ્મ સ્નેહ (અપકાય) ૮. તે કયા સૂક્ષ્મ પ્રાણો ? એમ શિષ્યે પૂછવાથી ગુરૂ કહે છે કે તીર્થંકર અને ગણધરોએ પાંચ પ્રકાર (વર્ણ) ના સૂક્ષ્મ પ્રાણ કહ્યા છે. તે આ પ્રમાણે-કાળા, નીલા, રાતા, પીળા અને ધોળા. એક વર્ણમાં હજારો ભેદો અને બહુ પ્રકારના સંયોગો છે. તે સર્વે કૃષ્ણ આદિ પાંચે વર્ણમાં અવતરે છે (સમાવેશ પામે છે). અણુદ્ધરી નામે કુંથુઆની જાતિ છે જે સ્થિત રહેલી હોય. હાલતી ચાલતી ન હોય ત્યારે તે છદ્મસ્થ સાધુ સાધ્વીઓના દષ્ટિવિષયમાં (નજરે) તુરત આવતી નથી; અને અસ્થિર હોય, ચાલતી હોય ત્યારે તે છદ્મસ્થ સાધુ સાધ્વીઓના દ્રષ્ટિવિષયમાં તુરત (નજરે) આવે છે, માટે છદ્મસ્થ એવા સાધુ સાધ્વીએ તે સૂક્ષ્મ પ્રાણોને વારંવાર જાણવા, જોવા અને પ્રતિલેખવાના છે, કારણ કે તેઓ (પ્રાણો) ચાલતા હોય ત્યારેજ જણાય છે. પણ સ્થાનને વિષે (સ્થિર) હોય ત્યારે જણાતા નથી. ૪૪. બીજા સૂક્ષ્મ પનક તે કયા ? એમ શિષ્યે પૂછવાથી ગુરૂ કહે છે કે-સૂક્ષ્મ પનક પાંચ પ્રકારના કહેલા છે. તે આ પ્રમાણે-કાળા, નીલા, રાતા, પીળા અને ધોળા. સૂક્ષ્મ પનક એવી જાતિ છે કે જ્યાં તે ઉત્પન્ન થાય છે ત્યાં તે તેજ દ્રવ્યના સમાન વર્ણવાળા હોય છે. તે પનકની જાતિ છદ્મસ્થ સાધુ સાધ્વીએ જાણવાની, જોવાની અને પ્રતિલેખવાની છે. તે પ્રાયે કરીને શરદ્ ઋતુમાં જમીન, કાષ્ટ આદિને વિષે ઉત્પન્ન થાય છે

અને જ્યાં ઉત્પન્ન થાય છે ત્યાં તે દ્રવ્યના સમાન વર્ણવાળી હોય છે તે પ્રસિદ્ધ છે. આ સૂક્ષ્મ પનક જાણવા. હવે સૂક્ષ્મ બીજો કયાં છે ? એમ શિષ્યે ગુરૂને પૂછવાથી ગુરૂ કહે છે કે-સૂક્ષ્મ બીજો પાંચ પ્રકારનાં કહ્યાં છે તે આ પ્રમાણે:-કાળાં, નીલાં, રાતાં, પીળાં અને ધોળા. કણિકા એટલે નખિકા-' નચું '* જે લોકને વિષે પ્રસિદ્ધ છે તેના સમાન વર્ણવાળા તે સૂક્ષ્મ બીજો કહેલાં છે. તે જીવો છદ્મસ્થ સાધુ સાધ્વીએ જાણવાનાં, જોવાનાં અને પ્રતિલેખવાનાં છે. હવે સૂક્ષ્મ હરિત કઇ છે ? એમ શિષ્યે ગુરૂને પુછવાથી ગુરૂ કહે છે કે-સૂક્ષ્મ હરિત પાંચ પ્રકારની કહેલી છે. તે આ પ્રમાણે:-કાળી, નીલી, રાતી પીળી અને ધોળી. સૂક્ષ્મ હરિત એ છે કે જે પૃથિવી સમાન વર્ણવાળી હોય, અને તે પ્રસિદ્ધ છે. સાધુ સાધ્વીએ જાણવાની, જોવાની અને પ્રતિલેખવાની છે. તે સૂક્ષ્મ હરિત જાણવી. તે નવીન ઉત્પન્ન થયેલ પૃથ્વી સમાન વર્ણવાળી હોય છે. તે અલ્પ સંઘયણ (શરીરશકિત) વાળી હોવાથી થોડા કાળમાંજ નાશ પામે છે. હવે તે સૂક્ષ્મ પુષ્પો કયાં છે ? એમ શિષ્યે પૂછવાથી ગુરૂ કહે છે કે-સૂક્ષ્મ પુષ્પો પાંચ પ્રકારનાં કહેલાં છે. કાળાથી ધોળા વર્ણ સુધી. વૃક્ષના સમાન વર્ણવાળાં તે સૂક્ષ્મ પુષ્પો પ્રસિદ્ધ છે. તે છદ્મસ્થ સાધુ સાધ્વીએ જાણવાનાં, જોવાનાં અને પ્રતિલેખવાનાં છે. તે સૂક્ષ્મ પુષ્પો જાણવાં. હવે તે સૂક્ષ્મ ઈંડાં કયાં છે ? એમ શિષ્યે પૂછવાથી ગુરૂ કહે છે કે-સૂક્ષ્મ ઇંડાં પાંચ પ્રકારનાં કહ્યાં છે તે આ પ્રમાણે-મધમાખી, માકડ વિગેરેનું ઇંડું તે ઉદ્દંશાંડ ૧, લૂતા જે લોકમાં '+કુલાતરા ' ના નામે પ્રસિદ્ધ છે તેનું ઇંડું તે ઉત્કલિકાંડ ૨, પિપિલીકા એટલે કીડી; તેનું ઈંડું તે પિપિલિકાંડ ૩, હલિકા એટલે ઘરોલી અથવા બ્રાહ્મણી. તેનું ઈંડું તે હાલકાંડ, ૪.

*નખની બે બાજુની ચામડી +. કરોળીયા

અને હલ્લોહલિઆ એટલે અહિલોડી,સરટી જે લોકમાં 'કાકિડી' કહેવાય છે તેનું ઈંડું તે હલ્લોહલિકાંડ ૫. તે સાધુ સાધ્વીએ જાણવાનાં, જોવાનાં અને પ્રતિલેખવાનાં છે. તે સૂક્ષ્મ ઇંડાં જાણવાં. હવે લયન એટલે જીવોનો આશ્રય, જ્યાં કીડી આદિ અનેક સૂક્ષ્મ જીવો થાય છે તે લયન અર્થાત્ સૂક્ષ્મ બિલો. તે કયાં છે? એમ શિષ્યે પૂછવાથી ગુરૂ કહે છે કે–સૂક્ષ્મ બિલ પાંચ પ્રકારનાં કહ્યાં છે. તે આ પ્રમાણે—ઉત્તિંગા એટલે ગર્દભના આકારના જીવો, તેઓનું બીલ–ભૂમિ ઉપર બાંધેલ ઘર તે ઉત્તિંગલયન ૧, ભૃગુ એટલે સુકાયેલ જમીનની રેખા–પાણી સુકાઈ ગયા પછી પાણીના કયારા આદિને વિષે જે ભાગ (ફાટ) પડે તે ભૃગુલયન ૨, સરલ બીલ એટલે સીધું બીલ તે સરલલયન ૩, તાલ વૃક્ષના મૂલના આકારનું નીચે પહોળું અને ઉપર સૂક્ષ્મ એવું જે બિલ તે તાલમૂલ ૪ અને શંબુકાવર્ત એટલે ભમરાનું ઘર ૫. આ પાંચે છદ્મસ્થ સાધુ સાધ્વીએ જાણવાનાં, જોવાનાં અને પ્રતિલેખવાનાં છે. તે સૂક્ષ્મ બિલ જાણવાં. હવે તે સૂક્ષ્મ સ્નેહ (અપ્‌કાય) કયા છે? એમ શિષ્યે પૂછવાથી ગુરુ કહે છે કે–સૂક્ષ્મ સ્નેહ પાંચ પ્રકારના કહેલા છે. તે આ પ્રમાણે—અવસ્યાય એટલે ઓસ જે આકાશમાંથી (રાત્રે) પડે છે તે પાણી ૧, હિમ પ્રસિદ્ધ છે ૨, મહિકા એટલે ધૂમરી ૩, કરકા–કરા પ્રસિદ્ધ છે ૪ અને લીલી જમીનમાંથી ઉગી નીકળેલ તૃણના અગ્ર ભાગ પર બિંદુરૂપ જલ જે યવના અંકુરા આદિને વિષે દેખાય છે તે ૫. તે છદ્મસ્થ સાધુએ જાણવાના, જોવાના અને પ્રતિલેખવાના છે. તે સૂક્ષ્મ સ્નેહ જાણવા. ૪૫.

ગુરૂ–આજ્ઞા

૧૭ ચોમાસુ રહેલ સાધુ ગૃહસ્થને ઘેર ભાત પાણી માટે નીકળવા પેસવા ઈચ્છે તો પૂછયા સિવાય (નીકળવું પેસવું) કલ્પે નહીં. કોને પૂછયા સિવાય તે કહે છે. સૂત્રાર્થના દેનારા

આચાર્યને ૧, સૂત્ર ભણાવનાર ઉપાધ્યાયને ૨, જ્ઞાન આદિને વિષે સીદતાને સ્થિર કરનાર અને ઉદ્યમવાલાને ઉત્તેજન આપનાર સ્થવિરને ૩, જ્ઞાન આદિને વિષે પ્રવર્ત્તાવનાર પ્રવર્ત્તકને ૪. જેની પાસે આચાર્યો સૂત્ર આદિનો અભ્યાસ કરે છે તે ગણિને ૫, તીર્થંકરના શિષ્ય ગણધરને ૬, જે સાધુઓને લઈને બહાર અન્ય ક્ષેત્રમાં રહે છે, ગચ્છને માટે ક્ષેત્ર, ઉપધિની માર્ગણા આદિમાં પ્રધાવન વિગેરેના કરનાર છે એટલે ઉપધિ વિગેરે લાવી આપનાર છે અને સૂત્ર તથા અર્થ એ બંનેને જાણનાર છે તે ગણાવચ્છેદકને ૭, અથવા અન્ય (સામાન્ય) સાધુ જે વય અને પર્યાયે કરીને લઘુ હોય પણ જેને ગુરૂપણાએ અંગીકાર કરીને વિચરે છે તેને. તે સાધુને આચાર્ય યાવત્ જેને ગુરૂપણાએ મુકરર કરીને વિચરે છે તેને પુછીને (નીકલવું પેસવું) કલ્પે છે. હવે કેવી રીતે પૂછવું તે કહે છે. ' હે પૂજ્ય ! જો આપની આજ્ઞા હોય તો હું ગૃહસ્થને ઘેર ભાત પાણીને માટે નીકળવા પેસવા ઇચ્છું છું. ' જો આચાર્ય આદિ તે સાધુને આજ્ઞા આપે તો તેને ગૃહસ્થને ઘેર ભાત પાણી માટે નીકળવું પેસવું કલ્પે છે. જો આચાર્ય આદિ તે સાધુને આજ્ઞા ન આપે તો ગૃહસ્થને ઘેર ભાત પાણી માટે નીકળવું પેસવું કલ્પે નહીં. ' હે પૂજ્ય ! તે શા હેતુથી ? ' એમ શિષ્યે પ્રશ્ન કર્યાથી ગુરૂ કહે છે કે ' આચાર્ય આદિ વિઘ્નના પરિહારને જાણે છે. ' ૪૬.

એવીજ રીતે વિહાર એટલે જિનચૈત્ય, તેને વિષે જવું; વિચારભૂમિ એટલે શરીરચિંતા આદિને માટે જવું અથવા ઉચ્છવાસ આદિ વર્જીને લીંપવું, સીવવું, લખવું આદિક જે કાંઇ કામ હોય તે સર્વ પુછીને કરવું એ તત્ત્વ છે. એવીજ રીતે ભિક્ષા આદિ માટે અથવા ગ્લાન આદિને કારણે એક ગામથી બીજે ગામ જવું હોય તો પુછીને જવું, નહીં તો વર્ષાઋતુમાં એક ગામથી બીજે ગામ જવું એ અનુચિતજ છે. ૪૭.

ચોમાસુ રહેલ સાધુ જો બીજી કોઈ વિગય ખાવાને ઇચ્છે તો આચાર્ય યાવત્ જેને ગુરૂપણાએ કબુલ કરીને વિચરે છે તેને પુછયા સિવાય (વિગય ખાવી) કલ્પે નહીં. આચાર્ય યાવત્ જેને ગુરૂપણાએ કરીને વિચરે છે તેને પૂછીને (વિગય ખાવી) કલ્પે છે. કેવી રીતે પૂછવું તે કહે છે–" હે પૂજય! આપની આજ્ઞા હોય તો અનેરી વિગય આટલા પ્રમાણમાં અને આટલો વખત ખાવાને ઇચ્છું છું.' તે આચાર્ય આદિ જો તેને આજ્ઞા આપે તો અનેરી વિગય ખાવી કલ્પે છે. તે આચાર્ય આદિ જો તેને આજ્ઞા ન આપે તો અનેરી વિગય ખાવી કલ્પે નહી. 'હે પૂજય! તે શામાટે?' એમ શિષ્યે પ્રશ્ન કર્યાથી ગુરૂ કહે છે કે આચાર્યો લાભાલાભ જાણે છે. ૪૮.

ચોમાસુ રહેલ સાધુ વાત, પિત્ત, શ્લેષ્મ અને સન્નિપાત સંબંધી રોગોની કોઇ પ્રકારની ચિકિત્સા કરાવવાને ઇચ્છે તો (આચાર્ય ઇત્યાદિને પૂછીને કરવી વિગેરે) અગાઉ જણાવ્યા મુજબ સર્વ અહીં કહેવું; તે ચિકિત્સા આતુર, વૈદ્ય, પ્રતિચારક અને ભૈષજ્યરૂપ ચાર પ્રકારની છે. કહ્યું છે કે 'ભિષક્ (વૈદ્ય), દ્રવ્યો, ઉપસ્થાતા (નોકર) અને રોગી એ ચાર પ્રકાર ચિકિત્સિતના છે.' તે પ્રત્યેકના ચાર ચાર પ્રકાર કહ્યા છે. દક્ષ, શાસ્ત્રના અર્થ જાણ્યા છે એવો, દૃષ્ટકર્મા અને શુચિ એ ચાર પ્રકાર ભિષકના છે. બહુકલ્પ, બહુગુણ, સંપન્ન અને યોગ્ય એ ચાર પ્રકાર ઔષધના છે. અનુરક્ત, શુચિ, દક્ષ અને બુદ્ધિમાન એ ચાર પ્રકાર પ્રતિચારકના છે તથા આઢ્ય (ધનવાન), રોગી, ભિષક્ને વશ અને જ્ઞાયક એટલે સત્ત્વવાન્ એ ચાર પ્રકાર રોગીના છે. ૪૯.

ચોમાસુ રહેલ સાધુ જો કોઈ પ્રશસ્ત, કલ્યાણકારી, ઉપદ્રવને હરનાર, ધન્ય કરવાવાલું, મંગલ કરનાર, શોભા આપ-

નારૂં અને મહા પ્રભાવવાળું એવી જાતનું કોઇ તપઃકર્મ અંગીકાર કરીને વિચરવાને ઇચ્છે, તો ગુરૂને પૂછીને વિચરવું (કરવું) કલ્પે ઈત્યાદિ અગાઉની માફક સર્વ કહેવું. ૫૦.

ચોમાસુ રહેલ સાધુ જે ઇચ્છે, તે કેવા સાધુ ? તે કહે છે:– અપશ્ચિમ એટલે ચરમ (છેલ્લું) મરણ તે અપશ્ચિમ મરણ, પણ પ્રતિક્ષણે આયુષ્યના દલિક અનુભવવારૂપ આવીચિ મરણ નહીં. અપાશ્ચિમ મરણ તેજ અંત છે જેને વિષે અને તેને વિષે થયેલ તે અપશ્ચિમ મરણાંતિકી એવી; શરીર, કષાય આદિ જેથી કૃશ કરાય છે તેવી સંલેખના દ્રવ્ય ભાવ ભેદે કરીને ભિન્ન (ભેદવાળી) છે. ‘चत्तारि विचित्ताइं’ ઇત્યાદિ. તેનું જોષણ એટલે સેવન–તે સંલેખનાની સેવા, તેનાથી ક્ષય કરી નાખ્યું છે શરીર જેણે એટલે અપશ્ચિમ મરણાંતિકી સંલેખનાની સેવાથી (સેવનથી) ક્ષય કરી નાખ્યું છે શરીર જેણે એવા, અને તેથી કરીને ભાત પાણીનું પ્રત્યાખ્યાન કર્યું છે જેણે એવા, અને તેથી કરીને પાદપોપગમન (અનશન) કર્યું છે જેણે એવા, અને તેથી કરીને કાળ એટલે જીવિતકાલને નહીં ઇચ્છતા એવા–સાધુ વિચરવાને (તે પ્રમાણે કરવાને) ઇચ્છતા છતા ગૃહસ્થના ઘરમાં નીકળવા પેસવાને, અશન આદિકનો આહાર કરવાને, મળમૂત્ર પરઠવવાને, સ્વાધ્યાય કરવાને તથા ધર્મજાગરિકા જાગવાને એટલે આજ્ઞા, અપાય, વિપાક અને સંસ્થાનવિચય એ ચાર ભેદરૂપ ધર્મધ્યાનના વિધાન આદિ વડે જાગવાને ઈચ્છે તો (ગુરૂને) પૂછ્યા સિવાય તેને કાંઇપણ કરવું કલ્પે નહી. તે સર્વ અગાઉની માફક અહીં પણ જાણવું. આ સર્વ ગુરૂની આજ્ઞા વડેજ કરવું કલ્પે છે. ૫૧

૧૮ ચોમાસુ રહેલ સાધુ વસ્ત્ર, પાત્ર, કંબલ (ધાબલી), પાદપોંછન એટલે રજોહરણ તેમજ અન્ય ઉપધિ તપાવવાને એટલે એક વાર તડકામાં મૂકવાને અને નહીં તપવાથી કુત્સા-

પનક આદિ દોષની* ઉત્પત્તિનો સંભવ હોવાથી ફરી ફરી તપાવવાને ઇચ્છે ત્યારે એક સાધુ અથવા અનેક સાધુને જણાવ્યા–કહ્યા સિવાય તેને ગૃહસ્થને ઘેર ભાત પાણીને માટે નીકળવું, પેસવું, અશન આદિનો આહાર કરવો, જિનચૈત્યે જવું. શરીર ચિંતા આદિને માટે જવું, સ્વાધ્યાય કરવો, કાયોત્સર્ગ કરવો; તેમજ એક સ્થાને આસન કરીને રહેવું કલ્પે નહીં. જો અહીં કોઈ પણ નજીકમાં રહેલ એક અથવા અનેક સાધુ હોય તો તેને આ પ્રમાણે કહેવું જોઈએ. 'હે આર્ય! જ્યાંસુધી હું ગૃહસ્થને ઘેર જાઉં–આવું યાવત્ કાયોત્સર્ગ કરૂં અથવા વીરાસન આદિ કરીને એક સ્થાને રહું ત્યાંસુધી આ ઉપધિને તમે સંભાળજો ' તે જો વસ્ત્રને સંભાળવાનું અંગીકાર કરે તો તેને ગૃહસ્થને ઘેર ગોચરી આદિએ જવું, અશન આદિનો આહાર કરવો, જિનચૈત્યે જવું અથવા શરીરની ચિંતા આદિને માટે જવું, સ્વાધ્યાય અથવા કાયોત્સર્ગ કરવો, તેમજ વીરાસન આદિ કરી એક સ્થાને રહેવું કલ્પે; એ સર્વ કહેવું. તે જો અંગીકાર ન કરે તો ગૃહસ્થના ઘેર જવું–યાવત્ એકસ્થાને રહેવું કલ્પે નહીં. ૫૨

શું ન કલ્પે ?

૧૯ ચોમાસામાં રહેલ સાધુ સાધ્વીને કલ્પે નહીં. (શું ન કલ્પે તે કહે છે.) જેણે શય્યા અને આસન ગ્રહણ કરેલ નથી તે 'अनभिगृहीतशय्यासनः' કહેવાય અને અનભિગૃહીતશય્યાસન તેજ अनभिगृहीतशय्यासनिकः, અહીં 'ઈક' પ્રત્યય સ્વાર્થે છે. તેવા પ્રકારના એટલે જેણે શય્યા અને આસન ગ્રહણ કરેલ નથી, એવી રીતે સાધુએ રહેવું કલ્પે નહીં. એટલે વર્ષાકાળમાં ઉપાશ્રયમાં પીઠ (પાટલો), ફલક (પાટીયું) આદિ ગ્રહણ કરવાં એ ભાવ જાણવો. નહીં તો શીતલ ભૂમિને વિષે સૂવા બેસવામાં કુંથુવા આદિની વિરાધના

---

* કુંથુવા પડવા, પનક એટલે ફુગી વળવી ઈત્યાદિ.

થવાને લીધે કર્મનું તેમજ દોષનું આદાન એટલે ઉપાદાન કારણ થાય છે. આ અનભિગૃહીતશય્યાસનિકત્વ જાણવું. તેનેજ દૃઢ કરે છે. જેણે શય્યા આસન ગ્રહણ કરેલ નથી તેને, એક હાથ સુધી ઉંચી કે જેથી કીડી આદિનો વધ અને સર્પ આદિનો દંશ ન થાય તેમજ ' અકુચા કુચ પરિસ્પન્દે ' એ વચનથી પરિસ્પન્દે રહિત એટલે નિશ્ચલ એવી જાતની ચારે બાજુ કાઠીવાલી શય્યા જેને ન હોય તે અનુચ્ચાકુચિક: કહેવાય તેને, પ્રયોજન વગર બાંધનારને, (એક વાર ઉપરાંત પ્રયોજન વગર એ, ત્રણ ચાર વાર કંબા (કાઠી) ઉપર બંધ બાંધે અને ચારની ઉપર ઘણા અડુક (આડીઆ) બાંધે તથા વલી સ્વાધ્યાયને વિષે વિઘ્ન પલિમંથાદિ દોષો થાય તેથી બંધન આદિના તેમજ પલિમંથના પરિહાર માટે જો એક આખું ચંપા આદિનું પાટીયું મળે તો તેજ ગ્રહણ કરવું.) જેણે આસન નક્કી કરી રાખ્યું નથી તેને, (કારણ કે વારંવાર એક સ્થાનથી બીજે સ્થાને જવાથી જીવનો વધ થાય) અનેક આસન સેવનારને, સંથારો, પાત્ર આદિને તડકામાં નહીં મૂકનારને, ઈર્યા આદિ સમિતિને વિષે અનુપયુક્તને, જેને પડિલેહણ કરવાની ટેવ નથી એટલે દૃષ્ટિ વડે રજોહરણ આદિથી પ્રમાર્જન કરવાની ટેવ નથી તેને–એટલે તેવા પ્રકારના સ્વરૂપવાળા (આચરણવાળા) સાધુને સંયમ મુશ્કેલીથી આરાધન થાય તેવું થાય છે. ૫૩.

અનાદાન

આદાન કહીને હવે અનાદાન કહે છે. શય્યા, આસનનું ગ્રહણ કરવું, એક હાથ ઉંચી અને નિશ્ચલ શય્યા રાખવી તેમજ પક્ષમાં એક વાર સપ્રયોજન શય્યાની કાઠી ઉપર બંધ બાંધવા તેથી કર્મનું તેમજ દોષનું અનાદાન એટલે તેવા કારણનો અભાવ છે. તે હવે પ્રકટ કરી દેખાડે છે. જેણે આસન અને શય્યા ગ્રહણ કરેલ છે તેને, જેને એક હાથ ઉંચી અને નિશ્ચલ શય્યા છે

તેને, પ્રયોજનપૂર્વક કાઠી ઉપર બંધ બાંધે છે તેને, જેને મિત એટલે નક્કી કરેલું છે આસન તેને, વસ્ત્ર આદિને જે તડકામાં મૂકે છે તેને, ઇર્યા આદિ સમિતિને વિષે ઉપયોગવાળાને તેમજ વારંવાર પડિલેહણ કરવાની એટલે પ્રમાર્જવાની જેને ટેવ છે તેને એટલે આવા પ્રકારના સાધુને તે તે પ્રકારે સંયમ સુખે કરીને આરાધન થાય તવું થાય છે. ૫૪.

ઠલ્લા માત્રા વિષે

૨૦ ચોમાસું રહેલ સાધુ સાધ્વીઓને ઠલ્લા, માત્રાની ત્રણ જગ્યા કલ્પે છે. જે કાંઈ પણ સહન કરી શકે નહીં (વેગ રોકી શકે નહીં) તેને ત્રણ જગ્યા અંદર રાખવી. જે સહન કરી શકે તેને ત્રણ જગ્યા બહાર રાખવી. દૂર જવામાં અડચણ આવે તો મધ્યભૂમિ રાખવી, તેમાં પણ અડચણ આવે તો નજીકની ભૂમિ રાખવી. એ પ્રમાણે આસન્ન, મધ્ય અને દૂર એ ત્રણ પ્રકારની ભૂમિ છે તેને પડિલેહવી. ' જે પ્રમાણે ચોમાસામાં કરવામાં આવે છે તે પ્રમાણે શિયાળા અને ઉનાળામાં કરવામાં આવતું નથી, તેનું કારણ હે પૂજ્ય ! શું છે ? ' એ પ્રમાણે શિષ્યે પ્રશ્ન કર્યે છતે ગુરૂ કહે છે કે ' ચોમાસામાં પ્રાયે કરીને જીવ જેવાં કે શંખનક, ઇંદ્રગોપ, કૃમિ આદિ, તૃણ (એ પ્રસિદ્ધ છે), બીજ જેવાં કે તે તે વનસ્પતિના નવા ઉત્પન્ન થયેલા અંકુર, પનક એટલે કુલણ તેમજ બીજમાંથી ઉત્પન્ન થયેલ હરિત એ સર્વે પુષ્કળ થાય છે.' (તેથી ચોમાસા માટે ખાસ કહેવામાં આવેલ છે.) ૫૫.

૨૧ ચોમાસું રહેલ સાધુ સાધ્વીને ત્રણ માત્રાં (પાત્ર) લેવાં કલ્પે છે. તે આ પ્રમાણે—એક ઠલ્લાનું, બીજું મૂત્રનું અને ત્રીજું શ્લેષ્મનું. માત્રું (પાત્ર) ન હોવાથી વખત વીતી જવાને લીધે ઉતાવળ કરતાં આત્મવિરાધના થાય તથા વરસાદ વરસતો હોય તો બહાર જવામાં સંયમવિરાધના થાય. ૫૬.

લોચ વિષે

૨૨ 'धुवा लोओ उ जिणाणं, निच्चं थेराण वासावासासु' એટલે જિનકલ્પીને નિરંતર અને સ્થવિરકલ્પીને ચતુર્માસમાં નિત્ય લોચ કરાવવો. એ વચનથી ચોમાસું રહેલ સાધુ સાધ્વીને અસાડ ચતુર્માસ પછી લાંબા કેશ તો દૂર રહો, પરંતુ ગાયના રૂંવા સરખા પણ કેશ રાખવા કલ્પે નહીં. તેથી તે રાત્રિ એટલે ભાદ્રપદ સુદિ પાંચમની રાત્રિ અને હાલ સુદિ ચોથની રાત્રિ ઉલ્લંઘવી જોઇએ નહીં. તે પહેલાં જ લોચ કરાવવો જોઇએ. તેનો આ ભાવ છે. જો સમર્થ હોય તો ચોમાસામાં હમેશાં લોચ કરાવવો. જો અસમર્થ હોય તો તે રાત્રિ (ભાદ્રપદ સુદિ ૪ ની રાત્રિ) ઉલ્લંઘવી જોઈએ નહીં. પર્યુષણા પર્વમાં લોચ વિના અવશ્યે કરીને પ્રતિક્રમણ કરવું કલ્પે નહીં, કારણ કે કેશ રાખવાથી અપ્કાયની વિરાધના થાય છે અને તેના સંસર્ગથી જુઓની ઉત્પત્તિ થાય છે અને કેશ ખણતાં થકા તે જુઓનો વધ થાય છે અથવા માથામાં નખ વાગે છે. જો અસ્ત્રાથી અથવા કાતરથી મુંડન કરાવે તો આજ્ઞાભંગ આદિ દોષો થાય છે, સંયમ અને આત્માની વિરાધના થાય છે, જુઓનો વધ થાય છે, હજામ પશ્ચાત્કર્મ* કરે છે અને શાસનની અપભ્રાજના થાય છે તેથી લોચજ શ્રેષ્ટ છે. જો કોઈ લોચ સહન ન કરી શકે, અથવા લોચ કરવાથી કોઈને તાવ આદિ આવી જવા સંભવ હોય અથવા બાળક હોવાથી રડે અથવા તેથી ધર્મ ત્યજી દે તો તેણે લોચ કરવો નહીં. સાધુએ ઉત્સર્ગથી લોચ કરવો જોઈએ અને અપવાદથી બાલ, ગ્લાન આદિએ મુંડન કરાવવું જોઈએ. તેમાં પ્રાસુક જલવડે માથાને ધોઈને પ્રાસુક પાણીથી નાપિત (હજામ) ના હાથ પણ ધોવરાવવા. જે

* હજામ હજામત કર્યા પછી હાથ, વસ્ત્ર, શસ્ત્રાદિ ધોવે ધસે તે પશ્ચાત્કર્મ.

અસ્રાથી (મુંડન) કરાવવાને અસમર્થ હોય અથવા જેના માથામાં ગુંબડાં આદિ થયેલ હોય તેના કેશ કાતરવા કલ્પે. (પંદર પંદર દિવસે શય્યાના બંધ છુટા કરવા અને પ્રતિલેખવા જોઈએ અથવા સર્વ કાલ પંદર પંદર દિવસે આરોપણા પ્રાયશ્ચિત્ત લેવું જોઈએ. ચોમાસામાં વિશેષે કરીને લેવું જોઈએ.+) જે સહન ન કરી શકે તેણે મહીને મહીને મુંડન કરાવવું. જો કાતર વડે કેશ કતરાવે તો પંદર પંદર દિવસે ગુપ્ત રીતે કતરાવવા. મુંડન કરાવવાનું અને કતરાવવાનું પ્રાયશ્ચિત્ત નિશીથમાં કહેલ યથાસંખ્ય લઘુ ગુરુ માસરૂપ જાણવું.÷ લોચ છ માસે કરવો, પણ સ્થવિરકલ્પી સાધુઓમાં સ્થવિર એટલે વૃદ્ધ હોય તેણે ઘડપણથી જર્જરિત થવાને લીધે તથા આંખનું રક્ષણ કરવાને માટે એક વર્ષે લોચ કરાવવો અને તરૂણે ચાર માસે લોચ કરાવવો. ૫૭.

વચનશુદ્ધિ

૨૬ ચોમાસું રહેલ સાધુ સાધ્વીને આગળ એટલે પર્યુષણા પર્વ પછી કલેશ ઉપજાવે તેવું વચન બોલવું કલ્પે નહીં. જે સાધુ અથવા સાધ્વી કલેશ કરાવે એવું વચન બોલે તેને આ પ્રમાણે કહેવું જોઈએ. ‘ હે આર્ય ! તમે આચાર વિના બોલો છો, કારણ કે પર્યુષણાના દિવસ પહેલાં અથવા તેજ દિવસે જે કલેશકારી વચન ઉત્પન્ન થયેલ (બોલેલ) તે તો પર્યુષણામાં ખમાવ્યું અને હવે જે પર્યુષણા પછી કલેશકારી વચન બોલો છો તે આ અનાચાર છે. ’ એ ભાવ જાણવો. આ પ્રમાણે નીવાર્યા છતાં જે સાધુ અથવા સાધ્વી પર્યુષણા પછી કલેશકારી વચન બોલે તેને તંબોલીના પાનના દ્રષ્ટાંતથી સંઘ બહાર કરવા. જેમ તંબોળી સડેલ પાનને બીજાં પાન નાશ કરવાના ભયથી કાઢી નાખે છે તવી રીતે અનંતાનુબંધી ક્રોધવાળો સાધુ પણ વિનષ્ટજ

+ આટલી શય્યા સંબંધી હકીકત કેશલોચના વિષયમાં વચ્ચે કેમ આવી તે સમજાતું નથી. ÷ ક્ષુરમુંડને લઘુમાસ ને કતરાવનારને ગુરુ માસ.

છે એમ ધારીને તેને દૂર કરવો. એ ભાવ જાણવો. વળી બીજો પણ બ્રાહ્મણનો દૃષ્ટાંત છે. ખેટ નગરનો વાસી રૂદ્ર નામે બ્રાહ્મણ વર્ષાકાલે ખેતરો ખેડવા માટે હળ લઇને ખેતરે ગયો. હળને વહન કરતાં તેનો ગળીઓ બળદ બેસી ગયો. પરોણાથી મારતાં છતાં પણ જ્યારે તે ઉઠ્યો નહીં ત્યારે ત્રણ ક્યારાનાં માટીનાં ઢેફાંથી મારતાં મારતાં તે માટીનાં ઢેફાં વડે તેનુ મુખ ઢંકાઇ ગયું અને શ્વાસ રૂંધાઇ જવાથી તે મરણ પામ્યો. પછી તે બ્રાહ્મણ પશ્ચાત્તાપ કરતો મહાસ્થાને જઇને ત્યાં પોતાનો વૃત્તાંત કહેતાં (બીજા) બ્રાહ્મણોએ પૂછ્યું કે ' તું હજુ ઉપશાંત થયો કે નહીં ?' ત્યારે ' હજુ પણ મને ઉપશાંતિ થઇ નથી ' એમ કહેતાં તેને બ્રાહ્મણોએ પંક્તિ (જ્ઞાતિ) બહાર કર્યો. એવી રીતે વાર્ષિક પર્વમાં કોપ ઉપશાંત નહીં થવાને લીધે જે સાધુ આદિએ ખમતખામણાં ન કર્યાં હોય તેને સંઘ બહાર કરવા. ઉપશાંતમાં ઉપસ્થિત થયો હોય તેને મૂળ પ્રાયશ્ચિત્ત આપવું. ૫૮.

ખમતખામણાં

૨૪ ચોમાસું રહેલ સાધુ સાધ્વીને આજેજ એટલે પર્યુષણાને દિવસેજ ઉંચા શબ્દવાળો તથા કડવાશ ભરેલો એટલે જકાર મકાર આદિરૂપ કલહ થાય તો ન્હાનો મોટાને ખમાવે. જો કે મોટાએ અપરાધ કર્યો હોય તોપણ વ્યવહારથી નાનો મોટાને ખમાવે. હવે જો ધર્મ નહીં પરિણમવાથી નાનો મોટાને ન ખમાવે તો શું કરવું ? તે કહે છે–મોટો નાનાને ખમાવે, પોતે ખમે અને બીજાને ખમાવે, પોતે ઉપશાંત થાય અને બીજાને ઉપશાંત કરે. સુમતિપૂર્વક (રાગ–દ્વેષના અભાવપૂર્વક) સૂત્ર અને અર્થ સંબંધી સંપૃચ્છના અથવા સમાધિપ્રશ્ન પુષ્કલ થવા જોઇએ.* જેની સાથે કડવાશ ભરેલો કલહ થયેલો હોય તેની સાથે નિર્મળ મનથી વાતચીત આદિ કરવું જોઇએ એ

---

* શાંતિ થાય તેવી અનેક શાસ્ત્રાદિની વાતો કરવી જોઇએ.

ભાવ છે હવે એમાં જો એક ખમાવે અને બીજો ન ખમાવે તો કયો રસ્તો લેવો તે કહે છે. જે ઉપશમે છે તેની આરાધના થાય છે. જે ઉપશમતો નથી તેની આરાધના થતી નથી, તેથી પોતેજ ઉપશમિત થવું. 'હે પૂજ્ય ! તે શા કારણથી ?' એ પ્રમાણે શિષ્યે પૂછયે છતે ગુરૂ કહે છે કે-'શ્રમણપણું--સાધુપણું છે તે ઉપશમપ્રધાન છે.' અહીં દૃષ્ટાંત કહે છે કે-સિંધુ--સૌવીર દેશનો અધિપતિ અને દશ મુકુટબદ્ધ રાજાઓથી સેવાતો ઉદયન નામે રાજા, વિદ્યુન્માલી દેવતાએ આપેલી એવી શ્રીવીર પ્રભુની પ્રતિમાની પૂજાથી નીરોગી થયેલા ગંધાર શ્રાવકે આપેલી ગોળીના ભક્ષણ કરવાથી જેનું રૂપ અદ્ભુત થઈ ગયું છે એવી સુવર્ણગુલિકા નામે દાસીને દેવાધિદેવની પ્રતિમા સહિત હરણ કરનાર અને ચૌદ રાજાઓથી સેવાતા માલવ દેશના ચંડપ્રદ્યોત નામે રાજાને દેવાધિદેવની પ્રતિમા પાછી લાવવા માટે ઉત્પન્ન થયેલા સંગ્રામમાં બાંધીને પાછા આવતાં દશપુર નગરમાં ચોમાસું રહ્યો. વાર્ષિક પર્વને દિવસે રાજાએ પોતે ઉપવાસ કર્યો. રાજાએ હુકમ કરેલા રસોયાએ ભોજન માટે ચંડપ્રદ્યોતને પૂછયું. ત્યારે વિષની બીકથી "હું શ્રાવક છું તેથી મને પણ આજે ઉપવાસ છે" એમ કહ્યે છતે "આ ધૂર્ત્ત સાધર્મિકને પણ ખમાવ્યા વગર મારૂં પ્રતિક્રમણ શુદ્ધ થશે નહીં." એમ ઉદયન રાજાએ ધારીને તેનું સર્વસ્વ પાછું આપીને અને તેના કપાલ ઉપર લખાવેલા 'મારી દાસીનો પતિ' એ અક્ષરો આચ્છાદન કરવા માટે પોતાનો મુકુટપટ્ટ આપીને શ્રી ઉદયન રાજાએ ચંડપ્રદ્યોતને ખમાવ્યો. અહીં શ્રી ઉદયન રાજાનું તેના ઉપશાંતપણાથી આરાધકપણું જાણવું.

કોઈ વખતે બંનેનું આરાધકપણું હોય છે. તે આ પ્રમાણે-એક વખત કૌશામ્બી નગરીને વિષે સૂર્ય અને ચંદ્ર પોતાનાં

વિમાન વડે શ્રીવીર પ્રભુને વાંદવાને આવ્યા. ચંદના સાધ્વી દક્ષપણાને લીધે અસ્તસમય જાણીને પોતાને સ્થાને ગયાં, અને મૃગાવતી સૂર્ય ચંદ્રના જવાથી અંધકાર ફેલાયે છતે રાત્રિ જાણીને બીતી થકી ઉપાશ્રયે આવી અને ઈર્યાપથિકી પ્રતિક્રમીને, સૂતેલાં એવાં ચંદના સાધ્વીને 'મારો અપરાધ ક્ષમા કરો.' એમ કહેવા લાગી ત્યારે ચંદનાએ પણ 'હે ભદ્રે ! તારા જેવી કુલીનને આમ કરવું તે યુકત નથી.' એ પ્રમાણે કહ્યું. તેણીએ ઉત્તરમાં કહ્યું કે 'ફરીથી આમ કરીશ નહીં' એમ કહીને પગે પડી. એટલામાં ચંદના સાધ્વીને ઉંઘ આવી ગઇ અને મૃગાવતીને તે પ્રકારે ખમાવતાં કેવલજ્ઞાન પ્રાપ્ત થયું. પછી કોઈ સર્પ નજીક આવવાથી ચંદનાનો હાથ ઉંચો લેવાના બનાવથી ચંદના સાધ્વી જાગી ગયાં અને કેવી રીતે સર્પ જાણ્યો એમ પૂછતાં ચંદનાએ મૃગાવતીને કેવળજ્ઞાન થયેલું જાણીને તેણીને ખમાવતાં પોતે પણ કેવળજ્ઞાન મેળવ્યું. તેથી આવી રીતે મિથ્યાદુષ્કૃત દેવું જોઇએ, પણ કુંભાર અને ક્ષુલ્લકના દૃષ્ટાંતે દેવું ન જોઈએ. તે કુંભાર અને ક્ષુલ્લકનો દૃષ્ટાંત આ પ્રમાણે છે—(કુંભારનાં) હાંડલાં કાણાં કરતાં કોઇ એક ક્ષુલ્લક (ચેલા) ને કુંભાર જયારે નિવારતો ત્યારે તે મિથ્યાદુષ્કૃત દેતો, પણ તે હાંડલા કાણાં કરતો અટકતો નહીં, તેથી કાંકરાવડે ચેલાના કાન મરડતાં (મસળતા) કુંભારે પણ 'હું દુઃખ પામું છું' એમ તે ચેલે વારંવાર કહ્યે છતે પણ ફોગટ મિથ્યાદુષ્કૃત આપ્યું. ૫૯.

ત્રણ ઉપાશ્રય

૨૫ ચોમાસું રહેલ સાધુ સાધ્વીને ત્રણ ઉપાશ્રય ગ્રહણ કરવા કલ્પે છે. તે આ પ્રમાણે—જંતુસંસક્તિ આદિના ભયથી તે ત્રણ ઉપાશ્રયમાં બે ઉપાશ્રયને વારંવાર પ્રતિલેખવા (જોવા) જોઈએ. સાઇજ્જ ધાતુ આસ્વાદનના અર્થમાં વપરાય છે, તેથી જે ઉપાશ્રય ઉપભોગમાં આવતા હોય ત સંબંધી પ્રમાર્જના કરવી.

એટલે જે ઉપાશ્રયમાં સાધુઓ રહે છે તેને પ્રાતઃકાલે પ્રમાર્જે છે, ફરી જ્યારે સાધુઓ વહોરવા જાય ત્યારે પ્રમાર્જે છે. અને ફરી ત્રીજા પહોરને અંતે પ્રમાર્જે છે. એમ ત્રણ વાર પ્રમાર્જે છે. રૂતુ-બધ્ધે એટલે ચોમાસા સિવાય બે વાર પ્રમાર્જે છે. જ્યારે (ઉપાશ્રય જીવથી) અસંસકત હોય ત્યારનો આ વિધિ છે અને સંસકત હોય તો વારંવાર પ્રમાર્જે છે. બાકીના બે ઉપાશ્રયને હમેશાં નજરથી જોવે છે, પણ તેમાં મમત્વ કરતા નથી અને ત્રીજે દિવસે પાદપ્રોંછનથી પ્રમાર્જે છે. તેથી 'वेउव्विया पडिलेहा' એમ કહેલું છે. ૯૦.

અન્યતર દિશા

૨૬ ચોમાસુ રહેલ સાધુ સાધ્વીને અન્યતર દિશા એટલે પૂર્વ આદિ દિશાનો અને અનુદિશા એટલે અગ્નિ આદિ વિદિશાનો અવગ્રહ કરીને અમુક દિશા અથવા વિદિશામાં હું જાઉં છું એમ બીજા સાધુઓને કહીને ભાત પાણી વહોરવા જવું કલ્પે છે. 'હે પૂજ્ય ! તે શા હેતુથી ?' એમ શિષ્યે પૂછયે છતે ગુરૂ કહે છે કે 'ચોમાસામાં પ્રાયે કરીને સાધુ ભગવંત તપયુકત રહે છે; તેમજ પ્રાયશ્ચિત્ત વહન કરવાને અર્થે કે સંયમને અર્થે છઠ્ઠ આદ તપ કરનારા હોય છે. તે તપસ્વીઓ તપને લીધે દુર્બળ તથા કૃશ અંગવાળા હોય છે તેથી થાક લાગ્યાથી કદાચિત્ મૂર્છા આવે અથવા પડી જાય તો તજ દિશા અથવા અનુદિશામાં, ઉપાશ્રયમાં રહેલ સાધુ ભગવંત સાર કરે (શોધ કરે). જે કહ્યા વિના ગયેલ હોય તેનો શી રીતે શોધ કરે ?' ૯૧.

૨૭ ચોમાસું રહેલ સાધુ સાધ્વીને વર્ષાકલ્પમાં ઔષધ માટે, વૈદ્યને માટે અથવા ગ્લાનની સારવાર કરવા માટે ચાર પાંચ યોજન જઈને પણ પાછું આવવું કલ્પે છે. પણ ત્યાં રહેવું કલ્પે નહીં. જો પોતાને સ્થાને આવી શકે તેમ ન હોય તો તેની વચ્ચે પણ આવીને રહેવું કલ્પે, પણ ત જગ્યાએ રહેવું ન કલ્પે. કારણ

કે ત્યાંથી નીકળી જવાથી વીર્યાચારનું આરાધન થાય છે. જ્યાં જવાથી જે દિવસે વર્ષાકલ્પ આદિ મળી ગયેલ હોય તે દિવસની રાત્રિ ત્યાં રહેવું ન કલ્પે, નીકળી જવું કલ્પે, તે રાત્રિ ઉલ્લંઘવી કલ્પે નહીં. કાર્ય થયે છતે તુરતજ બહાર નીકળીને રહેવું એ ભાવ જાણવો. ૬૨.

ઉપસંહાર

૨૮ એ પ્રમાણે પૂર્વે કહેલ સાંવત્સરિક ચોમાસા સંબંધી સ્થવિરકલ્પને યથાસૂત્ર (એટલે સૂત્રમાં જે પ્રમાણે કહેલ છે તે પ્રમાણે કરવું, પણ સૂત્રવિરૂદ્ધ કરવું નહીં) અને યથાકલ્પ (એટલે અહીં જે પ્રમાણે કહેલ છે તે પ્રમાણે કરવું તે કલ્પ અને તેથી બીજી રીતે કરવું તે અકલ્પ) કરતાં (આચરતાં) જ્ઞાનાદિ ત્રયરૂપ માર્ગ તે યથામાર્ગને યથાતથ્ય એટલે સત્ય વચનાનુસારે અને સમ્યક્ પ્રકારે મન, વચન અને કાયાએ કરીને સ્પર્શીને એટલે સેવીને, પાળીને એટલે અતિચારથી રક્ષણ કરીને, વિધિપૂર્વક કરવાવડે શોભાવીને, યાવજ્જીવ આરાધીને, બીજાને ઉપદેશ કરીને, યથોક્ત કરણપૂર્વક આરાધીને એટલે જિનેશ્વરે ઉપદેશ કર્યા મુજબ જેમ પૂર્વે પાળ્યો તેમ પછી પણ પાળીને કેટલાએક શ્રમણ નિર્ગ્રંથો તેની અતિ ઉત્તમ પાલનાવડે તેજ ભવે સિદ્ધ (કૃતાર્થ) થાય છે, કેવલજ્ઞાને કરીને બોધ પામે છે, કર્મરૂપી પાંજરાથી મુકત થાય છે, કર્મકૃત સર્વ તાપના ઉપશમથી શીતળ થાય છે અને શરીર તથા મન સંબંધી સર્વ દુ:ખનો અંત આણે છે. કેટલાએક તેની ઉત્તમ પાલના વડે બીજે ભવે સિદ્ધ થાય છે-યાવત શરીર તથા મન સંબંધી સર્વ દુ:ખનો અંત કરે છે. કેટલાએક તેની મધ્યમ પાલનાવડે ત્રીજે ભવે યાવત શરીર મન સંબંધી સર્વ દુ:ખનો અંત કરે છે. (કેટલાએક) જઘન્ય આરાધના વડે પણ સાત આઠ ભવ તો અતિક્રમેજ નહીં એટલે સાત આઠ ભવે તો અવશ્ય મોક્ષે જાય એ ભાવ જાણવો. ૬૩.

તે કાળે એટલે ચોથા આરાને છેડે અને તે સમયે એટલે શ્રમણ ભગવાન શ્રી મહાવીર પ્રભુ રાજગૃહ નગરને વિષે સમવસર્યા તે અવસરે ગુણશેલ નામના ચૈત્યને વિષે ઘણા સાધુ, ઘણી સાધ્વી, ઘણા શ્રાવક, ઘણી શ્રાવિકા, ઘણા દેવો અને ઘણી દેવીઓની મધ્યે રહ્યા (બેઠા) થકા (પણ પ્રચ્છન્નપણે ખુણામાં રહીને નહીં એ ભાવ જાણવો.) આ પ્રમાણે કહ્યું, આ પ્રમાણે વચનયોગ વડે ભાખ્યું, આ પ્રમાણે ફળ કહેવાવડે કરીને જણાવ્યું. આ પ્રમાણે પ્રરૂપ્યું એટલે દર્પણની જેમ શ્રોતાના હૃદયમાં સંક્રમાવ્યું અને પર્યુષણાકલ્પના તે અધ્યયનને અર્થ એટલે પ્રયોજન સહિત (પણ પ્રયોજન વિના નહીં), હેતુ સહિત (હેતુ એટલે નિમિત્તઃ જેમકે ગુરૂને પૂછીને સર્વ કરવું તે શા હેતુથી ? કારણ કે આચાર્યો પ્રત્યપાય જાણે છે ઇત્યાદિ હેતુ છે તે સહિત), કારણ સહિત (કારણ એટલે અપવાદઃ જેમકે 'अंतरावि से कप्पइ' અડચણે તેને કલ્પે ઇત્યાદિ કારણ સહિત), સૂત્ર સહિત, અર્થ સહિત, બંને (સૂત્ર અને અર્થ) સહિત, વ્યાકરણ સહિત (એટલે પૂછેલા અર્થને કહેવા સહિત) વારંવાર ઉપદેશ્યું. એ પ્રમાણે હું કહું છું એમ શ્રી ભદ્રબાહુ સ્વામી પોતાના શિષ્યો પ્રત્યે કહેતા હવા. એ પ્રમાણે શ્રી પર્યુષણા કલ્પ નામે દશાશ્રુતસ્કંધનું આઠમું અધ્યયન સંપૂર્ણ થયું.

એ પ્રમાણે જગદ્ગુરૂ ભટ્ટારક શ્રી હીરવિજય સૂરીશ્વરના શિષ્યરત્ન મહોપાધ્યાય શ્રી કીર્ત્તિવિજય ગણિના શિષ્ય ઉપાધ્યાય શ્રી વિનયવિજય ગણિએ રચેલી કલ્પસુબોધિકાને વિષે સામાચારી વ્યાખ્યાન સંપૂર્ણ થયું અને સામાચારી વ્યાખ્યાન નામે આ ત્રીજો અધિકાર પણ સમાપ્ત થયો. શુભં ભવતુ !

પ્રશસ્તિ

શ્રી વીર જિનેંદ્રની પટ્ટપરંપરાને વિષે કલ્પદ્રુમ સમાન, ઈચ્છિતને આપનાર, સુગંધીએ કરીને ખેંચેલ છે પંડિતરૂપી ભમરાને જેણે એવા, શાખના ઉત્કર્ષથી સુંદર, સ્ફુરાયમાન થતી અને વિશાલ છે કાંતિ જેની એવા, ફળને આપનારા, દેદીપ્યમાન મૂલગુણ છે જેના એવા, હંમેશાં અતિ સારા મનવાળા શ્રીમાન અને દેવોથી પૂજિત શ્રીહીરસૂરીશ્વર થયા. ૧. જેણે દર વર્ષે છ માસ સુધી સમગ્ર પૃથ્વીને વિષે જીવને અભયદાન આપવારૂપ પટહના મિષથી પોતાનો યશરૂપી પટહ વગડાવ્યો હતો અને જેના મુખથી શુભ ધર્મોપદેશ સાંભળીને અધર્મરસિક, મ્લેચ્છોનો અગ્રેસર અને નિર્મલ મતિવાળો અકબર બાદશાહ ધર્મને પામ્યો હતો. ૨. તેની પાટરૂપી ઉંચા ઉદયાચલ પર્વતના શિખર પર સ્ફુરાયમાન કિરણવાળા સૂર્ય સમાન તથા ભવ્ય લોકોને ઈચ્છિત વસ્તુ આપવાને ચિંતામણિ સમાન શ્રી વિજયસેન સૂરિ થયા. જેના શુભગુણોથી જ જાણે હોય તેમ સ્વચ્છ મેઘથી વીંટાયેલો પૃથ્વીનો ગોળો જાણે જેની કીર્તિરૂપી સ્રીને રમવા માટે દડો હોય તેમ શોભતો હતો. ૩ જે અકબર બાદશાહની સભામાં વાણીના વૈભવવડે વાદીઓને જીતીને શૌર્યથી આશ્ચર્ય પમાડેલી અને લક્ષ્મીથી પરિવૃત થયેલી જયશ્રી કન્યાને વર્યા હતા, તેટલા માટે હે મિત્ર ! મનોહર તેજવાળા આ (શ્રી વિજયસેન સૂરિ) ની વૃદ્ધ એવી કીર્તિરૂપી સતી સ્રી પતિના અપમાનથી શંકિત મનવાળી થઇને અહીંથી દિગન્ત સુધી ચાલી ગઈ, તેમાં આશ્ચર્ય શું છે ? ૪. તેની પાટે બહુ સૂરિઓથી સ્તુત્ય, મુનિઓના નેતા અને સ્વચ્છ ચિત્તવાલા શ્રી વિજયતિલક સૂરિ થયા. શિવનું હાસ્ય, બરફ, હંસ અને હારના જેવી ઉજ્વલ શોભા છે જેની

એવી સ્ફૂર્ત્તિવાળી જેની કીર્ત્તિ ત્રણ જગતમાં વર્તતી હતી. ૫. તેની પાટે રાજાઓના સમૂહવડે જેનાં ચરણકમલ સ્તુતિ કરાયેલાં છે એવા, દુઃખનો સમૂહ નાશ કર્યો છે જેણે એવા તથા મુનિઓને વિષે સમર્થ એવા વિજયાનંદ સૂરિ જયવંતા વર્તતા હતા અને જે ઉજ્જ્વલ મોટા ગુણોવડે ગણિને વિષે શ્રેષ્ઠ એવા શ્રી ગૌતમ સ્વામીની સાથે સ્પર્દ્ધા કરતા હતા, જે લબ્ધિના સમુદ્ર હતા, દહીંના જેવો ઉજ્વલ જેનો યશ હતો અને જે શાસ્ત્રરૂપી સમુદ્રના પારને પહોંચેલા હતા. ૬. વળી ખેદ રહિત કિંનરના સમૂહોએ ગાયન કરાતું અને જન્મ, જરા તથા મરણને નાશ કરનારૂં તે ગુરૂનું ચારિત્ર સાંભળીને જગતના જીવો યુગલિયાની જેમ વાંછનાની પૂર્ણતાને પામે છે. તેથી કરીને તે જગતના જીવો શ્રેષ્ઠ ગુણગણે કરીને સુંદર આત્માવાળા ગુણરાગીની હજાર ઇચ્છાની વ્યગ્રતાને પામતા હતા. ૭.

વળી શ્રી હીરવિજયસૂરિને; બૃહસ્પતિને જેમ સૂર્ય હતા તેમ શાંત એવા સોમવિજય વાચકેન્દ્ર અને સત્કીર્તિવાળા કીર્તિવિજય નામે બે પ્રધાન અને શુભ શિષ્ય હતા. ૮. જે (કીર્ત્તિવિજય) ક્ષમાવાનના સૌભાગ્ય અને નિર્મળ ભાગ્યને જાણવાને કોણ સમર્થ છે ? અને જગતને વિષે જેનું અદ્ભુત ચારિત્ર કોના મનને આશ્ચર્ય પમાડતું નથી ? જેની હસ્તસિદ્ધિએ મૂર્ખશિરોમણિઓને પંડિતશિરોમણિ કર્યા છે અને જેના પાદપ્રસાદે હમેશાં ચિંતામણિ રત્ને કરીને ખેદને શિથિલ કરી નાખ્યો છે, જે બાળપણથીજ પ્રસિદ્ધ મહિમાવાળા હતા, વૈરાગીઓને વિષે અગ્રણી હતા, વૈયાકરણીઓને વિષે જે શ્રેષ્ઠ હતા, સામા પક્ષના તાર્કિકોથી જે જીતાય નહીં એવા હતા, જે સિદ્ધાંતરૂપી સમુદ્રને મથન કરવાને મંદરાચલ સમાન હતા, જે કવિની કળા–કૌશલ્યની કીર્ત્તિની ઉત્પત્તિવાળા હતા, જે નિરંતર સર્વના ઉપર ઉપકાર કરવામાં રસિક હતા, જે સંવેગ (વૈરાગ) ના સમુદ્ર હતા, જે

વિચારરત્નાકર નામે પ્રશ્નોત્તર ગ્રંથ આદિ અદ્ભુત શાસ્ત્રોના બનાવનાર હતા, જે અનેક શાસ્ત્રરૂપી સમુદ્રનું શોધન કરનારા હતા અને જે હમેશાં અપ્રમત્ત રહેતા હતા તે સ્ફુરાયમાન થતી વિશાળ કીર્ત્તિવાળા પૂજ્ય કીર્ત્તિવિજય વાચકના વિનયવિજય નામના શિષ્યે કલ્પસૂત્રને વિષે સુબોધિકા (નામની ટીકા) રચી. ૯-૧૦-૧૧-૧૨. વળી આ સુબોધિકાને પંડિત, સંવિગ્ન તથા સહૃદય મહાત્માઓને વિષે મુકુટ સમાન શ્રી વિમલહર્ષ વાચકના વંશમાં મુક્તામણિ સમાન, જીતેલી છે બૃહસ્પતિની બુદ્ધિ જેણે એવા, સર્વત્ર જેની કીર્ત્તિરૂપ કર્પૂર પ્રસાર પામેલો છે, એવા તથા શાસ્ત્રરૂપી કંચનની પરીક્ષામાં કસોટી સમાન શ્રી ભાવવિજય વાચકેંદ્રે સંશોધન કરેલી છે. ૧૩-૧૪. સંવત્ ૧૬૯૬ મા વર્ષે, જયેષ્ઠ માસના શુકલ પક્ષની દ્વિતીયાને દિવસે ગુરૂવારના રોજ પુષ્ય નક્ષત્રમાં આ યત્ન સફલ (પૂર્ણ) થયો છે. ૧૫. આ વિવૃત્તિ (સુબોધિકા) કરવામાં શ્રી રામવિજય પંડિતના શિષ્ય શ્રી વિજયવિબુદ્ધ પ્રમુખની અભ્યર્થના પણ હેતુભૂત જાણવી. ૧૬. જ્યાંસુધી પૃથ્વીરૂપ સ્ત્રી પર્વતોના સમૂહરૂપી શ્રીફલવડે પૂર્ણગર્ભ, ચલાયમાન થતા ઝાડના સમૂહરૂપી દર્ભવાળા, નિષધગિરિરૂપી કુંકુમથી અદ્ભુત તથા હિમગિરિથી શોભતા એવા જંબુદ્વીપ નામના મંગલ સ્થાલને ધારણ કરે છે, ત્યાંસુધી પંડિતોને પરિચિત થયેલી કલ્પસૂત્રની સુબોધા નામે વૃત્તિ વૃદ્ધિ પામો. ૧૭. જયાંસુધી જળના એકઠા થતા કલ્લોલની શ્રેણીથી આકુલ થયેલી આકાશગંગા અને દિગ્હસ્તીએ ઉડાડેલ કમલને વિષે રહેલ પાણીના કણીયાથી નાશ પામ્યો છે શ્રમ જેનો એવું જ્યોતિશ્ચક્ર અનુક્રમે આકાશ અને પૃથ્વી ઉપર કાયમ ભ્રમણ કરે છે, ત્યાંસુધી વિદ્વજ્જનોએ આશ્રિત કરેલી આ કલ્પસૂત્રની વૃત્તિ વૃદ્ધિ પામો. ૧૮.

સમાપ્ત.

નવીન પુસ્તકો નવીન

૧ ચંદરાજા રાણી ગુણાવળી અને ક્રૂર

રાણી વીરમતીનું સચિત્ર ચરિત્ર

કિંમત રૂા. ૨-૮-૦

૨ મહાન્ આચાર્ય

શ્રી સિદ્ધસેનદિવાકર ચરિત્ર

કિંમત રૂા. ૧-૮-૦

૩ જ્ઞાનપ્રદીપ ભાષાંતર કિં. રૂા. ૩-૦-૦

૪ ઇસ્લામના ઓલીયા કિં. રૂા. ૦-૮-૦

૫ ઉમેદ અનુભવ સચિત્ર કિં. રૂા. ૧-૪-૦

૬ જૈન મહાભારત સચિત્ર

કિં. રૂા. ૩-૦-૦

પુ સ્ત કો

લખો:—

મેઘજી હીરજી બુકસેલર

૫૬૬ પાયધુની

મુંબઈ.

નવીન પુસ્તકો નવીન

વર્તમાન જૈન સાહિત્યના અપૂર્વ ગ્રંથો.

શ્રી મહાવીરજીવન વિસ્તાર સચિત્ર.

(મનુષ્ય માત્રના આત્માનો ઉદ્ધાર કરનાર મહાન્ આદર્શ ગ્રંથ)

આ ભારતભૂમિમાં આજથી ૨૫૦૦ વર્ષ ઉપર થઇ ગયેલા "જૈન" ધર્મના મહાનમાં મહાન્ પ્રવર્તક **શ્રી મહાવીરદેવ.** આ જૈનમહાવીર દેવનું કહો કે જગતના પેગમ્બરોમાંના એક મહાનમાં મહાન્ "**પેગમ્બર**" નું જીવન ચરિત્ર જાણવા માટે દુનીઆમાં મનુષ્યો આતુર હોય તેમાં નવાઈ નથી. પણ દિલગીરી સાથે જણાવવું પડે છે કે તેમના ભક્તોએ કે ઐતિહાસીક શોધખોળ કરનારાઓએ તેમનું જીવનવૃતાંત મેળવવા માટે પ્રયત્ન કર્યો નથી અને તેના અભાવે આજે આ મહાન પુરૂષના આદર્શનો લાભ જગતનાં મનુષ્યો લઇ શક્યા નથી. પણ વર્તમાનમાં આ મહાન્ પુરૂષનું જીવનચરિત્ર જાણીતા લેખક રા. રા. **સુશીલે** તૈયાર કરી તેનું નામ **શ્રી મહાવીર જીવન વિસ્તાર** આપી, જાણીતા બુકસેલર મેસર્સ મેઘજી હીરજીની મારફતે પ્રગટ કરાવેલ છે. આ ગ્રંથ માટે મહાત્મા ગાંધીજી અને જાહેર પત્રોએ સારા અભિપ્રાયો આપેલ છે.

મૂલ્ય રૂા. ૨-૦-૦

મેઘજી હીરજી બુકસેલર

૫૬૬ પાયધુની—મુંબઇ.

પુણ્ય પ્રભાવ સચિત્ર.

યાને

સમરાદિત્ય કેવળી ચરિત્ર.

તેને માટે

પ્રસિદ્ધ જૈન ઇતિહાસકાર–મુનિમહારાજ
શ્રી જિનવિજયજીનો અભિપ્રાય.

[રૂપીયા ૫૦ નો ગ્રંથ રૂપીઆ અઢીમાં.]

(" શ્રી મહાવીર " પત્ર અંક બારમામાંથી.)

પ્રકાશક–**મેઘજી હીરજી** જૈન બુકસેલર, પાયધુની મુંબઇ. પૃષ્ઠ સંખ્યા, ૬૦૮, પાકુ પુઠું, મૂલ્ય પાંચ રૂપીઆ.

જૈન સમાજની સુરૂચિને પોષવા સારૂ ભાઇ **મેઘજી હીરજીએ** જુના સાહિત્યને નવા રૂપમાં મુકવા માટે જે માર્ગ લીધો છે તે ઇચ્છવા યોગ્ય છે. નવી પ્રજાને જૂના રાસાઓ વાંચવા જેટલો અવકાશ કહો કે રસ કહો, તે હવે રહ્યો નથી. તેમનાં માટે જૂના રાસાઓને જો નવી શૈલીમાં યોજી અંતરંગ–બાહ્યાંગ આકર્ષક બનાવી તમના હાથમાં મુકવામાં આવે તો તેઓ તેનો લાભ રસપૂર્વક લઇ શકે, એવા હેતુથી સ્મરણાવશેષ થએલા પાલીતાણા વિદ્યા પ્રસારક વર્ગે પ્રાચીન પદ્યમય જૈન કથાઓને નવી ગદ્યશૈલીમાં વાર્તારૂપે ગોઠવી છપાવવાનો પ્રશંસનીય ઉપક્રમ કર્યો હતો, તેણેજ છપાવેલા સમરાદિત્ય ચરિત્રની ભાઇ **મેઘજીએ** આ પુનરાવૃત્તિ કાઢી છે અને તેને કેટલાક પ્રાસંગિક ચિત્રોથી સચિત્ર બનાવી છે. કદ જોતાં પુસ્તકની કિંમત કંઇક વધારે લાગે છે ખરી; પરંતુ આગળના શ્રાવકો ૫૦ રૂપિઆ ખર્ચીને પણ જે સમરાદિત્ય ચરિત્ર મેળવી શકતા ન હતા, તે દૃષ્ટિએ આજે આવી રીતે અઢી રૂપિયામાં મળતું આ ચરિત્ર મોઘું ન કહેવાય." પણ અનહદ સસ્તામાં સસ્તું જ કહેવાય.

મેઘજી હીરજી બુકસેલર
૫૬૬ પાયધુની—મુંબઇ.

ત્રિકાળદર્શી શ્રી નરચંદ્ર મહારાજ તથા શ્રી હીરવિજયમહારાજ

પ્રણીત

નરચંદ્ર જૈન જ્યોતિષ

અને

જ્યોતિષ હીર.

કિમ્મત રૂ. ૩-૦-૦ (પોસ્ટેજ વી૦ પી૦ ખર્ચ જુદું.)

તમારે કોઇ **જોષી**ના ઓશીયાળા રહેવાની હવે જરૂર નથી, કારણ કે આ ગ્રંથમાં જ્યોતિષ સંબંધી બે સમર્થ આચાર્યોએ અગણિત વિષયો ઉપર ભરચક વિવેચન કર્યું છે. સૌથી મોટી ખુબી તો આ ગ્રંથમાં એજ છે કે **ઘણા જ્યોતિષીઓ આંખે પાટા બંધાવી** ઉંડા કુવામાં ઉતારે છે, તેમ આમાં ઠગાવાની કે છેતરાવાની બીલકુલ ભીતિ રહેતી નથી. કારણ કે જૈન આચાર્યોની **નિસ્પૃહતા, નિર્ભયતા** અને **નિરાડંબરથી** કોણ અજાણ્યું છે? તેમને એવો તે શું સ્વાર્થ હોય કે લોકોને છેતરવાનું પાપ વ્હોરે ? ખરેખર **નરચંદ્ર મહારાજે અને હીરવિજયસૂરિ મહારાજે** કેવળ **સંસારીઓના હિતાર્થે**જ આ ગ્રંથ રચ્યો છે.

મનુષ્ય ઉપર એક પછી એક **નવગ્રહ** હંમેશાં સારાં-માઠાં આવ્યે જાય છે. માઠા ગ્રહમાં માણસ આકુળ વ્યાકુળ બની જાય છે, આમ તેમ **દોડાદોડ** કરે છે, પણ **તેમ** ન કરતાં જે **જાપ** કરવાથી **ગ્રહશાન્ત** થાય તે જાપ કરવા**ની** રીત આ **ગ્રંથમાં** ખાસ આપેલ છે. ઉપરાંત આ ગ્રંથમાં વર્ષના ચાર સ્તંભનો યંત્ર આપ્યો છે, તે પરથી ચાલુ વર્ષ અથવા ગમે તે વર્ષ કેવું નીવડશે તેની પણ સહેજે કલ્પના થઇ શકશે.

મેઘજી હીરજી બુકસેલર.

૫૬૬ પાયધુની—મુંબઇ.

સ્ત્રી પુરૂષનો સાચો સલાહકાર.

વિવેક વિલાસ સચિત્ર

આજે **પાંચમી** વાર પ્રકટ થાય છે અને અમારા રજીસ્ટરમાં હજારો ગ્રાહકોનાં નામ અગાઉથીજ નોંધાઇ ગયાં છે. પરચુરણ ખરીદનારા ભાઇઓએ પહેલી તકે આવી, આ ગ્રંથ જોઇ જવો અને પસંદ પડે તો તેજ વખતે ખરીદી લેવો. કોઇ પુછશે કે આ વખતે

કંઇ ખાસ ખુબી છે ખરી ?

જવાબમાં એટલુંજ જણાવવાનું કે પહેલી ચાર આવૃત્તિઓ કરતાં આમાં મનુષ્યની દશ દશાઓ સચિત્ર, શાસ્ત્રાનુસાર શુકનશાસ્ત્ર અને યુરોપની ધરાને ધ્રુજાવનાર મહાન **નેપોલીયનનું રમલશાસ્ત્ર** પણ ઉમેરવામાં આવ્યું છે, જેનો ઉપયોગ એક વૃદ્ધથી લઇ બાળકો સુદ્ધાં પણ સ્હેલાઇથી કરી શકશે.

આ ગ્રંથ **શુકનશાસ્ત્ર, રતિશાસ્ત્ર, સામુદ્રિકશાસ્ત્ર, દર્શનશાસ્ત્ર, નીતિશાસ્ત્ર, વૈદિકચર્ચા, જ્યોતિશાસ્ત્ર**, ઉપરાંત **ધર્મશાસ્ત્ર, આચારવિધિનો તો એક મોટો સમુદ્ર છે** અને તે વાત તો ક્યારનીયે પુરવાર થઇ ચુકી છે.

લગભગ ૫૦૦ પાનાના દળદાર–સુંદર ચિત્રોથી ભરપુર ગ્રંથની કીંમત ઓછામાં ઓછી હોઈ શકે તેટલીજ રાખવામાં આવી છે અર્થાત્ રૂા. ૩–૯–૦ પોસ્ટેજ વિગેરે અલગ. આ ગ્રંથ અમારા સિવાય બીજા કોઇપણ સ્થળે મળી શકશે નહીં.

મેઘજી હીરજી બુકસેલર

૫૬૬ પાયધુની—મુંબઇ.

જૈન જ્યોતિષ શાસ્ત્રનો પ્રધાન ગ્રંથ.

ચૌદ પૂર્વધર શ્રુતકેવળી શ્રી ભદ્રબાહુસ્વામીએ રચેલી.

શ્રી ભદ્રબાહુ સંહિતા.

(સંવાદ રૂપે તૈયાર કરનાર રા. સુશીલ.)

આ દુર્લભ અને અમુલ્ય ગ્રંથમાં સૂર્ય, ચંદ્ર અને બીજા ગ્રહો-ની ગતિ સ્થિતિ ઉપરથી આ પૃથ્વી ઉપર કેવી અસર થાય છે તેનું વિગતવાર સ્પષ્ટિકરણ કરવામાં આવ્યું છે. વીજળી, વરસાદ, ઉલ્કાપાત અને ખાધા ખોરાકીની ચીજોના ભાવ, રૂ વિગેરેની તેજી-મંદી, વિવિધ સ્વપ્નોના પરિણામ તેમજ બીજી દૈવી વિદ્યાઓ વિષે એક બાળક પણ સમજી શકે એવી રીતે વિવેચન કરવામાં આવ્યું છે. લગભગ કેવળી ભગવાન્ જેટલું અપૂર્વ જ્ઞાન ધરાવનાર પૂર્વાચાર્યોની કૃતિ વિષે અભિપ્રાય આપવો એ સાહસજ ગણાય, એમ ધારી અમે તે વિષે મૌનજ રહીએ છીએ.

આ ગ્રંથ એક ગરીબથી લઇ લક્ષાધિપતિને, એક શ્રાવકથી લઇ મુનિ મહારાજને એક સરખો ઉપયોગી થઇ પડે તેમ છે. કારણકે તેમાં વ્યવહાર અને બીજી જાણવા જેવી ઘણી વાતોના ખુબ ખુબીથી ખુલાસા કરવામાં આવ્યા છે. કીં. રૂા. ૩-૦-૦ ત્રણ વ્હેલો તે પહેલો.

મેઘજી હીરજી બુકસેલર

૫૬૬ પાયધુની—મુંબઇ.

શ્રી વિજયપ્રભસૂરિ વિરચિત

મેઘમાળા વિચાર.

—•—

આખા વરસનો આધાર ચોમાસા ઉપર છે. વેપાર-વણજનો આધાર પણ ચોમાસાના નિવડવા ઉપર જ હોય છે. આ ગ્રંથમાં આચાર્ય શ્રી વિજય-પ્રભસૂરિએ એકેએક દેશી મહિનામાં વરસાદનું બંધારણ કેવી રીતે ઘડાય છે, વાયુ-વીજળીને લીધે વાદળાં ઉપર કેવી અસર થાય છે તેનું વિગતવાર અને સ્હેજે સમજી શકાય તેવું વર્ણન કર્યું છે. વેપારીઓ, ખેડુતો અને મુનિવરોએ આ પુસ્તક એકવાર અવશ્ય વાંચવું જોઇએ. કિંમત માત્ર ૦-૮-૦

મેસર્સ મેઘજી હીરજી.

૫૬૬, પાયધુની—મુંબઇ.

રાજકુમારી સુદર્શના.

યાને

સમળી વિહાર સચિત્ર.

માટે

પ્રસિદ્ધ જૈન ઇતિહાસકાર

મુનિ મહારાજ શ્રી જિનવિજયજીનો

અભિપ્રાયઃ—

(" શ્રી મહાવીરપત્ર " અંક ૧૬ મો.)

રાજકુમારી સુદર્શના યાને સમળીવિહારઃ-(સચિત્ર) માગધી પ્રબંધ ઉપરથી લખનાર—પંન્યાસજી શ્રી કેસરવિજયજી ગણિ, પ્રગટ કર્તા—શા. **મેઘજી હીરજી** બુકસેલર પાયધુની, મુંબઇ નં. ૩. મૂલ્ય રૂા. ૩-૦-૦ (પૃષ્ઠ સંખ્યા ૬૦૮)

"ચિત્રવાળ ગચ્છીય દેવેન્દ્રસૂરિએ બનાવેલી સુદર્શનાચરિત્ર નામે પ્રાકૃત કથાના આધારે વાર્ત્તાના રૂપમાં આ કથાનકની યોજના કરવામાં આવી છે, કથાનક રોચક અને સરળ ભાષામાં આળેખેલું હોવાથી સાધારણ વર્ગને વિશેષ રૂચિકર થઈ પડે તેવું છે. સાથે મુદ્રણકળાના રસિક ભાઇ મેઘજીએ કથાનકને ઉચિત એવાં કેટલાંક ચિત્રોદ્વારા તથા નયનમનહર છપામણી અને બંધામણીદ્વારા પુસ્તકની આકર્ષકતામાં ઓર વધારો કર્યો છે."

મેઘજી હીરજી બુકસેલર

૫૬૬ પાયધુની—મુંબઇ.

રાજપ્રશ્ન.

જૈનધર્મ જૈનદર્શન, અને જૈનનીતિ સંબંધી

હજારો પ્રશ્નો અને શંકાઓનાં સમાધાન.

શ્રીમદ્ રાજચંદ્રે જુદા જુદા વિદ્વાનોને જૈનદર્શન સંબંધી જે સચોટ અને અસરકારક ઉત્તર આપ્યા હતા, તેનો આ ગ્રંથમાં બહુ સરસ રીતે સંગ્રહ કરવામાં આવ્યો છે. જૈનદર્શન અને વેદાન્તદર્શન ઉપરાંત અન્ય દર્શનો વિષે પણ ઘણી માહિતી મળી શકે છે. પ્રશ્નો લગભગ બે હજાર ઉપરાંત છે, અને તેના જવાબો પણ તેટલાજ વિગતવાર આપવામાં આવ્યા છે. તુલનાત્મક અભ્યાસ પદ્ધતિ, ઉદારવિચારસરણી અને નિર્મળ વિવેકદૃષ્ટિ એ આ ગ્રંથનો આત્મા છે. એમ કહીએ તો ચાલે. જીજ્ઞાસુઓએ એક વાર તો આ ગ્રંથ જરૂર વાંચી જવો જોઇએ.

કીં. માત્ર ૧-૪-૦

મેઘજી હીરજી બુકસેલર

૫૬૯ પાયધુની—મુંબઇ.

વિવિધ પૂજા સંગ્રહ—સચિત્ર.

વિધિ સાથેનો મહાન ગ્રંથ. ભાગ ૧-૨-૩-૪-૫-૬-૭

પંડિત શ્રી વિરવિજયજી કૃત, દેવપાળકવિ કૃત, દેવચંદ્રજી કૃત, રૂપવિજયજી કૃત, જ્ઞાનવિમલસૂરિ કૃત, ઉત્તમવિજયજી કૃત, વિજયલક્ષ્મીસૂરિ કૃત, સકલચંદ્રજી ઉપાધ્યાય કૃત, મેઘરાજ-મુનિ કૃત, યશોવિજયજી કૃત, પદ્મવિજયજી કૃત, ધર્મચંદ્રજી કૃત, દીપવિજયજી કૃત, આત્મારામજી કૃત, બુદ્ધિસાગરજી કૃત, કુંવરવિજયજી કૃત, વિજયરાજેંદ્રસૂરિ કૃત, હંસવિજયજી કૃત, ગંભીરવિજયજી કૃત, રામઋદ્ધિસાર મુનિ કૃત, વલ્લભવિજયજી કૃત, આદિ મહારાજોની બનાવેલી પૂજાઓ, ઉપરાંત ચિત્રો:— (૧) સમોવસરણ, (૨) ચક્રેશ્વરી દેવી, (૩) પાર્શ્વકુમાર અને કમઠ યોગી, (૪) પાર્શ્વનાથ, પદ્માવતી, ઇંદ્ર અને ઇંદ્રાણી, (૫) શત્રુંજય મહિમા ગર્ભિત, (૬) કંડુરાજા, (૭) નારકીનાં રંગીન ચિત્રો, (૮) પદ્માવતી દેવી, (૯) ચોવીશ તીર્થંકર, નવપદજી, અને ગૌતમસ્વામી, (૧૦) કેશરીયાજી તીર્થ. [૧૧] અષ્ટાપદજી [૧૨] આબુજી તીર્થ, [૧૩] પાવાપુરી [૧૪] ચમ્પાપુરી; [૧૫] સમેતશિખરજી તીર્થ, [૧૬] મહાવીર ઉપસર્ગ, [૧૭] યોગનિષ્ટ આચાર્ય શ્રી બુદ્ધિસાગરજી, [૧૮] તારંગાજી તીર્થ, [૧૯] પ્રભાવિક મહાત્મા શ્રી જિનદત્ત દાદા સૂરીશ્વરજી, [૨૦] શ્રી મહાવીર, ચૌદ સ્વપ્ન અને અષ્ટ મંગલિક, [૨૧] ગૌતમસ્વામીજી મહારાજ આદિના ફોટાઓના સંગ્રહથી ભરપુર સુપર—રોયલ સોળ પેજી; પૃષ્ટ ૭૭૫ સોનેરી કપડાનું સુશોભિત મજબુત પુઠું છતાં કિંમત રૂપીઆ અઢી. પોસ્ટેજ વી. પી. ખર્ચ જુદું.

મેઘજી હીરજી બુકસેલર
પાયધુની—મુંબઈ.

શું જોઇએ ? સ્વર્ગ કે નરક ?

" કહે નેપોલીયન દેશને, કરવા આબાદાન;
સરસ રીત તો એજ કે, દો માતાને જ્ઞાન. "

સારા યૂરોપના મહાન્ ચક્રવર્ત્તી જેવો **નેપોલીયન** કહી ગયો છે કે જેઓ પોતાના દેશનો અને ધર્મનો ઉદ્ધાર કરવા ઇચ્છતા હોય તેમણે પ્રથમ પોતાની **બાલિકાઓ** કિંવા **માતાઓને** સંપૂર્ણ કેળવવી જોઇએ. તેણે પોતાનો જ દાખલો આપતાં કહેલું કે " મારામાં જે કંઇ જ્ઞાન, શક્તિ અને સ્ફુર્તિ તમે જોઇ રહ્યા છો તે મારા પૂજ્ય **માતુશ્રીનો** જ પ્રભાવ છે. "

સંસારમાં **સ્વર્ગ** ઉતારવું કે **નરક** ઉતારવું, તે આપણા જ હાથમાં છે. માતાઓ અને બ્હેનોને કેળવો એટલે સંસાર સ્વર્ગમય બને અને સંતાનો દેવ અને દેવીઓ જેવા બને. તેમને અજ્ઞાનદશામાં રાખો એટલે વણમાગ્યું નરક ઉતરે અને કલેશમય સંસાર બને.

સ્ત્રીઓને કેળવણી આપવામાં ધુરંધર આચાર્યો અને ઉપદેશકો એકમત છે. અને તે માટેજ તેમણે નીચેનાં પુસ્તકો માતાઓ અને બ્હેનોના હાથમાં ફરજીયાત મૂકવાની ભલામણ કરી છે:—

૧	જૈન મહાસતીમંડળ સચિત્ર.	૧–૪–૦
૨	પતિવ્રતા સતીઓ. ,, ...	૩–૮–૦

૩	સતી ધર્મ પતિસેવા ભાગ ૧-૨.	૫-૮-૦
૪	સતી આદર્શ જીવનમાળા સચિત્ર.	૧-૮-૦
૫	મહિલા મહોદય ભાગ ૧ લો સચિત્ર... ...	૨-૦-૦
૬	,, ભાગ ૨ જો ,, ...	૨-૦-૦
૭	અનાનુપૂર્વી નકલ ૧૦૦ ના.	૪-૦-૦
૮	શ્રી ગૌતમસ્વામીનો રાસ સચિત્ર અને જૈન શારદા પૂજન વિધિ.	૦-૨-૦
	પ્રભાવના માટે નકલ ૧૦૦ ના ખાસ. ...	૬-૪-૦
૯	રત્નાકર પચ્ચીશી	૦-૨-૦
	પ્રભાવના માટે નકલ ૧૦૦ ના ખાસ. ...	૫-૦-૦
૧૦	પોકેટ સચિત્ર નવસ્મરણ અને પુણ્યપ્રકાશનું સ્તવન.	૦-૪-૦
	પ્રભાવના માટે નકલ ૧૦૦ ના ખાસ. ...	૧૨-૮-૦
૧૧	મહાસતી સુલસા ચંદનબાળા ચરિત્ર સચિત્ર. ...	૦-૫-૦
	પ્રભાવના માટે નકલ ૧૦૦ ના. ...	૨૫-૦-૦
૧૨	મહાસતી મનોરમા અને શેઠ સુદર્શન ચરિત્ર ...	૦-૧-૦
	પ્રભાવના માટે નકલ ૧૦૦ ના ખાસ. ...	૫-૦-૦
૧૩	મહાસતી દમયંતિ અને નળરાજા ચરિત્ર સચિત્ર.	૦-૫-૦
	પ્રભાવના માટે નકલ ૧૦૦ ના ખાસ. ...	૨૫-૦-૦

મેસર્સ મેઘજી હીરજી.

બુકસેલર અને પબ્લીશર.

૫૬૬ પાયધુની—મુંબાઇ.

શ્રી મહાવીર જીવન-વિસ્તાર

કર્તા-રા-સુશીલ. प्रकाशकः-मेघजी हीरजी बुकसेलर, पायधुनी-मुंबई.